Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

श्री परमात्मने नमः

# પ્રવચનપ્રસાદ

(ભાગ-૨)

[શ્રી 'પંચાસ્તિકાય સંગ્રહ' (ગાથા : ૧૦૫થી ૧૭૩) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન]

સંપાદક
(સ્વ.) શ્રી અમૃતલાલ નરશીભાઈ શેઠ
સોનગઢ

પ્રકાશક
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

❒ *પ્રાપ્તિસ્થાન :*
**શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૪૨૩૨૦૭

❒ પ્રથમાવૃત્તિ : પ્રત ૭૫૦

❒ શ્રી વીર નિર્વાણ સંવત્ ૨૫૨૨

❒ મૂલ્ય : રૂ. ૨૫

❒ *લેસર ટાઈપસેટિંગ :*
**શારદા મુદ્રણાલય**
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

❒ *મુદ્રણસ્થાન :*
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ કમ્પાઉન્ડ,
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪

# Thanks & Our Request

This shastra has been kindly donated by an AtmaArthi from UK, who wishes to remain anonymous and who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Pravachan Prasaad Part 2 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 8 March 2007 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

# પ્રકાશકીય

સદ્ધર્મતીર્થસ્તંભરૂપ ભગવત્કુંદકુંદાચાર્યદેવ કે જેમની આમ્નાય-અંતર્ગત વર્તમાન ધર્મતીર્થ પ્રવર્તિત છે, જેના વડે પ્રરૂપિત શ્રી 'પંચાસ્તિકાયસંગ્રહ' નામક પરમાગમ 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંથી એક છે. આ ગ્રંથના પ્રણેતા આચાર્યભગવંતના હાર્દ-પ્રકાશક, મહાન સમર્થ ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્ય, આ પરમાગમની પ્રશસ્તિમાં, ગાથા–૧૦૩ની ટીકા કરતાં ફરમાવે છે કે : ''ખરેખર સંઘળુંય (દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ) પ્રવચન, કાળસહિત પંચાસ્તિકાયથી અન્ય કાંઈ પણ પ્રતિપાદિત કરતું નથી;....'' તેમજ આ ગ્રંથની 'તાત્પર્યવૃત્તિ'ના ટીકાકાર મહાન તપોધન શ્રીજયસેનાચાર્યદેવ ફરમાવે છે કે : ''पंचास्तिकायसंग्रहनामसंज्ञं ग्रंथं—किं विशिष्टं ? प्रवचनसारं...'' તથા પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું છે કે : ''પંચાસ્તિકાય ભેદજ્ઞાનનું કારણ છે.'' ''પાંચ અસ્તિકાયનું સ્વરૂપ જાણવાનું ફળ વીતરાગતા છે.''

– એવા આ 'પંચાસ્તિકાયસંગ્રહ'ની ગાથા : ૧થી ૧૦૪ ઉપર, અધ્યાત્મયુગ-પ્રવર્તક, પ્રત્યક્ષ પરમોપકારી, મંગળમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોના સંકલનરૂપે પ્રસ્તુત શ્રી 'પ્રવચનપ્રસાદ' (ભાગ-૧) પ્રકાશિત થયેલ છે. ત્યાર પછીની ગાથા ૧૦૫થી ૧૭૩ ઉપર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોના સંકલન રૂપે પ્રસ્તુત 'શ્રી પ્રવચનપ્રસાદ ભાગ-૨' નામક આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત કરતાં અમો હર્ષ અનુભવીએ છીએ.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રત્યેક દ્રવ્યની સ્વયંસિદ્ધતા, નિરપેક્ષતા, અહેતુકતા, પરિપૂર્ણ સ્વતંત્રતા, અનંતી વિભુતા અને ઐશ્વર્યતાદિનો સિંહનાદ કરી આત્માર્થી મુમુક્ષુઓ પર અનુપમ ઉપકાર કર્યો છે, જેનો પ્રતિકાર વાળવાને કોઈ સમર્થ નથી. જે આત્માર્થીજીવ 'સ્વાવલંબન' વડે સ્વતંત્ર વસ્તુસ્વરૂપને સ્વીકારે તો તેનો ભવચ્છેદ થઈ જાય, તે નિઃસંશય છે; તેથી આ પ્રવચનો પરમ અમૃતતુલ્ય છે.

વર્તમાન અધ્યાત્મ યુગમાં પૂજ્ય ગુરુદેવશ્રી એક અજોડ યુગપુરુષ થયા, જેમના પ્રભાવનાયોગમાં મહત્તમ ફાળો છે, એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પણ અત્રે ઉપકાર અંજલિ વ્યક્ત કરીએ છીએ, જેમની અંતર બાહ્ય દશા આત્માર્થી જગતને અતુલ આદર્શરૂપ હતી.

સુજ્ઞ પાઠકોની સુવિધા હેતુ પ્રસ્તુત ગ્રંથમાં ક્રમશઃ મૂળગાથા, સંસ્કૃત છાયા, ગુજરાતી પદ્યાનુવાદ, અન્વયાર્થ, 'તાત્પર્યવૃત્તિ અને સમયવ્યાખ્યા' ટીકા તેમજ ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત પ્રવચનોનું સંપાદન સ્વ. આત્માર્થી શ્રી અમૃતલાલ નરશીભાઈ શેઠે અકથ પરિશ્રમથી કર્યું છે, તે તેઓશ્રીની ગુરુભક્તિને પ્રસિદ્ધ કરે છે. તેઓ 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' નામક પત્ર દ્વારા પૂ. ગુરુદેવશ્રીનાં મંગળ પ્રવચનો રોજબરોજ મુમુક્ષુઓને પાઠવતા હતા જેથી મુમુક્ષુઓને ઘેરબેઠાં અનેરો લાભ મળતો હતો. તે માટે મુમુક્ષુગણ તેઓના ઋણી છે. અત્ર તેઓ પ્રત્યે અમો હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

આ ગ્રંથ-પ્રકાશનની પ્રેરણા અને માર્ગદર્શન અમોને, ધર્મ અને ધર્માત્માઓ પ્રત્યે એકનિષ્ઠ, અધ્યાત્મતત્ત્વ-વિદ્‌ સમ્માનનીય ભાઈશ્રી શશીકાંતભાઈ મ. શેઠથી સંપ્રાપ્ત થઈ છે, જેથી આ ગ્રંથ પ્રકાશિત થઈ શક્યો છે; તે બદલ અમો તેઓ પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ આ ગ્રંથ-પ્રકાશનનો પ્રસ્તાવ મૂકનાર તત્ત્વપ્રેમી શ્રી મોહનલાલજી પાટની, કલકત્તા પ્રત્યે પણ અત્ર આભાર માનીએ છીએ કે જેમની લાગણીથી આ ગ્રંથ પ્રકાશિત થયો છે.

આ ગ્રંથ-પ્રકાશન માટે જે જે મુમુક્ષુઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે તેઓની

નામાવલિ સાભાર અન્યત્ર પ્રકાશિત કરવામાં આવી છે.


ગ્રંથ-મુદ્રણનું સુંદર કાર્ય કરી આપવા બદલ શારદા મુદ્રણાલય તથા ભગવતી ઑફસેટ અમદાવાદનો પણ આભાર માનીએ છીએ. તદુપરાંત પ્રકાશનકાર્યમાં અન્ય સહભાગી થનારાઓ પ્રત્યે પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી સત્પુરુષોનું યોગ-બળ જયવંત વર્તો !

—ત્રિકાળ જયવંત વર્તો !

ભાવનગર,
૧૦ જૂન ૧૯૯૭, જેઠ સુદ ૫
(શ્રુતપંચમી)

ટ્રસ્ટીગણ
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ



• ભગવાન શ્રી કુંદ કુંદાચાર્ય દેવ •

# નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગ પ્રપંચવર્ણન

*[પ્રથમ, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પહેલા શ્રુતસ્કંધને વિષે શું કહેવામાં આવ્યું અને બીજા શ્રુતસ્કંધને વિષે શું કહેવામાં આવશે તે શ્લોક દ્વારા અતિ સંક્ષેપમાં દર્શાવે છે :]*

**द्रव्यस्वरूपप्रतिपादनेन शुद्धं बुधानामिह तत्त्वमुक्तम् ।**
**पदार्थभङ्गेन कृतावतारं प्रकीर्त्यते संप्रति वर्त्म तस्य ॥ ७ ॥**

**શ્લોકાર્થ :** અહીં (આ શાસ્ત્રમાં પ્રથમ શ્રુતસ્કંધને વિષે) દ્રવ્યસ્વરૂપના પ્રતિપાદન વડે બુધ પુરુષોને (સમજુ જીવોને) શુદ્ધ તત્ત્વ (શુદ્ધાત્મતત્ત્વ) ઉપદેશવામાં આવ્યું. હવે પદાર્થભેદ વડે ઉપોદ્‌ઘાત કરીને (-નવ પદાર્થરૂપ ભેદ વડે પ્રારંભ કરીને) તેનો માર્ગ (-શુદ્ધાત્મતત્ત્વનો માર્ગ અર્થાત્ તેના મોક્ષનો માર્ગ) વર્ણવવામાં આવે છે. (૭)

(હવે આ બીજા શ્રુતસ્કંધને વિષે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત ગાથાસૂત્ર શરૂ કરવામાં આવે છે :)

**अभिवंदिऊण सिरसा अपुणब्भवकारणं महावीरं ।**
**तेसिं पयत्थभंगं मग्गं मोक्खस्स वोच्छामि ॥ १०५ ॥**

**अभिवंद्य शिरसा अपुनर्भवकारणं महावीरम् ।**
**तेषां पदार्थभङ्गं मार्गं मोक्षस्य वक्ष्यामि ॥ १०५ ॥**

**શિરસા નમી અપુનર્જનમના હેતુ શ્રી મહાવીરને,**
**ભાખું પદાર્થવિકલ્પ તેમ જ મોક્ષ કેરા માર્ગને. ૧૦૫.**

**અન્વયાર્થ :** [अपुनर्भवकारणं] અપુનર્ભવના કારણ [महावीरम्] શ્રી મહાવીરને [शिरसा अभिवंद्य] શિરસા વંદન કરીને, [तेषां पदार्थभङ्गं] તેમનો પદાર્થભેદ (-કાળ સહિત પંચાસ્તિકાયનો નવ પદાર્થરૂપ ભેદ) તથા [मोक्षस्य मार्गं] મોક્ષનો માર્ગ [वक्ष्यामि] કહીશ.

---

**तात्पर्यवृत्ति :** इति ऊर्ध्वं ''अभिवंदिऊण सिरसा'' इति इमां गाथामादिं कृत्वा पाठक्रमेण पंचाशद्‌गाथापर्यंतं टीकाभिप्रायेणाष्टाधिकचत्वारिंशद्‌गाथापर्यंतं वा जीवादिनवपदार्थप्रतिपादको द्वितीयमहाधिकारः प्रारभ्यते । तत्र तु दशांतराधिकारा भवन्ति । तेषु दशाधिकारेषु मध्ये प्रथमतस्तावन्नमस्कारगाथामादिं कृत्वा पाठक्रमेण गाथाचतुष्टयपर्यंतं व्यवहारमोक्षमार्गमुख्यत्वेन व्याख्यानं करोतीति प्रथमांतराधिकारे समुदायपातनिका । तथाहि – अन्तिमतीर्थंकरपरमदेवं नत्वा पंचास्तिकायषड्‌द्रव्यसंबन्धिनं नवपदार्थभेदं मोक्षमार्गं च वक्ष्यामीति प्रतिज्ञापुरःसरं नमस्कारं करोति, – **अभिवंदिऊण सिरसा अपुणब्भवकारणं महावीरं** अभिवंद्य प्रणम्य । केन ? शिरसा । कं ? अपुनर्भवकारणं महावीरं । ततः किं करोमि ? **वोच्छामि** वक्ष्यामि । कं ? **तेसिं पयत्थभंगं** तेषां पंचास्तिकायषड्‌द्रव्याणां नवपदार्थभेदं । न केवलं नवपदार्थभेदं । **मग्गं मोक्खस्स** मार्गं मोक्षस्येति । तद्यथा । मोक्षसुखसुधारसपानपिपासितानां भव्यानां पारंपर्येणानंतज्ञानादिगुणफलस्य मोक्षकारणं महावीराभिधानमन्तिमजिनेश्वरं रत्नत्रयात्मकस्य प्रवर्तमानमहाधर्मतीर्थस्य प्रतिपादकत्वात्प्रथमत एव प्रमाणमिति गाथापूर्वार्धेन मंगलार्थमिष्टदेवतानमस्कारं करोति ग्रंथकारः, तदनंतरमुत्तरार्धेन च शुद्धात्मरुचिप्रतीतिनिश्चलानुभूतिरूपस्याभेदरत्नत्रयात्मकस्य निश्चयमोक्षमार्गस्य

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परंपरया कारणभूतं व्यवहारमोक्षमार्गं तस्यैव व्यवहारमोक्षमार्गस्यावयवभूतयोर्दर्शनज्ञानयोर्विषयभूतान्नवपदार्थांश्च प्रतिपादयामीति प्रतिज्ञां च करोति । अत्र यद्यप्यग्रे चूलिकायां मोक्षमार्गस्य विशेषव्याख्यानमस्ति तथापि नवपदार्थानां संक्षेपसूचनार्थमत्रापि भणितं । कथं संक्षेपसूचनमिति चेत् । नवपदार्थव्याख्यानं तावदत्र प्रस्तुतं । ते च कथंभूताः । व्यवहारमोक्षमार्गे विषयभूता इत्यभिप्रायः ।। १०५ ।।

**समयव्याख्या : आप्तस्तुतिपुरस्सरा प्रतिज्ञेयम् । अमुना हि प्रवर्तमानमहाधर्मतीर्थस्य मूलकर्तृत्वेनापुनर्भवकारणस्य भगवतः परमभट्टारकमहादेवाधिदेवश्रीवर्द्धमानस्वामिनः सिद्धिनिबंधनभूतां भावस्तुतिमासूत्र्य, कालकलितपञ्चास्तिकायानां पदार्थविकल्पो मोक्षस्य मार्गश्च वक्तव्यत्वेन प्रतिज्ञात इति ।। १०५ ।।**

**અનુવાદ : આ, આપ્તની સ્તુતિપૂર્વક પ્રતિજ્ઞા છે.**

**પ્રવર્તમાન મહાધર્મતીર્થના મૂળ કર્તા તરીકે જેઓ અપુનર્ભવના કારણ છે એવા ભગવાન, પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ શ્રી વર્ધમાનસ્વામીની, સિદ્ધત્વના નિમિત્તભૂત ભાવસ્તુતિ કરીને, કાળ સહિત પંચાસ્તિકાયનો પદાર્થભેદ (અર્થાત્ છ દ્રવ્યોનો નવ પદાર્થરૂપ ભેદ) તથા મોક્ષનો માર્ગ કહેવાની આ ગાથાસૂત્રમાં પ્રતિજ્ઞા કરવામાં આવી છે. ૧૦૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૩, મંગળવાર]

[પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો. તેમાં છ દ્રવ્યો સ્વતંત્ર બતાવ્યાં. હવે આ બીજા શ્રુતસ્કંધમાં નવ પદાર્થનું ભેદથી કથન કરે છે.]

હું, કુંદકુંદાચાર્ય મોક્ષના કારણભૂત વર્ધમાન તીર્થંકર ભગવાનને મસ્તક દ્વારા નમસ્કાર કરીને મોક્ષના કારણસ્વરૂપ તે છ દ્રવ્યોના નવપદાર્થરૂપ ભેદને કહીશ.

અહીં નિમિત્તકારણની વ્યાખ્યા કરી છે. ભવના અભાવનું કારણ તો પોતાનો સ્વભાવ છે એવી જેને રુચિ થઈ છે તેને ભગવાન નિમિત્ત છે તેથી તેની સ્તુતિ કરે છે. જેને ભવની રુચિ છે તેને સર્વજ્ઞની રુચિ નથી ને સર્વજ્ઞની રુચિ છે તેને ભવની રુચિ નથી. ગમે તે ભવ હો. સર્વાર્થસિદ્ધિનો ભવ હોય કે તીર્થંકરનો ભવ હોય. કોઈ પણ ભવની રુચિ ધર્મીને હોતી નથી. જે ભાવથી ભવ મળે તે ભાવ આકુળતા છે. ભવજન્ય દુઃખ છે તેવી આકુળતા રહિત એકલો જ્ઞાયક સ્વભાવ જેને રહી ગયો ને જે પૂર્ણ દશા પામ્યા ને જેના જ્ઞાનમાં ત્રણ લોક જણાયા એવા સર્વજ્ઞદેવ અપુનર્ભવનું કારણ છે. મોક્ષનું કારણ તો આત્મા છે પણ ભગવાનને તેમાં નિમિત્તકારણ કહ્યા છે.

જે કોઈ એમ કહે કે અહીંથી છૂટીને મહાવિદેહમાં જવાશે અથવા દેવમાં જવાશે ને ત્યાંથી ભગવાનની વાણી સાંભળવા જવાશે ને ત્યાં ધર્મ થશે, તે જીવ વીતરાગ દેવ, શાસ્ત્ર કે ધર્મને માનતો નથી. કારણ કે તેને હજી ભવની રુચિ રહેલી છે. વળી કોઈ કહે કે મારે ભલે એકાદ ભવ થાય પણ જગતનું કલ્યાણ થતું હોય તો કરી દેવું એમ માનનાર જીવને પણ ભવની રુચિ છે. ભવ વિનાના સ્વભાવની રુચિ નથી તેથી તેને ભગવાનની વાણીની પણ રુચિ નથી. ધર્મી જીવને શુભરાગ આવે છે પણ તે સમજે છે કે મારા સ્વભાવનો સ્વાદ મારામાં છે, શ્રવણ કરાવવાનો વિકલ્પ ઊઠ્યો છે તે મારા કારણે છે, તે વિકલ્પથી બીજાને લાભ નથી. તેમ જ પોતાને લાભ નથી. પોતાને પોતાના સ્વભાવથી લાભ છે એમ જે નક્કી કરે છે તેને ભગવાન ધર્મમાં નિમિત્ત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જીવ રાગથી લાભ માની રાગમાં રોકાયો છે, પોતાનું કલ્યાણ પરને લીધે અટક્યું માને છે, નિમિત્તને તથા રાગને સાધન માની અટક્યો છે તે ભગવાનને નિમિત્ત બનાવી શકતો નથી. અજ્ઞાની પરજીવની દયા ને સેવામાં ધર્મ માની અટકી જાય છે. પરને માટે સેવા કરું છું એમ માને છે પણ એ બધું અભિમાન છે.

મારો સ્વભાવ ભવ વિનાનો છે એમ ભગવાને કહ્યું છે. ભગવાન કોઈ ભવનું સ્થાપન કરતા નથી પણ શુદ્ધ સ્વભાવનું સ્થાપન કરે છે. અહીં કુંદકુંદાચાર્ય ભગવાનને વિકલ્પ ઊઠ્યો છે તેથી કહે છે કે હે નાથ ! સંસારના અભાવ સ્વભાવરૂપી પર્યાય પ્રગટવાનું કારણ તો અમો છીએ પણ તેમાં આપ નિમિત્ત છો એટલે આપને વંદું છું. જે ભવનો અભાવ બતાવે ને સ્વભાવનું માહાત્મ્ય બતાવે ને તેમાં લીનતા કરવાનો ઉપદેશ કરે તે વંદનીય છે.

જે કોઈ ભવના કારણરૂપ રાગાદિને અનુમોદન આપે તેને વંદન કરનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના રાગને પણ આદરણીય માને તે મિથ્યાદૃષ્ટિ છે. વળી સ્વર્ગમાં જવાથી કે મહાવિદેહમાં જવાથી લાભ થશે એમ કહે પણ વસ્તુસ્વભાવથી લાભ થશે એમ ન કહે તો તે વંદનીય નથી. બહારવટિયાને મદદ કરનાર જેમ ગુનેગાર ગણાય છે તેમ શુદ્ધચૈતન્ય સ્વભાવની વિરુદ્ધ કહેનારાને પુષ્ટિ આપવી તે બહારવટિયાને મદદ આપવા સમાન છે.

હે નાથ ! તારી વાણી ને તારાં શાસ્ત્ર તો દરેક દ્રવ્યની પૃથક્તા બતાવે છે. સાધકદશામાં રાગ આવે છે પણ તેનું હું અનુમોદન કરતો નથી. સમયે સમયે જીવમાં નવી નવી પર્યાયનો ઉત્પાદ થાય છે. જો તે પર્યાયનું વલણ બહારમાં જાય છે તો સંસાર છે ને અંતર સ્વભાવનું વલણ કરે તો મોક્ષમાર્ગ છે.

શરીર, મન, વાણી વગેરે પરની રુચિ કરીને જે પર્યાય ઉત્પન્ન થાય છે તેણે મોક્ષમાર્ગને સીલ માર્યાં છે ને જે પરની તથા રાગની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરી જે પર્યાય ઉત્પન્ન થાય છે તેણે મોક્ષમાર્ગને ખોલી નાખ્યો છે. ને જેટલી શુદ્ધતા પ્રગટી તે દ્રવ્ય સાથે અભેદ થાય છે પણ જેટલો રાગ રહ્યો છે તે શરણભૂત નથી, એમ ધર્મી માને છે.

અહીં કુંદકુંદાચાર્ય ભગવાનને શુભવિકલ્પ ઊઠ્યો છે છતાં કહે છે કે મારું કર્તવ્ય તો શુદ્ધ સ્વભાવ તરફ વળવું એ જ છે. અપુનર્ભવનું કારણ આત્મા છે. તેના ઉપર વજન છે તેથી અપુનર્ભવ (મોક્ષ) થશે જ પણ હજી રાગ રહ્યો છે ને વિકલ્પ ઊઠ્યો છે તેથી વંદન કરું છું પણ તેના ઉપર વજન નથી. વજન તો અપુનર્ભવના કારણ શુદ્ધ સ્વભાવ ઉપર છે. ભગવાનની સ્તુતિ વખતે ભગવાન પ્રત્યે રાગ હોવા છતાં અમે તમોને વિકલ્પમાં નિમિત્ત કહેતા નથી. અમે તમોને જ્ઞાયક સ્વભાવમાં નિમિત્ત કહીએ છીએ. આ પ્રમાણે અપુનર્ભવનું કારણ પોતાનો આત્મા છે ને તેમાં નિમિત્ત મહાવીર ભગવાન છે એમ કહી નિશ્ચય-વ્યવહાર બન્ને બતાવે છે.

આ પ્રમાણે મોક્ષના કારણભૂત વર્ધમાન તીર્થંકર ભગવાનને મસ્તકથી નમસ્કાર કરીને મોક્ષમાર્ગ અથવા તેના કારણ સ્વરૂપ છ દ્રવ્યોના નવપદાર્થરૂપ ભેદોને કહીશ એમ આચાર્ય કહે છે. મોક્ષમાર્ગ ક્યાં ચાલતો હશે ? આત્માનો મોક્ષમાર્ગ અંતરદિશામાં છે. સ્વરૂપમાં અંતર્મુખ એકાગ્ર થવું તે મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગના કારણસ્વરૂપ છ દ્રવ્યો છે જે ભગવાનની વાણીમાં આવ્યા તે પ્રમાણે જ છે. તે છના ભેદ પાડીને નવની વ્યાખ્યા કહીશ.

**ભાવાર્થ** : વર્તમાન પંચમકાળ છે. તેમાં ધર્મતીર્થના કર્તા ભગવાન પરમભટ્ટારક દેવાધિદેવ, શ્રી વર્દ્ધમાનસ્વામી છે. જે પાત્ર જીવોએ પોતાના સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરી પોતામાં ધર્મતીર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ કર્યું તેવા જીવોને ધર્મ પ્રગટ કરવામાં ભગવાન નિમિત્ત હતા તેથી ભગવાન ધર્મતીર્થના કર્તા કહેવાય છે.

વળી ભગવાન દેવના દેવ છે. ગણધરદેવના દેવ, ચક્રવર્તીના દેવ, દેવાધિદેવ છે, તેમની સ્તુતિ કરું છું એમ કહેવું તે વ્યવહાર છે. ખરેખર તો અંતરમાં એકાગ્રતા થાય છે તે ભાવસ્તુતિ છે ને વિકલ્પ ઊઠ્યો છે તે દ્રવ્યસ્તુતિ છે. આવી રીતે કુંદકુંદાચાર્ય ભગવાને મહાવીર ભગવાનની સ્તુતિ કરીને મોક્ષમાર્ગને બતાવવાવાળાં છ દ્રવ્યોના ભેદરૂપ નવતત્ત્વો કહેવાની પ્રતિજ્ઞા કરી. ૧૦૫.

---

**सम्मत्तणाणजुत्तं चारित्तं रागदोसपरिहीणं ।**
**मोक्खस्स हवदि मग्गो भव्वाणं लद्धबुद्धीणं ॥ १०६ ॥**

**सम्यक्त्वज्ञानयुक्तं चारित्रं रागद्वेषपरिहीणम् ।**
**मोक्षस्य भवति मार्गो भव्यानां लब्धबुद्धीनाम् ॥ १०६ ॥**

**સમ્યક્ત્વજ્ઞાન સમેત ચારિત રાગદ્વેષવિહીન જે,**
**તે હોય છે નિર્વાણમારગ લબ્ધબુદ્ધિ ભવ્યને. ૧૦૬.**

**અન્વયાર્થ :** [सम्यक्त्वज्ञानयुक्तं] સમ્યક્ત્વ અને જ્ઞાનથી સંયુક્ત એવું [चारित्रं] ચારિત્ર – [रागद्वेषपरिहीणम्] કે જે રાગદ્વેષથી રહિત હોય તે, [लब्धबुद्धीनाम्] લબ્ધબુદ્ધિ [भव्यानां] ભવ્યજીવોને [मोक्षस्य मार्गः] મોક્ષનો માર્ગ [भवति] હોય છે.

---

**तात्पर्यवृत्ति :** अथ प्रथमतस्तावन्मोक्षमार्गस्य संक्षेपसूचनां करोति, – **सम्मत्तणाणजुत्तं** सम्यक्त्वज्ञानयुक्तमेव न च सम्यक्त्वज्ञानरहितं **चारित्तं** चारित्रमेव न चाचारित्रं **रागदोसपरिहीणं** रागद्वेषपरिहीनमेव न च रागद्वेषसहितं । **मोक्खस्स हवदि** स्वात्मोपलब्धिरूपस्य मोक्षस्यैव भवति न च शुद्धात्मानुभूतिप्रच्छादकबंधस्य, **मग्गो** अनंतज्ञानादिगुणामौल्यरत्नपूर्णस्य मोक्षनगरस्य मार्ग एव नैवामार्गः **भव्वाणं** शुद्धात्मस्वभावरूपव्यक्तियोग्यतासहितानां भव्यानामेव न च शुद्धात्मरूपव्यक्तियोग्यतारहितानामभव्यानां **लद्धबुद्धीणं** लब्धनिर्विकारस्वसंवेदनज्ञानरूपबुद्धीनामेव न च मिथ्यात्वरागादिपरिणतिरूपविषयानंदस्वसंवेदनकुबुद्धिसहितानां, क्षीणकषायशुद्धात्मोपलंभे सत्येव भवति न च सकषायाशुद्धात्मोपलंभे भवतीत्यन्वयव्यतिरेकाभ्यामष्टविधनियमोत्र द्रष्टव्यः । अन्वयव्यतिरेकस्वरूपं कथ्यते । तथाहि – सति संभवोऽन्वयलक्षणं असत्यसंभवो व्यतिरेकलक्षणं, तत्रोदाहरणं – निश्चयव्यवहारमोक्षकारणे सति मोक्षकार्यं संभवतीति विधिरूपोऽन्वय उच्यते, तत्कारणाभावे मोक्षकार्यं न संभवतीति निषेधरूपो व्यतिरेक इति । तदेव द्रढयति । यस्मिन्नग्न्यादिकारणे सति यद्धूमादिकार्यं भवति तदभावे न भवतीति तद्धूमादिकं तस्य कार्यमितरदग्न्यादिकं कारणमिति कार्यकारणनियम इत्यभिप्रायः ॥ १०६ ॥

**समयव्याख्या : मोक्षमार्गस्यैव तावत्सूचनेयम् । सम्यक्त्वज्ञानयुक्तमेव नासम्यक्त्वज्ञानयुक्तं, चारित्रमेव नाचारित्रं, रागद्वेषपरिहीणमेव न रागद्वेषापरिहीणम्, मोक्षस्यैव न भावतो बंधस्य, मार्ग एव नामार्गः, भव्यानामेव नाभव्यानां, लब्धबुद्धीनामेव नालब्धबुद्धीनां, क्षीणकषायत्वे भवत्येव न कषायसहितत्वे भवतीत्यष्टधा नियमोऽत्र द्रष्टव्यः ॥ १०६ ॥**

**અનુવાદ : પ્રથમ, મોક્ષમાર્ગની જ આ સૂચના છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમ્યક્ત્વ અને જ્ઞાનથી યુક્ત જ–નહિ કે અસમ્યક્ત્વ અને અજ્ઞાનથી યુક્ત, ચારિત્ર જ–નહિ કે અચારિત્ર, રાગ–દ્વેષરહિત હોય એવું જ (ચારિત્ર)–નહિ કે રાગ–દ્વેષ સહિત હોય એવું, મોક્ષનો જ–ભાવતઃ નહિ કે બંધનો, માર્ગ જ–નહિ કે અમાર્ગ, ભવ્યોને જ–નહિ કે અભવ્યોને, લબ્ધબુદ્ધિઓને જ–નહિ કે અલબ્ધબુદ્ધિઓને, ક્ષીણકષાયપણામાં જ હોય છે–નહિ કે કષાયસહિતપણામાં હોય છે. આમ આઠ પ્રકારે નિયમ અહીં દેખવો (અર્થાત્ આ ગાથામાં ઉપરોક્ત આઠ પ્રકારે નિયમ કહ્યો છે એમ સમજવું). ૧૦૬.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૩, મંગળવાર]

હવે મોક્ષમાર્ગનું સંક્ષેપ કથન કરે છે.

સમ્યક્ત્વ એટલે કે શ્રદ્ધાન અને વસ્તુના યથાર્થ જ્ઞાન સહિત જે આચરણ છે તે મોક્ષનો માર્ગ છે અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર–આ ત્રણેનું જ્યારે એક સાથે પરિણમન થાય છે ત્યારે જ મોક્ષમાર્ગ થાય છે. કેવું છે તે દર્શન-જ્ઞાન સહિતનું ચારિત્ર ? ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષરહિત સમતારસગર્ભિત છે. એવો મોક્ષમાર્ગ કોને થાય છે ? જેને સ્વ-પર-ભેદવિજ્ઞાન-બુદ્ધિ પ્રાપ્ત થઈ છે અને જે મોક્ષમાર્ગની સન્મુખ છે તે જીવને મોક્ષમાર્ગ થાય છે.

આ ગાથા બહુ સરસ છે.

અહીં ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે કારણ કે ચારિત્ર તે સાક્ષાત ધર્મ છે ને તે મોક્ષમાર્ગ કેવળજ્ઞાનનું કારણ છે. તે ચારિત્ર કેવું છે ? સમ્યગ્દર્શન ને જ્ઞાનથી યુક્ત છે. અજ્ઞાની જીવો વ્રત તપને ચારિત્ર કહે છે પણ તે ચારિત્ર નથી. અનાદિથી અજ્ઞાનીને પુણ્યથી ધર્મ માનવાનું શલ્ય પડ્યું છે તેથી રખડે છે. અહીં કહે છે કે ધર્મમાં જવાબદારી પોતાની છે. બીજાને આધારે કામ ન આવે એટલે કે પોતે જ યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરવાં જોઈએ.

અહીં કહે છે કે યથાર્થ શ્રદ્ધાન ને યથાર્થ વસ્તુના જ્ઞાન સહિત જે આચરણ છે તે મોક્ષમાર્ગ છે. ત્રણેની એકતાથી મોક્ષમાર્ગ થાય છે. સમ્યગ્દર્શન તે સાક્ષાત્ ધર્મ નથી પણ ધર્મનું મૂળ છે, સાક્ષાત્ ધર્મ તો ચારિત્ર છે, તે ચારિત્ર સમ્યગ્દર્શન વિના ન હોય.

કેવું છે તે દર્શન-જ્ઞાનયુક્ત ચારિત્ર ? ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષરહિત સમતારસ ગર્ભિત છે. અહીં ચારિત્રની વાત કરે છે. આવી અદ્ભુત સ્વતંત્રતા બતાવનારી વાણી નીકળે છે છતાં આ જીવ કેમ માનતો નથી ? આ વિરોધીએ સાચો માર્ગ વિલોપ કરી નાખ્યો એવા પ્રકારના વિકલ્પો ચારિત્રવંતને ઊઠતા નથી. જે કાંઈ યશ હોય તો મારા સ્વભાવને લીધે છે ને અપયશ હોય તો મારી પર્યાયમાં છે. બહારના કારણે રાગ–દ્વેષ થાય છે એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. તે ઉપરાંત પોતાની શિથિલતાના કારણે ''આમ કેમ ?'' એવો વિકલ્પ પણ ચારિત્રવંતને હોતો નથી. તે વિચારે છે કે કોણ કોનું માને ? કોઈ કોઈનું માનતું નથી એમ વિચારી મુનિઓ અંતરમાં ઠરી જાય છે. જેટલી શિથિલતા છે તેટલું ચારિત્ર નથી. કોણ કોને સુધારે ને કોણ કોને બગાડે ? એવી વૃત્તિ ઊઠતી નથી. મારા સ્વભાવનો આદર તે માન છે ને સ્વભાવનો અનાદર તે જ અપમાન છે એમ સમજી બહારનાં માનાપમાન તરફની નબળાઈની વૃત્તિ તોડી અંતર ઠરી જવું તે ચારિત્ર છે. તેને ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષરહિત સમતા પ્રગટી છે. એવો મોક્ષમાર્ગ કોને થાય છે ? જેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વ-પરવિવેક-ભેદવિજ્ઞાનબુદ્ધિ પ્રગટ થઈ છે ને જે મોક્ષમાર્ગની સન્મુખ છે તેને ચારિત્ર અથવા મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.

**ભાવાર્થ** :- ચારિત્ર તે છે કે જે દર્શન-જ્ઞાન સહિત છે. સ્વરૂપનું આચરણ, સ્વભાવનું અનુષ્ઠાન, સ્વભાવમાં રમણતા એ ચારિત્ર છે. ને તે દર્શન-જ્ઞાન સહિત હોય છે.

બાળકના હાથમાંથી ચૂસણિયું લઈને પેંડો આપવામાં આવે તોપણ તે કજિયો છોડે નહિ, સમજશે નહિ. તેમ અજ્ઞાનીને ખોટા ક્રિયાકાંડ મૂકવાનું કહીને સાચું ચારિત્ર બતાવો તોપણ તે સમજશે નહિ. જે ભગવંતો સર્વજ્ઞદશાને પામ્યા તે પોતામાં સ્થિર રહીને ભગવાન થયા છે, બહારથી થયા નથી. જે પૂર્ણાનંદ દશાને પામ્યા તે શિરસાવંદ્ય છે. તે મોટા છે, તેમણે પોતાના સ્વભાવના આશ્રયે વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરીને રાગ–દ્વેષ કાઢી નાખ્યા. તેમણે જે કાઢી નાખ્યું તે કાઢી નાખવા જેવું માન ને તેમણે જે રાખ્યું તે તું સ્વભાવના આશ્રયે રાખ તો તેં સિદ્ધને માન્યા છે. આમ પોતાના સ્વભાવની અંતરદૃષ્ટિ વિના ચારિત્ર પ્રગટે નહિ, આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક આચરણ તે ચારિત્ર છે.

હવે નાસ્તિથી વાત કરે છે. દર્શન-જ્ઞાન વિના જે ચારિત્ર છે તે મિથ્યાચારિત્ર છે. આત્માના જ્ઞાન વિના ને નવતત્ત્વની યથાર્થ સમજણ વિના મહાવ્રતાદિનું પાલન કરે તે મિથ્યાચારિત્ર છે. પાંચ મહાવ્રતનો રાગ આસ્રવ છે. તે આત્માની દશાને બગાડનાર છે. અંતર સ્વભાવથી લાભ છે એમ માન્યા વિના આચરણ હોતું નથી.

કોઈ કહે કે સમ્યગ્દર્શન થાય તેની ખબર ન પડે–તો તે વાત ખોટી છે. આત્મામાં પ્રમેયત્વ નામનો એક ગુણ છે. **જ્યાં શ્રદ્ધાની પર્યાય છે ત્યાં પ્રમેયત્વ પણ છે. તેથી તેનામાં જણાવાની યોગ્યતા છે ને જ્ઞાન જ્ઞેયને જાણી લ્યે તેવો જ્ઞાનનો સ્વભાવ છે. અજ્ઞાનીને ભાન નથી તેથી સમ્યગ્દર્શન થતું નથી. આત્મદ્રવ્યના જ્ઞાન વિના, રાગ ને સ્વભાવ વચ્ચેના વિવેક વિના સ્વભાવની અંતરરમણતા થાય નહિ.**

જે જીવ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને છે તેને હજી ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કેવી રીતે થાય તેની પણ ખબર નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ને પ્રતિમા કેવાં હોય એવી વ્યવહારની ખબર નથી તેને ગૃહીત મિથ્યાત્વ છે ને અગૃહીત તો પડેલું છે જ. જેને વ્યવહારનો વિવેક નથી તેને નિશ્ચયનો વિવેક તો છે જ નહિ, તેને મહાવ્રત હોતાં નથી.

અહીં તો કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને વ્યવહારે માન્યા પછી વ્રત, તપ, દયા-દાનાદિ-ને ધર્મનું સાધન માને તો તે મૂઢ છે-તેને ચારિત્ર હોતું નથી.

જે ચારિત્ર છે તે જ ચારિત્ર છે, જે રાગરહિત જ્ઞાનસ્વભાવમાં ઝૂલે છે. ચિદાનંદ શક્તિને ફાડીને આનંદનો અનુભવ કરે છે તે ચારિત્ર છે. છઠ્ઠે ગુણસ્થાને ભાવલિંગી મુનિને ૨૮ મૂળગુણનો, મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, તો પછી મિથ્યાદૃષ્ટિનું ચારિત્ર ચારિત્ર હોઈ શકે જ નહિ.

વળી ચારિત્ર તે જ છે કે જે રાગ–દ્વેષરહિત સમતારસ સહિત છે, બહારમાં માન-અપમાન હોય, અન્યાય થતો હોય તોપણ મુનિઓ આત્માના ભાનસહિત વીતરાગી સમતા ધારણ કરે છે ને અંતર આનંદમાં ઝૂલે છે. જૈનધર્મ સાચો છે ને અન્ય મત ખોટો છે એવો વિકલ્પ પણ ઊઠતો નથી. પણ સમતામાં ઝૂલે છે તે ચારિત્ર છે. અજ્ઞાની માને છે કે 'અમોને દુશ્મને ઘણી લાકડી મારી તોપણ અમોએ સમતા રાખી'. ભાઈ, તે સમતા નથી, પરને લક્ષે થતી કષાયમંદતા તે સમતા નથી. તેને રાગનો અંશે પણ અભાવ થતો નથી. સ્વભાવની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યથાર્થ દૃષ્ટિ વિના રાગ યથાર્થપણે ઘટતો નથી. આત્માનું ભાન વર્તે છે તેવા મુનિને સત્‌ના સ્થાપનનો ને આ સત્‌ના ઉત્થાપનનો વિકલ્પ ઊઠતો નથી. તે સમતા છે. શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, જે કષાયરસગર્ભિત છે તે ચારિત્ર નથી, પણ સંક્લેશરૂપ પરિણામ છે. મહામુનિઓને શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠે છે તે સંક્લેશરૂપ છે, ચારિત્ર નથી, સમતાભાવ નથી; પાછળ અકષાયપરિણતિ રહેલી છે તે ચારિત્ર છે ને તે મોક્ષનું કારણ છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૪, બુધવાર]

**ભાવાર્થ** : (૧) આ અધિકાર મોક્ષમાર્ગનો છે. આત્માનો સ્વભાવ શુદ્ધ છે. પર્યાયમાં રાગ–દ્વેષ છે તેનાથી મુક્તિ થવી ને શક્તિઓની પૂર્ણ વ્યક્તતા થવી તેને મોક્ષ કહે છે. તેનો માર્ગ તે મોક્ષમાર્ગ છે ને તે ચારિત્ર છે. આત્મા પરમાં ને સંકલ્પ-વિકલ્પમાં અટકે છે તે બંધમાર્ગ છે. વિભાવરહિત થઈ સ્વભાવમાં સ્થિરતા કરવી તે ચારિત્ર છે. સ્વરૂપમાં ચરવું, રમવું તે ચારિત્ર છે.

‘‘ચારિત્ર તે જ છે જે દર્શન–જ્ઞાન સહિત છે, દર્શન–જ્ઞાન વિના જે ચારિત્ર છે તે મિથ્યાચારિત્ર છે.’’ જે શાંતિ પ્રગટે છે તે ચારિત્ર છે, જે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત છે. આત્મપદાર્થ પરથી રહિત ને સંકલ્પથી રહિત છે, એવો પદાર્થ માન્યા વિના તેમાં ઠરશે શી રીતે ? જે જીવ પૈસા, આબરૂ, શરીર વગેરેમાં સુખ માની અટક્યો છે તે સ્વમાં સ્થિર કેવી રીતે થાય ? સ્વનું માહાત્મ્ય આવ્યા વિના લીનતા ક્યાંથી થાય ? અહીં સમ્યગ્દર્શન ને જ્ઞાન બન્ને સાથે લીધાં છે, તે હોય તો ચારિત્ર હોય. શરીર, મન, વાણી આત્માથી જુદાં છે. તેમાં હું રહી શકતો નથી, તે જુદું તત્ત્વ છે, એમ રુચિ ને જ્ઞાન કરે છે તેને ચારિત્ર હોય છે. નહિતર ચારિત્ર હોતું નથી. દર્શન-જ્ઞાન વિનાનું ચારિત્ર મિથ્યાચારિત્ર છે. સ્વભાવના માહાત્મ્ય વિના ચારિત્ર હોય નહિ. શુભાશુભ ભાવો આકુળતાવાળા છે. તે આકુળતા રહિત નિરાકુળ સ્વભાવમાં સુખ છે એ ભાન વિના ચારિત્ર હોતું નથી. પછી ત્યાગી થાય ને વ્રત-તપ કરે ને લોકો તેને ચારિત્ર કહે તોપણ તે ચારિત્ર નથી.

(૨) ‘‘જે ચારિત્ર છે તે જ ચારિત્ર છે, મિથ્યાચારિત્ર તે ચારિત્ર નથી. આત્મા ચૈતન્ય ભૂમિકાવાળો છે. પુણ્ય-પાપવાળો નથી. ચૈતન્યમય આત્માની પ્રતીતિ ને જ્ઞાન વર્તે છે તેને ચારિત્ર છે. મિથ્યાચારિત્ર તે ચારિત્ર નથી, વ્રત પાળે તે ચારિત્ર નથી. ધર્મ નથી. ચિદાનંદ સ્વભાવના ભાન વિનાના મિથ્યાચારિત્રને ચારિત્ર કહેતા નથી.

(૩) ‘‘અને ચારિત્ર તે જ છે જે રાગ–દ્વેષરહિત સમતારસસંયુક્ત છે, જે કષાયરસગર્ભિત છે તે ચારિત્ર નથી, સંક્લેશરૂપ છે.’’ રાગ–દ્વેષરહિત સમતા સ્વભાવ પર્યાયમાં ફાટ્યો તે ચારિત્ર છે. બહારમાં અનુકૂળતા પ્રત્યે રાગ નથી, પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ નથી. રાગ–દ્વેષ વિનાના સ્થાનમાં સમતા છે. આ સમતાસંયુક્તને ચારિત્ર કહે છે. કોઈ પણ પદાર્થ હોય તે ક્રિયાસંપન્ન છે. ને તે તેની ક્રિયા સહિત છે માટે મારે તેની ચિંતા નથી, તેને મારી ચિંતા નથી. કોઈ પણ કાળે ક્રિયા વિનાનું તત્ત્વ હોઈ શકે નહિ. તે મારી આશા રાખે તેવું તત્ત્વ નથી. હું તેની આશા રાખું તેવો નથી–એવા જ્ઞાનમાં સમતારસ પ્રગટે છે. હું પરને આધીન નથી, મારી આશા કોઈ રાખશો નહિ ને હું કોઈની આશા રાખતો નથી. એમ માનનારને ચારિત્ર પ્રગટે છે. જે રાગની લાગણીઓનો આતાપ થતો તે પરના માટે નહિ પણ સ્વના વેદન માટે–સ્વના આતાપના વેદન માટે થતો તે આતાપનું વેદન મટાડી આત્માના ભાનપૂર્વક સમતારસ પ્રગટે તે ચારિત્ર છે. સમ્યગ્દર્શન પછી જ્ઞાનીને અસ્થિરતાનો રાગ હોય છે પણ વિશેષ સ્થિરતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરી આકુળતા ટાળી અનાકુળ રસ પ્રગટ્યો ને શાંતિનો ડુંગર ફાટ્યો ને ચિદાનંદ રસમાં એકાગ્રતા જામી તે સમતા છે ને તે ચારિત્ર છે.

અજ્ઞાની જીવો બહારમાં શાંતિ રાખે તે સમતા નથી, મૂઢતા છે. કોઈ પ્રતિકૂળતા આવી પડે ત્યારે કહે કે 'સામાએ કાંઈ કર્યું નથી પણ મારા કર્મનો ઉદય એવો હતો માટે પ્રતિકૂળતા આવી છે' એમ કર્મની ઓથે સમતા રાખે તે સાચી સમતા નથી. કર્મના ઉદયનો વિકલ્પ ઉઠાવવો એ જ દુઃખદાયક છે. મારા આત્મામાં કર્મ છે જ નહિ તેમ જ આકુળતા નથી એમ આત્માના ભાનપૂર્વક કષાય ઉત્પન્ન થયો જ નહિ ને શાંતરસ ઉત્પન્ન થયો તે ચારિત્ર છે.

(૪) ''જે આવું ચારિત્ર છે તે સકળ કર્મના ક્ષયલક્ષણ મોક્ષસ્વરૂપ છે. પરંતુ કર્મના બંધરૂપ નથી.''

આત્મા અંતર વસ્તુ છે. દેહ, મન, વાણીથી પાર છે. એવી દૃષ્ટિપૂર્વક આત્મરમણતામાં રમે છે તેને સકળ કર્મનો ક્ષય થાય છે. ચારિત્રથી કર્મ બંધાતું નથી. કોઈ કહે છે કે ચારિત્રથી પુણ્ય બંધાય ને સ્વર્ગમાં જવાય તો તે વાત ખોટી છે. ચારિત્રમાં અંશે પણ બંધન હોતું નથી. વળી કોઈ કહે કે ચારિત્રથી થોડી શુદ્ધિ થાય ને થોડું પુણ્ય બંધાય તે પણ ખોટું છે. જ્યાં બંધન છે ત્યાં અચારિત્ર છે. ચારિત્ર હોય ત્યાં થોડું પણ બંધન હોય નહિ. અત્યારે વર્તમાનમાં ઘણી વિવિધ વિરુદ્ધતા વર્તે છે. છતાં લોકો તેને સત્યમાર્ગ કહે છે. બે રોટલી ને પાશેર દૂધ ખાય, જીર્ણ કપડું પહેરે, માથું મુંડાવે, બૈરાં-છોકરાં છોડે તેને લોકો ચારિત્ર કહે છે તે ચારિત્ર નથી. આત્મા અબંધ સ્વભાવી છે તેમાં લીન થવું તે ચારિત્ર છે. જે ભાવથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે, તીર્થંકરનો ભવ મળે, ગમે તે સંયોગો મળે તે ભાવ ચારિત્ર નથી, ક્લેશ છે. પુણ્ય તે શુભક્લેશ છે તેથી અનુકૂળતા મળે છે ને પાપ તે અશુભક્લેશ છે તેથી પ્રતિકૂળતા મળે છે. પુણ્યપાપરહિત અબંધસ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે ને તે મોક્ષ માર્ગ છે.

**પ્રશ્ન** : સંપીલું કુટુંબ હોય તેને ક્લેશ કહેવાય ?

**સમાધાન** : સંપીલું કોને કહેવું ? બાપ-દીકરા વચ્ચે હિમાચલ ને વિંધ્યાચલ જેટલો આંતરો છે. એક-બીજાના અભાવ વિના બે ચીજો પૃથક્ રહી શકે નહિ. અભાવમાં સંપ હોઈ શકે નહિ. અમો સંપીલા છીએ એવો વિકલ્પ ઉઠાવવો તે જ ક્લેશ છે. પોતાનો આત્મા અનંતગુણોનો સમાજ છે તેની સાથે એકતાબુદ્ધિ કરવી તે સંપ છે. બે ભાઈઓ વચ્ચેનો સંપ તો અશુભરાગવાળો ક્લેશ છે. પણ મહાવ્રતાદિના પરિણામ શુભરાગ છે તે પણ ક્લેશ છે. આકુળતા છે, પુણ્ય પાપ-વિનાનો, અબંધ સ્વભાવી આત્માની એકાગ્રતાથી પ્રગટેલો ભાવ તે ચારિત્ર છે ને તે સકળ કર્મોનો નાશ કરે છે.

લોકો કહે છે કે વિશ્વપ્રેમ કરો. વિશ્વ એટલે બધા સાથે પ્રેમ કરવો. એમાં આ મારું ને આ તારું એમ રહેતું નથી. એકેન્દ્રિય પ્રત્યેના પ્રેમમા રોકાઈ જાય તો પંચેન્દ્રિય તરફ તે વખતે પ્રેમ બતાવી શકતો નથી. એકીસાથે બધાની સાથે પ્રેમ કેવી રીતે બતાવી શકશે ? ઘરમાં પણ એક દીકરા સાથે પ્રેમ બતાવવા જઈશ તે વખતે બીજા સાથે બતાવી શકશે નહિ તો જગતના બધા જીવો સાથે એકીવખતે કેવી રીતે પ્રેમ કરીશ ? તેથી બધા સાથે તું પ્રેમ કદી બતાવી શકીશ નહિ. વળી પર પ્રત્યે પ્રેમ બતાવવા જઈશ તો સ્વરૂપની અંતરસ્થિરતા કરવાનો પ્રેમ ચાલ્યો જાય છે. માટે તારી વૃત્તિ શુભાશુભ ભાવમાં વળી રહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેને અંતરમાં વાળ. એક સમયમાં બધાને જેમ છે તેમ જાણી લેવાની તારી તાકાત છે. સિદ્ધ હોય કે નિગોદ હોય, સર્વજ્ઞ હોય કે અલ્પજ્ઞ હોય, મિથ્યાદૃષ્ટિ હોય કે સમ્યગ્દૃષ્ટિ હોય–તે બધાને પોતાના જ્ઞાનમાં રહીને જાણીને સમતારસગર્ભિતપણે રહેવું ને ક્યાંય અટકવું નહિ તેને વિશ્વપ્રેમ કહે છે, આખા વિશ્વનો જ્ઞાયક રહે છે, તે જ્ઞાયકપણું અંતર શક્તિ ભરેલી છે તેમાંથી પ્રગટે છે. આનું નામ ચારિત્ર છે ને તે મોક્ષસ્વરૂપ છે.

(૫) ''જે દર્શન-જ્ઞાનયુક્ત ચારિત્ર છે તે જ ઉત્તમ માર્ગ છે, કોઈ સંસારનો માર્ગ ભલો નથી.'' પહેલા બોલમાં જ્ઞાન–દર્શનયુક્ત છે તે ચારિત્ર છે એમ કહેલ હતું. આ પાંચમા બોલમાં જ્ઞાન-દર્શન-ચારિત્રયુક્તને ''ઉત્તમમાર્ગ'' કહ્યો. અહીં ઉત્તમ કહીને વિશેષતા બતાવવી છે. આત્મા શક્તિએ સર્વજ્ઞની તાકાતવાળો છે. તેમાંથી સર્વજ્ઞતા પ્રગટે છે. તે ઉત્તમમાર્ગ છે. જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય, સર્વાર્થસિદ્ધિનો ભવ મળે તે ભાવ સંસારમાર્ગ છે, તે ભલો માર્ગ નથી.

કોઈ કહે કે ભગવાનને પણ 'સવિ જીવ કરું શાસન રસી, એવી ભાવ દયા મન ઉલ્લસી' આ ભાવ ઊઠ્યો હતો ને ? **સમાધાન** : ભગવાનને ભાન હતું કે રાગ તે ઝેર છે. અંતરમાં ઠરવું તે ઉત્તમમાર્ગ છે, રાગ ઉત્તમમાર્ગ નથી. વળી કોઈ કહે કે આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ન હોય પણ રાગનો ઘટાડો કરે તેને થોડો સારો માર્ગ તો કહો ? ના, તે બિલકુલ સારો નથી, તે ઝેર છે. વળી જે જીવ ત્રણ લોકના નાથ પાસે શાંતિ શોધવા જાય તે પોતાને નમાલો જાહેર કરે છે. હું જ્ઞાનમાં સ્થિર થાઉં તો સુખી થાઉં એ સ્વતંત્રતાની જાહેરાત છે. વર્તમાન સ્વરાજ્યને લોકો સ્વતંત્રતા કહે છે પણ ખરેખર તો તે પરતંત્રતા છે.

અહીં કહ્યું કે દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર તે જ ઉત્તમમાર્ગ છે, સંસારમાર્ગ ઉત્તમ નથી.

(૬) જે મોક્ષમાર્ગ છે તે નિકટ સંસારી જીવોને થાય છે, અભવ્ય કે દુર્ભવીને થતો નથી. ''જે ભવ્ય જીવો છે તેને મોક્ષમાર્ગ હોય છે. ચિદાનંદ સ્વભાવ જેને રુચ્યો છે તે ભવ્ય છે, જેને પુણ્યની રુચિ છે, વ્યવહારની ને નિમિત્તની રુચિ છે તેને સ્વભાવની રુચિ નથી. તે મોક્ષમાર્ગને યોગ્ય નથી.''

ચક્રવર્તીને પુણ્યના ઢગલા હોય છે છતાં તેને આત્માનું ભાન હોય છે. જેટલો રાગ વર્તે છે તેને ઝેર સમજે છે, અંતર સ્વભાવમાં ઠરવું તેને મોક્ષમાર્ગ માને છે. અહીં કહ્યું કે ભવ્ય જીવોને મોક્ષમાર્ગ હોય છે ને અભવ્ય જીવોને મોક્ષમાર્ગ હોતો નથી.

(૭) ''જેને ભેદવિજ્ઞાન છે તેવા ભવ્યજીવોને જ થાય છે. સ્વ-પર જ્ઞાનશૂન્ય અજ્ઞાનીને થતો નથી.'' પહેલા બોલમાં સમ્યગ્દર્શન ને જ્ઞાન એમ બે સાથે વાત કરી હતી. અહીં એકલા જ્ઞાનને જુદું પાડીને વાત કરે છે. જેને સ્વસંવેદન જ્ઞાન પ્રગટે છે તેને મોક્ષમાર્ગ હોય છે. વિષયકષાયમાં મીઠાશ છે તેને મોક્ષમાર્ગ હોતો નથી. અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરે છે. પરમાણુ એક એક મારાથી જુદો છે. આ રજકણને મારો આધાર નથી, એનો મને આધાર નથી–એમ પરથી વિરક્ત છે એવા ભેદજ્ઞાની જીવને મોક્ષમાર્ગ હોય છે. પણ જે જીવ સ્વ ને પરનો ખીચડો કરે છે ને શરીર તથા પુણ્ય સાથે એકત્વબુદ્ધિ કરે છે તે સ્વ-પર જ્ઞાનશૂન્ય છે, તેને કદાપિ મોક્ષમાર્ગ પ્રગટતો નથી.

પૂર્વે ગમે તેટલી ઊંધી માન્યતા કરી હોય પણ એક ક્ષણમાં તે માન્યતાને જીવ ફેરવી શકે છે. સંયોગો, નિમિત્તો, રાગ વગેરે કૃત્રિમ પદાર્થોનો અજ્ઞાનીને વિશ્વાસ આવે છે. એક મોટો લાડવો આ નાના સાંકડા ગળામાં ઊતરી જશે–અંદરમાં પચી જશે–એમ વિશ્વાસ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગળું કેટલું પહોળું છે તે જોયું નથી છતાં તેનો વિશ્વાસ આવે. એ પ્રમાણે અનેક પદાર્થોનો વિશ્વાસ આવે પણ હું આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું, પરથી ને પુણ્યથી જુદો છું, મારા આશ્રયે શાંતિ ને ધર્મ છે, એવો વિશ્વાસ આવતો નથી. આવી રીતે જેને સ્વ-પર ભેદ વિજ્ઞાન હોતું નથી તેને મોક્ષમાર્ગ થતો નથી. ને તેને ચારિત્ર-તપ હોતાં નથી ને જેને પરથી ભેદવિજ્ઞાન થયું છે તેવા જીવને ચારિત્ર હોય છે, બીજાને હોતું નથી.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-0)), ગુરુવાર]

આ મોક્ષમાર્ગ અધિકાર છે, મોક્ષરૂપી નગરીમાં જવાનો રસ્તો છે. તે વીતરાગી દશાનો પંથ તે ચારિત્ર છે. ચારિત્ર વિના મોક્ષમાર્ગ હોઈ શકે નહિ.

ગઈ કાલે સાત બોલ કહેવાણા છે.

(૧) જેને સમ્યક્દર્શન–જ્ઞાન હોય તેને ચારિત્ર હોય છે.

કોઈ કહે કે કંચન, કામિની ને કુટુંબ છોડે તેને ચારિત્ર હોય છે ને ?

**સમાધાન** : પરને છોડી શકું છું એ માન્યતા અજ્ઞાની છે, તેવા જીવને ચારિત્ર હોતું નથી. નિજ ક્ષેત્રમાં નિજ પર્યાયમાં અજ્ઞાનથી રાગ–દ્વેષની પરિણતિ થઈ રહી છે તેનો ત્યાગ તે ચારિત્ર છે. તે ક્યારે પ્રગટે ? ત્રિકાળી ચૈતન્ય સ્વભાવમાં વિકાર નથી એમ અંતર દ્રષ્ટિનું જ્ઞાન ને લીનતા થતાં ચારિત્ર પ્રગટે છે. કંચન, કામિની ને કુટુંબ નિજ પર્યાયમાં કેદિવસે પેઠાં હતાં કે તેનો ત્યાગ કરવો ? તે તો કદી પેઠાં નથી. શરીર, મન, વાણી વગેરે પદાર્થો તો કદી આત્માએ ધારી રાખ્યા નથી. ભાઈ, તારો ધર્મ તારી અંતર દશામાં છે, બહારમાં નથી. બીજાના પરિચયે ને સ્વભાવના અપરિચયે શાંતિ મળે નહિ તેમજ પુણ્ય-પાપના પરિચયે શાંતિ મળે નહિ, પુણ્ય-પાપરહિત શુદ્ધ સ્વભાવના આશ્રયે શાંતિ ને ધર્મ છે એમ પ્રથમ શ્રદ્ધા-જ્ઞાન હોય તેને ચારિત્ર હોય છે, બીજાને ચારિત્ર હોતું નથી.

(૨) જે અંતર પરિચય કરી જ્ઞાનસ્વભાવનો પત્તો મેળવીને એમાં લીન થાય તેને ચારિત્ર કહે છે, બાકી મિથ્યાચારિત્ર છે.

(૩) જે ચારિત્ર છે તે સમતાભાવ સહિત હોય છે. પરનું ગ્રહણત્યાગ તો છે જ નહિ પણ સ્વભાવને ગ્રહું ને રાગને છોડું એવા વિકલ્પ પણ સ્વભાવમાં નથી. ચિદાનંદ સ્વભાવનો પત્તો મેળવી અંતર સમતારસ પ્રગટે તેને ચારિત્ર કહે છે. જેટલી વૃત્તિઓ ઊઠે છે તે પુણ્યનું કારણ છે. સંકલેશ છે. તે બંધનનું કારણ છે.

(૪) જે સકળ કર્મનો ક્ષય કરી મોક્ષ પમાડે તે ચારિત્ર છે. જેનાથી કર્મનું બંધન થાય તે ચારિત્ર નથી.

(૫) જ્ઞાન-દર્શન યુક્ત ચારિત્ર તે જ ઉત્તમ માર્ગ છે. વિભાવમાં ટકવું તે ઉત્તમ માર્ગ નથી–અચારિત્ર છે.

(૬) ભવ્ય જીવોને ચિદાનંદ સ્વભાવનું ભાન થાય છે, અભવીને ભાન થતું નથી. અજ્ઞાની જીવોને દુનિયાના કામનો વિશ્વાસ આવે, દીકરાનો વિશ્વાસ આવે, દયા-દાનાદિ પરિણામ થાય તેનો વિશ્વાસ આવે પણ તે તો બધાં મરી ગયેલાં મડદાં સમાન છે. તેનો ભરોસો કરે પણ શુદ્ધ જાગતી જ્યોત ચિદાનંદ સ્વભાવનો ભરોસો કરતો નથી. તેવા અભવ્યજીવોને મોક્ષમાર્ગ કદી હોતો નથી.

(૭) જેને ભેદ વિજ્ઞાન છે તેવા ભવ્ય જીવોને ચારિત્ર પ્રગટે છે. જેને ભેદ વિજ્ઞાન નથી તેને ચારિત્ર પ્રગટતું નથી. કોઈ જીવ કુટુંબાદિના ત્યાગથી ધર્મ માને છે. પણ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો તેનાથી જુદો છે. વળી જો તેના ત્યાગથી ધર્મ હોય તો કીડી, કાગડા ને ઝાડની પાસે કંચન, કામિની, કુટુંબ કાંઈપણ નથી તો તેને ઘણો ધર્મ થવો જોઈએ. જે જેનામાં ન હોય તેનો ત્યાગ કરી શકે નહિ. જે જેનામાં હોય તેનો ત્યાગ કરી શકે છે. કુટુંબાદિ આત્મામાં નથી માટે તેનો ત્યાગ આત્મા કરી શકતો નથી પણ રાગદ્વેષાદિ પર્યાયમાં થાય છે તેનો ત્યાગ કરી શકે છે, તે પણ ઉપચાર માત્ર છે. વિકાર વિનાના શુદ્ધ સ્વભાવમાં લીનતા કરવાથી રાગ ઉત્પન્ન થતો નથી. તેણે રાગનો ત્યાગ કર્યો એમ કહેવાય છે. આમ પરપદાર્થો ને વિકારથી આત્મા જુદો છે, એવું ભેદજ્ઞાન નથી તેને ધર્મ થતો નથી.

વળી કોઈ કહે છે કે માનવધર્મનું પાલન કરો, માનવધર્મ આત્માનો કહેવો કે શરીરનો ? આત્માનો માનવધર્મ તો શુદ્ધ આત્માનું ભાન થવું તે છે ને શરીરનો ધર્મ તે જડનો ધર્મ છે, તેનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે અંશો તેના કારણે થાય છે તે તેનો ધર્મ છે. શરીરની ક્રિયા કરવી તે આત્માના અધિકારની વાત નથી.

હું માનવ નથી. શરીર, મન, વાણી હું નથી. પુણ્ય-પાપના ભાવ તે ક્ષણિક વિકાર છે. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એમ પરથી જુદાનું ભાન થઈને જુદાઈના રસ્તે પૂર્ણ જુદા થવું તે મોક્ષ છે.

બીજા વેપારીના પૈસા હું દાનમાં આપું છું એમ કોઈ કહે તો તેને બીજાના પૈસા દાનમાં આપવાનો શો અધિકાર છે ? કુટુંબ, કામિની, કંચન તો બીજાની ચીજ છે. જડની ચીજ છે તે તારી ક્યાં હતી કે તું એને છોડે છે એમ કહે છે ? તે તો ત્રણે કાળ છૂટેલી જ પડી છે. આત્મા પરના ત્યાગસ્વરૂપ જ છે. પરનો અભાવ છે છતાં તેનો અભાવ કરું છું એમ માનવું એ જ મિથ્યાત્વ છે. મિથ્યાભ્રાંતિ, અજ્ઞાન ને રાગ–દ્વેષનો ત્યાગ થઈ શકે છે. સ્વભાવના ભાનપૂર્વક તે રાગાદિ ઉત્પન્ન થતા નથી. આમ જેને ભેદ વિજ્ઞાન છે તેને ચારિત્ર છે, તે વિના ચારિત્ર નથી, ભેદજ્ઞાન વિના વ્રતાદિ બધું મિથ્યા છે.

(૮) અહીં મોક્ષમાર્ગની ઉત્કૃષ્ટતા બતાવે છે તે બારમે ગુણસ્થાને હોય છે. જ્યાં ચારિત્રદશા પૂર્ણ નિર્મળ થાય છે, ત્યાં મહાવ્રતાદિનો વિકલ્પ પણ હોતો નથી. જ્યાં કષાય હોય છે ત્યાં ચારિત્ર હોતું નથી. અત્યારે જૈનના નામે બહુ ફેરફાર થઈ ગયો છે. વસ્ત્રાદિ લેવાનો રાગ કેવળજ્ઞાનીને હોઈ શકે નહિ. છઠ્ઠે ગુણસ્થાને મુનિને પણ વસ્ત્રનો રાગ હોતો નથી તો પછી કેવળી ભગવાનને વસ્ત્રાદિ લેવાનો રાગ વર્તે તે ન્યાયથી વિરુદ્ધ છે. ભરત મહારાજાને પ્રથમ ભેદ વિજ્ઞાન હતું, સંસારદશામાં જરા રાગ થતો, પછી વૈરાગ્ય થયો. અહો ! હવે દીક્ષિત થવું છે, વસ્ત્ર, દાગીના છૂટી ગયાં ને શરીરની નગ્ન દશા થઈ ગઈ ને બે ઘડી ધ્યાનમાં રહી ચારિત્ર પ્રગટાવી કેવળદશાને પામ્યા. બાહ્ય ત્યાગ ને નગ્ન દશા તે ચારિત્ર નથી પણ આત્મસ્વભાવની લીનતા વધે છે ત્યારે બાહ્યમાં નગ્નદશા હોય છે. ને જ્યાં નગ્નદશા ન હોય ત્યાં ચારિત્ર હોતું નથી, વસ્ત્ર રાખીને ચારિત્રદશા થાય નહિ. ને ચારિત્ર વિના કેવળજ્ઞાન થાય નહિ. મુનિને માત્ર મોરપીંછી ને કમંડલ હોય છે, બીજું કાંઈ હોતું નથી, ભરતને ભાન તો હતું. પછી આખી દુનિયાથી ઉદાસ થઈ એકલા સ્વભાવનું અવલંબન લીધું, બહાર નગ્નદશા હતી ને અંદર લૂખી (વીતરાગી) દશા હતી તે વધીને કેવળજ્ઞાન પામ્યા, આ એક જ મોક્ષમાર્ગ છે. ગમે તે ભવે માને તો આ જ ઉપાય છે, **આ પ્રમાણે** મોક્ષ સાધનનો ઉપાય આઠ પ્રકારે કહ્યો. ૧૦૬.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सम्मत्तं सद्दहणं भावाणं तेसिमधिगमो णाणं ।**
**चारित्तं समभावो विसयेसु विरूढमग्गाणं ॥ १०७ ॥**
**सम्यक्त्वं श्रद्धानं भावानां तेषामधिगमो ज्ञानम् ।**
**चारित्रं समभावो विषयेषु विरूढमार्गाणाम् ॥ १०७ ॥**
**'ભાવો' તણી શ્રદ્ધા સુદર્શન, બોધ તેનો જ્ઞાન છે,**
**વધુ રૂઢ માર્ગ થતાં વિષયમાં સામ્ય તે ચારિત્ર છે. १०७.**

**અન્વયાર્થ** : [भावानां] ભાવોનું (-નવ પદાર્થોનું) [श्रद्धानं] શ્રદ્ધાન [सम्यक्त्वं] તે સમ્યક્ત્વ છે; [तेषाम् अधिगमः] તેમનો અવબોધ [ज्ञानम्] તે જ્ઞાન છે; [विरूढमार्गाणाम्] (નિજ તત્ત્વમાં) જેમનો માર્ગ વિશેષ રૂઢ થયો છે તેમને [विषयेषु] વિષયો પ્રત્યે વર્તતો [समभावः] સમભાવ [चारित्रम्] તે ચારિત્ર છે.

---

**तात्पर्यवृत्ति** : अथ व्यवहारसम्यग्दर्शनं कथ्यते :-

**एवं जिणपण्णत्ते सद्दहमाणस्स भावदो भावे ।**
**पुरिसस्साभिणिबोधे दंसणसद्दो हवदि जुत्ते ॥ १ ॥**

एवं पूर्वोक्तप्रकारेण **जिणपण्णत्ते** जिनप्रज्ञप्तान् । वीतरागसर्वज्ञप्रणीतान् **सद्दहमाणस्स** श्रद्दधतः **भावदो** रुचिरूपपरिणामतः । कान् ? कर्मतापन्नान् । **भावे** त्रिलोकत्रिकालविषयसमस्तपदार्थगतसामान्य-विशेषस्वरूपपरिच्छित्तिसमर्थकेवलदर्शनज्ञानलक्षणात्मद्रव्यप्रभृतीन् समस्तभावान् पदार्थान् । कस्य ? **पुरिसस्स** पुरुषस्य भव्यजीवस्य । कस्मिन् सति ? **आभिणिबोधे** आभिनिबोधे मतिज्ञाने सति मतिपूर्वकश्रुतज्ञाने वा । **दंसणसद्दे** दार्शनिकोयं पुरुष इति शब्दः **हवदि** भवति । कथंभूतो भवति ? **जुत्तो** युक्त उचित इति । अत्र सूत्रे यद्यपि क्वापि निर्विकल्पसमाधिकाले निर्विकारशुद्धात्मरुचिरूपं निश्चयसम्यक्त्वं स्पृशति तथापि प्रचुरेण बहिरंगपदार्थरुचिरूपं यद्व्यवहारसम्यक्त्वं तस्यैव तत्र मुख्यता । कस्मात् ? विवक्षितो मुख्य इति वचनात् । तदपि कस्मात् ? व्यवहारमोक्षमार्गव्याख्यानप्रस्तावादिति भावार्थः ॥ १ ॥ अथ सम्यग्दर्शनज्ञानचारित्रत्रयस्य विशेषविवरणं करोति, – सम्यक्त्वं भवति । किं कर्तृ ? **सद्दहणं** मिथ्यात्वोदयजनितविपरीताभिनिवेशरहितं श्रद्धानं । केषां संबन्धि । भावाणं पंचास्तिकायषड्द्रव्यविकल्परूपं जीवाजीवद्वयं जीवपुद्गलसंयोगपरिणामोत्पन्नास्रवादिपदार्थसप्तकं चेत्युक्तलक्षणानां भावानां जीवादिनव-पदार्थानां । इदं तु नवपदार्थविषयभूतं व्यवहारसम्यक्त्वं । किंविशिष्टं ? शुद्धजीवास्तिकायरुचिरूपस्य निश्चयसम्यक्त्वस्य छद्मस्थावस्थायां साधकत्वेन बीजभूतं तदेव निश्चयसम्यक्त्वं क्षायिकसम्यक्त्वबीजभूतं । **तेसिम्** – तेषाम् नवपदार्थानामधिगमो नौयानसंस्काररूपविपरीतात् अनभिनिवेशगतिरधिगमः संशयादि-रहिताऽवबोधः । **णाणं** सम्यग्ज्ञानं इदं तु नवपदार्थविषयव्यवहारज्ञानं छद्मस्थावस्थायाम् आत्म-विषयस्वसंवेदनज्ञानस्य परंपरया बीजं, तदपि स्वसंवेदनज्ञानं केवलज्ञानबीजं भवति । **चारित्तं** चारित्रं भवति । स कः ? **समभावो** समभावः । केषु ? विषयेषु इन्द्रियमनोगतसुखदुःखोत्पत्तिरूपशुभाशुभ-विषयेषु । केषां भवति ? **विरूढमग्गाणं** पूर्वोक्तसम्यक्त्वज्ञानबलेन समस्तान्यमार्गेभ्यः प्रच्युत्य विशेषेण रूढमार्गाणां विरूढमार्गाणां परिज्ञातमोक्षमार्गाणां । इदं तु व्यवहारचारित्रं बहिरंगसाधकत्वेन वीतराग-चारित्रभावनोत्पन्नपरमात्मतृप्तिरूपस्य निश्चयसुखस्य बीजं तदपि निश्चयसुखं पुनरक्षयानंतसुखस्य बीजमिति । अत्र यद्यपि साध्यसाधकभावज्ञापनार्थं निश्चयव्यवहारद्वयं व्याख्यातं तथापि नवपदार्थविषयरूपस्य व्यवहारमोक्षमार्गस्यैव मुख्यत्वमिति भावार्थः ॥ १०७ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समयव्याख्या :** सम्यग्दर्शनज्ञानचारित्राणां सूचनेयम् । भावाः खलु कालकलितपञ्चास्तिकाय-विकल्परूपा नव पदार्थाः । तेषां मिथ्यादर्शनोदयापादिताश्रद्धानाभावस्वभावं भावांतरं श्रद्धानं सम्यग्दर्शनं, शुद्धचैतन्यरूपात्मतत्त्वविनिश्चयबीजम् । तेषामेव मिथ्यादर्शनोदयान्नौयानसंस्कारादि* स्वरूपविपर्ययेणा-ध्यवसीयमानानां तन्निवृत्तौ समञ्जसाध्यवसायः सम्यग्ज्ञानं, मनाग्ज्ञानचेतनाप्रधानात्मतत्त्वोपलंभ बीजम् । सम्यग्दर्शनज्ञानसन्निधानादमार्गेभ्यः समग्रेभ्यः परिच्युत्य स्वतत्त्वे विशेषेण रूढमार्गाणां सतामिन्द्रियानिन्द्रिय-विषयभूतेष्वर्थेषु रागद्वेषपूर्वकविकाराभावान्निर्विकारावबोधस्वभावः समभावश्चारित्रं, तदात्वायतिरमणीय-मनणीयसोऽपुनर्भवसौख्यस्यैकबीजम् । इत्येष त्रिलक्षणो मोक्षमार्गः पुरस्तान्निश्चयव्यवहाराभ्यां व्याख्यास्यते । इह तु सम्यग्दर्शनज्ञानयोर्विषयभूतानां नवपदार्थानामुपोद्घातहेतुत्वेन सूचित इति ॥ १०७ ॥

* અહીં 'संस्कारादि'ને બદલે 'संस्कारादिव' હોવું જોઈએ, એવું લાગે છે.

**અનુવાદ :** આ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સૂચના છે.

કાળ સહિત પંચાસ્તિકાયના ભેદરૂપ નવ પદાર્થો તે ખરેખર 'ભાવો' છે. તે 'ભાવો'નું મિથ્યાદર્શનના ઉદયથી પ્રાપ્ત થતું જે અશ્રદ્ધાન તેના અભાવસ્વભાવવાળો જે ભાવાંતર–શ્રદ્ધાન (અર્થાત્ નવ પદાર્થોનું શ્રદ્ધાન), તે સમ્યગ્દર્શન છે–કે જે (સમ્યગ્દર્શન) શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વના વિનિશ્ચયનું બીજ છે. નૌકાગમનના સંસ્કારની માફક મિથ્યાદર્શનના ઉદયને લીધે જેઓ સ્વરૂપવિપર્યયપૂર્વક અધ્યવસિત થાય છે (અર્થાત્ વિપરીત સ્વરૂપે સમજાય છે–ભાસે છે) એવા તે 'ભાવો'નો જ (-નવ પદાર્થોનો જ), મિથ્યાદર્શનના ઉદયની નિવૃત્તિ હોતાં, જે સમ્યક્ અધ્યવસાય (સત્ય સમજણ, યથાર્થ અવભાસ, સાચો અવબોધ) થવો, તે સમ્યગ્જ્ઞાન છે–કે જે (સમ્યગ્જ્ઞાન) કાંઈક અંશે જ્ઞાનચેતનાપ્રધાન આત્મતત્ત્વની ઉપલબ્ધિનું (અનુભૂતિનું) બીજ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સદ્ભાવને લીધે સમસ્ત અમાર્ગોથી છૂટીને જેઓ સ્વતત્ત્વમાં વિશેષપણે રૂઢ માર્ગવાળા થયા છે તેમને ઈંદ્રિય અને મનના વિષયભૂત પદાર્થો પ્રત્યે રાગ–દ્વેષપૂર્વક વિકારના અભાવને લીધે જે નિર્વિકારજ્ઞાનસ્વભાવવાળો સમભાવ હોય છે, તે ચારિત્ર છે–કે જે (ચારિત્ર) તે કાળે અને આગામી કાળે રમણીય છે અને અપુનર્ભવના (મોક્ષના) મહા સૌખ્યનું એક બીજ છે.

–આવા આ ત્રિલક્ષણ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક) મોક્ષમાર્ગનું આગળ નિશ્ચય અને વ્યવહારથી વ્યાખ્યાન કરવામાં આવશે. અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થોના ઉપોદ્ઘાતના હેતુ તરીકે તેનું સૂચન કરવામાં આવ્યું છે. ૧૦૭.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-0)), ગુરુવાર]

[હવે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સ્વરૂપ કહે છે.]

ભગવાને છ દ્રવ્યો વર્ણવ્યાં છે તેની પ્રતીતિ કરવી તે વ્યવહારશ્રદ્ધા છે. કેસર લેવા માટે કાણાંવાળો કોથળો કામ આવતો નથી પણ ટીનનો ડબો કામ આવે. તેમ આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે તેની પ્રતીતિ માટે છ દ્રવ્યો આદિની પ્રતીતિરૂપ વ્યવહાર-સમકિત તે બારદાન છે. વ્યવહારશ્રદ્ધા ખોટી હોય ને સમ્યગ્દર્શન પ્રગટી જાય તેમ બનતું નથી. સાચી વ્યવહારશ્રદ્ધા વિના નિશ્ચય સમકિત હોય નહિ ને વ્યવહારનો અભાવ કર્યા વિના નિશ્ચય સમકિત પ્રગટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ એમ બન્ને વાત સમજવી જોઈએ.

પંચાસ્તિકાય ગાથા ૨૬–સમયવ્યાખ્યામાં કહ્યું છે કે ખરતર દૃષ્ટિવાળાએ = સૂક્ષ્મદૃષ્ટિવાળાએ કાળ સહિત પાંચ અસ્તિકાયને સ્વીકારવા જોઈએ. જે કાળને સ્વીકારતા નથી તે શાસ્ત્ર જૈનશાસ્ત્ર નથી, તે બાર અંગને અનુસરી લખાણું નથી માટે છ દ્રવ્યોને જેમ છે તેમ યથાર્થ-સ્વતંત્ર સમજવાં જોઈએ.

પાંચ અસ્તિકાય છે. જેમ આ શરીરના પરમાણુ ઘણા છે તેમ આત્મા વગેરેને અનેક પ્રદેશો છે તે તેની કાયા છે. આત્મા, ધર્મ ને અધર્મ દ્રવ્ય અસંખ્યપ્રદેશી છે. આકાશ અનંતપ્રદેશી છે. પુદ્‌ગલ સ્કંધો બેથી લઈને અનંતપ્રદેશી છે, આમ પાંચ અસ્તિકાયની પ્રતીતિ તે વ્યવહાર સમકિત છે.

વળી નવ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. સમયસાર ગાથા ૧૩માં નવેની વાત આવી ગઈ છે. શુદ્ધ જીવસ્વભાવને જીવ માને, શરીર, કર્મ વગેરેને અજીવ માને. જીવને લીધે અજીવની ક્રિયા નથી ને અજીવની ક્રિયાથી જીવમાં કાંઈ થતું નથી એમ માને. દયાદાનાદિને પુણ્ય માને, હિંસા, જૂઠું આદિને પાપ માને, બન્નેને આસ્રવ માને. તેમાં અટકવું તેને બંધ માને. શુદ્ધ આત્માને આશ્રયે નિર્મળતા થાય તેને સંવર માને. નિર્મળતાની વૃદ્ધિ થાય તેને નિર્જરા માને, સંપૂર્ણ નિર્મળતાને મોક્ષ માને, આ પ્રમાણે રાગ સહિત નવતત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. એકલા શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જુદો માની અંતર શ્રદ્ધા કરવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

જીવથી અજીવની ક્રિયા થાય એમ માને તો જીવ ને અજીવ બે જુદાં રહેતાં નથી. પુણ્યથી ધર્મ માને તો આસ્રવ ને સંવર એક થઈ જાય છે. શુદ્ધ જીવમાંથી શુભ આવે એમ માને તો જીવ ને પુણ્ય એક થઈ જાય છે. આમ જેને નવ તત્ત્વની વ્યવહારશ્રદ્ધાના પણ ઠેકાણાં નથી તેને નિશ્ચય સમ્યગ્દર્શન કદી પણ હોતું નથી, પૈસાથી સુખ માને તેણે જીવ અને અજીવને એક માન્યા. ધર્મ કરતાં ભવ મળે એમ માનનાર સંવર અને આસ્રવને એક માને છે. આમ નવને નવ પૃથક્ જાણે નહિ તેને કદી ધર્મ થતો નથી.

અહીં તો કહે છે કે છ દ્રવ્યો, પાંચ અસ્તિકાય ને નવ તત્ત્વો જેમ છે તેમ રાગ સહિત માને તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. તે પણ વ્યવહાર ક્યારે કહેવાય ? વ્યવહારનો વિકલ્પ ઊઠે છે તે હું નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું એમ પોતાના આત્માની રાગરહિત પ્રતીતિ કરે ને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે તો પૂર્વના નવતત્ત્વાદિના વિકલ્પને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. અધૂરી દશામાં તત્ત્વોના વિકલ્પનો રાગ આવ્યા વિના રહેતો નથી છતાં રાગ તે સમ્યગ્દર્શન નથી. રાગરહિત પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તે જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શન હોય છે ત્યાં આવી વ્યવહારશ્રદ્ધા હોય છે તેથી અહીં નિશ્ચય વ્યવહાર બન્ને વાત કહેલ છે.

''તે જ પદાર્થોનું જે યથાર્થ અનુભવન તે સમ્યગ્જ્ઞાન છે.'' શુદ્ધ આત્માના અવલંબને જે જ્ઞાન પ્રગટે છે તે સમ્યગ્જ્ઞાન છે. ત્યારે છ દ્રવ્યો જુદાં જુદાં છે, નવ તત્ત્વો છે ઈત્યાદિનું વ્યવહારજ્ઞાન હોય છે. જે જીવ શરીરની ક્રિયાથી ધર્મ માને, આત્માથી શરીર ચાલે તેમ માને તેને ધર્મદશામાં નિમિત્ત કોણ હોય છે તેની ખબર નથી. જેને ધર્મ કરવો હોય તેને છ દ્રવ્યોનું તથા નવ તત્ત્વોનું જ્ઞાન વિકલ્પ દ્વારા યથાર્થ રીતે હોવું જોઈએ. વ્યવહાર જ્ઞાન ખોટું હોય તેને ધર્મ થતો નથી.

હવે ચારિત્રની વાત કરે છે. ''પાંચ ઈંદ્રિયોના વિષયોમાં જેણે અતિ દૃઢતાથી પ્રવૃત્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરી નથી એવા ભેદ વિજ્ઞાની જીવોનો જે રાગ–દ્વેષરહિત શાંતસ્વભાવ તે સમ્યક્ ચારિત્ર છે.''

પાંચ ઇન્દ્રિયો તથા તેના વિષયો, ભાવેન્દ્રિય ને ત્રિકાળી શુદ્ધઆત્મા એમ ત્રણે વચ્ચે જેને ભેદજ્ઞાન વર્તે છે તેને ચારિત્ર હોય છે. તે વિના ચારિત્ર હોતું નથી. અંતર સ્થિરતા તે ચારિત્ર છે. આ મારા પરિચયવાળા છે કે અપરિચયવાળા છે એવો વિકલ્પ જેને ઊઠતો નથી પણ સ્વરૂપમાં ઠરી જાય છે તેને ચારિત્ર હોય છે. સંસારમાં અપરિચયવાળો માણસ આદર ન કરે તો જીવને કાંઈ ન થાય પણ પરિચિત માણસ યથાયોગ્ય આદર ન કરે તો ખદબદાટ થાય. અહીં કહે છે કે આત્માને કોઈની સાથે પરિચય નથી, બહારના અપરિચયી કે પરિચયી બન્ને સાથે ઉપેક્ષાભાવ વર્તે છે. આત્મામાં બધાનો અભાવ છે. મારે તો મારા પોતાના જ્ઞાનદર્શનાદિ ગુણો સાથે પરિચય છે એમ સમજી, અંતરમાં ઠરવું તે ચારિત્ર છે, ગમે તે જીવ હો, પ્રશંસા કરે કે નિંદા કરે, જાણીતું મકાન હોય કે ખેતર હોય, મારે કાંઈ સંબંધ નથી, અજ્ઞાનદશામાં રાગ–દ્વેષાદિ કરતો હતો તે સ્વભાવનો પરિચય કરી અંદર ઉદાસીન થઈ સ્વભાવની દ્રઢતા વધી ગઈ. સમ્યગ્દ્રષ્ટિને હજી આસક્તિ હોય છે. અહીં તો તે આસક્તિને પણ સ્વભાવના અવલંબનથી તોડી નાખે તે ચારિત્ર છે.

અજ્ઞાની જીવોને મનમાં થાય છે કે આ દીકરાને કે આ મારા જનાવરોને આખી જિંદગી પુષ્ટિ આપી મોટા કર્યા હતા ને હવે આ મારી વિરુદ્ધ કેમ વર્તે છે ? તો તેને કહે છે કે ભાઈ, તેં કોઈ જીવને પુષ્ટિ આપી નથી, તારા ભાવમાં વિકારને પુષ્ટિ આપી છે. તે વિકાર પણ તારું તત્ત્વ નથી. વિકાર રહિત શાંત સ્વભાવમાં ઠરે તો શાંતિ થાય તેમ છે.

આ જીવ મારો આદર કરે છે ને આ મારો આદર કરતો નથી એમ જે માને છે તેને દ્રષ્ટિમાં પદાર્થોમાં જ્ઞેયો તરીકે રહેતા નથી, તે જીવ પરદ્રવ્યોમાં ઘાલમેલ કરે છે. વળી જે જીવો બૈરાં-છોકરાંને છોડવાથી સંસાર છૂટે છે એમ માને છે તેને વસ્તુની ખબર નથી. છ માસના બાળકને પેટમાં દુખતું હોય તો ક્યાં દુખે છે ને તે કેવી રીતે મટશે તે બાળકને ખબર પડતી નથી તેમ અજ્ઞાની જીવને સંસાર ક્યાં રહેતો હશે ને ક્યાંથી છોડવો તે ખબર પડતી નથી. બૈરાં-છોકરાં આત્મામાં પેસી ગયાં નથી કે તેને છોડવાપણું રહે. તે તો ત્રણે કાળ છૂટાં પડેલાં છે. આત્મા શુદ્ધ-ચિદાનંદ જુદો છે એવું ભાન થયા વિના ચારિત્ર હોઈ શકે નહિ. જે પર્યાયે શુદ્ધ આત્માને વિષય કર્યો છે ને પર વિષયોની તથા કુટુંબાદિની ઉપેક્ષા કરી છે ને સ્વભાવમાં ઠર્યો છે તે ચારિત્ર છે. આત્મા રાગરહિત છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરી અંતર શાંત સ્વરૂપમાં ઠરવું તે ચારિત્ર છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧, શુક્રવાર]

**ભાવાર્થ** : જીવોને અનાદિ અવિદ્યાના પ્રભાવથી પદાર્થોની વિપરીત શ્રદ્ધા છે. પોતાનો આત્મા શુદ્ધ ને આનંદસ્વરૂપ છે એમ નહીં માનતાં મારા જ્ઞાન ને આનંદ પરમાંથી આવતા હશે ને પર પદાર્થો મારે લીધે નભતા હશે તેવી માન્યતા તે મિથ્યા દર્શન છે. શરીર, મન, વાણી પૃથક્ હોવા છતાં તેની મદદથી મને શાંતિ છે એમ માનવું તે અજ્ઞાન છે. અનાદિથી અજ્ઞાની જીવને આવી વિપરીત શ્રદ્ધા છે.

કાળલબ્ધિના પ્રભાવથી મિથ્યાત્વ નષ્ટ થાય છે ત્યારે પદાર્થોની યથાર્થ પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. કાળલબ્ધિનો અર્થ સ્વપર્યાયનો પુરુષાર્થ પોતે જ્ઞાનાનંદસ્વભાવી છે તેવી રુચિ થવી ને વર્તમાન દશામાં સ્વભાવ પ્રગટ કરવાની યોગ્યતા તેને કાળલબ્ધિ કહે છે, પોતાના સ્વભાવની પ્રતીતિ હોય છે, તેને નવ પદાર્થોની યથાર્થ પ્રતીતિ હોય છે, જીવને જીવ જાણે, જડને જડ જાણે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય-પાપને વિકાર જાણે, ત્રિકાળી સ્વભાવને શુદ્ધ જાણે તેને યથાર્થ પ્રતીતિ છે.

અજ્ઞાની જીવને પરનો મહિમા આવે છે. છોકરાનાં લગ્ન થાય તેનો મહિમા આવે, દાગીનાનો મહિમા આવે, પૈસાનો મહિમા આવે એ બધો અજ્ઞાનભાવ છે. પૂર્વનાં પુણ્ય બળી જાય છે ત્યારે પૈસા મળે છે. જીવ તેમાં હરખાય છે. આવા સંયોગો અનંત વાર મળ્યા છે તેમાં નવાઈ નથી. વળી કોઈને દયાદાનાદિના શુભ ભાવનું માહાત્મ્ય આવે છે. આમ પરને વિકારનું માહાત્મ્ય આવવું તે અજ્ઞાન છે. પોતાના શુદ્ધ આત્માનું માહાત્મ્ય આવતું નથી તેથી જીવ રખડે છે.

વળી જીવ પોતાની પર્યાયમાં પુરુષાર્થ ઉપાડે છે ત્યારે મિથ્યાત્વ નષ્ટ થાય છે ને જીવને જીવ જાણે, અજીવને અજીવ જાણે એમ નવ પદાર્થોને પૃથક્ પૃથક્ જાણે તેમાં શુદ્ધ આત્માની પ્રતીતિ આવી જાય છે. તેનું નામ સમ્યગ્દર્શન છે. તે બીજભૂત છે તેમાંથી કેવળજ્ઞાન પ્રગટે છે. આંબા માટે આંબાનું બીજ વાવવું જોઈએ, આકોલિયાનું ન ચાલે. તેમ પુણ્ય-પાપની રુચિ કરે ને સંસારમાંથી રખડવું મટે તેમ બને નહિ. શુદ્ધ ચૈતન્ય સૂર્ય સ્વભાવી આત્મા છે તેની શ્રદ્ધા કરવી તે બીજભૂત છે, તેમાંથી કેવળજ્ઞાન પ્રગટે છે. નવ પદાર્થોની યથાર્થ પ્રતીતમાં આત્માની પ્રતીત આવી જાય છે. જેનાથી સ્વભાવનું માન આવે અને પરનું માન ગળી જાય તે માન સ્તંભ છે. આત્મા મોટો ભાવ માન સ્તંભ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી છે ને બીજારૂપે નથી. એવી નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે ને તે કેવળજ્ઞાનનું બીજ છે. હવે જ્ઞાનની વાત કરે છે. મિથ્યાત્વના ઉદયથી સંશય, વિમોહ, વિભ્રમ સ્વરૂપ પદાર્થોનું જ્ઞાન થાય છે. જેવી રીતે નાવ પર બેઠેલાને બહારના સ્થિર પદાર્થ ચાલતા દેખાય છે તેને વિપરીત જ્ઞાન કહે છે. દરેક પદાર્થ સ્વતંત્ર પોતાના કારણે આવે-જાય છે. છતાં અજ્ઞાની જીવને એમ લાગે છે કે તે ચીજો મારા માટે આવતી હશે ! તે ચીજો ક્ષેત્રે, કાળે ને ભાવે સંયોગી છે તેથી વિયોગ થાય જ છતાં અજ્ઞાનીને લાગે છે કે તે મારા માટે આવી છે ને જાય ત્યારે મને છોડીને ચાલી ગઈ એમ તે માને છે. એમ તે ઊંધું માન્યા કરે છે. પદ્મનંદી પંચવિંશતિમાં દાન અધિકાર મુનિઓએ લોભરૂપી ભેખડમાં ભરાતા જીવોને ખેંચવા માટે લખેલ છે ને તે વંચાય ત્યારે ઊંધા જીવોને એમ લાગે કે 'મારી પાસેથી પૈસા પડાવવા માટે આ દાન અધિકાર વંચાય છે' પ્રરૂપણામાં એમ આવે કે આત્મા સિદ્ધ સમાન છે તો ઊંધો માણસ એમ કહે કે 'અમોને તો સિદ્ધસ્વરૂપ ક્યાંય દેખાતું નથી' વળી અજ્ઞાની માને છે કે પૈસા હોય તો નિવૃત્તિ લેવાય તે પણ વિપરીતતા છે. નિવૃત્તિ પરથી લેવાતી નથી. તેને કુદેવાદિ સાચા લાગે, સાચા દેવ કુદેવ લાગે. વળી કોઈ કહે કે ''પુણ્ય વિના સાંભળવાનું મળે ? ને સાંભળ્યા વિના ધર્મ થાય ? એ વાત સાંભળતાં અજ્ઞાનીને તુરત જ લાગે કે પુણ્યથી ધર્મ થાય છે. આમ જેનું જ્ઞાન વિપરીત છે તેને બધું ઊંધું લાગે છે, અજ્ઞાની કુદેવને, સુદેવ માને, સુદેવને કુદેવ માને. સુમાર્ગને કુમાર્ગ માને, કુમાર્ગને સુમાર્ગ માને. વળી જેમ જેને સર્પ કરડ્યો છે તે જીવને લીમડો કડવો લાગતો નથી પણ મીઠો લાગે છે, તેમ મિથ્યાત્વ ને અજ્ઞાનરૂપી ઝેર જેનામાં છે તે જીવને ઊંધી વાત તુરત જ બેસી જાય છે પણ જ્યારે જીવને મિથ્યા ભ્રાંતિ નાશ પામે છે ત્યારે પદાર્થોનું યથાર્થ ગ્રહણ થાય છે. તે જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન છે. અહીં અક્ષરજ્ઞાનની વાત નથી, ચિદાનંદ મારું સ્વરૂપ છે એમ જ્ઞાને જ્ઞાનને પકડ્યું તે સ્વસંવેદન જ્ઞાન છે ને તે આત્મતત્ત્વના અનુભવનની પ્રાપ્તિનું મૂળ કારણ છે.

હવે ચારિત્રની વાત કરે છે, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પ્રવૃત્તિના પ્રભાવથી કુમાર્ગથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિવૃત્તિ થઈ રાગરહિત પરિણામ થયા તેને ચારિત્ર કહે છે. વીતરાગ સર્વજ્ઞદેવના કહેલા માર્ગ સિવાયના બધા માર્ગો કુમાર્ગો છે. લોકો શરીરની ક્રિયા વગેરેને યોગ કહે છે તે બધા ઊંધા રસ્તા છે, બધા થઈને એક પદાર્થ નથી. વળી ભગવાને દર્શન આપ્યાં તેથી કલ્યાણ થયું એમ કોઈ માને છે. તે બધા કુમાર્ગ છે, તે કુમાર્ગથી નિવૃત્તિ થવી જોઈએ. સર્વજ્ઞ કહે છે તેમ છ દ્રવ્યો સ્વતંત્ર છે, દરેક ભિન્ન ભિન્ન છે એમ યથાર્થપણે જાણવું જોઈએ. આ જાણ્યા વિના આ સાચું હશે કે બીજું સાચું હશે એમ માની અજ્ઞાની જીવ વીર્યને ખંડખંડ કરી કુમાર્ગમાં રખડ્યા કરે છે. માટે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પ્રવૃત્તિથી સમસ્ત કુમાર્ગમાંથી નિવૃત્ત થઈ જે આત્મસ્વરૂપમાં લીન થાય છે તેને ચારિત્ર હોય છે, દેહની ક્રિયા કે પાંચ મહાવ્રતનાં પરિણામ તે ચારિત્ર નથી તેમજ બે પૂરી ખાય કે બ્રહ્મચર્ય પાળે તે પણ ચારિત્ર નથી. પદાર્થોમાંથી ઈષ્ટઅનિષ્ટની કલ્પના છોડી રાગ-દ્વેષરહિતપણે આત્મ સ્વભાવમાં નિર્વિકાર પરિણામ થવા તે સમ્યક્ચારિત્ર છે. હું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું એવા ભાન વિના સમ્યગ્દર્શન હોય નહિ. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ, ચારિત્ર વિના કેવલજ્ઞાન હોય નહિ ને કેવલજ્ઞાન વિના મુક્તિ હોય નહિ.

ચારિત્ર દશા ઉત્પન્ન થવાથી સંસાર ઊપજતો નથી. ચારિત્ર તે મોક્ષમાર્ગ છે-તે મોક્ષનું કારણ છે. અહીં સાચા ચારિત્રની વાત છે. એકલું દ્રવ્યલિંગ ધારણ કરે કે મહાવ્રત પાળે તે ચારિત્ર નથી, આત્માના ભાન સહિત અંતરલીનતા થવી તે ચારિત્ર છે, ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન છે તે પૂર્ણ મોક્ષમાર્ગ નથી; સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એમ ત્રણેની એકતા તે મોક્ષમાર્ગ છે, તેમાંથી એકની કમી હોય તો મોક્ષમાર્ગ નથી.

જેવી રીતે રોગીને ઔષધિનું શ્રદ્ધાન, જ્ઞાન ને ઉપચાર ત્રણ પ્રકાર હોય ત્યારે રોગી રોગથી મુક્ત થાય છે, તેમાંથી એક ન હોય તો રોગ જતો નથી. પરંતુ ત્રણે ઉપચાર સાથે હોય તો રોગ જાય છે. આ દ્રષ્ટાંત છે, રોગ તો રોગના કારણે મટે છે. ત્યારે આ ત્રણ નિમિત્ત હોય છે. તેવી રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાથી મોક્ષમાર્ગ થાય છે, એકલાથી થતો નથી.

હવે નિશ્ચય-વ્યવહારનયોની અપેક્ષાથી મોક્ષમાર્ગ કહે છે, સમ્યગ્દર્શન ને જ્ઞાન દ્વારા નવ પદાર્થો જાણવામાં આવે છે. તે નવ પદાર્થોનું સંક્ષેપ સ્વરૂપ તથા નામ કહે છે. ૧૦૭.

---

**जीवाजीवा भावा पुण्णं पावं च आसवं तेसिं।**
**संवरणिज्जरबंधो[1] मोक्खो य हवंति ते अट्ठा॥ १०८॥**

**जीवाजीवौ भावौ पुण्यं पापं चास्रवस्तयोः।**
**संवरनिर्जरबंधा मोक्षश्च भवन्ति ते अर्थाः॥ १०८॥**

**બે ભાવ-જીવ અજીવ, તદ્ગત પુણ્ય તેમ જ પાપ ને**
**આસરવ, સંવર, નિર્જરા, વળી બંધ, મોક્ષ-પદાર્થ છે. ૧૦૮.**

**અન્વયાર્થ** : [जीवाजीवौ भावौ] જીવ અને અજીવ-બે ભાવો (અર્થાત્ મૂળ પદાર્થો) તથા [तयोः] તે બેનાં [पुण्यं] પુણ્ય, [पापं च] પાપ, [आस्रवः] આસ્રવ, [संवरनिर्जरबंधाः] સંવર,

1. संवरणं णिज्जरणं बंधो मोक्खो य ते अट्ठा। આવું પાઠાન્તર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્જરા, બંધ [च] ને [मोक्षः] મોક્ષ – [ते अर्थाः भवन्ति] એ (નવ) પદાર્થો છે.

---

**तात्पर्यवृत्ति** : एवं नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारे व्यवहारमोक्षमार्गकथनमुख्यतया गाथाचतुष्टयेन प्रथमोंतराधिकारः समाप्तः । अथानंतरं जीवादिनवपदार्थानां मुख्यवृत्त्या नाम गौणवृत्त्या स्वरूपं च कथयति, – जीवाजीवौ द्वौ भावौ पुण्यपापद्वयमिति पदार्थद्वयं आस्रवपदार्थस्तयोः पुण्यपापयोः संवर-निर्जराबंधमोक्षपदार्थचतुष्टयमपि तयोरेव । एवं ते प्रसिद्धा नव पदार्था भवंतीति नामनिर्देशः । इदानीं स्वरूपाभिधानं । तथाहि-ज्ञानदर्शनस्वभावो जीवपदार्थः, तद्विलक्षणः पुद्गलादिपंचभेदः पुनरप्यजीवः, दानपूजाषडावश्यकादिरूपो जीवस्य शुभपरिणामो भावपुण्यं भावपुण्यनिमित्तेनोत्पन्नः सद्वेद्यादिशुभप्रकृतिरूपः पुद्गलपरमाणुपिंडो द्रव्यपुण्यं, मिथ्यात्वरागादिरूपो जीवस्याशुभपरिणामो भावपापं, तन्निमित्तेनासद्वेद्याद्य-शुभप्रकृतिरूपः पुद्गलपिंडो द्रव्यपापं, निरास्रवशुद्धात्मपदार्थविपरीतो रागद्वेषमोहरूपो जीवपरिणामो भावास्रवः भावनिमित्तेन कर्मवर्गणायोग्यपुद्गलानां योगद्वारेणागमनं द्रव्यास्रवः, कर्मनिरोधे समर्थो निर्विकल्पकात्मोपलब्धिपरिणामो भावसंवरः, तेन भावनिमित्तेन नवतरद्रव्यकर्मागमनिरोधो द्रव्यसंवरः, कर्मशक्तिशातनसमर्थो द्वादशतपोभिर्वृद्धिं गतः शुद्धोपयोगः संवरपूर्विका भावनिर्जरा तेन शुद्धोपयोगेन नीरसभूतस्य चिरंतनकर्मण एकदेशगलनं द्रव्यनिर्जरा, प्रकृत्यादिबंधशून्यपरमात्मपदार्थप्रतिकूलो मिथ्यात्व-रागादिस्निग्धपरिणामो भावबंधः भावबंधनिमित्तेन तैलम्रक्षितशरीरे धूलिबंधवज्जीवकर्मप्रदेशानामन्योन्यसंश्लेषो द्रव्यबंधः, कर्मनिर्मूलनसमर्थः शुद्धात्मोपलब्धिरूपजीवपरिणामो भावमोक्षः, भावमोक्षनिमित्तेन जीव-कर्मप्रदेशानां निरवशेषः पृथग्भावो द्रव्यमोक्ष इति सूत्रार्थः ॥ १०८ ॥

---

**समयव्याख्या : पदार्थानां नामस्वरूपाभिधानमेतत् । जीवः, अजीवः, पुण्यं, पापं, आस्रवः, संवरः, निर्जरा, बंधः, मोक्ष इति नवपदार्थानां नामानि । तत्र चैतन्यलक्षणो जीवास्तिक एवेह जीवः । चैतन्याभावलक्षणोऽजीवः । स पञ्चधा पूर्वोक्त एव – पुद्गलास्तिकः, धर्मास्तिकः, अधर्मास्तिकः, आकाशास्तिकः, कालद्रव्यञ्चेति । इमौ हि जीवाजीवौ पृथग्भूतास्तित्वनिर्वृत्तत्त्वेन भिन्नस्वभावभूतौ मूलपदार्थौ । जीवपुद्गलसंयोगपरिणामनिर्वृत्ताः सप्तान्ये पदार्थाः । शुभपरिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामः पुद्गलानाञ्च पुण्यम् । अशुभपरिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामः पुद्गलानाञ्च पापम् । मोहरागद्वेषपरिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानाञ्चास्रवः । मोहरागद्वेषपरिणामनिरोधो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामनिरोधो योगद्वारेण प्रविशतां पुद्गलानाञ्च संवरः । कर्मवीर्यशातनसमर्थो बहिरङ्गांतरङ्गतपोभिर्बृंहितशुद्धोपयोगो जीवस्य, तदनुभावनीरसी-भूतानामेकदेशसंक्षयः समुपात्तकर्मपुद्गलानाञ्च निर्जरा । मोहरागद्वेषस्निग्धपरिणामो जीवस्य, तन्निमित्तेन कर्मत्वपरिणतानां जीवेन सहान्योन्यसंमूर्च्छनं पुद्गलानाञ्च बंधः । अत्यंतशुद्धात्मोपलम्भो जीवस्य, जीवेन सहात्यंतविश्लेषः कर्मपुद्गलानां च मोक्ष इति ॥ १०८ ॥**

અનુવાદ : આ, પદાર્થોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ–એ પ્રમાણે નવ પદાર્થોનાં નામ છે.

તેમાં, ચૈતન્ય જેનું લક્ષણ છે એવો જીવાસ્તિક જ (-જીવાસ્તિકાય જ) અહીં જીવ છે. ચૈતન્યનો અભાવ જેનું લક્ષણ છે તે અજીવ છે : તે (અજીવ) પાંચ પ્રકારે પૂર્વે કહેલ જ છે–પુદ્‌ગલાસ્તિક, ધર્માસ્તિક, અધર્માસ્તિક, આકાશાસ્તિક અને કાળદ્રવ્ય. આ જીવ અને અજીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(બંને) પૃથક્ અસ્તિત્વ વડે નિષ્પન્ન હોવાથી ભિન્ન જેમના સ્વભાવ છે એવા (બે) મૂળ પદાર્થો છે.**

**જીવ અને પુદ્‌ગલના સંયોગપરિણામથી નીપજતા સાત બીજા પદાર્થો છે. (તેમનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છેઃ-) જીવના શુભ પરિણામ (તે પુણ્ય છે) તેમજ તે (શુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્‌ગલોના કર્મપરિણામ (-શુભકર્મરૂપ પરિણામ) તે પુણ્ય છે. જીવના અશુભ પરિણામ (તે પાપ છે) તેમજ તે (અશુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્‌ગલોના કર્મપરિણામ (-અશુભકર્મરૂપ પરિણામ) તે પાપ છે. જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ (તે આસ્રવ છે) તેમજ તે (મોહરાગદ્વેષરૂપ પરિણામ) જેનું નિમિત્ત છે એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના કર્મપરિણામ તે આસ્રવ છે. જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ (તે સંવર છે) તેમજ તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના કર્મપરિણામનો નિરોધ તે સંવર છે. કર્મના વીર્યનું (-કર્મની શક્તિનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ (બાર પ્રકારનાં) તપો વડે વૃદ્ધિ પામેલો જીવનો શુદ્ધોપયોગ (તે નિર્જરા છે) તેમજ તેના પ્રભાવથી (-વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્‌ગલોનો એકદેશ સંક્ષય તે નિર્જરા છે. જીવના, મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ પરિણામ (તે બંધ છે) તેમ જ તેના (-સ્નિગ્ધ પરિણામના) નિમિત્તથી કર્મપણે પરિણત પુદ્‌ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (-વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે બંધ છે. જીવની અત્યંત શુદ્ધ આત્મોપલબ્ધિ (તે મોક્ષ છે) તેમ જ કર્મપુદ્‌ગલોનો જીવથી અત્યંત વિશ્લેષ (વિયોગ) તે મોક્ષ છે. ૧૦૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧, શુક્રવાર]

એક જીવ પદાર્થ અને એક અજીવ પદાર્થ, એક પુણ્ય પદાર્થ અને એક પાપ પદાર્થ, તે બન્ને પુણ્યપાપોનું આત્મામાં આવવું તે એક આસ્રવ પદાર્થ છે. સંવર, નિર્જરા ને બંધ એ ત્રણ પદાર્થ છે અને એક મોક્ષ પદાર્થ છે. આ પ્રમાણે જે છે તે નવ પદાર્થ થાય છે.

**જીવ** : નવ પદાર્થોમાં જીવ એક પદાર્થ છે. એવા જીવો અનંતા છે. દરેક આત્મા અસંખ્યપ્રદેશી ને અનંતા ગુણવાળો છે. આવા અનંતા આત્મા છે પણ જાતિએ એક છે, કોઈ એક જ આત્મા માને, કોઈ એકાંત અનિત્ય માને, કોઈ નવો ઊપજેલો માને તો તે બધા ખોટા છે.

**અજીવ** : અજીવના પાંચ ભેદ છે. એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ, અસંખ્ય કાળાણુ તથા અનંતા પુદ્‌ગલો છે. આમ પાંચ ભેદ અજીવના જાણવા.

**પુણ્ય** : દયા, દાન, પૂજા, ભક્તિ, કોમળતાનાં પરિણામ, પાંચ મહાવ્રતનાં પરિણામ તે ભાવપુણ્ય છે.

**પાપ** : હિંસા, જૂઠું, ચોરી વગેરે પરિણામ તે ભાવપાપ છે.

**આસ્રવ** : પુણ્ય-પાપના ભાવો થવા તે આસ્રવ છે. તે જીવથી જુદું તત્ત્વ છે. કેટલાક જીવો દયાદાનના ભાવને પાપ કહે છે, કોઈ જીવો આસ્રવને જીવ સાથે અભેદ કરે છે તે ભૂલ છે. પુણ્ય-પાપ જીવની પર્યાયમાં થાય છે પણ તે શુદ્ધ જીવતત્ત્વ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કોઈ જીવો દયાદાનને પાપ કહે, કોઈ દયાદાનથી ધર્મ મનાવે. બન્ને ભૂલમાં છે. જીવથી શરીર ચાલે તેમ કોઈ માને, અજીવથી જીવમાં કાર્ય થાય એમ કોઈ માને તો તે ભૂલ છે. એમ માનવાથી જીવ અને અજીવ તત્ત્વો રહેતાં નથી. વળી કોઈ જીવો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગથી ધર્મ માને છે તો આસ્રવ ને સંવર એક થઈ જાય છે. કર્મને લીધે વિકાર માનવામાં આવે તો આસ્રવ ને અજીવ એક થઈ જાય છે. મનુષ્યદેહને લીધે ધર્મ માને તો સંવર ને અજીવ એક થઈ જાય છે. પાંચ મહાવ્રતને લીધે ધર્મ માને તો આસ્રવથી સંવર માને છે તે ભૂલ છે.

**સંવર** : સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનાં પરિણામ તે સંવર છે. પુણ્યથી ધર્મ માને, શરીરની અનુકૂળતાને લીધે ધર્મ માને તો સંવર તત્ત્વ રહેતું નથી.

**નિર્જરા :** આત્માના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. અજ્ઞાની જીવો રોટલા ન ખાધા તેને નિર્જરા માને છે. તે અજીવને નિર્જરા માને છે. આત્માના આશ્રયે થતી શુદ્ધતા વધે છે તે નિર્જરા છે. જે નવને નવ ન જાણે તેનો વ્યવહાર પણ સાચો નથી. તેને ધર્મ થતો નથી.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૨, શનિવાર]

ગઈકાલે નિર્જરા તત્ત્વ સુધી વાત આવી હતી. રાગદ્વેષાદિ ભાવોમાં અટકી જવું તે બંધ છે ને વિકારી ભાવોથી સંપૂર્ણ મુક્ત થવું તે મોક્ષ છે. આમ નવ પદાર્થોને જેમ છે તેમ શ્રદ્ધામાં લેવા જોઈએ.

**ભાવાર્થ** : જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ આમ નવ પદાર્થ જાણવા જોઈએ.

(૧) **જીવ** : આત્મા ચેતન પદાર્થ છે, પુણ્ય-પાપ કરે તે આત્મા નથી. 'દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,' દેહથી જુદો, એકલા જાણવા-દેખવાના ઉપયોગવાળો તે જીવ છે, પુણ્ય-પાપ કરે અથવા શરીરાદિની ક્રિયા કરે તે આત્મા નથી, જેમ રાજાને તેના યોગ્ય ઈલકાબથી અરજી આપે તો સાંભળે તેવી રીતે ચૈતન્ય રાજા જેવો છે તેવો અરજીમાં લખે એટલે કે જ્ઞાનમાં લ્યે તો આત્મરાજા પ્રસન્ન થાય તેવો છે. શરીરાદિ પર છે ને દયાદાનના ભાવ તે વિકાર છે, આત્મા તેથી ભિન્ન છે એમ જાણે તો ભેદ જ્ઞાન થાય ને તો શાંતિ થાય.

અજ્ઞાની જીવો કહે છે કે પૂર્વે પુણ્ય કર્યાં હતાં તો આ બધા સંયોગો મળ્યા ને તેને જીવ ભોગવે છે. તેને કહે છે કે ભાઈ, સંયોગોને જીવ ભોગવતો નથી, સુખદુઃખની લાગણી થાય છે તે પણ જીવ નથી તેમજ સંવર-નિર્જરાની પર્યાય પણ એક સમયની છે. તે પણ ત્રિકાળી જીવ તત્ત્વ નથી.

જીવ ચેતનાલક્ષણવાળો છે તે શું કરે ? જીવ મન, વાણી, દેહની ક્રિયા કરવાવાળો નથી, પણ જાણવા-દેખવાના સ્વભાવવાળો છે. અફીણનો સ્વભાવ કડવાશ છે તેમ આત્માનો સ્વભાવ જાણવું-દેખવું છે. રાગાદિની ઉપાધિ જીવનું સ્વરૂપ નથી. જો રાગ જીવનું સ્વરૂપ હોય તો સિદ્ધમાં પણ રાગ રહેવો જોઈએ. સિદ્ધ વીતરાગ છે માટે રાગ જીવનું સ્વરૂપ નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે જીવ છે. જેટલા આત્મા છે તે બધા ચૈતન્ય પ્રભુત્વથી ભરેલા છે. અજ્ઞાનીને ખબર નથી. તે પોતાના સ્વભાવને ભૂલે છે તે અધર્મ છે. અજ્ઞાની જીવ દયાદાનમાં ધર્મ માની રહ્યો છે, પણ તે વિકારી પર્યાય જીવનો મૂળ સ્વભાવ નથી, જીવનો સ્વભાવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરુપાધિમય શાંત છે. આમ જીવનો જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ જાણવો તે ધર્મ છે.

(૨) ચેતનારહિત જડપદાર્થ અજીવ છે. પુદ્‌ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, ને કાળદ્રવ્ય એ પાંચ પ્રકારના અજીવ છે. શરીર, મન, વાણી, દાળ, ભાત, હીરા, માણેક, બંગલા, પૈસા જડ પુદ્‌ગલ છે, અજીવ છે. તેને પોતાનાં માનવાં તે અધર્મ છે. ''આ મારાં મકાન છે, આ મારા દીકરા છે'' આ મારાં છે એમ કહેતાં તે પર પદાર્થો છે ને તે મારાથી જુદા છે એમ નક્કી થાય છે. જીવ તે જીવ છે, અજીવ નથી; અજીવ તે અજીવ છે, જીવ નથી. આમ હોવા છતાં, મારાથી વાણી બોલાણી. કર્મ મને હેરાન કરે એમ માનવું તે અજ્ઞાન ભાવ છે. ઘરમાં નવ છોકરાં હોય છતાં પાંચ છોકરાં છે એમ કહે તો ખોટું છે તેમ તત્ત્વો નવ છે, તેથી ઓછાં માને તો ભૂલ છે. માટે શરીરાદિ પુદ્‌ગલનો ધણી આત્મા નથી, આત્મા તેનાથી જુદો છે.

(૩) જે જડ ને ચૈતન્ય પદાર્થો ગમન કરે તેને ગતિમાં સહાય કરે તે ધર્મ દ્રવ્ય છે. તે ચૌદ બ્રહ્માંડમાં વ્યાપેલું અરૂપી અખંડ દ્રવ્ય છે, આ બધું જ્ઞાન કર્યા વિના ધ્યાન કરે તો જડ જેવો થઈ જાય, આત્મા ને બીજાં પાંચ દ્રવ્યો જેમ છે તેમ માનવાં જોઈએ.

(૪) જડ ને ચૈતન્ય પદાર્થો જે ગમન કરીને સ્થિર થાય તેમાં અધર્મ દ્રવ્ય નિમિત્ત છે. તે ચૌદ બ્રહ્માંડમાં વ્યાપેલું અરૂપી અખંડ દ્રવ્ય છે તેનો જ્ઞાનમાં ખ્યાલ આવી શકે છે. એને ન માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

(૫) લોકાલોકપ્રમાણ આકાશ અરૂપી અખંડ દ્રવ્ય છે. તે બધા પદાર્થોને અવગાહન આપે છે.

(૬) અસંખ્ય કાળાણુ છે, અરૂપી તત્ત્વ છે, એક કાળાણુમાં અનંતા ગુણો છે, જે કાળને સ્વીકારે નહિ ને નવ તત્ત્વની શ્રદ્ધાનાં ઠેકાણાં નથી તેને આત્માની સમજણ કદી થાય નહિ.

આ પ્રમાણે અજીવના પાંચ ભેદો જાણવા.

છ પદાર્થો અનાદિ અનંત મૂળ વસ્તુ છે. આત્મા ચિદાનંદ સ્વરૂપી વસ્તુ છે તેમજ પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પણ સહજ મૂળ વસ્તુ છે. કોઈએ તેને બનાવેલ નથી, જીવ ને અજીવ બે છે. બન્ને છે એમ ક્યારે માન્યા કહેવાય ? એકબીજાને લીધે નથી એમ સ્વતંત્ર માને તો તે સિવાય સાત પદાર્થો જુદા છે તે જીવ ને પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થયેલ છે. જીવ તત્ત્વમાં દ્રવ્ય તો ત્રિકાળ છે ને તેની પર્યાયમાં સાત ભંગ થાય છે, ને કર્મની પર્યાયમાં સાત ભંગ થાય છે, ધર્મ, અધર્મ, આકાશ, કાળમાં આ સાત ભંગો થતા નથી, તેમજ કર્મ સિવાય બીજાં પુદ્‌ગલોમાં આ સાત ભેદો નથી. **તારી નાત-જાત શુદ્ધ ચૈતન્ય દ્રવ્યની છે તે તારી પર્યાયમાં તારા કારણે પુણ્ય-પાપ આદિ સાત ભેદ થાય છે ને અજીવ દ્રવ્ય ત્રિકાળ છે ને તેની સાત પર્યાયો જડના કારણે થાય છે. આમ સ્વતંત્ર જ્ઞાન કરે તો આત્મા તરફ વલણ થયા વિના રહે નહિ.**

તે સાત ભેદો બતાવે છે.

**પુણ્ય** : આત્મા શુદ્ધચૈતન્યસ્વભાવી છે. તેની પર્યાયમાં દયાદાનાદિના પરિણામ થાય, મહાવ્રતાદિના પરિણામ, નમસ્કારમંત્ર બોલવાનો ભાવ તે ભાવપુણ્ય છે. તે જીવ તત્ત્વ નથી, અજીવ તત્ત્વ નથી, તથા ધર્મ અથવા સંવર તત્ત્વ નથી તેમ જ પાપ તત્ત્વ નથી. અરૂપી આત્માની પર્યાય છે, પર્યાયને પર્યાય જાણે, ત્રિકાળી દ્રવ્યને દ્રવ્ય જાણે. શરીર, મન, વાણીને અજીવ જાણે તો ભેદ જ્ઞાન થાય. જેમ લૌકિકમાં નાત ફેરે લગ્ન થતાં નથી તેમ અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નવ તત્ત્વોની નાત જુદી છે. હું પૈસા કમાઈ શકું છું, રૂપિયા સાચવી શકું છું એમ જે માને છે તે જીવ તથા અજીવને એક કરે છે.

અજ્ઞાની જીવ શુભનો કર્તા થાય છે. દયા, દાનાદિ પરિણામ એક સમયનો પર્યાય છે તે ત્રિકાળ સ્વભાવથી ભિન્ન છે. એમ જાણે તો સમ્યગ્દર્શન થાય.

ભાવપુણ્યનું નિમિત્ત પામીને શાતા આદિના પરમાણુ બંધાય છે તેને દ્રવ્યપુણ્ય કહે છે. તે દ્રવ્યપુણ્યથી ભાવપુણ્ય જુદું છે ને ભાવપુણ્યથી જીવતત્ત્વ જુદું છે. જડ પુણ્ય પરમાણુની પર્યાય છે. ભાવપુણ્ય જીવની એક સમયની પર્યાય છે. તે કાયમી સ્વરૂપ નથી ને શુદ્ધ જીવ ત્રિકાળી તત્ત્વ છે એમ ભેદજ્ઞાન કરે તો ધર્મને શાંતિ થાય. વળી કર્મમાં પુણ્યરૂપે થવાની લાયકાત હોય છે ત્યારે શુભ ભાવને નિમિત્ત કહેવાય છે. બન્ને સ્વતંત્ર છે. બન્નેથી જીવ તત્ત્વ જુદું છે. એમ શુદ્ધ ચૈતન્યતત્ત્વનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

**પાપ** : હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, માયા, લોભના પરિણામની અસ્તિ દેખાય છે તે એક સમયની અવસ્થા છે. તે જડમાં નથી, જડને લીધે નથી, પણ પોતાના અપરાધને લીધે એક સમયની અવસ્થામાં થાય છે, તેનું નિમિત્ત પામીને નીચ ગોત્ર, વગેરે પાપની પ્રકૃતિ બંધાય છે તે દ્રવ્યપાપ છે. પુદ્ગલ વર્ગણાઓ પાપરૂપે પરિણમે છે. તે પોતાના કારણે છે, ભાવપાપને લીધે નથી. ભાવપાપ નિમિત્ત માત્ર છે, ભાવપાપ જુદું દ્રવ્ય છે ને દ્રવ્યપાપ જુદું છે ને તે બન્નેથી જીવ તત્ત્વ જુદું છે, એમ જ્ઞાન કરવું જોઈએ.

**આસ્રવ** : પરને લાભ કરી દઉં એવા ભાવ તથા રાગદ્વેષાદિના પરિણામ કરવા તે ભાવ આસ્રવ છે. આત્માની વર્તમાન દશામાં મોહરાગદ્વેષના પરિણામ તે ભાવ આસ્રવ છે, તે એક સમયની પર્યાય છે, તે જીવતત્ત્વ નથી તેમ જ સંવર તત્ત્વ નથી, ભાવઆસ્રવનું નિમિત્ત પામીને મન, વચન, કાયાના યોગ દ્વારા જડ કર્મના પરમાણુઓનું આવવું થાય છે. તે દ્રવ્ય-આસ્રવ છે. તે જડની અવસ્થા છે. જેટલા પ્રમાણમાં રાગદ્વેષાદિના પરિણામ કરે તેટલા જ પ્રમાણમાં કર્મ પરમાણુનો આસ્રવ થાય, છતાં ભાવઆસ્રવ ને દ્રવ્યઆસ્રવ એકબીજાને પરાધીન નથી, બન્ને સ્વતંત્ર છે, એકબીજાને નિમિત્તનૈમિત્તિક મેળ છે. એ બન્નેથી જીવતત્ત્વ જુદું છે.

**સંવર** : જીવના મોહરાગદ્વેષાદિ વિકારી ભાવોને રોકવાવાળો ભાવ તે ભાવસંવર છે. વિકારી ભાવોને રોકવા એ કથન પણ નાસ્તિથી છે.

હું આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું એવા ભાવપૂર્વક અંતર સમજણની ક્રિયા થઈ એટલે મિથ્યા ભ્રાંતિ આદિના પરિણામ ઉત્પન્ન થયા નહિ. એણે વિકારી પરિણામો રોક્યા એમ કહેવાય છે. પરિણામો થયા પછી તેને રોક્યા એવો અર્થ નથી, શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અવલંબને પુણ્યપાપના પરિણામ થતા નથી તેને ધર્મ કહે છે.

લોકો દેહની ક્રિયાને–અમુક જગ્યાએ અમુક કલાક બેઠો–તેને સંવર કહે છે. તે સ્થૂલ અજ્ઞાન ભાવ છે, શુદ્ધ આત્માના ભાનપૂર્વક શ્રદ્ધા-જ્ઞાન, રમણતા થવાં તે ભાવસંવર છે, તે પણ એક સમય પૂરતી અવસ્થા છે.

આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. અહીં નિમિત્ત બુદ્ધિને પર્યાય બુદ્ધિ ઉડાડે છે ને શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની દ્રષ્ટિ કરાવે છે. તેનું અવલંબન લ્યે તો સંવર પ્રગટે છે. જીવોને હજી આસ્રવના સ્વરૂપની ખબર નથી, નવ ને નવ ન માનવાં એ મિથ્યાત્વનો આસ્રવ છે એમ પાંચ પ્રકારના આસ્રવ છે. તે આસ્રવને ચૈતન્યના ભાન દ્વારા રોકવો તે સંવર ને ધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવસંવરનું નિમિત્ત પામીને મન, વચન, કાયના યોગો દ્વારા પુદ્ગલ વર્ગણાઓના આગમનનો નિરોધ કરવો તે દ્રવ્યસંવર છે. આ પણ નિમિત્તથી કથન છે. કર્મો આવવાનાં હતાં ને આત્માએ પરાણે રોકી પાડ્યાં તેવો એનો અર્થ નથી. કર્મોની આવવાની યોગ્યતા જ ન હતી. તે વખતે જીવના ભાવસંવરની જીવની પર્યાયની યોગ્યતા છે. બન્ને એક સમયે છે છતાં સ્વતંત્ર છે. બન્નેથી આત્મા જુદો છે એમ પૃથક્તાનું ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

**નિર્જરા** : આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપી છે. તેના ભાનપૂર્વક અંતરમાં રમણતા થવી તે શુદ્ધ ઉપયોગ છે. તેને ભાવનિર્જરા કહે છે. કર્મોની શક્તિ ઘટાડવાને સમર્થ બહિરંગ અંતરંગ તપોથી વર્ધમાન એવો જે શુદ્ધ ઉપયોગ તેને ભાવનિર્જરા કહે છે. ખરેખર અંતરંગ તપથી જ ભાવનિર્જરા છે. બહિરંગ તપ ઉપચાર માત્ર છે. બહિરંગ ઉપવાસાદિ તપ તે પુણ્યનું કારણ છે. રોટલા ન ખાધા તેને લોકો તપ કહે છે. ભાઈ, જડના પરમાણુનો સંયોગ ન થવો તે તો જડના કારણે છે. અંતરમાં કષાય મંદતાના પરિણામ કર્યા તે શુભ છે-પુણ્ય છે. તેને ધર્મ માનવો તે મિથ્યાભાવ છે, તે પુણ્ય ને જડની ક્રિયાથી રહિત અંતર ચિદાનંદ સ્વભાવ શુદ્ધ છે, એવું ભાન કરવું ને અંતરલીનતા કરવી તે શુદ્ધ ઉપયોગ, તે નિર્જરા છે. તે એક સમય પૂરતી અવસ્થા છે. આત્મા ભાવનિર્જરા જેટલો નથી. આત્મા ત્રિકાળી છે એમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

તે ભાવનિર્જરાનું નિમિત્ત પામીને પૂર્વોપાર્જિત કર્મોનો નીરસ ભાવ થઈ એકદેશ ક્ષય થયો તેને દ્રવ્યનિર્જરા કહે છે તે પણ નિમિત્તથી કથન છે. આત્મા કર્મોનો ક્ષય કરી શકતો નથી. તે પરમાણુ સ્વયં તેની લાયકાતથી એકદેશરૂપ ક્ષય થાય છે, તે દ્રવ્યનિર્જરા છે. આમ ભાવનિર્જરા ને દ્રવ્યનિર્જરા બન્ને સ્વતંત્ર છે. આત્મા દ્રવ્યનિર્જરાથી જુદો છે ને આત્મા ભાવનિર્જરા જેટલો નથી. પણ શુદ્ધ ત્રિકાળી છે. એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૩, રવિવાર]

ધર્મ કેમ થાય તેની વાત ચાલે છે. નવતત્ત્વને બરાબર જાણે તો ચૈતન્યસ્વરૂપ તરફ વળી એકાગ્ર થઈને મુક્તિ પામે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે, જાણવું-દેખવું તેનો ધર્મ છે. શરીર, મન, વાણી અજીવ છે. અજીવથી જીવ જુદો છે. દયાદાનાદિના ભાવ પુણ્ય છે. તે આત્માની પર્યાયમાં થાય છે. તેને ભાવપુણ્ય કહે છે ને તેનું નિમિત્ત પામીને રજકણો બંધાય તેને દ્રવ્યપુણ્ય કહે છે. હિંસા, જૂઠું, ચોરી પાપતત્ત્વ છે. તેના નિમિત્તે પરમાણુ બંધાય તેને દ્રવ્યપાપ કહે છે. પુણ્ય-પાપના પરિણામને આસ્રવ કહે છે ને તેના નિમિત્તે પરમાણુ આવે તેને દ્રવ્યઆસ્રવ કહે છે.

**સંવર** : આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપ છે. અજીવ તથા પુણ્ય-પાપની રુચિ છોડીને સ્વભાવનું ભાન થવું તે ભાવસંવર છે. તેના નિમિત્તે કર્મોનું અટકવું તે દ્રવ્યસંવર છે. નવાં કર્મો આવવાનાં હતાં ને અટકી ગયાં એવો એનો અર્થ નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં લીનતા થતાં વિકારાદિ ન થયા ને કર્મો સ્વયં આવતાં અટકી ગયાં તે સંવર છે. આ સંવર વિના અથવા સમ્યગ્દર્શન વિના ધ્યાન ને તપ હોતાં નથી. જેને આત્માનું ભાન છે તે જીવ જાણે છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જેટલો પરનો આશ્રય છૂટે છે ને સ્વભાવનો આશ્રય વર્તે છે તેટલી શુદ્ધતા થાય છે.

**નિર્જરા** : આજે વૈશાખ સુદ ૩નો દિવસ છે. ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ પછી પ્રથમ આહારદાન લેનાર ઋષભદેવ ભગવાન (મુનિ અવસ્થામાં) હતા ને પ્રથમ દાન દેનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રેયાંસકુમાર હતા. તે આજનો દિવસ છે. તેમણે આહારદાન આપ્યું ને નિર્જરા કેમ થઈ તે નિર્જરાનું સ્વરૂપ બતાવે છે. બહિરંગ તપથી નિર્જરા થઈ એમ કહેવું તે નિમિત્તનું કથન છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વરૂપી છે. સંયોગ ઉપરની રુચિ છૂટી ગઈ છે ને પુણ્ય-પાપનું સ્વામીપણું છૂટી ગયું છે. પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધાપૂર્વક લીનતા વર્તે છે. એવા શુદ્ધ ઉપયોગથી નિર્જરા થાય છે. ભાવઆસ્રવનો વ્યય થઈ નિર્વિકારી આનંદનો અનુભવ વધે તેને શુદ્ધ ઉપયોગ કહે છે. અશુદ્ધતા ખસી જવી ને શુદ્ધતા વધવી તે પણ વ્યવહાર છે. ત્રિકાળી સ્વભાવના આશ્રયે શુદ્ધતા વધે છે ને અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી તેને અશુદ્ધતા ખરી એમ કહેવાય છે. લોકો બહારમાં નિર્જરા માને છે. બે કોળિયા ઓછું ખાય ને પેટ ઊણું રાખે તો નિર્જરા થાય–એમ માને છે પણ એ તો જડની ક્રિયા છે. રાગની મંદતા થાય તે પણ નિર્જરા નથી. અંતરમાં અકષાય પરિણતિમાં સ્થિરતા થાય તે ભાવનિર્જરા છે. જીવોને તત્ત્વની ખબર નથી. અશુભ છોડે ને શુભ કરે તો નિર્જરા માને છે. પણ તે નિર્જરા નથી. તેને નવ તત્ત્વનું ભાન નથી ને આત્માનું ભાન નથી. આત્મામાં એકાગ્રતા વિના અશુદ્ધતાનું ટળવું ને શુદ્ધતાનો ઉત્પાદ થવો કેવી રીતે થાય ? બધાં તત્ત્વોને યથાર્થ જાણી શુદ્ધ આત્મામાં સ્થિરતા કરે તો નિર્જરા થાય.

તે ભાવનિર્જરાનું નિમિત્ત પામીને પૂર્વનાં કર્મો નીરસ થઈ એક દેશ ખસી જાય તે દ્રવ્યનિર્જરા છે. અહીં નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે. આત્મા દ્રવ્યનિર્જરાનો કર્તા નથી. પરમાણુ પરમાણુના કારણે ખરે છે. પણ ભાવનિર્જરાને નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવી ત્રિકાળી આત્મા બન્નેથી જુદો છે એમ જ્ઞાન કરાવે છે.

**બંધ** : જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ–દયાદાનાદિનાં પરિણામ તે ભાવબંધ છે. રાતા ફૂલના નિમિત્તે સ્ફટિક રાતારૂપે પરિણમે છે તેમ આત્મા રાગદ્વેષમિથ્યાત્વભાવરૂપે પરિણમે છે તે ભાવબંધ છે. તે ધર્મ નથી તેમજ ધર્મનું કારણ નથી.

ભાવબંધનું નિમિત્ત પામીને કર્મવર્ગણાઓનો જીવના પ્રદેશો સાથે પરસ્પર એકક્ષેત્રાવગાહ સંબંધ થવો તેને બંધ કહે છે.

**મોક્ષ** : જીવને પરિપૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિ થવી તે મોક્ષ છે. તે આત્માની દશા છે, તે ભાવમોક્ષ છે. તેનું નિમિત્ત પામીને કર્મનો સર્વથા પ્રકારે સંબંધ છૂટવો તે દ્રવ્યમોક્ષ છે.

અહીં જીવના ભાવ સાથે કર્મોની પર્યાયનો નિમિત્તનૈમિત્તિક સંબંધ રાખ્યો છતાં એકને લીધે બીજો નહિ, પણ બન્ને સ્વતંત્ર છે. બાકીનાં બધાં પુદ્‌ગલો સાથે તેમ જ અજીવ સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ ઉડાડ્યો છે. આત્મા જાણનાર છે ને બધા અજીવો જ્ઞેય માત્ર છે. દુકાન, બૈરાં, છોકરાં, પૈસા, શરીર, મકાન–આ બધા સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ લીધો નથી. માત્ર જ્ઞાનજ્ઞેય સંબંધ છે–એમ બતાવીને સંયોગબુદ્ધિ–નિમિત્તાધીન બુદ્ધિ ઉડાડી છે. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ વિકાર છે. તે આત્માનું સ્વરૂપ નથી ને સંવર, નિર્જરા, મોક્ષ એક સમય પૂરતી અવસ્થા છે. ને આત્મા ત્રિકાળી શુદ્ધ છે એમ બતાવી પર્યાયબુદ્ધિ ઉડાડી છે ને સ્વભાવબુદ્ધિ કરાવી છે. આમ સમજી જે શુદ્ધ સ્વભાવનું અવલંબન લ્યે છે, તેને સંવર નિર્જરા પ્રગટે છે ને પૂર્ણ એકાગ્રતા થતાં મોક્ષદશા પ્રગટે છે. ધર્મ વિવેકથી પ્રગટે છે. આમ નવતત્ત્વનો વિવેક એટલે ભેદજ્ઞાન કરવું જોઈએ. ૧૦૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जीवा संसारत्था णिव्वादा चेदणप्पगा दुविहा।**
**उवओगलक्खणा वि य देहादेहप्पवीचारा॥ १०९ ॥**

**जीवाः संसारस्था निर्वृत्ताः चेतनात्मका द्विविधाः।**
**उपयोगलक्षणा अपि च देहादेहप्रवीचाराः॥ १०९ ॥**

**જીવો દ્વિવિધ–સંસારી, સિદ્ધો; ચેતનાત્મક ઉભય છે;**
**ઉપયોગલક્ષણ ઉભય; એક સદેહ, એક અદેહ છે. ૧૦૯.**

**અન્વયાર્થ :** [जीवाः द्विविधाः] જીવો બે પ્રકારના છે : [संसारस्थाः निर्वृत्ताः] સંસારી અને સિદ્ધ. [चेतनात्मकाः] તેઓ ચેતનાત્મક (-ચેતનાસ્વભાવવાળા) [अपि च] તેમજ [उपयोगलक्षणाः] ઉપયોગલક્ષણવાળા છે. [देहादेहप्रवीचाराः] સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત છે અને સિદ્ધ જીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે.

---

**तात्पर्यवृत्ति** : एवं जीवाजीवादिनवपदार्थानां नवाधिकारसूचनमुख्यत्वेन गाथासूत्रमेकं गतं। तदनंतरं पंचदशगाथापर्यंतं जीवपदार्थाधिकारः कथ्यते। तत्र पंचदशगाथासु मध्ये प्रथमतस्तावज्जीवपदार्थाधिकार-सूचनमुख्यत्वेन "जीवा संसारत्था" इत्यादि गाथासूत्रमेकं अथ पृथ्वीकायादिस्थावरैकेन्द्रियपंचमुख्यत्वेन "पुढवी य" इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं, अथ विकलेन्द्रियत्रयव्याख्यानमुख्यत्वेन "संबुक्क" इत्यादि पाठक्रमेण गाथात्रयं, तदनंतरं नारकतिर्यङ्मनुष्यदेवगतिचतुष्टयविशिष्टपंचेन्द्रियकथनरूपेण "सुरणर" इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं, अथ भेदभावनामुख्यत्वेन हिताहितकर्तृत्वभोक्तृत्वप्रतिपादनमुख्यत्वेन च "ण हि इंदियाणि" इत्यादि गाथाद्वयं, अथ जीवपदार्थोपसंहारमुख्यत्वेन तथैव जीवपदार्थप्रारम्भमुख्यत्वेन च "एवमधिगम्म जीव" इत्यादि सूत्रमेकं। एवं पंचदशगाथाभिः षट्स्थलैर्द्वितीयांतराधिकारे समुदाय-पातनिका। तथाहि। जीवस्वरूपं निरूपयति,–जीवा भवन्ति। किंविशिष्टाः ? **संसारत्था णिव्वादा** संसारस्था निर्वृत्ताश्चैव **चेदणप्पगा दुविहा**। चेतनात्मका उभेपि कर्मचेतनाकर्मफलचेतनात्मकाः संसारिणः शुद्धचेतनात्मका मुक्ता इति **उवओगलक्खणा वि य** उपयोगलक्षणा अपि च। आत्मनश्चैतन्यानु-विधायिपरिणाम उपयोगः केवलज्ञानदर्शनोपयोगलक्षणा मुक्ताः क्षायोपशमिका अशुद्धोपयोगयुक्ताः संसारिणः **देहादेहप्पवीचारा** देहादेहप्रवीचाराः अदेहात्मतत्त्वविपरीतदेहप्रवीचारा, अदेहाः सिद्धा इति सूत्रार्थः॥ १०९ ॥

**समयव्याख्या : अथ जीवपदार्थानां व्याख्यानं प्रपञ्चयति।जीवस्वरूपोद्देशोऽयम्। जीवाः हि द्विविधाः, संसारस्था अशुद्धा निर्वृत्ताः शुद्धाश्च। ते खलूभयेऽपि चेतनास्वभावाः, चेतनापरिणाम-लक्षणेनोपयोगेन लक्षणीयाः। तत्र संसारस्था देहप्रवीचाराः, निर्वृत्ता अदेहप्रवीचारा इति॥ १०९ ॥**

અનુવાદ : હવે જીવપદાર્થનું વ્યાખ્યાન વિસ્તારથી કરવામાં આવે છે. આ, જીવના સ્વરૂપનું કથન છે.

જીવો બે પ્રકારના છે : (૧) સંસારી અર્થાત્ અશુદ્ધ, અને (૨) સિદ્ધ અર્થાત્ શુદ્ધ. તે બંનેય ખરેખર ચેતનાસ્વભાવવાળા છે અને ચેતનાપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત થવાયોગ્ય (-ઓળખાવાયોગ્ય) છે. તેમાં, સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહ સહિત છે અને સિદ્ધ જીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે. ૧૦૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૩, રવિવાર]

જીવ પદાર્થનું વ્યાખ્યાન કરવામાં આવે છે, જેમાં જીવનું સ્વરૂપ નામ માત્ર કરીને બતાવવામાં આવે છે.

જીવ બે પ્રકારે છે. સંસારમાં રહેવાવાળા જીવ અશુદ્ધ છે ને મોક્ષ અવસ્થાને પ્રાપ્ત થયેલા જીવ સિદ્ધ છે. નિગોદથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધીના જીવો સંસારી છે, સંસાર છૂટે ત્યારે મુક્ત થાય. મુક્તિમાં સંસાર નથી, ને સંસારમાં મુક્તિ નથી. સંસારની પર્યાય સમજાવે છે. બૈરાં-છોકરાં તે સંસાર નથી. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન સંસારી છે. ચાર કર્મ બાકી છે માટે સંસારી છે એમ નથી. કેવળજ્ઞાનાદિ પ્રગટવા છતાં પ્રતિજીવી ગુણો યોગ, ક્રિયાવતી, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ વગેરેની અશુદ્ધતા છે, તે પોતાને લીધે છે. જીવના કારણે સંસાર છે, કર્મને લીધે સંસાર નથી. નિગોદમાં હોય કે ચૌદમા ગુણસ્થાને હોય તો પણ જે અશુદ્ધતા છે તે જીવની યોગ્યતાથી છે, તે જીવનો ભેદ છે. પોતાના સ્વભાવને ચૂકીને થતી અશુદ્ધતા છે. સંસારમાં રહેલો જીવ અશુદ્ધ છે.

સિદ્ધ ભગવાનને કોઈ અવસ્થામાં મલિનતા નથી. આમ જીવના શુદ્ધ ને અશુદ્ધ એવા ભેદ અનાદિથી છે. કોઈ પૂછે કે પહેલો કોણ ? સિદ્ધ કે સંસારી ? પહેલાં–પછી કોઈ નથી, બન્ને અનાદિથી છે. સમુચ્ચયની વાત લેવી છે. કોઈ પહેલું - પછી નથી, જેમ કૂકડી ને ઈંડામાં પહેલાં-પછી નથી. કૂકડી વિના ઈંડું ન હોય ને ઈંડા વિના કૂકડી ન હોય તેમ બધા અનાદિ અનંત છે. નવે તત્ત્વો અનાદિથી છે. પહેલાં–પછી કોઈ નથી.

પહેલો ભવ કયો ? પહેલો છે જ નહિ. સંસાર અનાદિથી છે. એક પરમાણુની પર્યાય પહેલી લીલી કે પીળી ? પહેલાં–પછી નથી, બન્ને અનાદિથી છે. આ વસ્તુ સ્વભાવની વાત છે. જ્યાં સુધી સ્વભાવ જાણવામાં ન આવે ત્યાં સુધી ધર્મદશા પ્રગટે નહિ. સંસાર, સિદ્ધ બધું અનાદિથી છે. માટે પર્યાયબુદ્ધિ છોડીને સ્વભાવબુદ્ધિ કર.

વળી કેવા છે જીવ ? જીવો જાણવા–દેખવાના સ્વરૂપવાળા છે. અજ્ઞાનીનો સ્વભાવ પણ દર્શન ને જ્ઞાન ઉપયોગવાળો છે. પણ તેનું તેને ભાન નથી. તે પોતાને રાગ–દ્વેષવાળો માની બેઠો છે. જીવના સ્વભાવને ઓળખ્યા વિના અજ્ઞાની જીવ કહે કે સંસાર છોડો પણ શું છોડે ? સમજ્યા વિના આદરે કોને ને છોડે કોને ? એટલા માટે જીવની ઓળખાણ આપે છે કે જીવ શુદ્ધ ચૈતન્ય દર્શનજ્ઞાનમય છે. વળી કેવો છે ? દેહ સહિત જીવ તે સંસારી છે ને દેહરહિત છે તે મુક્ત છે. આ જીવની દશાનું વર્ણન કર્યું. આમ સ્વતંત્ર સમજે તો ધર્મ પામી મુક્તિને પામે. ૧૦૯.

---

**पुढवी य उदगमगणी वाउ वणप्फदि जीवसंसिदा काया ।**
**देंति खलु मोहबहुलं फासं बहुगा वि ते तेसिं ॥ ११० ॥**

**पृथिवी चोदकमग्निर्वायुर्वनस्पतिः जीवसंश्रिताः कायाः ।**
**ददति खलु मोहबहुलं स्पर्शं बहुका अपि ते तेषाम् ॥ ११० ॥**

**ભૂ-જલ-અનલ-વાયુ-વનસ્પતિકાય જીવસહિત છે;**
**બહુ કાય તે અતિમોહસંયુત સ્પર્શ આપે જીવને. ૧૧૦**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [पृथिवी] પૃથ્વીકાય, [उदकम्] અપ્‌કાય, [अग्निः] અગ્નિકાય, [वायुः] વાયુકાય [च] અને [वनस्पतिः] વનસ્પતિકાય – [कायाः] એ કાયો [जीवसंश्रिताः] જીવસહિત છે. [बहुकाः अपि ते] (અવાંતર જાતિઓની અપેક્ષાએ) તેમની ઘણી સંખ્યા હોવા છતાં તેઓ બધીયે [तेषाम्] તેમાં રહેલા જીવોને [खलु] ખરેખર [मोहबहुलं] પુષ્કળ મોહથી સંયુક્ત [स्पर्शं ददति] સ્પર્શ આપે છે (અર્થાત્ સ્પર્શજ્ઞાનમાં નિમિત્ત થાય છે).

---

**तात्पर्यवृत्ति** : एवं जीवाधिकारसूचनागाथारूपेण प्रथमस्थलं गतं । अथ पृथिवीकायादिपंचभेदान् प्रतिपादयति;—पृथिवीजलाग्निवायुवनस्पतिजीवान् कर्मतापन्नान् संश्रिताः कायाः ददति प्रयच्छन्ति खलु स्फुटं । कं ? मोहबहुलं स्पर्शविषयं बहुका अंतर्भेदैर्बहुसंख्या अपि ते कायास्तेषां जीवानामिति । अत्र स्पर्शनेन्द्रियादिरहितमखंडैकज्ञानप्रतिभासमयं यदात्मस्वरूपं तद्‌भावनारहितेनाल्पसुखार्थं स्पर्शनेन्द्रिय-विषयलांपट्यपरिणतेन जीवेन यदुपार्जितं स्पर्शनेन्द्रियजनकमेकेन्द्रियजातिनामकर्म तदुदयकाले स्पर्शनेन्द्रिय-क्षयोपशमं लब्ध्वा स्पर्शविषयज्ञानेन परिणमतीति सूत्राभिप्रायः ।। ११० ।।

**समयव्याख्या : पृथिवीकायिकादिपञ्चभेदोद्देशोऽयम् । पृथिवीकायाः, अप्कायाः, तेजःकायाः, वायुकायाः, वनस्पतिकायाः इत्येते पुद्गलपरिणामा बंधवशाज्जीवानुसंश्रिताः, अवांतरजातिभेदाद्बहुका अपि स्पर्शनेन्द्रियावरणक्षयोपशमभाजां जीवानां बहिरङ्गस्पर्शनेन्द्रियनिर्वृत्तिभूताः कर्मफलचेतना-प्रधानत्वान्मोहबहुलमेव स्पर्शोपलंभं संपादयन्तीति ।। ११० ।।**

અનુવાદ : આ, (સંસારી જીવોના ભેદોમાંથી) પૃથ્વીકાયિક વગેરે પાંચ ભેદોનું કથન છે.

**પૃથ્વીકાય, અપ્‌કાય, તેજઃકાય, વાયુકાય અને વનસ્પતિકાય–એવા આ પુદ્‌ગલપરિણામો બંધવશાત્ (બંધને લીધે) જીવસહિત છે. અવાંતર જાતિરૂપ ભેદો પાડતાં તેઓ ઘણા હોવા છતાં તે બધાય (પુદ્‌ગલપરિણામો), સ્પર્શનેંદ્રિયાવરણના ક્ષયોપશમવાળા જીવોને બહિરંગ સ્પર્શનેંદ્રિયની રચનાભૂત વર્તતા થકા, કર્મફળચેતનાપ્રધાનપણાને લીધે પુષ્કળ મોહ સહિત જ સ્પર્શોપલબ્ધિ સંપ્રાપ્ત કરાવે છે. ૧૧૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૪, સોમવાર]

એકેંદ્રિય જીવ કેવા છે ? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિના જીવ એકેંદ્રિય છે. પણ એકેંદ્રિયપણે કાયમ રહે તેવો તેનો સ્વભાવ નથી. તેનો સ્વભાવ તો અખંડ જ્ઞાયક જ્યોત છે. આત્મા તો અખંડ અભેદ સ્વભાવી છે. તેની ભાવના ને એકાગ્રતા કરે તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ને તેની ભાવના ન ભાવે તો એકેંદ્રિયપણાને પ્રાપ્ત થાય.

અજ્ઞાની જીવ એકેંદ્રિયનું શરીર એ જ હું છું એમ માની રહ્યો છે. તે એકેંદ્રિયપણું કેમ પ્રાપ્ત થયું ? મનુષ્યપણામાં આવેલો જીવ સ્પર્શેન્દ્રિયનો લંપટી થઈને જ્ઞાનસ્વભાવને ચૂકીને આવી હીણી દશા પામે છે. એકેંદ્રિય જીવ બીજા જીવથી મરે છે કે બચે છે તેની વાત છે જ નહિ, પણ તેની અસ્તિ કેવી રીતે છે તે બતાવે છે. જો જીવ પોતાના અતીંદ્રિય સ્વભાવની રુચિ કરી એકાગ્રતા કરે તો ચારિત્ર પ્રગટ થઈ કેવળજ્ઞાન થાય. જીવની સિદ્ધદશા, કેવળજ્ઞાનદશા, શુક્લધ્યાન, ચારિત્રદશા, સમયગ્દર્શનદશા ન હોય તો કોઈ દશામાં તો જીવ હોવો જ જોઈએ. સમ્યગ્દર્શનાદિથી લઈ સિદ્ધદશા સુધીની બધી દશા પંચેન્દ્રિયની ભૂમિકામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય છે. હવે જો તે દશા નથી તો તેને કેવી દશા પ્રાપ્ત થઈ ? પોતાના જ્ઞાનની અવસ્થા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અવલંબને થાય છે. છતાં તે અતીંદ્રિય જ્ઞાન સ્વભાવને ચૂકી ઈંદ્રિયની રુચિ કરી સ્પર્શેન્દ્રિયના વિષયનો લંપટી થઈ મોહ–રાગ–દ્વેષ કરી કર્મ ઉપાર્જન કરે છે તેના કારણે એકેંદ્રિયપણું પ્રાપ્ત થાય છે.

પોતાના જ્ઞાનસ્વભાવની ભાવના ન કરે તો હીણી દશારૂપે પરિણમે છે. પર્યાય હીણી હોવા છતાં દ્રવ્યગુણ કાયમ રહે છે ને પર્યાય માત્ર સ્પર્શને જ જાણે છે ત્યારે તેનું અધિકરણ સ્પર્શેન્દ્રિય માત્ર છે. ઉઘાડ સ્પર્શનો ને વિષય પણ સ્પર્શનો છે.

સામેનો વિષય, ઈંદ્રિય ને પર્યાયમાં અલ્પ ઉઘાડ છે તે હેય છે ને દ્રવ્યગુણ ઉપાદેય છે એમ જે જીવે નક્કી કર્યું નથી ને અતીંદ્રિય જ્ઞાનસ્વરૂપની ભાવના છોડી અલ્પજ્ઞતાની તથા ઈંદ્રિયોના વિષયોના ગૃદ્ધિપણાની ભાવના ભાવી તેથી એકેંદ્રિયપણું મળે છે. આમ નિમિત્તો તથા અલ્પજ્ઞતાની ભાવનાવાળો સ્વભાવની તીવ્ર અરુચિ કરે તો હીણી દશા થતાં થતાં એકેંદ્રિયપણાને પ્રાપ્ત કરે છે.

એકેંદ્રિયમાં ઈંદ્રિય અનંતા પરમાણુની બનેલી છે તે નિમિત્ત છે ને ઉઘાડ સ્પર્શને જાણવા જેટલો છે અને સ્પર્શનો જ વિષય જાણે છે. તે ઉઘાડ જેટલું મારું સ્વરૂપ નથી એમ સમજે તેનામાં ઉગ્ર પુરુષાર્થ કરવાની લાયકાત થયા વિના રહે નહિ.

એકેંદ્રિયમાંથી પંચેન્દ્રિયપણા સુધીનો વિકાસ થયો. ત્યાં સમજણ કરીને અતીંદ્રિયપણું પ્રાપ્ત કરે તો તે ક્યાંથી પ્રાપ્ત કર્યું ? ઈંદ્રિયોની ભાવના કરતાં થાય ? પરની સહાયતાથી થાય ? પરનો તો આત્મામાં અભાવ છે. પોતાને પોતાના અસંખ્ય પ્રદેશનો વિરહ નથી પણ અતીંદ્રિય અસંખ્ય પ્રદેશી શુદ્ધ આત્માની રુચિ છોડી સ્પર્શની તથા ઈંદ્રિયની તથા એક સમયના અંશની રુચિ કરી ક્રમેક્રમે હીણી દશા થતાં એકેંદ્રિયપણું પ્રાપ્ત કરે છે. ઈંદ્રિયાદિની રુચિ છોડે ને સ્વભાવની રુચિ કરે તો ક્રમે વધીને અતીંદ્રિયપણું પ્રાપ્ત કરે.

સમકિતી જીવને સ્પર્શના વિષય વખતે ખ્યાલ છે કે મારી નબળાઈથી રાગ થાય છે છતાં તે ઈંદ્રિયના વિષયમાં સુખ માનતા નથી. વિષય વખતે પણ સ્વભાવની રુચિ ખસતી નથી ને અજ્ઞાનીને સ્વભાવની રુચિ થતી નથી.

એકેંદ્રિય જીવનું અહીં જ્ઞાન કરાવે છે. ધર્મી જીવ એકેંદ્રિય જીવના સ્વરૂપનું જ્ઞાન કરી વિચારે છે કે આ જીવે સ્વભાવની રુચિ છોડી છે ને ઈંદ્રિયાદિની રુચિ કરી છે તેથી તે હીણી દશાને પામ્યો છે. હું ઈંદ્રિયની રુચિ છોડી, સ્વભાવની રુચિ કરી ઉગ્રપણે સ્વભાવને સાધી લઉં એમ તે ભાવના ભાવે છે.

ઉપરના કથનનો સાર એ છે કે :

(૧) એકેંદ્રિય આત્મા છે એમ કબૂલ કરતાં આ જગતમાં અનંતા આત્મા છે એમ સાબિત થાય છે.

(૨) એકેંદ્રિયપણામાં પરિણમન ઘણું હીણું થઈ ગયું છે.

(૩) એકેંદ્રિયપણાની પર્યાય વખતે પણ ઉગ્ર પરિણમન થવાની લાયકાત જીવમાં પડી છે, ઉગ્ર પુરુષાર્થ વડે એકેંદ્રિયપણાનો અભાવ થઈ સર્વજ્ઞ થઈ શકવાની લાયકાત છે.

આમ અનંતા આત્મા છે, તેમાં વિરોધ કરીને હીણી દશાને પામેલા એકેંદ્રિય જીવો છે. નિમિત્ત સ્પર્શેન્દ્રિય છે. છતાં શક્તિએ સર્વજ્ઞ છે. આવી બધી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી માટે અન્યમત સાથે સમન્વય થઈ શકે એમ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનનો વિકાસ અને વીતરાગતા પૂજ્ય છે પણ જ્ઞાનની હીણી દશા અને રાગ પૂજ્ય નથી. માટે રાગી દેવો પૂજ્ય નથી. તેમજ તેની વાત માન્ય હોઈ શકે નહિ. ધર્મી જીવ વિચારે છે કે આ એકેંદ્રિય જીવો હીણી દશાને પામ્યા છે તે પોતાના અપરાધથી પામ્યા છે. આત્મા તો સર્વજ્ઞ સ્વભાવી છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરતાં સ્વને જાણતાં બધા પદાર્થોને જાણી શકે એવી પ્રતીતિનો ખ્યાલ આવે છે.

અત્યારે જીવો સમન્વય કરે છે પણ જૈનદર્શનને બીજા સાથે મેળ ખાય તેમ નથી. માટે યથાર્થ વિચાર કરવો જોઈએ.

(૧) એકેંદ્રિય જીવનો ઉઘાડ કર્મના કારણે માને તો જીવની પર્યાય રહેતી નથી ને પર્યાય નહીં રહેતાં જીવ સાબિત થતો નથી.

(૨) જીવની હીણી દશાના કારણે કર્મ આવ્યું એમ માને તો પુદ્‌ગલદ્રવ્ય સાબિત થતું નથી. છતાં જીવની હીણી દશા વખતે કર્મો આવ્યા વિના રહેતાં નથી તોપણ બન્ને સ્વતંત્ર છે.

પૃથ્વીકાયાદિ સ્થાવરના પાંચ ભેદ છે. તેમાં અંદર અરૂપી જીવ છે. તેના શરીરના ભેદોથી બહુ જાત છે તોપણ નિશ્ચયથી તે બધા જીવો મોહગર્ભિત રાગભાવ ઉપજાવે છે ને સ્પર્શના વિષયને ભોગવે છે.

મનુષ્યપણામાં સાચું સમજવાનાં ટાણાં વખતે જે જીવ વસ્તુસ્વરૂપને સમજતો નથી ને તીવ્ર વિરોધ કરે છે તે અતીંદ્રિય સ્વભાવનો અનાદર કરી કર્મનું ઉપાર્જન કરે છે ને એકેંદ્રિયપણું પ્રાપ્ત કરે છે.

એકેંદ્રિય જીવોનું અહીં જ્ઞાન કરાવે છે.

જીવના જ્ઞાનની તાકાતની વાત કરે છે. દ્રવ્ય ગુણ કાયમ રહે છે. પર્યાયમાં હીણપ છે. ઈંદ્રિય નિમિત્ત છે ને દ્રવ્યના આશ્રયે પૂર્ણ વિકાસ કરે તો ઈંદ્રિય ને કર્મ રહે નહિ ને પૂર્ણદશા પ્રગટ થાય એમ યથાર્થ શ્રદ્ધાજ્ઞાન કરતો નથી તેવો જીવ અનેક પદાર્થો પ્રત્યે રાગ–દ્વેષ–મોહ કરી એકેંદ્રિયપણું પામી સ્પર્શના વિષયને ભોગવે છે.

**ભાવાર્થ** : આ પાંચ પ્રકારના સ્થાવર કાયના જીવોના અનેક ભેદો છે. તે જીવો મોહકર્મના નિમિત્તે પોતાના અજ્ઞાનના કારણે સુખદુઃખરૂપ ફળને ભોગવે છે. ત્યાં રાગ–દ્વેષના કર્તાપણાની મુખ્યતા નથી. તે જીવો એક કાયને આધીન થઈ અનેક નવી અવસ્થા ધારણ કરે છે. જે જીવ યથાર્થપણે એકેંદ્રિયની શ્રદ્ધા કરે છે તેને આત્માના અસ્તિત્વની શ્રદ્ધા થાય છે. જ્ઞાન જ જેની ભાવના છે તે એકેંદ્રિયપણે પરિણમતો નથી પણ વિકાસ પામી કેવળજ્ઞાન પામે છે. ને જે યથાર્થ શ્રદ્ધતો નથી તે એકેંદ્રિયપણાને પામે છે. ૧૧૦.

---

**ति त्थावरतणुजोगा अणिलाणलकाइया य तेसु तसा।**
**मणपरिणामविरहिदा जीवा एइंदिया णेया ॥ १११ ॥**

**त्रयः स्थावरतनुयोगा अनिलानलकायिकाश्च तेषु त्रसाः।**
**मनःपरिणामविरहिता जीवा एकेन्द्रिया ज्ञेयाः ॥ १११ ॥**

**ત્યાં જીવ ત્રણ સ્થાવરતનુ, ત્રસ જીવ અગ્નિ-સમીરના;**
**એ સર્વ મનપરિણામવિરહિત એક-ઈંદ્રિય જાણવા. ૧૧૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [तेषु] તેમાં, [त्रयः] ત્રણ (પૃથ્વીકાયિક, અપ્‌કાયિક ને વનસ્પતિકાયિક) જીવો [स्थावरतनुयोगाः] સ્થાવર શરીરના સંયોગવાળા છે [च] તથા [अनिलानलकायिकाः] વાયુકાયિક ને અગ્નિકાયિક જીવો [त्रसाः] ત્રસ છે; [मनःपरिणामविरहिताः] તે બધા મનપરિણામરહિત [एकेन्द्रियाः जीवाः] એકેંદ્રિય જીવો [ज्ञेयाः] જાણવા. ૧૧૧.

---

**तात्पर्यवृत्ति** : अथ व्यवहारेणाग्निवातकायिकानां त्रसत्वं दर्शयति, – पृथिव्यब्वनस्पतयस्त्रयः स्थावर-काययोगात्संबंधात्स्थावरा भण्यंते अनलानिलकायिकाः तेषु पंचस्थावरेषु मध्ये चलनक्रियां दृष्ट्वा व्यवहारेण त्रसा भण्यंते । यदि त्रसास्तर्हि किं मनो भविष्यति ? नैवं । **मणपरिणामविरहिदा** मनःपरिणामविहीनास्तथा चैकेन्द्रियाश्च ज्ञेयाः । के ? जीवा इति । तत्र स्थावरनामकर्मोदयाद्भिन्नमनंत-ज्ञानादिगुणसमूहादभिन्नत्वं यदात्मतत्त्वं तदनुभूतिरहितेन जीवेन यदुपार्जितं स्थावरनामकर्म तदुदयाधीनत्वात् यद्यप्यग्निवातकायिकानां व्यवहारेण चलनमस्ति तथापि निश्चयेन स्थावरा इति भावार्थः ।। १११ ।।

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૪, સોમવાર]

સ્થાવરનામકર્મના ઉદયથી પૃથ્વી, જળ, વનસ્પતિ એ ત્રણ પ્રકારના જીવ એકેંદ્રિય જાણવા. પાંચ સ્થાવરોમાં વાયુ તથા અગ્નિ એ બે પ્રકારના જીવો ચાલે છે, તથાપિ સ્થાવરનામકર્મના ઉદયથી સ્થાવર એકેંદ્રિય જીવ કહેવામાં આવે છે. કેવા છે એકેંદ્રિય જીવ ? મનોયોગરહિત છે.

આત્મા અનંત ગુણોનો પિંડ છે. તે સ્થાવરનામકર્મથી જુદો છે. આત્મા કર્મ તથા મનથી રહિત છે ને પોતાના ગુણોથી અભિન્ન છે. તેની ભાવના જે કરતો નથી તે કર્મો બાંધે છે ને તેથી એકેંદ્રિયપણાને પ્રાપ્ત થાય છે. રાગની ભાવના કરતાં સ્થાવરનામકર્મ ઉપાર્જન કરે છે.

વર્તમાન જે જે અવસ્થા દેખાય છે તે કર્મના નિમિત્તે થાય છે, તે કર્મ પોતાની ભૂલના કારણે બંધાયેલ છે. કોઈ જીવ પાણીના જીવરૂપે થયો. આમ કેમ ? પૂર્વે એવા ભાવ કરેલ છે તેથી. આને શરીર નીરોગ કેમ ? નીરોગ શરીરની અવસ્થા છે તે કર્મના નિમિત્તે થયેલ છે. પૂર્વે પોતાના સ્વભાવને ચૂકીને શુભભાવ કરેલ તેના ફળમાં તે કર્મ બંધાયેલ ને તેના નિમિત્તે શાતા દેખાય છે. વર્તમાન ભૂલથી રોગ થતો નથી ને ધ્યાન રાખે તેથી શરીર નીરોગ થાય છે એમ પણ નથી. પોતે સ્વભાવને ચૂકીને પૂર્વે શુભાશુભભાવો કરેલા તેના ફળમાં કર્મ બંધાયેલ, તેના ફળમાં રોગ નીરોગતા દેખાય છે.

સિદ્ધદશામાં એકલો શુદ્ધ આત્મા રહી ગયો તેથી સિદ્ધ ભગવાન સૌથી મોટા થઈ ગયા. તે સિદ્ધને અગ્રેસર સ્વીકારવા હોય તો હીણી દશા અને હીણી દશા જે ભાવે મળે તે બધાનીં ભાવના છોડ ને સ્વભાવની ભાવના કર તો સિદ્ધને અગ્રેસર અથવા પ્રભુ માન્યા કહેવાય.

આ જીવો મનરહિત કેમ થઈ ગયા ? પંચેન્દ્રિયપણાના ઉઘાડની લાયકાત ન રહી એટલે મનનું નિમિત્તપણું પણ ગયું. ઉઘાડની યોગ્યતા પોતાના કારણે છે તે જીવાસ્તિકાયની વાત ચાલે છે. તે જીવ પોતાના સ્વભાવને ચૂકીને પોતાની હીણી દશા કરતાં કરતાં મન વગરનો થઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ એકેંદ્રિયપણામાં પૃથ્વીમાં ઉપરાઉપરી જન્મ લ્યે તો ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે, બાદર નિગોદ અગ્નિ વગેરેમાં ઉપરાઉપરી ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે, તેથી વધારે વખત ન રહે, પોતાનો તીવ્ર વિરોધ ભાવ ચાલુ રાખે ને એકેંદ્રિયપણાની યોગ્યતા રાખે તો એકેંદ્રિયપણામાં જન્મમરણ કર્યા કરે છે. વાયુનો જીવ પૃથ્વી થાય ઇત્યાદિ એમ એક એકેંદ્રિયમાંથી બીજી એકેંદ્રિયના ભવો કરતાં કરતાં અસંખ્ય પુદ્ગલ પરાવર્તન સુધી ત્યાં જન્મમરણ કરે છે. માટે અહીં કહે છે કે જ્ઞાનની હીણી દશાની, રાગની ને નિમિત્તની ભાવના કરવા જેવી નથી. જો તેની ભાવના કરી તો ઉપરાઉપરી આવા એકેંદ્રિયના ભવ કરવા પડશે.

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. વીતરાગ ને સર્વજ્ઞદશા પૂજ્ય છે. તે દશા પ્રગટ ન કરે ને હીણું પરિણમન કરે તો પોતાના કારણે છે ને જડની પર્યાય જડના કારણે છે. એકમાં સમુચ્ચય સ્થાવર લીધા ને એકમાં મન વગરના લીધા. મન મળે તો જીવની લાયકાતથી મળે છે, મન મળતું નથી. એ પણ જીવની લાયકાતથી મળતું નથી. કર્મને લીધે નહિ એમ સમજી કર્મ ઉપરની ભાવના ઉઠાવી દ્રવ્યસ્વભાવની ભાવના કરે તો ધર્મ થાય ને એવી ભાવના ન ભાવે તો હીણી દશા થાય. ૧૧૧.

---

**एदे जीवणिकाया पंचविधा पुढविकाइयादीया ।**
**मणपरिणामविरहिदा जीवा एगेंदिया भणिया ॥ ११२ ॥**

**एते जीवनिकायाः पञ्चविधाः पृथिवीकायिकाद्याः ।**
**मनःपरिणामविरहिता जीवा एकेन्द्रिया भणिताः ॥ ११२ ॥**

**આ પૃથ્વીકાયિક આદિ જીવનિકાય પાંચ પ્રકારની,**
**સઘળાય મનપરિણામવિરહિત જીવ એકેંદ્રિય કહ્યા. ૧૧૨.**

**અન્વયાર્થ** : [एते] આ [पृथिवीकायिकाद्याः] પૃથ્વીકાયિક વગેરે [पञ्चविधाः] પાંચ પ્રકારના [जीवनिकायाः] જીવનિકાયોને [मनःपरिणामविरहिताः] મનપરિણામરહિત [एकेन्द्रियाः जीवाः] એકેંદ્રિય જીવો [भणिताः] (સર્વજ્ઞે) કહ્યા છે.

---

**तात्पर्यवृत्ति** : अथ पृथ्वीकायिकादीनां पंचानामेकेन्द्रियत्वं नियमयति, – एते प्रत्यक्षीभूता जीवनिकायाः पंचविधाः पृथ्वीकायिकादयो जीवाः । ते कथंभूताः भणिताः ? मनःपरिणामविरहिताः न केवलं मनःपरिणामविरहिता एकेन्द्रियाश्च । कस्मिन् सतीत्थंभूताः भणिताः ? वीर्यांतरायस्पर्शनेन्द्रियावरणक्षयोपशमलाभात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सतीति । अथ सूत्रे विश्वोपाधिविमुक्तशुद्धसत्तामात्रदेशकेन निश्चयनयेन यद्यपि पृथ्व्यादिपंचभेदरहिता जीवास्तथापि व्यवहारनयेनाशुद्धमनोगतरागाद्यपध्यानसहितेन शुद्धमनोगतस्वसंवेदनज्ञानरहितेन यद्बद्धमेकेन्द्रियजातिनामकर्म तदुदयेनामनसः एवैकेन्द्रियाश्च भवंतीत्यभिप्रायः ॥ ११२ ॥

**समयव्याख्या : पृथिवीकायिकादीनां पंचानामेकेन्द्रियत्वनियमोऽयम् । पृथिवीकायिकादयो हि जीवाः स्पर्शनेन्द्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सत्येकेन्द्रिया अमनसो भवंतीति ॥ ११२ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પૃથ્વીકાયિક વગેરે જીવો, સ્પર્શનેંદ્રિયના (-ભાવસ્પર્શનેંદ્રિયના) આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇંદ્રિયોના (-ચાર ભાવેંદ્રિયોના) આવરણનો ઉદય તેમજ મનના (-ભાવમનના) આવરણનો ઉદય હોવાથી, મનરહિત એકેંદ્રિય છે. ૧૧૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૪, સોમવાર]

તે પૃથ્વી આદિ પાંચ પ્રકારના જીવો છે ને મનોયોગના વિકલ્પોથી રહિત એકેંદ્રિય જીવો છે. તે મન વગરના કેમ થયા ? આત્મા ઉપાધિરહિત છે તેની ભાવના જે છોડે છે તે જીવ મન વગરના થઈ જાય છે. આત્માના શુદ્ધ પરિણામરહિત ને અશુદ્ધ પરિણામ સહિતના જીવો એકેંદ્રિયપણું પામે છે. જ્યારે જીવ પંચેંદ્રિય મનુષ્ય હતો ત્યારે આત્માનું ભાન કરી અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનના દીવડા પ્રગટી ઊઠે એવી યોગ્યતા હતી. પણ આત્માનું ભાન નહિ કરતાં આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરી વિકાર ને પુણ્યની ભાવના ભાવી એકેંદ્રિયપણાને પામે છે.

આ શરીરની સ્થિતિ ૨૫/૫૦ વર્ષની હોય છે પણ તેટલા વખતમાં ઉપાધિનો પાર હોતો નથી. આ શરીર ફુ થઈ જશે ને અત્યારે જેનો પરિચય વર્તે છે તેવા જીવો ક્યાંય દેખાશે નહિ પણ અજ્ઞાનીને તેની ખબર નથી. આત્મા મનાતીત છે તેની ભાવના નહિ કરતાં અશુદ્ધતાની ભાવના કરે છે તે ક્રમે કરીને હીણી દશાને પામી મન વગરનો થઈ જાય છે. એક પથરો ઊંચે ફેંક્યો હોય તે નીચે આવ્યા વિના રહેતો નથી. તેમ કોઈ ઊંચો થઈને પંચેન્દ્રિય થયો હોય તોપણ આત્માનું ભાન નહિ હોવાના કારણે નીચેની દશા-એકેંદ્રિયમાં આવ્યા વિના રહેશે નહિ. કારણ કે ત્રસ-બેઇંદ્રિયથી પંચેંદ્રિયની સ્થિતિ બે હજાર સાગરની છે. તે પૂરી થઈ જતાં એકેંદ્રિયપણાને પ્રાપ્ત થાય છે. સ્વભાવને સંભાળ્યો નહિ માટે હીણી દશા પામ્યો છે. એકેંદ્રિય જીવની દયા પાળવાની કે તે દયાથી ધર્મ થાય તે વાત અહીં નથી. એકેંદ્રિય પર્યાયનું જ્ઞાન કરાવી શક્તિએ તું સર્વજ્ઞ છો એમ બતાવે છે. અવળો પડે તો હીણો થાય છે ને સવળો પડે તો સર્વજ્ઞ થાય છે તે સમજાવવા આ વાત કરી છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૫, મંગળવાર]

પાંચ પ્રકારના પૃથ્વીકાય આદિ સ્થાવર એકેંદ્રિય જીવો છે. પોતાના જ્ઞાનસ્વભાવની ભાવના નહિ કરનાર હીણી દશા પામે તો એકેંદ્રિય થાય છે. સર્વથા વિકાસનો અભાવ થઈ જાય તો જડ થઈ જાય પણ એમ બનતું નથી. એકેંદ્રિયના જેટલો વિકાસ રહે છે. આત્મા શક્તિએ પ્રભુ છે ને પર્યાયમાં પ્રભુ થવાની લાયકાત છે. એવું જેને ભાન નથી ને વિભાવ જેટલો પોતાને માને છે તે હીણી દશાને પામે છે. પૃથ્વી આદિ પાંચ પ્રકારના સ્થાવર જીવ છે તેને સ્પર્શેંદ્રિય વડે જાણવાનો ઉઘાડ છે, બીજી ચાર ઇંદ્રિયોથી જાણપણું કરવાની તેમ જ મનથી જાણપણું કરવાની યોગ્યતા નથી કેમ કે તે જીવો ચાર ઇંદ્રિયો ને મનરહિત છે.

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. આત્મા પોતાના જ્ઞાનભાવનો સ્વતંત્રપણે કર્તા છે, તેને રાગનો કર્તા કહેવો તે ઉપચારમાત્ર છે. જાણનાર-દેખનાર રૂપે રહેવું તે તેનું સ્વરૂપ છે. તેવા સ્વરૂપમાં જે જીવ રહેતો નથી તે હીણી દશાને પામે છે. ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે તે દરમ્યાન આત્માનું ભાન કરી મોક્ષ દશાને પામે, નહિ તો એકેંદ્રિયપણાને પામે એવો નિયમ છે. એટલે તે દરમ્યાન જે આત્માનું ભાન કરતો નથી તે એકેંદ્રિયપણાને અવશ્ય પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧) એકેંદ્રિયપણામાં માત્ર સ્પર્શને જાણવાનો વિકાસ રહ્યો ને સામે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ એમ પાંચ ઈંદ્રિયોના વિષયોવાળા પદાર્થો છે જેથી એકેંદ્રિય જીવને જ્ઞેય પદાર્થોમાં જાણવું ઘણું બાકી રહી જાય છે. સામેના સ્કંધોમાં સ્પર્શાદિ ગુણો, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ઘણું જાણવાનું બાકી રહે છે.

(૨) સામેના પદાર્થોમાં આટલું જ્ઞેય જાણવું બાકી રહે છે તો અહીં જ્ઞાનમાં પણ જાણવાની શક્તિ હોવી જોઈએ. સામે જ્ઞેયો હોય ને અહીં જ્ઞાનશક્તિ ન હોય એમ બને નહિ. માટે જ્ઞાનમાં પણ અવ્યક્ત શક્તિ એકેંદ્રિય જીવમાં પણ પડેલી છે એમ નક્કી થાય છે. તે દ્રવ્યગુણમાં ભરેલી છે એટલે કે પાંચે ઈંદ્રિયોના વિષયો તથા આખા લોકાલોકના પદાર્થોને જાણવાની શક્તિ એકેંદ્રિય જીવમાં અવ્યક્તપણે પડેલી છે.

(૩) હવે તે એકેંદ્રિય જીવ રાગની મંદતા કરી વિકાસ પામે ને બેઈંદ્રિયપણું પામે તો સ્પર્શ ને રસના વિષયોને જાણે, તેના કરતાં વિશેષ વિકાસ કરે તો અસંજ્ઞી પંચેંદ્રિયપણા સુધી પોતપોતાના યોગ્ય વિષયોને જાણી શકે.

(૪) તેથી વિશેષ રાગની મંદતા કરી સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્ય થાય તો મનની ધારણાથી સ્કંધોના સ્પર્શાદિ ગુણો તથા અસ્તિત્વ વગેરે ગુણોને શાસ્ત્ર આધારે જાણી શકે પણ તે રાગ સહિતની ધારણા છે.

(૫) તેથી વિશેષ પુરુષાર્થ કરે ને રાગરહિત સ્વભાવની દૃષ્ટિ કરીને પોતાને યથાર્થ જાણે તો સ્વ-પરના જે ગુણો છે તે ગુણોની પ્રતીતિ થયા વિના રહે નહિ. ગુણોને પ્રત્યક્ષ જાણતો નથી. પણ સ્વસંવેદન અંશે પ્રત્યક્ષજ્ઞાન પ્રગટ થતાં બધા ગુણોની પ્રતીતિ યથાર્થ થઈ જાય છે ને તેનું પરોક્ષ જ્ઞાન થાય છે.

(૬) તેથી વિશેષ પુરુષાર્થ વડે સ્વભાવમાં સ્થિરતા કરે તો રાગરહિતપણે થઈ કેવળજ્ઞાન પ્રગટે ત્યારે બધું સ્વ-પર પ્રત્યક્ષ થઈ જાય છે. લોકાલોકને તેમ જ બધા દ્રવ્ય ગુણપર્યાયને પ્રત્યક્ષ જાણી લ્યે છે. વસ્તુમાં પરોક્ષ-પ્રત્યક્ષપણું નથી પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષપણું છે.

(૭) આમ ચૈતન્ય આત્મામાં ઉગ્ર પુરુષાર્થ વડે વિકાસ કરતાં પ્રત્યક્ષપણે બધા સ્વ-પર પદાર્થોને જાણવાની તાકાત ખીલી શકે એમ છે. એવા અનંતા પ્રભુ છે. તેવી શક્તિ દરેક એકેંદ્રિય જીવમાં પણ રહેલી છે.

પણ આવી પ્રભુતાને ચૂકેલા જીવો હીણી પર્યાયરૂપે થઈ ગયા ને ચાર ઈંદ્રિય ને મન વિનાના થઈ ગયા. તેઓ એક જ સ્પર્શેંદ્રિયનો વિષય જાણે છે.

એકેંદ્રિય જીવોને ચૈતન્યનું અસ્તિત્વ રહેતું નથી એમ કોઈ શંકા કરે તો તેને દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે. ૧૧૨

---

**अंडेसु पवड्ढंता गब्भत्था माणुसा य मुच्छगया।**
**जारिसया तारिसया जीवा एगेंदिया णेया॥ ११३॥**

**अंडेषु प्रवर्धमाना गर्भस्था मानुषाश्च मूर्च्छां गताः।**
**यादृशास्तादृशा जीवा एकेन्द्रिया ज्ञेयाः॥ ११३॥**

**જેવા જીવો અંડસ્થ, મૂર્છાવસ્થ વા ગર્ભસ્થ છે;**
**તેવા બધા આ પંચવિધ એકેંદ્રિ જીવો જાણજે. ૧૧૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [अंडेषु प्रवर्धमानाः] ઈંડાંમાં વૃદ્ધિ પામતાં પ્રાણીઓ, [गर्भस्थाः] ગર્ભમાં રહેલાં પ્રાણીઓ [च] અને [मूर्च्छां गताः मानुषाः] મૂર્છા પામેલા મનુષ્યો, [यादृशाः] જેવાં (બુદ્ધિપૂર્વક વ્યાપાર વિનાનાં) છે, [तादृशाः] તેવા [एकेन्द्रियाः जीवाः] એકેંદ્રિય જીવો [ज्ञेयाः] જાણવા.

---

**तात्पर्यवृत्ति** : अथ पृथिवीकायाद्येकेन्द्रियाणां चैतन्यास्तित्वविषये दृष्टांतमाहः – अंडेषु प्रवर्तमानास्तिर्यंचो गर्भस्था मानुषा मूर्छागताश्च यादृशा ईहापूर्वव्यवहाररहिता भवन्ति तादृशा एकेन्द्रियजीवा ज्ञेया इति । तथाहि – यथाण्डजादीनां शरीरपुष्टिं दृष्ट्वा बहिरंगव्यापाराभावेपि चैतन्यास्तित्वं गम्यते म्लानतां दृष्ट्वा नास्तित्वं च ज्ञायते तथैकेन्द्रियाणामपि । अयमत्र भावार्थः – परमार्थेन स्वाधीनतानंतज्ञानसुखसहितोपि जीवः पश्चादज्ञानेन पराधीनेन्द्रियसुखासक्तो भूत्वा यत्कर्म बध्नाति तेनांडजादिसदृशमेकेन्द्रियजं दुःखितं चात्मानं करोतीति ॥ ११३ ॥

**समयव्याख्या : एकेन्द्रियाणां चैतन्यास्तित्वे दृष्टांतोपन्यासोऽयम् । अंडांतर्लीनानां, गर्भस्थानां, मूर्च्छितानां च बुद्धिपूर्वकव्यापारादर्शनेऽपि येन प्रकारेण जीवत्वं निश्चीयते, तेन प्रकारेणैकेन्द्रियाणामपि, उभयेषामपि बुद्धिपूर्वकव्यापारादर्शनस्य समानत्वादिति ॥ ११३ ॥**

**અનુવાદ : આ, એકેંદ્રિયોને ચૈતન્યનું અસ્તિત્વ હોવા સંબંધી દૃષ્ટાંતનું કથન છે.**

**ઈંડાંની અંદર રહેલાં, ગર્ભમાં રહેલાં અને મૂર્છા પામેલાં (પ્રાણીઓ)ના જીવત્વનો, તેમને બુદ્ધિપૂર્વક વ્યાપાર નહિ જોવામાં આવતો હોવા છતાં, જે પ્રકારે નિશ્ચય કરાય છે, તે પ્રકારે એકેંદ્રિયોના જીવત્વનો પણ નિશ્ચય કરાય છે; કારણ કે બંનેમાં બુદ્ધિપૂર્વક વ્યાપારનું અદર્શન સમાન છે. ૧૧૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૫, મંગળવાર]

જેવી રીતે પક્ષીનાં ઈંડાં વધતાં જાય છે તે જીવનો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે. તેવી રીતે એકેંદ્રિય જીવો જાણવા.

**ભાવાર્થ** : જેવી રીતે ઈંડામાં જીવ વધે છે પરંતુ ઈંડામાં શ્વાસ દેખાતો નથી. છતાં ઈંડું વધે છે માટે અંદર જીવ હોવો જોઈએ એમ જાણી શકાય છે. વળી જેવી રીતે વનસ્પતિમાં લીમડોપીપળો વગેરે વધતા દેખાય છે, તેમાં અંકુરા ફૂટે છે તે અંદર જીવનું હોવાપણું બતાવે છે. તેવી રીતે બધા સ્થાવર જીવો જીવનગુણ સહિત છે. પથ્થરની ખાણો વધતી દેખાય છે તેમાં જીવો ઊપજ્યા કરે છે ને તેના નિમિત્તે શરીર વધ્યા કરે છે તેમ દેખાય છે.

વળી જેવી રીતે ગર્ભમાં રહેલો જીવ ઉપરથી માલૂમ પડતો નથી પણ ગર્ભ વધતો જાય છે તેમ જીવ અંદર મોટો થતો જાય છે. તથા જેમ મૂર્છાને પ્રાપ્ત થયેલ મનુષ્ય મૃતક સદૃશ જોવામાં આવે છે પરંતુ અંદરમાં જીવ રહેલો છે તેવી રીતે પાંચ પ્રકારના સ્થાવર જીવોમાં ઉપરથી જીવની ચેષ્ટા માલૂમ પડતી નથી પરંતુ આગમથી તથા તે જીવોની પ્રફુલ્લતા આદિ અવસ્થાઓથી ચૈતન્ય માલૂમ પડે છે. ૧૧૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**संबुक्कमादुवाहा संखा सिप्पी अपादगा य किमी।**
**जाणंति रसं फासं जे ते बेइंदिया जीवा ॥ ११४ ॥**

**शंबूकमातृवाहाः शङ्खाः शुक्तयोऽपादकाः च कृमयः ।**
**जानन्ति रसं स्पर्शं ये ते द्वीन्द्रियाः जीवाः ॥ ११४ ॥**

**શંબૂક, છીપો, માતૃવાહો, શંખ, કૃમિ પગ-વગરના**
**–જે જાણતા રસસ્પર્શને, તે જીવ દ્વીંદ્રિય જાણવા. ૧૧૪.**

**અન્વયાર્થ** : [शंबूकमातृवाहाः] શંબૂક, માતૃવાહ, [शङ्खाः] શંખ, [शुक्तयः] છીપ [च] અને [अपादकाः कृमयः] પગ વગરના કૃમિ – [ये] કે જેઓ [रसं स्पर्शं] રસ અને સ્પર્શને [जानन्ति] જાણે છે [ते] તેઓ – [द्वीन्द्रियाः जीवाः] દ્વીંદ્રિય જીવો છે.

---

**तात्पर्यवृत्ति** : एवं पंचस्थावरव्याख्यानमुख्यतया गाथाचतुष्टयेन द्वितीयस्थलं गतं । अथ द्वीन्द्रियभेदान् प्ररूपयति,– शंबूकमातृवाहा शंखशुक्त्यपादगकृमयः कर्तारः स्पर्शरसद्वयं जानंत्येते जीवा यतस्ततो द्वीन्द्रिया भवंतीति । तद्यथा । शुद्धनयेन द्वीन्द्रियस्वरूपात्पृथग्भूतं केवलज्ञानदर्शनद्वयादपृथग्भूतं यत् शुद्धजीवास्तिकायस्वरूपं तद्भावनोत्थसदानंदैकलक्षणसुखरसास्वादरहितैः स्पर्शनरसनेन्द्रियादिविषयसुख-रसास्वादसहितैर्जीवैर्यदुपार्जितं द्वीन्द्रियजातिनामकर्म तदुदयकाले वीर्यांतरायस्पर्शरसनेन्द्रियावरणक्षयोपशम-लाभात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति द्वीन्द्रिया अमनसो भवंतीति सूत्रार्थः ॥११४ ॥

**समयव्याख्या : द्वीन्द्रियप्रकारसूचनेयम् । एते स्पर्शनरसनेन्द्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसयोः परिच्छेत्तारो द्वीन्द्रिया अमनसो भवंतीति ॥ ११४ ॥**

**અનુવાદ : આ, દ્વીંદ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય અને રસનેંદ્રિયના (-એ બે ભાવેંદ્રિયોના) આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇંદ્રિયોના (-ત્રણ ભાવેંદ્રિયોના) આવરણનો ઉદય તેમ જ મનના (-ભાવમનના) આવરણનો ઉદય હોવાથી સ્પર્શ અને રસને જાણનારા આ (શંબૂક વગેરે) જીવો મનરહિત દ્વીંદ્રિય જીવો છે. ૧૧૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૫, મંગળવાર]

બેઇંદ્રિય જીવોનો ભેદ બતાવે છે. નાના શંખ, છીપ, કૃમિ, લય વગેરે અનેક પ્રકારના બેઇંદ્રિય જીવો છે તે જીભથી રસ ને સ્પર્શથી શીત ઉષ્ણ જાણે છે. તેથી તે જીવ બેઇંદ્રિયવાળા જાણવા.

બેઇંદ્રિયપણું કેમ મળ્યું ? તે જયસેનાચાર્ય ટીકામાં કહે છે : આત્માનો સ્વભાવ તો ઇંદ્રિયથી જુદો છે ને ભાવઇંદ્રિયના ઉઘાડ જેટલો પણ આત્મા નથી. ને પોતાના જ્ઞાનદર્શનગુણોથી અભિન્ન-અભેદ છે, હું શુદ્ધ ચિદાનંદ આત્મા છું, જ્ઞાતાદ્રષ્ટા છું એવી જેને ભાવના નથી ને સ્પર્શના ભોગમાં ને રસના ગૃદ્ધિપણામાં સુખ માની રાગ-દ્વેષમાં રોકાય છે તે બેઇંદ્રિય નામકર્મ બાંધે છે, તેના નિમિત્તે બેઇંદ્રિયનું શરીર મળે છે. વર્તમાનમાં જે શરીર ને સંયોગો દેખાય છે તે પોતે પૂર્વે ભૂલ કરેલ ને તેના નિમિત્તે કર્મ બાંધેલ, તેના નિમિત્તે આ બધી વિચિત્રતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખાય છે. અહીં એકેંદ્રિય, બેઈંદ્રિય જીવને મારવા-બચાવવાની વાત નથી. **શુદ્ધ ચૈતન્યને ચૂક્યો** તો બેઈંદ્રિયપણું મળ્યું માટે બેઈંદ્રિયપણાને જાણવાનું **ફળ પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન** કરવાં તે છે. ૧૧૪.

---

**जूगागुंभीमक्कणपिपीलिया विच्छुयादिया कीडा ।**
**जाणंति रसं फासं गंधं तेइंदिया जीवा ॥ ११५ ॥**

**यूकाकुंभीमत्कुणपिपीलिका वृश्चिकादयः कीटाः ।**
**जानन्ति रसं स्पर्शं गंधं त्रींद्रियाः जीवाः ॥ ११५ ॥**

**જૂ, કુંભી, માંકડ, કીડી તેમ જ વૃશ્ચિકાદિક જંતુ જે**
**રસ, ગંધ તેમ જ સ્પર્શ જાણે, જીવ ત્રીંદ્રિય તેહ છે. ૧૧૫.**

**અન્વયાર્થ :** [यूकाकुंभीमत्कुणपिपीलिकाः] જૂ, કુંભી, માંકડ, કીડી અને [वृश्चिकादयः] વીંછી વગેરે [कीटाः] જંતુઓ [रसं स्पर्शं गंधं] રસ, સ્પર્શ અને ગંધને [जानन्ति] જાણે છે; [त्रींद्रियाः जीवाः] તે ત્રીંદ્રિય જીવો છે.

---

**तात्पर्यवृत्ति :** अथ त्रीन्द्रियभेदान् प्रदर्शयति, – **यूकामत्कुणकुंभीपिपीलिकाः पर्णवृश्चिकाश्च गणकीट**-कादयः कर्तारः स्पर्शरसगंधत्रयं जानन्ति यतस्ततः कारणात् त्रीन्द्रिया भवंतीति । **तथाहि – विशुद्धज्ञान**-दर्शनस्वभावात्मपदार्थसंवित्तिसमुत्पन्नवीतरागपरमानंदैकलक्षणसुखामृतरसानुभवच्युतैः **स्पर्शनरसनघ्राणेन्द्रियादि**-विषयसुखमूर्च्छितैर्जीवैर्यद्बद्धं त्रीन्द्रियजातिनामकर्म तदुदयाधीनत्वेन **वीर्यांतरायस्पर्शनरसनघ्राणेन्द्रियावरण**-क्षयोपशमलाभात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति त्रीन्द्रिया **अमनसो भवंतीति** सूत्राभिप्रायः ॥ ११५ ॥

**समयव्याख्या : त्रीन्द्रियप्रकारसूचनेयम् । एते स्पर्शनरसनघ्राणेंद्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसगंधानां परिच्छेत्तारस्त्रीन्द्रिया अमनसो भवंतीति ॥ ११५ ॥**

**અનુવાદ : આ, ત્રીંદ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય અને ઘ્રાણેંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઈંદ્રિયોના આવરણનો ઉદય તેમ જ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ અને ગંધને જાણનારા આ (જૂ વગેરે) જીવો મનરહિત ત્રીંદ્રિય જીવો છે. ૧૧૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૫, મંગળવાર]

જૂ, માંકડ, વીંછી, કીડી વગેરે જીવો છે તે **સ્પર્શ, રસ, ગંધ એમ ત્રણ વિષયોને જાણે** છે તેથી તે જીવોને સિદ્ધાંતમાં ત્રીંદ્રિય કહે છે.

**ભાવાર્થ :** એ સંસારી જીવોને **સ્પર્શન, રસન, નાસિકા એ ત્રણ ઈંદ્રિયોનો ઉઘાડ છે ને** બીજી બે ઈંદ્રિયોનું આવરણ છે તેથી **ત્રણ ઈંદ્રિય જીવ કહેવાય છે.**

જયસેન આચાર્યની સંસ્કૃત ટીકામાં ત્રીંદ્રિયપણું કેમ પ્રાપ્ત થયું તે બતાવે છે. **આત્માનો** સ્વભાવ વિશુદ્ધ જ્ઞાનદર્શનમય છે. તેના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતાથી **વીતરાગી પરમાનંદ લક્ષણવાળા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખામૃત રસનો અનુભવ ઉત્પન્ન થાય છે. પણ તેવા શુદ્ધ આત્માનું જેને ભાન નથી ને સ્પર્શ, રસ, ગંધના વિષયોમાં લોલુપી થાય છે તે જીવ વીતરાગ આનંદથી ચ્યુત થાય છે એટલે કે તેને તે સુખનો અનુભવ થતો નથી. ૧૧૫.

---

**उद्दंसमसयमक्खियमधुकरिभमरा पयंगमादीया ।**
**रूवं रसं च गंधं फासं पुण ते विजाणंति ॥ ११६ ॥**

**उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमराः पतङ्गाद्याः ।**
**रूपं रसं च गंधं स्पर्शं पुनस्ते विजानन्ति ॥ ११६ ॥**

**મધમાખ, ભ્રમર, પતંગ, માખી, ડાંસ, મચ્છર આદિ જે,**
**તે જીવ જાણે સ્પર્શને, રસ, ગંધ તેમ જ રૂપને. ૧૧૬.**

**અન્વયાર્થ** : [पुनः] વળી [उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमराः] ડાંસ, મચ્છર, માખી, મધમાખી, ભમરા અને [पतङ्गाद्याः ते] પતંગિયાં વગેરે જીવો [रूपं] રૂપ, [रसं] રસ, [गंधं] ગંધ [च] અને [स्पर्शं] સ્પર્શને [विजानन्ति] જાણે છે. (તે ચતુરિંદ્રિય જીવો છે.)

**तात्पर्यवृत्ति** : अथ चतुरिन्द्रियभेदान् प्रदर्शयति, – उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमरपतंगाद्याः कर्तारः स्पर्शरसगंधवर्णान् जानन्ति यतस्ततः कारणाच्चतुरिन्द्रिया भवन्ति । तद्यथा – निर्विकारस्वसंवेदनज्ञान-भावनोत्पन्नसुखसुधारसपानविमुखैः स्पर्शनरसनघ्राणचक्षुरादिविषयसुखानुभवाभिमुखैर्बहिरात्मभिर्यदुपार्जितं चतुरिन्द्रियजातिनामकर्म तद्विपाकाधीना तथा वीर्यांतरायस्पर्शनरसनघ्राणचक्षुरिन्द्रियावरणक्षयोपशमलाभात् श्रोत्रेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति चतुरिन्द्रिया अमनसो भवंतीत्यभिप्रायः ॥ ११६ ॥

**समयव्याख्या : चतुरिन्द्रियप्रकारसूचनेयम् । एते स्पर्शनरसनघ्राणचक्षुरिन्द्रियावरणक्षयोपशमात् श्रोत्रेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसगंधवर्णानां परिच्छेत्तारश्चतुरिन्द्रिया अमनसो भवंतीति ॥ ११६ ॥**

**અનુવાદ : આ, ચતુરિંદ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુરિંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા શ્રોત્રેંદ્રિયના આવરણનો ઉદય તેમ જ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ, ગંધ અને વર્ણને જાણનારા આ (ડાંસ વગેરે) જીવો મનરહિત ચતુરિંદ્રિય જીવો છે. ૧૧૬.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૫, મંગળવાર]

ડાંસ, મચ્છર, માખી, મધમાખ, ભમરા, પતંગ આદિ જીવ રૂપ, ગંધ, રસ ને સ્પર્શને જાણે છે તેથી નિશ્ચય કરીને તેને ચતુરિંદ્રિય જીવ જાણવા.

**ભાવાર્થ** : જ્યારે તે સંસારી જીવોને સ્પર્શન, જીભ, નાસિકા, નેત્ર એ ચાર ઇંદ્રિયોના આવરણકર્મનો ક્ષયોપશમ હોય ને કર્ણેંદ્રિય ને મનના આવરણનો ઉદય હોય છે ત્યારે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચાર વિષયોનો જાણનાર હોય છે. તે ચાર ઇંદ્રિય સહિત હોય છે ને કર્ણ ને મનથી રહિત હોય છે.

જીવના ઉઘાડને લીધે ઇંદ્રિયોના પરમાણુને આવવું પડે એમ પરાધીનતા નથી. આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જડ ઇંદ્રિયોનો કર્તા નથી. એક એક ઇંદ્રિયનો ઉઘાડ વધતો જાય તેમ એક એક અધિકરણ નિમિત્તરૂપે વધતું જાય છે એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે, પણ કોઈ કોઈનો કર્તા નથી.

જયસેનાચાર્ય ટીકામાં જણાવે છે કે જીવે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવની ઓળખાણ કરી નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનભાવનાથી સુખસુધારસપાન ઉત્પન્ન કરવું જોઈએ. પણ આત્માનું ભાન નહિ હોવાથી તે જીવને આવા સુખસુધારસનું પાન મળતું નથી ને સ્પર્શ, રસ, ઘ્રાણ ને ચક્ષુ વગેરેના વિષયમાં સુખ માની તે વિકારી સુખને ભોગવે છે તેથી ચતુરિંદ્રિયનામકર્મ ઉપાર્જન કરે છે ને તેથી તેપણે ઉત્પન્ન થાય છે. ૧૧૬

---

**सुरणरणारयतिरिया वण्णरसप्फासगंधसद्दण्हू ।**
**जलचरथलचरखचरा बलिया पंचेंदिया जीवा ॥ ११७ ॥**

**सुरनरनारकतिर्यञ्चो वर्णरसस्पर्शगंधशब्दज्ञाः ।**
**जलचरस्थलचरखचरा बलिनः पञ्चेन्द्रिया जीवाः ॥ ११७ ॥**

**સ્પર્શાદિ પંચક જાણતાં તિર્યંચ-નારક-સુર-નરો**
**–જળચર, ભૂચર કે ખેચરો–બળવાન પંચેંદ્રિય જીવો. ૧૧૭.**

**અન્વયાર્થ** : [वर्णरसस्पर्शगंधशब्दज्ञाः] વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણનારાં [सुरनरनारकतिर्यञ्चः]દેવ-મનુષ્ય-નારક-તિર્યંચ–[जलचरस्थलचरखचराः] જેઓ જળચર, સ્થળચર કે ખેચર હોય છે તેઓ–[बलिनः पञ्चेन्द्रियाः जीवाः] બળવાન પંચેંદ્રિય જીવો છે.

---

**तात्पर्यवृत्ति** : इति विकलेन्द्रियव्याख्यानमुख्यतया गाथात्रयेण तृतीयस्थलं गतं । पंचेन्द्रियभेदानावेदयति, – सुरनरनारकतिर्यंचः चत्वारः वर्णरसगंधस्पर्शशब्दज्ञाः यतः कारणात्ततः पंचेन्द्रियजीवा भवन्ति तेषु च मध्ये ये तिर्यंचस्ते केचन जलचरस्थलचरखचरा बलिनश्च भवन्ति । ते च के ? जलचरमध्ये ग्राहसंज्ञाः स्थलचरेष्वष्टापदसंज्ञाः खचरेषु भेरुंडा इति । तद्यथा–निर्दोषिपरमात्मध्यानोत्पन्ननिर्विकारतात्त्विकानंदैकलक्षणसुखविपरीतं यदिन्द्रियसुखं तदासक्तैर्बहिर्मुखजीवैर्यदुपार्जितं पंचेन्द्रियजातिनामकर्म तदुदयं प्राप्य वीर्यांतरायस्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रेन्द्रियावरणक्षयोपशमलाभान्नोइन्द्रियावरणोदये सति केचन शिक्षालापोपदेशनशक्तिविकलाः पंचेन्द्रिया असंज्ञिनो भवन्ति, केचन पुनर्नोइन्द्रियावरणस्यापि क्षयोपशमलाभात्संज्ञिनो भवन्ति, एकेन्द्रियादिचतुरिन्द्रियपर्यंता असंज्ञिन एव, तिर्यंचः पंचेन्द्रियाः संज्ञिनोऽसंज्ञिनो भवन्ति तेषु च मध्ये नारकमनुष्यदेवाः संज्ञिन एव तिर्यंचः पंचेन्द्रियाः संज्ञिनोऽसंज्ञिनो भवन्ति, एकेन्द्रियादिचतुरिन्द्रियपर्यंता असंज्ञिन एव । कश्चिदाह – क्षयोपशमविकल्परूपं हि मनो भण्यते तत्तेषामप्यस्तीति कथमसंज्ञिनः ? परिहारमाह – यथा पिपीलिकाया गंधविषये जातिस्वभावेनैवाहारादिसंज्ञारूपं पटुत्वमस्ति न चान्यत्र कार्यकारणव्याप्तिज्ञानविषये अन्येषामप्यसंज्ञिनां तथैव मनः पुनर्जगत्त्रयकालत्रयविषयव्याप्तिज्ञानरूपकेवलज्ञानप्रणीतपरमात्मादितत्त्वानां परोक्षपरिच्छित्तिरूपेण परिच्छेदकत्वात्केवलज्ञानसमानमिति भावार्थः ॥ ११७ ॥

**समयव्याख्या : पञ्चेन्द्रियप्रकारसूचनेयम् । अथ स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रेन्द्रियावरणक्षयोपशमात् नोइन्द्रियावरणोदये सति स्पर्शरसगंधवर्णशब्दानां परिच्छेत्तारः पञ्चेन्द्रिया अमनस्काः । केचित्तु**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**नोइन्द्रियावरणस्यापि क्षयोपशमात् समनस्काश्च भवन्ति। तत्र देवमनुष्यनारकाः समनस्का एव, तिर्यञ्चः उभयजातीया इति ॥ ११७ ॥**

**અનુવાદ : આ, પંચેન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે, મનના આવરણનો ઉદય હોતાં, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને જાણનારા જીવો મનરહિત પંચેંદ્રિય જીવો છે; કેટલાક (પંચેંદ્રિય જીવો) તો, તેમને મનના આવરણનો પણ ક્ષયોપશમ હોવાથી, મનસહિત (પંચેંદ્રિય જીવો) હોય છે.**

**તેમાં, દેવો, મનુષ્યો અને નારકો મન સહિત જ હોય છે; તિર્યંચો બંને જાતિનાં (અર્થાત્ મનરહિત તેમ જ મન સહિત) હોય છે. ૧૧૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૫, મંગળવાર]

તે જીવનો વિકાસ વધતાં પંચેંદ્રિય થાય છે. દેવ, મનુષ્ય, નારકી ને તિર્યંચ ગતિના જીવ છે તે પંચેંદ્રિય જીવ છે. જેમાં માછલાં આદિ જળચર છે. ગાયો, ભેંસો આદિ ભૂમિચર છે ને પક્ષી આકાશગામી છે. તે પંચેંદ્રિય જીવોને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ એ પાંચ ઈંદ્રિયનો ઉઘાડ છે. પોતાના કારણે જ્ઞાનનો વિકાસ પંચેંદ્રિયનો થયો છે. તે ઈંદ્રિયો ને મન દ્વારા પરપદાર્થો જણાય પણ આત્મા જણાય નહિ. કોઈ ઈંદ્રિય દ્વારા આત્મા જણાય તેવો નથી પણ અતીંદ્રિય સ્વસંવેદન જ્ઞાન દ્વારા જણાય એવો છે.

**ભાવાર્થ :** જ્યારે સંસારી જીવોને પાંચ ઈંદ્રિય આવરણ કર્મોનો ક્ષયોપશમ હોય ત્યારે પાંચે વિષયને જાણે છે. પંચેંદ્રિય જીવ બે પ્રકારના છે, એક સંજ્ઞી, એક અસંજ્ઞી. જેને મન આવરણ કર્મનો ઉદય છે તે મનરહિત અસંજ્ઞી છે ને જેને મન આવરણનો ક્ષયોપશમ હોય છે તે મનસહિત સંજ્ઞી પંચેંદ્રિય જીવ છે. તિર્યંચ ગતિમાં મનસહિત અથવા મનરહિત હોય છે.

જયસેનાચાર્ય ટીકામાં જણાવે છે કે આત્માનો સ્વભાવ અતીંદ્રિય છે. તેવા નિર્દોષ પરમાત્માના ધ્યાનથી નિર્વિકાર તાત્ત્વિક આનંદલક્ષણવાળું સુખ ઉત્પન્ન થાય છે પણ તેવું જેને ભાન નથી ને પાંચ ઈંદ્રિયોના વિષયોમાં સુખ માને છે તે તાત્ત્વિક સુખ નથી. જગતના વિષયોમાં તે સુખની કલ્પના કરે છે ને પાંચ ઈંદ્રિયોના વિષયોમાં લીન થઈ બહિર્મુખ થઈ અંતરસત્તાને ભૂલી જાય છે. તેથી પંચેંદ્રિયજાતિનામકર્મ ઉપાર્જન કરે છે તેથી પંચેંદ્રિયપણે જન્મે છે.

જો પંચેન્દ્રિય સંજ્ઞી જીવો આત્માનું ભાન કરે ને કેવળી ભગવાને કહેલાં છ દ્રવ્યો ને નવ તત્ત્વોની ઓળખાણ કરે તો તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળી ભગવાન સ્વ-પર લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે, જ્યારે ભાવશ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે પણ યથાર્થ જાણે છે. મનવાળા પ્રાણી આત્માનું ભાન કરી, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી કેવળજ્ઞાન પામી શકે છે. એ સમજાવવા બધી વાત કરે છે. ૧૧૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**देवा चउण्णिकाया मणुया पुण कम्मभोगभूमीया।**
**तिरिया बहुप्पयारा णेरइया पुढविभेयगदा ॥ ११८ ॥**

**देवाश्चतुर्णिकायाः मनुजाः पुनः कर्मभोगभूमिजाः।**
**तिर्यञ्चः बहुप्रकाराः नारकाः पृथिवीभेदगताः ॥ ११८ ॥**

**નર કર્મભૂમિજ ભોગભૂમિજ, દેવ ચાર પ્રકારના,**
**તિર્યંચ બહુવિધ, નારકોના પૃથ્વીગત ભેદો કહ્યા. ૧૧૮.**

**અન્વયાર્થ :** [देवाः चतुर्णिकायाः] દેવોના ચાર નિકાય છે, [मनुजाः कर्मभोगभूमिजाः] મનુષ્યો કર્મભૂમિજ અને ભોગભૂમિજ એમ બે પ્રકારના છે, [तिर्यञ्चः बहुप्रकाराः] તિર્યંચો ઘણા પ્રકારના છે [पुनः] અને [नारकाः पृथिवीभेदगताः] નારકોના ભેદ તેમની પૃથ્વીઓના ભેદ જેટલા છે.

---

**तात्पर्यवृत्ति :** तथैकेन्द्रियादिभेदेनोक्तानां जीवानां चतुर्गतिसंबन्धित्वेनोपसंहारः कथ्यते, – भवनवासिव्यंतरज्योतिष्कवैमानिकभेदेन देवाश्चतुर्णिकाया; भोगभूमिकर्मभूमिजभेदेन द्विविधा मनुष्याः पृथिव्याद्येकेन्द्रियभेदेन शम्बूकयूकोद्दंशकादिविकलेन्द्रियभेदेन जलचरस्थलचरखचरद्विपदचतुःपदादिपंचेन्द्रियभेदेन तिर्यंचो बहुप्रकाराः रत्नशर्करावालुकापंकधूमतमोमहातमःप्रभाभूमिभेदेन नारकाः सप्तविधा भवंतीति। अत्र चतुर्गतिलक्षणा स्वात्मोपलब्धिलक्षणा या तु सिद्धगतिस्तद्भावनारहितैर्जीवैः सिद्धसदृशनिजशुद्धात्मभावनारहितैर्वा यदुपार्जितं चतुर्गतिनामकर्म तदुदयवशेन देवादिगतिषूत्पद्यंत इति सूत्रार्थः ॥११८॥

**समयव्याख्या : इन्द्रियभेदेनोक्तानां जीवानां चतुर्गतिसंबंधत्वेनोपसंहारोऽयम्। देवगतिनाम्नो देवायुषश्चोदयाद्देवाः, ते च भवनवासिव्यंतरज्योतिष्कवैमानिकनिकायभेदाच्चतुर्धा। मनुष्यगतिनाम्नो मनुष्यायुषश्च उदयान्मनुष्याः। ते कर्मभोगभूमिजभेदात् द्वेधा। तिर्यग्गतिनाम्नस्तिर्यगायुषश्च उदयात्तिर्यञ्चः। ते पृथिवीशम्बूकयूकोद्दंशजलचरोरगपक्षिपरिसर्पचतुष्पदादिभेदादनेकधा। नरकगतिनाम्नो नरकायुषश्च उदयान्नारकाः। ते रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभाभूमिजभेदात्सप्तधा। तत्र देवमनुष्यनारकाः पञ्चेन्द्रिया एव। तिर्यञ्चस्तु केचित्पञ्चेन्द्रियाः, केचिदेक-द्वि-त्रि-चतुरिन्द्रिया अपीति ॥ ११८ ॥**

**અનુવાદ : આ, ઇંદ્રિયોના ભેદની અપેક્ષાએ કહેવામાં આવેલા જીવોનો ચતુર્ગતિસંબંધ દર્શાવતાં ઉપસંહાર છે (અર્થાત્ અહીં એકેંદ્રિય-દ્વીંદ્રિયાદિરૂપ જીવભેદોનો ચાર ગતિ સાથે સંબંધ દર્શાવીને તે જીવભેદોનો ઉપસંહાર કરવામાં આવ્યો છે).**

**દેવગતિનામ અને દેવાયુના ઉદયથી (અર્થાત્ દેવગતિનામકર્મ અને દેવાયુકર્મના ઉદયના નિમિત્તથી) દેવો હોય છે; તેઓ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એવા નિકાયભેદોને લીધે ચાર પ્રકારના છે. મનુષ્યગતિનામ અને મનુષ્યાયુના ઉદયથી મનુષ્યો હોય છે; તેઓ કર્મભૂમિજ અને ભોગભૂમિજ એવા ભેદોને લીધે બે પ્રકારના છે. તિર્યંચગતિનામ અને તિર્યંચાયુના ઉદયથી તિર્યંચો હોય છે; તેઓ પૃથ્વી, શંબૂક, જૂ, ડાંસ, જળચર, ઉરગ, પક્ષી, પરિસર્પ, ચતુષ્પાદ (ચોપગાં) ઇત્યાદિ ભેદોને લીધે અનેક પ્રકારનાં છે. નરકગતિનામ અને નરકાયુના ઉદયથી નારકો હોય છે; તેઓ રત્નપ્રભાભૂમિજ, શર્કરાપ્રભાભૂમિજ, વાલુકાપ્રભાભૂમિજ, પંકપ્રભાભૂમિજ, ધૂમપ્રભાભૂમિજ, તમઃપ્રભાભૂમિજ અને મહાતમઃપ્રભાભૂમિજ એવા ભેદોને લીધે સાત પ્રકારના છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તેમાં, દેવો, મનુષ્યો અને નારકો પંચેંદ્રિય જ હોય છે. તિર્યંચો તો કેટલાક પંચેંદ્રિય હોય છે અને કેટલાક એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિય પણ હોય છે. ૧૧૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૬, બુધવાર]

આ જીવ અધિકાર છે. જીવનો સ્વભાવ જ્ઞાન ને દર્શન છે. તેની રુચિ છોડી જે જીવ સંયોગની અને વિકારની ભાવના કરે છે તે નામકર્મ ઉપાર્જન કરે છે ને તેને લીધે સંસારમાં જન્મમરણ કરે છે.

દેવગતિનામકર્મના ઉદયથી દેવનું શરીર મળે છે. તે સર્વથી ઉત્કૃષ્ટ ભોગને ભોગવે છે. તે દેવો ચાર પ્રકારના છે : ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક-એમ ચાર પ્રકારના છે. પોતાનો આત્મા સિદ્ધસમાન છે. ચાર ગતિથી વિલક્ષણ ને ચૈતન્ય સ્વભાવથી પ્રાપ્ત જેનું લક્ષણ છે એવી સિદ્ધગતિની આત્માના ભાન સહિત જે ભાવના કરતો નથી તે ચતુર્ગતિનામકર્મ બાંધી, શુભ ભાવ કર્યા હોય તેના ફળમાં દેવરૂપે ઊપજે છે.

વળી જે જીવ પોતાના સ્વભાવને ચૂકીને મનુષ્યગતિને લાયક શુભભાવ કરે છે તે મનુષ્ય થાય છે. કોઈ મનુષ્ય કર્મભૂમિમાં ઊપજે છે ને કોઈ મોટા આયુષ્યવાળા ભોગભૂમિમાં જન્મે છે. વર્તમાનમાં મોટા શેઠ ને લક્ષાધિપતિ થયા છે તે ઉપાધિભાવને સેવીને થયા છે. આત્માના ધર્મથી શેઠિયા થયા નથી. આત્માનો ધર્મ જ્ઞાનાનંદમય છે. તેના વડે ઉપાધિરહિતપણું થાય, પણ તેના વડે પુણ્ય બંધાય નહિ. સ્વભાવને ચૂકીને ઉપાધિભાવના કારણે કર્મ બંધાય છે.

વળી તિર્યંચ ગતિના જીવ એકેંદ્રિયથી સંજ્ઞી પંચેંદ્રિય ઢોર સુધીના હોય છે. મન વગરના ને મનવાળા એમ બે પ્રકારના ઢોર હોય છે. જે જીવ પોતાનો ત્રિકાળી સ્વભાવ ચૂકી આડોડાઈ, કપટ, દંભ સેવે છે તેના ફળમાં ઢોર ગતિ પ્રાપ્ત કરી ઢોરરૂપે અવતરે છે. માણસનાં શરીર ઊભાં છે, જ્યારે ઢોરનાં શરીર આડાં છે. પૂર્વે આડોડાઈ કરેલી તેના ફળમાં તે જીવો આડા શરીરવાળાં તિર્યંચરૂપે અવતરે છે. જે જાતના ભાવ કરે તે જાતનું ફળ આવે છે. નિજક્રિયાનું ફળ નિજમાં આવે છે. શુભાશુભભાવ જીવ પોતાના અસંખ્ય પ્રદેશમાં કરે છે તેનું ફળ પોતાની પર્યાયમાં આવે છે. તેનું ફળ બહાર સંયોગોમાં આવતું નથી. માટે અહીં કહે છે કે આડોડાઈની તથા વિકારી પર્યાયની રુચિ છોડ ને જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કર.

વળી નરકના જેટલા ભેદો છે તેટલા નારકીના જીવો છે. નરક સાત છે તો નારકીના જીવો સાત પ્રકારના છે. જે જીવો માંસ ખાય છે, દારૂ પીએ છે. શિકારાદિ કરે છે તે નરકમાં જાય છે. ત્યાં પણ પોતાના ભાવને ભોગવે છે. ક્ષેત્ર તો નિમિત્તમાત્ર છે.

સ્વભાવને ચૂકીને જે ભાવ થાય તે બધા ચાર ગતિમાં રખડવાના ભાવ છે. મારા વિના આનું કામ થશે નહિ એમ માનનાર જીવ સામા પદાર્થોનું સ્વતંત્રપણું ચૂકી જાય છે. કોઈ પણ પદાર્થ વર્તમાન કાર્ય વિના હોતાં નથી. બધા જડ ને ચેતન પદાર્થો કાર્યસંપન્ન છે. છતાં તેનું કાર્ય મારા વિના નહિ થાય એમ માની ચૈતન્ય સ્વભાવને ચૂકે છે ને રાગ ને અહંકારની ભાવના કરી ચાર ગતિમાં રખડે છે.

આત્મા સિવાય બીજાં તત્ત્વ છે કે નહીં ? વસ્તુ છે તો તેનું કાર્ય છે કે નહિ ? કે કાર્ય વિનાની છે ? કાર્ય વિનાની હોય તો તે વસ્તુ કૂટસ્થ થઈ જાય. પણ એમ વસ્તુસ્વરૂપ નથી. માટે પરનું કરવારૂપ અહંકાર છોડીને જ્ઞાતા સ્વભાવની રુચિ કર. અજ્ઞાની ચોવીસે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલાક અહંકાર કરે છે. શરીર પરમાણુઓની અવસ્થા છે. તેનું કાર્ય તેનાથી થાય છે. તે પરમાણુઓ કાયમ રહીને પલટે છે. તેને જીવ બદલાવે એમ બને નહિ. જીવે પરતત્ત્વનાં કાર્ય કર્યાં નથી ને કરતો પણ નથી છતાં અજ્ઞાનીએ એક સમયમાત્ર પણ પરનો અહંકાર છોડ્યો નથી.

પોતાનો આત્મા સિદ્ધસમાન એકરૂપ છે તેની ભાવના છોડીને અનેકતાની ભાવના કરે છે તે ગતિમાં રખડે છે. દરેક દ્રવ્ય ત્રિકાળ છે. તેના ગુણો ત્રિકાળ છે. તેનું ક્ષેત્ર ત્રિકાળ છે. તેની પર્યાયનો કાળ એક સમયનો છે. તેની પર્યાય તે તેનું કાર્ય છે. જો કાર્ય વિનાનું તત્ત્વ માને તો તત્ત્વે શું કર્યું ? ચોવીસે કલાક ધારાવાહી અહંકાર અજ્ઞાનીએ કર્યો છે. પોતે જ્ઞાનસ્વભાવી છે એવી રુચિ કરતો નથી. તેથી કર્મ ઉપાર્જન કરી રખડે છે. નગ્ન દિગંબર મુનિ થયો છતાં પણ હું નગ્ન થઈ શકું છું. પરદ્રવ્યનાં ગ્રહણ ત્યાગ કરી શકું છું. એવી માન્યતાના કારણે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે ને મોટો ભોગી છે. ચાર ગતિમાં રખડે છે. જ્યાં ઊભો છે ત્યાં પરને લીધે તથા સંયોગને લીધે કાર્ય થાય છે એમ માની રહ્યો છે. શુદ્ધ ચિદાનંદની ભાવના ચૂકી પુણ્યપાપનો અહંકાર કરતો પરનાં કાર્ય મારાથી થાય એમ માનતો, સ્વભાવને ચૂકતો કર્મ બાંધે છે.

અજ્ઞાની જીવ પરનાં કાર્ય હું કરી શકું છું એમ માની રહ્યો છે. દુકાનનાં, શરીરનાં, સગાં આદિનાં કામ હું કરી શકું છું એમ અહંકાર કરે છે. સંયોગો અને સંયોગી ભાવો વિનાના શુદ્ધ સ્વભાવને તે જાણતો નથી ને અનેક પ્રકારના ભાવો કરીને જુદા જુદા ભવ ધારણ કરે છે. કોઈ મનુષ્યમાંથી દેવ થાય, કોઈ મનુષ્યમાંથી મનુષ્ય થાય, ઢોરમાંથી ઢોર થાય એમ અનેક વિચિત્રતાવાળા ભવો ધારણ કરે છે. એકરૂપ રહેતો નથી. જેવા ભાવ કરે તેવી ગતિને પ્રાપ્ત કરે છે.

આયુગતિ નામકર્મના ઉદયથી દેવાદિક પર્યાય થાય છે તેથી તે પર્યાયોનું અનાત્મસ્વરૂપ બતાવે છે. ૧૧૮.

---

**खीणे पुव्वणिबद्धे गदिणामे आउसे च ते वि खलु ।**
**पाउण्णंति य अण्णं गदिमाउस्सं सलेस्सवसा ॥ ११९ ॥**

**क्षीणे पूर्वनिबद्धे गतिनाम्नि आयुषि च तेऽपि खलु ।**
**प्राप्नुवन्ति चान्यां गतिमायुष्कं स्वलेश्यावशात् ॥ ११९ ॥**

**ગતિનામ ને આયુષ્ય પૂર્વનિબદ્ધ જ્યાં ક્ષય થાય છે,**
**ત્યાં અન્ય ગતિ-આયુષ્ય પામે જીવ નિજલેશ્યાવશે. ૧૧૯.**

**અન્વયાર્થ** : [पूर्वनिबद्धे] પૂર્વબદ્ધ [गतिनाम्नि आयुषि च] ગતિનામકર્મ અને આયુષકર્મ [क्षीणे] ક્ષીણ થતાં [ते अपि] જીવો [स्वलेश्यावशात्] પોતાની લેશ્યાને વશ [खलु] ખરેખર [अन्यां गतिम् आयुष्कं च] અન્ય ગતિ અને આયુષ [प्राप्नुवन्ति] પ્રાપ્ત કરે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ गतिनामायुःकर्मनिर्वृत्तत्वाद्देवत्वादीनामनात्मस्वभावत्वं दर्शयति, अथवा ये केचन वदन्ति नान्यादृशं जगत्, देवो मृत्वा देव एव मनुष्या मृत्वा मनुष्या एवेति तन्निषेधार्थं, – क्रमेण दत्तफले क्षीणे सति । कस्मिन् ? पूर्वनिबद्धे पूर्वोपार्जिते गतिनामकर्मण्यायुषि च तेपि खलु ते

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवाः कर्तारः खलु स्फुटं प्राप्नुवन्ति । किम् ? अन्यदपूर्वं मनुष्यगत्यपेक्षया देवगत्यादिकं भवांतरे गतिनामायुष्कं च । कथंभूताः संतः ? स्वकीयलेश्यावशाः स्वकीयपरिणामाधीना इति । तद्यथा – "चंडो ण मुअइ वेरं भंडणसीलो य धम्मदयरहियो । दुट्ठो स ण एदि वसं लक्खणमेयं तु किण्हस्स" इत्यादिरूपेण कृष्णादिषड्लेश्यालक्षणं गोमट्टशास्त्रादौ विस्तरेण भणितमास्ते तदत्र नोच्यते । कस्मात् ? अध्यात्मग्रंथत्वात् । तथा संक्षेपेणात्र कथ्यते । कषायोदयानुरंजिता योगप्रवृत्तिर्लेश्या सा च शुभाशुभगतिनामकर्मण आयुःकर्मणश्च बीजं कारणं भवति तेन कारणेन तद्विनाशः कर्तव्यः । कथमिति चेत् ? क्रोधमानमायालोभरूपकषायोदयचतुष्काद्भिन्ने अनंतज्ञानदर्शनसुखवीर्यचतुष्कादभिन्ने परमात्मनि यदा भावना क्रियते तदा कषायोदयविनाशो भवति तद्भावनार्थमेव शुभाशुभमनोवचनकायव्यापारपरिहारे सति योगत्रयाभावश्चेति कषायोदयरंजितयोगप्रवृत्तिरूपलेश्याविनाशस्तदभावे गतिनामायुष्कर्मणोरभावस्तयोरभावेऽक्षयानंतसुखादिगुणस्य मोक्षलाभ इति सूत्राभिप्रायः ।। ११९ ।।

**समयव्याख्या : गत्यायुर्नामोदयनिर्वृत्तत्वाद्देवत्वादीनामनात्मस्वभावत्वोद्योतनमेतत् । क्षीयते हि क्रमेणारब्धफलो गतिनामविशेष आयुर्विशेषश्च जीवानाम् । एवमपि तेषां गत्यंतरस्यायुरंतरस्य च कषायानुरञ्जिता योगप्रवृत्तिर्लेश्या भवति बीजं, ततस्तदुचितमेव गत्यंतरमायुरंतरञ्च ते प्राप्नुवन्ति । एवं क्षीणाक्षीणाभ्यामपि पुनः पुनर्नवीभूताभ्यां गतिनामायुःकर्मभ्यामनात्मस्वभावभूताभ्यामपि चिरमनुगम्यमानाः संसरंत्यात्मानमचेतयमाना जीवा इति ।। ११९ ।।**

**અનુવાદ : અહીં, ગતિનામકર્મ અને આયુષકર્મના ઉદયથી નિષ્પન્ન થતાં હોવાથી દેવત્વાદિ અનાત્મસ્વભાવભૂત છે (અર્થાત્ દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું અને નારકપણું આત્માનો સ્વભાવ નથી) એમ દર્શાવવામાં આવ્યું છે.**

**જીવોને, જેનું ફળ શરૂ થયું હોય છે એવું અમુક ગતિનામકર્મ અને અમુક આયુષકર્મ ક્રમે ક્ષય પામે છે. આમ હોવા છતાં તેમને કષાય-અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ લેશ્યા અન્ય ગતિ અને અન્ય આયુષનું બીજ થાય છે (અર્થાત્ લેશ્યા અન્ય ગતિનામકર્મ અને અન્ય આયુષકર્મનું કારણ થાય છે), તેથી તેને ઉચિત જ અન્ય ગતિ અને અન્ય આયુષ તેઓ પ્રાપ્ત કરે છે. આ રીતે ક્ષીણ-અક્ષીણપણાને પ્રાપ્ત છતાં ફરીફરીને નવીન ઉત્પન્ન થતાં એવાં ગતિનામકર્મ અને આયુષકર્મ (પ્રવાહરૂપે)–જોકે તેઓ અનાત્મસ્વભાવભૂત છે તોપણ–ચિરકાળ (જીવોની) સાથે સાથે રહેતાં હોવાથી, આત્માને નહિ ચેતનારા જીવો સંસરણ કરે છે (અર્થાત્ આત્માને નહિ અનુભવનારા જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે). ૧૧૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૬, બુધવાર]

પૂર્વકાળમાં બાંધેલ ગતિનામકર્મ તથા આયુકર્મ પૂરું થવાથી તે પોતાનો રસ દઈને ખરી જાય છે ને નિશ્ચયથી તે જીવ પોતાની કષાયગર્ભિત યોગોની પ્રવૃત્તિરૂપ લેશ્યાના પ્રભાવથી અન્યગતિ તથા આયુને પ્રાપ્ત કરે છે. લાકડા સાથે કાગળ ચોંટાડવો હોય તો શ્લેષ જોઈએ તેમ આત્માને પર ગતિમાં જવા માટે ક્રોધ, માન, માયા, લોભના પરિણામ સહિત યોગોની પ્રવૃત્તિ શ્લેષ સમાન છે. ખરેખર તો જીવ પોતાના પરિણામના કારણે બીજી ગતિ ધારણ કરે છે. કર્મને લીધે જાય છે એમ કહેવું તે ઉપચારમાત્ર છે.

**ભાવાર્થ :** જીવોની ગતિનો ને આયુનો બંધ ક્રોધાદિ પરિણામ ને યોગની પ્રવૃત્તિથી પડે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. એક પછી એક ભવ શૃંખલાવત્ ચાલ્યા કરે છે. જેવા ભાવ કરે છે તેવો ભવ મળે છે. પૂર્વનું આયુ ખરે છે ને નવું બાંધે છે તેથી સંસારમાર્ગ ચાલ્યા કરે છે. અજ્ઞાની જીવો ઘણી તપશ્ચર્યા કરે તોપણ તે બાળ તપ છે, દાન આપે, ઉપવાસ કરે પણ આહારપાણીનો હું ત્યાગ કરી શકું છું એવી માન્યતાના કારણે અજ્ઞાન ટળતું નથી ને એક પણ ભવનું રખડવાનું ટળતું નથી. એક પછી એક ભવમાં ભમ્યા કરે છે. આ પ્રમાણે અનાદિ કાળથી અજ્ઞાની જીવ સંસારમાં રખડ્યા કરે છે.

આત્માનું સ્વરૂપ તો ક્રોધ, માન, માયા, લોભથી તથા લેશ્યાથી રહિત છે ને અનંત જ્ઞાનદર્શનસુખવીર્યરૂપ ચતુષ્ટયથી અભિન્ન છે. એની ભાવના ભાવે તો કષાય નાશ પામે પણ તેની ભાવના નહિ ભાવતાં રાગ અને વ્યવહારની ભાવના ભાવે છે તે મિથ્યાદૃષ્ટિ છે ને ચાર ગતિમાં રખડે છે. તે જીવ ભલે શુક્લ લેશ્યાના પરિણામ કરે તોપણ સંસારમાં રખડે છે. છ પ્રકારની લેશ્યા છે, કૃષ્ણ નીલ, કાપોત-એ ત્રણ અશુભ લેશ્યા છે. પીત, પદ્મ ને શુક્લ એ ત્રણ શુભ લેશ્યા છે. તારતમ્યતાની અપેક્ષાએ આ છ પ્રકાર પડે છે-ત્રણ અશુભબંધનું કારણ છે ને ત્રણ શુભબંધનું કારણ છે. દયાદાનાદિના ભાવ કરે તો શુભનો બંધ પડે છે ને માનાદિના પરિણામ હોય તો અશુભનો બંધ પડે છે. આત્મા જ્ઞાનદર્શનમય છે એવાં શ્રદ્ધા-જ્ઞાન ન કરે ને પુણ્યની ભાવના કરે તો રખડે છે ને સ્વભાવની ભાવના કરે તો કષાયનો નાશ થાય છે.

કોઈ અજ્ઞાની જીવ કહે કે હમણાં પુણ્ય કરો તો હળવે હળવે પુણ્ય ફાટીને ધર્મરૂપ દશા થશે તો તે ભ્રાંતિ છે. હિંસા, જૂઠું ચોરીના ભાવ અશુભ છે ને દયાદાનાદિના ભાવ શુભ છે. તે બન્ને ભાવો વિકાર છે. તેની ભાવના કરવી તે રખડવાના ભાવ છે. પણ શુભાશુભ ભાવરહિત શુદ્ધ આત્માની ભાવના કરવાથી કષાયનો નાશ થાય છે. ચિદાનંદ ભગવાન આત્માના ભાન વિના રખડવું મટતું નથી. બીજા કોઈ ભગવાન તારી દેતા નથી પોતાની શાંતિ ને સુખ સ્વભાવમાં જ છે. પરને લીધે ન હોય, પરમાં ન હોય તેમ જ પુણ્ય-પાપના ભાવમાં શાંતિ ન હોય માટે સ્વભાવની ભાવના કરવા જેવી છે તેથી શાંતિ મળે છે. તે ભાવના વિનાના જીવોને ચાર ગતિમાં રખડવું પડે છે. ૧૧૯.

---

**एदे जीवणिकाया देहप्पविचारमस्सिदा भणिदा ।**
**देहविहूणा सिद्धा भव्वा संसारिणो अभव्वा य ॥ १२० ॥**

**एते जीवनिकाया देहप्रवीचारमाश्रिताः भणिताः ।**
**देहविहीनाः सिद्धाः भव्याः संसारिणोऽभव्याश्च ॥ १२० ॥**

**આ ઉક્ત જીવનિકાય સર્વે દેહસહિત કહેલ છે,**
**ને દેહવિરહિત સિદ્ધ છે; સંસારી ભવ્ય અભવ્ય છે. ૧૨૦.**

**અન્વયાર્થ :** [एते जीवनिकायाः] આ (પૂર્વોક્ત) જીવનિકાયો [देहप्रवीचारमाश्रिताः] દેહમાં વર્તનારા અર્થાત્ દેહ સહિત [भणिताः] કહેવામાં આવ્યા છે; [देहविहीनाः सिद्धाः] દેહરહિત એવા સિદ્ધો છે. [संसारिणः] સંસારીઓ [भव्याः अभव्याः च] ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે.

---

**तात्पर्यवृत्ति** : अथ पूर्वोक्तजीवप्रपंचस्य संसारिमुक्तभेदेनोपसंहारव्याख्यानं करोति, – एते जीवनिकाया

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निश्चयेन शुद्धात्मस्वरूपाश्रिता अपि व्यवहारेण कर्मजनितदेहप्रवीचाराश्रिता भणिताः देहे प्रवीचारो वर्तना देहप्रवीचारः निश्चयेन केवलज्ञानदेहस्वरूपा अपि कर्मजनितदेहविहीना भवन्ति। ते के? शुद्धात्मोपलब्धियुक्ताः सिद्धाः, संसारिणस्तु भव्या अभव्याश्चेति । तथाहि – केवलज्ञानादिगुणव्यक्तिरूपा या शुद्धिस्तस्याः शक्तिर्भव्यत्वं भण्यते तद्विपरीतमभव्यत्वं। किंवत्? पाच्यापाच्यमुद्गवत् सुवर्णेतरपाषाणवद्वा शुद्धिशक्तिर्यासौ सम्यक्त्वग्रहणकाले व्यक्तिमासादयति अशुद्धशक्तेर्यासौ व्यक्तिः सा चाशुद्धिरूपेण पूर्वमेव तिष्ठति तेन कारणेनानादिरित्यभिप्रायः ॥ १२० ॥

**समयव्याख्या : उक्तजीवप्रपञ्चोपसंहारोऽयम्। एते ह्युक्तप्रकाराः सर्वे संसारिणो देहप्रवीचाराः, अदेहप्रवीचारा भगवंतः सिद्धाः शुद्धा जीवाः। तत्र देहप्रवीचारत्वादेकप्रकारत्वेऽपि संसारिणो द्विप्रकाराः भव्या अभव्याश्च। ते शुद्धस्वरूपोपलम्भशक्तिसद्भावासद्भावाभ्यां पाच्यापाच्यमुद्गवदभिधीयंत इति ॥ १२० ॥**

**અનુવાદ : આ ઉક્ત (-પૂર્વે કહેવામાં આવેલા) જીવવિસ્તારનો ઉપસંહાર છે.**

**જેમના પ્રકારો (પૂર્વે) કહેવામાં આવ્યા એવા આ સર્વ સંસારીઓ દેહમાં વર્તનારા (અર્થાત્ દેહ સહિત) છે; દેહમાં નહિ વર્તનારા (અર્થાત્ દેહ રહિત) એવા સિદ્ધભગવંતો છે–કે જેઓ શુદ્ધ જીવો છે. ત્યાં, દેહમાં વર્તવાની અપેક્ષાએ સંસારી જીવોનો એક પ્રકાર હોવા છતાં તેઓ ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે. 'પાચ્ય' અને 'અપાચ્ય' મગની માફક, જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો સદ્ભાવ છે તેમને 'ભવ્ય' અને જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો અસદ્ભાવ છે તેમને 'અભવ્ય' કહેવામાં આવે છે. ૧૨૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૭, ગુરુવાર]

જીવના બે ભેદો છે. એક સંસારી ને બીજા મુક્ત. બધા મોક્ષસ્વરૂપ છે એમ પણ નથી અને બધા દેહવાળા છે એમ પણ નથી. જીવ સ્વભાવથી સદાય શુદ્ધ છે પણ ચૈતન્યના ભાન વિના નવા નવા દેહો ચાર ગતિમાં મળ્યા કરે છે. આત્માને કેવળજ્ઞાન જ દેહ છે. સ્વભાવથી જ્ઞાન જ તેનું શરીર છે એમ ભાન કરે તો આત્મબુદ્ધિ થાય છે. જે જીવ આત્માનું ભાન કરતો નથી ને દયાદાનના ભાવ કરે છે તે દેવ થાય છે. ને પાપ કરે તે નારકી થાય છે ને મધ્યમ પરિણામ કરે તે મનુષ્ય થાય છે, માયાના ભાવ કરે તે તિર્યંચ થાય છે. આમ મુક્તિ વિનાના જીવને દેહનું પલટન થયા કરે છે. આ શરીર ન હોય તો તૈજસ ને કાર્મણ શરીર તો હોય જ છે એમ ભગવાન કહે છે. દેહરહિત જીવ તે સિદ્ધ છે ને તેણે અનંત જ્ઞાનદર્શનાદિ ગુણો પ્રગટ કરેલ છે. તે કોઈના ઉપર પ્રસન્ન થતા નથી ને ફરી અવતાર ધારણ કરતા નથી. વળી સંસારી જીવમાં બે જાત છે. એક મોક્ષને લાયક ભવ્ય જીવ છે ને બીજા મોક્ષને માટે નાલાયક અભવ્ય જીવ છે.

**ભાવાર્થ** : લોકમાં જીવ બે પ્રકારના છે. એક દેહધારી ને બીજા દેહરહિત. દેહધારી તે સંસારી છે ને દેહરહિત જીવ સિદ્ધ પર્યાયને અનુભવે છે. બધા થઈને એક જીવ નથી. જીવ જાતિએ એક અને સંખ્યાએ અનંત છે. દેહધારી એટલે કે વ્યવહારથી શરીરવાળો કહેવાય છે. જીવ વિકારીભાવ કરે છે તેના નિમિત્તે કર્મ બંધાય છે ને તેના ફળમાં શરીર મળે છે.

**પ્રશ્ન** : આત્મા વિના દેહ એની મેળે ચાલે છે તો ચાલતી વખતે દેહ બરાબર બારણામાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીકળે છે ને ભીંતમાં કેમ ભટકાતો નથી ?

**સમાધાન** : શરીરની પર્યાય શરીરના કારણે થાય છે તેમાં આત્માનો અધિકાર નથી. જીવ રાગ–દ્વેષ કરે કે જ્ઞાન કરે પણ દેહનું કાંઈ પણ કરી શકે નહિ. બન્ને પૃથક્ છે.

સંસારીને દેહનો સંબંધ છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવે છે ને સિદ્ધભગવાનને દેહનું નિમિત્તપણું પણ હોતું નથી.

વળી સંસારીમાં બે જાતના જીવો છે. એક ભવ્ય જીવ છે. જેમ મગ કે અડદના દાણા પાણીમાં પાકી જાય છે તેની જેમ ભવ્ય જીવો આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી મુક્તિ પામવાને લાયક છે. તે જીવો દેહ અને વિકારરહિત શુદ્ધાત્માનું ભાન કરી મુક્તિ પામે છે. અને કોરડુ મગને ગમે તેટલા પાણીમાં ઉકાળો ને નીચે લાકડાં બાળો તોપણ તે કદી પાકતા નથી, તેમ અભવ્ય જીવ ગમે તેટલો ક્રિયાકાંડ કરે, હજારો રાણીઓ છોડે પણ તે શુદ્ધ આત્માની રુચિ કરતા નથી તેથી મુક્તિ પામતો નથી. બહુ પાપ કરે ને કસાઈખાનાં માંડે તે અભવી થાય ને દયાદાનાદિના ભાવ કરે તે ભવી થાય એમ નથી. અભવ્ય ને ભવ્ય એવી બે જાત અનાદિથી છે. અભવ્ય અનંતા છે પણ ભવ્ય જીવો તેના કરતાં અનંતગુણા છે. અભવ્ય જીવો શરીરની ક્રિયા કરતા દેખાય છે. કષ્ટ સહન કરતા દેખાય છે પણ તેઓ શરીર વિનાના આત્માની રુચિ કરતા નથી.

**પ્રશ્ન** : શરીરને કષ્ટ આપવું કે નહિ ?

**જવાબ** : શરીરને કષ્ટ હોય નહિ, આત્માને પર્યાયમાં કષ્ટ હોય. તે કષ્ટ તો પાપ છે, ધર્મ કષ્ટદાયક ન હોય. લોકોને ધર્મની ખબર નથી. જે કાંઈ આર્તધ્યાનના પરિણામ થાય છે તે પાપ છે, પુણ્ય નથી ને ધર્મ તો નથી જ. જે ભાવથી દુઃખ લાગે તે ભાવ ધર્મ તો નથી જ પણ પુણ્યેય નથી. જડ શરીરને દુઃખ થતું નથી પણ અંદર રહેલો જીવ શરીર સાથે મમતાના પરિણામ કરે છે તે દુઃખ છે માટે જે જીવ ધર્મક્રિયા કરે તે દુઃખ ભોગવે તે બરાબર નથી. ધર્મ શાંતિદાયક ને આનંદદાતા છે.

હું આત્મા જ્ઞાતા દ્રવ્ય છું એવા ભાનપૂર્વક અંતર શાંતિ ને આનંદ પ્રગટે તે ધર્મ છે. ને જે કષ્ટદાયક લાગે તે અધર્મ છે. અજ્ઞાની જીવો ચારિત્રને દુઃખદાયક માને છે ને મહાવીર ભગવાન સંબંધમાં કહે કે ભગવાને અન્ન કરીને ખાધું નહિ, પાણી કરીને પાણી પીધું નહિ, સુખે કરીને સૂતા નહિ તો એમ માનનાર જીવો ચારિત્રને કષ્ટદાયક માને છે તે વીતરાગના સ્વરૂપને ઓળખતા નથી. ચારિત્ર તો શાંતિદાયક છે.

ગરમીમાં ઠંડી હવા વગેરે શાંતિદાયક લાગે છે. તેમ સંસારરૂપી તાપમાંથી બચી આત્માના ભાનપૂર્વક ચારિત્ર પ્રગટે તે શીતલીભૂત છે. ને તેથી અનાદિનો આતાપ ટળે છે.

અજ્ઞાની જીવ માને છે કે હું પરપદાર્થને અનુભવું છું પણ તે પદાર્થને અનુભવતો નથી પણ રાગનો અનુભવ કરે છે. આત્માના ભાન દ્વારા તે રાગને ટાળીને રાગરહિત શાંતિનું વેદન કરવુ તે ચારિત્ર ને તપ છે. અજ્ઞાનપૂર્વકના તપને બાળતપ કહે છે. જગતમાં અભવી જીવો છે ને ભવી જીવો પણ છે. છે, છે ને છે તે તેનો સ્વભાવ છે. આમ કેમ એવો પ્રશ્ન સ્વભાવમાં નથી. આત્માનો સ્વભાવ ત્રણે કાળના ને ત્રણ લોકના પદાર્થોને જાણવાનો છે એમ ઓળખાણ કરે તેને હું ભવી છું એમ ખ્યાલમાં આવી જાય છે. ને બીજા ભવી ને અભવી આત્મા છે એમ તે ખ્યાલ કરી લે છે. આ પ્રમાણે જીવની જાતની વાત કરી. ૧૨૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ण हि इंदियाणि जीवा काया पुण छप्पयार पण्णत्ता।**
**जं हवदि तेसु णाणं जीवो त्ति य तं परूवेंति ॥ १२१ ॥**

**न हीन्द्रियाणि जीवाः कायाः पुनः षट्प्रकाराः प्रज्ञप्ताः।**
**यद्भवति तेषु ज्ञानं जीव इति च तत्प्ररूपयन्ति ॥ १२१ ॥**

**રે ! ઈંદ્રિયો નહિ જીવ, ષડ્વિધ કાય પણ નહિ જીવ છે;**
**છે તેમનામાં જ્ઞાન જે બસ તે જ જીવ નિર્દિષ્ટ છે. ૧૨૧**

**અન્વયાર્થ** : [न हि इंद्रियाणि जीवाः] (વ્યવહારથી કહેવામાં આવતા એકેંદ્રિયાદિ તથા પૃથ્વીકાયિકાદિ 'જીવો'માં) ઈંદ્રિયો જીવ નથી અને [षट्प्रकाराः प्रज्ञप्ताः कायाः पुनः] છ પ્રકારની શાસ્ત્રોક્ત કાયો પણ જીવ નથી; [तेषु] તેમનામાં [यद् ज्ञानं भवति] જે જ્ઞાન છે [तत् जीवः] તે જીવ છે [इति च प्ररूपयन्ति] એમ (જ્ઞાનીઓ) પ્રરૂપે છે.

---

**तात्पर्यवृत्ति** : एवं गाथाचतुष्टयपर्यंतं पंचेन्द्रियव्याख्यानमुख्यत्वेन चतुर्थस्थलं गतं। अत्र पंचेन्द्रिया इत्युपलक्षणं तेन कारणेन गौणवृत्त्या "तिरिया बहुप्पयारा।" इति पूर्वोक्तगाथाखंडनैकेन्द्रियादिव्याख्यानमपि ज्ञातव्यं। उपलक्षणविषये दृष्टांतमाह – काकेभ्यो रक्षतां सर्पिरित्युक्ते मार्जारादिभ्योपि रक्षणीयमिति। अथेन्द्रियाणि पृथिव्यादिकायाश्च निश्चयेन जीवस्वरूपं न भवंतीति प्रज्ञापयति, – इन्द्रियाणि जीवा न भवन्ति। न केवलमिन्द्रियाणि। पृथिव्यादिकायाः षट्प्रकाराः प्रज्ञप्ता ये परमागमे तेपि। तर्हि किं जीवः ? यद्भवति तेषु मध्ये ज्ञानं जीव इति तत्प्ररूपयन्तीति। तद्यथा – अनुपचरितासद्भूतव्यवहारेण स्पर्शनादिद्रव्येन्द्रियाणि तथैवाशुद्धनिश्चयेन लब्ध्युपयोगरूपाणि भावेन्द्रियाणि यद्यपि जीवा भण्यंते तथैव व्यवहारेण पृथिव्यादिषट्कायाश्च तथापि शुद्धनिश्चयेन यदतीन्द्रियममूर्तं केवलज्ञानांतर्भूतमनंतसुखादिगुणकदंबकं स जीव इति सूत्रतात्पर्यम् ॥ १२१ ॥

**समयव्याख्या : व्यवहारजीवत्वैकांतप्रतिपत्तिनिरासोऽयम्। य इमे एकेन्द्रियादयः पृथिवीकायिकादयश्चानादिजीवपुद्गलपरस्परावगाहमवलोक्य व्यवहारनयेन जीवप्राधान्याज्जीवा इति प्रज्ञाप्यंते। निश्चयनयेन तेषु स्पर्शनादीन्द्रियाणि पृथिव्यादयश्च कायाः जीवलक्षणभूतचैतन्यस्वभावाभावान्न जीवा भवंतीति। तेष्वेव यत्स्वपरपरिच्छित्तिरूपेण प्रकाशमानं ज्ञानं तदेव गुणगुणिनोः कथञ्चिदभेदाज्जीवत्वेन प्ररूप्यत इति ॥ १२१ ॥**

**અનુવાદ : આ, વ્યવહારજીવત્વના એકાંતની પ્રતિપત્તિનું ખંડન છે (અર્થાત્ જેને માત્ર વ્યવહારનયથી જીવ કહેવામાં આવે છે તેનો ખરેખર જીવ તરીકે સ્વીકાર કરવો ઉચિત નથી એમ અહીં સમજાવ્યું છે).**

**જે આ એકેંદ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે, 'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ-પુદ્ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી જીવના પ્રાધાન્ય દ્વારા (-જીવને મુખ્યતા અર્પીને) 'જીવો' કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઈંદ્રિયો તથા પૃથ્વી-આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભાવના અભાવને લીધે, જીવ નથી; તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે. ૧૨૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૭, ગુરુવાર]

જીવોનું સ્વરૂપ વ્યવહારાશ્રિત સર્વથા પ્રકારે કહી શકાતું નથી; કથંચિત્ અન્ય પ્રકારે પણ દેખાડે છે.

જીવને સ્પર્શાદિ પાંચ ઈંદ્રિયનું નિમિત્ત વ્યવહારનયથી કહેલ હતું પણ ઇન્દ્રિયો જીવનું સ્વરૂપ નથી. વળી પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય ને ત્રસકાયરૂપ યોગ્યતા જીવની પર્યાયમાં છે તેને અશુદ્ધનિશ્ચયનયથી જીવ કહેલ પણ પર્યાયની યોગ્યતા તો અંશ છે, ત્રિકાળીસ્વરૂપ નથી માટે નિશ્ચયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. એકરૂપ ચૈતન્યભાવ તે જીવ છે.

**ભાવાર્થ** : એકેન્દ્રિયાદિક ભેદો વ્યવહારનયની અપેક્ષાથી શરીરના સંબંધથી કહેવામાં આવેલ છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો સ્પર્શનાદિ ઈંદ્રિયો તથા પૃથ્વી આદિક કાયા ચૈતન્યલક્ષ્મીવાન જીવથી જુદી છે. ઈંદ્રિયો તથા શરીર જીવનું સ્વરૂપ નથી. એક સમયનો પર્યાય અશુદ્ધ નિશ્ચયનયથી જીવનો કહ્યો હતો પણ તે જીવનું કાયમી સ્વરૂપ છે જ નહિ. ત્રિકાળી જ્ઞાતાદ્રવ્ય એ જીવનું ખરું સ્વરૂપ છે. કોઈ પૂછે કે પરની દયા પાળવી કે નહિ ? ભાઈ, કોની દયા પાળવી છે ? શરીર તો જડ છે. જડની દયા પાળવી છે ? પૃથ્વી આદિક એક સમયની યોગ્યતા છે તેની દયા પાળવી ? ત્રિકાળી જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે તેની દયા પાળવી ? પર શરીરનું રક્ષણ થઈ શકતું નથી ને પરનો પર્યાય કે સ્વભાવ તારો રાખ્યો રહે તેમ નથી. પોતે પરનું કાંઈ કરી શકતો નથી. પોતે જ્ઞાતાદ્રષ્ટા છે એમ નિર્ણય કરવો તે સ્વદયા છે. કોઈ પૂછે કે આ વાત જુવાનીમાં બેસતી હશે ? **સમાધાન** : આત્મા બાળક નથી, જુવાન નથી, વૃદ્ધ નથી. આત્મા ચૈતન્યભાવમાત્ર છે. શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન કામદેવ હતા, ત્રણ ખંડમાં સૌથી વિશેષ રૂપવાન હતા, જુવાનીમાં ઘણી વિદ્યા સાધેલી હતી. માતાને મળ્યા પછી વૈરાગ્ય આવતાં દીક્ષા લેવા તૈયાર થયા. માતા કહે છે કે તું ૧૬ વરસ ભેગો ન થયો ને અહીં મળ્યો તો હવે દીક્ષા લેવાનું કહે છે. છતાં પ્રદ્યુમ્ન કહે છે કે આવાં શરીરો તો અનંત મળ્યાં. પૂર્વના ભવો સ્વપ્ન સમાન થઈ ગયા તેમ આ દેહ પણ સ્વપ્ન સમાન થશે એમ વૈરાગ્ય લાવી દીક્ષા લે છે. આમ આત્માની ઓળખાણ કરવી તે ધર્મ છે.

અહીં જીવનું સ્વરૂપ ઓળખાવે છે. એકેન્દ્રિય આદિ ઇન્દ્રિયો, પૃથ્વી આદિ શરીર જીવનું સ્વરૂપ નથી. ઈંદ્રિયો કે શરીર ફાટીને કેવળજ્ઞાન થતું નથી. તેમ જ એક સમયની યોગ્યતાના આધારે કેવળજ્ઞાન થતું નથી. જીવની ગતિની લાયકાત તે પણ જીવનું સ્વરૂપ નથી. દેહ, ઇન્દ્રિયો ને ઉઘાડભાવ બધાનું પલટન થઈને એકલો શુદ્ધ ચૈતન્યભાવ રહી જાય છે તે જીવ છે. સ્વ-પરને જાણવાવાળો આત્મ પદાર્થ છે, તેમાં ગુણગુણીનો ભેદ છે. આત્મા તે ગુણી છે ને જ્ઞાનદર્શનાદિ તે ગુણો છે એમ સંજ્ઞાભેદે ભેદ છે છતાં પ્રદેશભેદે ભેદ નથી તેથી અભેદ સંયુક્ત છે. આત્મા અસંખ્ય પ્રદેશે છે તેમ જ્ઞાન પણ અસંખ્ય પ્રદેશે રહેલું છે. આવો અવિનાશી, અચલ, નિર્મલ, ચૈતન્યસ્વરૂપ જીવપદાર્થ જાણવો. આમ પરથી ભેદસ્વરૂપ અને ગુણથી અભેદસ્વરૂપ એવા આત્માને જાણવો તે ધર્મ છે.

આ જીવ પદાર્થને જાણ્યા વિના અજ્ઞાની જીવ વિકારીભાવ કરી, દેહ ધારણ કરી પાંચ ઈંદ્રિયોના વિષયોને ભોગવે છે પણ પોતાના અમૃતસ્વરૂપ આત્માને ભોગવતો નથી. વિષયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપ્નવત્ છે. પોતાનું સુખ પોતામાં છે તેને ભૂલીને પરમાં ટકું છું એમ માની પરને ભોગવે છે. જેવી રીતે દારૂ પીધેલો માણસ પોતાની માતાને સ્ત્રી કહે. ને સ્ત્રીને માતા કહે તેમ શરીર, મન, વાણી વગેરે પરપદાર્થો મારા છે એમ મોહથી ઉન્મત્ત જીવ માને છે અને પરદ્રવ્યમાં મમત્વભાવ કરે છે. પોતાનો ચૈતન્યભાવ પોતાની ચીજ છે તે ભૂલી જઈને પરમાં મોહ કરી મોક્ષસુખથી પરાઙ્મુખ રહે છે. એવો જે સંસારી જીવ છે તેનો દ્રવ્યદૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો તે પણ નિર્મળ ચૈતન્ય વિલાસી આત્મારામ છે. આમ સ્વભાવદૃષ્ટિ કરવી તે ધર્મ છે. ૧૨૧

---

**जाणदि पस्सदि सव्वं इच्छदि सुक्खं बिभेदि दुक्खादो ।**
**कुव्वदि हिदमहिदं वा भुंजदि जीवो फलं तेसिं ॥ १२२ ॥**

**जानाति पश्यति सर्वमिच्छति सौख्यं बिभेति दुःखात् ।**
**करोति हितमहितं वा भुंक्ते जीवः फलं तयोः ॥ १२२ ॥**

**જાણે અને દેખે બધું, સુખ અભિલષે, દુઃખથી ડરે,**
**હિત-અહિત જીવ કરે અને હિત-અહિતનું ફળ ભોગવે. ૧૨૨**

**અન્વયાર્થ :** [जीवः] જીવ [सर्वं जानाति पश्यति] બધું જાણે છે અને દેખે છે, [सौख्यम् इच्छति] સુખને ઇચ્છે છે, [दुःखात् बिभेति] દુઃખથી ડરે છે, [हितम् अहितम् करोति] હિત-અહિતને (શુભ-અશુભ ભાવોને) કરે છે [वा] અને [तयोः फलं भुंक्ते] તેમના ફળને ભોગવે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ ज्ञातृत्वादि कार्यं जीवस्य संभवतीति निश्चिनोति, – जानाति पश्यति । किं ? सर्वं वस्तु, इच्छति किं ? सौख्यं । बिभेति कस्मात् । दुःखात्, करोति किं ? हितमहितं वा, भुंक्ते । स कः कर्ता ? जीवः । किं ? फलं । कयोः ? तयोर्हिताहितयोरिति । तथाहि – पदार्थ-परिच्छित्तिरूपायाः क्रियाया ज्ञप्तेर्दृशेश्च जीव एव कर्ता न तत्संबंधः पुद्गलः कर्मनोकर्मरूपः सुख-परिणतिरूपायाः इच्छाक्रियायाः स एव दुःखपरिणतिरूपाया भीतिक्रियायाः स एव च हिताहित-परिणतिरूपायाः कर्तृक्रियायाश्च स एव सुखदुःखफलानुभवनरूपाया भोक्तृक्रियायाश्च स एव कर्ता भवतीत्यसाधारणकार्येण जीवास्तित्वं ज्ञातव्यं । तच्च कर्तृत्वमशुभशुभशुद्धोपयोगरूपेण त्रिधा भिद्यते, अथवानुपचरितासद्भूतव्यवहारेण द्रव्यकर्मकर्तृत्वं तथैवाशुद्धनिश्चयेन रागादिविकल्परूपभावकर्मकर्तृत्वं शुद्धनिश्चयेन तु केवलज्ञानादिशुद्धभावानां परिणमनरूपं कर्तृत्वं नयत्रयेण भोक्तृत्वमपि तथैवेति सूत्रतात्पर्यं । तथा चोक्तं । "पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्छयदो । चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं" ॥ १२२ ॥

**समयव्याख्या : अन्यासाधारणजीवकार्यख्यापनमेतत् । चैतन्यस्वभावत्वात्कर्तृस्थायाः क्रियायाः ज्ञप्तेर्दृशेश्च जीव एव कर्ता, न तत्संबन्धः पुद्गलो, यथाकाशादि । सुखाभिलाषक्रियायाः दुःखोद्वेगक्रियायाः स्वसंवेदितहिताहितनिर्वर्तनक्रियायाश्च चैतन्यविवर्तरूपसङ्कल्पप्रभवत्वात्स एव कर्ता, नान्यः । शुभाशुभकर्मफलभूताया इष्टानिष्टविषयोपभोगक्रियायाश्च सुखदुःखस्वरूपस्वपरिणामक्रियाया इव स एव कर्ता, नान्यः । एतेनासाधारणकार्यानुमेयत्वं पुद्गलव्यतिरिक्तस्यात्मनो द्योतितमिति ॥ १२२ ॥**

**અનુવાદ :** આ, અન્યથી અસાધારણ એવાં જીવકાર્યોનું કથન છે (અર્થાત્ અન્ય દ્રવ્યોથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસાધારણ એવાં જે જીવનાં કાર્યો તે અહીં દર્શાવ્યાં છે).

ચૈતન્યસ્વભાવપણાને લીધે, કર્તૃસ્થિત (કર્તામાં રહેલી) ક્રિયાનો–જ્ઞપ્તિ તથા દશિ–જીવ જ કર્તા છે; તેના સંબંધમાં રહેલું પુદ્‌ગલ તેનું કર્તા નથી, જેમ આકાશાદિ નથી તેમ. (ચૈતન્યસ્વભાવને લીધે જાણવાની અને દેખવાની ક્રિયાનો જીવ જ કર્તા છે; જ્યાં જીવ છે ત્યાં ચાર અરૂપી અચેતન દ્રવ્યો પણ છે તોપણ તેઓ જેમ જાણવાની અને દેખવાની ક્રિયાનાં કર્તા નથી તેમ જીવની સાથે સંબંધમાં રહેલાં કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલો પણ તે ક્રિયાનાં કર્તા નથી.) ચૈતન્યના વિવર્તરૂપ (-પલટારૂપ) સંકલ્પની ઉત્પત્તિ (જીવમાં) થતી હોવાને લીધે, સુખની અભિલાષારૂપ ક્રિયાનો, દુઃખના ઉદ્વેગરૂપ ક્રિયાનો તથા સ્વસંવેદિત હિત-અહિતની નિષ્પત્તિરૂપ ક્રિયાનો (-પોતાથી ચેતવામાં આવતા શુભ-અશુભ ભાવોને રચવારૂપ ક્રિયાનો) જીવ જ કર્તા છે; અન્ય નહિ. શુભાશુભ કર્મના ફળભૂત ઈષ્ટાનિષ્ટવિષયોપભોગક્રિયાનો, સુખદુઃખસ્વરૂપ સ્વપરિણામક્રિયાની માફક, જીવ જ કર્તા છે; અન્ય નહિ.

આથી એમ સમજાવ્યું કે (ઉપરોક્ત) અસાધારણ કાર્યો દ્વારા પુદ્‌ગલથી ભિન્ન એવો આત્મા અનુમેય (-અનુમાન કરી શકાવાયોગ્ય) છે. ૧૨૨.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૮, શુક્રવાર]

નવ પદાર્થોમાંથી આ જીવ પદાર્થનું વર્ણન છે. નવ તત્ત્વોમાં જીવનું પરથી ભેદજ્ઞાન કરાવવાનો આ અધિકાર છે. અનાદિથી સ્વ-પરની એકતા બુદ્ધિરૂપ જે મિથ્યાભાવ છે તે અધર્મ છે. પરથી જુદું પોતાનું સ્વરૂપ સમજે તો કલ્યાણ થાય. તેથી જીવમાં હોય ને બીજા કોઈ દ્રવ્યોમાં ન હોય એવા ખાસ કાર્યનું વર્ણન કરે છે.

પ્રથમ તો જાણવું-દેખવું તે જીવની ક્રિયા છે; જાણવા-દેખવાની ક્રિયા જીવ સિવાય અન્ય કોઈ દ્રવ્યમાં નથી.

વળી સુખને ઇચ્છે છે ને દુઃખથી ડરે છે ત પણ જીવની ક્રિયા છે; અજીવને સુખ-દુઃખ હોતાં જ નથી.

વળી શુભ-અશુભ આચરણ તે પણ જીવનુ કર્તૃત્વ છે. જડમાં કાંઈ પુણ્યપાપના ભાવો હોતા નથી. હિંસાદિના પાપભાવ કે દયાભક્તિના પુણ્યભાવ તે જીવની ક્રિયા છે. આમ સમજે તો પરથી ભેદજ્ઞાન થાય. નિમિત્ત સારાં મળ્યાં માટે શુભ પરિણામ થયાં કે ખરાબ નિમિત્ત મળ્યાં માટે અશુભ પરિણામ થયાં એમ નથી પણ શુભઅશુભ પરિણામ તે જીવનું જ કર્તવ્ય છે.

વળી પોતાના કાર્યના ફળરૂપ સુખદુઃખને પણ જીવ જ ભોગવે છે. જડમાં કાંઈ સુખદુઃખ ભોગવવાનું હોતું નથી. દુઃખનું વેદન દેહમાં થતું નથી પણ જીવમાં થાય છે. આમ સમજાવીને જીવને પરથી ભિન્ન ઓળખાવે છે.

જાણવા-દેખવાની ક્રિયા કરનાર જીવ પોતે જ છે; કોઈ પરને લીધે આત્મામાં જાણવા-દેખવાની ક્રિયા થતી નથી. નિમિત્તને લીધે જ્ઞાન થાય એમ નથી. પણ જીવ પોતે જ જાણવાના સ્વભાવવાળો છે.

નવ પદાર્થોમાં જીવ કેવા સ્વભાવવાળો છે તે ઓળખાવે છે. જ્ઞાન–દર્શનક્રિયા સાથે આત્મા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તન્મય છે. આત્મા શરીરાદિની ક્રિયા સાથે તન્મય નથી. તેનાથી તો જુદો છે પણ પોતાની જ્ઞાનદર્શનની ક્રિયા સાથે જ તે તન્મય છે. પરને અને મારે કાંઈ પણ સંબંધ નથી એમ સમજીને ભેદજ્ઞાન માટે આ વર્ણન છે. જીવ પદાર્થનું વર્ણન પૂરું કરતાં છેલ્લે કહેશે કે જીવઅજીવ પદાર્થોના લક્ષણનું વર્ણન માત્ર ભેદવિજ્ઞાન કરવાના હેતુથી જ કરવામાં આવ્યું છે. પરથી ભેદજ્ઞાન કરીને અંતર્મુખ સ્વભાવના અવલંબને જ શાંતિ છે. આમ સમજે તો બહારથી શાંતિ કે જ્ઞાન લેવાની મિથ્યાબુદ્ધિ રહે નહિ. જ્ઞાનની ક્રિયા તો પોતાના આત્મામાં થાય છે. કોઈ પુસ્તક પાનાથી કે બહારના પદાર્થો વડે તે જ્ઞાનક્રિયા થતી નથી. જ્ઞાનક્રિયા આત્મામાં જ થાય છે. તે જ્ઞાન ક્રિયાની સાથે આત્મા તન્મય છે. પણ જીવ સાથે સંબંધવાળું એવું અચેતન પુદ્ગલ દ્રવ્ય તે જ્ઞાનક્રિયાનું કર્તા નથી. અચેતન આંખને લીધે આત્મા જાણે એ વાત જુઠી છે. જ્ઞાનાવરણ કર્મ જડ છે, તે આત્માની જ્ઞાનક્રિયાનું કરનાર કે રોકનાર નથી. જીવ પોતે પોતાના જ્ઞાનની જેવી ક્રિયા કરે તેવી થાય છે. જેમ અચેતન આકાશ કાંઈ જાણતું નથી તેમ અજીવ પુદ્ગલ દ્રવ્યની સાથે પણ જીવની જ્ઞાનક્રિયાને કાંઈ સંબંધ નથી. તેમ અજીવ પુદ્ગલ સાથે પણ જ્ઞાનનો સંબંધ નથી. જેમ આકાશ સાથે જ્ઞાનનો કાંઈ સંબંધ નથી તેમ અજીવ પુદ્ગલ સાથે પણ જ્ઞાનનો સંબંધ નથી. જ્ઞાન તો આત્મા સાથે એકમેક છે. આમ સમજે તો જ્ઞાનમાં પરાશ્રયબુદ્ધિ રહે નહિ. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ ચાર અરૂપી દ્રવ્યો આત્માને જ્ઞાનનું કારણ નથી તેમ પુદ્ગલ દ્રવ્ય પણ આત્માને જ્ઞાનનું કારણ નથી. બાર અનુપ્રેક્ષામાં કહે છે કે પુણ્ય-પાપ આસ્રવ છે તે આસ્રવની ક્રિયા મોક્ષમાં નિમિત્ત પણ નથી એમ ચિંતવવું.

વ્યવહારના શુભ પરિણામ મોક્ષનું નિમિત્ત થશે એમ તું ચિંતવીશ નહિ. આસ્રવના ભાવોને મોક્ષનું પરંપરા કારણ પણ માનીશ નહિ. ત્યાં જેમ આસ્રવ તે મોક્ષની ક્રિયાનું કારણ નથી એમ કહ્યું તેમ અહીં કહે છે કે અજીવ દ્રવ્યોને લીધે જીવમાં જ્ઞાનક્રિયા થતી નથી.

છ દ્રવ્યોમાં એક જીવ દ્રવ્ય જ જ્ઞાનક્રિયાસંપન્ન છે તેથી તે જ્ઞાન ક્રિયા વડે જીવને અન્ય સમસ્ત દ્રવ્યોથી જુદો ઓળખવો.

જીવમાં જ સુખની ઇચ્છા થાય છે. સિદ્ધ ભગવંતો તો પૂર્ણ સુખી થઈ ગયા. તેમને હવે ઈચ્છા રહી નથી. અજીવને પણ સુખની ઇચ્છા હોતી નથી. દરેક જીવ સુખને ઇચ્છે છે આમ કહીને અહીં જડથી ભિન્નતા બતાવે છે. આત્માના અતીન્દ્રિય સુખની અભિલાષા હોય કે સંસારના ઇંદ્રિયસુખની અભિલાષા હોય તે જીવમાં જ છે. અજીવમાં તે હોતી નથી. સુખ નામનો ગુણ જીવમાં જ છે.

વળી દુઃખથી ભયભીત થાય એવી ક્રિયા પણ જીવમાં જ છે. અજીવમાં કાંઈ દુઃખનો ડર હોતો નથી. જુઓ સુખદુઃખ એ કાંઈ કલ્પના નથી. પણ જીવની પર્યાયમાં સુખદુઃખ થાય છે.

વળી શુભઅશુભભાવોરૂપે પ્રવર્તન વગેરે ક્રિયાઓમાં પણ જીવ જ પ્રવર્તે છે. જુઓ, અહીં જીવને બીજા પદાર્થોથી જુદો ઓળખાવવો છે. માટે શુભ-અશુભનો કર્તા કહ્યો છે. દૃષ્ટિના વિષયનું વર્ણન હોય ત્યાં તો એમ કહે કે શુભ અશુભભાવો આત્માના સ્વભાવમાં નથી. આત્મા શુભાશુભને કરતો નથી પણ અહીં તો પર્યાય અપેક્ષાએ વાત છે તેથી આત્માને શુભાશુભનો કર્તા કહ્યો છે. પોતાના શુભ અશુભભાવના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા પણ જીવ પોતે છે. સુખદુઃખના ભોગવટારૂપ ક્રિયા પરને લીધે થતી નથી પણ જીવની જ તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયા છે.કોઈ સંયોગો તેને સુખદુઃખ દેવામાં સમર્થ નથી.

આ પ્રમાણે જ્ઞાનદર્શન, સુખદુઃખ, શુભઅશુભ કે હર્ષશોક વગેરે ક્રિયાઓનો કર્તા જીવ જ છે એમ જાણવું. તે જાણવા દેખવા વગેરેની ક્રિયાઓ અજીવમાં હોતી નથી. આમ ઓળખીને જીવ-અજીવનું ભેદવિજ્ઞાન કરવું તે અપૂર્વધર્મ છે.

નવ પદાર્થોમાં પહેલો જીવ પદાર્થ આવો છે. આવા જીવનું ભાન ન કરે ને બહારની ક્રિયામાં ધર્મ માની લ્યે તેને રખડવાનું મટે નહિ. માટે પહેલાં જીવ શું ને જીવની ક્રિયા શું તે સમજવું જોઈએ. શરીર ઊંચુનીચું થાય કે ભાષા બોલાય તે તો અજીવની ક્રિયા છે. તે ક્રિયામાં કાંઈ જીવનો ધર્મ હોતો નથી. જીવનો ધર્મ તો પોતાના જ્ઞાનદર્શનાદિની ક્રિયામાં છે. ''મન-વચન-કાયાથી કરવું, કરાવવું ને અનુમોદવું'' એમ નવ કોટિથી ત્યાગ કરવાનું કથન આવે, ત્યાં તે પ્રકારના જીવના ભાવોને છોડવા માટેની વાત છે. કાંઈ જડની ક્રિયાને આત્મા કરતો નથી, ને જડની ક્રિયાને છોડવાની વાત નથી. કરવાનો, કરાવવાનો કે અનુમોદવાનો ભાવ કોનો છે ? તે ભાવ તો જીવની પર્યાયમાં થાય છે તેથી તે ભાવને છોડવાની વાત છે એમ સમજવું. આમ સમજે નહિ ને આત્માને જડની ક્રિયાથી ધર્મ-અધર્મ માને તેને તો હજી જીવ-અજીવની ભિન્નતાનું પણ ભાન નથી. તેને ધર્મ થાય નહિ માટે અહીં જીવ અજીવના લક્ષણ બતાવીને ભેદજ્ઞાન કરાવ્યું છે.

---

**एवमभिगम्म जीवं अण्णेहिं वि पज्ञएहिं बहुगेहिं ।**
**अभिगच्छदु अज्ञीवं णाणंतरिदेहिं लिंगेहिं ॥ १२३ ॥**

**एवमभिगम्य जीवमन्यैरपि पर्यायैर्बहुकैः ।**
**अभिगच्छत्वजीवं ज्ञानांतरितैर्लिङ्गैः ॥ १२३ ॥**

**બીજાય બહુ પર્યાયથી એ રીત જાણી જીવને,**
**જાણો અજીવપદાર्थ જ્ઞાનવિભિન્ન જડ લિંગો વડે. ૧૨૩**

**અન્વયાર્થ** : [एवम्] એ રીતે [अन्यैः अपि बहुकैः पर्यायैः] બીજા પણ બહુ પર્યાયો વડે [जीवम् अभिगम्य] જીવને જાણીને [ज्ञानांतरितैः लिङ्गैः] જ્ઞાનથી અન્ય એવાં (જડ) લિંગો વડે [अजीवम् अभिगच्छतु] અજીવને જાણો.

---

**तात्पर्यवृत्ति** : एवं भेदभावनामुख्यत्वेन प्रथमगाथा जीवस्यासाधारणकार्यकथनरूपेण द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयेन पंचमस्थलं गतं । अथ गाथापूर्वार्धेन जीवाधिकारव्याख्यानोपसंहारमुत्तरार्धेन चाजीवाधिकारप्रारंभं करोति,-एवमभिगम्य ज्ञात्वा । कं । जीवं अन्यैरपि पर्यायैर्बहुकैः पश्चादभिगच्छतु जानातु । कं ? अजीवं ज्ञानांतरितैर्लिङ्गैरिति । तद्यथा – एवं पूर्वोक्तप्रकारेण जीवपदार्थमधिगम्य । कैः ? पर्यायैः । कथंभूतैः ? पूर्वोक्तैः, न केवलं पूर्वोक्तैः व्यवहारेण गुणस्थानमार्गणास्थानभेदगतनामकर्मोदयादिजनितस्वकीयस्वकीयमनुष्यादिशरीरसंस्थानसंहननप्रभृतिबहिरंगाकारैर्निश्चयेनाभ्यंतरै रागद्वेषमोहरूपैरशुद्धैस्तथैव च नीरागनिर्विकल्पचिदानंदैकस्वभावात्मपदार्थसंवित्तिसंजातपरमानंदसुस्थितसुखामृतरसानुभवसमरसीभावपरिणतमनोरूपैः शुद्धैश्चान्यैरपि । पश्चात् । किं करोतु ? जानातु । कं ? अजीवं पदार्थं । कैः ? लिंगैः चिह्नैः । किंविशिष्टैरग्रे वक्ष्यमाणैर्ज्ञानांतरितत्वात् जडैश्चेति सूत्राभिप्रायः ॥ १२३ ॥

**समयव्याख्या : जीवाजीवव्याख्योपसंहारोपक्षेपसूचनेयम् । एवमनया दिशा व्यवहारनयेन कर्मग्रंथ-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**प्रतिपादितजीवगुणमार्गणास्थानादिप्रपञ्चितविचित्रविकल्परूपैः, निश्चयनयेन मोहरागद्वेषपरिणतिसंपादित-विश्वरूपत्वात्कदाचिदशुद्धैः कदाचित्तदभावाच्छुद्धैश्चैतन्यविवर्तग्रन्थिरूपैर्बहुभिः पर्यायैः जीवमधिगच्छेत् । अधिगम्य चैवमचैतन्यस्वभावत्वात् ज्ञानादर्थांतरभूतैरितः प्रपंच्यमानैर्लिङ्गैर्जीवसंबद्धमसंबद्धं वा स्वतो भेदबुद्धिप्रसिद्ध्यर्थमजीवमधिगच्छेदिति ॥ १२३ ॥**

**– इति जीवपदार्थव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ : આ, જીવ-વ્યાખ્યાનના ઉપસંહારની અને અજીવ-વ્યાખ્યાનના પ્રારંભની સૂચના છે.**

**એ રીતે આ નિર્દેશ પ્રમાણે (અર્થાત્ ઉપર સંક્ષેપમાં સમજાવ્યા પ્રમાણે), (૧) વ્યવહારનયથી કર્મગ્રંથપ્રતિપાદિત જીવસ્થાન-ગુણસ્થાન-માર્ગણાસ્થાન ઈત્યાદિ દ્વારા પ્રપંચિત વિચિત્ર ભેદરૂપ બહુ પર્યાયો વડે, તથા (૨) નિશ્ચયનયથી મોહરાગદ્વેષપરિણતિસંપ્રાપ્ત વિશ્વરૂપતાને લીધે કદાચિત્ અશુદ્ધ (એવા) અને કદાચિત્ તેના (-મોહરાગદ્વેષપરિણતિના) અભાવને લીધે શુદ્ધ એવા ચૈતન્યવિવર્તગ્રંથિરૂપ બહુ પર્યાયો વડે, જીવને જાણો. એ રીતે જીવને જાણીને, અચૈતન્યસ્વભાવને લીધે, જ્ઞાનથી અર્થાંતરભૂત એવાં, અહીંથી (હવેની ગાથાઓમાં) કહેવામાં આવતાં લિંગો વડે, જીવ-સંબદ્ધ કે જીવ-અસંબદ્ધ અજીવને, પોતાથી ભેદબુદ્ધિની પ્રસિદ્ધિ અર્થે, જાણો. ૧૨૩.**

**આ રીતે જીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૮, શુક્રવાર]

હવે જીવ અજીવના વ્યાખ્યાનને સંક્ષેપી કહે છે.

એ પ્રમાણે બીજી પણ અનેક પર્યાયોથી આત્માને જાણીને જ્ઞાનથી ભિન્ન સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ચિહ્નથી પુદ્‌ગલાદિ પાંચ અજીવ દ્રવ્યોને જાણો.

એ પ્રમાણે જ્ઞાનદર્શનાદિ ક્રિયા વડે જીવને અન્ય દ્રવ્યોથી ભિન્ન ઓળખાવ્યો. તે રીતે ગુણસ્થાન, જીવસ્થાન વગેરે અન્ય પર્યાયોથી પણ જીવને અન્ય અજીવ દ્રવ્યોથી ભિન્ન ઓળખી લેવો. જુઓ ! સમયસાર, નિયમસાર વગેરેમાં જીવના અખંડ સ્વભાવની અધિકતા બતાવવા માટે ગુણસ્થાન, જીવસ્થાન વગેરેને અજીવના પરિણામ કહ્યા છે ત્યાં પર્યાય ગૌણ કરીને દ્રવ્યદૃષ્ટિનો વિષય બતાવ્યો છે અને અહીં તો અજીવ દ્રવ્યોથી ભિન્નતા બતાવવા માટે જીવની પર્યાય વડે જીવને ઓળખાવ્યો છે. મિથ્યાત્વાદિ ૧૪ ગુણસ્થાનો છે. તે બધા ભાવો જીવની પર્યાયમાં થાય છે, તે કાંઈ અજીવને લીધે થતા નથી. ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરાવવા માટે તેને કર્મજનિત કહ્યા છે **પણ ત્યાં તો પર્યાયને અંતર્મુખ કરીને અભેદ સ્વભાવ બતાવવાનો અભિપ્રાય છે. જો પર્યાયને જ પરાધીન-કર્મને લીધે માની લે તો તો અંતર્મુખ થઈને અભેદ સ્વભાવની દૃષ્ટિ ક્યાંથી કરશે ? કેમ કે અભેદ સ્વભાવને દૃષ્ટિમાં લેનાર તો પર્યાય છે. તે પર્યાયને જ જેણે પરને લીધે માની તે જીવ પર્યાયને અંતર સ્વભાવની સન્મુખ કરી શકશે નહિ. માટે નક્કી કરવું જોઈએ કે જેટલી જીવની પર્યાયો છે તે બધી જીવને પોતાને લીધે જ થાય છે.** આવો આત્માની પર્યાયોનો વિલાસ છે. તે પર્યાયના વિલાસથી જીવતત્ત્વને જાણી લેવું. નિગોદની દશા, નરકાદિની દશા વગેરે બધી દશામાં પણ જીવતત્ત્વનો વિલાસ છે. જગતના જે બાહ્ય પદાર્થો દેખાય છે તેમાં તો જડનો વિલાસ છે, તેમાં આત્માનો વિલાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આત્માનો વિલાસ તો પોતાની પર્યાયમાં જ છે. આમ જીવની પર્યાય વડે જીવને ઓળખવો. જીવની શુદ્ધ પર્યાય કે અશુદ્ધ પર્યાય તેના વડે જીવ તત્ત્વ જ ઓળખાય છે ને અચેતનપણા વડે અજીવ તત્ત્વો ઓળખાય છે.

કદાચિત્ મોહ–રાગ–દ્વેષ વગેરે અશુદ્ધ પર્યાયો છે તે અશુદ્ધ નિશ્ચયનયથી જીવ છે. તે અશુદ્ધ પર્યાયથી જીવતત્ત્વ જણાય છે કેમ કે તે પર્યાય જીવની છે. અને તે અશુદ્ધતા ટળીને શુદ્ધ પર્યાય પ્રગટે તે શુદ્ધ પર્યાય વડે પણ જીવતત્ત્વ જણાય છે.

આ પ્રમાણે સર્વજ્ઞદેવપ્રણીત આગમ અનુસાર અનેક પ્રકારના નયવિલાસથી જીવતત્ત્વને જાણવું. અને જડ સ્વભાવ વડે અજીવતત્ત્વને ઓળખવું. કર્મો, નોકર્મો કે છૂટા રજકણો તે બધાય અજીવ છે. જીવ જ્ઞાન, દર્શનમય છે, તે અજીવથી ભિન્ન છે. આમ જીવના લક્ષણથી જીવને જાણવો ને અજીવના લક્ષણથી અજીવને જાણવો. એ રીતે જીવ-અજીવનું ભેદજ્ઞાન કરાવવા માટે જ આ જીવ-અજીવનાં પૃથક્ લક્ષણો ઓળખાવ્યાં છે.

જીવ-અજીવનું ભેદજ્ઞાન કર્યા વિના પરમાંથી એકત્વબુદ્ધિ ટળે નહિ ને તે વિના ધર્મ થાય નહિ. જુઓ ! આ સમજ્યા વિના જન્મમરણનો થાક ઊતરે તેમ નથી. તારે અનંત જન્મમરણનો થાક ઉતારવો હોય તો જ્ઞાનાદિ લક્ષણો વડે તારા જીવતત્ત્વને અજીવથી ભિન્ન ઓળખીને તારા જીવસ્વભાવમાં વિસામો લે.

અભવ્ય જીવને પણ જે મિથ્યાત્વાદિ ભાવો છે તે કર્મને લીધે નથી પણ તેની પોતાની પર્યાયને લીધે જ છે. આમ નવ તત્ત્વોમાં જીવને અજીવથી ભિન્ન જાણવો. નવતત્ત્વોમાં જીવતત્ત્વને સમજવાનું તાત્પર્ય છે. નવતત્ત્વમાં જીવની પર્યાયને પર્યાય તરીકે જાણે છે ને દ્રવ્યને દ્રવ્ય તરીકે જાણે છે. તે જ્ઞાનનું જોર અખંડ દ્રવ્ય તરફ વળ્યા વિના રહેતું નથી કેમ કે દ્રવ્યને દ્રવ્યપણે જાણ્યું ને પર્યાયને પર્યાયપણે જાણ્યું ત્યાં પર્યાય કરતાં દ્રવ્યનું સામર્થ્ય અનંતગણું છે એમ પણ તે જ્ઞાને જાણ્યું છે તેથી તે જ્ઞાનનું વલણ અખંડ દ્રવ્ય તરફ વળ્યા વિના રહેતું નથી. એ રીતે નવતત્ત્વના જ્ઞાનમાં પણ અભેદ દ્રવ્ય તરફનું વલણ જ આવી જાય છે.

નવતત્ત્વમાંથી જીવતત્ત્વનું વર્ણન અહીં પૂરું થયું.

---

**आगासकालपुग्गलधम्माधम्मेसु णत्थि जीवगुणा ।**
**तेसिं अचेदणत्तं भणिदं जीवस्स चेदणदा ॥ १२४ ॥**

**आकाशकालपुद्गलधर्माधर्मेषु न सन्ति जीवगुणाः ।**
**तेषामचेतनत्वं भणितं जीवस्य चेतनता ॥ १२४ ॥**

**છે જીવગુણ નહિ આભ-ધર્મ-અધર્મ-પુદ્ગલ-કાળમાં;**
**તેમાં અચેતનતા કહી, ચેતનપણું કહ્યું જીવમા. ૧૨૪.**

**અન્વયાર્થ** : [आकाशकालपुद्गलधर्माधर्मेषु] આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મમાં [जीवगुणाः न सन्ति] જીવના ગુણો નથી; (કારણ કે) [तेषाम् अचेतनत्वं भणितम्] તેમને અચેતનપણું કહ્યું છે, [जीवस्य चेतनता] જીવને ચેતનતા કહી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तात्पर्यवृत्ति** : एवं जीवपदार्थव्याख्यानोपसंहारः तथैवाजीवव्याख्यानप्रारंभ इत्येकसूत्रेण षष्ठस्थलं गतं । इति पूर्वोक्तप्रकारेण "जीवाजीवा भावा" इत्यादि नवपदार्थानां नामकथनरूपेण स्वतन्त्रगाथासूत्रमेकं, तदनंतरं जीवादिपदार्थव्याख्यानेन षट्स्थलैः पंचदशसूत्राणीति समुदायेन षोडशगाथाभिर्नवपदार्थ-प्रतिपादकद्वितीयमहाधिकारमध्ये "द्वितीयांतराधिकारः" समाप्तः । अथ भावकर्मद्रव्यकर्मनोकर्ममति-ज्ञानादिविभावगुणनरनारकादिविभावपर्यायरहितः केवलज्ञानाद्यनंतगुणस्वरूपो जीवादिनवपदार्थांतर्गतो भूतार्थ-परमार्थरूपः शुद्धसमयसाराभिधान उपादेयभूतो योऽसौ शुद्धजीवपदार्थस्तस्मात्सकाशाद्विलक्षणस्वरूपस्या-जीवपदार्थस्य गाथाचतुष्टयेन व्याख्यानं क्रियते । तत्र गाथाचतुष्टयमध्ये अजीवत्वप्रतिपादनमुख्यत्वेन "आयासकाल" इत्यादिपाठक्रमेण गाथात्रयं, तदनंतरं भेदभावनार्थं देहगतशुद्धजीवप्रतिपादनमुख्यत्वेन "अरसमरूवं" इत्यादि सूत्रमेकं, एवं गाथाचतुष्टयपर्यंतं स्थलद्वयेनाजीवाधिकारव्याख्याने समुदायपातनिका । तद्यथा । अथाकाशादीनामजीवत्वे कारणं प्रतिपादयति, आकाशकालपुद्गलधर्माधर्मेष्वनंतज्ञानदर्शनाद्यो जीवगुणाः सन्ति न ततः कारणात्तेषामचेतनत्वं भणितं । कस्मात् तेषां जीवगुणा न संतीति चेत् । युगपज्जगत्त्रयकालत्रयवर्तिसमस्तपदार्थपरिच्छेदकत्वेन जीवस्यैव चेतकत्वादिति सूत्राभिप्रायः ।। १२४ ।।

**समयव्याख्या : अथ अजीवपदार्थव्याख्यानम् । आकाशादीनामेवाजीवत्वे हेतूपन्यासोयम् । आकाशकालपुद्गलधर्माधर्मेषु चैतन्यविशेषरूपा जीवगुणा नो विद्यंते, आकाशादीनां तेषामचेतनत्व-सामान्यत्वात् । अचेतनत्वसामान्यञ्चाकाशादीनामेव, जीवस्यैव चेतनत्वसामान्यादिति ॥ १२४ ॥**

**અનુવાદ : હવે અજીવપદાર્થનું વ્યાખ્યાન છે. આ, આકાશાદિનું જ અજીવપણું દર્શાવવા માટે હેતુનું કથન છે.**

**આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મમાં ચૈતન્યવિશેષોરૂપ જીવગુણો વિદ્યમાન નથી; કારણ કે તે આકાશાદિને અચેતનત્વસામાન્ય છે. અને અચેતનત્વસામાન્ય આકાશાદિને જ છે, કેમકે જીવને જ ચેતનત્વસામાન્ય છે. ૧૨૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૮, શુક્રવાર]

હવે અજીવ તત્ત્વની વાત કરે છે.

આકાશદ્રવ્ય, કાળદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, એ પાંચે દ્રવ્યોમાં સુખસત્તા, બોધ ચૈતન્યાદિ જીવના ગુણો નથી, ભગવાને તે પાંચે દ્રવ્યોમાં ચેતનારહિત જડભાવ કહ્યો છે. ચૈતન્યભાવ એક જીવદ્રવ્યને જ કહેવામાં આવ્યો છે.

"સચેતન વનસ્પતિ" એમ કહેવાય છે ત્યાં ખરેખર બહારમાં જે લીલી વનસ્પતિ દેખાય છે તે વનસ્પતિ તો જડ છે. જીવ તો ચૈતન્ય લક્ષણવાળો છે. તે અજીવથી ભિન્ન છે. જીવ અજીવ વગેરે નવે તત્ત્વોને જાણીને તેમાં ઉપાદેયરૂપ તો જ્ઞાયકમૂર્તિ શુદ્ધ જીવ જ છે. જાણવા યોગ્ય તો બધાં તત્વો છે, પણ તે જાણીને શુદ્ધજ્ઞાયક ભૂતાર્થ જીવને આદરવો તે તાત્પર્ય છે. ૧૨૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सुहदुक्खजाणणा वा हिदपरियम्मं च अहिदभीरुत्तं।**
**जस्स ण विज्जदि णिच्चं तं समणा बेंति अज्जीवं॥ १२५॥**

**सुखदुःखज्ञानं वा हितपरिकर्म चाहितभीरुत्वम्।**
**यस्य न विद्यते नित्यं तं श्रमणा विंदंत्यजीवम्॥ १२५॥**

**સુખદુઃખસંચેતન, અહિતની ભીતિ, ઉદ્યમ હિત વિષે**
**જેને કદી હોતાં નથી, તેને અજીવ શ્રમણો કહે. ૧૨૫.**

**અન્વયાર્થ** : [सुखदुःखज्ञानं वा] સુખદુઃખનું જ્ઞાન, [हितपरिकर्म] હિતનો ઉદ્યમ [च] અને [अहितभीरुत्वम्] અહિતનો ભય – [यस्य नित्यं न विद्यते] એ જેને સદાય હોતાં નથી. [तम्] તેને [श्रमणाः] શ્રમણો [अजीवम् विंदंति] અજીવ કહે છે.

---

**तात्पर्यवृत्ति** : अथाकाशादीनामेवाचेतनत्वे साध्ये पुनरपि कारणं कथयामीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति, – सुखदुःखज्ञातृता वा हितपरिकर्म च तथैवाहितभीरुत्वं यस्य पदार्थस्य न विद्यते नित्यं तं श्रमणां ब्रुवंत्यजीवमिति। तदेव कथ्यते। अज्ञानिनां हितं स्रग्वनिताचंदनादि तत्कारणं दानपूजादि, अहितमहिविषकंटकादि। संज्ञानिनां पुनरक्षयानंतसुखं तत्कारणभूतं निश्चयरत्नत्रयपरिणतं परमात्मद्रव्यं च हितमहितं पुनराकुलत्वोत्पादकं दुःखं तत्कारणभूतं मिथ्यात्वरागादिपरिणतमात्मद्रव्यं च एवं हिताहितादिपरीक्षारूपचैतन्यविशेषाणामभावादचेतना आकाशादयः पंचेति भावार्थः॥ १२५॥

**समयव्याख्या : आकाशादीनामचेतनत्वसामान्ये पुनरनुमानमेतत्। सुखदुःखज्ञानस्य हितपरिकर्मणोऽहितभीरुत्वस्य चेति चैतन्यविशेषाणां नित्यमनुपलब्धेरविद्यमानचैतन्यसामान्या एवाकाशादयोऽजीवा इति॥ १२५॥**

**અનુવાદ : આ વળી, આકાશાદિનું અચેતનત્વસામાન્ય નક્કી કરવા માટે અનુમાન છે.**

**આકાશાદિને સુખદુઃખનું જ્ઞાન, હિતનો ઉદ્યમ અને અહિતનો ભય–એ ચૈતન્યવિશેષોની સદા અનુપલબ્ધિ છે (અર્થાત્ એ ચૈતન્યવિશેષો આકાશાદિને કોઈ કાળે જોવામાં આવતા નથી), તેથી (એમ નક્કી થાય છે કે) આકાશાદિ અજીવોને ચૈતન્યસામાન્ય વિદ્યમાન નથી જ.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૯, શનિવાર]

છ દ્રવ્યોની સ્વતંત્રતાની વાત અગાઉ આવી ગઈ હતી છતાં પાછો અજીવનો અધિકાર કેમ ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન એ છે કે અહીં અજીવની વ્યાખ્યા બીજી ઢબે આવી છે. જીવના દ્રવ્યગુણપર્યાય જેવા છે તેવા અજીવમાં નથી. જે દ્રવ્યમાં સુખદુઃખ નથી, તે અજીવ છે. કર્મમાં, પુદ્‌ગલમાં, શરીર, વાણી, ધર્મ, અધર્મ, આકાશ, કાળ વગેરે દ્રવ્યોમાં સુખ-દુઃખ અથવા જાણપણું નથી, તે અજીવદ્રવ્ય છે. કોઇ જીવ ભયના કારણે ડરે છે ને ભાગે છે તો ત્યાં ડર અથવા દુઃખ શરીરને નથી. જીવને દુઃખ અથવા ડર લાગે છે. તે ભય કર્મની પર્યાયમાં નથી, શરીરનું ક્ષેત્રાંતર શરીરના કારણે છે ને આત્માનું ક્ષેત્રાંતર આત્માના કારણે છે. શરીર, કર્મ આદિ અજીવ પદાર્થમાં સુખદુઃખ હોતું નથી. જે દ્રવ્યમાં સુખદુઃખનું જાણપણું અથવા ઉત્તમ કાર્યોમાં પ્રવૃત્તિ અથવા દુઃખદાયક કાર્યથી ભય નથી તેવાં દ્રવ્યોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગણધરાદિક જ્ઞાનીઓ અજીવ પદાર્થ જાણે છે.

**ભાવાર્થ** : જે દ્રવ્યોમાં સુખદુઃખનું જાણપણું નથી તે અજીવ છે. વળી જે દ્રવ્યોમાં ઇષ્ટ-અનિષ્ટ કાર્ય કરવાની શક્તિ નથી તે અજીવ છે. આંખ, કાન, જીભમાં હિતાહિત બુદ્ધિ નથી. એ દ્રવ્યોના વિષયમાં અનુમાન થાય છે કે તે પદાર્થો ચેતનાગુણરહિત છે. તે આકાશાદિક પાંચ દ્રવ્યો છે. હિતાહિતની પ્રવૃત્તિ આ કોઈપણ દ્રવ્યમાં નથી માટે તેને અજીવ જાણવાં. ૧૨૫.

---

**संठाणा संघादा वण्णरसप्फासगंधसद्दा य।**
**पोग्गलदव्वप्पभवा होंति गुणा पज्जया य बहू॥ १२६ ॥**
**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं॥ १२७ ॥**

**संस्थानानि संघाताः वर्णरसस्पर्शगंधशब्दाश्च।**
**पुद्गलद्रव्यप्रभवा भवन्ति गुणाः पर्यायाश्च बहवः॥ १२६ ॥**
**अरसमरूपमगंधमव्यक्तं चेतनागुणमशब्दम्।**
**जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्॥ १२७ ॥**

**સંસ્થાન-સંઘાતો, વરણ-રસ-ગંધ-શબ્દ-સ્પર્શ જે,**
**તે બહુ ગુણો ને પર્યયો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૨૬**
**જે ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન, ઇંદ્રિયગ્રાહ્ય નહિ, તે જીવ છે. ૧૨૭**

**અન્વયાર્થ** : [संस्थानानि] (સમચતુરસ્રાદિ) સંસ્થાનો, [संघाताः] (ઔદારિકાદિ શરીર સંબંધી) સંઘાતો, [वर्णरसस्पर्शगंधशब्दाः च] વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ – [बहवः गुणाः पर्यायाः च] એમ જે બહુ ગુણો અને પર્યાયો છે, [पुद्गलद्रव्यप्रभवाः भवन्ति] તે પુદ્‌ગલદ્રવ્યનિષ્પન્ન છે. [अरसम् अरूपम् अगंधम्] જે અરસ, અરૂપ તથા અગંધ છે, [अव्यक्तम्] અવ્યક્ત છે, [अशब्दम्] અશબ્દ છે, [अनिर्दिष्टसंस्थानम्] અનિર્દિષ્ટસંસ્થાન છે (અર્થાત્ જેનું કોઈ સંસ્થાન કહ્યું નથી એવો છે), [चेतनागुणम्] ચેતનાગુણવાળો છે અને [अलिङ्गग्रहणम्] ઇંદ્રિયો વડે અગ્રાહ્ય છે, [जीवं जानीहि] તે જીવ જાણો.

---

**तात्पर्यवृत्ति** : अथ संस्थानादिपुद्गलपर्याया जीवेन सह क्षीरनीरन्यायेन तिष्ठंत्यपि निश्चयेन जीवस्वरूपं न भवंतीति भेदज्ञानं दर्शयति,– समचतुरस्रादिषट्संस्थानानि औदारिकादिशरीरसंबंधिनः पंचसंघाताः वर्णरसस्पर्शगंधशब्दाश्च संस्थानादिपुद्गलविकाररहितात्केवलज्ञानाद्यनंतचतुष्टयसहितात्परमात्मपदार्थान्निश्चयेन भिन्नत्वादेते सर्वे च पुद्गलद्रव्यप्रभवाः। एतेषु मध्ये के गुणाः के पर्याया इति प्रश्ने सति प्रत्युत्तरमाह– वर्णरसस्पर्शगंधगुणा भवन्ति संस्थानादयस्तु पर्यायास्ते च प्रत्येकं बहव इति सूत्राभिप्रायः॥ १२६ ॥

एवं पुद्गलादिपंचद्रव्याणामजीवत्वकथनमुख्यतया गाथात्रयेण प्रथमस्थलं गतं। अथ यदि संस्थानादयो जीवस्वरूपं न भवन्ति तर्हि किं जीवस्वरूपमिति प्रश्ने प्रत्युत्तरमाह,—अरसं रसगुणसहितपुद्गलद्रव्यरूपो न भवति, रसगुणमात्रो वा न भवति, रसग्राहकपौद्गलिकजिह्वाभिधान-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्येन्द्रियरूपो न भवति, तेनैव जिह्वाद्रव्येन्द्रियेण करणभूतेन परेषां स्वस्य वा रसवत्परिच्छेद्यो न भवति निश्चयेन येन स्वयं द्रव्येन्द्रियेन रसग्राहको न भवतीति। निश्चयेन यः ग्राहको न भवतीति सर्वत्र संबंधनीयः। तथा रसास्वादपरिच्छेदकं क्षायोपशमिकं यद्भावेन्द्रियं तद्रूपो न भवति तेनैव भावेन्द्रियेण करणभूतेन परेषां स्वस्य वा रसवत्परिच्छेद्यो न भवति पुनस्तेनैव भावेन्द्रियेण रसपरिच्छेदको न भवति। तथैव सकलग्राहकाखंडैकप्रतिभासमयं यत्केवलज्ञानं तद्रूपत्वात् पूर्वोक्तं रसास्वादकं यद्भावेन्द्रियं तस्मात्कारणभूतादुत्पन्नं यत्कार्यभूतं रसपरिच्छित्तिमात्रं खंडज्ञानं तद्रूपो न भवति तथैव च रसं जानाति रसरूपेण तन्मयो न भवतीत्यरसः। अनेन प्रकारेण यथासंभवं रूपगंधशब्दविषयेषु तथा चाध्याहारं कृत्वा स्पर्शविषये च योजनीयं । **अव्वत्तं** यथा क्रोधादिकषायचक्रं मिथ्यात्वरागादि-परिणतमनसां निर्मलस्वरूपोपलब्धिरहितानां व्यक्तिमायाति तथा परमात्मा नायातीत्यव्यक्तः। **असंठाणं** वृत्तचतुरस्रादिसकलसंस्थानरहिताखण्डैकप्रतिभासमयपरमात्मरूपत्वात् पौद्गलिककर्मोदयजनितसमचतुरस्रादि-षट्संस्थानरहितत्वादसंस्थानं **अलिंगग्गहणं** यद्यप्यनुमानेन लक्षणेन परोक्षज्ञानेन व्यवहारनयेन धूमादग्निवद-शुद्धात्मा ज्ञायते तथापि रागादिविकल्परहितस्वसंवेदनज्ञानसमुत्पन्नपरमानंदरूपानाकुलत्वसुस्थितवास्तवसुखामृत-जलेन पूर्णकलशवत्सर्वप्रदेशेषु भरितावस्थानां परमयोगिनां यथा शुद्धात्मा प्रत्यक्षो भवति तथेतराणां न भवतीत्यलिंगग्रहणः, **चेदणागुणं** "यत्सर्वाणि चराचराणि विविधद्रव्याणि तेषां गुणान् पर्यायानपि भूतभाविभवतः सर्वान् सदा सर्वदा। जानीते युगपत्प्रतिक्षणमतः सर्वज्ञ इत्युच्यते सर्वज्ञाय जिनेश्वराय महते वीराय तस्मै नमः" इति वृत्तकथितलक्षणेन केवलज्ञानसंज्ञेन शुद्धचेतनागुणेन युक्तत्वाच्चेतनागुणश्च यः **जाण जीवं** हे शिष्य तमेवं गुणविशिष्टं शुद्धजीवपदार्थं जानीहीति भावार्थः ॥ १२७ ॥

**समयव्याख्या : जीवपुद्गलयोः संयोगेऽपि भेदनिबंधनस्वरूपाख्यानमेतत् । यत्खलु शरीरशरीरिसंयोगे स्पर्शरसगंधवर्णगुणत्वात्सशब्दत्वात्संस्थानसङ्घातादिपर्यायपरिणतत्वाच्च इन्द्रियग्रहणयोग्यं, तत्पुद्गलद्रव्यम् । यत्पुनरस्पर्शरसगंधवर्णगुणत्वादशब्दत्वादनिर्दिष्टसंस्थानत्वादव्यक्तत्वादिपर्यायैः परिणतत्वाच्च नेन्द्रियग्रहण-योग्यं, तच्चेतनागुणत्वात् रूपिभ्योऽरूपिभ्यश्चाजीवेभ्यो विशिष्टं जीवद्रव्यम् । एवमिह जीवाजीवयोर्वास्तवो भेदः सम्यग्ज्ञानिनां मार्गप्रसिद्ध्यर्थं प्रतिपादित इति ॥ १२६-१२७ ॥**

**–इति अजीवपदार्थव्याख्यानं समाप्तम् ।**

અનુવાદ : જીવ-પુદ્ગલના સંયોગમાં પણ, તેમના ભેદના કારણભૂત સ્વરૂપનું આ કથન છે (અર્થાત્ જીવ અને પુદ્ગલના સંયોગમાં પણ, જે વડે તેમનો ભેદ જાણી શકાય છે એવા તેમના ભિન્નભિન્ન સ્વરૂપનું આ કથન છે).

શરીર અને શરીરીના સંયોગમાં, (૧) જે ખરેખર સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-ગુણવાળું હોવાને લીધે, સશબ્દ હોવાને લીધે તથા સંસ્થાન-સંઘાતાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઇંદ્રિયગ્રહણયોગ્ય છે, તે પુદ્ગલદ્રવ્ય છે; અને (૨) જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અશબ્દ હોવાને લીધે, અનિર્દિષ્ટસંસ્થાન હોવાને લીધે તથા અવ્યક્તત્વાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઇંદ્રિયગ્રહણયોગ્ય નથી, તે, ચેતનાગુણમયપણાને લીધે રૂપી તેમ જ અરૂપી અજીવોથી વિશિષ્ટ (ભિન્ન) એવું જીવદ્રવ્ય છે.

આ રીતે અહીં જીવ અને અજીવનો વાસ્તવિક ભેદ સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ અર્થે પ્રતિપાદિત કરવામાં આવ્યો. ૧૨૬-૧૨૭.

આ રીતે અજીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૯, શનિવાર]

જીવ-પુદ્‌ગલનો સંયોગ દેખાય છે. એકક્ષેત્રાવગાહ સંબધ છે પણ પરસ્પર લક્ષણભેદ છે.

આ ૧૨૭મી ગાથા સમયસારમાં ૪૯મી, પ્રવચનસારમાં ૧૭૨મી, નિયમસારમાં ૪૬મી ને ભાવપાહુડમાં ૬૪મી છે.

જીવપુદ્‌ગલના સંયોગમાં સમચતુરસ્રાદિ છ પ્રકારના સંસ્થાન છે અથવા વજ્રર્ષભનારાચ આદિ સંહનન છે. તે બધાં જડ છે, તે જીવની પર્યાય નથી. પાંચ વર્ણ, પાંચ રસ, આઠ સ્પર્શ, બે ગંધ તથા શબ્દ પુદ્‌ગલજન્ય ગુણો તથા પર્યાયો છે. આ ભાષા બોલાય છે તે જડ છે, જીવથી તે બોલાતી નથી. કોઈ પૂછે કે છદ્મસ્થને ઇચ્છા છે માટે વાણી બોલાય છે એવો મેળ તો દેખાય છે ? **સમાધાન :** ભાષા જડથી થયેલ છે, જીવથી થયેલ નથી, જડની અવસ્થા જડના કારણે છે ને જીવના પરિણામ જીવના કારણે છે, કોઈને લીધે કોઈ નથી.

જીવ કેવો છે ? જીવમાં રસગુણ નથી, વર્ણ નથી, ગંધ નથી, અવ્યક્ત છે, જ્ઞાન-દર્શનગુણવાળો છે, શબ્દપર્યાયરહિત છે. ઈંદ્રિયાદિ ચિહ્નોથી જણાય એવો નથી. આત્માના કારણે શબ્દ થતો નથી. તેમ જ ઈંદ્રિયોથી આત્મા જણાય તેવો નથી. રાગ ને પુણ્યથી પણ જણાય તેવો નથી, મનયોગની ક્રિયાથી કે બીજી ઈંદ્રિયની ક્રિયાથી જણાય તેવો નથી. અતીંદ્રિય જ્ઞાનથી જણાય તેવો છે. વળી તેને જડનો આકાર નથી પણ પોતાનો આકાર છે.

**ભાવાર્થ :** અનાદિ મિથ્યાવાસનાથી આત્મદ્રવ્ય પુદ્‌ગલના સંબંધે પોતાના વિભાવ ને અજ્ઞાનના કારણે શરીર અને ઈંદ્રિયોને પોતાનાં માને છે. દેવગતિમાં જાય તો દેવશરીરાદિના પ્રકાર જેવા દેખાય તેને પોતાના માની વાસના કર્યા કરે છે. પૂર્વકર્મના નિમિત્તે જેવું શરીર, આંખ, કાન, નાક, કંઠ વગેરે મળ્યે તે જાણે કે મારે લીધે મળ્યાં છે ને તે મારા કબજામાં છે એમ માની મિથ્યાવાસના કર્યા કરે છે, ને તેમાં અહંભાવ કરે છે. શરીર ચાલતાં હું ચાલ્યો માને છે, પૈસા નજીક આવતાં આ પૈસા મારા, તથા આ દીકરા મારા, ગુરુ મારા એમ અજ્ઞાનભાવ કરે છે. દેવનું શરીર મળતાં હું દેવ થયો. મનુષ્ય શરીર મળતાં હું મનુષ્ય થયો, એમ માની અહંભાવ સેવે છે. તે મિથ્યાભાવની પ્રવૃત્તિ પોતાની પર્યાયમાં પોતાના કારણે થાય છે. છતાં પરને લીધે ભ્રાંતિ થઈ એમ માની રહ્યો છે. સંયોગો ખસી જાય છે. વિકાર ટળી જાય છે. એકલો ચૈતન્યસ્વભાવ રહી જાય છે. તે વાત અજ્ઞાનીને બેસતી નથી.

વળી કોઈ કહે કે હાલેચાલે તે જીવ, બોલે તે જીવ–એમ માની બેઠો છે. કોઈ સમાજે અથવા માણસોએ વખાણ કર્યાં કે અમુકભાઈ બહુ સારા છે, અજ્ઞાનીને તે વાત રુચિ ગઈ. હવે સમાજની દૃષ્ટિએ કેમ સારો દેખાઉં, ને તે બધા મને સારો કહેતા રહે એની પેરવીમાં અજ્ઞાની જીવ રહ્યા કરે છે. આ મિથ્યાવાસના છે.

વીતરાગ સર્વજ્ઞદેવે બન્ને દ્રવ્યોનાં લક્ષણ જુદાં કહ્યાં છે, જડનું લક્ષણ અચેતનપણું છે ને જીવનું લક્ષણ ચેતનપણું છે. બન્ને ભિન્ન છે છતાં મારા વિના શરીર ચાલે નહિ, વાણી બોલાય નહિ એવી મિથ્યાવાસના ચાલુ રાખી છે ત્યાં સુધી અધર્મને સેવી રહ્યો છે.

આ કુટુંબી મારા છે એમ ભાષા બોલાય તેથી કાંઈ તે મારા થઈ જતા નથી. વાણી વાણીના કારણે છે, શરીર શરીરના કારણે છે, કર્મ કર્મના કારણે છે. પર પદાર્થો, શરીર કે કર્મ કાંઈ રાગ કરાવતા નથી તેમ જ જ્ઞાન કરાવતા નથી. રાગ તે ચારિત્રગુણનો વિપરીત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય છે, તે જ્ઞાન જીવનો પર્યાય છે. પણ મિથ્યાદૃષ્ટિને અન્યથા ભાસે છે.

જીવ અને અજીવનો ભેદ જાણીને જે જીવ ભેદવિજ્ઞાની થઈને આત્માનો અનુભવી થાય છે તે મોક્ષમાર્ગને સાધી નિરાકુળ સુખનો ભોક્તા થાય છે. અજીવની પરિણતિ અજીવમાં છે, જીવની પરિણતિ જીવમાં છે. પરને લીધે મને રાગ કે સંસાર નથી, હું તો પરનો તેમ જ રાગનો જાણનાર છું એમ ભેદવિજ્ઞાન કરે છે તે સુખ ભોગવે છે.

વળી જે જીવને અજીવથી ભિન્ન બતાવે ને રાગદ્વેષરહિતપણે આત્માનું સ્વરૂપ બતાવે તે સાચા દેવ છે. એમ સાચું પ્રરૂપે તે સાચા ગુરુ છે ને એમ કહેનારી વાણી અથવા શાસ્ત્ર તે સાચાં શાસ્ત્ર છે, પણ જે જીવ અને અજીવની એકતા બતાવે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાં નથી.

ધર્મી જીવ વિચારે છે કે અહો ! રાગ તે મારા ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. જ્ઞાનદર્શનની હીણી અવસ્થા તે પણ મારા કારણે છે, શ્રદ્ધા સવળી થઈ તે મારા શ્રદ્ધા ગુણની અવસ્થા છે. આમ તે પરિણામો મારા ગુણોના છે. જડનું પરિણમન જડમાં જડના કારણે છે. આમ જીવ અને અજીવનું ભેદજ્ઞાન કરે છે તે મોક્ષમાર્ગ સાધે છે. પરનો સંબંધ રાખીને ભેદજ્ઞાન સાધે છે એમ કહ્યું નથી. પણ પરથી છૂટા પડીને ભેદજ્ઞાન સાધે છે. આમ ભેદજ્ઞાન સાધે છે તે શાંતિનો અનુભવ કરે છે.

તે કારણથી જીવ-પુદ્ગલના લક્ષણભેદ બતાવવામાં આવે છે. આત્મા અને શરીર એ બેનો સંબંધ છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ગુણો તથા શબ્દ, સંસ્થાન, સંહનન વગેરે મૂર્ત પર્યાયો સ્વરૂપપરિણત છે. તથા જે ઈંદ્રિયગ્રહણયોગ્ય છે તે બધાં પુદ્ગલદ્રવ્ય છે. વાણી પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. જે જે ઈંદ્રિયોથી ગ્રહણ થાય છે તે બધું પુદ્ગલદ્રવ્ય છે.

તથા જે દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણ નથી, શબ્દથી વેગળો છે, જડના આકારરહિત છે, ઈંદ્રિયોથી ગ્રાહ્ય નથી, એટલે કે જે અતીંદ્રિય છે, ચેતનાગુણવાળો છે, મૂર્તિક-અમૂર્તિક અજીવ પદાર્થોથી જુદો અમૂર્તિક ચેતન વસ્તુમાત્ર છે તે જીવ પદાર્થ જાણવો.

કોઈ કહે કે 'વાણી જોરદાર બોલવી જોઈએ કે જેથી બીજા ઉપર પ્રભાવ પડે' તો તેને કહે છે કે ભાઈ, તે પદાર્થ ક્રિયા વિનાનો છે કે આ પદાર્થ આવે તો તેનામાં કાર્ય થાય ? દ્રવ્ય ને પર્યાયનો કદી વિરહ પડે છે ? ના, દરેક પદાર્થ ક્રિયાસંપન્ન છે. આત્મા ભાષા બોલતો નથી ને ભાષાથી બીજા જીવમાં પ્રભાવ પડતો નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, શરીર ને વિકારથી ભિન્ન છે, પરના આકારરહિત ને સ્વઆકાર સહિત છે, ઈંદ્રિયથી ગ્રાહ્ય નથી. ચૈતન્યગુપ્ત છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે **તો પછી વાંચવું ને સાંભળવું શા માટે ? તો તેનું સમાધાન : સાંભળવાના યોગ વખતે આત્માને સાંભળવાનો રાગ આવે છે પણ આત્મા તે રાગથી જુદો છે. આત્મા તો ચેતનાગુણવાળો છે. તે ગુણોથી તે અભેદ છે. શરીર, મન, વાણી આદિ મૂર્તિક દ્રવ્યથી** ને ધર્માદિ ચાર અમૂર્તિક દ્રવ્યોથી આત્મા જુદો છે. વળી શાસ્ત્રમાં કર્મના નિમિત્તે ઉપચારથી આત્માને મૂર્ત કહ્યો છે પણ અજ્ઞાની જીવ ખરેખર તેને મૂર્ત માની લ્યે છે, તે ભ્રાંતિ છે પણ ખરેખર આત્મા મૂર્ત નથી.

આ પ્રમાણે અમૂર્તિક આત્મા મૂર્તિક પદાર્થો અને બીજા અમૂર્તિક પદાર્થોથી જુદો છે એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. આ પ્રમાણે જીવ-અજીવ પદાર્થોમાં લક્ષણભેદ છે. ૧૨૬-૧૨૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**जो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो ।**
**परिणामादो कम्मं कम्मादो होदि गदिसु गदी ॥ १२८ ॥**
**गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते ।**
**तेहिं दु विसयग्गहणं तत्तो रागो व दोसो वा ॥ १२९ ॥**
**जायदि जीवस्सेवं भावो संसारचक्कवालम्भि ।**
**इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा ॥ १३० ॥**

**यः खलु संसारस्थो जीवस्ततस्तु भवति परिणामः**
**परिणामात्कर्म कर्मणो भवति गतिषु गतिः ॥ १२८ ॥**
**गतिमधिगतस्य देहो देहादिन्द्रियाणि जायंते ।**
**तैस्तु विषयग्रहणं ततो रागो वा द्वेषो वा ॥ १२९ ॥**
**जायते जीवस्यैवं भावः संसारचक्रवाले ।**
**इति जिनवरैर्भणितोऽनादिनिधनः सनिधनो वा ॥ १३० ॥**

**સંસારગત જે જીવ છે પરિણામ તેને થાય છે,**
**પરિણામથી કર્મો, કરમથી ગમન ગતિમાં થાય છે; ૧૨૮**
**ગતિપ્રાપ્તને તન થાય, તનથી ઈંદ્રિયો વળી થાય છે,**
**એનાથી વિષય ગ્રહાય, રાગ–દ્વેષ તેથી થાય છે. ૧૨૯**
**એ રીત ભાવ અનાદિનિધન અનાદિસાંત થયા કરે,**
**સંસારચક્ર વિષે જીવોને – એમ જિનદેવો કહે. ૧૩૦**

**અન્વયાર્થ** : [यः] જે [खलु] ખરેખર [संसारस्थः जीवः] સંસારસ્થિત જીવ છે [ततः तु परिणामः भवति] તેનાથી પરિણામ થાય છે (અર્થાત્ તેને સ્નિગ્ધ પરિણામ થાય છે), [परिणामात् कर्म] પરિણામથી કર્મ અને [कर्मणः] કર્મથી [गतिषु गतिः भवति] ગતિઓમાં ગમન થાય છે.

[गतिम् अधिगतस्य देहः] ગતિપ્રાપ્તને દેહ થાય છે, [देहात् इन्द्रियाणि जायंते] દેહથી ઈંદ્રિયો થાય છે, [तैः तु विषयग्रहणं] ઈંદ્રિયોથી વિષયગ્રહણ અને [ततः रागः वा द्वेषः वा] વિષયગ્રહણથી રાગ અથવા દ્વેષ થાય છે.

[एवं भावः] એ પ્રમાણે ભાવ, [संसारचक्रवाले] સંસારચક્રમાં [जीवस्य] જીવને [अनादिनिधनः सनिधनः वा] અનાદિ-અનંત અથવા અનાદિ-સાંત [जायते] થયા કરે છે – [इति जिनवरैः भणितः] એમ જિનવરોએ કહ્યું છે.

---

**तात्पर्यवृत्ति** : एवं भेदभावनार्थसर्वप्रकारोपादेयशुद्धजीवकथनरूपेणैकसूत्रेण द्वितीयस्थलं गतं । इति गाथा चतुष्टयपर्यंतं स्थलद्वयेन नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये तृतीयांतराधिकारः समाप्तः । अथ द्रव्यस्य सर्वथा तन्मयपरिणामित्वे सति एक एव पदार्थो जीवपुद्गलसंयोगपरिणतिरूपः, अथवा सर्वप्रकारेणापरिणामित्वे सति द्वावेव पदार्थौ जीवपुद्गलौ शुद्धौ । न च पुण्यपापादिघटनात्ततश्च किं दूषणं बंधमोक्षाभावः तद्दूषणनिराकरणार्थमेकांतेन परिणामित्वापरिणामित्वयोर्निषिद्धः । तस्मिन्निषेधे सति कथंचित्परिणामित्वमिति ततश्च सप्तपदार्थानां घटना भवतीति । अत्राह शिष्यः । यद्यपि कथंचित्परिणामित्वे

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सति पुण्यादिसप्तपदार्था घटंते तथापि तैः प्रयोजनं जीवाजीवाभ्यामेव पूर्यते यतस्तेपि तयोरेव पर्याया इति । परिहारमाह । भव्यानां हेयोपादेयतत्त्वदर्शनार्थं तेषां कथनं । तदेव कथ्यते । दुःखं हेयतत्त्वं तस्य कारणं संसारः संसारकारणमास्रववंधपदार्थौ तयोश्च कारणं मिथ्यादर्शनज्ञानचारित्रत्रयमिति, सुखमुपादेयतत्त्वं तस्य कारणं मोक्षः मोक्षस्य कारणं संवरनिर्जरापदार्थद्वयं तयोश्च कारणं सम्यग्दर्शनज्ञानचारित्रत्रयमिति । एवं पूर्वोक्तं जीवाजीवपदार्थद्वयं वक्ष्यमाणं पुण्यादिसप्तपदार्थसप्तकं चेत्युभयसमुदायेन नवपदार्था युज्यंते इति नवपदार्थस्थापनप्रकरणं गतं । इत ऊर्ध्वं य एव पूर्वं कथंचित्परिणामित्वबलेन जीवपुद्गलयोः संयोगपरिणामः स्थापितः स एव वक्ष्यमाणपुण्यादिसप्तपदार्थानां कारणं बीजं ज्ञातव्यमिति चतुर्थांतराधिकारे पातनिका, – यः खलु संसारस्थो जीवः ततः परिणामो भवति परिणामादभिनवं कर्म भवति कर्मणः सकाशाद् गतिषु गतिर्भवति इति प्रथमगाथा । गतिमधिगतस्य देहो भवति देहादिन्द्रियाणि जायंते तेभ्यो विषयग्रहणं भवतीति ततो रागद्वेषौ चेति द्वितीयगाथा । जायते जीवस्यैवं भ्रमः परिभ्रमणं । क्व । संसारचक्रवाले । स च किंविशिष्टः । जिनवरैर्भणितः । पुनरपि किं विशिष्टः ? अभव्यभव्यजीवापेक्षयानादिनिधनसनिधनश्चेति तृतीयगाथा । तद्यथा – यद्यपि शुद्धनयेन विशुद्धज्ञानदर्शनस्वभावोऽयं जीवस्तथापि व्यवहारेणानादिकर्मबंधवशादात्मसंवित्तिलक्षणमशुद्धपरिणामं करोति, ततः परिणामात्कर्मातीतानंतज्ञानादिगुणात्मस्वभावप्रच्छादकं पौद्गलिकं ज्ञानावरणादिकर्म बध्नाति । कर्मोदयादात्मोपलब्धिलक्षणपंचमगतिसुखविलक्षणासु सुरनरनारकादिचतुर्गतिषु गमनं भवति । ततश्च शरीररहितचिदानंदैकस्वभावात्मविपरीतो देहो भवति । ततोऽतीन्द्रियामूर्तपरमात्मस्वरूपात्प्रतिपक्षभूतानीन्द्रियाणि समुत्पद्यंते । तेभ्योपि निर्विषयशुद्धात्मध्यानोत्थवीतरागपरमानंदैकस्वरूपसुखविपरीतं पंचेन्द्रियविषयसुखपरिणमनं भवति । ततो रागादिदोषरहितानंतज्ञानादिगुणास्पदात्मतत्त्वविलक्षणौ रागद्वेषौ समुत्पद्येते । रागद्वेषपरिणामात्करणभूतात्पूर्ववत् पुनरपि कार्यभूतं कर्म भवतीति रागादिपरिणामानां कर्मणश्च योऽसौ परस्परं कार्यकारणभावः स एव वक्ष्यमाणपुण्यादिपदार्थानां कारणमिति ज्ञात्वा पूर्वोक्तसंसारचक्रविनाशार्थमव्याबाधानंतसुखादिगुणानां चक्रभूते समूहरूपे निजात्मस्वरूपे रागादिविकल्पपरिहारेण भावना कर्तव्येति । किंच कथंचित्परिणामित्वे सत्यज्ञानी जीवो निर्विकारत्वसंवित्त्यभावे सति पापपदार्थस्यास्रवबंधपदार्थयोश्च कर्ता भवति । कदाचिन्मंदमिथ्यात्वोदयेन दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबंधेन भाविकाले पापानुबन्धिपुण्यपदार्थस्यापि कर्ता भवति । यस्तु ज्ञानी जीवः स निर्विकारात्मतत्त्वविषये या रुचिस्तथा परिच्छित्तिर्निश्चलानुभूतिरित्यभेदरत्नत्रयपरिणामेन संवरनिर्जरामोक्षपदार्थानां कर्ता भवति । यदा पुनः पूर्वोक्तनिश्चयरत्नत्रये स्थातुं न शक्नोति तदा निर्दोषिपरमात्मस्वरूपार्हत्सिद्धानां तदाराधकाचार्योपाध्यायसाधूनां च निर्भरासाधारणभक्तिरूपं संसारविच्छित्तिकारणं परंपरया मुक्तिकारणं च तीर्थंकरप्रकृत्यादिपुण्यानुबंधिविशिष्टपुण्यरूपमनीहितवृत्त्या निदानरहितपरिणामेन पुण्यपदार्थं च करोतीत्यनेन प्रकारेणाज्ञानी जीवः पापादिपदार्थचतुष्टयस्य कर्ता ज्ञानी तु संवरादिपदार्थत्रयस्येति भावार्थः ।। १२८-१२९-१३० ।।

**समयव्याख्या : उक्तौ मूलपदार्थौ । अथ संयोगपरिणामनिवृत्तेतरसप्तपदार्थानामुपोद्घातार्थं जीवपुद्गलकर्मचक्रमनुवर्ण्यते । इह हि संसारिणो जीवादनादिबंधनोपाधिवशेन स्निग्धः परिणामो भवति । परिणामात्पुनः पुद्गलपरिणामात्मकं कर्म । कर्मणो नारकादिगतिषु गतिः । गत्यधिगमनाद्देहः । देहादिन्द्रियाणि । इन्द्रियेभ्यो विषयग्रहणम् । विषयग्रहणाद्रागद्वेषौ । रागद्वेषाभ्यां पुनः स्निग्धः परिणामः । परिणामात्पुनः पुद्गलपरिणामात्मकं कर्म । कर्मणः पुनर्नारकादिगतिषु गतिः । गत्यधिगमनात्पुनर्देहः । देहात्पुनरिन्द्रियाणि । इन्द्रियेभ्यः पुनर्विषयग्रहणम् । विषयग्रहणात्पुना रागद्वेषौ ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**रागद्वेषाभ्यां पुनरपि स्निग्धः परिणामः एवमिदमन्योन्यकार्यकारणभूतजीवपुद्गलपरिणामात्मकं कर्मजालं संसारचक्रे जीवस्यानाद्यनिधनं अनादिसनिधनं वा चक्रवत्परिवर्तते। तदत्र पुद्गलपरिणामनिमित्तो जीवपरिणामो जीवपरिणामनिमित्तः पुद्गलपरिणामश्च वक्ष्यमाणपदार्थबीजत्वेन संप्रधारणीय इति ॥ १२८-१२९-१३० ॥**

**અનુવાદ : બે મૂળ પદાર્થો કહેવામાં આવ્યા. હવે (તેમના) સંયોગ પરિણામથી નિષ્પન્ન થતા અન્ય સાત પદાર્થોના ઉપોદ્ઘાત અર્થે જીવકર્મ અને પુદ્ગલકર્મનું ચક્ર વર્ણવવામાં આવે છે. આ લોકમાં સંસારી જીવથી અનાદિ બંધનરૂપ ઉપાધિના વિશે સ્નિગ્ધ પરિણામ થાય છે, પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી દેહ, દેહથી ઇંદ્રિયો, ઇંદ્રિયોથી વિષયગ્રહણ, વિષયગ્રહણથી રાગ–દ્વેષ, રાગ–દ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ, પરિણામથી પાછું પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી પાછું નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી પાછો દેહ, દેહથી પાછી ઇંદ્રિયો, ઇંદ્રિયોથી પાછું વિષયગ્રહણ, વિષયગ્રહણથી પાછા રાગ–દ્વેષ, રાગ–દ્વેષથી વળી પાછા સ્નિગ્ધ પરિણામ. એ પ્રમાણે આ અન્યોન્ય કાર્યકારણભૂત જીવપરિણામાત્મક અને પુદ્ગલપરિણામાત્મક કર્મજાળ સંસારચક્રમાં જીવને અનાદિઅનંતપણે અથવા અનાદિ-સાંતપણે ચક્રની માફક ફરીફરીને થયા કરે છે.**

**આ રીતે અહીં (એમ કહ્યું કે), પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવા જીવપરિણામ અને જીવપરિણામ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલપરિણામ હવે પછી કહેવામાં આવનારા (પુણ્યાદિ સાત) પદાર્થોના બીજ તરીકે અવધારવા. ૧૨૮-૧૨૯-૧૩૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૦, રવિવાર]

જીવ-અજીવ બે દ્રવ્યો છે. તેમાં નિમિત્તનૈમિત્તિક સંબંધથી સાત તત્ત્વો ઉત્પન્ન થાય છે. સંસાર દુઃખરૂપ છે. તેનું કારણ આસ્રવ-બંધ છે. સંપૂર્ણ સુખરૂપ ભાવ તે મોક્ષ છે, તેનું કારણ સંવર-નિર્જરા છે. ને તેનું કારણ સમ્યગ્દર્શન છે. સંસાર દુઃખનું કારણ છે. સંસારનું કારણ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ છે. તેનું કારણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આત્મા પરમાનંદ મૂર્તિ છે તેના ભાન વિના જીવ રખડી રહ્યો છે. તે સંસારરૂપી ચક્ર કેમ ચાલે છે તે બતાવે છે.

જે જીવ પોતાના શુદ્ધ આત્માને ચૂકીને કર્મની ઉપાધિને પોતે વશ થાય છે, દયા-દાનાદિના પરિણામ જેટલો પોતાને માનીને તે ભ્રાંતિના પરિણામ કરીને આઠ પ્રકારનાં કર્મ બાંધે છે. અહીં સંસારસ્થ કહ્યો છે એટલે કે સ્વભાવસ્થ નથી. પર્યાય બુદ્ધિવાળો જીવ મિથ્યાત્વના પરિણામ કરે છે ને કર્મ બાંધે છે. જીવના અશુદ્ધ પરિણામ કર્મને પરિણમાવે છે એવો અર્થ નથી. અશુદ્ધ પરિણામનું નિમિત્ત પામીને જડ કાર્મણ વર્ગણાના પરમાણુ સ્વયં પોતાના કારણે પરિણમી જાય છે. તે કર્મોના નિમિત્તે જીવ નરકાદિ ગતિમાં જાય છે. મિથ્યાત્વના પરિણામ તે નિમિત્ત ને જડ કર્મો બંધાયાં તે નૈમિત્તિક. વળી જડ કર્મોનો ઉદય તે નિમિત્ત ને જીવનું ચાર ગતિમાં રખડવું તે નૈમિત્તિક–આમ મિથ્યાદ્રષ્ટિને પરસ્પર નિમિત્તનૈમિત્તિક સંબંધ ચાલ્યો આવે છે. જેને ગતિરહિત સ્વભાવની ખબર નથી તે જીવ કર્મના નિમિત્તે ગતિને પ્રાપ્ત થાય છે. ને જેવી ગતિની યોગ્યતા તેવું શરીર મળે છે ને શરીર હોય છે ત્યાં પાંચ ઇંદ્રિયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય છે ને પાંચ ઈંદ્રિયો થાય છે ત્યાં પાંચ પ્રકારના વિષયોનું ગ્રહણ હોય છે. ઈંદ્રિયો તો બાહ્યતત્ત્વ છે. શુદ્ધ આત્મા અંતઃતત્ત્વ છે. બાહ્યતત્ત્વથી અંતઃતત્ત્વનો પત્તો મળે તેમ નથી. ઈંદ્રિયો બાહ્યતત્ત્વને પકડે છે, આત્માને પકડતી નથી. છતાં અજ્ઞાનીની દૃષ્ટિ ઈંદ્રિયો ને વિષયો ઉપર જાય છે પણ હું શુદ્ધ આત્મા અંતઃતત્ત્વ છું ને મારું સુખ મારામાં છે એવી દૃષ્ટિની તેને ખબર પડતી નથી. તે ઈષ્ટ અનિષ્ટ પદાર્થો પ્રત્યે રાગ–દ્વેષ કર્યા કરે છે તેથી પૂર્વ ક્રમ અનુસાર કર્મ ઊપજે છે. ઊંધો પુરુષાર્થ કરે ને હું શુદ્ધ છું એવી દૃષ્ટિ ન કરે ત્યાં સુધી આવી પરિપાટી ચાલ્યા કરે છે.

અહીં સમ્યગ્દૃષ્ટિની વાત લીધી નથી. જેને સ્વભાવની પ્રાપ્તિ થઈ છે તેને દેહ, ઈંદ્રિયો ને વિષયો નથી. મિથ્યાદૃષ્ટિ જીવના પરિણામને અને કર્મ આદિને કારણકાર્યસંબંધ છે. રાગ–દ્વેષરૂપી મલિનભાવવાળા આત્માને આ પ્રમાણે અશુદ્ધભાવ ઊપજે છે. તેવા અશુદ્ધભાવ અભવ્ય જીવની અપેક્ષાએ અનાદિ અનંત છે. અભવ્ય જીવ કદી પણ પોતાના સ્વભાવની રુચિ કરવાનો નથી ને ભવ્ય જીવ પોતાના આત્માનું ભાન કરશે એ અપેક્ષાએ તેના અશુદ્ધ ભાવો અનાદિસાંત છે. આમ ભગવાને કહ્યું છે.

**ભાવાર્થ** : સંસારી જીવ અનાદિથી બંધપર્યાયને વશ થયેલો હોવાથી મિથ્યાત્વાદિના પરિણામ કરે છે. કર્મને લીધે પરિણામ થતા નથી. પણ પોતે શુદ્ધ સ્વભાવને ચૂકીને કર્મબંધનને તાબે થાય છે. હું જ્ઞાતા છું એમ નહીં સ્વીકારતાં દયાદાનાદિ ભાવો એ મારું કર્તવ્ય છે એમ અજ્ઞાની માની રહ્યો છે.

અજ્ઞાની જીવો કહે છે કે ''જેવો કર્મનો ઉદય આવે તેના પ્રમાણમાં વિકાર કરવો પડે'' તો તે ભ્રાંતિ છે. તોફાની છોકરાનું ચિત્ત ઘરમાં ઠરતું નથી પણ બહારમાં ક્યાંક ભમ્યા કરે છે. તેમ અહીં ભગવાન કહે છે કે અજ્ઞાનીનું ચિત્ત સ્વભાવમાં ઠરતું નથી. પણ ઘરમાં ને દયાદાનના ભાવોમાં ચકડોળે ચડે છે. પોતાના સ્વભાવને તાબે ન થયો એટલે બંધને તાબે થાય છે.

કર્મ પ્રેરક છે માટે તેના પ્રમાણમાં વિકાર કરવો પડે તે તો સ્થૂળ ભૂલ છે. પણ કર્મનો ઉદય આવે ત્યારે મારે મારા કારણે વિકાર કરવો પડે એમ માનનારની દૃષ્ટિ પણ વિકાર ઉપર છે, પણ વિકારરહિત સ્વભાવ ઉપર નથી. કર્મનો ઉદય સદાય છે. તો સદાય જીવને વિકાર કરવો જ પડે પણ એમ છે જ નહિ. પોતે સ્વભાવને ચૂકે છે તો વિકાર થાય છે. સ્વભાવના લક્ષે વિકાર ન થાય પણ પરના વશે વિકાર થાય છે. પર્યાયબુદ્ધિવાળો જીવ પરને તાબે થયો તેથી તેને સ્વભાવની ઉત્પત્તિ થતી નથી. પણ આઠ કર્મોની ઉત્પત્તિ થાય છે. મિથ્યાદૃષ્ટિજીવને નિમિત્તનૈમિત્તિક સંબંધ છોડવો ગમતો નથી. સ્વભાવ કલ્યાણનું કારણ છે એવી પ્રતીતિ જેને નથી તે જીવ ભલે વ્રતધારી હોય તો પણ નિમિત્ત ઉપરની તેને દૃષ્ટિ હોવાના કારણે આઠે કર્મનું બંધન થાય છે ને તે કર્મના નિમિત્તે ચાર ગતિમાં ગમન થાય છે.

જયસેન આચાર્ય ટીકામાં લખે છે કે આત્માનો સ્વભાવ શુદ્ધનયથી વિશુદ્ધ જ્ઞાનદર્શનવાળો છે તોપણ અનાદિથી કર્મને વશ થયેલો 'આત્મસંવિત્તિ' લક્ષણવાળા અશુદ્ધ પરિણામ કરે છે. અજ્ઞાની જીવ મિથ્યાત્વના ભાવ પોતે કરે છે તે બતાવવા 'આત્મસંવિત્તિ' કહેલ છે.

અશુદ્ધપરિણામના નિમિત્તે આઠ કર્મ બાંધે છે ને આત્માના અનુભવથી ઉત્પન્ન થતી પંચમગતિના આનંદથી વિલક્ષણ એવી ચાર ગતિ–દેવ, મનુષ્ય, તિર્યંચ ને નારકીપણામાં રખડે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ને આત્માનો સ્વભાવ તો શરીરરહિત ચિદાનંદ છે. તેનાથી વિપરીત ઔદારિકાદિ દેહની પ્રાપ્તિ થાય છે. વળી આત્માનો સ્વભાવ તો અતીંદ્રિય અમૂર્ત પરમાત્મસ્વરૂપ છે તેનું ભાન નથી તેવા જીવને દેહના નિમિત્તે અતીંદ્રિયથી વિલક્ષણ એવી ઈંદ્રિયોની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની જીવની દૃષ્ટિ ઈંદ્રિયો ઉપર જાય છે ને ઈંદ્રિયોથી ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોનું જ્ઞાન થાય છે, તેનાથી રાગબુદ્ધિ થાય છે. આત્મા તો અતીંદ્રિય પદાર્થ છે. તેના આશ્રયે વીતરાગતા થાય છે. પણ ઈંદ્રિયો ને તેના વિષયો ઉપર જેની દૃષ્ટિ છે તેને રાગ–દ્વેષ થાય છે. અજ્ઞાની જીવ શાસ્ત્રશ્રવણને કાનનો વિષય બનાવે છે. સમવસરણમાં હોય તોપણ અજ્ઞાનીનું લક્ષ પાંચ ઈંદ્રિયોના વિષય ઉપર હોય છે. પણ હું અતીંદ્રિય જ્ઞાયકસ્વભાવી છું તે વાત તેને બેસતી નથી. તે રાગ–દ્વેષનાં પરિણામ કર્યા કરે છે ને તેથી ફરી કર્મબંધન થયા કરે છે.

આ પ્રકારે પરસ્પર કાર્યકારણરૂપ જીવ-પુદ્ગલ પરિણામમય કર્મસમૂહરૂપ સંસારચક્રમાં અભવ્ય જીવને અનાદિઅનંત ને ભવ્ય જીવને અનાદિસાંત, કુંભારના ચાકની સમાન પરિભ્રમણ થાય છે. આત્માના પરિણામ કારણ ને જડકર્મ કાર્ય. વળી જડકર્મ કારણ ને ચાર ગતિમાં ગમન તે કાર્ય. વળી ગતિમાં ગમન તે કારણ ને દેહનું મળવું તે કાર્ય. વળી દેહ કારણ ને ઈંદ્રિયો કાર્ય. વળી ઈંદ્રિયો કારણ ને ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષ કાર્ય. વળી રાગ–દ્વેષ કારણ ને કર્મનું થવું કાર્ય. આમ પરસ્પર કારણકાર્યસંબંધ અજ્ઞાનીને ચાલ્યા કરે છે.

આત્મા શુદ્ધચૈતન્યસ્વભાવી છે ને કર્મ, શરીર આદિ જડસ્વભાવી છે. તેનો આત્મામાં અભાવ છે. ચૈતન્યનું જ્ઞાન થતાં શરીરાદિ અજીવનું પણ જ્ઞાન થઈ જાય છે. તેવા ભાન વિનાના જીવને સંસાર કેમ ઊભો થાય છે તેની પણ ખબર નથી. પોતાની મલિનતા પોતાના કારણે છે એમ જે કબૂલ કરતો નથી તેને સંસાર ઊભો થાય છે. આ પ્રકારે અજ્ઞાની જીવ રાગ–દ્વેષના પરિણામથી સંસાર ઉપજાવે છે.

જે જીવને પરિભ્રમણ કેમ થાય છે તેની પણ ખબર ન હોય તે તેને મટાડે કઈ રીતે ? અહીં કારણકાર્ય કહ્યું એનો અર્થ કારણ–નિમિત્ત અને કાર્ય–નૈમિત્તિક. જીવ રાગ–દ્વેષની નૈમિત્તિક પર્યાય કરે છે તો કર્મને નિમિત્ત કહેવાય છે. વળી ચાર ગતિ રૂપ નૈમિત્તિક પર્યાય થાય છે. તો કર્મને નિમિત્ત કહેવાય છે. પાંચ ઈંદ્રિયોના વિષયોમાં રાગ–દ્વેષરૂપ નૈમિત્તિક પર્યાય કરે છે તો ઈંદ્રિયોને નિમિત્ત કહેવાય છે. મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ પરમાં જાય છે એમ સિદ્ધ કરવું છે. આમ પરસ્પર નિમિત્તનૈમિત્તિક સંબંધ ચાલ્યો આવે છે. મિથ્યાદૃષ્ટિ જીવને સ્વભાવની રુચિ નથી તેથી વિષયો ઉપર તેની રુચિ છે. અભવી જીવને સ્વભાવ ઉપર રુચિ કદી પણ થતી નથી તેથી તેને સંસારનો કદી પણ અંત આવતો નથી ને ભવી જીવ પોતાના આત્માનું ભાન કરે તો સંસારનો અંત આવે છે. કુંભારનો ચાકડો ચાલ્યા કરે છે તેમ જીવ અનાદિથી રખડ્યા કરે છે. માટે નક્કી થયું કે પુદ્ગલ પરિણામના નિમિત્તે જીવ પોતાના અજ્ઞાનના કારણે અશુદ્ધ પરિણામ કરે છે ને તે અશુદ્ધ પરિણામના નિમિત્તે જડકર્મના પરિણામ થાય છે. આમ બતાવી એમ કહે છે કે કર્મ અને રાગ ઉપરની દૃષ્ટિ છોડ. રાગના પરિણામ શુદ્ધ જીવના નથી તેમ જ કર્મના પણ નથી, પર્યાયબુદ્ધિથી થયેલા છે માટે પર્યાયબુદ્ધિ છોડ ને સ્વભાવબુદ્ધિ કર એમ કહેવાનો ભાવ છે. ।। ૧૨૮-૧૨૯-૧૩૦ ।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मोहो रागो दोसो चित्तपसादो य जस्स भावम्मि ।**
**विज्जदि तस्स सुहो वा असुहो वा होदि परिणामो ॥ १३१ ॥**

**मोहो रागो द्वेषश्चित्तप्रसादः वा यस्य भावे ।**
**विद्यते तस्य शुभो वा अशुभो वा भवति परिणामः ॥ १३१ ॥**

**છે રાગ, દ્વેષ, વિમોહ, ચિત્તપ્રસાદપરિણતિ જેહને,**
**તે જીવને શુભ વા અશુભ પરિણામનો સદ્‌ભાવ છે. ૧૩૧.**

**અન્વયાર્થ :** [यस्य भावे] જેના ભાવમાં [मोहः] મોહ, [रागः] રાગ, [द्वेषः] દ્વેષ [वा] અથવા [चित्तप्रसादः] ચિત્તપ્રસન્નતા [विद्यते] છે, [तस्य] તેને [शुभः वा अशुभः वा] શુભ અથવા અશુભ [परिणामः] પરિણામ [भवति] છે.

---

**तात्पर्यवृत्ति :** एवं नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये पुण्यादिसप्तपदार्था जीवपुद्‌गलसंयोग-वियोगपरिणामेन निर्वृत्ता इति कथनमुख्यतया गाथात्रयेण चतुर्थांतराधिकारः समाप्तः । अथ पुण्यपापाधिकारे गाथाचतुष्टयं भवति । तत्र गाथाचतुष्टयमध्ये प्रथमं तावत्परमानंदैकस्वभावशुद्धात्मनः सकाशाद्‌भिन्नस्य भावपुण्यापापयोग्यपरिणामस्य सूचनमुख्यत्वेन ''मोहो व रागदोसो'' इत्यादिगाथासूत्रमेकं । अथ शुद्धबुद्धैकस्वभावशुद्धात्मनः सकाशाद्‌भिन्नस्य हेयस्वरूपस्य द्रव्यभावपुण्यपापद्वयस्य व्याख्यानमुख्यत्वेन ''सुहपरिणाम'' इत्यादि सूत्रमेकं । अथ नैयायिकमतनिराकरणार्थं पुण्यपापद्वयस्य मूर्तत्वसमर्थनरूपेण ''जम्हा कम्मस्स फलं'' इत्यादि सूत्रमेकं । अथ चिरंतनागंतुकयोर्मूर्तयोः कर्मणोः स्पृष्टत्वबद्धत्वस्थापनार्थं शुद्धत्वनिश्चयेनामूर्तस्यापि जीवस्यानादिबंधसंतानापेक्षया व्यवहारनयेन मूर्तत्वं मूर्तजीवेन सह मूर्तकर्मणो बंधप्रतिपादनार्थं च ''मुत्तो पासदि'' इत्यादि सूत्रमेकमिति गाथाचतुष्टयेन पंचमांतराधिकारे समुदाय-पातनिका । तद्यथा । अथ पुण्यपापयोग्यभावस्वरूपं कथ्यते,–मोहो वा रागो वा द्वेषश्चित्तप्रसादश्च यस्य जीवस्य भावे मनसि विद्यते तस्य शुभोऽशुभो वा भवति परिणाम इति । इतो विशेषः– दर्शनमोहोदये सति निश्चयशुद्धात्मरुचिरहितस्य व्यवहाररत्नत्रयतत्त्वार्थरुचिरहितस्य वा योऽसौ विपरीताभिनिवेशपरिणाम स दर्शनमोहस्तस्यैवात्मनो विचित्रचारित्रमोहोदये सति निश्चयवीतरागचारित्ररहितस्य व्यवहारव्रतादिपरिणामरहितस्य इष्टानिष्टविषये प्रीत्यप्रीतिपरिणामौ रागद्वेषौ भण्येते । तस्यैव मोहस्य मंदोदये सति चित्तस्य विशुद्धिश्चित्तप्रसादो भण्यते । अत्र मोहद्वेषावशुभौ विषयाद्यप्रशस्तरागश्च, दानपूजाव्रतशीलादिरूपः शुभरागश्चित्तप्रसादपरिणामश्च शुभ इति सूत्राभिप्रायः ॥ १३१ ॥

**समयव्याख्या : अथ पुण्यपापपदार्थव्याख्यानम् । पुण्यपापयोग्यभावस्वभावाख्यापनमेत् । इह हि दर्शनमोहनीयविपाककलुषपरिणामता मोहः । विचित्रचारित्रमोहनीयविपाकप्रत्यये प्रीत्यप्रीती रागद्वेषौ । तस्यैव मंदोदये विशुद्धपरिणामता चित्तप्रसादपरिणामः । एवमिमे यस्य भावे भवन्ति, तस्यावश्यं भवति शुभोऽशुभो वा परिणामः । तत्र यत्र प्रशस्तरागश्चित्तप्रसादश्च तत्र शुभः परिणामः, यत्र तु मोहद्वेषावप्रशस्तरागश्च तत्राऽशुभ इति ॥ १३१ ॥**

**અનુવાદ :** હવે પુણ્ય-પાપ પદાર્થોનું વ્યાખ્યાન છે. આ, પુણ્ય-પાપને યોગ્ય ભાવના સ્વભાવનું (-સ્વરૂપનું) કથન છે.

અહીં, દર્શનમોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામ તે મોહ છે; વિચિત્ર (-અનેક પ્રકારના) ચારિત્રમોહનીયનો વિપાક જેનો આશ્રય (-નિમિત્ત) છે એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ–દ્વેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે; તેના જ (-ચારિત્રમોહનીયના જ) મંદ ઉદયે થતા જે વિશુદ્ધ પરિણામ તે ચિત્તપ્રસાદપરિણામ (-મનની પ્રસન્નતારૂપ પરિણામ) છે. એ રીતે આ (મોહ, રાગ, દ્વેષ અથવા ચિત્તપ્રસાદ) જેના ભાવમાં છે, તેને અવશ્ય શુભ અથવા અશુભ પરિણામ છે. તેમાં, જ્યાં પ્રશસ્ત રાગ તથા ચિત્તપ્રસાદ છે ત્યાં શુભ પરિણામ છે અને જ્યાં મોહ, દ્વેષ તથા અપ્રશસ્ત રાગ છે ત્યાં અશુભ પરિણામ છે. ૧૩૧.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ ૧૧, સોમવાર]

હવે પુણ્ય પાપનું સ્વરૂપ બતાવે છે, તથા પુણ્ય પાપને યોગ્ય પરિણામનું સ્વરૂપ બતાવે છે.

પ્રથમ મોહના પરિણામની ઓળખાણ આપે છે. આત્માની શાંતિ આત્મામાં છે એમ નહીં માનતાં પરમાંથી શાંતિ મળે એવી માન્યતા તે ગાંડાઈરૂપ અજ્ઞાનના પરિણામ છે. માટે જેને સુખી થવું હોય તેણે ચિદાનંદ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં જોઈએ.

આત્મા પોતે સત્ વસ્તુ છે તેની અપેક્ષાએ બીજી વસ્તુ અસત્ છે. અસત્‌ના આધારે શાંતિ હોય ? ન હોય. આત્માની શાંતિ કહો કે ધર્મ કહો એ એક જ વસ્તુ છે. અહીં ધર્મ કરે ને પરલોકમાં શાંતિ મળે તેવું વસ્તુસ્વરૂપ નથી. અંતઃતત્ત્વનો અનાદર કરી બહારમાં ઝાવાં નાખે છે તેને મોહના-ગાંડપણના પરિણામ છે. દયાદાનાદિ ભાવપુણ્ય છે. તેનો વિષય પર છે છતાં તેનાથી આત્મા પ્રગટે તેમ માનવું તે ગાંડપણ ને મોહ છે. અજ્ઞાની જીવો કહે છે કે બહારની વસ્તુ છોડો, પણ વિપરીત માન્યતા છૂટ્યા વિના રાગ ખરેખર છૂટે નહિ. અંતઃતત્ત્વથી શાંતિ નહિ મળે પણ બહારથી મળશે એમ માનવું તે મોહ છે.

(૨) પર વસ્તુની પ્રીતિ કરવી તે રાગના પાપ પરિણામ છે. પર વસ્તુ એના કારણે આવે છે ને જાય છે. પર વસ્તુ અને આત્મા વચ્ચે વજ્રની મજબૂત ભીંત છે. છતાં પરની પ્રીતિ કરવી તે પાપ છે.

(૩) મકાન સડે ત્યારે અરુચિના પરિણામ કરવા તે પાપતત્ત્વ છે. તે આત્માને શાંતિ આપે તેમ નથી.

(૪) ચિત્તની પ્રસન્નતારૂપ દયાદાનાદિ શુભભાવ કરવા તે પુણ્યતત્ત્વ છે, તે ધર્મતત્ત્વ નથી, તે અબંધ આત્માને મદદ કરતા નથી.

જેને મોહ, પ્રીતિ-અપ્રીતિ તથા ચિત્તની પ્રસન્નતારૂપ ભાવો થાય છે તેને શુભ અથવા અશુભ પરિણમન થાય છે.

**ભાવાર્થ** : જે જીવને શુદ્ધ આત્મતત્ત્વની રુચિ નથી તથા સાચા દેવગુરુશાસ્ત્રની રુચિ નથી તેને મિથ્યાત્વના પરિણામ થાય છે. દર્શનમોહનીયકર્મના ઉદયને લીધે મોહના પરિણામ થાય છે એ નિમિત્તથી કથન છે. જીવમાં મોહના પરિણામરૂપ નૈમિત્તિક અવસ્થા થાય છે, ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની જીવ પર પદાર્થોને આત્માના સહાયક માને છે તે ભ્રાન્તિ છે. પુણ્યના પરિણામ આત્માને સહાયક નથી તો પછી પુણ્યના પરિણામ જે લક્ષે થાય તે પર પદાર્થો તથા પુણ્યથી જે વસ્તુ પ્રાપ્ત થાય તેનાથી આત્માને કલ્યાણ કેવી રીતે થાય ? ન જ થાય.

જે જીવ નિશ્ચય આત્માની શ્રદ્ધા કરતો નથી, ને વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરુ ને અનેકાન્તમય ધર્મની શ્રદ્ધા કરતો નથી, તે કર્મના વિપાકમાં જોડાણ કરી મોહ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માતા તેના નવા પરણેલા દીકરાને કહે કે 'મારું માનતો નથી ને નવી પરણેલી વહુનું માને છે'–તે સજ્જનતા ગણાય નહિ. તેને અહીં કહે છે કે ચૈતન્ય પિતા અનાદિથી તારો છે તેનું તું માનતો નથી ને સમયે સમયે નવાં નવાં કર્મ થાય તેને તું માને છે. તેથી સંસારમાં રખડી રહ્યો છે. તે જીવને નિમિત્તની રુચિ છે, પણ શુદ્ધ ઉપાદાનની રુચિ નથી. 'કર્મથી આત્મા જુદો છે.'–એમ ભેદજ્ઞાન કરવું જોઈએ તેને બદલે અજ્ઞાની જીવ કર્મ સાથે એકત્વબુદ્ધિ કરે છે. જ્ઞાની પુરુષો કહે છે કે કર્મને લીધે સુખ ન હોય તો અજ્ઞાની જીવ સામી દલીલ કરે છે કે ''ના. ના. પુણ્ય કર્મ છે તો સાંભળવાનું મળે છે ને તો ધર્મ થાય છે.'' પણ એ ભૂલ છે, પુણ્યના ભાવ હિતકર નથી તો તેના ફલમાં જે સંયોગો મળે તે હિતકર ક્યાંથી હોય ? ન જ હોય. છતાં, તેને હિતકર માની અજ્ઞાની ગાંડપણ કરે છે. કર્મનો વિપાક કર્મમાં છે. જીવ ખોટી શ્રદ્ધા અને મોહના પરિણામ કરે છે તો કર્મના ઉદયને લીધે અશુદ્ધ અથવા મોહના પરિણામ થયા કહેવાય છે.

ચારિત્ર-મોહનીય કર્મના નિમિત્તે જીવ પોતે રતિ-અરતિના પરિણામ કરે છે 'કર્મ પ્રીતિ-અપ્રીતિ કરાવતું નથી. અજ્ઞાની જીવ કર્મનો વાંક કાઢે છે. જ્ઞાની પુરુષો કહે છે કે ''તેં કોઈ દિવસ કર્મને જોયાં છે કે જેથી કર્મનો વાંક કાઢ્યા કરે છે ?'' રાગદ્વેષના અસંખ્ય પ્રકારો છે. જગતની ચીજો રાગદ્વેષ કરાવતી નથી. આઈસક્રીમ પ્રીતિ કરાવતો નથી તથા સખત તડકો દ્વેષ કરાવતો નથી. પોતાના કારણે ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે. જે જીવ નિશ્ચયથી વીતરાગી પરિણામરહિત છે ને વ્યવહાર રત્નત્રયના પરિણામથી પણ રહિત છે તે ઈષ્ટ-અનિષ્ટ પરિણામો કરે છે. તેને રાગદ્વેષના પરિણામ કહે છે. તેમાં ચારિત્રમોહકર્મ નિમિત્ત માત્ર છે.

જેને ચારિત્રમોહ કર્મનો ઉદય મંદ હોય તેને થોડા વિશુદ્ધ પરિણામ થાય છે, તેને ચિત્તપ્રસાદ કહે છે. દયા, દાન, અનુકંપાદિના ભાવ શુભ છે. કેટલાક જીવો અનુકંપાના ભાવને પાપ કહે છે. તો તે વાત ખોટી છે. તે પાપ નથી, તપ ધર્મ પણ નથી. કષાયની મંદતા છે. તેથી પ્રસન્નતા કહી છે. વિષયભોગ, આબરૂ ને બૈરાંછોકરાં માટે રોકાવું તે કલુષિત પરિણામ છે. દયા-દાનાદિના પરિણામમાં રોકાવું તે ચિત્તપ્રસન્નતા છે – શુભ પરિણામ છે. શુભઅશુભ બંને ભાવવિકાર છે, છતાં અશુભ પરિણામથી જુદું પાડવા માટે જિનમંદિર આદિ બંધાવવાના ભાવ, ભક્તિભાવ વગેરેમાં જે શુભ પરિણામો થાય છે તેને ચિત્તપ્રસન્નતા કહે છે.

જ્યાં મોહના પરિણામ છે, ઈંદ્રિયના વિષયોમાં તથા ધન, ધાન્યાદિમાં અપ્રશસ્ત રાગ છે તેને અશુભ કહે છે. તે અશુભ ભાવ શુદ્ધ આત્માથી જુદો છે. ૧૩૧

---

**सुहपरिणामो पुण्णं असुहो पावं ति हवदि जीवस्स ।**
**दोण्हं पोग्गलमेत्तो भावो कम्मत्तणं पत्तो ।। १३२ ।।**

**शुभपरिणामः पुण्यमशुभः पापमिति भवति जीवस्य ।**
**द्वयोः पुद्गलमात्रो भावः कर्मत्वं प्राप्तः ।। १३२ ।।**

**શુભ ભાવ જીવના પુણ્ય છે ને અશુભ ભાવો પાપ છે;**
**તેના નિમિત્તે પૌદ્‌ગલિક પરિણામ કર્મપણું લહે. ૧૩૨**

**અન્વયાર્થ** : [जीवस्य] જીવના [शुभपरिणामः] શુભ પરિણામ [पुण्यम्] પુણ્ય છે અને [अशुभः] અશુભ પરિણામ [पापम् इति भवति] પાપ છે; [द्वयोः] તે બંને દ્વારા [पुद्गलमात्रः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ:] પુદ્‌ગલમાત્ર ભાવ [ कर्मत्वं प्राप्त:] કર્મપણાને પામે છે (અર્થાત્ જીવના પુણ્ય-પાપભાવના નિમિત્તે શાતા-અશાતાવેદનીયાદિ પુદ્‌ગલમાત્ર પરિણામ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે).

---

**तात्पर्यवृत्ति** : एवं शुभाशुभपरिणामकथनरूपेणैकसूत्रेण प्रथमस्थलं गतं। अथ गाथापूर्वार्धेन भावपुण्यपापद्वयमपरार्धेन तु द्रव्यपुण्यपापद्वयं चेति प्रतिपादयति: – **सुहपरिणामो पुण्णं असुहो पावत्ति होदि** शुभपरिणाम: पुण्यं अशुभ: पापमिति भवति। कस्य परिणाम: ? **जीवस्स** जीवस्य। दोण्हं द्वाभ्यां पूर्वोक्तशुभाशुभजीवपरिणामाभ्यां निमित्तभूताभ्यां सकाशात् **भावो** भाव: ज्ञानावरणादिपर्याय:। किंविशिष्ट: ? **पोग्गलमेत्तो** पुद्‌गलमात्र: कर्मवर्गणायोग्यपुद्‌गलपिण्डरूप: **कम्मत्तणं पत्तो** कर्मत्वं द्रव्य-कर्मपर्यायं प्राप्त इति। तथाहि – यद्यपि अशुद्धनिश्चयेन जीवेनोपादानकारणभूतेन जनितौ शुभाशुभपरिणामौ तथाप्यनुपचरितासद्‌भूतव्यवहारेण नवतरद्रव्यपुण्यपापद्वयस्य कारणभूतौ यतस्तत: कारणाद्‌भावपुण्य-पापपदार्थौ भण्यते। यद्यपि निश्चयेन कर्मवर्गणायोग्यपुद्‌गलपिण्डजनितौ तथाप्यनुपचरितासद्‌भूतव्यहारेण जीवेन शुभाशुभपरिणामेन जनितौ सद्वेद्यासद्वेद्यादिद्रव्यप्रकृतिरूपपुद्‌गलपिण्डौ द्रव्यपुण्यपापपदार्थौ भण्येते चेति सूत्रार्थ: ॥ १३२ ॥

**समयव्याख्या : पुण्यपापस्वरूपाख्यानमेतत्। जीवस्य कर्तु: निश्चयकर्मतामापन्न: शुभपरिणामो द्रव्यपुण्यस्य निमित्तमात्रत्वेन कारणीभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भवति भावपुण्यम्। एवं जीवस्य कर्तुर्निश्चय-कर्मतामापन्नोऽशुभपरिणामो द्रव्यपापस्य निमित्तमात्रत्वेन कारणीभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भावपापम्। पुद्‌गलस्य कर्तुर्निश्चयकर्मतामापन्नो विशिष्टप्रकृतित्वपरिणामो जीवशुभपरिणामनिमित्तो द्रव्यपुण्यम्। पुद्‌गलस्य कर्तुर्निश्चयकर्मतामापन्नो विशिष्टप्रकृतित्वपरिणामो जीवाशुभपरिणामनिमित्तो द्रव्यपापम्। एवं व्यवहारनिश्चयाभ्यामात्मनो मूर्तममूर्तञ्च कर्म प्रज्ञापितमिति ॥ १३२ ॥**

**અનુવાદ : આ, પુણ્ય-પાપના સ્વરૂપનું કથન છે.**

**જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત શુભપરિણામ દ્રવ્યપુણ્યને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને) તે શુભપરિણામ 'ભાવપુણ્ય' છે. (શાતાવેદનીયાદિ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના શુભપરિણામ નિમિત્તકારણ છે માટે 'દ્રવ્યપુણ્યાસ્રવ'પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભપરિણામને પણ 'ભાવપુણ્ય' એવું નામ છે.) એવી રીતે જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત અશુભપરિણામ દ્રવ્યપાપને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગે અનુસરીને (-અનુલક્ષીને) તે અશુભપરિણામ 'ભાવપાપ' છે.**

**પુદ્‌ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃતિરૂપ પરિણામ (-શાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ)–કે જેમાં જીવના શુભપરિણામ નિમિત્ત છે તે–દ્રવ્યપુણ્ય છે. પુદ્‌ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃતિરૂપ પરિણામ (–અશાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ)–કે જેમાં જીવના અશુભપરિણામ નિમિત્ત છે તે–દ્રવ્યપાપ છે.**

**આ પ્રમાણે વ્યવહાર તથા નિશ્ચય વડે આત્માને મૂર્ત તથા અમૂર્તકર્મ દર્શાવવામાં આવ્યું.૧૩૨.**

---

## પ્રવચન

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૧, સોમવાર]

હવે પુણ્ય-પાપનું સ્વરૂપ કહે છે.

જીવના સત્ ક્રિયારૂપ પરિણામને એટલે કે દયાદાનના પરિણામને શુભ અથવા પુણ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે. વિષયકષાયની પ્રવૃત્તિને પાપ કહે છે. જેટલા પ્રમાણમાં જેવા શુભાશુભ ભાવ કરે તેટલા પ્રમાણમાં તેવાં જ્ઞાનાવરણાદિ કર્મો બંધાય છે.

કર્મનો ઉદય જેટલા પ્રમાણમાં આવે તેટલા પ્રમાણમાં વિકાર કરવો જ પડે એવો નિયમ નથી. પણ વિકાર જેટલા પ્રમાણમાં કરે તેટલા પ્રમાણમાં કર્મ તો જરૂર બંધાય જ. શુભ ભાવથી શુભ કર્મ ને અશુભ ભાવથી અશુભ કર્મ બંધાય છે. ભાવોને લીધે કર્મને આવવું પડે એમ પુદ્‌ગલ દ્રવ્ય પરાધીન નથી પણ તે વખતે કર્મ વર્ગણાના પરમાણુની એવી લાયકાત છે. કોઈ કોઈનો કર્તા નથી. જીવ સ્વભાવદૃષ્ટિએ તેનો જાણનાર છે પણ અજ્ઞાનથી તેને પોતાનું સ્વરૂપ માને છે.

**ભાવાર્થ** : સંસારી જીવને શુભ-અશુભના ભેદથી બે પરિણામ થાય છે. આત્મા અશુદ્ધ નિશ્ચયનયથી શુભ પરિણામનો કર્તા છે ને દયા-દાનાદિ પરિણામ તેનું કાર્ય છે. કર્મે તે ભાવ કરાવ્યા નથી. પોતે અશુદ્ધ ભાવરૂપે પરિણમે છે તો કર્મને નિમિત્ત કર્તા કહેવાય છે. જડ તો જડની પર્યાયનો કર્તા છે. પુણ્ય કર્મના પરમાણુ પોતાના કારણે બંધાય છે તે ઉપાદાન કારણ છે ને જીવના શુભ ભાવ તેમાં નિમિત્ત કારણ છે. જડને ખબર નથી કે જીવે શુભ ભાવ કર્યા માટે બંધાઉં પણ તે પરમાણુ સ્વયં બંધાય છે. તેમાં નિમિત્ત કારણ શુભ પરિણામ છે. पुण्यप्रकृति के योग्य वर्गणा तब होती है जब की शुभ परिणाम का निमित्त मिलता है। इस कारण प्रथम ही भावपुन्य होता है, तत्पश्चात् द्रव्य-पुण्य होता है।

જ્યારે શુભ પરિણામનું નિમિત્ત મળે છે ત્યારે પુણ્યપ્રકૃતિના પરમાણુ બંધાઈ જાય છે. બંને એક સમયે છે. આગળપાછળ નથી, તેમજ પરાધીન નથી. વળી ભાવપુણ્યને પ્રથમ કહ્યું ને દ્રવ્ય-પુણ્યને પશ્ચાત્ કહ્યું તેથી કરીને શુભભાવ પહેલાં હોય ને દ્રવ્યપુણ્ય પછી બંધાય એવો અર્થ નથી. બંને એક જ સમયે છે. શુભ ભાવની પ્રધાનતા બતાવવા ભાવપુણ્ય પ્રથમ થાય છે એમ કહ્યું છે પણ પહેલાં ભાવ કરે ને પછી દ્રવ્યકર્મ બંધાય એવું સ્વરૂપ નથી.

એ પ્રમાણે અશુદ્ધ નિશ્ચયનયથી જીવ પોતાના પાપ પરિણામનો કર્તા છે. કોઈ કુટુંબને લીધે કે બૈરાં-છોકરાંને લીધે પાપ કરતો નથી. અશુભ પરિણામનો જીવ કર્તા છે ને અશુભ પરિણામ તેનું કાર્ય છે. ભાવપાપનું નિમિત્ત પામીને દ્રવ્યપાપ થાય છે. તેથી અહીં કથન કરવામાં આવ્યું છે કે પ્રથમ ભાવપાપ થાય છે ને તત્-પશ્ચાત્ દ્રવ્યપાપ થાય છે. ભાવપાપ જે સમયે છે તે જ સમયે દ્રવ્યપાપ બંધાય છે, આગળપાછળ નથી. પણ ભાવપાપની પ્રધાનતા બતાવવા એમ કથન કરવામાં આવ્યું છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૨, મંગળવાર]

આત્મામાં જે પુણ્ય-પાપના વિકારો થાય છે તે હેય છે, બંધનું કારણ છે. આત્મા શુદ્ધ, જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેને ચૂકીને વિકાર ભાવની ઉત્પત્તિ થાય છે, પછી પુણ્યભાવ હો કે પાપભાવ હો–તે બંને કર્મબંધનું નિમિત્ત છે. તેથી તે હેય છે. કર્મ તો કર્મના કારણે બંધાય છે. તે પુદ્‌ગલની પર્યાય છે. જીવ જેટલા પ્રમાણમાં વિકાર કરે તેટલા જ પ્રમાણમાં નવું કર્મ બંધાય. છતાં તે જીવનું કાર્ય નથી. જીવ તો પોતાના શુભ-અશુભ પરિણામનો કર્તા છે. જીવ પરિણામના પ્રમાણમાં જ કર્મનાં રજકણો બંધાય, છતાં જીવ તે કર્મનો કર્તા નથી. અહીં એમ બતાવવું છે કે પ્રથમ તો જડ કર્મનો કર્તા જીવ નથી. અને જે ભાવના નિમિત્તથી નવાં કર્મો બંધાય છે તે ભાવો હેય છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, રમણતારૂપ જે નિર્મમભાવ છે તે તો ધર્મ છે. તે નિર્મમભાવ નવા કર્મબંધનું કિંચિત્ કારણ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તીવ્ર પાપ કરે અને અલ્પ કર્મ બંધાય – એમ ન બને. ઘણા શુભભાવ કરે ને અલ્પ પુણ્ય બંધાય એમ પણ ન બને. જેટલા પ્રમાણમાં શુભાશુભ ભાવ કરે તેટલા પ્રમાણમાં જ કર્મ બંધાય, છતાં જીવ તે કર્મનો કર્તા નથી. તો પછી પૂર્વ કર્મનો જેટલો ઉદય હોય તેટલા જ પ્રમાણમાં જીવને વિકાર થાય–એ વાત તો ઘણી સ્થૂળ મિથ્યા છે. જીવના પરિણામ પ્રમાણે જે કર્મ બંધાય છે તેનો કર્તા પણ જીવ નથી.

નવું કર્મ બંધાય તેનો કર્તા કોણ? નિશ્ચયથી તો પુદ્ગલ દ્રવ્ય જ તેનો કર્તા છે, આત્મા તેનો કર્ત્તા નથી. તો પછી જગતના સ્થૂળ પદાર્થોને આત્મા કરે તે તો છે જ નહિ. આઠ પ્રકારનાં કર્મો બંધાય તે જડનું કાર્ય છે, ને તેનો કર્તા જડ છે, આત્મા તે જડ કર્મનો કર્તા નથી. શરીર ચાલે કે ભાષા બોલાય–તેનો કર્તા જીવ નથી. જીવના વિકાર પ્રમાણે કર્મ બંધાય છે. પણ જીવની ઇચ્છા પ્રમાણે દેહાદિની ક્રિયાઓ તો થતી નથી; ત્યાં કર્મનો કર્તા પણ જીવ નથી તો દેહની ક્રિયાનો કર્તા જીવ કેમ હોય? જેટલા પ્રમાણમાં વિકાર હોય તેટલા પ્રમાણમાં જ કર્મ બંધાય છતાં તેનો પણ કર્તા જીવ નથી. તો જે સદા પોતાની ઇચ્છા પ્રમાણે નથી બનતું એવા મકાન વગેરેનો કર્તા જીવને કહેવો તે તો ઉપચાર માત્ર જ છે, એટલે કે ખરેખર જીવ તેનો કર્તા નથી. કડિયો મકાનનો કર્તા નથી. દેહની ક્રિયાનો જીવ કર્તા નથી. આ સમજ્યા વિના પરનું અભિમાન ટળે નહિ. ને પરથી ભિન્ન સ્વભાવની દૃઢતા થાય નહિ અને તે વિના ધર્મ થાય નહિ.

જીવ શું કરે? બહારમાં મકાન-પૈસા કે શરીરાદિની કોઈ ક્રિયાને જીવ કરી શકે નહિ. જીવ તો વિકારભાવ કરીને દુઃખ ભોગવે, ને કાં તો ચૈતન્યનું ભાન કરીને ધર્મ કરે. આ સિવાય પરને તો કરતો નથી. વિકાર કરે તે પ્રમાણમાં કર્મ કર્મના કારણે બંધાય, અને આત્માનું ભાન કરીને વિકાર ટાળે તો તેના પ્રમાણમાં કર્મ ખરી જાય છે. તે પણ પુદ્ગલની પર્યાયના કારણે ખરી જાય છે; જીવ પોતાના વિકારી કે અવિકારી પરિણામને કરે, પણ પરમાં કાંઈ સુધારો કે બગાડો ન કરી શકે. જીવના શુભ પરિણામના નિમિત્તે પુદ્ગલમાં પુણ્ય કર્મ બંધાય છે, તે દ્રવ્યપુણ્ય છે, તેમજ જીવના અશુભ પરિણામ તે ભાવપાપ છે ને તેના નિમિત્તે જે પાપકર્મ બંધાયું તે દ્રવ્યપાપ છે. તે દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપાપનો કર્તા પુદ્ગલ દ્રવ્ય છે. જીવ તેનો કર્તા નથી. ભાવરૂપ જે પુણ્યપાપ છે તેનું ઉપાદાન કારણ આત્મા છે. તે પોતે પુણ્ય-પાપ કરે તો થાય છે. ને જુના દ્રવ્ય પુણ્ય-પાપરૂપ વર્ગણા તો નિમિત્ત માત્ર છે. જૂના કર્મોના પ્રમાણમાં જ વિકાર થાય–એમ તો છે જ નહિ. જીવ પોતે જેટલો તેમાં જોડાય તેટલાં પુણ્ય-પાપ થાય છે, તેમાં જૂનું કર્મ નિમિત્ત છે. તેમજ જીવના પુણ્ય-પાપના ભાવ તે નવા કર્મબંધનું નિમિત્ત છે. તે કર્મનું ઉપાદાન પુદ્ગલદ્રવ્ય છે. જીવ અરૂપી છે. ને તેના ભાવો પણ અરૂપી છે. એટલે ભાવ પુણ્ય-પાપ અમૂર્તિક છે. અમૂર્તિક દ્રવ્યનું કાર્ય પણ અમૂર્તિક હોય, તેથી નિશ્ચયથી તો આત્માનું ભાવ પુણ્ય-પાપ અમૂર્તિક કર્મ છે. અને જે દ્રવ્ય પુણ્ય-પાપરૂપ મૂર્તિક કર્મ છે તે મૂર્તિક કર્મ વ્યવહારથી જ જીવનું છે એટલે કે જીવે કર્મ બાંધ્યાં–એમ કહેવું તે વ્યવહાર છે. ખરેખર, આત્મા જડ કર્મનો કર્તા નથી, પણ જીવના પરિણામ તેમાં નિમિત્ત છે તેથી વ્યવહારથી તે જડ કર્મ આત્માનું કાર્ય છે. નિશ્ચયથી તો તે દ્રવ્યકર્મનો કર્તા જડ છે. કેમકે કર્મ મૂર્તિક છે. તે મૂર્તિક કાર્યનો કર્તા પણ મૂર્તિક જ હોય. અમૂર્તિક આત્મા તેનો કર્તા ખરેખર નથી. પુદ્ગલની પર્યાય થવા કાળે થઈ ત્યારે તેમાં કેવો જીવનો રાગ નિમિત્ત હતો તે બતાવવા માટે એમ વ્યવહારથી કહેવાય કે ''આણે આ કર્યું''

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ ખરેખર જીવ પરને કરે નહિ.

મકાન તો મકાનના પરમાણુના કારણે થાય છે. પણ કોણે મકાન બંધાવ્યું ? તો કહે કે ''ફલાણા ભાઈએ મકાન કરાવ્યું'' ત્યાં જીવનો તે વખતનો રાગ નિમિત્ત હતો તેથી જીવને મકાન વગેરેનો કર્તા કહ્યો તે ઉપચાર છે. ખરેખર જીવ દ્રવ્યકર્મનો પણ કર્તા નથી ને ઘર વગેરેનો પણ કર્તા નથી. આમ સમજીને પરથી ભેદજ્ઞાન કરવું ને આત્માના શુદ્ધબુદ્ધ એક સ્વભાવમાં આ પુણ્ય-પાપ પણ નથી –તેથી તે પુણ્ય-પાપ હેયરૂપ છે ને શુદ્ધબુદ્ધ સ્વભાવ જ આદરણીય છે આવું આ ગાથાનું તાત્પર્ય છે. ધર્મી જાણે છે કે :-

દ્રવ્ય પુણ્ય-પાપ તેમજ ભાવ પુણ્ય-પાપ એ બંને મારે હેય છે ને મારું શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ જ મારે ઉપાદેય છે. આવી ઓળખાણ કરવી તે ધર્મ છે.

આત્મા જ્ઞાનાનંદ અમૂર્ત છે, તે ઇંદ્રિયોથી દેખાય નહિ ને જડ કર્મ તો મૂર્તિક છે. જડ કર્મનું જે ફળ છે તે બહારમાં ઇંદ્રિયોથી દેખાય છે તેથી તે મૂર્ત છે, તો તેના કારણરૂપ જે કર્મ છે તે પણ મૂર્ત છે–એમ હવે જડકર્મોનું મૂર્તપણું બતાવે છે. ૧૩૨.

---

**जम्हा कम्मस्स फलं विसयं फासेहिं भुंजदे णियदं ।**
**जीवेण सुहं दुक्खं तम्हा कम्माणि मुत्ताणि ॥ १३३ ॥**

**यस्मात्कर्मणः फलं विषयः स्पर्शैर्भुज्यते नियतम् ।**
**जीवेन सुखं दुःखं तस्मात्कर्माणि मूर्तानि ॥ १३३ ॥**

**છે કર્મનું ફળ વિષય, તેને નિયમથી અક્ષો વડે**
**જીવ ભોગવે દુઃખે-સુખે, તેથી કરમ તે મૂર્ત છે. ૧૩૩**

**અન્વયાર્થ :** [यस्मात्] કારણ કે [कर्मणः फलं] કર્મનું ફળ [विषयः] જે (મૂર્ત) વિષય તે [नियतम्] નિયમથી [स्पर्शैः] (મૂર્ત એવી) સ્પર્શનાદિ ઇંદ્રિયો દ્વારા [जीवेन] જીવ વડે [सुखं दुःखं] સુખે અથવા દુઃખે [भुज्यते] ભોગવાય છે, [तस्मात्] તેથી [कर्माणि] કર્મો [मूर्तानि] મૂર્ત છે.

---

**तात्पर्यवृत्ति :** एवं शुद्धबुद्धैकस्वभावशुद्धात्मनः सकाशाद्भिन्नस्य हेयरूपस्य द्रव्यभावपुण्यपापद्वयस्य व्याख्यानेनैकसूत्रेण द्वितीयस्थलं गतं । अथ कर्मणां मूर्तत्वं व्यवस्थापयति, – **जम्हा** यस्मात्कारणात् **कम्मस्स फलं** उदयागतकर्मणः फलं । तत्कथंभूतं ? **विसयं** मूर्तपंचेन्द्रियविषयरूपं **भुंजदे** भुज्यते **णियदं** निश्चितं । केन ? कर्तृभूतेन । जीवेन विषयातीतपरमात्मभावनोत्पन्नसुखामृतरसास्वादच्युतेन जीवेन । कैः ? करणभूतैः । **फासेहिं** स्पर्शनेन्द्रियादिरहितामूर्तशुद्धात्मतत्त्वविपरीतैः स्पर्शनादिमूर्तेन्द्रियैः । पुनरपि कथंभूतं तत्पंचेन्द्रियविषयरूपं कर्मफलं ? **सुहदुक्खं** सुखदुःखं यद्यपि शुद्धनिश्चयेनामूर्तं तथापि अशुद्धनिश्चयेन पारमार्थिकामूर्तपरमाह्लादैकलक्षणनिश्चयसुखाद्विपरीतत्वाद्धर्षविषादरूपं मूर्तं सुखदुःखं । **तम्हा मुत्ताणि कम्माणि** यस्मात्पूर्वोक्तप्रकारेण स्पर्शादिमूर्तपंचेन्द्रियरूपं मूर्तेन्द्रियैर्भुज्यते, स्वयं च मूर्तं सुखदुःखादिरूपं कर्म कार्यं दृश्यते, तस्मात्कारणसदृशं कार्यं भवतीति मत्त्वा कार्यानुमानेन ज्ञायंते मूर्तानि कर्माणि इति सूत्रार्थः ॥१३३ ॥

**समयव्याख्या : मूर्तकर्मसमर्थनमेतत् । यतो हि कर्मणां फलभूतः सुखदुःखहेतुविषयो मूर्तो मूर्तैरिन्द्रियैर्जीवेन नियतं भुज्यते, ततः कर्मणां मूर्तत्वमनुमीयते । तथा हि – मूर्तं कर्म, मूर्तसंबंधेनानुभूय-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मानमूर्तफलत्वादाखुविषवदिति ॥ १३३ ॥**

**અનુવાદ : આ, મૂર્ત કર્મનું સમર્થન છે.**

**કર્મનું ફળ જે સુખદુઃખના હેતુભૂત મૂર્ત વિષય તે નિયમથી મૂર્ત ઇંદ્રિયો દ્વારા જીવ વડે ભોગવાય છે, તેથી કર્મના મૂર્તપણાનું અનુમાન થઈ શકે છે. તે આ પ્રમાણે : – જેમ મૂષકવિષ મૂર્ત છે તેમ કર્મ મૂર્ત છે, કારણ કે (મૂષકવિષના ફળની માફક) મૂર્તના સંબંધ દ્વારા અનુભવાતું એવું મૂર્ત તેનું ફળ છે. [ઉંદરના ઝેરનું ફળ (-શરીરમાં સોજા થવા, તાવ આવવો વગેરે) મૂર્ત છે અને મૂર્ત શરીરના સંબંધ દ્વારા અનુભવાય–ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે ઉંદરનું ઝેર મૂર્ત છે; તેવી રીતે કર્મનું ફળ (-વિષયો) મૂર્ત છે અને મૂર્ત ઇંદ્રિયોના સંબંધ દ્વારા અનુભવાય – ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે કર્મ મૂર્ત છે.] ૧૩૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૨, મંગળવાર]

પૂર્વના પ્રારબ્ધ કર્મના ફળમાં બહારમાં ઈષ્ટ-અનિષ્ટ વિષયનો સંયોગ થાય છે. પૂર્વ કર્મના નિમિત્તે વર્તમાનમાં સામગ્રીનો સંયોગ થાય છે–એમ ન માનતાં, વર્તમાનમાં સમાજવ્યવસ્થા બરાબર નથી માટે અમને અમુક સામગ્રી નથી મળતી–એમ જે માને છે તેની માન્યતા તદ્દન જૂઠી છે. ભાઈ, તેં પૂર્વે જેવા શુભારંભ પરિણામ કર્યા તેવું પ્રારબ્ધ કર્મ બંધાયું. ને તેનો ઉદય થતાં બહારમાં ઈષ્ટ-અનિષ્ટ સામગ્રી મળે છે. ત્યાં તેમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના તો જીવે કરી, પણ જે સામગ્રી મળી તે તો પૂર્વ કર્મના નિમિત્તે મળી છે. વર્તમાન મૂર્ત સામગ્રી મળી તેના કારણરૂપ કર્મ પણ મૂર્ત છે. અહીં કર્મને મૂર્તિક સિદ્ધ કરવું છે. પૂર્વના પુણ્ય પાકે તો શું મળે ? તે પુણ્યના ફળમાં બહારમાં મૂર્ત સામગ્રીનો સંયોગ મળે પણ કાંઈ ચૈતન્યની શાંતિ તેમાંથી ન મળે. જડ કર્મનો પાક જડમાં આવે છે ને ચૈતન્યની શાંતિનો પાક ચૈતન્યના સ્વરૂપમાંથી આવે છે. ચોખા ક્યાં પાકે ? ચોખા ચોખામાંથી પાકે છે કે...મોઢામાં ? તેમ મૂર્તિક જડ કર્મનો પાક તો જડમાં જ આવે છે, કાંઈ જડ કર્મનો પાક ચૈતન્યમાં નથી આવતો. તે વખતે હર્ષ-શોકના પરિણામ કરે તેનો કર્તા જીવ છે. સુખ-દુઃખના કારણરૂપ જે બાહ્ય સામગ્રી છે તે ઈંદ્રિયનો વિષય છે. તેથી તે મૂર્ત છે. અને તેથી તેના કારણભૂત જડકર્મ પણ મૂર્ત છે. આત્મા અમૂર્તિક છે ને કર્મ જડ છે.-એમ કહીને બંનેનું ભેદજ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. મૂર્તિક ઈંદ્રિયોથી આત્મા વિષયોને ભોગવે છે. એમ પણ ઉપચારથી કથન છે. ખરેખર ''આત્મા પરને ભોગવે છે'' એમ અહીં બતાવવું નથી. પણ અહીં તો કર્મને મૂર્તપણે સિદ્ધ કરવાં છે. તે જડ કર્મ મૂર્ત છે, અજીવ છે, તે આત્માનું સ્વરૂપ નથી. પાંચે ઈંદ્રિયોના વિષયો મૂર્ત છે, અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ આત્મા ઈંદ્રિયનો વિષય થાય નહિ.

સુખદુઃખના પરિણામ જીવ કરે છે, ને તે સુખ-દુઃખના નિમિત્તરૂપ બાહ્ય સામગ્રી તે કર્મનું ફળ છે. 'આત્મા ઈંદ્રિયોથી મૂર્ત કર્મના ફળને ભોગવે છે'–એમ કહ્યું તેમાં કર્મને મૂર્તિક સિદ્ધ કરવાનો આશય છે, પણ તેથી એમ ન સમજવું કે આત્મા મૂર્તિક છે. પુણ્યનું ફળ શું ? કે જડનો સંયોગ. પુણ્યના ફળમાં સમ્યક્ત્વ મળે નહિ. અત્યારે ''સમ્યગ્દર્શન વગેરે વ્રતાદિ કરીને ખૂબ પુણ્ય બાંધો ને પછી તેના ફળમાં ભગવાન પાસે જઈને સમ્યગ્દર્શન પામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જશું''–આવી જેની બુદ્ધિ છે તેને ચૈતન્યની રુચિ નથી, પણ જડની રુચિ છે. પુણ્યના ફળમાં ચૈતન્ય નહિ મળે પણ જડનો સંયોગ મળશે. ને તેની રુચિ કરશે તો તત્ત્વનો અનાદર કરીને નિગોદમાં જશે. અરે ! ભાઈ, જડકર્મનું ફળ જડમાં આવે છે, ને તારો સ્વભાવ તો ચૈતન્ય અમૂર્તિક છે. જેને આવો પોતાનો સ્વભાવ નથી રુચતો તે પુણ્ય-પાપ કરીને વિભાવની પ્રીતિ કરે છે, તે વિભાવનું લક્ષ કયાં જાય છે ?–કે જડ ઉપર જાય છે. તેનાથી જડકર્મ બંધાય છે ને તેના ફળમાં જડનો સંયોગ મળે છે. જુઓ ! મૂર્તની પ્રીતિવાળો અમૂર્ત સ્વભાવને ચૂકે છે ને ? તો અમૂર્ત ચૈતન્યની પ્રીતિ કરનારને વિભાવની ને જડની પ્રીતિ છૂટી ગયા વિના રહે નહિ. કર્મ અજીવ છે. ને તેનું ફળ પણ અજીવ છે. પુણ્ય-પાપના ભાવ પર ઉપરના લક્ષે થાય છે, ચૈતન્યના લક્ષે પુણ્ય-પાપની ઉત્પત્તિ ન થાય. માટે જેમ પરની પ્રીતિવાળો ચૈતન્યને ચૂકીને વિભાવ કરે છે, તેમ ચૈતન્યની પ્રીતિવાળો પરનો પ્રેમ ચૂકી જાય છે. જેને ચૈતન્યની પ્રીતિ છે તેને જડની પ્રીતિ નથી ને જેને જડકર્મના ફળ રૂપ જડ પદાર્થની પ્રીતિ છે તેને અમૂર્તિક ચૈતન્યની રુચિ નથી. કાયમી શાંતિનું મૂળ ચૈતન્ય પદાર્થ છે. તે તો સ્વભાવિક વસ્તુ છે ને આ સ્ત્રી-પુત્રાદિ પદાર્થો તો જડકર્મના ફળમાં સંયોગે આવેલા છે, તે તારું સ્વરૂપ નથી. ભાઈ ! તું તો અસંયોગી ચિદાનંદમૂર્તિ છો. જડ સંયોગ તારા નથી ને તેના કારણરૂપ પુણ્ય-પાપ કર્મ પણ તારું નથી; તેમજ જે શુભાશુભ પરિણામથી તે કર્મ બંધાયું તે પણ ખરેખર તારું સ્વરૂપ નથી. બહારમાં જન્મ્યો ત્યારે અમુક લક્ષ્મી વગેરેનો સંયોગ ન હતો ને પછી લક્ષ્મીનો સંયોગ આવ્યો, નિર્ધનમાંથી સધન થયો, તો તેનું કારણ શું ? **જીવ તેનું કારણ નથી. જીવ તો પહેલાં પણ હતો, જો જીવ તેનું કારણ હોય તો પહેલાં જન્મ્યો ત્યારે તે સંયોગ કેમ ન હતો ? માટે તેનું કારણ પૂર્વે બંધાયેલાં રજકણો છે. અને તે બહારની સામગ્રી મૂર્ત હોવાથી તેના કારણરૂપ કર્મ પણ મૂર્ત છે.**

જેનું ફળ મૂર્ત, તેનું કારણ પણ મૂર્ત: એટલે કે બાહ્ય સામગ્રી મૂર્ત છે ને તેના કારણરૂપ જડકર્મ પણ મૂર્ત છે. **આત્માનો સ્વભાવ તે મૂર્ત સામગ્રી અને મૂર્ત કર્મ એ બંનેથી ભિન્ન અમૂર્તિક જ્ઞાનસ્વરૂપ છે–એમ ઓળખીને પરનું અભિમાન છોડ.**

જેમ ઉંદરનું ઝેર મૂર્તિક છે, ને મૂર્તિક શરીર વડે તે અનુભવાય છે. તે કાંઈ અમૂર્ત આત્માને સ્પર્શતું નથી. તેમ કર્મનું ફળ મૂર્ત છે, તે મૂર્ત ઇંદ્રિયો દ્વારા ભોગવાય છે, માટે કર્મ પણ મૂર્ત છે. પુણ્ય-પાપના પરિણામ, તેનાથી બંધાયેલું કર્મ અને તેના ફળમાં મળેલી સામગ્રીઓ ત્રણે હેય છે, તેમાં આત્માની શાંતિ નથી. તે ત્રણથી રહિત અમૂર્તિક શુદ્ધ, ચિદાનંદ, આત્મા જ ઉપાદેય છે એમાં શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા કરવી તેજ શાંતિનો ઉપાય છે. ૧૩૩.

---

**मुत्तो फासदि मुत्तं मुत्तो मुत्तेण बंधमणुहवदि ।**
**जीवो मुत्तिविरहिदो गाहदि ते तेहिं उग्गहदि ॥ १३४ ॥**

**मूर्तः स्पृशति मूर्तं मूर्तो मूर्तेन बंधमनुभवति ।**
**जीवो मूर्तिविरहितो गाहति तानि तैरवगाह्यते ॥ १३४ ॥**

**મૂરત મૂરત સ્પર્શે અને મૂરત મૂરત બંધન લહે;**
**આત્મા અમૂરત ને કરમ અન્યોન્ય અવગાહન લહે. ૧૩૪**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [मूर्तः मूर्तं स्पृशति] મૂર્ત મૂર્તને સ્પર્શે છે, [मूर्तः मूर्तेन] મૂર્ત મૂર્તની સાથે [बंधम् अनुभवति] બંધ પામે છે; [मूर्तिविरहितः जीवः] મૂર્તત્વરહિત જીવ [तानि गाहति] મૂર્તકર્મોને અવગાહે છે અને [तैः अवगाह्यते] મૂર્તકર્મો જીવને અવગાહે છે (અર્થાત્ બંને એકબીજામાં અવગાહ પામે છે).

---

**तात्पर्यवृत्ति** : एवं नैयायिकमताश्रितशिष्यसंबोधनार्थं नयविभागेन पुण्यपापद्वयस्य मूर्तत्वसमर्थन-रूपेणैकसूत्रेण तृतीयस्थलं गतं। अथ चिरंतनाभिनवमूर्तकर्मणोस्तथैवामूर्तजीवमूर्तकर्मणोश्च नयविभागेन बंधप्रकारं कथयति। अथवा मूर्तिरहितो जीवो मूर्तकर्माणि कथं बध्नातीति नैयायिकादिमतानुसारिणा शिष्येण पूर्वपक्षे कृते सति नयविभागेन परिहारं ददाति – **मुत्तो** निर्विकारशुद्धात्मसंवित्त्यभावेनोपार्जित-मनादिसंतानेनागतं मूर्तं कर्म तावदास्ते जीवे। तच्च किं करोति ? **फासदि मुत्तं** स्वयं स्पर्शादिमत्त्वेन मूर्तत्वादभिनत्वं (भिन्नं ?) स्पर्शादिमत्संयोगमात्रेण मूर्तं कर्म स्पृशति। न केवलं स्पृशति। **मुत्तो मुत्तेण बंधमणुहवदि** अमूर्तातीन्द्रियनिर्मलात्मानुभूतिविपरीतं जीवस्य मिथ्यात्वरागादिपरिणामं निमित्तं लब्ध्वा पूर्वोक्तं मूर्तं कर्म नवतरमूर्तकर्मणा सह स्वकीयस्निग्धरूक्षपरिणत्युपादानकारणेन संश्लेषरूपं बंधमनुभवति इति मूर्तकर्मणोर्बंधप्रकारो ज्ञातव्यः। इदानीं पुनरपि मूर्तजीवमूर्तकर्मणोर्बंधः कथ्यते। **जीवो मुत्तिविरहिदो** शुद्धनिश्चयेन जीवो मूर्तिविरहितोपि व्यवहारेण अनादिकर्मबंधवशान्मूर्तः सन् किं करोति ? **गाहदि ते** अमूर्तातीन्द्रियनिर्विकारसदानंदैकलक्षणसुखरसास्वादविपरीतेन मिथ्यात्वरागादिपरिणामेन परिणतः सन् तान् कर्मवर्गणायोग्यपुद्गलान् गाहते परस्परानुप्रवेशरूपेण बध्नाति **तेहि उग्गहदि** निर्मलानुभूतिविपरीतेन जीवस्य रागादिपरिणामेन कर्मत्वपरिणतैस्तैः कर्मवर्गणायोग्यपुद्गलस्कंधैः कर्तृभूतैर्जीवोप्यवगाह्यते बध्यत इति। अत्र निश्चयेनामूर्तस्यापि जीवस्य व्यवहारेण मूर्तत्वे सति बंधः संभवतीति सूत्रार्थः। तथा चोक्तं। ''बंधं पडि एयत्तं लक्खणदो होदि तस्स णाणत्तं। तम्हा अमुत्तिभावो णेगंतो होदि जीवस्स'' ।। १३४ ।।

**समयव्याख्या : मूर्तकर्मणोरमूर्तजीवमूर्तकर्मणोश्च बंधप्रकारसूचनेयम् । इह हि संसारिणि जीवेऽनादिसंतानेन प्रवृत्तमास्ते मूर्तकर्म। तत्स्पर्शादिमत्त्वादागामि मूर्तकर्म स्पृशति, ततस्तन्मूर्तं तेन सह स्नेहगुणवशाद्बंधमनुभवति। एष मूर्तयोः कर्मणोर्बंधप्रकारः; अथ निश्चयनयेनामूर्तो जीवोऽनादिमूर्तकर्मनिमित्तरागादिपरिणामस्निग्धः सन् विशिष्टतया मूर्तानि कर्माण्यवगाहते, तत्परिणाम-निमित्तलब्धात्मपरिणामैः मूर्तकर्मभिरपि विशिष्टतयाऽवगाह्यते च। अयं त्वन्योन्यावगाहात्मको जीवमूर्तकर्मणोर्बंधप्रकारः। एवममूर्तस्यापि जीवस्य मूर्तेन पुण्यपापकर्मणा कथञ्चिद्बंधो न विरुध्यते ॥१३४ ॥**

**–इति पुण्यपापपदार्थव्याख्यानम् ।**

અનુવાદ : આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તથા અમૂર્ત જીવનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તેની સૂચના છે.

અહીં (આ લોકમાં), સંસારી જીવને વિષે અનાદિ સંતતિથી (-પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે. તે, સ્પર્શાદિવાળું હોવાને લીધે, આગામી મૂર્તકર્મને સ્પર્શે છે; તેથી મૂર્ત એવું તે તેની સાથે, સ્નિગ્ધત્વગુણના વશે (-પોતાના સ્નિગ્ધરૂક્ષત્વપર્યાયને લીધે), બંધને પામે છે. આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે બંધપ્રકાર છે.

વળી (અમૂર્ત જીવનો મૂર્તકર્મોની સાથે બંધપ્રકાર આ પ્રમાણે છે કે), નિશ્ચયનયથી જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અમૂર્ત છે એવો જીવ, અનાદિ મૂર્તકર્મ જેનું નિમિત્ત છે એવા રાગાદિપરિણામ વડે સ્નિગ્ધ વર્તતો થકો, મૂર્તકર્મોને વિશિષ્ટપણે અવગાહે છે (અર્થાત્ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવા સંબંધવિશેષસહિત મૂર્તકર્મોના ક્ષેત્રમાં વ્યાપે છે.) અને તે રાગાદિપરિણામના નિમિત્તે જેઓ પોતાના (જ્ઞાનાવરણાદિ) પરિણામને પામે છે એવાં મૂર્તકર્મો પણ જીવને વિશિષ્ટપણે અવગાહે છે (અર્થાત્ જીવના પ્રદેશો સાથે વિશિષ્ટતાપૂર્વક એકક્ષેત્રાવગાહને પામે છે). આ, જીવ અને મૂર્તકર્મનો અન્યોન્ય-અવગાહસ્વરૂપ બંધપ્રકાર છે. આ રીતે અમૂર્ત એવા જીવનો પણ મૂર્ત પુણ્યપાપકર્મની સાથે કથંચિત્ (-કોઈ પ્રકારે) બંધ વિરોધ પામતો નથી. ૧૩૪.**

**આ રીતે પુણ્ય-પાપપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૩, બુધવાર]

જીવ અમૂર્ત છે અને પુદ્‌ગલકર્મ મૂર્ત છે. તેનો બંધ કઈ રીતે થાય છે તે કહે છે.

આત્મા તો જ્ઞાનઘન અરૂપી વસ્તુ છે, તેની પર્યાયમાં જે દયાદિના શુભભાવ થાય કે હિંસાદિના અશુભભાવ થાય તે પણ અરૂપી છે. તે શુભાશુભ પરિણામો ખરેખર વસ્તુનું સ્વરૂપ નથી, પણ ક્ષણિક અવસ્થામાં તે નવા નવા થાય છે તેમાં જૂનું કર્મ નિમિત્ત છે, અને તે પરિણામનું નિમિત્ત પામીને નવાં કર્મો જૂનાં કર્મોની સાથે બંધાય છે. મૂર્ત કર્મની સાથે મૂર્ત કર્મ બંધાય છે. **જો ભાઈ, તારે તારું કલ્યાણ કરવું હોય તો એક વાર નિર્વિકલ્પ વસ્તુને લક્ષમાં લે કે મારે કર્મનો સંબંધ નથી, ને જેનાથી કર્મ બંધાય એવા ભાવો તે પણ મારા સ્વરૂપમાં નથી. તારે નિર્વિકલ્પ અનુભવનો અવસર પ્રાપ્ત કરવો હોય તો પહેલાં આવી શ્રદ્ધા કર કે હું તો ચૈતન્યમૂર્તિ છું. વિકારની રુચિ અને મુખ્યતા છોડીને ચિદાનંદ સ્વરૂપની રુચિ અને મુખ્યતા કર; કેમકે ચિદાનંદ વસ્તુમાં નથી કોઈ નિમિત્ત, કે નથી કોઈ વિકાર.** તે વિકાર વડે ચિદાનંદ વસ્તુનો નિર્વિકલ્પ અનુભવ થતો નથી. શુભાશુભ વિકાર, તેનાથી થયેલું કર્મ, અને તેના ફળમાં મળેલો બહારનો સંયોગ-એ ત્રણેની રુચિ છોડીને, અખંડ ચૈતન્યવસ્તુને રુચિમાં લે, કર્મ અને વિકાર તો હું નહિ ને મારામાં જે ભેદના વિકલ્પો ઊઠે તે ભેદના વિકલ્પ જેટલું પણ મારું સ્વરૂપ નથી. હું ધ્રુવ દ્રવ્યસ્વભાવ છું—એમ પહેલેથી જ અખંડ દ્રવ્યનું અવલંબન કર, તો તેના નિર્વિકલ્પ અનુભવનો અવસર આવે.

તારા તત્ત્વને પર સાથે તો સંબંધ નથી. ને ક્ષણિક વિકાર જેટલું પણ તારું તત્ત્વ નથી. માટે કર્મની સાથેના સંબંધની બુદ્ધિ છોડ. બાદશાહ પાસે જવું હોય તો ત્યાં એકલા જવું પડશે. બહારનાં મકાન કે પોલીસો કોઈ ત્યાં સાથે નહિ આવે. તારી એકલી હૂંફથી રાજા પાસે ઊભા રહેવાની તાકાત હોય તો રાજા પાસે જવાશે. તેમ ચૈતન્ય બાદશાહ પાસે જવું હોય—તેનો નિર્વિકલ્પ અનુભવ કરવો હોય તો તે કર્મના સંબંધ ઉપર જોવાથી કે વિકારની સામે જોવાથી નહિ થાય, પણ કર્મનો સંબંધ અને ભેદનો વિકલ્પ છોડીને, એકલો થઈને અંદરમાં જા, તો ચૈતન્ય બાદશાહનો ભેટો થશે. તું જ્યાં જા ત્યાં અંતરના ચિદ્‌ઘન સ્વભાવ સિવાય બીજા કોઈનું અવલંબન સમ્યગ્દર્શનમાં રહેતું નથી. પહેલેથી આવી પ્રતીત કરો. અંતરની વસ્તુ સિવાય કોઈ પણ ચીજનું અવલંબન તત્ત્વની દૃષ્ટિમાં નથી, કેમકે આત્મવસ્તુમાં કોઈ શરીર-મન-વાણી કે કર્મ નથી. અનંતકાળથી અંતરના તત્ત્વનો આશ્રય લીધો નથી. પણ હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન કરવું હોય–આત્માનું કલ્યાણ કરવું હોય તો અંતરમાં એક સ્વતત્ત્વનો જ આશ્રય લીધા વિના બીજો કોઈ ઉપાય નથી. હું તો જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય અભેદ નિર્વિકલ્પ વસ્તુ છું–એમ નક્કી કર્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. ને એ સમ્યગ્દર્શન વગરનાં વ્રત ને તપ તે તો બધાં એકડા વગરના મીંડાં જેવાં છે.

જીવ તો અરૂપી, જ્ઞાનસ્વરૂપ છે, તેની અવસ્થામાં વિકાર થતાં નવું મૂર્તકર્મ જૂનાં મૂર્તકર્મની સાથે બંધાય છે. જીવ વિકાર કરે તે વિકાર પણ અમૂર્ત છે, અમૂર્તિક જીવ ખરેખર જડકર્મોની સાથે બંધાયેલો નથી, ચૈતન્યમાં સ્પર્શ નથી, જીવ તો અસ્પર્શી ચીજ છે, તેમાં કર્મ કઈ રીતે ચોંટે ? જીવ બહુ તો પોતામાં અમૂર્તિક વિકાર કરે અને તેના નિમિત્તે મૂર્ત કર્મની સાથે મૂર્ત કર્મ બંધાય છે. મૂર્ત કર્મના સંયોગથી જીવ કાંઈ મૂર્ત થઈ જતો નથી. અહીં એમ ન સમજવું કે જીવની પર્યાયમાં વિકાર થતો જ નથી. વિકાર તો જીવની પર્યાયમાં થાય છે. તે વિકારી પણ અમૂર્તિક છે. ચિદાનંદ સ્વરૂપને ચૂકે તો વિકારી પર્યાય થાય છે ને ચૈતન્યસ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને એકાગ્ર થતાં વિકાર છૂટીને નિર્વિકારી પર્યાય થાય છે. વિકારી ભાવ કે દુઃખ જીવની પર્યાયમાં થાય છે. કાંઈ અજીવમાં દુઃખ કે વિકારભાવ હોતા નથી. વિકાર અથવા દુઃખ જીવની પર્યાયમાં છે પણ તે જીવનું આખું સ્વરૂપ નથી.–આવું ભાન કરીને ત્રિકાળી સ્વરૂપમાં શ્રદ્ધા-જ્ઞાન એકાગ્રતા કરે તો દુઃખ અને વિકાર ટળીને સર્વજ્ઞ પરમાત્મદશા પ્રગટે છે.

અજ્ઞાની માને છે કે 'શરીરને દુઃખ થાય છે' પણ તે વાત જૂઠી છે. દુઃખ તો જીવના સુખની વિપરીત દશા છે. અજીવમાં સુખ ગુણ નથી ને તેમાં દુઃખ પણ નથી. જેનામાં ક્ષમાગુણ હોય તેનામાં ક્ષમાની વિપરીતતારૂપ ક્રોધ હોય. જીવમાં ક્રોધ થાય છે તેની પાછળ ક્ષમાગુણ ત્રિકાળ પડ્યો છે. લાકડામાં ક્રોધ થતો નથી કેમકે તેનામાં ક્ષમાગુણ નથી. તેમ દુઃખ શરીરમાં થતું નથી પણ જીવની અવસ્થામાં થાય છે. તે જીવના સુખગુણની ઊલટી દશા છે. પર્યાયમાં વિકાર છે ને ધ્રુવસ્વભાવ નિર્વિકાર છે, આમ સમજીને જીવના અંતર સ્વભાવની દૃષ્ટિ કરે તો કલ્યાણ થાય.

આત્મા સર્વથા નિર્મળ જ છે એમ માને તો તે મિથ્યા છે. અને આત્માની પર્યાયમાં વિકાર થાય છે તે વિકાર કર્મ કરાવે છે–એમ માને તો તે પણ મિથ્યા છે. જીવના સ્વભાવમાં વિકાર નથી. પર્યાયમાં વિકાર તે કર્મ કરાવતું નથી. પણ પોતે પોતાના અપરાધથી પર્યાયમાં વિકાર કરે છે, ને તે વિકારના નિમિત્તે નવું કર્મ બંધાય છે, આમ સમજીને ધ્રુવ સ્વભાવની શ્રદ્ધા કરવી તે પ્રથમ ધર્મ છે. જો જીવની પર્યાયમાં જીવ પોતે પોતાના અપરાધથી વિકાર ન કરતો હોય ને કર્મ તેને વિકાર કરાવતું હોય–તો તો જીવને ઉપદેશ શા માટે આપવો ? તો તો કર્મને જ ઉપદેશ દેવો જોઈએ કે 'અરે કર્મ ! તું દૂર ખસી જા, તું જીવને વિકાર ન કરાવ !' પણ અજીવને તો કાંઈ ઉપદેશ હોતો નથી. જીવ પોતે પોતાના અપરાધથી રખડે છે તેથી તેને જ વિકાર ટાળવાનો ઉપદેશ છે.

"अपनेको आप भूलके हैरान हो गया" જીવ અનાદિનો છે પણ પોતે પોતાના સ્વરૂપને ભૂલીને સંસારમાં રખડી રહ્યો છે. વસ્તુ સદા ટકે છે ને તેની અવસ્થા ક્ષણેક્ષણે પલટ્યા કરે છે. ત્યાં વિકારીદશા તે સંસાર છે, ને પૂર્ણ નિર્મળદશા તે મોક્ષ છે. જેમ અગ્નિ અને પાણી જુદાં છે અને તેમની ક્રિયાઓ પણ જુદી છે તેમ ચૈતન્યમૂર્તિ આત્મા અને જડકર્મ બે બન્ને જુદી ચીજ છે, તેમની ક્રિયાઓ પણ જુદી છે. બે વસ્તુનો એકબીજામાં અભાવ હોય તો જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે બે વસ્તુ પૃથક્ પૃથક્ રહી શકે. જીવની અવસ્થામાં વિકાર છે તે જીવનું કાર્ય છે, અજીવ કર્મોએ તે વિકાર કરાવ્યો એમ માને તો તે મિથ્યાત્વ છે. તેમ જ બહારમાં જડના ક્રિયાકાંડને અંદરની શુદ્ધિનું કારણ માને તો તે પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, તેને જીવ-અજીવની જુદાઈનું ભાન નથી. જીવ અને અજીવ બન્ને ત્રિકાળ જુદેજુદી ચીજ છે. આત્માનું અજ્ઞાન આત્માની ઓળખાણથી જ ટળે છે. બહારના ઉપાયથી અજ્ઞાન ટળતું નથી ને ધર્મ થતો નથી. જેમ કોઈનું 'નામ' ઓળખવું હોય તો ઉપવાસ કરી નાખવાથી કે પૈસા આપી દેવાથી તેનું નામ ઓળખાતું નથી પણ તેને પૂછીને તેનું નામ જાણે તો જ તે ઓળખાય છે. એ રીતે આત્માનું સ્વરૂપ ઓળખવું હોય તો સત્સમાગમે આત્માની ઓળખાણ કરવાથી જ તે ઓળખાય છે. રૂપિયા ખરચી નાખવાથી કે વ્રતાદિના શુભભાવથી આત્માની ઓળખાણ થઈ જતી નથી.

મારો સ્વભાવ ત્રિકાળ જ્ઞાનમૂર્તિ શુદ્ધ છે, ને વર્તમાન પર્યાયમાં વિકાર છે – એમ બન્ને પડખાંને જાણે, તો શુદ્ધ વસ્તુની દૃષ્ટિમાં પર્યાયની ભૂલનો નાશ થાય. આ સિવાય કોઈ રીતે અનાદિની ભૂલ ટળતી નથી. સમ્યગ્જ્ઞાનનું સાધન શું ? કે અંતરની વસ્તુનો વિશ્વાસ કરવો તે જ સાધન છે. અંદરની વસ્તુનો વિશ્વાસ આવતો નથી એટલે અજ્ઞાની બહારનાં સાધનને શોધે છે. આત્મામાં ત્રિકાળ ''કારણશક્તિ'' છે. એટલે આત્મા પોતે જ પોતાના આનંદ વગેરેનું સાધન છે. ધ્રુવ આનંદકંદ વસ્તુ અંદરમાં પડી છે તે જ તારી પરમાત્મદશાનું સાધન છે. એ સિવાય બહારનાં કોઈ સાધનથી પરમાત્મદશા પ્રગટતી નથી, બહારનો તારામાં અભાવ છે. માટે બહારનું સાધન ચૈતન્યને નથી. અંદર પુણ્ય-પાપના ભાવો થાય તે પણ વિકાર છે, પુણ્ય ભાવથી પણ નવું કર્મ બંધાય છે, તે પુણ્યભાવ પણ તારી શાંતિનું સાધન નથી. તારા ચૈતન્યમાં મૂર્ત પરમાણુનાં તો ગ્રહણ-ત્યાગ નથી, તેનાથી તો તારું સ્વરૂપ ભિન્ન છે ને ક્ષણિક વિકાર છે તે પણ તારા શુદ્ધ સ્વરૂપમાં નથી. આવા શુદ્ધ સ્વરૂપનો વિશ્વાસ કોણ કરે ? અંતરમાં ધ્રુવ વસ્તુની રુચિ પોતે કરે તો થાય છે, તેમાં બીજું કોઈ સાધન નથી. અહીં પુણ્યનો અધિકાર છે તેમાં એમ સમજાવે છે કે ભાઈ ! કષાયની મંદતાના પુણ્ય-પરિણામથી પણ તારા ચૈતન્યનો લાભ નથી. પુણ્યપરિણામ વડે તારા ચૈતન્યની એકતા પ્રાપ્ત થાય નહિ, પણ તેનાથી તો જૂના કર્મની સાથે નવાં કર્મનો સંબંધ થશે. માટે તે પુણ્ય પરિણામની સાથે પણ ખરેખર તારા સ્વભાવનું એકત્વ નથી.

દૂધ અને પાણીના સંયોગની જેમ આત્માનો અને કર્મનો સંબંધ છે એમ કહેવાય, ત્યાં તેનો અર્થ એમ છે કે જેમ દૂધ અને પાણી જુદાં છે તેમ આત્મા અને કર્મ જુદાં છે. દુધનો માવો થાય છે ને પાણીની વરાળ થઈને ઊડી જાય છે. એ રીતે તે બન્ને જુદાં છે તેમ જીવ અમૂર્તિક છે ને કર્મ મૂર્તિક છે, તે **ભિન્નભિન્ન** છે, અને જે ભાવે તે કર્મનું બંધન થાય તે ખરેખર જીવનું સ્વરૂપ નથી. જીવ શુદ્ધ ચૈતન્યરૂપ અમૂર્તિક છે, એવા જીવની અંતર્દૃષ્ટિ કર્યા વગર કોઈ રીતે ભવભ્રમણથી છુટકારો ન થાય.

દરેક આત્માનો પોતાનો અસંખ્યપ્રદેશી અરૂપી આકાર છે. અરૂપ વસ્તુને પણ પોતાનો આકાર હોય છે. અહો ! હું અસંખ્યપ્રદેશી ચિદાનંદની મૂર્તિ છું–એમ પોતાના સ્વભાવની સામે ન જોતાં અનાદિથી રાગદ્વેષ કર્યા કરે છે ને ''વિકાર તે જ હું'' એમ માની લ્યે છે, તેથી તેના વિકારી પરિણામના નિમિત્તે નવાં નવાં કર્મોનું બંધન થાય છે. કોની સાથે ? કે જૂનાં કર્મોની સાથે નવાં કર્મો બંધાય છે. આ રીતે જીવના વિકારના નિમિત્તે નવું કર્મ બંધાય છે. તેથી અમૂર્તિક જીવને મૂર્તિક કર્મ સાથે કથંચિત્ બંધન કહેવામાં વિરોધ નથી. જેમ અમૂર્તિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન મૂર્ત પદાર્થોને જાણે છે–એટલે અરૂપીને રૂપી સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે, જેટલા પ્રમાણમાં વિકાર કરે તેટલા પ્રમાણમાં નવાં કર્મો બંધાય છે. આવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. પણ જીવને કારણે જડ નથી ને જડને કારણે જીવ નથી. ચૈતન્યનો સ્વભાવ શું, ચૈતન્યનો વિકાર શું, જડ શું–એમ દરેકને ઓળખવા જોઈએ. પુણ્ય-પાપના અધિકારમાં એ બતાવ્યું કે જીવને મૂર્તકર્મ સાથે એકતા થતી નથી. કર્મનું બંધન કર્મની સાથે જ થાય છે. કર્મના સંબંધરહિત અને વિકારભાવથી પણ રહિત એવા અમૂર્તિક શુદ્ધ ચૈતન્ય આત્મસ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે જ મુક્તિનો ઉપાય છે, એ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ.

---

**रागो जस्स पसत्थो अणुकंपासंसिदो य परिणामो ।**
**चित्तम्हि णत्थि कलुसं पुण्णं जीवस्स आसवदि ॥ १३५ ॥**

**रागो यस्य प्रशस्तोऽनुकम्पासंश्रितश्च परिणामः ।**
**चित्ते नास्ति कालुष्यं पुण्यं जीवस्यास्रवति ॥ १३५ ॥**

**છે રાગભાવ પ્રશસ્ત, અનુકંપાસહિત પરિણામ છે,**
**મનમાં નહીં કાલુષ્ય છે, ત્યાં પુણ્ય-આસ્રવ હોય છે. ૧૩૫**

**અન્વયાર્થ :** [यस्य] જે જીવને [प्रशस्तः रागः] પ્રશસ્ત રાગ છે, [अनुकम्पासंश्रितः परिणामः] અનુકંપાયુક્ત પરિણામ છે [च] અને [चित्ते कालुष्यं न अस्ति] ચિત્તમાં કલુષતાનો અભાવ છે, [जीवस्य] તે જીવને [पुण्यम् आस्रवति] પુણ્ય આસ્રવે છે.

---

**तात्पर्यवृत्ति** : इति सूत्रचतुर्थस्थलं गतं । एवं नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये पुण्यपाप-व्याख्यानमुख्यत्वेन गाथाचतुष्टयेन पंचमोंतराधिकारः समाप्तः । अथ भावकर्मद्रव्यकर्मनोकर्ममति-ज्ञानादिविभावगुणनरनारकादिविभावपर्यायैः शून्यात् शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मक-निर्विकल्पसमाधिसमुत्पन्नपरमानंदसमरसीभावेन पूर्णकलशवद्भरितावस्थात्परमात्मनः सकाशाद्भिन्ने शुभा-शुभास्रवाधिकारे गाथाषट्कं भवति । तत्र गाथाषट्कमध्ये प्रथमं तावत्पुण्यास्रवकथनमुख्यत्वेन "रागो जस्स पसत्थो" इत्यादिपाठक्रमेण गाथाचतुष्टयं, तदनंतरं पापास्रवे "चरिया पमादबहुला" इत्यादि गाथाद्वयं, इति पुण्यपापास्रवव्याख्याने समुदायपातनिका । तद्यथा । अथ निरास्रवशुद्धात्मपदार्थात्प्रतिपक्षभूतं शुभास्रवमाख्याति–**रागो जस्स पसत्थो** रागो यस्य प्रशस्तः वीतरागपरमात्मद्रव्याद्विलक्षणः पंचपरमेष्ठिनिर्भरगुणानुरागरूपः प्रशस्तधर्मानुरागः **अणुकंपासंसिदो य परिणामो** अनुकंपासंश्रितश्च परिणामः दयासहितो मनोवचनकायव्यापाररूपः शुभपरिणामः **चित्तम्हि णत्थि कलुसो** चित्ते नास्ति कालुष्यं मनसि क्रोधादिकलुषपरिणामो नास्ति, **पुण्णं जीवस्स आसवदि** यस्यैते पूर्वोक्ता त्रयः शुभपरिणामाः संति तस्य जीवस्य द्रव्यपुण्यास्रवकारणभूतं भावपुण्यमास्रवतीति सूत्राभिप्रायः ॥ १३५ ॥

**समयव्याख्या : अथ आस्रवपदार्थव्याख्यानम् । पुण्यास्रवस्वरूपाख्यानमेतत् । प्रशस्तरागोऽनुकम्पा-परिणतिः चित्तस्याकलुषत्वञ्चेति त्रयः शुभा भावाः द्रव्यपुण्यास्रवस्य निमित्तमात्रत्वेन कारणभूतत्वात्त-दास्रवक्षणादूर्ध्वं भावपुण्यास्रवः । तन्निमित्तः शुभकर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यपुण्यास्रव इति ॥ १३५ ॥**

**અનુવાદ : હવે આસ્રવપદાર્થનું વ્યાખ્યાન છે. આ, પુણ્યાસ્રવના સ્વરૂપનું કથન છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશસ્ત રાગ, અનુકંપાપરિણતિ અને ચિત્તની અકલુષતા–એ ત્રણ શુભ ભાવો દ્રવ્યપુણ્યાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને) તે શુભ ભાવો ભાવપુણ્યાસ્રવ છે અને તે (શુભ ભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના શુભકર્મપરિણામ (-શુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપુણ્યાસ્રવ છે. ૧૩૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૪, ગુરુવાર]

નવતત્ત્વમાં હવે આસ્રવનું વર્ણન કરે છે.

જુઓ, આ આસ્રવતત્ત્વ તે ખરેખર શુદ્ધ જીવતત્ત્વથી ભિન્ન છે. શુદ્ધાત્મા દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મથી રહિત છે, ચિદાનંદ સહજ આનંદથી ભરપૂર છે. આવો શુદ્ધ આત્મા આસ્રવથી ભિન્ન છે. એવા શુદ્ધ આત્માનું સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન-આચરણ કરવું તે અહીં તાત્પર્ય છે. પર્યાયનયે આસ્રવને આત્માનો કહેવાય. પણ દ્રવ્યનયે આસ્રવને આત્માનો જ માને તો તેને આસ્રવથી જુદા પડવાનો અવસર રહેતો નથી. ''આસ્રવ આત્માથી ભિન્ન કે અભિન્ન ?'' એ બાબતમાં અત્યારના મોટા મોટા આચાર્ય નામ ધરાવનારા પણ ગોથાં ખાઈ રહ્યા છે. પર્યાયમાં આસ્રવ હોવા છતાં શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જોતાં આત્મા આસ્રવથી ભિન્ન છે, આવા આત્માનાં શ્રદ્ધા જ્ઞાન કરવાં તે ધર્મ છે. અહીં આસ્રવને ઓળખાવે છે.

જીવને દેવ-ગુરુમાં પ્રીતિભાવ આવે તે પુણ્યાસ્રવનું કારણ છે. જીવો ઉપર અનુકંપાનો ભાવ તે પણ પુણ્યાસ્રવના કારણરૂપ છે. અહીં ભાવઆસ્રવને 'ઊર્ધ્વ' એટલે કે પહેલો કહ્યો છે ને પછી દ્રવ્યાસ્રવ થવાનું કહ્યું છે, ત્યાં સમયભેદ નથી બતાવવો, પણ ભાવાસ્રવ તે દ્રવ્યાસ્રવનું કારણ છે–એવું કારણપણું બતાવવા માટે જ અહીં ભાવાસ્રવને 'ઊર્ધ્વ' કહ્યો છે એમ સૂત્રકારનું તાત્પર્ય છે.

વળી પરિણામમાં કલુષતા ન હોવી, મંદ-સરળ પરિણામ થવા તે પણ પુણ્યાસ્રવ છે; ચિત્તની પ્રસન્નતાનો શુભભાવ તે પણ આસ્રવ છે. જીવના આવા પરિણામો તે ભાવાસ્રવ છે, તે તેના નિમિત્તે પુણ્ય-પાપના જડ રજકણો બંધાય તે દ્રવ્ય આસ્રવ છે. પહેલાં પુણ્ય-પાપનું જુદું જુદું વર્ણન કરીને તે બન્નેને આસ્રવમાં વર્ણવે છે.

---

**अरहंतसिद्धसाहुसु भत्ती धम्मम्मि जा य खलु चेट्ठा।**
**अणुगमणं पि गुरूणं पसत्थरागो त्ति वुच्चंति॥ १३६॥**

**अर्हत्सिद्धसाधुषु भक्तिर्धर्मे या च खलु चेष्टा।**
**अनुगमनमपि गुरूणां प्रशस्तराग इति ब्रुवन्ति॥ १३६॥**

**અર્હંત-સાધુ-સિદ્ધ પ્રત્યે ભક્તિ, ચેષ્ટા ધર્મમાં,**
**ગુરુઓ તણું અનુગમન–એ પરિણામ રાગ પ્રશસ્તના. ૧૩૬.**

**અન્વયાર્થ** : [अर्हत्सिद्धसाधुषु भक्तिः] અર્હંત-સિદ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ, [धर्मे या खलु चेष्टा] ધર્મમાં ખરેખર ચેષ્ટા [अनुगमनम् अपि गुरूणाम्] અને ગુરુઓનું અનુગમન, [प्रशस्तरागः इति ब्रुवन्ति] તે 'પ્રશસ્ત રાગ' કહેવાય છે.

**तात्पर्यवृत्ति** : एवं शुभास्रवे सूत्रगाथा गता। अथ प्रशस्तरागस्वरूपमावेदयति, – अर्हत्सिद्धसाधुषु

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भक्तिः **धम्मम्हि जा य खलु चेट्ठा** धर्मे शुभरागचरित्रे या खलु चेष्टा **अणुगमणंपि** अनुगमनमनुव्रजनमनुकूलवृत्तिरित्यर्थः । केषां ? **गुरूणं** गुरूणां **पसत्थरागोत्ति उच्चंति** एते सर्वे पूर्वोक्ताः शुभभावाः परिणामाः प्रशस्तरागा इत्युच्यंते । तथाहि – निर्दोषिपरमात्मनः प्रतिपक्षभूतं यदार्तरौद्ररूपध्यानद्वयं तेनोपार्जिता या ज्ञानावरणादिमूलोत्तरप्रकृतयस्तासां रागादिविकल्परहितधर्मध्यानशुक्लध्यानद्वयेन विनाशं कृत्वा क्षुधाद्यष्टादशदोषरहिताः केवलज्ञानाद्यनंतचतुष्टयसहिताश्च जाता एतेऽर्हंतो भण्यंते । लौकिकांजनसिद्धादिविलक्षणा ज्ञानावरणाद्यष्टकर्माभावेन सम्यक्त्वाद्यष्टगुणलक्षणा लोकाग्रनिवासिनश्च ये ते सिद्धा भवंति । विशुद्धज्ञानदर्शनस्वभावात्मतत्त्वविषये या निश्चयरुचिस्तथा परिच्छित्तिस्तथैव निश्चलानुभूतिः परद्रव्येच्छापरिहारेण तत्रैवात्मद्रव्ये प्रतपनं तपश्चरणं तथैव स्वशक्त्यनवगूहनेनानुष्ठानमिति निश्चयपंचाचारः तथैवाचारादिशास्त्रकथितक्रमेण तत्साधकव्यवहारपंचाचारः इत्युभयमाचारं स्वयमाचरंत्यन्यानाचारयंति ये ते भवंत्याचार्याः पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवपदार्थेषु मध्ये जीवास्तिकायं शुद्धजीवद्रव्यं शुद्धजीवतत्त्वं शुद्धजीवपदार्थं च निश्चयनयेनोपादेयं कथयंति तथैव भेदाभेदरत्नत्रयलक्षणं मोक्षमार्गं प्रतिपादयंति स्वयं भावयंति च ये ते भवंत्युपाध्यायाः, निश्चयचतुर्विधाराधनया ये शुद्धात्मस्वरूपं साधयंति ते भवंति साधव इति । एवं पूर्वोक्तलक्षणयोर्जिनसिद्धयोस्तथा साधुशब्दवाच्येष्वाचार्योपाध्यायसाधुषु च या बाह्याभ्यंतरा भक्तिः सा प्रशस्तरागो भण्यते । तत्प्रशस्तरागमज्ञानी जीवो भोगाकांक्षारूपनिदानबंधेन करोति स ज्ञानी पुनर्निर्विकल्पसमाध्यभावे विषयकषायरूपाशुभरागविनाशार्थं करोतीति भावार्थः ॥१३६ ॥

**समयव्याख्या : प्रशस्तरागस्वरूपाख्यानमेतत् । अर्हत्सिद्धसाधुषु भक्तिः धर्मे व्यवहारचारित्रानुष्ठाने वासनाप्रधाना चेष्टा, गुरूणामाचार्यादीनां रसिकत्वेनानुगमनम् – एषः प्रशस्तो रागः प्रशस्तविषयत्वात् । अयं हि स्थूललक्ष्यतया केवलभक्तिप्रधानस्याज्ञानिनो भवति । उपरितनभूमिकायामलब्धास्पदस्यास्थानरागनिषेधार्थं तीव्ररागज्वरविनोदार्थं वा कदाचिज्ज्ञानिनोऽपि भवतीति ॥ १३६ ॥**

**અનુવાદ : આ, પ્રશસ્ત રાગના સ્વરૂપનું કથન છે.**

**અર્હંત-સિદ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ, ધર્મમાં–વ્યવહારચારિત્રના અનુષ્ઠાનમાં–ભાવનાપ્રધાન ચેષ્ટા અને ગુરુઓનું–આચાર્યાદિનું–રસિકપણે અનુગમન, તે 'પ્રશસ્ત રાગ' છે કારણ કે તેનો વિષય પ્રશસ્ત છે.**

**આ (પ્રશસ્ત રાગ) ખરેખર, જે સ્થૂલ-લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે; ઉપરની ભૂમિકામાં (-ઉપરનાં ગુણસ્થાનોમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, અસ્થાનનો રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે. ૧૩૬.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૪, ગુરુવાર]

અરિહંત-સિદ્ધ અને સંત-મુનિઓ પ્રત્યે ભક્તિભાવ હોવો, તેમનો આદર-બહુમાન-અનુગમનનો ભાવ હોય તે પ્રશસ્તરાગ છે. સાચા ઉપાધ્યાય વગેરે કેવા હોય ? કે જેઓ શુદ્ધ ચિદાનંદ જીવતત્ત્વને જ ઉપાદેય કહે છે, રાગાદિને ઉપાદેય કહેતા હોય તે ખરેખર આચાર્ય ઉપાધ્યાય કે સાધુ નથી, પોતે શુદ્ધ જીવતત્ત્વને જ ઉપાદેય કહે છે ને બીજાને પણ તેવું જ કહે છે. તથા જે મોક્ષમાર્ગને સાધે છે એવા સંતો પ્રત્યેનો ધર્માનુરાગ તે પ્રશસ્તરાગ છે. અહીં તો સાચા દેવગુરુની જ વાત લીધી છે. સાચા દેવગુરુ પ્રત્યેનો ભક્તિભાવ તે પુણ્યાસ્રવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય કેવા છે ? જેઓ શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયે નિશ્ચય પંચાચાર પાળે છે તેમ જ વ્યવહારપંચાચારનું પણ પાલન કરે છે અને બીજા પાસે પણ તે નિશ્ચય-વ્યવહારપંચાચારનું પાલન કરાવે છે તે આચાર્ય છે. રાગને આદરણીય માને કે મનાવે અથવા રાગથી ધર્મ થવાનું કહે તો તે આચાર્ય તો નથી પણ મિથ્યાદૃષ્ટિ છે.

ઉપાધ્યાય કેવા છે ? કે નવતત્ત્વોમાં શુદ્ધ જીવતત્ત્વ જ ઉપાદેય છે એમ જેઓ કહેતા હોય, તેમ જ શુદ્ધાત્માના આશ્રયે મોક્ષમાર્ગને જેઓ સ્વયં ભાવે છે તેમ જ અન્યને તેનું પ્રતિપાદન કરે છે-તે ઉપાધ્યાય છે. જેને શુદ્ધાત્માનું ભાન ન હોય ને શુદ્ધ જીવતત્ત્વ સિવાય બીજાના આશ્રયથી ધર્મ મનાવતા હોય તેને સમ્યગ્દર્શન કે મુનિદશા હોતી નથી.

સાધુ કેવા છે ?

જેઓ નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપ આરાધના વડે પોતાના શુદ્ધાત્મસ્વરૂપને સાધે છે તે સાધુ છે.

આવા આચાર્ય-ઉપાધ્યાય-સાધુ પ્રત્યે ભક્તિ-બહુમાન તથા તેમને અનુસરવાનો ભાવ તે શુભરાગ છે; આ પણ આસ્રવ છે. સર્વજ્ઞદેવે કહેલા ધર્મ પ્રત્યેના બહુમાનનો વિકલ્પ તે પણ શુભરાગ છે.

પંચપરમેષ્ઠી પ્રત્યેની ભક્તિ, તથા તેમના અનુગમનનો ભાવ, તે શુભરાગ છે. સંતોના ચરણોમાં રસિક થવું એવો ભાવ તે પણ શુભાસ્રવ છે. આવો આસ્રવભાવ કોને હોય છે ? તે કહે છે.

આ શુભરાગ મુખ્યપણે તો અજ્ઞાનીને જ હોય છે; **જેઓ એકલા ભક્તિ વગેરેના ભાવમાં જ ધર્મ માની રહ્યા છે–એવા અજ્ઞાની જીવોને જ આસ્રવ ગણ્યો છે.** જ્ઞાની રાગને આદરણીય માનતા નથી, તેથી તેમને આસ્રવની મુખ્યતા ગણી નથી.

ભાવઆસ્રવ તે જીવ છે કે અજીવ ?

પર્યાયદૃષ્ટિએ જોતાં આસ્રવ જીવનો છે. પણ જીવના સ્વભાવની દૃષ્ટિથી જોતાં આસ્રવ જીવ નથી પણ અજીવ છે.

આસ્રવ જીવથી ભિન્ન છે કે અભિન્ન ?

પર્યાય અપેક્ષાએ જીવથી અભિન્ન છે. પણ વસ્તુ અપેક્ષાએ જોતાં આસ્રવો જીવથી ભિન્ન છે. આસ્રવ તે એક સમયનો વિકાર છે. તેની સાથે જો વસ્તુદૃષ્ટિથી એકતા હોય તો આત્મા અને આસ્રવ કદી જુદા પડે નહિ ને સિદ્ધદશા કદી થાય નહિ. મૂળ વસ્તુસ્વરૂપના ભાન વિના આચાર્ય કે સાધુપદ માની બેસે, તે તો બધી મિથ્યા કલ્પના છે. અહીં તો કહ્યું કે શુદ્ધ જીવતત્ત્વને જ ઉપાદેય માને અને ઉપદેશમાં પણ એમ કહે-તેવા આચાર્ય ઉપાધ્યાય કે સાધુ હોય. રાગને આદરણીય માને તો તેને સમ્યગ્દર્શન પણ ન હોય, તો પછી સાધુપદ તો ક્યાંથી હોય ?

જે ભગવાનની ભક્તિપૂજાના શુભ રાગમાં જ ધર્મ માની રહ્યા છે પણ વસ્તુસ્વરૂપને ઓળખતા નથી તેમને એકલો આસ્રવ જ થાય છે, તેને આત્મકલ્યાણ જરાપણ થતું નથી. આસ્રવ તે અધર્મ છે; પુણ્ય કે પાપ તે બન્ને આસ્રવ છે, તે ધર્મ નથી ને તેના કારણે ધર્મ થતો નથી. પંચમહાવ્રતના શુભપરિણામ કે પૂજા-ભક્તિ-જાત્રાના શુભપરિણામ તે પણ આસ્રવ છે, જુઓ, ભક્તિ-પૂજાના ભાવમાં પાપ મનાવે તે તો મિથ્યાદૃષ્ટિ છે જ, અને તે ભક્તિ-પૂજાના ભાવમાં ધર્મ મનાવે તો તે મિથ્યાદૃષ્ટિ જ છે. એવા મિથ્યાદૃષ્ટિને શુભભાવથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકલો આસ્રવ જ થાય છે. સ્થૂળતાથી તો અજ્ઞાનીને જ આસ્રવ ગણ્યો છે, કેમકે તે અજ્ઞાની જીવ કેવળ ભક્તિપ્રધાન છે, તેને રાગરહિત આનંદઘન આત્માનું ભાન નથી, ને ભક્તિ વગેરેના રાગમાં જ તે ધર્મ માને છે.

આત્માનો શુદ્ધ ચિદાનંદ સ્વભાવ છે–તેની અંતરશ્રદ્ધા-જ્ઞાન ને રમણતા તે જ કલ્યાણનો ઉપાય છે. પંચપરમેષ્ઠી પ્રત્યેનો ભક્તિભાવ તે રાગ છે, તેને જ્ઞાની આસ્રવ જાણે છે. સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને ભગવાનની ભક્તિનો-પૂજાનો ભાવ આવે, પ્રતિમાજીના દર્શનનો ભાવ આવે. સાચા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઉત્સાહભાવ આવ્યા વિના રહેતો નથી. જો તે રાગને ન માને તો તે જીવ રાગને કે ધર્મને સમજતો નથી. ધર્મીને પોતાની રાગભૂમિકામાં દેવગુરુની પૂજા-ભક્તિ-પ્રભાવના વગેરેનો ભાવ હોય છે, પણ તેને તે આસ્રવ સમજે છે. પર જીવને બચાવવાનો ભાવ તે પાપ નથી પણ પુણ્ય છે. પરજીવને હું મારી કે બચાવી શકું છું. એવી માન્યતા તો મિથ્યાત્વ છે. પણ તેવા મિથ્યાદ્રષ્ટિ જીવને પણ જે અનુકંપા વગેરેનો ભાવ આવે છે તે પુણ્યાસ્રવ છે.

અજ્ઞાનીને પંચપરમેષ્ઠી પ્રત્યેની ભક્તિનો ભાવ આવે છે, પણ જો અંતરથી યથાર્થપણે પંચપરમેષ્ઠીને ઓળખે તો અંદર આત્માનું ભાન થયા વિના રહે નહિ; કેમકે પંચપરમેષ્ઠી તો આત્મા છે. તેમના શુદ્ધ આત્માને ઓળખે તો પોતાનો આત્મા પણ તેના જેવો છે એમ પોતાના આત્માને પણ ઓળખે, ને તેને સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન થયા વિના રહે નહિ. પંચપરમેષ્ઠી વગેરેની ભક્તિમાં અજ્ઞાનીને મિથ્યાત્વ સહિતનો શુભાસ્રવ હોય છે. દેહની ક્રિયામાં આસ્રવ નથી, અંદર જીવના શુભાશુભ પરિણામ થયા તે ભાવ આસ્રવ છે, તેમાં અજ્ઞાનીને એકલો આસ્રવ જ છે.

જ્ઞાની ધર્માત્માને કોઈ કાળે ભક્તિ વગેરેનો શુભરાગ હોય છે, નિર્ગ્રંથ સંતને ઓળખીને તેમના પ્રત્યે ભક્તિ-બહુમાનનો શુભરાગ આવે છે. છઠ્ઠા સાતમે ગુણસ્થાને ઝૂલતાં ઝૂલતાં વારંવાર અંતરમાં સિદ્ધ જેવા આનંદનો અંશે અનુભવ કરે છે–એવા મુનિઓને પણ જ્યારે નિર્વિકલ્પદશા થતી નથી ત્યારે છઠ્ઠા-ગુણસ્થાને શાસ્ત્રરચના વગેરેનો શુભવિકલ્પ આવે છે. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન મુનિને વારંવાર આવ્યા કરે છે, તેઓ જ્યારે ઉપરના અપ્રમત્ત ગુણસ્થાનમાં નથી પહોંચી શકતા, ત્યારે છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવે છે–પંચપરમેષ્ઠીની ભક્તિ, જાત્રા, વગેરેનો શુભરાગ તેમને પણ થાય છે, તેને તેઓ પુણ્યાસ્રવ સમજે છે. એ જ પ્રમાણે ચોથા-પાંચમા ગુણસ્થાને ધર્માત્માને પણ તેવો શુભભાવ આવે છે. જુઓ, અહીં 'કોઈ કાળે' એમ કહ્યું છે. અજ્ઞાની તો સદાય આસ્રવમાં જ પડેલા છે, માટે કહ્યું કે, જ્ઞાનીને પણ કોઈ કાળે શુભભાવ હોય છે. અહીં મુખ્યપણે છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની વાત લીધી છે. અને ચોથા-પાંચમા ગુણસ્થાને ધર્માત્માને અંતરમાં વીતરાગસ્વભાવની દ્રષ્ટિ પ્રગટી છે. પણ હજી વિશેષ વીતરાગતા પ્રગટી નથી. તેઓ જ્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં ન હોય ત્યારે તેમને પણ શુભરાગ આવે છે. ચોથા-પાંચમા ગુણસ્થાને જ્ઞાની પણ જ્યારે સિદ્ધ જેવા આનંદનો નિર્વિકલ્પ અનુભવ કરતા હોય ત્યારે તેમને બુદ્ધિપૂર્વક શુભાશુભભાવો હોતા નથી. નિર્વિકલ્પદશાનો અવસર ન હોય ત્યારે શુભભાવ આવે છે.

ધર્મીને અંતરમાં પૂર્ણ સ્વભાવની દ્રષ્ટિ પ્રગટી છે. પણ હજી પર્યાયમાં ચૈતન્યની પૂર્ણતાનો વિરહ છે, ને બહારમાં તીર્થંકરોનો વિરહ છે.

અહો ! જુઓ તો ખરા કે જ્યારે નિર્વિકલ્પ અનુભવમાં ઠર્યો ત્યાં કયા સાધનનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવલંબન છે ? અંતરના દ્રવ્ય સિવાય કોઈનું અવલંબન તે વખતે નથી. માટે નક્કી કરો કે રાગ વખતે પણ ચૈતન્ય સ્વભાવ સિવાય બીજા કોઈના અવલંબને ધર્મ નથી.

શુભભાવ વખતે સર્વજ્ઞદેવની ભક્તિનો ભાવ આવે છે. તેમાં કુદેવાદિના રાગનો નિષેધ થાય છે. રાગના અવસરે કુદેવાદિના રાગના નિષેધ માટે તથા અશુભ રાગથી બચવા માટે ધર્મીને ભગવાનની ભક્તિ વગેરેનો શુભ રાગ થાય છે. તે વખતે અશુભરાગ થવાનો હતો અને તેનો નિષેધ કર્યો એમ નથી. પણ શુભરાગ વખતે અશુભરાગ ન થયો. તે અપેક્ષાએ તેનો નિષેધ કર્યો એમ કહેવાય છે.

અજ્ઞાની તો ભક્તિ વગેરેના રાગથી જ ધર્મ માની બેઠો છે : પણ જ્ઞાની તે રાગને ધર્મ માનતા નથી. જ્ઞાનીને રાગ કેમ થાય છે ? તેનાં ત્રણ કારણ કહ્યાં.

(૧) ઉપરના અપ્રમત્ત ગુણસ્થાનમાં જઈ શકતા નથી તેથી રાગ થાય છે.

(૨) કુદેવાદિ પ્રત્યે રાગના નિષેધ અર્થે, અને

(૩) તીવ્ર અશુભ પરિણામથી બચવા માટે.

ધર્મીને ધર્માનુરાગ થાય છે. ખરેખર શુભરાગનો તે કાળ છે તેથી જ તે રાગ થયો છે. વિષયોના રાગનો નિષેધ કરવા માટે શુભરાગ થયો છે – એમ કહેવું તે તો ઉપચારનું કથન છે. ધર્મી સમજે છે કે મારા જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવમાં રાગ નથી, હું તે સ્વભાવમાં સ્થિર રહી શકતો નથી તેથી આ રાગ થાય છે, પણ તે આસ્રવ છે. તે મારા ધર્મનું સાધન નથી. અજ્ઞાનીને ધર્મનું સાધન માનીને રાગ થાય છે. એટલે તેને તો મિથ્યાત્વ સહિતનો રાગ છે. ધર્મી જાણે છે કે આ રાગ મારી અસ્થિરતાના કારણે થાય છે. આ પ્રમાણે રાગને આસ્રવ તરીકે જાણવો જોઈએ. રાગના કાળે રાગ થાય તેને ન જાણે અને એમ માને કે 'હું તો નિર્વિકલ્પ જ રહું છું.'' તો તે જીવને તત્ત્વની ખબર નથી.

---

**तिसिदं बुभुक्खिदं वा दुहिदं दट्ठूण जो दु दुहिदमणो।**
**पडिवज्जदि तं किवया तस्सेसा होदि अणुकंपा॥ १३७॥**

**तृषितं बुभुक्षितं वा दुःखितं दृष्ट्वा यस्तु दुःखितमनाः।**
**प्रतिपद्यते तं कृपया तस्यैषा भवत्यनुकम्पा॥ १३७॥**

**દુઃખિત, તૃષિત વા ક્ષુધિત દેખી દુઃખ પામી મન વિષે,**
**કરુણાથી વર્તે જેહ, અનુકંપા સહિત તે જીવ છે. ૧૩૭.**

**અન્વયાર્થ** : [तृषितं] તૃષાતુર, [बुभुक्षितं] ક્ષુધાતુર [वा] અથવા [दुःखितं] દુઃખીને [दृष्ट्वा] દેખી [यः तु] જે જીવ [दुःखितमनाः] મનમાં દુઃખ પામતો થકો [तं कृपया प्रतिपद्यते] તેના પ્રત્યે કરુણાથી વર્તે છે, [तस्य एषा अनुकम्पा भवति] તેનો એ ભાવ અનુકંપા છે.

---

**तात्पर्यवृत्ति** : अथानुकंपास्वरूपं कथयति, – तृषितं वा बुभुक्षितं वा दुःखितं वा कमपि प्राणिनं दृष्ट्वा **जो हि दुहिदमणो** यः खलु दुःखितमनाः सन् **पडिवज्जदि तं किवया** प्रतिपद्यति स्वीकरोति तं प्राणिनं कृपया **तस्सेसा होदि अणुकंपा** तस्यैषा भवत्यनुकंपेति। तथाहि-तीव्रतृष्णातीव्रक्षुधातीव्ररोगादिना पीडितमवलोक्याज्ञानी जीवः केनाप्युपायेन प्रतीकारं करोमीति व्याकुलो भूत्वानुकंपां करोति, ज्ञानी तु स्वस्य भावनामलभमानः सन् संक्लेशपरित्यागेन यथासंभवं प्रतीकारं करोति, तं दुःखितं दृष्ट्वा

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विशेषसंवेगवैराग्यभावनां च करोतीति सूत्रतात्पर्यं ॥ १३७ ॥

**समयव्याख्या : अनुकम्पास्वरूपाख्यानमेतत् । कञ्चिदुदन्यादिदुःखप्लुतमवलोक्य करुणया तत्प्रतिचिकीर्षाकुलितचित्तत्वमज्ञानिनोऽनुकम्पा । ज्ञानिनस्त्वधस्तनभूमिकासु विहरमाणस्य जन्मार्णवनिमग्नजगदवलोकनान्मनाग्मनःखेद इति ॥ १३७ ॥**

**અનુવાદ : આ, અનુકંપાના સ્વરૂપનું કથન છે.**

**કોઈ તૃષાદિદુઃખથી પીડિત પ્રાણીને દેખી કરુણાને લીધે તેનો પ્રતિકાર (-ઉપાય) કરવાની ઈચ્છાથી ચિત્તમાં આકુળતા થવી તે અજ્ઞાનીની અનુકંપા છે. જ્ઞાનીની અનુકંપા તો, નીચલી ભૂમિકાઓમાં વિહરતાં (–પોતે નીચેનાં ગુણસ્થાનોમાં વર્તતો હોય ત્યારે), જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી (અર્થાત્ સંસારસાગરમાં ડૂબેલા જગતને દેખવાથી) મનમાં જરા ખેદ થવો તે છે. ૧૩૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧૫, શુક્રવાર]

હવે અનુકંપા અર્થાત્ દયાનું સ્વરૂપ કહે છે. પુણ્યરૂપી આસ્રવની વાત ચાલે છે.

જે કોઈ તૃષાવંત છે, ભૂખ્યો છે અથવા રોગાદિથી દુઃખી છે તેને દેખીને જે પુરુષ તેની પીડાથી પોતે દુઃખી થઈને દયાભાવ કરે છે ને તે પુરુષનાં દુઃખ દૂર કરવાના પરિણામ કરે છે તેને દયા કહે છે, તે પુણ્ય આસ્રવ છે.

**ભાવાર્થ :** દયાભાવ અજ્ઞાનીને થાય છે તેમ જ જ્ઞાનીને પણ થાય છે. પરંતુ એટલું વિશેષ છે કે અજ્ઞાનીને જે દયાભાવ થાય છે તે કોઈ દુઃખી પુરુષને દેખીને થાય છે. ને તેનાં દુઃખ દૂર કરવાના ઉપાયમાં તે અહંબુદ્ધિ કરી આકુળતા કરે છે. હું તેનું દુઃખ મટાડી શકું છું એવો અભિપ્રાય તે મિથ્યાદૃષ્ટિનો છે. સામેનો જીવ દુઃખી થઈ રહ્યો છે ને તેના અજ્ઞાનના કારણે થઈ રહ્યો છે. ને સામેના જીવના દુઃખની પર્યાય દૂર કરવાની જીવની તાકાત નથી છતાં સામેના જીવને આહારપાણી આદિ આપી સુખી કરી દઉં તે મિથ્યાત્વ સહિતની આકુળતા છે. પરપદાર્થોની અવસ્થા હું કરી શકું છું એવો ભાવ મિથ્યા છે ને જેટલો કોમળતાનો ભાવ છે તે કષાયમંદતાનો ભાવ છે તે પુણ્ય છે.

વળી કેટલાક જીવો એમ માને છે કે આહારાદિ આપવાના ભાવ કરવા તે પાપ છે. તેને માટે તેઓ એમ દલીલ કરે છે કે શ્રાવક અગિયારમી પડિમાવાળાને પણ અત્યાગભાવ વર્તે છે તેથી તેને આહાર આપવો તે અત્યાગભાવને અનુમોદન આપવા જેવું છે તેથી પાપ છે. પણ તે માન્યતા ભૂલ ભરેલી છે. જીવના પોતાના પરિણામ ઉપર પુણ્ય-પાપ છે. સામેના જીવની સાથે તેનો સંબંધ નથી.

વળી કેટલાક જીવો એમ માને છે કે કસાઈને રૂપિયા આપીને બોકડા છોડાવશું તો રૂપિયાથી બીજા વધારે લાવશે ને વધારે હિંસા કરશે ને તો આપણને પાપ લાગશે તે પણ ભૂલ છે. સામા જીવની પર્યાયથી પાપ લાગતું નથી. પોતે દયાના પરિણામ કરે તે પુણ્ય છે. સામેના જીવના પરિણામ સાથે સંબંધ નથી. પણ હું આટલા જીવોને બચાવી શકું છું એ માન્યતા મિથ્યાત્વ છે ને તેથી મોટું પાપ બંધાય છે.

વળી કેટલાક જીવો એમ માને છે કે તથારૂપના સંયત મુનિને આહારપાણી આપવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્જરા થાય છે તે પણ ખોટી વાત છે. પોતે શુભભાવ કરે છે એટલું પુણ્ય છે, ધર્મ નથી. વળી સામો જીવ શાતા પામે છે માટે પુણ્ય છે એમ નથી પણ શુભભાવ કરે છે તેનું પુણ્ય છે. અનુકંપાના ભાવ પાપ નથી. તેમ જ ધર્મ પણ નથી. હું પર જીવોને બચાવી શકું છું તથા સુખી કરી શકું છું એવી માન્યતા તથા સામેનો જીવ દુઃખી છે માટે મને અનુકંપા આવે છે એ માન્યતા મિથ્યાત્વ છે. સાથે કષાયમંદતાનું અલ્પ પુણ્ય છે. જડ પદાર્થોની અવસ્થા સ્વતંત્ર, સામેના જીવની અવસ્થા સ્વતંત્ર, રાગીને રાગ આવવો સ્વતંત્ર છે એમ નહિ માનતાં સામેના જીવને લીધે મને અનુકંપા આવે છે. મારાથી આહારાદિ જડ પદાર્થની અવસ્થા થાય છે ને તેથી સામો જીવ સુખી થાય છે એ માન્યતા જૂઠી છે.

વળી કેટલાક જીવો એમ માને છે કે કોઈ જીવને બચાવવાનો અનુકંપાનો ભાવ કરે તથા મુનિને આહારાદિ આપે તો નિર્જરા થાય છે ને તેથી સંસારપરિત થાય છે એ પણ ભૂલ છે. આહારાદિ આપવાનો ભાવ ને અનુકંપાનો ભાવ શુભ છે, તે પુણ્ય છે. ધર્મ નથી. આહારાદિ તો જડ છે. તેની લેવાદેવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. સામો જીવ બચે છે તે તેના કારણે બચે છે. રાગી જીવને રાગ આવે છે તે રાગનો તથા પરનો સ્વામી ન થતાં જ્ઞાતાદ્રષ્ટા છું એવું ભાન કરે તો ધર્મ થાય. જ્ઞાનસ્વભાવમાં ભવ નથી, વિકારમાં ભવ છે. માટે વિકારનું સ્વામીપણું છોડી જ્ઞાનસ્વભાવનું સ્વામીપણું પ્રગટ કરે તો ભવનો નાશ થાય છે. દયા પાળવાના ભાવથી પુણ્ય બંધાય. સંસાર પરિત થતો નથી.

કોઈ જીવ એમ કહે કે અસંયતિને આહાર આપવાથી પાપ થાય તો તેમ પણ નથી ને તથારૂપ મુનિને આહાર આપવાથી નિર્જરા થઈ સંસાર નાશ થાય તો એમ પણ નથી. તે ભાવ શુભ છે. પુણ્ય છે. પરની પર્યાયનો ને રાગનો સ્વામી થાય તો મિથ્યાત્વનું પાપ લાગે ને જ્ઞાતાદ્રષ્ટા રહી સ્વભાવનું ભાન કરે તો ધર્મ થાય. રાગ વિનાના વીતરાગી જ્ઞાયકતત્ત્વને અંતર પકડ્યા વિના ને પુણ્ય-પાપથી પરાઙ્મુખ થયા વિના ભવનો અભાવ થાય નહિ.

અજ્ઞાની જીવની અનુકંપા મિથ્યાત્વભાવ સહિતની હોય છે. તેથી આકુલચિત્ત થઈને તે પ્રવર્તે છે.

હવે જ્ઞાની જીવને અનુકંપા આવે છે તેની વાત કરે છે.

જ્ઞાનીને ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને કોઈવાર અનુકંપા થઈ આવે છે. જ્ઞાની પર જીવોના કારણે અનુકંપા કરતો નથી. પોતે પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્થિર રહી શકતો નથી, તેથી અનુકંપાનો શુભરાગ પોતાના કારણે થઈ આવે છે. જ્ઞાની જીવ વિચારે છે કે આ અજ્ઞાની જીવો પોતાના અજ્ઞાનના કારણે દુઃખી થઈ રહ્યા છે, ક્ષુધા, તૃષાને લીધે દુઃખી નથી. આમ જ્ઞાની જાણે છે. પણ પોતામાં નિર્વિકલ્પદશા હોતી નથી. ત્યારે કોઈ કાળે શુભરાગ આવી જાય છે. સામેના જીવના કારણે નહિ પણ પોતાની નબળાઈના કારણે રાગ થઈ આવે છે. પણ તે રાગનું જોર નથી. દૃષ્ટિ તો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ઉપર જ છે.

જ્ઞાની પોતાના આત્માને જાણતાં પર પદાર્થોની અવસ્થાને યથાર્થ જાણી લ્યે છે કે સામો જીવ ક્ષુધા-તૃષાના કારણે દુઃખી નથી. પણ અજ્ઞાનના કારણે દુઃખી છે. પોતાની નબળાઈને કારણે વિકલ્પ ઊઠે છે તે પુણ્યભાવ છે પણ તેને મિથ્યાત્વનું પાપ હોતું નથી.

જ્ઞાનસ્વભાવમાં વિકલ્પ કે આકુળતાને સ્થાન છે જ નહિ. એવું ભાન હોવા છતાં રાગી જીવને પૂર્ણ વીતરાગદશા થયા પહેલાં રાગ આવ્યા વિના રહેતો નથી. અનંત સંસારના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણરૂપ રાગ થતો નથી. પણ અલ્પરાગ થાય છે.

વળી અજ્ઞાની જીવો વસ્તુસ્વરૂપ સમજતા નથી ને પરની પર્યાય ફેરવવા માગે છે ને આકુળતા કર્યા કરે છે. આમ પ્રસંગોને લીધે અજ્ઞાની જીવ દુઃખી થયા કરે છે ને જ્ઞાનીને પોતાના કારણે ખેદ થાય છે. જેટલું ભેદજ્ઞાન વર્તે છે તેટલા પ્રમાણમાં સંવર-નિર્જરા છે ને જેટલો પુણ્ય આસ્રવ છે એટલો બંધ છે.

**પ્રશ્ન** : જ્ઞાતાદ્રષ્ટા થઈ જાય તો ?

**સમાધાન** : વીતરાગદશા પ્રગટ થઈ જાય તો તો કશો વાંધો નથી પણ છદ્મસ્થ રાગી જીવને રાગ થઈ આવે છે. સ્વને જાણતાં પરને જાણવાનો વિકાસ વર્તે છે ને દુઃખી જીવોને જાણતાં રાગીને પોતાના કારણે જરા ખેદ થઈ આવે છે. સામો જીવ સંયોગોને લીધે દુઃખી છે એમ અજ્ઞાની માને છે ને સામેનો જીવ અજ્ઞાનને લીધે દુઃખી છે એમ જ્ઞાની જાણે છે. પણ રાગીને રાગ થઈ આવે છે. કેવળજ્ઞાની બધાને જાણે છે. પણ તેમને રાગ નથી માટે રાગ થતો નથી.

મિથ્યાદ્રષ્ટિ જીવને મિથ્યાત્વ સહિત પુણ્ય આસ્રવ છે. ને સમકિતી જીવને નિર્જરા સહિત પુણ્ય આસ્રવ છે. અહીં પુણ્ય આસ્રવનું સ્વરૂપ બતાવ્યું છે. ૧૩૭.

---

**कोधो व जदा माणो माया लोभो व चित्तमासेज्ज ।**
**जीवस्स कुणदि खोहं कलुसो त्ति य तं बुधा बेंति ॥ १३८ ॥**

**क्रोधो वा यदा मानो माया लोभो वा चित्तमासाद्य ।**
**जीवस्य करोति क्षोभं कालुष्यमिति च तं बुधा ब्रुवन्ति ॥ १३८ ॥**

**મદ-ક્રોધ અથવા લોભ-માયા ચિત્ત-આશ્રય પામીને**
**જીવને કરે જે ક્ષોભ, તેને કલુષતા જ્ઞાની કહે. ૧૩૮.**

**અન્વયાર્થ** : [यदा] જ્યારે [क्रोधः वा] ક્રોધ, [मानः] માન, [माया] માયા [वा] અથવા [लोभः] લોભ [चित्तम् आसाद्य] ચિત્તનો આશ્રય પામીને [जीवस्य] જીવને [क्षोभं करोति] ક્ષોભ કરે છે, ત્યારે [तं] તેને [बुधाः] જ્ઞાનીઓ [कालुष्यम् इति च वदन्ति] 'કલુષતા' કહે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ चित्तकलुषतास्वरूपं प्रतिपादयति, – **कोधो व** उत्तमक्षमापरिणतिरूपशुद्धात्मतत्त्वसंवित्तेः प्रतिपक्षरूपभूतक्रोधादयो वा **जदा माणो** निरहंकारशुद्धात्मोपलब्धेः प्रतिकूलो यदा काले मानो वा **माया** निःप्रपंचात्मोपलंभविपरीता माया व **लोहो व** शुद्धात्मभावनोत्थतृप्तेः प्रतिबंधको लोभो वा **चित्तमासेज्ज** चित्तमाश्रित्य **जीवस्स कुणदि खोहं** अक्षुभितशुद्धात्मानुभूतेर्विपरीतं जीवस्य क्षोभं चित्तवैकल्यं करोति **कलुसोत्ति य तं बुधा बेंति** तत्क्रोधादिजनितं चित्तवैकल्यं कालुष्यमिति बुधा विदंति कथयंतीति । तद्यथा – तस्य कालुष्यस्य विपरीतमकालुष्यं भण्यते तच्चाकालुष्यं पुण्यास्रवकारणभूतं कदाचिदनंतानुबंधिकषायमंदोदये सत्यज्ञानिनो भवति, कदाचित्पुनर्निर्विकारस्वसंवित्त्यभावे सति दुर्ध्यानवंचनार्थं ज्ञानिनोपि भवतीत्यभिप्रायः ॥ १३८ ॥

**समयव्याख्या : चित्तकलुषत्वस्वरूपाख्यानमेतत् । क्रोधमानमायालोभानां तीव्रोदये चित्तस्य क्षोभः कालुष्यम् । तेषामेव मंदोदये तस्य प्रसादोऽकालुष्यम् । तत् कादाचित्कविशिष्टकषायक्षयोपशमे सत्यज्ञानिनो भवति । कषायोदयानुवृत्तेरसमग्रव्यावर्तितोपयोगस्यावांतरभूमिकासु कदाचित् ज्ञानिनोऽपि भवतीति ॥ १३८ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ : આ, ચિત્તની કલુષતાના સ્વરૂપનું કથન છે.**

**ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયે ચિત્તનો ક્ષોભ તે કલુષતા છે. તેમના જ (-ક્રોધાદિના જ) મંદ ઉદયે ચિત્તની પ્રસન્નતા તે અકલુષતા છે. તે અકલુષતા, કદાચિત્ કષાયનો વિશિષ્ટ (-ખાસ પ્રકારનો) ક્ષયોપશમ હોતાં, અજ્ઞાનીને હોય છે; કષાયના ઉદયને અનુસરતી પરિણતિમાંથી ઉપયોગને અસમગ્રપણે પાછો વાળ્યો હોય ત્યારે (અર્થાત્ કષાયના ઉદયને અનુસરતા પરિણમનમાંથી ઉપયોગને પૂરો પાછો વાળ્યો ન હોય ત્યારે), મધ્યમ ભૂમિકાઓમાં (-મધ્યમ ગુણસ્થાનોમાં), કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે. ૧૩૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧, શનિવાર]

આ પુણ્યપાપના આસ્રવનો અધિકાર છે. શુભાશુભ ભાવો આસ્રવ ને બંધનું કારણ છે. તે કલુષિતતા બે પ્રકારની છે.

જે સમયે શુદ્ધ આત્માનો આશ્રય છૂટે છે તે સમયે ક્રોધ, માન, માયા ને લોભના પરિણામ થાય છે તે આકુળતાના પરિણામને કલુષિત પરિણામ કહે છે. અજ્ઞાની જીવ પરની પર્યાય ફેરવી શકું છું એમ માને છે. જ્ઞાની પરને ફેરવવા માગતો નથી. પરને લીધે ક્રોધ કરતો નથી. વળી ધર્મી જીવ તીર્થંકર પુણ્યપ્રકૃતિ બાંધે તોપણ તેનું અભિમાન કરતો નથી. ચૈતન્યસ્વભાવની દૃઢતા રાખે છે. અજ્ઞાની માનથી લાભ માને છે. આત્મા સરલ સ્વભાવી છે તેથી વિપરીત ભાવ તે માયા છે. અજ્ઞાની માયાથી લાભ માને છે. જ્ઞાની પરને લીધે માયા કરતો નથી. આત્માનું સ્વરૂપ પોતાથી તૃપ્ત છે તેથી વિપરીત તે લોભ છે. અજ્ઞાની પરથી તૃપ્તિ કરવા માગે છે. જ્ઞાની પરને લીધે લોભ કરતો નથી. શુદ્ધ સ્વભાવના અવલંબને ક્રોધાદિના પરિણામ થતા નથી. પણ મનના નિમિત્તે આ પરિણામો થાય છે. તેના બે પ્રકાર બતાવશે.

**ભાવાર્થ** : જ્યારે ક્રોધ, માન, માયા, લોભનો તીવ્ર ઉદય હોય છે ત્યારે ચિત્તમાં જે ક્ષોભના પરિણામ થાય છે તે કલુષિત પરિણામ છે. કર્મ તો જડ છે. તે પરિણામ કરાવતા નથી. પણ જીવ કલુષિત પરિણામ પોતાના કારણે કરે છે. તે કષાયોનો જ્યારે મંદ ઉદય હોય છે ત્યારે ચિત્તની પ્રસન્નતા હોય છે તેને વિશુદ્ધ ભાવ કહે છે. તે વિશુદ્ધ ચિત્તપ્રસાદ કોઈ કાળે કષાયમંદતા વખતે અજ્ઞાની જીવોને પણ હોય છે. દયા, દાન, બ્રહ્મચર્યના ભાવ અજ્ઞાનીને હોય છે પણ રાગની મંદતા મને લાભદાયક છે એમ તે માને છે. તેથી મિથ્યાત્વનું પાપ લાગે છે.

ચિદાનંદના ભાન વિના મહાવ્રત પાળ્યાં પણ તે વૃથા છે. આત્માના ભાન વિનાની એકલી કષાયની મંદતા–ચિત્તની પ્રસન્નતા તે પુણ્ય છે, તેમાં આત્માનો ધર્મ બિલકુલ નથી.

હવે ધર્મી જીવની પ્રસન્નતાની વાત કરે છે. સાધક જીવને ઉપયોગ સર્વથા નિર્મળ થયેલ નથી. ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધીમાં કોઈ વાર દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે ઉલ્લાસ આવે છે. તે જાતના રાગનો તે વખતે કાળ છે. "यदा" શબ્દ વાપરીને વસ્તુસ્થિતિ બતાવે છે.

સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્રો પણ ભગવાન પાસે નાચી ઊઠે છે પણ સમજે છે કે દેહની ક્રિયા દેહના કારણે છે. સ્વભાવમાં ઠરી શકતો નથી તેથી શુભરાગ આવે છે. પણ તે મારું સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન વર્તે છે. છતાં શુભભાવ આવ્યા વિના રહેતો નથી. કેમ આવે છે ? યથાકાળે ક્રમબદ્ધ પર્યાયના નિયમ મુજબ આવે છે. કોઈ વાર અજ્ઞાનીને જ્ઞાની કરતાં વધારે ભક્તિ દેખાય ને ચિત્તપ્રસન્નતા દેખાય પણ તેને આત્માનું ભાન નથી તેથી ધર્મ થતો નથી. અજ્ઞાનીને રાગનો આદર છે, જ્ઞાનીને રાગનો આદર નથી. ૧૩૮

---

**चरिया पमादबहुला कालुस्सं लोलदा य विसयेसु ।**
**परपरितावपवादो पावस्स य आसवं कुणदि ॥ १३९ ॥**

**चर्या प्रमादबहुला कालुष्यं लोलता च विषयेषु ।**
**परपरितापापवादः पापस्य चास्रवं करोति ॥ १३९ ॥**

**ચર્યા પ્રમાદભરી, કલુષતા, લુબ્ધતા વિષયો વિષે,**
**પરિતાપ ને અપવાદ પરના, પાપ-આસ્રવને કરે. ૧૩૯.**

**અન્વયાર્થ** : [प्रमादबहुला चर्या] બહુ પ્રમાદવાળી ચર્યા, [कालुष्यं] કલુષતા, [विषयेषु च लोलता] વિષયો પ્રત્યે લોલુપતા, [परपरितापापवादः] પરને પરિતાપ કરવો તથા પરના અપવાદ બોલવા–એ[पापस्य च आस्रवं करोति] પાપનો આસ્રવ કરે છે.

---

**तात्पर्यवृत्ति** : एवं गाथाचतुष्टयेन पुण्यास्रवप्रकारं गतं । अथ गाथाद्वयेन पापास्रवस्वरूपं निरूपयति, -**चरिया पमादबहुला** निःप्रमादचिच्चमत्कारपरिणतेः प्रतिबंधिनी प्रमादबहुला चर्या परिणतिश्चारित्र-परिणतिः **कालुस्सं** अकलुषचैतन्यचमत्कारमात्राद्विपरीता कालुष्यपरिणतिः **लोलदा य विसयेसु** विषयातीतात्मसुखसंवित्तेः प्रतिकूला विषयलौल्यपरिणतिः **परपरिदाव** परपरितापरहितशुद्धात्मानुभूतेर्विलक्षणा परपरितापपरिणतिः **अपवादो** निरपवादस्वसंवित्तेर्विपरीता परापवादपरिणतिश्चेति **पावस्स य आसवं कुणदि** इयं पंचप्रकारा परिणतिर्द्रव्यपापास्रवकारणभूता भावपापास्रवो भण्यते; भावपापास्रवनिमित्तेन मनोवचनकाययोगद्वारेणागतं द्रव्यकर्म द्रव्यपापास्रव इति सूत्रार्थः ॥ १३९ ॥

**समयव्याख्या : पापास्रवस्वरूपाख्यानमेतत् । प्रमादबहुलचर्यापरिणतिः, कालुष्यपरिणतिः, विषय-लौल्यपरिणतिः, परपरितापपरिणतिः, परापवादपरिणतिश्चेति पञ्चाशुभा भावा द्रव्यपापास्रवस्य निमित्तमात्रत्वेन कारणभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भावपापास्रवः । तन्निमित्तोऽशुभकर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यपापास्रव इति ॥ १३९ ॥**

**અનુવાદ : આ, પાપાસ્રવના સ્વરૂપનું કથન છે.**

**બહુ પ્રમાદવાળી ચર્યારૂપ પરિણતિ (-બહુ પ્રમાદથી ભરેલા આચારણરૂપ પરિણતિ), કલુષતારૂપ પરિણતિ, વિષયલોલુપતારૂપ પરિણતિ, પરપરિતાપરૂપ પરિણતિ (-પરને દુઃખ દેવારૂપ પરિણતિ) અને પરના અપવાદરૂપ પરિણતિ–એ પાંચ અશુભ ભાવો દ્રવ્યપાપાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને) તે અશુભ ભાવો ભાવપાપાસ્રવ છે અને તે (અશુભ ભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના અશુભકર્મપરિણામ (-અશુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપાપાસ્રવ છે. ૧૩૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧, શનિવાર]

હવે પાપ આસ્રવનું સ્વરૂપ કહે છે.

ચિત્ચમત્કારદશા શાંતદશાને પ્રતિબંધ કરનારી પ્રમાદ સહિત ક્રિયા મુનિને પણ કોઈ વાર આર્તધ્યાનરૂપે હોય છે. તે પાપ આસ્રવ છે, છતાં તેઓ પાપના સ્વામી થતા નથી. અજ્ઞાનીને એકલો અજ્ઞાનનો પ્રમાદ છે. કલુષતાના પરિણામ જ્ઞાની-અજ્ઞાનીને બન્નેને હોય છે પણ બન્નેની દૃષ્ટિમાં મોટો ફેર છે.

અજ્ઞાની પાંચ ઈંદ્રિયોના વિષયોમાં સુખ માને છે. જ્ઞાનીને ચૈતન્યની દૃષ્ટિ છોડીને લોલુપતા થતી નથી. અલ્પ અશુભ ભાવ થાય છે. અન્ય જીવોને દુઃખ દેવાનો ભાવ, નિંદા કરવાનો ભાવ, બૂરું બોલવાનો ભાવ વગેરે અશુભ ભાવ છે. અજ્ઞાનીને વસ્તુસ્વરૂપ ચૂકીને અશુભભાવ થાય છે ને જ્ઞાનીને સ્વભાવની શ્રદ્ધા ચૂકીને થતો નથી. તે અશુભભાવ પાપ આસ્રવ છે.

**ભાવાર્થ** : વિષયકષાયાદિ અશુભ ક્રિયાથી જીવના અશુભ પરિણામ થાય છે. તેને ભાવ પાપાસ્રવ કહે છે, તેનું નિમિત્ત પામીને મન, વચન, કાયાના યોગ દ્વારા જડ પરમાણુઓ આવે છે તેને દ્રવ્ય આસ્રવ કહે છે.

મન, વચન, કાયા તો જડ છે, તે યોગ નથી. પણ આત્માના પ્રદેશો કંપે છે તે યોગ છે. તે યોગ કર્મના પરમાણુઓ આવવામાં નિમિત્ત છે. દ્રવ્યદૃષ્ટિમાં તો આત્મામાં આસ્રવ છે જ નહિ પણ અહીં જ્ઞાનપ્રધાન કથન છે, તેથી આસ્રવનું સ્વરૂપ નિમિત્તનૈમિત્તિક સંબંધથી બતાવે છે. આત્માના પ્રદેશ કંપનમાં મન નિમિત્ત હોય તેને મનોયોગ, વાણી નિમિત્ત હોય તેને વચનયોગ ને કાયા નિમિત્ત હોય તેને કાયયોગ કહે છે. તે યોગ કર્મ આવવામાં નિમિત્ત છે.

ક્રિયા એ કર્મ પરિણામે બંધ ને ઉપયોગ એ ધર્મ છે - પણ અજ્ઞાની જીવો તેનો અર્થ સમજતા નથી.

**ક્રિયા એ કર્મ** : આત્માના પ્રદેશોના કંપનરૂપ ક્રિયાના નિમિત્તે જડ કર્મોનું આવવું થાય છે. (મન, વચન, કાયાની ક્રિયાની વાત નથી.)

**પરિણામે બંધ** : શુભાશુભભાવથી બંધ છે.

**ઉપયોગ એ ધર્મ** : જડની ક્રિયા હું કરી શકતો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન થતાં શુદ્ધ ઉપયોગ પ્રગટે તે ધર્મ છે.

અજ્ઞાની જીવો કહે છે કે મન, વચન, કાયાની પ્રવૃત્તિ રોકો, શું જડની પ્રવૃત્તિ આત્મા રોકી શકતો હશે ? આત્માનું પરિસ્પંદન રોક્યું રોકાતું હશે ? આત્માનું ભાન કરી શુભાશુભ ભાવો થવા ન દીધા ને આત્મામાં એકાગ્રતા કરી તેણે યોગને રોક્યો કહેવાય છે.

આ પ્રમાણે આ ગાથામાં પાપનો આસ્રવ બતાવ્યો. પુણ્ય ને પાપ બન્ને આસ્રવ બંધનું કારણ છે એમ યથાર્થ સ્વરૂપ સમજે તો આસ્રવરહિત આત્માની શ્રદ્ધા કરવાનો પ્રસંગ આવે. ૧૩૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सण्णाओ य तिलेस्सा इंदियवसदा य अट्टरुद्दाणि ।**
**णाणं च दुप्पउत्तं मोहो पावप्पदा होंति ॥ १४० ॥**

**संज्ञाश्च त्रिलेश्या इन्द्रियवशता चार्तरौद्रे ।**
**ज्ञानं च दुःप्रयुक्तं मोहः पापप्रदा भवन्ति ॥ १४० ॥**

**સંજ્ઞા, ત્રિલેશ્યા, ઇંદ્રિવશતા, આર્તરૌદ્ર ધ્યાન બે,**
**વળી મોહ ને દુર્યુક્ત જ્ઞાન પ્રદાન પાપ તણું કરે. ૧૪૦.**

**અન્વયાર્થ** : [संज्ञाः च] (ચારેય) સંજ્ઞાઓ, [त्रिलेश्या] ત્રણ લેશ્યા, [इन्द्रियवशता च] ઇંદ્રિયવશતા, [आर्तरौद्रे] આર્ત-રૌદ્રધ્યાન, [दुःप्रयुक्तं ज्ञानं] દુઃપ્રયુક્ત જ્ઞાન (-દુષ્ટપણે અશુભ કાર્યમાં જોડાયેલું જ્ઞાન) [च] અને [मोहः]મોહ–[पापप्रदाः भवन्ति] એ ભાવો પાપપ્રદ છે.

---

**तात्पर्यवृत्ति** : अथ भावपापास्रवस्य विस्तरं कथयति,– **सण्णाओ** आहारादिसंज्ञारहितशुद्धचैतन्यपरिणतेर्भिन्नाश्चतस्र आहारभयमैथुनपरिग्रहसंज्ञाः **तिलेस्सा** कषाययोगद्वयाभावरूपविशुद्धचैतन्यप्रकाशात्पृथग्भूताः कषायोदयरंजितयोगप्रवृत्तिलक्षणास्तिस्रः कृष्णनीलकापोतलेश्या **इंदियवसदा य** स्वाधीनातीन्द्रियसुखास्वादपरिणतेः प्रच्छादिका पंचेंद्रियविषयाधीनता **अट्टरुद्दाणि** समस्तविभावाकांक्षारहितशुद्धचैतन्यभावनायाः प्रतिबंधकं इष्टसंयोगानिष्टवियोगव्याधिविनाशभोगनिदानकांक्षारूपेणोद्रेकभावप्रचुरं चतुर्विधमार्तध्यानं क्रोधावेशरहितशुद्धात्मानुभूतिभावनायाः पृथग्भूतं क्रूरचित्तोत्पन्नं हिंसानृतस्तेयविषयसंरक्षणानंदरूपं चतुर्विधं रौद्रध्यानं च **णाणं च दुप्पउत्तं** शुभशुद्धोपयोगद्वयं विहाय मिथ्यात्वरागाद्यधीनत्वेनान्यत्र दुष्टभावे प्रवृत्तं दुःप्रयुक्तं ज्ञानं । **मोहो** मोहोदयजनितममत्वादिविकल्पजालवर्जितस्वसंवित्तेर्विनाशको दर्शनचारित्रमोहश्च इति विभावपरिणामप्रपंचः **पावप्पदो होदि** पापप्रदायको भवति । एवं द्रव्यपापास्रवकारणभूतः पूर्वसूत्रोदितभावपापास्रवस्य विस्तरो ज्ञातव्य इत्यभिप्रायः ।। १४० ।।

**समयव्याख्या : पापास्रवभूतभावप्रपञ्चाख्यानमेतत् । तीव्रमोहविपाकप्रभवा आहारभयमैथुनपरिग्रहसंज्ञाः, तीव्रकषायोदयानुरंजितयोगप्रवृत्तिरूपाः कृष्णनीलकापोतलेश्यास्तिस्रः, रागद्वेषोदयप्रकर्षादिन्द्रियाधीनत्वम्, रागद्वेषोद्रेकात्प्रियसंयोगाप्रियवियोगवेदनामोक्षणनिदानाकांक्षणरूपमार्तम्, कषायक्रूराशयत्वाद्धिंसाऽसत्यस्तेयविषयसंरक्षणानंदरूपं रौद्रम्, नैष्कर्म्यं तु शुभकर्मणश्चान्यत्र दुष्टतया प्रयुक्तं ज्ञानम्, सामान्येन दर्शनचारित्रमोहनीयोदयोपजनिताविवेकरूपो मोहः,– एषः भावपापास्रवप्रपञ्चो द्रव्यपापास्रवप्रपञ्चप्रदो भवतीति ॥ १४० ॥**

**–इति आस्रवपदार्थव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ : આ, પાપાસ્રવભૂત ભાવોના વિસ્તારનું કથન છે.**

**તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થતી આહાર-ભય-મૈથુન-પરિગ્રહસંજ્ઞાઓ; તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ કૃષ્ણ-નીલ-કાપોત નામની ત્રણ લેશ્યા; રાગદ્વેષના ઉદયના પ્રકર્ષને લીધે વર્તતું ઇંદ્રિયાધીનપણું; રાગદ્વેષના ઉદ્રેકને લીધે પ્રિયના સંયોગને, અપ્રિયના વિયોગને, વેદનામાંથી છુટકારાને તથા નિદાનને ઇચ્છવારૂપ આર્તધ્યાન; કષાય વડે ક્રૂર એવા પરિણામને લીધે થતું હિંસાનંદ, અસત્યાનંદ, સ્તેયાનંદ, અને વિષયસંરક્ષણાનંદરૂપ રૌદ્રધ્યાન; વગરપ્રયોજને (-નકામું) શુભ કર્મથી અન્યત્ર (-અશુભ કાર્યમાં) દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન; અને સામાન્યપણે દર્શનચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન અવિવેકરૂપ મોહ;–આ, ભાવપાપાસ્રવનો વિસ્તાર દ્રવ્યપાપાસ્રવના વિસ્તારને દેનારો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે (અર્થાત્ ઉપરોક્ત ભાવપાપાસ્રવરૂપ અનેકવિધ ભાવો તેવા તેવા અનેકવિધ દ્રવ્યપાપાસ્રવમાં નિમિત્તભૂત છે). ૧૪૦.**

**આ રીતે આસ્રવ પદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧, શનિવાર]

હવે પાપ આસ્રવના કારણભૂત ભાવ વિસ્તારથી બતાવે છે.

આહાર, ભય, મૈથુન, પરિગ્રહ એ ચાર પ્રકારની સંજ્ઞા, તથા કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ લેશ્યા પાપનું કારણ છે.

વળી ઇંદ્રિયોને આધીન થવું તે પાપનું કારણ છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાનના પરિણામ, સત્ ક્રિયાથી જુદી અસત્ ક્રિયામાં જ્ઞાનનું રોકાવું તથા દર્શનમોહનીય ને ચારિત્ર મોહનીય કર્મના સમસ્ત ભાવ પાપરૂપ આસ્રવનું કારણ છે. આર્ત ને રૌદ્રધ્યાન જ્ઞાની શ્રાવકને પણ ક્યારેક થઈ આવે છે. પણ તે સમજે છે કે તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વરૂપ જ છું.

**ભાવાર્થ** : તીવ્રમોહના ઉદયથી આહાર, ભય, મૈથુન, પરિગ્રહસંજ્ઞા થાય છે તે પાપનું કારણ છે.

**આહારસંજ્ઞા** : આત્માના જ્ઞાનસ્વભાવને ચૂકી પોતાના જ્ઞાનને આહારની પ્રીતિમાં રોકી દેવું તે આહારસંજ્ઞા છે. સમ્યક્ પ્રકારે જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનને રોકવું તે ખરેખર સંજ્ઞા છે. પણ તેને ચૂકીને અથવા અસ્થિર થઈને આહાર પ્રત્યેના પ્રેમમાં જ્ઞાનને રોકવું તે આહારસંજ્ઞા છે.

વળી આહાર છૂટે છે માટે આહાર સંજ્ઞા છૂટે છે એમ નથી ને આહાર કરે છે માટે આહારસંજ્ઞા છે એમ પણ નથી. આહારની ક્રિયા સાથે સંબંધ નથી પણ તે પ્રકારના રાગને આહારસંજ્ઞા કહે છે.

**ભયસંજ્ઞા** : આત્માનો નિર્ભય સ્વભાવ ચૂકીને જ્ઞાનને ભયમાં રોકવું તે ભયસંજ્ઞા છે. જ્ઞાનીને ભય થાય છે ખરો પણ તે સમજે છે કે મને કોઈ લૂંટવા સમર્થ નથી. તેને અસ્થિરતાનો દોષ છે, ઊંધી શ્રદ્ધાનો દોષ નથી. અજ્ઞાનીને બન્ને દોષ છે. જ્ઞાનને ભૂલીને રાગ અને જ્ઞાનને એક કરે છે તેથી તેને મિથ્યાત્વ સહિત પાપઆસ્રવ છે.

**મૈથુનસંજ્ઞા** : પોતાના જ્ઞાનને ઇંદ્રિયોના વિષયોમાં રોકવું તે મૈથુનસંજ્ઞા છે. જ્ઞાનીને વિષયનો ભાવ ચોથે, પાંચમે ગુણસ્થાને હોય છે પણ દૃષ્ટિનું ભાન છે છતાં જેટલો ભાવ થાય છે એટલું પાપ છે ને અજ્ઞાનીને ભાન નથી તેથી તેને મિથ્યાત્વ સહિત પાપઆસ્રવ છે.

**પરિગ્રહસંજ્ઞા** : પોતાના જ્ઞાનને પરિગ્રહમાં અટકાવી દેવું તે પરિગ્રહસંજ્ઞા છે. અજ્ઞાની તો પૈસાની પ્રાપ્તિ થતાં તે પરિગ્રહની સંજ્ઞામાં એકાકાર છે. જ્ઞાનીને પરિગ્રહનો રાગ હોય છે પણ પરિગ્રહના કારણે હોતો નથી. પણ પોતાની નબળાઈના કારણે હોય છે. છતાં જેટલો રાગ છે તે પાપનું કારણ છે. આમ ચાર સંજ્ઞા સંસારને વધારનારી છે માટે આત્માના ભાનપૂર્વક તેને છોડવી.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૨, રવિવાર]

આત્માની અવસ્થામાં પુણ્ય-પાપ પરિણામ થાય છે તેને આસ્રવ કહે છે. તે મૂળ ચીજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. પુણ્ય-પાપ એક સમયની અવસ્થામાં થાય છે, ધર્મની દૃષ્ટિ પર્યાય ઉપર હોતી નથી. ચૈતન્ય ઉપર હોય છે. છતાં જ્ઞાનીને પણ જે આસ્રવ થાય છે, તેનું જ્ઞાન કરાવે છે. અજ્ઞાની આસ્રવ જેટલો હું છું એમ માની ચાર ગતિમાં રખડે છે. પાપ પરને લીધે થતું નથી. પણ આત્માની તે સમયની યોગ્યતાના કારણે થાય છે. પણ તે જીવનું કાયમી સ્વરૂપ નથી. જીવ તો જાણનાર દેખનાર છે એમ માને તો ધર્મ થાય.

ચાર પ્રકારની સંજ્ઞા પાપનું કારણ-આસ્રવનું કારણ છે તે વાત કહેવાઈ ગઈ છે. હવે ત્રણ પ્રકારની અશુભ લેશ્યાની વાત કરે છે. જીવ પોતાનો જ્ઞાનસ્વભાવ છોડીને જેટલો યોગની પ્રવૃત્તિમાં કષાય સહિત જોડાય તેને લેશ્યા કહે છે. તેમાં કૃષ્ણ, નીલ, કાપોત-ત્રણ અશુભ લેશ્યા છે. મન, વચન, કાયા તો જડ છે તેની વાત નથી. આત્માના પ્રદેશોનું પરિસ્પંદન તે યોગનું કંપન છે. કષાયથી રંજિત યોગની પ્રવૃત્તિ તે લેશ્યા છે. તેમાં અશુભ લેશ્યા પાપનું કારણ છે. અજ્ઞાની આસ્રવ સાથે તન્મય થઈ જાય છે, જ્ઞાનીને આસ્રવ ઉપર દૃષ્ટિ નથી, સ્વભાવ ઉપર દૃષ્ટિ છે છતાં જેટલા અશુભ લેશ્યાના પરિણામ થાય તે પાપ છે.

અતીંદ્રિય સ્વભાવની દૃષ્ટિ છોડીને ઈંદ્રિય આધીન વર્તવું તે પાપ આસ્રવ છે. અતીંદ્રિય સ્વભાવનું ભાન છે તેને અસ્થિરતાનો અલ્પ આસ્રવ છે ને ઈંદ્રિયની રુચિ કરે તેને મિથ્યાત્વ સહિતનો આસ્રવ છે. સમકિતી સમજે છે કે આસ્રવ તે મારું સ્વરૂપ નથી, છતાં અલ્પ આસ્રવ થઈ આવે છે. જો સર્વથા આસ્રવ ટળી જાય તો કેવળી થઈ જાય. પણ સાધકમાં અલ્પ ઈંદ્રિય આધીનતા છે એટલો પાપબંધ છે.

ઈષ્ટ પદાર્થોના વિયોગમાં ને અનિષ્ટ પદાર્થોના સંયોગમાં રાગદ્વેષ કરવા, પીડાનું ચિંતવન ને નિદાનબંધ એમ ચાર પ્રકારના આર્તધ્યાન તે પાપનું કારણ છે. અજ્ઞાની જીવની દૃષ્ટિ સંયોગ ઉપર છે. જ્ઞાનીને સાધકદશામાં આર્તધ્યાનના પરિણામ થાય છે. પણ પરને લીધે થતા નથી. મુનિને પણ કોઈવાર આર્તધ્યાનના પરિણામ નબળાઈથી થાય છે. ભગવાન ઋષભદેવ મોક્ષ પધારતાં ભરત ચક્રવર્તીને ખેદના પરિણામ થયા પણ તે પોતાની નબળાઈના કારણે થયા છે. તેમને તે વખતે પણ આત્માનું ભાન વર્તે છે. મિથ્યાદૃષ્ટિ જીવ પ્રસંગના કારણે પરિણામ થયા માને છે. તે મિથ્યાત્વસહિતના આર્તધ્યાનના પરિણામ છે.

અજ્ઞાની જીવ શરીરને રોગ થતાં મને થયો એમ માની પોતાના જ્ઞાતાદ્રષ્ટા પ્રાણને ઘાણીમાં પીલે છે. પોતાના આનંદકંદ આત્માને ચૂકી જાય છે. તે મિથ્યાદૃષ્ટિનું આર્તધ્યાન છે. જ્ઞાનીને પોતાની નબળાઈના કારણે સહનશીલતા નથી એટલે વિકલ્પ આવી જાય છે. પણ શુદ્ધ ચૈતન્ય ઉપરની દૃષ્ટિ ખસતી નથી.

જ્ઞાનીને ભાન છે કે આત્મા જાણનાર-દેખનાર, અનાકુળ સ્વરૂપ ચિદ્‌ઘન છે, રાગ થાય છે તે પરને લીધે થયો છે એમ તે માનતો નથી. પણ પોતાની નબળાઈથી થયો માને છે ને તે પણ આત્માનું ખરું સ્વરૂપ નથી. શુદ્ધ આત્મા તો રાગરહિત છે એવું ભાન હોવાથી તેનો આસ્રવ મર્યાદામાં આવી ગયો છે. જ્યારે અજ્ઞાની તો પરને લીધે રાગ થયો માને છે ને તેટલો જ હું છું એમ માને છે તેથી અનંતાનુબંધી સહિત એટલે કે અમર્યાદિત આસ્રવ તેને હોય છે.

**નિદાનબંધ** : અજ્ઞાની જીવ વ્રત તપના ફળમાં પૈસાની કે સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય, ધનાઢ્યને ત્યાં હું અવતરું વગેરે ભાવના ભાવે છે. તે નિદાનબંધરૂપ આર્તધ્યાન છે.

સમકિતી જીવ સંયોગોની માંગણી અથવા ઈચ્છા કરતો નથી પણ સ્વભાવમાં ઠરી શકતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. જરા રાગ રહે છે તેને નિદાન ગણી ચોથે-પાંચમે ગુણસ્થાને આવા પ્રકારનું આર્તધ્યાન અલ્પ હોય છે, તે આસ્રવ છે. બંધનું કારણ છે એમ જ્ઞાની સમજે છે.

આ પ્રમાણે ઈષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ, પીડાચિંતવન ને નિદાન બંધ એમ ચાર પ્રકારના આર્તધ્યાન તે પાપ આસ્રવનું કારણ છે.

હવે ચાર પ્રકારના રૌદ્રધ્યાન તે પાપનું કારણ છે એમ બતાવે છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને ચૂકીને હિંસાના પરિણામમાં આનંદ માનવો તે હિંસાનંદી રૌદ્રધ્યાનના પરિણામ છે. બીજા જીવોને મારી શકે છે એમ અહીં કહેવું નથી. પણ બીજા જીવોને મારવાના ભાવને હિંસા કહે છે. તેમ બીજા જીવનું શરીર અને આત્મા જુદા પડ્યા માટે હિંસા થઈ એમ પણ નથી. ચિદાનંદ સ્વભાવથી વિપરીત ભાવ-બીજાને મારવાના ઉગ્રતાના ભાવ તેને હિંસા કહે છે. તે હિંસામાં આનંદની શ્રેણી ચાલ્યા કરે તે હિંસાનંદી છે. મિથ્યાદૃષ્ટિ જીવ તેમાં સુખ માને છે. અજ્ઞાની જીવોની હિંસા કરતો હોય ને આનંદ માનતો હોય છે તેને મિથ્યાત્વ સહિતના હિંસાના પરિણામ તે રૌદ્રધ્યાન પાપનું કારણ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથે પાંચમે ગુણસ્થાને હિંસાના પરિણામ હોય છે પણ તે તેમાં આનંદ માનતો નથી. જરા અસ્થિરતાના કારણે રાગમાં જોડાય છે પણ શુદ્ધ ચૈતન્ય ઉપરની દૃષ્ટિ ખસતી નથી. લીલોતરી જીવ આદિની હિંસાના પરિણામ થાય છે તેટલું પાપનું કારણ છે. આત્મા શુદ્ધ હોવા છતાં વીતરાગ ન થાય ત્યાં સુધી મલિનતા છે. મલિનતા ન હોય તો વીતરાગ દશા હોવી જોઈએ ને મલિનતા જેટલો જ આત્મા માને તો મિથ્યાદૃષ્ટિ છે. માટે જેમ છે તેમ વસ્તુ સમજવી જોઈએ.

અજ્ઞાની જીવો જૂઠું બોલવાના પરિણામમાં આનંદ માને છે તે મૃષાનંદી રૌદ્રધ્યાન છે. તે પાપનું કારણ છે. જૂઠું બોલીએ તો વેપાર ચાલે, જૂઠું બોલીને આટલા રૂપિયા કમાયા એમ માની જૂઠામાં આનંદ માને છે. પૈસા પૂર્વના પુણ્યને લીધે મળે છે પણ અજ્ઞાની જૂઠું બોલવાથી કમાણી થાય છે એમ માની જૂઠામાં આનંદ માને છે તે મૃષાનંદી રૌદ્રધ્યાન પાપનું કારણ છે.

સમકિતી જીવને જૂઠું બોલવાના પરિણામ અસ્થિરતાના કારણે થાય છે પણ તેમાં તે આનંદ માનતો નથી, સ્વભાવની રુચિ ખસતી નથી પણ જેટલા જૂઠા બોલવાના ભાવ થાય છે એટલું રૌદ્રધ્યાન છે, તે પાપનું કારણ છે.

અજ્ઞાની જીવને ચોરી કરવાના તીવ્ર પરિણામ થાય ને તેમાં આનંદ માને છે, તે સ્તેયાનંદી રૌદ્રધ્યાનનાં પરિણામ પાપનું કારણ છે. અજ્ઞાની આનંદ માને છે, જ્ઞાની આનંદ માનતો નથી. કુટુંબકબીલાના ભાગમાંથી કોઈવાર છૂપું લેવાનો ભાવ આવી જાય પણ તે ભાવમાં જ્ઞાની આનંદ માનતો નથી, જેટલો ભાવ થાય તે પાપ આસ્રવ છે.

પાંચ પ્રકારના વિષયો–પરિગ્રહાદિના રક્ષણમાં અજ્ઞાની જીવ આનંદ માને છે, તે ચૈતન્ય સ્વભાવને ચૂકીને ભાવ કરે છે. વિકલ્પોની કલ્પના એક પછી એક કર્યા કરે છે. વળી પૈસા કમાવાની પ્રવૃત્તિ કરે ને માને કે મારી હોશિયારીથી તે આવે છે ને તેમાં આનંદ માને છે. એમ એક પછી એક કલ્પનાની જાળ લંબાવે છે. તે પરિગ્રહાનંદી રૌદ્રધ્યાન છે.

જ્ઞાનીને પૈસા કમાવાનો રાગ આવે છે. પણ પરના કારણે રાગ માનતા નથી ને પોતે ધ્યાન રાખ્યું માટે પૈસા આવ્યા એમ પણ માનતા નથી. જડ પદાર્થો તેના કારણે આવે છે. ને પોતાની નબળાઈથી રાગ થાય છે. તે બધાનો જ્ઞાની જાણનાર છે. અલ્પ રાગ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેમકે અનંતાનુબંધીનો અભાવ છે. સ્વભાવની રુચિ છે તેથી તેને અલ્પ રાગ હોય છે એટલો પાપ આસ્રવ છે.

આ પ્રમાણે રૌદ્રધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે. એ પરિણામ ન હોય તો દુઃખી ન હોય. દુઃખ સંયોગી ચીજમાં નથી. દુઃખ વિપરીત દશા છે. તે ન હોય તો પૂર્ણાનંદ દશા હોવી જોઈએ. જ્ઞાનીને સાધકદશામાં ભાન હોવા છતાં રાગ વર્તે ત્યાં સુધી કોઈ વાર આવાં પરિણામ હોય છે. પાપ પર્યાયમાં છે, તે ક્ષણિક છે. તેને ક્ષણિક જાણે છે. દ્રવ્ય ત્રિકાળ છે તેને ત્રિકાળ જાણે છે. છતાં પરિણામ જેટલા હોય તેને પાપ જાણે છે. સાધકને તે ભાવ ન જ હોય એમ માને તોપણ તે વસ્તુ સમજતો નથી. ને તે ભાવ જેટલો જ આત્માને માને તોપણ મિથ્યાદ્રષ્ટિ છે.

દયાદાનાદિના ભાવ શુભ છે. એવા શુભભાવોમાં ઉપયોગ નહિ જોડતાં અન્યત્ર દુષ્ટ ભાવોમાં પોતાનો ઉપયોગ જોડવો તે ખોટું જ્ઞાન છે. તે મલિનભાવ છે.

તત્ત્વની ઊંધી શ્રદ્ધા, ઊંધું જ્ઞાન ને ઊંધા આચરણથી જે અવિવેક થાય છે તેને મોહ-અજ્ઞાનભાવ કહે છે. પરની દયા પાળી શકું છું, સેવા કરી શકું છું, શરીરનો રોગ મટાડી શકું છું, પરચીજને લીધે લાભ-નુકસાન માનવું તે બધો ભ્રમ છે. બીજાને ઉપદેશ આપી ધર્મ પમાડી દઉં એ પણ મોહ છે. ઉપદેશ જડ છે, તેને આત્મા આપી શકતો નથી ને ઉપદેશને લીધે સામો જીવ સમજતો નથી. તેની લાયકાતથી તે સમજે છે. વળી દવાથી કે જીવના ભાવથી રોગ મટતો નથી. રોગ તેના કાળે મટે છે તો દવા નિમિત્ત કહેવાય. આમ જેને જડ ને ચેતનના ભેદવિજ્ઞાનની ખબર નથી તે અજ્ઞાની છે. તેથી તેને પાપ બંધાય છે. આ બધા પરિણામોને ભાવપાપાસ્રવ કહે છે, ને તેનું નિમિત્ત પામીને દ્રવ્યપાપઆસ્રવનો વિસ્તાર થાય છે. **દ્રવ્ય આસ્રવ જડ છે. તે આત્મામાં નથી. ને ભાવ આસ્રવ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી** એમ આસ્રવને હેય જાણી દ્રવ્યને ઉપાદેય માનવું અથવા પર્યાયબુદ્ધિ છોડી દ્રવ્યબુદ્ધિ કરવી તે સમ્યગ્જ્ઞાન છે. ૧૪૦.

---

**इंदियकसायसण्णा णिग्गहिदा जेहिं सुट्ठु मग्गम्मि ।**
**जावत्तावत्तेसिं पिहिदं पावासवच्छिद्दं ॥ १४१ ॥**

**इन्द्रियकषायसंज्ञा निगृहीता यैः सुष्ठु मार्गे ।**
**यावत्तावत्तेषां पिहितं पापास्रवछिद्रम् ॥ १४१ ॥**

**માર્ગે રહી સંજ્ઞા-કષાયો-ઈંદ્રિનો નિગ્રહ કરે,**
**પાપાસરવનું છિદ્ર તેને તેટલું રૂંધાય છે. ૧૪૧.**

**અન્વયાર્થ :** [यैः] જેઓ [सुष्ठु मार्गे] સારી રીતે માર્ગમાં રહીને [इन्द्रियकषायसंज्ञाः] ઈંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો [यावत् निगृहीताः] જેટલો નિગ્રહ કરે છે, [तावत्] તેટલું [पापास्रवछिद्रम्] પાપાસ્રવનું છિદ્ર [तेषाम्] તેમને [पिहितम्] બંધ થાય છે.

---

**तात्पर्यवृत्ति :** किं च । पुण्यपापद्वयं पूर्वं व्याख्यातं तेनैव पूर्यते पुण्यपापास्रवव्याख्यानं किमर्थमिति प्रश्ने परिहारमाह । जलप्रवेशद्वारेण जलमिव पुण्यपापद्वयमास्रवत्यागच्छत्यनेनेत्यास्रवः । अत्रागमनं मुख्यं तत्र तु पुण्यपापद्वयस्यागमनानंतरं स्थित्यनुभागबंधरूपेणावस्थानं मुख्यमित्येतावद्विशेषः । एवं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये पुण्यपापास्रवव्याख्यानमुख्यतया गाथाषट्कसमुदायेन षष्ठोंतराधिकारः समाप्तः । अथ ख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबंधादिसमस्तशुभाशुभसंकल्पविकल्पवर्जितशुद्धात्मसंवित्तिलक्षणपरमोपेक्षासंयमसाध्ये संवरव्याख्याने "इंदियकसाय" इत्यादि गाथात्रयेण समुदायपातनिका ।। अथ पूर्वसूत्रकथितपापास्रवस्य संवरमाख्याति, – इंद्रियकषायसंज्ञा **णिग्गहिदा** निर्गृहीता निषिद्धा जेहि यैः कर्तृभूतैः पुरुषैः **सुट्ठु** सुष्ठुविशेषेण । किंकृत्वा ? पूर्वं स्थित्वा । क्व ? **मग्गम्हि** संवरकारणरत्नत्रयलक्षणे मोक्षमार्गे । कथं निर्गृहीताः । यावत् यस्मिन् गुणस्थाने यावंतं कालं यावतांशेन "सोलस पणवीस णमं दस चउछक्केक्क बंधवोछिण्णा । दुगतीस चदुरपुव्वे पण सोलस जोगिणो एक्को" इति गाथाकथितत्रिभंगीक्रमेण तावत्तस्मिन् गुणस्थाने तावत्कालं तावतांशेन स्वकीयस्वकीयगुणस्थानपरिणामानुसारेण **तेसिं** तेषां पूर्वोक्तपुरुषाणां **पिहिदं** पिहितं प्रच्छादितं झंपितं भवति । किं ? **पापासवच्छिद्दं** पापास्रवछिद्रं पापागमनद्वारमिति । अत्र सूत्रे पूर्वगाथोदितद्रव्यपापास्रवकारणभूतस्य भावपापास्रवस्य निरोधः तु द्रव्यपापास्रवसंवरकारणभूतो भावपापास्रवसंवरो ज्ञातव्य इति सूत्रार्थः ।।१४१ ।।

**समयव्याख्या : अथ संवरपदार्थव्याख्यानम् । अनन्तरत्वात्पापस्यैव संवराख्यानमेतत् । मार्गो हि संवरस्तन्निमित्तमिन्द्रियाणि कषायाः संज्ञाश्च यावतांशेन यावन्तं वा कालं निगृह्यन्ते तावतांशेन तावन्तं वा कालं पापास्रवद्वारं पिधीयते । इन्द्रियकषायसंज्ञाः भावपापास्रवो द्रव्यपापास्रवहेतुः पूर्वमुक्तः । इह तन्निरोधो भावपापसंवरो द्रव्यपापसंवरहेतुरवधारणीय इति ॥ १४१ ॥**

**અનુવાદ : હવે સંવરપદાર્થનું વ્યાખ્યાન છે. પાપની અનંતર હોવાથી, પાપના જ સંવરનું આ કથન છે (અર્થાત્ પાપના કથન પછી તુરત જ હોવાથી, અહીં પાપના જ સંવરનું કથન કરવામાં આવ્યું છે).**

**માર્ગ ખરેખર સંવર છે; તેના નિમિત્તે (-તેના અર્થે) ઈંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે, તેટલા અંશે અથવા તેટલો કાળ પાપાસ્રવદ્વાર બંધ થાય છે.**

**ઈંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ—ભાવપાપાસ્રવ—દ્રવ્યપાપાસ્રવનો હેતુ (-નિમિત્ત) પૂર્વે (૧૪૦મી ગાથામાં) કહ્યો હતો; અહીં (આ ગાથામાં) તેમનો નિરોધ (-ઈંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો નિરોધ)—ભાવપાપસંવર—દ્રવ્ય-પાપસંવરનો હેતુ અવધારવો (-સમજવો). ૧૪૧.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૩, સોમવાર]

સંવર ધર્મ કોને કહે છે ? મિથ્યાદર્શનનો અભાવ તે સમ્યગ્દર્શનરૂપ સંવર છે. અવ્રત ને પ્રમાદનો અભાવ તે પણ સંવર છે. આત્માના ભાનપૂર્વક મલિનભાવોની ઉત્પત્તિ ન થવી તેને સંવર કહે છે.

આત્મા વિચાર કરે છે તેમાં મન નિમિત્ત છે. ને પર પદાર્થોને જાણવામાં ઈંદ્રિયો નિમિત્ત છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, ઈંદ્રિયો ને મન વિનાનો છે એવા આત્માની રુચિ કરી, મન અને ઈંદ્રિયોની રુચિ છોડી, ક્રોધ, માન, માયા, લોભના તથા ચાર સંજ્ઞાના પાપ પરિણામ છોડીને જે સમયે સ્વભાવની દૃષ્ટિ થાય છે તે સમયે મિથ્યાત્વની અનુત્પત્તિ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. પ્રથમ મિથ્યાત્વ અવસ્થામાં જ્ઞાનની પર્યાય ક્રોધ, માન, માયા, લોભના પરિણામમાં અને આહારાદિ ચાર સંજ્ઞામાં અટકતી તે આસ્રવ છે ને એક સમય પૂરતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવસ્થા છે.

(૧) મિથ્યાત્વ અવસ્થામાં વર્તમાન ભૂલ છે, જ્ઞાન કષાયમાં અટકે છે, ઈંદ્રિયો નિમિત્ત છે એમ માનવું પડશે. એમ ન માને તો ભૂલ સુધારવાનું રહેતું નથી.

(૨) વર્તમાન ભૂલ માને પણ તેને વર્તમાનથી ટાળવા માગે તો પણ ભૂલ છે. વર્તમાનના લક્ષે ભૂલ ટળતી નથી.

(૩) ઈંદ્રિયો તરફ લક્ષ ન જતાં જૂઠું ન બોલવાનો ભાવ, વિષય ન સેવવાનો ભાવ તે પુણ્ય આસ્રવ છે. તેનું લક્ષ છૂટી અતીંદ્રિય સ્વભાવની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

દેહ, મન, વાણી વિનાનો, અને વિકારીભાવ વિનાનો મારો સ્વભાવ તે અંતઃતત્ત્વ છે. એ માન્યતા તે સમ્યગ્દર્શનરૂપી સંવરનો માર્ગ છે. જે જીવ ઈંદ્રિયો ને સંયોગી ચીજથી લાભ માને છે તેને અંતર્મુખ અનુસરવાનો અવસર રહેતો નથી. જે ઈંદ્રિયો તરફ વલણ કરી તેનાથી લાભ માને તેને મિથ્યાત્વ રહે છે.

જે ગુરુ ઈંદ્રિયોથી લાભ મનાવે તે મિથ્યાદ્રષ્ટિ છે, તે સાચા ગુરુ નથી. જે શાસ્ત્ર તેમ કહે તે સાચું શાસ્ત્ર નથી ને જેનું જ્ઞાન વિપરીત હોય તે સર્વજ્ઞ નથી.

વળી અધૂરી દશામાં અટકતું જ્ઞાન છે, તેમાં ઈંદ્રિયો નિમિત્ત છે, એમ જે માનતો નથી તે પણ ખોટો છે

ઈંદ્રિયો છે, મન પણ છે. અધૂરી દશામાં અટકતું જ્ઞાન છે, પુણ્ય-પાપના ભાવો છે. એ બધું હોવા છતાં તેની રુચિ છોડી ત્રિકાળ સ્વભાવની રુચિ કરવી તે સંવર છે. સંવરમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. સંવર મોક્ષમાર્ગ છે.

મન સહિત પાંચ ઈંદ્રિયો તરફનો વ્યાપાર તે રાગનું કારણ છે. દ્રવ્ય–ગુણ–પર્યાય એવા ત્રણ ભેદ તરફનું વલણ તે પણ રાગનું કારણ છે. તેથી તેના આધારે સંવર ન થાય પણ પાંચ ઈંદ્રિયો ને મનને જીતે તો સંવર થાય તે કેવી રીતે જીતાય ? ઈંદ્રિયો ને મન વિનાનો તથા વિકાર વિનાનો જ્ઞાન સ્વભાવ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરી એકાગ્ર થાય તો વિકાર ઉત્પન્ન જ થતો નથી ને પુણ્ય-પાપની વૃત્તિ જ ઊઠતી નથી ને સ્વભાવની શાંતિ પ્રગટ થાય છે જેને સંવર કહે છે.

જેને સંવર થાય છે તેને અનાદિથી સંવર હોતો નથી. સંવર પહેલાં અધર્મ હતો. અધર્મ ને રોકે તે સંવર છે. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર એ અધર્મ છે. તેમાં નિમિત્ત કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે. પર તરફનો વલણ ભાવ હતો તે સ્વભાવના લક્ષે પલટાવી શકાય છે. ને સ્વભાવ તરફ વળી શકાય છે વગેરે બધી વાતો જેમ છે તેમ કબૂલ રાખવી જોઈએ.

વળી ચાર સંજ્ઞા તરફના પરિણામ રોકીને સ્વભાવમાં એકાગ્ર થવું તે સંવર છે. આત્માનું ભાન થતાં મિથ્યાત્વ દશા અટકી ગઈ તે સંવર છે. સંસારમાં પણ શીરો બનાવવાની જે વિધિ હોય છે તે પ્રમાણે કરે તો શીરો થાય. ઘીમાં લોટ શેકવાને બદલે પાણીમાં શેકે તો શીરો થતો નથી તેમ અહીં ધર્મની વિધિમાં આડુંઅવળું કરે તો કામ ન આવે. કોઈ કહે કે દયા દાન વ્રતાદિ કરીએ તો ધર્મ થાય કે નહિ ? ના. ધર્મની તે રીત નથી. જે રીત હોય તે જાણવી જોઈએ. પુણ્ય-પાપરહિત આત્મા અનંત ગુણોનો પિંડ છે. તેના તરફ દ્રષ્ટિ કરતાં મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી તે સમ્યગ્દર્શનરૂપ સંવર છે ને વિશેષપણે લીન થતાં આ વ્રત પ્રમાદ વગેરેની ઉત્પત્તિ ન થાય તે ચારિત્રરૂપ સંવર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના ભાન વિના દરેક જીવે અનંતવાર મુનિપણું ધારણ કર્યું. વૈરાગ્ય કર્યો પણ અંતરમાં શુભરાગથી ધર્મ માનતો હોવાથી સંસારનો અભાવ થયો નહિ. અનંતવાર વ્રત, તપ કર્યાં પણ બોધિબીજ વાવ્યું નહિ. જેણે ચૈતન્ય સ્વભાવનું બીજ વાવ્યું નથી ને દયાદાનાદિમાં ધર્મ માન્યો છે તેણે મિથ્યાત્વના બીજનો નાશ કર્યો નથી. અજ્ઞાની જીવો શાસ્ત્રશ્રવણ કરે છે. પણ આત્માના ભાન વિના શ્રવણને કાનનો વિષય બનાવે છે. વર્તમાન પુણ્યના ભાવથી કલ્યાણ નથી. અને ત્રિકાળી સ્વભાવથી કલ્યાણ છે એમ વિચાર ન કરે તેને ધર્મ થતો નથી.

જીવ જેટલો પોતાના સ્વભાવ તરફ વળે છે તેટલી બહિર્મુખવૃત્તિ થતી નથી. સ્વભાવની રુચિ થતાં પરની રુચિ રહેતી નથી. સ્વભાવનું જ્ઞાન થતાં મિથ્યાજ્ઞાન થતું નથી. સ્વભાવમાં સ્થિરતા થતાં અસ્થિરતા થતી નથી.

આમ નક્કી કર્યા વિના અજ્ઞાનીના ક્રિયાકાંડ વ્યર્થ છે. ધર્મની પર્યાય દ્રવ્યમાંથી આવે છે. તેવી દૃષ્ટિ ન કરે ને નિમિત્તમાં અને રાગમાં અટકે તો પ્રમાણ જ્ઞાન થતું નથી. મારા તત્ત્વને નિમિત્તથી અને રાગથી લાભ નથી એમ નક્કી કર્યા વિના સંવર થતો નથી.

જીવોને વસ્તુસ્વરૂપની ખબર નથી ને કહે કે અમો પ્રતિક્રમણ કરીએ છીએ. પણ ભાઈ, પ્રથમ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યા વિના એટલે કે મિથ્યાત્વથી પાછા ફર્યા વિના અવ્રત અને પ્રમાદનું પ્રતિક્રમણ થાય નહિ.

આત્માના શુદ્ધ સ્વભાવને ઓળખી, દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા કરવી તે મોક્ષમાર્ગ છે. હીરા જોઈતા હોય તેણે હીરા વેચનારની દુકાને જવું જોઈએ, તેમ ધર્મ જોઈતો હોય તો તે આત્માની દુકાને મળે તેમ છે. પુણ્ય-પાપમાં ધર્મ મળે તેમ નથી. શુદ્ધ સ્વભાવની એકાગ્રતામાં ધર્મ છે. પુણ્ય-પાપની રુચિ છોડી, સ્વભાવની લીનતા કરે તે મોક્ષમાર્ગ અથવા સંવર છે. ઈંદ્રિયોના વિષયોમાં રોકાવું, કષાયોના પરિણામ તથા આહારાદિ સંજ્ઞા તે ભાવ-પાપઆસ્રવ છે. તેનો નિરોધ કરવો તે ભાવપાપસંવર છે. કેવી રીતે નિરોધ કરવો ? સ્વભાવમાં જ્ઞાનપર્યાય જેટલે અંશે સ્થિર થયો ને જેટલે અંશે વિષય કષાયાદિના પરિણામ થયા તેને સંવર કહે છે ને તેટલો ભાવપાપાસ્રવનો નિરોધ કર્યો એમ કહેવાય છે. કર્મને અટકાવવાની કે વિકાર અટકાવવાની વાત નિમિત્તથી કહેવામાં આવે છે. પ્રથમ પર્યાયનું વલણ ખંડખંડ જ્ઞાન તરફ જતું હતું. ને તેવા વલણથી પુણ્યપાપરૂપી આસ્રવનું કારણ થતું પણ ભાન કર્યું કે તે ખંડખંડ જ્ઞાન તે મારું સ્વરૂપ નથી. ક્રોધાદિ મારું સ્વરૂપ નથી. હું અકષાયી અખંડ આત્મા છું એમ ભાન કરી ભવરહિત સ્વભાવની દૃષ્ટિ કરતાં ને સ્વભાવની એકાગ્રતા કરતાં વિકાર ઉત્પન્ન થતો નથી ને ખંડખંડપણું થતું નથી, તેણે ભાવપાપઆસ્રવનો નિરોધ કર્યો એમ કહેવામાં આવે છે. ને ભાવપાપસંવર થવાથી દ્રવ્યપાપસંવર થાય છે એટલે કે કર્મો રોકાય છે. આત્માના ભાવે કર્મો રોક્યાં એ નિમિત્તથી વાત છે. એ કર્મો આવવાના ન હતાં માટે આવ્યાં નથી પણ જીવનું વલણ સ્વભાવ તરફ થયું ને કર્મનું ન આવવું થયું એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે તેથી ભાવસંવરથી દ્રવ્યસંવર થયો એમ કહેવાય છે. પોતાની ભૂમિકા અનુસાર જે જે ગુણસ્થાને અશુદ્ધતા ટળતી જાય છે તેટલાં તેટલાં કર્મો આવતાં અટકી જાય છે.

જીવે વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ. આ સમજ્યા વિના જાત્રા કરવા જાય તો પુણ્ય થાય. પણ ધર્મ ન થાય. જાત્રાથી ધર્મ થતો હોય તો ડોળીવાળાને ખૂબ ધર્મ થવો જોઈએ. જાત્રાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ તે આસ્રવ છે, તે ચૈતન્યની શાંતદશા નથી. પુણ્ય-પાપ વિનાના આત્માનો આશ્રય લેવાથી આસ્રવ થતો નથી ને ભાવસંવર થાય છે. ને પુદ્‌ગલકર્મો પણ આવતાં નથી. જ્યારે જીવને અશુદ્ધભાવ હોતો નથી ત્યારે પુદ્‌ગલકર્મોનો પણ આસ્રવ પોતાના કારણે થતો નથી, તે પોતાના કારણે અટકી જાય છે.

આમ સંવર એક જ મોક્ષમાર્ગ છે એમ અહીં બતાવ્યું.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૪, મંગળવાર]

સંવર ચોથા ગુણસ્થાનથી પ્રગટ થાય છે. સંવર કોને થાય ? આત્મા જ્ઞાનસ્વભાવી છે એવી દ્રષ્ટિ કરીને એકાગ્રતા કરે તેને સમ્યગ્દર્શન થાય છે ને તેને ૪૧ કર્મ પ્રકૃતિનો બંધ થતો નથી. હું બીજા પદાર્થોનો કર્તાહર્તા નથી. પુણ્ય પાપનો સ્વામી નથી. હું શુદ્ધ જ્ઞાન દર્શનમય છું એવું જેને ભાન થયું છે તેને વ્રત તપ ન હોય છતાં ૪૧ કર્મપ્રકૃતિનો બંધ થતો નથી. સમ્યગ્દ્રષ્ટિ કદાચિત લડાઈમાં ઊભો હોય તોપણ તેને ૪૧ કર્મપ્રકૃતિ બંધાતી નથી. ને કોઈ જીવ ત્યાગી હોય, દ્રવ્યલિંગી મુનિ હોય, દયા પાળતો હોય, જૂઠું બોલતો ન હોય તોપણ અંતરમાં વિકલ્પથી લાભ માનતો હોય, દેહની ક્રિયા કરી શકું છું એમ માનતો હોય તો તેને એક પણ કર્મપ્રકૃતિનો બંધ ઓછો થતો નથી.

સમ્યગ્દ્રષ્ટિ ઢોર લીલોતરી ખાતો હોય, સમકિતી વેપારી હીરા માણેકનો વેપાર કરતો હોય, કોઈ વિષયોમાં દેખાતો હોય, કૃષ્ણ, નીલ, કાપોત આદિ અશુભ લેશ્યાના પરિણામમાં હોય તે વખતે પણ આત્માનું ભાન હોવાના કારણે નરકગતિ, અનંતાનુંબંધીની તથા મિથ્યાત્વ આદિની ૪૧ કર્મ પ્રકૃતિ બાંધતો નથી. પૂર્વે કોઈને નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય ને પાછળથી સમકિત પ્રાપ્ત કર્યું હોય તો તે જીવને નરકમાં અથવા નરકે જતાં રસ્તામાં પણ ૪૧ કર્મ પ્રકૃતિનો બંધ થતો નથી.

અજ્ઞાની જીવને બે વસ્તુ સિવાય વધારે વસ્તુ ખપતી ન હોય, કોઈ બાર માસના ઉપવાસ કરતો હોય, શરીરમાં ખાડા પડ્યા હોય પણ અંતરમાં વિકલ્પની રુચિ હોવાના કારણે તથા પુણ્યથી લાભ માનતો હોય છે તેથી ચૈતન્યને આવરણ કરતો જાય છે. આ અનાજને હું છોડી શકું છું, દેહની ક્રિયા કરી શકું છું, એવી માન્યતા હોવાના કારણે જડના ગ્રહણ-ત્યાગમાં રોકાઈ ગયો તેને સંવર થતો નથી.

પાંચમે ગુણસ્થાને શ્રાવકને બે કષાયનો અભાવ વર્તે છે. સ્વરૂપની શાંતિની વૃદ્ધિ છે. તેને તેની ભૂમિકામાં નહિ બંધાવા યોગ્ય પ્રકૃતિનો બંધ થતો નથી. મુનિને છઠ્ઠે ગુણસ્થાને શ્રાવક કરતાં દશા ઓછી છે, ઘણો આનંદ વધ્યો છે ને વીર્ય પણ વિશેષ છે. ઘડીમાં સાતમે ગુણસ્થાને અંતર શુદ્ધતા વધે છે એટલી તાકાત વધી છે.

અજ્ઞાની જીવ મુનિ થઈને નવમી ગ્રૈવેયક સુધી જાય તોપણ મિથ્યાત્વના કારણે અનંત સંસારી છે. ત્રિકાળી દ્રવ્ય શું છે, વિકાર શું છે વગેરેની જેને ખબર નથી તેને એક પણ પ્રકૃતિનો બંધ અટકતો નથી. સ્વરૂપના ભાનપૂર્વક રમણતા ઉપર ધર્મનો આધાર છે. જ્યારે સ્વરૂપનું ભાન થાય છે ત્યારે માંસ, દારૂ આદિનો રાગ હોતો નથી. સ્વભાવના કારણે ધર્મ થાય છે, વિકલ્પ ઊઠે તે ધર્મ નથી, આમ અંતર્‌દશા થતાં આસ્રવનું અટકી જવું તેને સંવર કહે છે. ૧૪૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जस्स ण विज्जदि रागो दोसो मोहो व सव्वदव्वेसु ।**
**णासवदि सुहं असुहं समसुहदुक्खस्स भिक्खुस्स ॥ १४२ ॥**
**यस्य न विद्यते रागो द्वेषो मोहो वा सर्वद्रव्येषु ।**
**नास्रवति शुभमशुभं समसुखदुःखस्य भिक्षोः ॥ १४२ ॥**
**સૌ દ્રવ્યમાં નહિ રાગ-દ્વેષ-વિમોહ વર્તે જેહને,**
**શુભ-અશુભ કર્મ ન આસ્રવે સમદુઃખસુખ તે ભિક્ષુને. ૧૪૨.**

**અન્વયાર્થ** : [यस्य] જેને [सर्वद्रव्येषु] સર્વ દ્રવ્યો પ્રત્યે [रागः] રાગ, [द्वेषः] દ્વેષ [वा] કે [मोहः] મોહ [न विद्यते] નથી, [समसुखदुःखस्य भिक्षोः] તે સમસુખદુઃખ ભિક્ષુને (-સુખદુઃખ પ્રત્યે સમભાવવાળા મુનિને) [शुभम् अशुभम्] શુભ અને અશુભ કર્મ [न आस्रवति] આસ્રવતું નથી.

---

**तात्पर्यवृत्ति** : अथ सामान्येन पुण्यपापसंवरस्वरूपं कथयति, – **जस्स ण विज्जदि** यस्य न विद्यते । स कः ? **रागो दोसो मोहो** व जीवस्य शुद्धपरिणामात् परमधर्मलक्षणाद्विपरीतो रागद्वेषपरिणामो मोहपरिणामो वा । केषु विषयेषु ? **सव्वदव्वेसु** शुभाशुभसर्वद्रव्येषु । **णासवदि सुहं असुहं** नास्रवति शुभाशुभकर्म । कस्य ? **भिक्खुस्स** तस्य रागादिरहितशुद्धोपयोगेन तपोधनस्य । कथंभूतस्य ? **समसुह-दुक्खस्स** समस्तशुभाशुभसंकल्परहितशुद्धात्मध्यानोत्पन्नपरमसुखामृततृप्तिरूपैकाकारसमरसीभावबलेन अनभिव्यक्तसुखदुःखरूपहर्षविषादविकारत्वात्समसुखदुःखस्येति । अत्र शुभाशुभसंवरसमर्थः शुद्धोपयोगो भावसंवरः भावसंवराधारेण नवतरकर्मनिरोधो द्रव्यसंवर इति तात्पर्यार्थः ॥ १४२ ॥

**समयव्याख्या : सामान्यसंवरस्वरूपाख्यानमेतत् । यस्य रागरूपो द्वेषरूपो मोहरूपो वा समग्रपरद्रव्येषु न हि विद्यते भावः तस्य निर्विकारचैतन्यत्वात्समसुखदुःखस्य भिक्षोः शुभमशुभञ्च कर्म नास्रवति, किन्तु संव्रियत एव । तदत्र मोहरागद्वेषपरिणामनिरोधो भावसंवरः । तन्निमित्तः शुभाशुभकर्मपरिणामनिरोधो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यसंवर इति ॥ १४२ ॥**

**અનુવાદ : આ, સામાન્યપણે સંવરના સ્વરૂપનું કથન છે.**

**જેને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે રાગરૂપ, દ્વેષરૂપ કે મોહરૂપ ભાવ નથી, તે ભિક્ષુને–કે જે નિર્વિકારચૈતન્યપણાને લીધે સમસુખદુઃખ છે તેને–શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી, પરંતુ સંવર જ થાય છે. તેથી અહીં (એમ સમજવું કે) મોહરાગદ્વેષપરિણામનો નિરોધ તે ભાવસંવર છે, અને તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના શુભાશુભકર્મપરિણામનો (-શુભાશુભકર્મરૂપ પરિણામનો) નિરોધ તે દ્રવ્યસંવર છે. ૧૪૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૪, મંગળવાર]

હવે સામાન્ય સંવરનું સ્વરૂપ કહે છે :

जिस पुरुषके समस्त परद्रव्योंमें प्रीतिभाव द्वेषभाव अथवा तत्त्वोंकी अश्रद्धारूप मोह नहीं है। समान है सुखदुःख जिसके ऐसे महामुनिके शुभरूप पापरूप पुद्गलद्रव्य आस्रवभावको प्राप्त नहीं होता ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિની અપેક્ષાએ વાત લીધી છે. મહામુનિઓને સર્વજ્ઞને દેખીને પ્રમોદ આવતો નથી પણ પોતાના કારણે શુભ રાગ ઊઠે છે. મુનિઓને બધા પરપદાર્થો જ્ઞાનના જ્ઞેય છે. દુશ્મન આવે તો દુશ્મનના કારણે દ્વેષ થતો નથી એવી યથાર્થ શ્રદ્ધા તો છે. ઉપરાંત પોતાના સ્વભાવમાં લીનતા છે તેથી રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી, તેમ જ મુનિને તત્ત્વની અશ્રદ્ધા હોતી નથી, જીવથી શરીર ચાલે તેમ માને નહિ, શરીરથી જીવમાં લાભ થાય તેમ માને નહિ. શરીરની નીરોગતાથી ધર્મ થાય ને રોગથી ધર્મ ન થાય એમ માનતા નથી તેમજ સુખદુઃખના સંયોગોમાં સમાન ભાવ વર્તે છે તેવા મુનિને શુભાશુભ આસ્રવ થતો નથી. તે મહા મુનિઓ પોતાની અંતરદશામાં-વીતરાગી દશામાં ઝૂલે છે.

વાદિરાજ મુનિને કોઢ હતો. કોઈ ઈર્ષાળુએ રાજાને મોઢે ચાડી ખાધી કે જૈનના મુનિ કોઢિયા છે તેથી રાજાએ એક શ્રાવકને પૂછ્યું કે શું તારા ગુરુ કોઢિયા છે? ધર્મની નિંદા ન થાય તે માટે શ્રાવકે કહ્યું કે ના, મારા ગુરુ કોઢિયા નથી. પછી મુનિ પાસે જઈને શ્રાવકે બધી વાત કહી. મુનિએ કહ્યું કે ફિકર કરીશ નહિ, જેમ બનવાનું હશે તેમ બનશે. મુનિને અંતરભાન છે. શરીરનો રોગ પલટાવવાની જીવની તાકાત નથી પણ શાસનની પ્રભાવનાનો યોગ હશે તો શરીર પોતાના કારણે પલટી જશે. પછી વાદિરાજ મુનિએ પ્રભુની સ્તુતિ કરી કે "હે નાથ! તમો જે નગરીમાં આવો છો ત્યાં ઈન્દ્રો મોટાં સમવસરણ રચે છે, તો હે નાથ! તમોને મારા હૃદયમાં લાવું છું ને શરીરમાં રોગ રહે તેમ બને નહિ. હે નાથ! તમો માતાના પેટમાં આવ્યા પહેલાં છ માસથી ઈન્દ્રો રત્નના વરસાદ વરસાવે છે તો પછી હું તમોને મારામાં ધારણ કરું ને શરીરમાં રોગ રહે તેવું બને નહિ" જુઓ, શાસનની પ્રભાવના માટે વિકલ્પ ઊઠ્યો છે. ભક્તિ કરે છે. પણ ભાન છે કે તે ભક્તિના વિકલ્પથી અથવા પોતાના મુનિપણાથી શરીર પલટી જાય એમ બનતું નથી, શરીરનું પલટવું શરીરના કારણે છે પણ જોગાનુજોગ શાતાના ઉદયે શરીર પલટવા માંડ્યું ને નીરોગી થઈ ગયું. અંગૂઠે થોડો કોઢ રાખ્યો એટલે કે તે જગ્યાએ રહેવા યોગ્ય હતો તો રહી ગયો. સવારમાં રાજા મુનિને જોવા આવ્યો. રાજાએ જોયું તો શરીર સુંદર હતું, પછી મુનિએ રાજાને વાત કરી કે હું કોઢિયો હતો તે વાત પણ સાચી છે એમ કહી અંગૂઠે રહેલ કોઢ બતાવ્યો. શ્રાવકની ભક્તિ તથા પ્રભાવનાના ઉદયને લીધે શરીર પલટી ગયું. આ પ્રકારે જૈન ધર્મની નિંદા થતી અટકીને પ્રભાવના થઈ. જુઓ, મુનિ શરીરની ક્રિયાના કર્તા નથી, માત્ર વિકલ્પ ઊઠ્યો છે. જે એમ માને કે મુનિથી શરીરની અવસ્થા પલટાણી તે મિથ્યાદૃષ્ટિ છે. સનતકુમાર મુનિને ૭૦૦ વરસ સુધી ગળત કોઢ રહ્યો. જ્યાં સુધી ચક્રવર્તીપદે હતા ત્યાં સુધી નીરોગ ને જ્યાં મુનિ થયા ત્યાં ગળત કોઢ! અજ્ઞાનીને નવાઈ લાગે કે ધર્મ કરનારને રોગ કેમ થાય? ભાઈ, તે બધું ક્રમબદ્ધ છે. મુનિઓ સુખદુઃખના પ્રસંગે નિર્લેપ છે, વાદિરાજ મુનિ એમ માનતા ન હતા કે શ્રાવકનું કહેવું સાચું થયું તથા શરીરમાં મારું ધાર્યું થયું. મુનિઓ તો સુખદુઃખના પ્રસંગે સહજ દશામાં-સમતા રસમાં વર્તે છે. તેથી તેમને આસ્રવ થતો નથી. (અલ્પ આસ્રવ થાય છે તેને ગૌણ ગણવામાં આવ્યો છે.)

કોઈને એમ થાય કે કથાનુયોગની અપેક્ષાએ જીવ પરદ્રવ્યની ક્રિયા કરી શકતો હશે ને દ્રવ્યાનુયોગની અપેક્ષાએ જીવ પરદ્રવ્યનું કરી શકતો નહીં હોય?

ભાઈ, ગમે તે અનુયોગમાં સિદ્ધાંત તો એક જ છે. માનતુંગ મુનિ ભક્તામર સ્તોત્ર રચે છે ને ૪૮ ઓરડાનાં ૪૮ તાળાં તૂટે છે. ભાન છે કે જીવના ભાવને લીધે તે તૂટ્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી ને શાસ્ત્રની પ્રભાવનાને લીધે તૂટ્યાં એમ પણ નથી, પરમાણુઓ પણ શક્તિવાળા છે. તેનામાં દ્રવ્યત્વ ગુણના કારણે હંમેશાં અવસ્થા બદલતી રહે છે, મુનિથી તાળાં તૂટ્યાં એમ માનવું તે મુનિને કલંક દેવા સમાન છે. શાસન પ્રભાવનાનો ઉદય થવાનો હતો, કોઈ પરમાણુને મુનિ રાખે કે દૂર કરે એ તેમના હાથની વાત નથી, મુનિઓની સમતાની વાત ચાલે છે. મુનિઓ કહે છે કે અમો ચૈતન્ય છીએ, અમારાથી પરની પર્યાય થતી નથી, મુનિઓને અતત્ત્વ શ્રદ્ધાન તો હોતું નથી પણ સમ્યગ્દર્શન ઉપરાંત સમતાભાવ હોય છે. શુભાશુભભાવ મારું સ્વરૂપ નથી એમ શ્રદ્ધા ઉપરાંત સ્વભાવમાં લીનતા જેટલી વર્તે છે - અરાગભાવ વર્તે છે તેટલા પ્રમાણમાં કર્મના પરમાણુ આવતા નથી.

**ભાવાર્થ** : લૂગડાં છોડ્યાં માટે મુનિપણું નથી, સ્વભાવ દૃષ્ટિ ઉપરાંત રાગદ્વેષ ઘણા ઘટી ગયા છે, સર્વ પર દ્રવ્યો પ્રત્યે રાગદ્વેષમોહનાશ થયો છે. જડની પર્યાય જડથી થાય છે, આત્માથી થતી નથી, જોરદાર વાણી બોલીએ તો ઝાઝા માણસ વચ્ચે પ્રભાવ પડે એમ મુનિ માનતા નથી. જે વખતે જે જડ પદાર્થોની સ્થિતિ જ્યાં જેમ થવાની હોય તેમ થાય છે. તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી, દેહની સ્થિતિ પૂરી થવાની હોય ત્યાં કોણ બચાવે ? ઈન્દ્ર પણ બચાવવા સમર્થ નથી, અજ્ઞાનીને મનમાં થાય કે, આમ કર્યું હોત તો બચી જાત પણ જ્ઞાનીને પરની પર્યાય ફેરવવાની બુદ્ધિ હોતી નથી. મુનિને તો દૃષ્ટિ ઉપરાંત દરેક પદાર્થ પ્રત્યે સમતાભાવ વર્તે છે. આમ ન થયું હોત તો ? એવી વિષમતા મુનિને હોતી નથી, સર્વ પદાર્થો પ્રત્યે દૃષ્ટિપૂર્વક સમતાભાવ વર્તે છે. તેથી શુભાશુભ ભાવો થતા નથી. અંતર દ્રવ્યનું અવલંબન વર્તે છે તેને સંવર કહે છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૫, બુધવાર]

આ સંવરનો અધિકાર છે. લોકો પૌષધ ને સામાયિક કરે છે પણ તે શું છે તે અનંતકાળથી ખ્યાલમાં આવ્યું નથી. બે ઘડી બેસી રહેવું તે સામાયિકનું સ્વરૂપ નથી, શરીરાદિ પર પદાર્થોથી જુદો ને રાગદ્વેષથી રહિત આત્માનું ભાન થવું તે સમ્યગ્દર્શન છે. તે ઉપરાંત પર પદાર્થો પ્રત્યે સાવધાની ન થવી, અવ્રત ને પ્રમાદ અટકવો તે સંવર છે. અહીં મુનિપણાની વાત ચાલે છે, જ્ઞાનીને નીચલી દશામાં આત્માનું ભાન હોય છે. પણ હજુ ચારિત્ર દોષ છે. છતાં અનંતાનુબંધીનો રાગ હોતો નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે પર દ્રવ્ય નુકસાનકારક નથી તો પછી ધર્મીજીવને માંસ ખાવાની વૃત્તિ થતી નથી ને રોટલા ખાવાની વૃત્તિ થાય છે એ શું ? એ બન્ને તો પુદ્ગલ દ્રવ્ય છે - પર છે ?

**સમાધાન** : આત્માનું ભાન થવાથી સમ્યગ્દર્શન થાય છે ને અનંતાનુબંધીનો અભાવ થયો છે એટલે સંવર છે. સ્ત્રી, પુત્ર, વેપારાદિ પ્રત્યે આસક્તિનો રાગ વર્તે છે પણ માંસ ખાવાનો તીવ્ર રાગ એમને હોતો નથી. માંસ પરદ્રવ્ય છે તે નુકસાનકારક છે એમ નથી તેમજ તે વસ્તુ છૂટી અથવા ન ખાય માટે ધર્મ થાય છે એમ પણ નથી, પરવસ્તુ લાભકારક કે નુકસાનકારક છે જ નહિ પણ અંતર આત્માનું ભાન થયું એટલે માંસ ખાવાનો તીવ્ર રાગ ઉત્પન્ન જ થતો નથી. જેમ સ્વસ્ત્રી ને પરસ્ત્રી બન્ને સ્ત્રી છે; છતાં સજ્જન પુરુષને બન્ને વચ્ચે વિવેક વર્તે છે. તેમ આત્મભાનવાળાને પરસ્ત્રી પ્રત્યે રાગ થતો નથી કે દારૂ માંસ લેવાનો રાગભાવ હોતો નથી. પોતાની ભૂમિકા અનુસાર જેટલું દ્રવ્યનું અવલંબન વર્તે છે તેટલો રાગ હોતો નથી.

પાંચમી ભૂમિકામાં દ્રવ્યનું વિશેષ અવલંબન વર્તે છે તેથી તેને લડાઈના પરિણામ હોતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, બાર વ્રતાદિના પરિણામ હોય છે તે અનુસાર બાહ્ય વસ્તુ ઉપરનું લક્ષ પણ છૂટી જાય છે. છઠ્ઠી ભૂમિકામાં વિશેષ શાંતિ પ્રગટી છે ને તેથી વસ્ત્ર, પાત્ર લેવાનો રાગ ઉત્પન્ન થતો નથી ને તેથી તે પ્રકારનાં નિમિત્તો ઉપરનું લક્ષ છૂટી જાય છે.

અહીં મુનિની વાત કરે છે, અત્યારે તો એક પણ વીતરાગી સંત-મુનિ નજરે પડવો મુશ્કેલ છે, મુનિને ત્રણ કષાય ટળ્યા છે એટલી તો શાંતિ છે જ, પણ જેટલો શુભરાગ પ્રભુને વંદનાદિ કરવાનો ઊઠે તેટલી મલિનતા છે. તે મલિનતા વિનાના જેટલા અરાગી પરિણામ થાય તે શાંતિ છે ને તેટલો સંવર છે.

૧. મુનિઓને કોઈ દ્રવ્યમાં અતત્ત્વ શ્રદ્ધા હોતી નથી.

૨. સમસ્ત પરદ્રવ્ય પ્રત્યે રાગ કે દ્વેષ થતા નથી, ભગવાન પ્રત્યે પણ રાગ ઉત્પન્ન થતો નથી ને કોઈ પ્રત્યે દ્વેષ થતો નથી. જેટલો પુણ્ય-પાપરૂપી આસ્રવ અટકી જાય છે ને વીતરાગતા થાય છે તેટલો સંવર છે એમ અહીં સાતમા ગુણસ્થાનના મુનિના સંવરની વાત છે.

મુનિપણું કોને કહેવું તે લોકોને શ્રદ્ધામાં બેઠું નથી ને જેને તેને મુનિ માની લ્યે છે. જેમને ગણધરાદિક નમસ્કાર કરે એવા મહામુનિઓ કે જેઓ ચૈતન્યમાં લીન થયેલા છે, તેમને સર્વ દ્રવ્યો પ્રત્યે સમભાવ છે, આ સત્ય છે એમ કહેવાનો રાગ ને બીજું અસત્ય છે એમ કહેવાનો દ્વેષ સાતમી ભૂમિકામાં ઊઠતો નથી,

**પ્રશ્ન** : પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકતો નથી તો પછી પરદ્રવ્યની ક્રિયા ગમે તે હોય તો ?

**સમાધાન** : ચોથે ગુણસ્થાને પોતાના સ્વભાવનું ભાન થવું તેને માંસ આદિ લેવાની રાગવૃત્તિ થતી નથી એટલે માંસ, દારૂ આદિ નિમિત્તો છૂટી જાય છે. છઠ્ઠે ગુણસ્થાને અંતર વીતરાગી દશા થતાં વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ ઉત્પન્ન થતો નથી તેથી વસ્ત્ર પાત્ર આદિ નિમિત્તો છૂટી જાય છે. જેટલા પ્રમાણમાં સ્વભાવનું અવલંબન વર્તે છે તેટલા પ્રમાણમાં રાગ ઉત્પન્ન થતો નથી ને તેટલાં નિમિત્તો સહજ છૂટી જાય છે. બહારમાં વસ્ત્ર, પાત્ર રહે ને અંદર મુનિપણું પ્રગટે તેમ બને નહિ પણ અંતર વીતરાગી દશા ને શરીરની નગ્નદશાને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે.

ઉનાળાની ગરમીમાં શિખંડથી તૃપ્તિ લાગે છે તેમ આત્માનું ભાન થયા પછી અંતર વીતરાગી દશા પ્રગટ થતાં અંતરમાંથી શાંતિ પ્રગટે છે. આમ એકાકાર આનંદસ્વરૂપમાં ઝૂલે તેને સંવર કહે છે. આવી દશા મુનિઓને હજારોવાર આવે છે. જેવો સિદ્ધનો અનુભવ છે તેવો અંશે અનુભવ મુનિઓને હોય છે. જેને સુખદુઃખના પ્રસંગે હરખશોક ઉત્પન્ન થતા નથી એવા મુનિને ભાવસંવર હોય છે.

કેટલાક લોકો એમ માને છે કે કર્મરૂપી છિદ્રને અટકાવવાથી ધર્મ થાય પણ તે ભૂલ છે. કર્મ પરવસ્તુ છે. કર્મરહિત શુદ્ધ આત્મદ્રવ્યની અંતરદૃષ્ટિ કરે તો મિથ્યાત્વનું છિદ્ર અટક્યું કહેવાય ને લીનતા કરે તો અવ્રતનું છિદ્ર અટક્યું કહેવાય, પર્યાયબુદ્ધિનાં છિદ્ર પડ્યાં છે. સ્વભાવબુદ્ધિ કરવાથી તેનો નાશ થાય છે. ને મોહરાગદ્વેષ નાશ થતાં કર્મો સ્વયં નાશ પામે છે. કર્મનો નાશ કરવો પડતો નથી, વળી કેટલાક જીવો મહાવ્રતના શુભરાગથી સંવર માને છે ને ઉપવાસાદિ શુભરાગથી નિર્જરા માને છે તે પણ ભૂલ છે. બન્ને શુભ રાગ છે તેનાથી રહિત આત્મા શુદ્ધ છે એની શ્રદ્ધાથી ભાવસંવર થાય છે તેને લીધે નવાં કર્મો આવતાં નથી. ૧૪૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जस्स जदा खलु पुण्णं जोगे पावं च णत्थि विरदस्स।**
**संवरणं तस्स तदा सुहासुहकदस्स कम्मस्स॥ १४३ ॥**

**यस्य यदा खलु पुण्यं योगे पापं च नास्ति विरतस्य।**
**संवरणं तस्य तदा शुभाशुभकृतस्य कर्मणः॥ १४३ ॥**

**જ્યારે ન યોગે પુણ્ય તેમ જ પાપ વર્તે વિરતને,**
**ત્યારે શુભાશુભકૃત કરમનો થાય સંવર તેહને. १४૩.**

**અન્વયાર્થ :** [यस्य] જેને (-જે મુનિને), [विरतस्य] વિરત વર્તતાં થકાં, [योगे] યોગમાં [पुण्यं पापं च] પુણ્ય અને પાપ [यदा] જ્યારે [खलु] ખરેખર [न अस्ति] હોતાં નથી, [तदा] ત્યારે [तस्य] તેને [शुभाशुभकृतस्य कर्मणः] શુભાશુભભાવકૃત કર્મનો [संवरणम्] સંવર થાય છે.

---

**तात्पर्यवृत्ति :** अथायोगिकेवलिजिनगुणस्थानापेक्षया निरवशेषेण पुण्यपापसंवरं प्रतिपादयति,-**जस्स** यस्य योगिनः। कथंभूतस्य ? **विरदस्स** शुभाशुभसंकल्पविकल्परहितस्य **णत्थि** नास्ति **जदा खलु** यदा काले खलु स्फुटं। किं नास्ति ? **पुण्णं पावं च** पुण्यपापद्वयं। क्व नास्ति ? **योगे** मनोवाक्कायकर्मणि। न केवलं पुण्यपापद्वयं नास्ति। वस्तुतस्तु योगोपि संवरं **तस्स तदा** तस्य भगवतस्तदा संवरणं भवति। कस्य संबंधि ? **कम्मस्स** पुण्यपापरहितानंतगुणस्वरूपपरमात्मनो विलक्षणस्य कर्मणः। पुनरपि किंविशिष्टस्य ? **सुहासुहकदस्स** शुभाशुभकृतस्येति। अत्र निर्विकारशुद्धात्मानुभूतिर्भावसंवरस्तन्निमित्तद्रव्य-कर्मनिरोधो द्रव्यसंवर इति भावार्थः॥ १४३ ॥

**समयव्याख्या : विशेषेण संवरस्वरूपाख्यानमेतत्। यस्य योगिनो विरतस्य सर्वतो निवृत्तस्य योगे वाङ्मनःकायकर्मणि शुभपरिणामरूपं पुण्यमशुभपरिणामरूपं पापञ्च यदा न भवति तस्य तदा शुभाशुभभावकृतस्य द्रव्यकर्मणः संवरः स्वकारणाभावात्प्रसिद्ध्यति। तदत्र शुभाशुभपरिणामनिरोधो भावपुण्यपापसंवरो द्रव्यपुण्यपापसंवरस्य हेतुः प्रधानोऽवधारणीय इति॥ १४३ ॥**

**–इति संवरपदार्थव्याख्यानं समाप्तम्।**

અનુવાદ : **આ, વિશેષપણે સંવરના સ્વરૂપનું કથન છે.**

**જે યોગીને, વિરત અર્થાત્ સર્વતઃ નિવૃત્ત વર્તતાં થકાં, યોગમાં–વચન, મન અને કાયસંબંધી ક્રિયામાં–શુભપરિણામરૂપ પુણ્ય અને અશુભપરિણામરૂપ પાપ જ્યારે હોતાં નથી, ત્યારે તેને શુભાશુભભાવકૃત દ્રવ્યકર્મનો (–શુભાશુભભાવ જેનું નિમિત્ત હોય છે એવા દ્રવ્યકર્મનો), સ્વકારણના અભાવને લીધે, સંવર થાય છે. તેથી અહીં (આ ગાથામાં) શુભાશુભ પરિણામનો નિરોધ–ભાવપુણ્યપાપસંવર–દ્રવ્યપુણ્યપાપસંવરનો પ્રધાન હેતુ અવધારવો (-સમજવો). १४૩.**

**આ રીતે સંવરપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૫, બુધવાર]

હવે સંવરનું વિશેષ સ્વરૂપ કહે છે :

પરદ્રવ્યનો ત્યાગી થાય છે એટલે કે જે જીવ નિશ્ચયથી પરદ્રવ્યો તરફ ઉપેક્ષા ભાવ રાખે છે તેને સંવર થાય છે. અહીં મુનિની વાત છે. દયાદાનાદિના ભાવ શુભ છે. હિંસા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જૂઠું આદિ અશુભ છે. બન્ને મલિન ભાવ આસ્રવ છે, મુનિને મન-વચન-કાયાના નિમિત્તે શુભાશુભ ભાવ થતા નથી, ને સ્વભાવમાં લીનતા વર્તે છે. તે સમયે કર્મો આવતાં અટકી જાય છે. તે દ્રવ્યસંવર છે.

**ભાવાર્થ** : જ્યારે મહામુનિ સર્વથા પ્રકારે શુભાશુભ યોગોની પ્રવૃત્તિથી નિવૃત્ત થાય છે ત્યારે આગામી કર્મોનો નિરોધ થાય છે, મિથ્યાભ્રાંતિ, રાગદ્વેષ, દયાદાનના પરિણામ ભાવ કર્મ છે. તે ભાવકર્મ આવે ત્યારે શું તેનો નાશ થતો હશે ? ના, શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું અવલંબન લેતાં રાગદ્વેષની ઉત્પત્તિ થતી નથી. તેણે ભાવકર્મનો નાશ કર્યો કહેવાય છે, ને તેના નિમિત્તે દ્રવ્યકર્મો સ્વયં આવતાં અટકી જાય છે. મૂળ કારણ ભાવકર્મ છે. જ્યારે ભાવકર્મ હોતાં નથી ત્યારે દ્રવ્યકર્મ ક્યાંથી હોય ? એટલે કે ન જ હોય. તેથી નક્કી થાય છે કે શુભાશુભ ભાવોનો નિરોધ થવો તે ભાવપુણ્યપાપસંવર છે ને ભાવસંવર દ્રવ્યપુણ્ય-પાપના નિરોધનો પ્રધાન હેતુ છે.

જીવોને વસ્તુ સ્વભાવની ખબર નથી ને માને કે અમોએ વરસીતપ કર્યો ને પ્રતિક્રમણાદિ કર્યાં માટે નિર્જરા થઈ, પણ મિથ્યાત્વના પ્રતિક્રમણ વિના અવ્રત કે પ્રમાદનું પ્રતિક્રમણ હોઈ શકે નહિ. જેને પુણ્યની રુચિ છે તેને અંતરમાં નિમિત્તની રુચિ છૂટી નથી. તેને સ્વભાવ દૃષ્ટિ થઈ નથી તેથી તેને સંવર હોતો નથી. શુદ્ધઆત્માના અવલંબને જે સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર પ્રગટે ને અશુદ્ધતા અટકે તે ભાવસંવર છે ને તેટલા પ્રમાણમાં કર્મો અટકી જાય છે તે દ્રવ્યસંવર છે. ૧૪૩.

---

**संवरजोगेहिं जुदो तवेहिं जो चिट्ठदे बहुविहेहिं ।**
**कम्माणं णिज्जरणं बहुगाणं कुणदि सो णियदं ॥ १४४ ॥**

**संवरयोगाभ्यां युक्तस्तपोभिर्यश्चेष्टते बहुविधैः ।**
**कर्मणां निर्जरणं बहुकानां करोति स नियतम् ॥ १४४ ॥**

**જે યોગ-સંવરયુક્ત જીવ બહુવિધ તપો સહ પરિણમે,**
**તેને નિયમથી નિર્જરા બહુ કર્મ કેરી થાય છે. ૧૪૪**

**અન્વયાર્થ** : [संवरयोगाभ्याम् युक्तः] સંવર અને યોગથી (શુદ્ધોપયોગથી) યુક્ત એવો [यः] જે જીવ [बहुविधैः तपोभिः चेष्टते] બહુવિધ તપો સહિત પ્રવર્તે છે, [सः] તે [नियतम्] નિયમથી [बहुकानाम् कर्मणाम्] ઘણાં કર્મોની [निर्जरणं करोति] નિર્જરા કરે છે.

---

**तात्पर्यवृत्ति** : एवं नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये संवरपदार्थव्याख्यानमुख्यतया गाथात्रयेण **सप्तमोंतराधिकारः** समाप्तः ।। अथ शुद्धात्मानुभूतिलक्षणशुद्धोपयोगसाध्ये निर्जराधिकारे 'संवरजोगेहिं जुदो' इत्यादि गाथात्रयेण समुदायपातनिका । अथ निर्जरास्वरूपं कथयति,-**संवरजोगेहिं जुदो** संवरयोगाभ्यां युक्तः निर्मलात्मानुभूतिबलेन शुभाशुभपरिणामनिरोधः संवरः, निर्विकल्पलक्षणध्यानशब्दवाच्यशुद्धोपयोगो योगस्ताभ्यां युक्तः **तवेहिं जो चेट्ठदे बहुविहेहिं** तपोभिर्यश्चेष्टते बहुविधैः अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरस-परित्यागविविक्तशय्यासनकायक्लेशभेदेन शुद्धात्मानुभूतिसहकारिकारणैर्बहिरंगषड्विधैस्तथैव प्रायश्चित्तविनय-वैयावृत्यस्वाध्यायव्युत्सर्गध्यानभेदेन सहजशुद्धस्वस्वरूपप्रतपनलक्षणैरभ्यंतरषड्विधैश्च तपोभिर्वर्तते यः **कम्माणं णिज्जरणं बहुगाणं कुणदि सो णियदं** कर्मणां निर्जरणं बहुकानां करोति स पुरुषः नियतं निश्चितमिति ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्र द्वादशविधतपसा वृद्धिं गतो वीतरागपरमानंदैकलक्षणः कर्मशक्तिनिर्मूलनसमर्थः शुद्धोपयोगो भावनिर्जरा तस्य शुद्धोपयोगस्य सामर्थ्येन नीरसीभूतानां पूर्वोपार्जितकर्मपुद्गलानां संवरपूर्वकभावेनैकदेश-संक्षयो द्रव्यनिर्जरेति सूत्रार्थः ॥ १४४ ॥

**समयव्याख्या : अथ निर्जरापदार्थव्याख्यानम् । निर्जरास्वरूपाख्यानमेतत् । शुभाशुभपरिणामनिरोधः संवरः, शुद्धोपयोगो योगः । ताभ्यां युक्तस्तपोभिरनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासन-कायक्लेशादिभेदाद्बहिरङ्गैः प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानभेदादन्तरङ्गैश्च बहुविधैर्यश्चेष्टते स खलु बहूनां कर्मणां निर्जरणं करोति । तदत्र कर्मवीर्यशातनसमर्थो बहिरङ्गान्तरङ्गतपोभिर्बृंहितः शुद्धोप-योगो भावनिर्जरा, तदनुभावनीरसीभूतानामेकदेशसंक्षयः समुपात्तकर्मपुद्गलानां द्रव्यनिर्जरेति ॥ १४४॥**

**અનુવાદ : હવે નિર્જરાપદાર્થનું વ્યાખ્યાન છે. આ, નિર્જરાના સ્વરૂપનું કથન છે.**

**સંવર એટલે શુભાશુભ પરિણામનો નિરોધ, અને યોગ એટલે શુદ્ધોપયોગ; તેમનાથી (-સંવર અને યોગથી) યુક્ત એવો જે (પુરુષ), અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશાદિ ભેદોવાળાં બહિરંગ તપો સહિત તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એવા ભેદોવાળાં અંતરંગ તપો સહિત—એમ બહુવિધ તપો સહિત પ્રવર્તે છે, તે (પુરુષ) ખરેખર ઘણાં કર્મોની નિર્જરા કરે છે. તેથી અહીં (આ ગાથામાં એમ કહ્યું કે), કર્મના વીર્યનું (-કર્મની શક્તિનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે વૃદ્ધિ પામેલો શુદ્ધોપયોગ તે ભાવનિર્જરા છે અને તેના પ્રભાવથી (-વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્‌ગલોનો એકદેશ સંક્ષય તે દ્રવ્યનિર્જરા છે. ૧૪૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૫, બુધવાર]

હવે નિર્જરા પદાર્થની વ્યાખ્યા કરે છે, આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે.

જે ભેદવિજ્ઞાની શુભાશુભ ભાવાસ્રવના નિરોધરૂપ સંવર ને શુદ્ધોપયોગરૂપ યોગથી સંયુક્ત અનેક પ્રકારનાં અંતરંગ-બહિરંગ તપો કરે છે તે નિશ્ચયથી ઘણાં કર્મોની નિર્જરા કરે છે.

ભેદવિજ્ઞાની જીવને યોગ હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવને યોગ હોતો નથી. આત્માના ભાન વિના ધ્યાન શેનું ? અનંતા આત્મા છે. અનંતા પરમાણુ છે. આત્મામાં સમયે સમયે સંસારમાં વિકાર થાય છે. તેમાં કર્મ નિમિત્ત છે. છતાં આત્મા દ્રવ્યે શુદ્ધ છે એવા ભાન વિના યોગ થઈ શકે નહિ.

અજ્ઞાની જીવો કહે છે કે સમભાવ રાખો પણ સમભાવનો અર્થ સમજતા નથી. બધા સાથે ખાવું-પીવું એ સમતાભાવ નથી. તેમ સુદેવ અને કુદેવને સરખા માનવા, સુગુરુ અને કુગુરુને સરખા માનવા, સુશાસ્ત્ર ને કુશાસ્ત્ર ને સરખા માનવા તે સમભાવ નથી પણ મૂર્ખાઈ છે. સુદેવાદિને સુદેવ જાણે ને સ્થાપે. કુદેવાદિને કુદેવાદિ જાણે ને સ્થાપે, સુધર્મને સુધર્મ જાણે, કુધર્મને કુધર્મ જાણે તે સમદર્શિતા છે. પત્ની ને બેન બન્ને સ્ત્રીની પર્યાય છે. બન્નેને સરખા માને તે મૂર્ખ છે. તેને વર્તમાન પર્યાયનો વિવેક કરતાં આવડતો નથી. તેમ કુદેવ-સુદેવ વગેરે જીવદ્રવ્ય છે પણ પર્યાયમાં મોટો ફેર છે. એવો વર્તમાન પર્યાયનો ફેર જે જાણતો નથી તેને પરથી ને રાગથી આત્મા જુદો છે એવો વિવેક કરતાં આવડશે નહિ. પર્યાયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફેર ન માને ને એકલો દ્રવ્યને માને તે ભેદજ્ઞાની નથી. સુદેવ ને કુદેવ વચ્ચે વિવેક જાણે, જડ ને ચૈતન્યનો વિવેક જાણે. વિકાર ને અવિકારનો વિવેક જાણે, બંધ ને અબંધ વચ્ચે વિવેક જાણે. શાંતિ ને અશાંતિ વચ્ચે વિવેક જાણે તે ભેદવિજ્ઞાની છે, તેને શુભાશુભ ભાવો ઉત્પન્ન થતા નથી. તેને સંવર છે, તેને આત્મામાં શુદ્ધ ઉપયોગરૂપ જોડાણથી ને અંતરંગ બહિરંગ તપથી શુદ્ધતા થાય છે. યોગ એટલે સ્વરૂપની એકાગ્રતા. જ્ઞાનીને સ્વરૂપમાં એકાગ્રતા થાય છે. તેને શુદ્ધતાની વૃદ્ધિરૂપ ને અશુદ્ધતાના વ્યયરૂપ નિર્જરા છે. અથવા જૂનાં કર્મો ટળી જાય છે એ અપેક્ષાએ દ્રવ્યનિર્જરા છે. તેવા જીવને બાર પ્રકારનો તપ નિર્જરામાં નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની જીવને આત્માનો વિવેક નથી તેથી તેને શુદ્ધતા થતી નથી ને કર્મો ટળતાં નથી, તેને નિર્જરા થતી નથી. જ્ઞાની જીવને જેટલો શુદ્ધ ઉપયોગ વર્તે છે તેટલી અશુદ્ધતા થતી નથી ને તેટલા પ્રમાણમાં કર્મો ટળી જાય છે.

**ભાવાર્થ** : બાર પ્રકારના તપથી કોને નિર્જરા થાય છે તે કહે છે. પરપદાર્થ ને પુણ્યથી આત્મા જુદો છે એવા ભાનપૂર્વક આત્મામાં રમે તેને તપ કહે છે ને તેને નિર્જરા હોય છે, આત્માના ભાન વિના સાચાં વ્રત-તપ હોતાં નથી.

**અનશન** : ઉપવાસથી નિર્જરા થાય તે વ્યવહારકથન છે. આહાર મેં લીધો નથી, તેમજ છોડ્યો પણ નથી. રાગના ગ્રહણ-ત્યાગ પણ મારા સ્વભાવમાં નથી એવા ભાનપૂર્વક આત્મામાં શુદ્ધ ઉપયોગ વર્તે છે તે નિર્જરા છે. પૂર્વે આહાર ન લેવાનો શુભરાગ હોય છે. તેથી ઉપવાસતપથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

**અવમૌદર્ય** : આહાર ઓછો લેવો તે તો શુભ ભાવ છે. તે તપ નથી કેમકે આહારાદિના ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ, પર્યાયમાં જરા રાગ હતો. તે સ્વભાવમાં સ્થિરતા વડે ટાળ્યો તે નિર્જરા ને તપ છે.

**વૃત્તિ પરિસંખ્યાન** : વૃત્તિનો સંકોચ કરવો તે શુભરાગ છે. અમુક ચીજો લેવી-ન લેવી તે આત્માના હાથની વાત નથી. આટલાં દ્રવ્ય ખપે-ન ખપે તેની તો વાત છે જ નહિ. આત્મામાં પરવસ્તુનો અભાવ છે એવા ભાનપૂર્વક શુદ્ધ ઉપયોગ વર્તે છે તે નિર્જરા છે. તે પહેલાં વૃત્તિ સંકોચવાનો શુભરાગ હોય તો વૃત્તિ પરિસંખ્યાનથી તપ થયો એમ કહેવામાં આવે છે.

**રસપરિત્યાગ** : બહારના રસ તો જડના છે તેનો આત્મામાં સદાકાળ ત્યાગ વર્તે છે. આત્માના ભાનપૂર્વક આત્માના રસમાં ઝૂલતા જડ પદાર્થોનો રસ લેવાની વૃત્તિ ઉત્પન્ન ન થઈ તે રસપરિત્યાગ તપ છે. અજ્ઞાની રસના ત્યાગને તપ કહે છે તે ભૂલ છે. આત્મરસમાં વર્તે તે તપ છે. પૂર્વે રસત્યાગનો શુભરાગ હોય તો તે રસપરિત્યાગથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૬, ગુરુવાર]

આ અધિકાર નિર્જરાનો છે. વાસ્તવિકતાનું યથાર્થ જ્ઞાન થાય તેને અંતરશુદ્ધિ થયા વિના રહે નહિ. જીવ વિકારી કે અવિકારી અવસ્થા સ્વતંત્રપણે કરે છે તેમ ન જાણે ત્યાં સુધી અજીવથી ભેદજ્ઞાન ન થાય. આ ભેદજ્ઞાનનો અધિકાર છે. નવ તત્ત્વો જુદાં છે. એકબીજામાં એકબીજાનું કાર્ય માને તો નવ તત્ત્વો ભિન્ન ભિન્ન રહેતાં નથી.

**જીવ** : ત્રિકાળી સ્વભાવ સ્વતંત્ર છે. જીવના ગુણો બીજો કોઈ બનાવે અથવા વર્તમાન અવસ્થા પરથી માને તે જીવતત્ત્વને સમજતો નથી. પોતાનાં દ્રવ્યગુણપર્યાય પરને લીધે નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ જ્ઞાન કરે તો પરથી તદ્દન છૂટા થવાનો પ્રસંગ આવે ને પૂર્ણ છૂટો થાય.

કર્મો વિકાર કરાવે ને દેવ-ગુરુ ધર્મ કરાવે એમ માનનાર વર્તમાન સ્વતંત્ર દશાને સ્વીકારતો નથી ને તે દ્રવ્યને પણ સ્વતંત્ર સ્વીકારતો નથી. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ નિમિત્તના સંયોગની દશા છે ને સંવર, નિર્જરા, મોક્ષ નિમિત્તના વિયોગની દશા છે.

**અજીવ** : જીવમાં વિકારની તારતમ્યતા અનેક પ્રકારની છે. તેમાં પણ તારતમ્યતાવાળા કર્માદિ પુદ્ગલો અનેક પ્રકારનાં છે. અનંતા જડ પુદ્ગલો છે એમ ન સ્વીકારે તો અજીવથી આત્મા જુદો છે તેવું જ્ઞાન થતું નથી.

**પુણ્ય** : દયા-દાનાદિ ભક્તિના ભાવ પુણ્ય છે, તેને ધર્મ માને તો પુણ્ય સંવર થઈ જતાં નવ રહેતાં નથી માટે પુણ્ય બંધનું કારણ છે એમ સમજવું જોઈએ.

**પાપ** : હિંસા, જૂઠું, ચોરી, લોભના પરિણામ પાપ છે. દુશ્મનને દેખીને દ્વેષ માને તો પાપ સ્વતંત્ર રહેતું નથી. પાપ સ્વયંસિદ્ધ પરથી જુદું તત્ત્વ છે. પાપ જડને લીધે માને તો પાપ ને અજીવ એક થતાં નવતત્ત્વ રહેતાં નથી.

**આસ્રવ** : પુણ્ય-પાપ બન્ને મલિન પરિણામ આસ્રવ છે, તે બન્નેને આસ્રવ ન માનતાં પાપને આસ્રવ માને ને પુણ્યને નિર્મળ પરિણામ માને તો આસ્રવનું જ્ઞાન સાચું થતું નથી.

**સંવર** : દયા-દાનાદિના ભાવને અજ્ઞાની જીવો સંવર માને છે. પણ તે તો આસ્રવ છે. પુણ્ય-પાપરૂપી અધર્મભાવ જે ભાવથી અટકે છે તેને સંવર કહે છે. વળી કેટલાક જીવો ચારિત્રને અથવા સંવરને દુઃખદાયક માને છે ને કહે છે કે ચારિત્ર તો વેળુના કોળિયા સમાન છે. લોઢાના ચણા મીણને દાંતે ચાવવા જેવું છે—એમ કહીને વીતરાગી પર્યાયને દુઃખદાયક માને છે. તે જીવ સંવરને ઉડાડે છે ને આર્તધ્યાનરૂપી જે પાપ તેને સંવરની જગ્યાએ સ્થાપે છે. વળી કોઈ પરથી સંવર માને તો તે પણ ભૂલ છે. આત્માના આશ્રયે અશુદ્ધતાનું અટકવું તે સંવર છે.

**નિર્જરા** : જેને ભેદજ્ઞાન હોય તેને શુદ્ધિની વૃદ્ધિ થાય જ. રોટલા છોડ્યા માટે નિર્જરા થઈ એમ અજ્ઞાની માને છે તે ભૂલ છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું એવા ભાનમાં શુદ્ધતા વધવી ને અશુદ્ધતા ટળવી તે નિર્જરા છે.

આ પ્રમાણે બધાં તત્ત્વોને જેમ છે તેમ માનવાં જોઈએ. નવ તત્ત્વો સસલાનાં શીંગડાંની જેમ અભાવરૂપ નથી. નવ પદાર્થો છે. બધા થઈને એક માને, પરથી બીજું માને, અથવા પર્યાય ન સ્વીકારે, પૈસાથી પુણ્યભાવ થયો માને, અજીવ બિલકુલ ન માને તો નવ તત્ત્વ રહેતાં નથી. અજીવમાં પણ ઘણા ભેદ છે. કોઈ શરીરને લાયક પરમાણુ છે, કોઈ કર્મને લાયક પરમાણુ છે વગેરે ઘણી જાતના પરમાણુ છે. એમ અજીવ સ્વીકારવા જોઈએ. કોઈને ત્યાં નવ દીકરા-દીકરી હોય તેને બદલે સાત ગણે તો ? દુનિયા તેને મૂર્ખ કહેશે. તેમ નવ પદાર્થો અનાદિ અનંત છે. તેમાં એક ઓછું માને તો સર્વજ્ઞ કહે છે કે તું અજ્ઞાની છો.

નિર્જરા બાર પ્રકારના ભેદ દ્વારા થાય છે એમ કહ્યું તે નિમિત્તથી કથન છે.

(૧) **અનશન** : જેવી રીતે લૌકિકમાં ધનને તથા અન્નને પ્રાણ કહે છે. ધનથી અન્ન લવાય ને અન્નથી ઇંદ્રિયો, શરીરાદિ પુષ્ટ થાય છે. શરીર ને ઇંદ્રિયો તો પોતાના કારણે ટકે છે પણ તેમાં ધન ને અન્ન નિમિત્ત છે તેથી ધનથી અન્ન મળે છે ને અન્નથી પ્રાણ ટકે છે એમ કહેવાય છે, પણ તે નિમિત્ત કોને ? જે જીવતો છે તેને. પણ મરી ગયેલા માણસની ઇંદ્રિયોને કે શરીરને અન્ન કે ધન પુષ્ટિમાં નિમિત્ત નથી. જીવતાને નિમિત્ત છે; તેમ હું આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનાનંદસ્વભાવી છું. રાગરહિત છું એવી દૃષ્ટિપૂર્વક અંતર અરાગ પરિણામ થાય તેને ઉપવાસ નિમિત્ત કહેવાય છે. જેને ભેદજ્ઞાન વર્તે છે તેને ઉપવાસ તપ નિમિત્ત છે. પણ જેને નવતત્ત્વના ભેદજ્ઞાનરૂપી પ્રાણ નથી ને પર સાથે એકત્વબુદ્ધિમાં રોકાઈને જે મડદા સમાન છે તેને ઉપવાસતપ નિમિત્ત કહેવાતું નથી.

મડદાને અન્ન આપવાથી પ્રાણ ટકશે એમ માનનાર મૂર્ખ છે. તેમ નવતત્ત્વની શ્રદ્ધા ને જ્ઞાન વગરના જીવને ઉપવાસાદિ તપથી ધર્મ થાય એમ માનનાર મૂર્ખ છે. અજ્ઞાની જીવ એમ માને છે કે મેં ઇચ્છા મંદ કરી માટે રોટલા-પાણી ન આવ્યા. ઇચ્છાને લીધે અજીવની અવસ્થા માનનારને ઇચ્છા ને જડ વચ્ચેનું ભેદજ્ઞાન નથી તો પછી તેને ઇચ્છા ને શુદ્ધસ્વભાવ વચ્ચેનું ભેદજ્ઞાન કદી પણ થશે નહિ. પણ જેને ભેદજ્ઞાન છે ને શુદ્ધતા વધે છે તેને ઉપવાસતપ નિમિત્ત કહેવાય છે.

(૨) **અવમૌદર્ય** : ખોરાકના બે કોળિયા ઓછા ખાધા તેને તપ કહે છે. પણ કોને ? અજીવથી તથા ઇચ્છાથી શુદ્ધસ્વભાવ ભિન્ન છે એમ જેને ભેદજ્ઞાન વર્તે છે તેને શુદ્ધોપયોગની વૃદ્ધિ થતાં અવમૌદર્યતપ નિમિત્ત કહેવાય.

અજ્ઞાની માને છે કે મેં આ રોટલા છોડ્યા તે છતા પદાર્થને છતા માનતો નથી. જ્ઞાની સમજે છે કે અજીવ તેનાં કારણે છૂટે છે. ને કષાયમંદતા આસ્રવ છે, તે નિર્જરાનું કારણ નથી પણ શુદ્ધોપયોગ તે નિર્જરા છે. અહીં ટીકામાં અંતરંગ બહિરંગ એમ બાર પ્રકારના તપથી નિર્જરા કહી તે નિમિત્તથી કથન છે. સ્વનું યથાર્થ જ્ઞાન થતાં પરનું અથવા વ્યવહારનું જ્ઞાન થઈ જાય છે. રાગથી કે શરીરાદિની અવસ્થાથી ધર્મ માને તો નવતત્ત્વ રહેતાં નથી ને શરીરાદિ અજીવ પદાર્થો તથા રાગ વગેરે બિલકુલ નથી એમ માને તોપણ નવ રહેતાં નથી. એક વાત ઉડાડતાં આખા આત્માનો નાશ થાય છે. એક વાત યથાર્થ માનતાં સમ્યગ્દર્શન થાય છે. રોટલા ન આવ્યા તે જડની અવસ્થા છે. ઇચ્છા મંદ થઈ તે પુણ્ય છે, નિર્જરા નથી. તે વિનાના શુદ્ધ આત્માના અવલંબને શુદ્ધિની વૃદ્ધિ થવી ને અશુદ્ધતાનું ટળી જવું તે ભાવનિર્જરા છે ને તેનું નિમિત્ત પામીને કર્મો સ્વયં ટળી ગયાં તે દ્રવ્યનિર્જરા છે.

કર્મો ખરી ગયાં એટલે શું ? શું પુદ્ગલદ્રવ્ય ખરી જાય છે ? ના દ્રવ્ય ખરી જતું નથી પણ પરમાણુઓની અવસ્થા કર્મરૂપે હતી તે પલટીને બીજા પરમાણુરૂપે થઈ જાય તેને દ્રવ્યનિર્જરા કહે છે, તે જડની અવસ્થા છે.

દયા-દાનાદિના ભાવ કરે તે ભાવપુણ્ય છે, તેના નિમિત્તે દ્રવ્યપુણ્ય બંધાય છે. તે દ્રવ્ય નથી પણ પરમાણુની પર્યાય છે. પરમાણુનાં દ્રવ્યગુણ ત્રિકાળ છે. તેની અવસ્થાને દ્રવ્યપુણ્ય કહે છે.

આત્માનું ભાન કરી સમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી જેટલા પ્રમાણમાં સ્થિરતા કરી તેટલા પ્રમાણમાં દ્રવ્ય પરમાણુ અટક્યા તે પુદ્ગલની અવસ્થા છે. તે દ્રવ્યસંવર છે ને જેટલી સ્થિરતા કરે છે તેટલા પ્રમાણમાં કર્મો ખરી જાય છે તે દ્રવ્યનિર્જરા છે તે પરમાણુની અવસ્થા છે. તે પરમાણુ કર્મમાંથી પલટીને બીજી અવસ્થારૂપે થાય છે.

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે. એવું ભેદવિજ્ઞાન કરી જે સ્વભાવમાં લીનતા કરે છે તેને અવમૌદર્યતપ નિમિત્ત કહેવાય.

(૩) **વૃત્તિપરિસંખ્યાન** : અમુક વસ્તુ ન લેવાનો ભાવ શુભભાવ છે. તેનાથી રહિત શુદ્ધ આત્મામાં લીનતા વધે તો વૃત્તિપરિસંખ્યાન તપથી નિર્જરા થઈ કહેવાય.

અજ્ઞાની માને છે કે મેં આ ચીજો છોડી–તે અજીવને અને ઈચ્છા એક માને છે. જીવે ઈચ્છા કરી માટે દ્રવ્યો અટક્યાં એમ નથી ને ઈચ્છા કરી માટે ધર્મ થયો એમ પણ નથી. તે દ્રવ્યો સ્વતંત્ર છે. તેનાથી રહિત શુદ્ધચૈતન્યની ભાવનામાં એકાગ્રતા વધે છે ને અશુદ્ધતા ટળે છે તે નિર્જરા ને તપ છે. તેમાં વૃત્તિપરિસંખ્યાન નિમિત્ત છે ને કર્મો કર્મરૂપે નહિ રહેતાં બીજી અવસ્થા રૂપે પલટી જાય છે. તેને દ્રવ્યનિર્જરા કહે છે.

(૪) **રસપરિત્યાગ** : રસવાળા પદાર્થોને છોડવાનો ભાવ શુભ છે. તે વિનાના શુદ્ધ ચૈતન્યમાં લીનતા વધારવી તેને તપ કહે છે, ત્યાં રસ પરિત્યાગનો શુભભાવ નિમિત્ત છે.

જે એમ માને છે કે રસવાળા પદાર્થોને હું છોડી શકું છું તે પરનાં ગ્રહણત્યાગમાં રોકાય છે તેને નવતત્ત્વનું ભાન નથી. તેને ભેદજ્ઞાન નથી, તેથી તેને નિર્જરા થતી નથી. તેને રસપરિત્યાગ બાહ્યથી હોવા છતાં તે મિથ્યાત્વ બાંધતો જાય છે. રસવાળા પદાર્થો અજીવ છે. તે એના કારણે છૂટે છે. તે છોડવાનો ભાવ શુભ છે તેનાથી રહિત આત્મા શુદ્ધ છે - એવી શ્રદ્ધા ને લીનતા વધે છે તે તપ ને નિર્જરા છે. તેને રસપરિત્યાગતપ નિમિત્ત કહેવાય છે. તેને સમ્યક્ મતિશ્રુતજ્ઞાન પ્રગટ થાય છે ને કેવળજ્ઞાન પ્રગટે છે ને સંસારનો અંત આવે છે.

જીવથી જડની અવસ્થા થાય એમ જે માને છે તે જીવને અને અજીવને એક માને છે. અજીવની પર્યાય સ્વતંત્ર, રાગ સ્વતંત્ર, રાગથી આત્મા સ્વતંત્ર - એમ પરથી ભેદજ્ઞાન થાય તેને પુણ્યરહિત આત્મામાં એકાગ્રતા થાય છે તેને રસપરિત્યાગતપનો ઉપચાર આવે છે. અજીવથી જીવ જુદો છે તેમ જ અજીવની સમય સમયની પર્યાયથી જીવનું સમયસમયનું જ્ઞાન જુદું છે એમ જે માનતો નથી તેને ધર્મ થતો નથી. ને જે ભેદજ્ઞાન કરી શુદ્ધિ વધારે છે તેને રસપરિત્યાગ તપથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૭, શુક્રવાર]

આ અધિકાર નિર્જરાનો છે. ધર્મની શરૂઆત ભેદજ્ઞાનથી થાય છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, શરીરાદિ પરતત્ત્વ છે. વિકલ્પથી જુદો છું એવું જેને ભેદજ્ઞાન વર્તે છે તેને નિર્જરા થાય છે. જેને સંવર અથવા સમ્યગ્દર્શન નથી તેને નિર્જરા થતી નથી. ''સંવરયોગાત્'' સંવર હોય તેને નિર્જરા હોય છે. સંવર તેને હોય છે કે જેને ભેદજ્ઞાન હોય છે. રજકણની પર્યાય મારાથી થતી નથી. મારામાં પરથી થતું નથી, પુણ્ય-પાપ પરથી થતા નથી તેમ પુણ્ય-પાપ આત્માથી જુદા છે એમ જ્ઞાન કરે તે ભેદવિજ્ઞાની છે. અનંતા પર પદાર્થથી આત્મા તદ્દન જુદો છે. પુણ્ય-પાપ વિનાનો તથા સંયોગ વિનાનો આત્મા છે એવાને આત્માના સ્વભાવની એકાગ્રતા વર્તે છે ને સંયોગ તરફ ઉપેક્ષા વર્તે છે તેને ભેદજ્ઞાન વર્તે છે, તેને સંયોગનો ને રાગનો સંબંધ તૂટતો જાય છે ને જ્ઞાનસ્વભાવ સાથે સંબંધ થતો જાય છે. તેને નિર્જરા કહે છે.

તે નિર્જરામાં બાર પ્રકારના તપ નિમિત્ત છે.

**રસ પરિત્યાગ** : આત્મા જડના રસથી જુદો છે એવું જેને જ્ઞાન વર્તે છે તેને સ્વભાવમાં એકાગ્રતા થતાં રાગની ઉત્પત્તિ ન થઈ ને રસનો સંયોગ સંબંધ છૂટ્યો તેટલી નિર્જરા છે. અજ્ઞાની જીવ દહીં, દૂધ, પકવાન વગેરે પદાર્થોને છોડ્યા તેને રસ પરિત્યાગ કહે છે. તેને તે પદાર્થો સાથેની એકત્વબુદ્ધિ છૂટી નથી, તેથી તેને નિર્જરા નથી. સંયોગો છૂટવા છતાં ખરેખર તે છૂટ્યા નથી. તે માને છે કે ઈચ્છા મંદ કરી માટે સંયોગો છૂટ્યા, પરપદાર્થ

સાથે એકત્વ બુદ્ધિ વર્તે છે તેને સંયોગ સંબંધ છૂટ્યો નથી. કારણ કે સ્વભાવ સંબંધ થયો નથી. અજ્ઞાનીની દૃષ્ટિ પરપદાર્થો ઉપર છે. જો રાગ કરત તો રસવાળા પદાર્થો આવત ને રાગ ન કર્યો માટે પરપદાર્થો ન આવ્યા એમ જે માને છે તેને પરપદાર્થો સાથે સંયોગબુદ્ધિ રહેલી છે. તેને નિર્જરા થતી નથી.

નિર્જરા કેમ થાય ? પર પદાર્થો છતાં પદાર્થ છે. પરના લક્ષે થતા રાગને લીધે પરપદાર્થો છૂટે એવું સ્વરૂપ છે જ નહિ. પરથી આત્મા છૂટો જ છે પણ પરને છોડું એવો વિકલ્પ પણ શુદ્ધ સ્વભાવમાં નથી. સ્વભાવની એકાગ્રતા કરતાં શુદ્ધિ વધે છે ને રાગ તૂટે છે એટલી નિર્જરા થાય છે. તેને સંયોગ સંબંધ છૂટે છે.

જે પર પદાર્થથી જુદો પડતો નથી તેને રાગથી આત્મા જુદો છે એવું ભેદજ્ઞાન કરતાં આવડશે નહિ. જેને નવ તત્ત્વની ખબર નથી તે ભેદજ્ઞાન કરી શકશે નહિ. પરથી ભેદજ્ઞાન વર્તતું નથી તેને પરમાં અહંકાર થયા વિના રહેતો નથી. કાં તો ભેદજ્ઞાન કરે અથવા અહંકાર કરે. તે સિવાય જીવ કાંઈપણ કરતો નથી.

(૫) **વિવિક્ત શય્યાસન** : સ્ત્રી, પશુ, નપુંસક ન હોય એવી જગ્યાએ મુનિઓ એકાન્તમાં રહે છે. તેને તપ કહે છે. મુનિઓ આસન એવી જગ્યાએ રાખે કે જ્યાં બીજા માણસોનો આવરો-જાવરો ન હોય. તેને નિર્જરા કેવી રીતે થાય ? પ્રથમ તો આખી દુનિયાના અનંતા આત્માથી-પરમાણુથી વિવિક્ત છું–જુદો છું એમ નક્કી કરેલ છે તેને સ્વભાવમાં લીનતા થતાં એકાન્ત જગ્યામાં રહેવાનો વિકલ્પ પણ ઊઠતો નથી તે નિર્જરા છે.

જે જીવ એમ માને કે પરપદાર્થને હું છોડી શકું છું તે જીવ મૂઢ છે. તેને તપ હોતો નથી. જે જીવ એમ માને છે કે સ્ત્રીને લીધે મને રાગ થાય, ઝાઝા માણસ હોય તો પરિણામ સારાં ન રહે, ને એકાન્તમાં જાઉં તો પરિણામ સારાં રહે, તેને તો હજી પરથી ભેદજ્ઞાન પણ કરતાં આવડતું નથી તો પછી ઈચ્છાથી પણ આત્મા જુદો છે એવું ભેદજ્ઞાન કરતાં તો આવડી શકે જ નહિ. પરપદાર્થો પોતાથી વિયોગ સ્વરૂપ છે. છતાં તેનો હું વિયોગ કરું છું એ માન્યતા મૂઢની છે, જેમ ઊલટી થઈ ગઈ છે તેની ઊલટી કરું એમ કહેનાર મૂર્ખ છે તેમ જે વસ્તુ છૂટેલી છે તેને છોડું એમ કહેનાર મૂર્ખ છે.

ચૌદ બ્રહ્માંડમાં અનંતા પરથી આત્મા અભાવ સ્વરૂપ છે છતાં પરને છોડવાની રુચિ છે તેને સ્વભાવની રુચિ નથી. જેને સ્વભાવની રુચિ હોય તેને સંયોગ સંબંધ વ્યવહારે છૂટ્યો કહેવાય પણ જેને સ્વભાવની રુચિ નથી ને પરપદાર્થ છોડી શકું છું એવી જે માન્યતા કરે છે તે જીવ બાહ્યથી મુનિ થઈને ગિરિગુફામાં રહેતો હોય છતાં ત્રણે કાળના પદાર્થો સાથે સંયોગ-સંબંધ તેના અભિપ્રાયમાં ઊભો છે.

અજ્ઞાની જીવ કહે છે કે આટલા પદાર્થ મેં છોડ્યા પણ તે પદાર્થો મારામાં નથી એમ નક્કી કર્યા વિના પરનો અહંકાર છૂટતો નથી. બીજા પદાર્થોથી હું જુદો છું એવું જ્ઞાન કરી સ્વભાવમાં એકાગ્રતા થતાં વિકલ્પ ઉત્પન્ન થતો નથી તે નિર્જરા છે. પૂર્વે વિવિક્ત શય્યાસનનો રાગ હતો તેથી તેનાથી નિર્જરા થઈ એમ ઉપચાર આવે છે. વિકલ્પ છૂટ્યો એમ કહેવું તે ઉપચાર છે. પોતાની પર્યાયનો પણ વ્યય કરવો પડતો નથી. રાગ સહજ છૂટી જાય છે તો પછી પર પદાર્થ છોડવાનું તો ક્યાંય રહ્યું, માટે પરથી ને રાગથી ભેદજ્ઞાન કરી અંતર શુદ્ધિ વધે તે નિર્જરા છે.

**કાયક્લેશ** : શબ્દોનો અર્થ એ છે કે શરીરમાં કડક આસન રાખે, આઠ કલાક બેસી

રહે, પગ પણ ન ચલાવે, તેને કાયક્લેશ તપ કહે છે, કોને ? જેને ભેદજ્ઞાન વર્તે છે તેને તપ હોય છે. શરીરની પર્યાય આત્મા કરી શકતો નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એવા ભેદજ્ઞાન સહિત જેને અંતર્લીનતા વર્તે છે, તે જીવને બાહ્યથી શરીરની આવી અવસ્થા ભજતી હોય તો કાયક્લેશ તપથી નિર્જરા થઈ એમ કહેવાય છે, શરીરના આસનનો કાળ છે તે વખતે જ્ઞાન તરફ વલણ છે, ઈચ્છા ઉત્પન્ન ન થઈ તેથી કાયક્લેશ તપનો ઉપચાર આપેલ છે. લોકો બહારથી શરીરને ભાળે છે, ને શરીરમાં દુઃખ ભાળે છે તેથી કાયક્લેશ શબ્દ વાપરેલ છે.

જ્ઞાની સમજે છે કે શરીરની પર્યાય મેં કરી નથી ને તે તરફના રાગને રાગની દૃષ્ટિથી તોડ્યો નથી, ચૈતન્ય સ્વભાવ સાથે જેણે એકતાબુદ્ધિ કરી છે તેણે અનંતા પરપદાર્થો સાથે સંબંધ તોડ્યો છે. તેણે મિથ્યાત્વ તોડ્યું છે, તે જીવને યોગ હોય છે.

આવી શ્રદ્ધાની ખબર નથી, ક્યાંથી છોડવું ને ક્યાં જોડવું ? કેવી રીતે કોણ જોડાય તેની ખબર વિના, ચૈતન્ય ને જડના ભેદજ્ઞાન વિના યોગ સાધે તે નકામું છે, લોકો કહે છે. ''ફલાણાએ મૃત્યુને જીતી લીધું'' દરેક તત્ત્વ અનંતા ગુણોનો સમાજ છે તે ભૂલીને અનંતા પરપદાર્થો સાથે જોડાણ કરનાર ભેદજ્ઞાન કરી શકે નહિ ને મૃત્યુને જીતી શકે નહિ.

અનંત પદાર્થોથી ભેદજ્ઞાન ન હોય તેને શાંતિ ન હોય. પોતાના સ્વભાવને ચૂકીને અનંતા પર-પદાર્થો સાથે એકત્વ બુદ્ધિ તે જ અશાંતિ છે ને અધર્મ છે.

શરીર સુકાઈ જાય તો તે જડની અવસ્થા છે, જ્ઞાનીની દૃષ્ટિ તેના ઉપર નથી, તેનાથી ભેદ જ્ઞાન વર્તે છે. તેને શુદ્ધતા વધે છે. તેને કાયક્લેશથી નિર્જરા કહે છે. તેને સમાધિને શાંતિ કહે છે. એક તરફથી કાયક્લેશ કહેવો ને એક તરફથી શાંતિ કહેવી એમ કેમ બને ? એવો કોઈ પ્રશ્ન કરે તો સમાધાન એ છે કે લોકો શરીરની અવસ્થાને ભાળે છે ને જ્ઞાનીને એ સમયે એવા પ્રકારની અવસ્થા નિમિત્ત છે પણ તે કાયક્લેશ નિમિત્ત કોને ? જે સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરી એકાગ્રતા કરે તેને કાયક્લેશ નિમિત્ત કહેવાય છે, બીજાને કહેવાતું નથી.

અજ્ઞાની જીવ માને છે કે એક આસને આઠ કલાક બેસી રહ્યો ને હાલ્યોચાલ્યો નહિ તે આસનજય છે. એમ માનનાર મૂઢ છે. જડનો પર્યાય જીવે કર્યો એમ માનનાર મૂઢ છે.

જેમ ઝાડ પડ્યું રહે તેમ શરીર પડ્યું રહે ને બે માસના સંથારા કર્યા તેથી તપ થયો એમ અજ્ઞાની માને છે. તેને શરીર સાથે એકત્વ બુદ્ધિ વર્તે છે, શરીરથી જુદાપણાનું તેને ભાન નથી, તેથી તેને નિર્જરા હોય નહિ, નિર્જરા સંવર વિના ન હોય, સંવર ભેદવિજ્ઞાન વિના ન હોય. અજ્ઞાનીને તો એકત્વ બુદ્ધિ વર્તે છે તેથી તેને તપ કે નિર્જરા હોતી નથી.

એંસી વરસના માણસ ઉપર પાંચ મણ બોજો રાખ્યો હોય તે ભાર માથા ઉપર રાખીને ચંદ્રમાને જોઈ શકે નહિ, તેમ જેને જડની સાથે તીવ્ર એકત્વ બુદ્ધિ વર્તે છે ને તેનો બોજો લઈને ફરે છે તે સત્ય શ્રવણ માટે માથું પણ ઊંચું કરી શકશે નહિ.

માટે ભેદજ્ઞાન કરવું જોઈએ. આ માનસ્તંભ આવશે તે તેના કારણે છે. શુભ ભાવ થયો માટે જડની ક્રિયા થાય છે એમ નથી, બન્ને સ્વતંત્ર છે એવું જેને ભેદજ્ઞાન વર્તે છે તેવા ભેદ જ્ઞાની જીવને પોતાના સ્વભાવમાં લીનતા વર્તે તે નિર્જરા છે. તે વખતે કાયક્લેશવાળી શરીરની અવસ્થા હોય તો કાયક્લેશ તપના નિમિત્તે નિર્જરા થઈ એમ કહેવાય છે.

આ પ્રકારે જ્ઞાનીને છ પ્રકારના બાહ્યતપ નિમિત્ત થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૮, શનિવાર]

આ નિર્જરા અધિકાર છે. પર પદાર્થોથી ને રાગથી આત્મા જુદો છે એવું ભાન થયા પછી આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. તેમાં બાર પ્રકારના તપ નિમિત્ત છે. છ બાહ્યતપની વાત આવી ગઈ હવે છ અંતરંગતપની વાત કહેવામાં આવે છે.

**પ્રાયશ્ચિત્ત** : ગુરુ પાસે પાપનું પ્રાયશ્ચિત્ત લેવું તે શુભરાગ છે. જે પાપના પરિણામ થયા ને જેનું પ્રાયશ્ચિત્ત લેવું છે તે વર્તમાનમાં તો નથી તો કોનું પ્રાયશ્ચિત્ત ? વ્યવહારથી ગુરુ પાસે જઈ પૂર્વનું પ્રાયશ્ચિત્ત કરે તે શુભ રાગ છે તે વખતે પણ એમ ભાન હોવું જોઈએ કે પૂર્વે પરિણામ થયા તેનાથી ને વાણીથી હું જુદો છું. પાપ ક્ષણિક છે, જ્ઞાન સ્વભાવ ત્રિકાળ છે એમ જ્ઞાન કરી અંતરમાં ઠરવું તે પ્રાયશ્ચિત્ત છે.

જ્ઞાન સ્વભાવની નિત્યતા તે પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે એમ જેણે જ્ઞાનમાં લીધું તેને પર્યાયમાં નિર્મળતા પ્રગટે છે. તેને નિર્જરા ને તપ કહે છે, વિકલ્પને પ્રાયશ્ચિત્ત કહેતા નથી. પણ પૂર્વે વિકલ્પ હતો તેથી પ્રાયશ્ચિત્ત તપથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

આત્મા થઈને આત્મા થવું હોય તેની વાત છે, રાગ થઈને આત્મા થતો નથી. પુણ્ય-પાપ સંવર નથી, નિર્જરા નથી, જીવ નથી. જો પુણ્યનો ભાવ સંવર આદિ હોય તો નવ તત્ત્વ રહેતાં નથી. જેને હજી નવ તત્ત્વની શ્રદ્ધાનાં ઠેકાણાં નથી, મિથ્યાત્વ ટાળ્યું નથી, તેને વ્રત, તપ કેવાં ?

જીવોને વર્તમાન પર્યાયનો વિશ્વાસ આવે છે પણ ત્રિકાળી આત્માનો વિશ્વાસ બેસતો નથી. ચૈતન્ય સ્વભાવ એક જ સર્વસ્વ છે એમ કબૂલવું જોઈએ. પાપનાં પરિણામો થાય છે તે પણ ક્રમસર થાય છે. છતાં પ્રાયશ્ચિત્તનો વિકલ્પ આવે છે, નિંદા ગર્હણાનો વિકલ્પ આવે છે. પ્રાયશ્ચિત્ત વખતે હાથ જોડવા રૂપની ક્રિયા વર્તે છે, ગુરુ પાસે ઊભો હોય છે. વાણી બોલાય છે; છતાં પૂર્વના પાપથી ને વર્તમાન શુભરાગ, વાણી, ગુરુ એ બધાથી હું આત્મા જ્ઞાન સ્વરૂપ જુદો છું એવું ભાન વર્તે છે તે જીવને આત્માના અવલંબને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે. તે ખરેખર નિર્જરા છે પણ પૂર્વે વિકલ્પ ઊઠ્યો છે. ગુરુ પાસે ગયેલ છે, તેથી પ્રાયશ્ચિત્ત તપથી નિર્જરા થઈ એમ કહેવામાં આવે છે.

અમૃતચંદ્રાચાર્યે ટીકામાં લખેલ છે કે છ બાહ્ય ને છ આભ્યંતર એમ બાર તપથી નિર્જરા થાય છે પણ શાસ્ત્રનાં લખાણ સમજવાં જોઈએ, લખાણથી પાર આવે એમ નથી, શાસ્ત્રને જ્ઞાન નથી, શાસ્ત્રને ખબર નથી, શાસ્ત્ર બોલતું નથી તેની પાછળ જે રહસ્ય છે તેને આત્મા જાણે છે.

વળી કોઈ કહે છે કે શાસ્ત્ર પુદ્ગલ છે એમ એક તરફથી કહેવું ને બીજી તરફથી ચાંદીનાં શાસ્ત્ર બનાવવાં ને તેનો મહિમા કરવો. આ બધું શું છે ? ભાઈ, તે બધી સંયોગી ચીજો છે, તેની પાછળ રહેલા શુભરાગની ઓળખાણ આપે છે. પોતામાં ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થતાં પોતાને વિકલ્પ આવે છે તે વ્યવહાર વિનય છે ને અંતર નિર્વિકલ્પદશા તે નિશ્ચય વિનય છે. નિશ્ચય ને વ્યવહાર આત્મામાં છે. છતાં નિમિત્તો નિમિત્તોના કાળે હોય છે, તેનો નિમિત્તનૈમિત્તિક સંબંધ વિચારે તો કામ આવે, પણ કર્તાકર્મસંબંધ માને તો તે ભૂલ છે.

વળી કોઈ જીવ કહે કે આપણે તે કાર્યો નથી કરવાં, નથી કરવાં તેની વ્યાખ્યા શી ? શું જડનાં કાર્ય કોઈથી કરી શકાય છે કે જેથી નથી કરવાં એમ તું કહે છે ? જડનાં કાર્યો આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી, સંયોગ સંયોગના કારણે ભજે છે, વળી કોઈ કહે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપણે સાદાં કામ કરવાં, તે જીવ પણ જડની પર્યાયનો કર્તા થાય છે તે મિથ્યાત્વ ભાવ છે. પરથી ભેદજ્ઞાન વિના વ્રત તપ હોઈ શકે નહિ, જ્ઞાનીને ઉપવાસનો વિકલ્પ ઊઠે છે પણ આહાર ને વિકલ્પ ઉપર તેની દૃષ્ટિ નથી, શુદ્ધચૈતન્ય ઉપર દૃષ્ટિ છે તેને નિર્જરા થાય છે.

**વિનય** : વિનય તપથી નિર્જરા થાય છે, કયો વિનય ? વિનય વખતે જે જડની ક્રિયા ભજે છે તેને આત્મા કરી શકતો નથી, દેવ, ગુરુ, શાસ્ત્રનો વિનય પણ રાગ છે. રાગ વિનાનો તથા દેહની ક્રિયા વિનાનો આત્મા શુદ્ધ છે એમ અંતર ભાન થવું તે ખરો વિનય તપ છે. દેવ, ગુરુ, શાસ્ત્રના વિનયથી મુક્તિ થતી હોય તો અનંતવાર એવો વિનય કર્યો ને શુક્લ લેશ્યાના પરિણામ કર્યા પણ મુક્તિ થઈ નહિ, આખો દિવસ ગુરુ પાસે રહે તેની પણ મુક્તિ નથી પરંતુ આત્મા પાસે રહેનારની મુક્તિ છે ને તે જ સાચો વિનય છે.

આત્માનો સ્વભાવ જે રીતે છે તે રીતે ન જાણે તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વ એ જ મોટું પાપ છે, અલ્પ કષાય મંદતાનું પુણ્ય ગૌણ છે.

સાચા દેવ ગુરુ એમ કહે છે કે તારા અવલંબને તારો ધર્મ છે. વિનયનો શુભ રાગ આવે તે પુણ્ય છે. પણ ધર્મ નથી, જ્ઞાન દશામાં જેટલી એકાગ્રતા થાય તે ધર્મ છે. પૂર્વે વિનયનો શુભરાગ હોય તો વિનયથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

આત્મા એક ને તપ બાર, આત્મા એક ને ભાવના બાર. આત્મા એક ને પરિષહ બાવીશ. ભાઈ, તે બધાં વ્યવહારનાં કથન છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન, એકાગ્રતા કરતાં ધર્મ થાય છે ને રાગ ઉત્પન્ન થતો નથી, જે એકાગ્રતા થઈ તે ખરેખર વિનય તપ છે.

પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રના વિનયનો વિકલ્પ હતો પણ તે ખરેખર તપ નથી, પણ ધર્માનુરાગ આવ્યા વિના રહેતો નથી, રાગ આવે છે તેને જ્ઞાની જાણે છે. સ્વભાવની એકાગ્રતા દ્વારા ફરીથી રાગને આવવા ન દેવો તે તપ છે. જ્ઞાનીને પરની તથા વિકારની કર્તૃત્વ બુદ્ધિ હોતી નથી.

વળી ભગવાન છદ્મસ્થ જીવનનો વિનય કરે એમ બને નહિ, સાધક જીવનો વિનયનો વિકલ્પ હોય છે. સાધકને બાધકપણાનો રાગ ઊઠે છે. જે પરિપૂર્ણ થઈ ગયા તેને રાગ હોતો નથી.

અહીં આત્મા એક ને તપ બાર પ્રકારનો કહ્યો તેથી કાંઈ આત્મા બાર પ્રકારનો થઈ જતો નથી, દ્રવ્ય એક ફીટીને બે રૂપ થઈ જતું નથી, અજ્ઞાની શુભ રાગને ધર્મની ક્રિયા માને છે પણ તે ભૂલ છે, તે બંધનું કારણ છે. સાધક જીવને શુભ રાગ આવે છે તેને તે જાણે છે, મિથ્યાદૃષ્ટિને નય નથી, તેમ જ કેવળી પરિપૂર્ણ થઈ ગયા છે તેથી તેમને પણ નય નથી, શ્રુત જ્ઞાનીને એટલે સાધક જીવને નય હોય છે, નય શ્રુતજ્ઞાનનો ભાગ છે તે જ્ઞાની પર્યાય અલ્પજ્ઞને હોય છે. સ્વભાવ તરફ વળે છે તે નિશ્ચય છે. ને થોડો રાગ બાકી છે તે વ્યવહાર છે. વ્યવહારથી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે લક્ષ જાય છે ને તેમનું બહુમાન કરે છે, પૂર્ણદશા થતાં એકલો નિશ્ચય રહી જાય છે. જેથી કેવળીને વિનયાદિનો વિકલ્પ હોતો નથી, વિનય કરનાર છદ્મસ્થ હોય છે. સ્વભાવની એકાગ્રતા કરવી બાકી છે તેને વિનયનો રાગ હોય છે.

લોકો કહે છે કે ગુરુ કૃપા હોય તો તરીએ ‘‘ગુરુ વિના ઘોર અંધેર’’, ભાઈ, બાહ્ય ગુરુ પ્રત્યે વિનયભાવ થાય તે શુભ છે, અંતર ચૈતન્યદેવ વિના અને ચૈતન્યગુરુ વિના અંધેર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. અંતર નિશ્ચયગુરુના વિવેક વિના બાહ્યગુરુનો વિવેક યથાર્થ હોઈ શકે નહિ.

કેટલાક કહે છે કે તીર્થંકરભગવાન પણ ''નમો તીથ્થસ્સ'' એમ કહીને સમવસરણમાં બેસે છે. પણ તે વાત ખોટી છે. તેવો રાગ વીતરાગકેવળી ભગવાનને હોઈ શકે નહિ. તેઓ વીતરાગને સમજતા નથી.

અંતરભાનસહિત શુદ્ધતા પ્રગટે તે નિર્જરા છે ને તે પહેલાં વિનયનો શુભરાગ હોય તો વિનયથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૦, શનિવાર]

**વૈયાવૃત્ત્ય :** સાચા સંત મુનિઓની સેવા કરવાનો ભાવ શુભ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર છે. તેની સેવા આત્મા કરી શકતો નથી તેમ જ સેવાનો વિકલ્પ ઊઠે છે તે શુભ છે. તે વિનાનો આત્મા શુદ્ધ છે એવા જ્ઞાનસ્વભાવની સન્મુખતા કરી એકાગ્રતા વધે તે નિર્જરા છે. તે પહેલાં સેવાનો વિકલ્પ હોય તો વૈયાવૃત્ત્યથી નિર્જરા થઈ એમ કહેવામાં આવે છે.

કેટલાક જીવો એમ માને છે કે જ્ઞાનીની સેવા કરવાથી તીર્થંકરનામકર્મપ્રકૃતિ બંધાય છે. પણ જેને ભેદજ્ઞાન નથી તેવા મિથ્યાદૃષ્ટિને તીર્થંકરનામકર્મ પ્રકૃતિ બંધાતી નથી. વળી વૈયાવૃત્ત્યના ભાવથી તીર્થંકરનામકર્મ બંધાતું નથી. તેમ જ તે સમ્યગ્દૃષ્ટિએ જ તીર્થંકર, કેવળી અથવા શ્રુતકેવળીની સમીપે જ બંધાય છે. બીજે બંધાતું નથી.

હજી તો જીવ પરમાં ને શુભમાં અટક્યા છે. કોઈ સાધુની સેવાના ભાવને નિર્જરા કહે છે ને કોઈ પ્રતિમાની પૂજાને નિર્જરા કહે છે. પણ એ તો શુભભાવ છે. રાગ અને નિમિત્ત વિનાના આત્માના આશ્રયે જે શુદ્ધતા વધે છે ને અશુદ્ધતા ટળે છે તે નિર્જરા છે. પૂર્વે વૈયાવૃત્ત્યનો વિકલ્પ હોય તો તેનાથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

અજ્ઞાનીને પરની સાથે એકત્વ બુદ્ધિ વર્તે છે. દેવગુરુશાસ્ત્ર પર છે ને હું સ્વ છું. પરની પર્યાય પરને લીધે ને સ્વની સ્વને લીધે છે એવું પણ જેને ભેદજ્ઞાન નથી તે જીવ રાગથી જુદાપણાનું ભેદજ્ઞાન કરી શકશે નહિ.

વળી કોઈ કહે કે ગુરુની કૃપા કામ આવે કે નહિ ? **સમાધાન :** કોઈની કૃપા કામ આવતી નથી. પાત્ર જીવો હોય તો તેના ઉપર ગુરુએ કૃપા કરી કહેવાય. પણ જ્ઞાનીને કોઈની કૃપા હોતી નથી. ગુરુ કહે કે આ પાત્ર જીવ છે. નિજપાત્રતા તે નિશ્ચયકૃપા છે. શિષ્યના ખ્યાલમાં આવી જાય ને એમ કહે કે ગુરુએ કૃપા કરી તે વ્યવહારકૃપા છે.

આમ વૈયાવૃત્ત્ય તો સ્વભાવના અવલંબને થાય છે. તે પ્રગટ કરે તેને વ્યવહારે વૈયાવૃત્ત્યના ભાવ ગુરુ પ્રત્યે હોય છે તેથી તેનાથી નિર્જરા થઈ એમ કહેવાય છે.

**સ્વાધ્યાય :** સત્શાસ્ત્રવાંચન વગેરેનો ભાવ તો શુભરાગ છે, ને શબ્દો બોલવા તે જડની ક્રિયા છે. તેને આત્મા કરી શકતો નથી. સ્વાધ્યાયાદિના ભાવ શુભ છે. તે વિનાનો આત્મા શુદ્ધ છે એવું જેને ભાન વર્તે છે તેને સ્વાધ્યાયતપ હોય છે. રાગ ને અજીવથી જુદાપણાનું જ્ઞાન થયા વિના સ્વાધ્યાય તપ થતો નથી. ચશ્મા હોય તો જ્ઞાન થાય એમ માનનાર જડની પર્યાયને અને જીવની પર્યાયને એક માને છે. ચૈતન્યને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કહે છે. તે પરિણામ ચશ્માને તથા ઈંદ્રિયોને અનુસરીને થતા નથી, છતાં જે જીવ ઈંદ્રિયોને લીધે જ્ઞાન થયું માને, શાસ્ત્ર તરફ ધ્યાન રાખ્યું તો ઉપયોગ સારો થયો એમ માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. તેને પુણ્ય થાય પણ તપ થતો નથી. શુદ્ધ ચૈતન્યનો સ્વાધ્યાય કરવો તે તપ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યુત્સર્ગ : કાયોત્સર્ગ કરવો તે તપ છે. કાયા પ્રત્યેનો રાગ છોડવો તે નાસ્તિથી કથન છે. ચૈતન્ય સ્વભાવમાં એકાગ્રતા કરતાં રાગ થતો નથી. તેને રાગ છોડ્યો એમ કહેવાય છે. ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં કાયા પ્રત્યેનો રાગ છૂટ્યો તે બતાવવા નિમિત્તથી કથન કરે છે. ને વ્યુત્સર્ગતપથી નિર્જરા થઈ એમ કહે છે.

ચાર ગતિનો વ્યુત્સર્ગ કસવવાનું કથન આવે તે યથાર્થ કેમ થાય ? કે જે ભાવથી ચાર ગતિ મળે તે ભાવ મારા સ્વભાવમાં નથી એમ ભાન કરે તથા ચૈતન્યથી વિરુદ્ધભાવ ચાર ગતિનું કારણ છે એમ ભાન કરે ને તે ભાવ ને ભવથી ચૈતન્ય જુદો છે એવું ભાન કરે તેને ચાર ગતિનો અભાવ થાય. તેવા ભાન વિના ગતિનો અભાવ થતો નથી. જેને નરક ગતિ જોઈતી નથી પણ મનુષ્ય અથવા દેવગતિ જોઈએ છે તે જીવને ગતિની રુચિ છે પણ સ્વભાવની રુચિ નથી. તે પર પદાર્થોની રુચિ કરી પરનો સ્વામી થાય છે તેને ગતિનો અભાવ થતો નથી.

વળી જે જીવને જ્ઞાનની હીણી પર્યાયમાં દીનતા વર્તે છે ને જ્ઞાનની વધારે ઉઘાડવાળી પર્યાયમાં અહંકાર વર્તે છે તેને સ્વભાવનું ભાન હોતું નથી. તેથી તે જીવ પર્યાયદૃષ્ટિ છે. તેને અંશમાં અહંકાર વર્તે છે. પણ ત્રિકાળી સ્વભાવ જે નિત્યધ્રુવ છે તેનો મહિમા આવતો નથી. તે જીવને ધર્મ નથી, તેને વ્યુત્સર્ગ તપ થતો નથી.

ધર્મી જીવને શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન છે. જ્ઞાનપર્યાય અલ્પ ઉઘાડવાળી હોય તો દીનતા નથી, વધારે ઉઘાડ હોય તો અહંકાર નથી. અશુભભાવ આવે તો દીનતા નથી, શુભ આવે તો અહંતા નથી. પ્રતિકૂળ નિમિત્તોમાં દીનતા નથી ને અનુકૂળ નિમિત્તોમાં અહંતા નથી. તેને શુદ્ધ સ્વભાવમાં ઉગ્રતા વર્તે છે તેથી તેને કાયોત્સર્ગ તપ હોય છે.

જ્ઞાની સમવસરણમાં બેઠો હોય ત્યારે સમવસરણના સંયોગો, સાક્ષાત્ ભગવાન ને શુભભાવ વગેરે હોવા છતાં તે સમજે છે કે તે બધા કરતાં હું અધિક છું, તે શુભભાવ તથા સંયોગોમાં અધિકતા માનતો નથી ને સાતમી નરકમાં કોઈ ધર્મી જીવ હોય તો ત્યાં તે પ્રતિકૂળ સંયોગોમાં દીનતા કરતો નથી. ધર્મીને બધે પોતાના સ્વભાવનું જ બહુમાન વર્તે છે.

અજ્ઞાની જીવ અનુકૂળતામાં અધિકતા માને છે ને પ્રતિકૂળતામાં દીનતા માને છે. તે સ્વભાવની અધિકતા માનતો નથી. ચૈતન્યની રુચિ થઈ નથી તેને પરવસ્તુનો અહંકાર વર્તે છે, તેને ચૈતન્યથી જુદાપણાનું જ્ઞાન થતું નથી. આ ભેદ જ્ઞાન વિના ઉપવાસાદિ કરે તો વ્યર્થ છે. પણ તે ક્રિયા સંસાર માટે સફળ છે. કોઈ પણ ક્રિયા સફળ છે તેના બે પ્રકાર છે :

(૧) જેની દૃષ્ટિ અંશ ઉપર છે, અંશી સ્વભાવ ઉપર નથી તેવા જીવને શુભરાગની ક્રિયા સંસાર માટે સફળ છે.

(૨) ધર્મી વિચારે છે કે ગમે તે પર્યાય હો, શુભરાગની કે અશુભરાગની હો, ઓછા કે વધારે જ્ઞાનની હો–જે વર્તે છે તે સફળ છે. તે સમજે છે કે શુભ કે અશુભભાવ ચારિત્રગુણની પર્યાય છે. જ્ઞાનની અવસ્થા જ્ઞાનગુણની પર્યાય છે. પર્યાય સ્વતંત્ર ન હોય તો આખું દ્રવ્ય સાબિત થતું નથી. પર્યાય પર્યાયવાનની છે. અંશનો ખ્યાલ કરી આખો અંશી ખ્યાલમાં લીધો છે. વસ્તુને સિદ્ધ કરવા માટે શુભરાગ અથવા અશુભરાગની ગમે તે પર્યાય હોય તો તે સફળ છે. તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે તેથી સફળ છે. એટલે કે મોક્ષની પ્રાપ્તિ માટે સફળ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વળી બહારના પદાર્થોના ત્યાગનો ઉપચાર પણ સ્વભાવદૃષ્ટિવંત જ્ઞાનીને આવે છે. અજ્ઞાનીને તે ઉપચાર આવતો નથી. એક સમયનો રાગપર્યાય (અંશ) આખા દ્રવ્યનો અંશ છે એવો જેને ખ્યાલ નથી ને અજીવાદિ પદાર્થો કે સંયોગો એના પોતાના કારણે છૂટે છે તેને જીવ છોડી શકતો નથી એવી જેને દૃષ્ટિ નથી તે જીવે અજીવ પદાર્થો છોડ્યા એમ વ્યવહાર પણ આવતો નથી. તે ચૈતન્યના વાસ્તવિક તત્ત્વને સમજતો નથી ને રાગ તથા બહારના પદાર્થોને જોનારો છે, તેથી તે બહિરાત્મા છે, તેને માટે સંસાર સફળ છે.

જે જીવને આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે ને સ્વભાવના અવલંબને રાગ છૂટ્યો છે ને પદાર્થોનો સંબંધ પણ છૂટી ગયો છે તે જીવ અંતરાત્મા છે. હવે તેને તે પદાર્થની સાથે રાગવાળો સંબંધ રહેશે નહિ. પોતે જ્ઞાતા ને તે પદાર્થો જ્ઞેય એવો જ્ઞાતાજ્ઞેય સંબંધ રહેશે તેથી ધર્મી જીવને પર પદાર્થોના ત્યાગનો ઉપચાર આવે છે. તેથી ધર્માત્મા માટે પદાર્થનો ત્યાગ વ્યવહારે સફળ કહેવાય છે. અજ્ઞાનીને પર પદાર્થ ઉપર દૃષ્ટિ છે. એકત્વબુદ્ધિ સહિત રાગ વર્તે છે તેથી તેને જ્ઞાનજ્ઞેયસંબંધ નથી તેથી કદાચિત તેને પદાર્થ છૂટ્યા હોય તો પણ તેને પદાર્થના ત્યાગનો ઉપચાર પણ આવતો નથી.

**ધ્યાન :** આત્માના સ્વરૂપને સમજ્યા વિના ધ્યાનમાં બેસી જાય તે કાંઈ ધ્યાન નથી. પરથી તથા રાગથી પોતાનો આત્મા જુદો છે એવું ભાન કરી અંતરમાં એકાગ્ર થાય તેને ધ્યાન કહે છે. જે જીવો આવું વસ્તુસ્વરૂપ માનતા નથી ને સ્વરૂપનો વિરોધ કરે છે તે હળવે હળવે એકેંદ્રિય થઈ જવાના. લોકોને ચૈતન્ય ચમત્કારનો મહિમા આવતો નથી. તેથી પરનો ચમત્કાર ભાસે છે. અજ્ઞાની જીવ દીનતા કરે છે. કોઈ અમારી મુક્તિ કરી આપે એમ માને તેવા જીવોને ધ્યાન હોતું નથી. અનંતા આત્મા પ્રભુ છે એટલે કે સામર્થ્યવાળા છે. અનંતા પરમાણુ પણ સ્વતંત્ર શક્તિવાળા જડપ્રભુ છે. તે દરેકથી હું જુદો છું એવા ભાન વિના અજ્ઞાનીને શરીરની ક્રિયાનો તથા શુભરાગનો અહંકાર વર્તે છે. તેને ધ્યાન હોતું નથી.

વળી કેટલાક જીવો ધ્યાનમાં આનંદ માને છે. પણ તે યથાર્થ નથી. શાતાવેદનીય પ્રકૃતિના નિમિત્તે જે શાતા વેદાય છે, તેને તે આત્માનો આનંદ માને છે ને તેને ધ્યાન માને છે. તે અજ્ઞાની છે. સાચા તત્ત્વની દૃષ્ટિપૂર્વક એકાગ્રતા તે ધ્યાન છે. અજ્ઞાની જીવોનું ધ્યાન ધર્મ માટે નિષ્ફળ છે ને રખડવા માટે સફળ છે.

પ્રવચનસારમાં પણ વાત આવે છે કે ધર્મીજીવોની ક્રિયા સંસાર માટે અફળ છે એટલે કે તેમને સંસારનું ફળ હોતું નથી. ને મિથ્યાદૃષ્ટિની ક્રિયા રખડવા માટે સફળ છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૧, સોમવાર]

આ નિર્જરાતત્ત્વની વાત ચાલે છે. કુદેવ-કુગુરુ આદિથી સુદેવ-સુગુરુ વગેરે જુદા છે એવું પણ જેને ભાન નથી તેને ધર્મ થતો નથી. કુદેવાદિ અધર્મનાં આયતન છે, સુદેવાદિ ધર્મનાં આયતન છે એમ ભેદ ભાસતો નથી તેને પુણ્યપાપથી રહિત શુદ્ધ આત્મા છે એવું ભેદજ્ઞાન થઈ શકશે નહિ. કોનો વિનય કરવો, કોની સેવા કરવી વગેરે વાત પણ આમાં આવી જાય છે. કુદેવાદિનો રાગ છોડ્યો છે ને સુદેવાદિની શ્રદ્ધા કરી તેનો પણ રાગ છોડી આત્માની શ્રદ્ધા કરી ને લીનતા કરે તેને નિર્જરા થાય છે. તેમાં બાર પ્રકારના તપની વાત કરી, ઇચ્છાનો નિરોધ તે તપ છે તે નિરોધ ક્યારે થાય ? ચૈતન્ય સ્વભાવમાં ઇચ્છા નથી કેમકે ઇચ્છા વિકાર છે. વિકારરહિત શુદ્ધ આત્માના આશ્રયે શુદ્ધ ઉપયોગ થવો તે ભાવનિર્જરા છે. બાર પ્રકારના તપથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. તેથી નક્કી થાય છે કે અનેક કર્મોની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિને ગાળવામાં સમર્થ બાર પ્રકારના તપોથી જે શુદ્ધ ઉપયોગ વધે છે તે ભાવનિર્જરા છે. ચૈતન્યના આશ્રયે શુભાશુભરૂપ અશુદ્ધતાનો નાશ થાય છે ને શુદ્ધતાનો વધારો થાય છે તે નિર્જરા છે. એકલાં વ્રતતપ કરે ને રાગમંદતા કરે તો પુણ્ય થાય પણ તેને ધર્મ માને તો મિથ્યાત્વનું પાપ બંધાય, તેને નિર્જરા થતી નથી. પણ આત્મા ચિદાનંદ શાંત સ્વરૂપ છે તેના આશ્રયે શાંતિ પ્રગટ થતાં જૂનાં કર્મ વિપાક આપી ખરી જાય છે તેને દ્રવ્યનિર્જરા કહે છે. ૧૪૪

---

**जो संवरेण जुत्तो अप्पट्ठपसाधगो हि अप्पाणं।**
**मुणिऊण झादि णियदं णाणं सो संधुणोदि कम्मरयं॥ १४५॥**

**यः संवेरण युक्तः आत्मार्थप्रसाधको ह्यात्मानम्।**
**ज्ञात्वा ध्यायति नियतं ज्ञानं स संधुनोति कर्मरजः॥ १४५॥**

**સંવર સહિત, આત્મપ્રયોજનનો પ્રસાધક આત્મને**
**જાણી, સુનિશ્ચળ જ્ઞાન ધ્યાવે, તે કરમરજ નિર્જરે. ૧૪૫**

**અન્વયાર્થ :** [संवरेण युक्तः] સંવરથી યુક્ત એવો [यः] જે જીવ, [आत्मार्थप्रसाधकः हि] ખરેખર આત્માર્થનો પ્રસાધક (સ્વપ્રયોજનનો પ્રકૃષ્ટ સાધક) વર્તતો થકો, [आत्मानम् ज्ञात्वा] આત્માને જાણીને (-અનુભવીને) [ज्ञानं नियतं ध्यायति] જ્ઞાનને નિશ્ચળપણે ધ્યાવે છે, [सः] તે [कर्मरजः] કર્મરજને [संधुनोति] ખેરવી નાખે છે.

---

**तात्पर्यवृत्ति :** अथात्मध्यानं मुख्यवृत्त्या निर्जराकारणमिति प्रकटयति,- **जो संवरेण जुत्तो** यः संवरेण युक्तः यः कर्ता शुभाशुभरागाद्यास्रवनिरोधलक्षणसंवरेण युक्तः **अप्पट्ठपसाहगो हि** आत्मार्थप्रसाधकः हि स्फुटं हेयोपादेयतत्त्वं विज्ञाय परप्रयोजनेभ्यो व्यावृत्त्य शुद्धात्मानुभूतिलक्षणकेवलस्वकार्यप्रसाधकः **अप्पाणं** सर्वात्मप्रदेशेषु निर्विकारनित्यानन्दैकाकारपरिणतमात्मानं **मुणिदूण** मत्वा ज्ञात्वा रागादिविभावरहित-स्वसंवेदनज्ञानेन ज्ञात्वा **झादि** निश्चलात्मोपलब्धिलक्षणनिर्विकल्पध्यानेन ध्यायति **णियदं** निश्चितं घोरोपसर्ग-परीषहप्रस्तावे निश्चलं यथा भवति। कथंभूतमात्मानं ? **णाणं** निश्चयेन गुणगुणिनोरभेदाद्विशिष्टभेदज्ञान-परिणतत्वादात्मापि ज्ञानं **सो** सः पूर्वोक्तलक्षणः परमात्मध्यानं ध्याता। किं करोति ? **संधुणोदि कम्मरयं** संधुनोति कर्मरजो निर्जरयतीति। अत्र वस्तुवृत्त्या ध्यानं निर्जराकारणं व्याख्यातमिति सूत्रतात्पर्यं॥ १४५॥

**समयव्याख्या : मुख्यनिर्जराकारणोपन्यासोऽयम्। यो हि संवरेण शुभाशुभपरिणामपरमनिरोधेन युक्तः परिज्ञातवस्तुस्वरूपः परप्रयोजनेभ्यो व्यावृत्तबुद्धिः केवलं स्वप्रयोजनसाधनोद्यतमनाः आत्मानं स्वोपलम्भेनोपलभ्य गुणगुणिनोर्वस्तुत्वेनाभेदात्तदेव ज्ञानं स्वं स्वेनाविचलितमनास्संचेतयते स खलु नितान्तनिस्स्नेहः प्रहीणस्नेहाभ्यङ्गपरिष्वङ्गशुद्धस्फटिकस्तम्भवत् पूर्वोपात्तं कर्मरजः संधुनोति। एतेन निर्जरामुख्यत्वे हेतुत्वं ध्यानस्य द्योतितमिति॥ १४५॥**

**અનુવાદ : આ, નિર્જરાના મુખ્ય કારણનું કથન છે.**

સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુક્ત એવો જે જીવ, વસ્તુસ્વરૂપને (હેય-ઉપાદેય તત્ત્વને) બરાબર જાણતો થકો પરપ્રયોજનોથી જેની બુદ્ધિ વ્યાવૃત્ત થઈ છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કેવળ સ્વપ્રયોજન સાધવામાં જેનું મન ઉદ્યત થયું છે એવો વર્તતો થકો, આત્માને સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને (-પોતાને સ્વાનુભવ વડે અનુભવીને), ગુણ-ગુણીનો વસ્તુપણે અભેદ હોવાથી તે જ જ્ઞાનને – સ્વને – સ્વ વડે અવિચળપરિણતિવાળો થઈને સંચેતે છે, તે જીવ ખરેખર અત્યંત નિઃસ્નેહ વર્તતો થકો–જેને સ્નેહના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે એવા શુદ્ધ સ્ફટિકના સ્તંભની માફક–પૂર્વોપાર્જિત કર્મરજને ખેરવી નાખે છે.**

**આથી (-આ ગાથાથી) એમ દર્શાવ્યું કે નિર્જરાનો મુખ્ય હેતુ ધ્યાન છે. ૧૪૫**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૧, સોમવાર]

હવે નિર્જરાનું કારણ વિશેષતા સહિત બતાવે છે.

પરથી ને રાગથી આત્મા જુદો છે એવું જેને જ્ઞાન પ્રગટ્યું હોય તેને કુદેવાદિનો રાગ હોવો ન જોઈએ. ઘણા જીવો આત્માની વાતો કરે છે પણ સમ્યગ્દર્શનમાં બહિરંગ નિમિત્ત જિનસૂત્ર છે ને અંતરંગ નિમિત્ત જ્ઞાયક પુરુષ છે. કેવળી ભગવાને કહેલાં છ દ્રવ્યોનું સ્વરૂપ યથાર્થ કહેનારા શાસ્ત્રો ને તેનું રહસ્ય બતાવનારા જ્ઞાની પુરુષો સમ્યગ્દર્શનમાં નિમિત્ત છે. અજ્ઞાની તેમ જ અજ્ઞાનીની વાણી નિમિત્ત નથી.

જેને ભેદજ્ઞાન વર્તે છે તે સંવરથી યુક્ત છે, તે આત્માના સ્વભાવનો સાધનારો છે, તે પુરુષ આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને સર્વસ્વ જાણીને સદૈવ આત્માને ધ્યાવે છે. તે કર્મરૂપી ધૂળને ઉડાડે છે. શુદ્ધ ઉપયોગ થતાં કર્મ નાશ પામે છે.

**ભાવાર્થ** : પ્રથમ આત્મા પરથી જુદો બતાવે છે. કર્મોનો નિરોધ કરી પોતાના સ્વભાવથી જે સંયુક્ત છે તે ધર્મી છે.

(૧) જે જીવોને આત્મજ્ઞાન નથી, તે જીવો શાસ્ત્રના અર્થને જાણતા નથી, શાસ્ત્ર બહુ ભણે પણ જેને તત્ત્વનું ભાન નથી તેનું જાણપણું વ્યર્થ છે. સાચા દેવ-ગુરુ શું છે, નિશ્ચય-વ્યવહાર શું છે, તેનું સ્વરૂપ જાણ્યું નથી. વ્યવહાર અને નિમિત્તથી ધર્મ મનાવે છે. ઘણા માણસો તેને સાંભળવા આવવા માંડ્યા એટલે અજ્ઞાનીને એમ થાય કે મારામાં કાંઈક લાગે છે–એમ શાસ્ત્રભણતરના અભિમાનીને તે ભણતર વેરી સમાન છે.

કુંદકુંદાચાર્ય કહે છે કે સમ્યગ્દર્શનમાં નિમિત્ત જિનવાણી ને જ્ઞાની પુરુષો જ હોય છતાં એમ નહિ માનતાં. ગમે તે શાસ્ત્ર વાંચી બહુ ઉઘાડ દેખાતો હોય તેને તે શાસ્ત્રનું જાણપણું વેરી સમાન છે.

(૨) ઘણા લોકો પોતાને સંમત થતા હોય તો અજ્ઞાની અભિમાન કરે છે. ઘણા હા પાડતા હોય તે ધર્મની પરીક્ષા નથી.

(૩) વળી અજ્ઞાની દીક્ષાધારી કહે કે અમોને બહુ શિષ્યો થયા - એ પણ અભિમાન કર્યું. લાખોપતિના દીકરા અમારી પાસે દીક્ષા લ્યે છે. અમારામાં કચાશ હોય તો દીક્ષા લેવા આવે ? એમ દલીલ કરે છે. એ બધું અભિમાન છે તે વેરી સમાન છે.

(૪) વળી અજ્ઞાની જીવ તપ કરે પણ આત્માના ભાન વિના તે બાળતપ છે. તેના ઉપર ઉજમણાં કરી અભિમાન કરવું તે વેરી સમાન છે.

(૫) દયાદાનાદિ ભાવ કરી તેનું અભિમાન સેવે તે વેરી સમાન છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૬) જગતમાં જશકીર્તિ મળવી ને તેના કારણે અભિમાન સેવવું તે વેરી સમાન છે.

બીજા ઉપદેશ પામે તો પોતાને લાભ થાય એમ માનનાર જીવોને સંવર થતો નથી. તેને નિર્જરા હોઈ શકે નહિ. શરીરાદિ પર પદાર્થોની ક્રિયા આત્મા કરી શકતો નથી તેવું ભાન કરે ને પોતાના આત્મસ્વરૂપના કાર્યમાં ઉદ્યમી થાય તેને નિર્જરા થાય છે. પોતે આત્મા ગુણી છે ને જ્ઞાન ગુણ છે એવા ગુણગુણીનો ભેદ પાડવો તે પણ રાગ છે. નિમિત્તથી જુદો, પુણ્યથી જુદો ને ગુણગુણીના વિકલ્પથી આત્મા જુદો છે. એવા રાગરહિત પરિપૂર્ણ શુદ્ધ આત્મામાં એકાકાર થઈ નિશ્ચળ અનુભવ કરવો તે ધર્મ છે. ગુણગુણીનો ભેદ વર્તે છે તેટલો આસ્રવ છે પણ ગુણગુણીની એકતા વધે છે તેને નિર્જરા થાય છે.

જેવી રીતે ચીકણાઈ વિનાનો શુદ્ધ સ્ફટિક સ્તંભ નિર્મળ છે તેમ દયાદાનાદિ પરિણામ ચીકાશવાળા છે. તેના વિનાના સ્ફટિક જેવા શુદ્ધ આત્માનું અવલંબન કર્યું એ જ ધ્યાન છે ને તે ધ્યાન નિર્જરાનું કારણ છે. ચૈતન્ય સ્વભાવની એકાગ્રતારૂપ ધ્યાન તે નિર્જરાનું કારણ છે.

અજ્ઞાની જીવો ધ્યાનનું સ્વરૂપ સમજતા નથી ને જમીનથી ઊંચો રહે ને કોઈ ઊડીને આવે તેમાં ચમત્કાર માને છે પણ ભાઈ, તેમાંની ઘણી વાતો તો ગપ છે. પણ કદાચ શરીર ઊંચું રહે તેથી શું આત્મા ઊંચો થઈ જાય ? સમડીઓ આકાશમાં ઘણે ઊંચે ઊડે છે તેથી કાંઈ ઊંચી કહેવાય ? શરીરની ક્રિયા શરીરથી થાય છે, આત્મા તેથી ભિન્ન છે. તેવા ભાવ સહિત પરવસ્તુથી ને રાગના પરિણામથી ઉદાસ થઈ આત્મામાં શુદ્ધિ વધે તેને નિર્જરા ને તપ કહે છે.

વળી અજ્ઞાની જીવો કહે છે કે રોટલા છોડ્યા માટે ઉપવાસ ને તપ થયો તે પણ ભૂલ છે. પર પદાર્થને આત્મા છોડતો નથી, રાગને પણ ખરેખર છોડતો નથી. શુદ્ધ આત્માનું ભાન કરી એકાગ્રતા કરતાં રાગ છૂટી જાય છે. તેને તપ કહે છે.

સ્વભાવમાં ભવ નથી તેવા ભાન વિના એક પણ ભવ ઘટતો નથી. રોટલા વગેરે છોડ્યા એમ જે કથન આવે છે તેમાં હેતુ એ છે કે તે વખતે કયા પદાર્થો પ્રત્યેની ઇચ્છા છૂટી તેનું જ્ઞાન કરાવે છે. પણ પરના અવલંબને કે પરપદાર્થો આવ્યા નહિ માટે ધર્મ થાય એમ નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્રતા થતાં રાગ થતો નથી ને પર પદાર્થો આહારાદિ ઉપર લક્ષ જતું નથી તેથી આટલા પદાર્થો છોડ્યા એવો ઉપચાર ધર્મી જીવને માટે છે. અજ્ઞાનીને રાગના અભાવનો કે પરવસ્તુના અભાવનો ઉપચાર પણ આવતો નથી.

---

**जस्स ण विज्जदि रागो दोसो मोहो व जोगपरिकम्मो ।**
**तस्स सुहासुहडहणो झाणमओ जायए अगणी ॥ १४६ ॥**

**यस्य न विद्यते रागो द्वेषो मोहो वा योगपरिकर्म ।**
**तस्य शुभाशुभदहनो ध्यानमयो जायते अग्निः ॥ १४६ ॥**

**નહિ રાગદ્વેષવિમોહ ને નહિ યોગસેવન જેહને,**
**પ્રગટે શુભાશુભ બાળનારો ધ્યાન-અગ્નિ તેહને. ૧૪૬.**

**અન્વયાર્થ** : [यस्य] જેને [मोहः रागः द्वेषः] મોહ અને રાગદ્વેષ [न विद्यते] નથી [वा] તથા [योगपरिकर्म] યોગોનું સેવન નથી (અર્થાત્ મન-વચન-કાયા પ્રત્યે ઉપેક્ષા છે), [तस्य] તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[शुभाशुभदहनः] શુભાશુભને બાળનારો [ध्यानमयः अग्निः] ધ્યાનમય અગ્નિ [जायते] પ્રગટે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ पूर्वं यन्निर्जराकारणं भणितं ध्यानं तस्योत्पत्तिसामग्रीं लक्षणं च प्रतिपादयति, – **जस्स ण विज्जदि** यस्य न विद्यते । स कः ? **रागो दोसो मोहो व** दर्शनचारित्रमोहोदयजनितदेहादिममत्वरूपविकल्पजालविरहितनिर्मोहशुद्धात्मसंवित्त्यादिगुणसहितपरमात्मविलक्षणो रागद्वेषपरिणामो मोहपरिणामो वा । पुनरपि किं नास्ति ? यस्य योगिनः । **जोगपरिणामो** शुभाशुभकर्मकांडरहितनिःक्रियशुद्धचैतन्यपरिणतिरूपज्ञानकांडसहितपरमात्मपदार्थस्वभावाद्विपरीतो मनोवचनकायक्रियारूपव्यापारः । इयं ध्यानसामग्री कथिता । अथ ध्यानलक्षणं कथ्यते । **तस्स सुहासुहदहणो झाणमओ जायदे अगणी** तस्य निर्विकारनिःक्रियचैतन्यचमत्कारपरिणतस्य शुभाशुभकर्मेन्धनदहनसामर्थ्यलक्षणो ध्यानमयोऽग्निर्जायते इति । तथाहि । यथा स्तोकोप्यग्निः प्रचुरतृणकाष्ठराशिं स्तोककालेनैव दहति तथा मिथ्यात्वकषायादिविभावपरित्यागलक्षणेन महावातेन प्रज्वलितस्तथापूर्वाद्भुतपरमाह्लादैकसुखलक्षणेन घृतेन सिंचितो निश्चलात्मसंवित्तिलक्षणो ध्यानाग्निः मूलोत्तरप्रकृतिभेदभिन्नं कर्मेंधनराशिं क्षणमात्रेण दहतीति । अत्राह शिष्यः । अद्य काले ध्यानं नास्ति । कस्मादिति चेत् । दशचतुर्दशपूर्वश्रुताधारपुरुषाभावात्प्रथमसंहननाभावाच्च । परिहारमाह – अद्य काले शुक्लध्यानं नास्ति । तथा चोक्तं श्रीकुन्दकुन्दाचार्यदेवैरेव मोक्षप्राभृते "भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ णाणिस्स तं अप्पसहावविदे ण हु मण्णइ सो दु अण्णाणी" "अज्जवि तियरणसुद्धा अप्पा झाएवि लहहि इंदत्तं लोयंतियदेवत्तं तत्थ चुदा णिव्वुदिं जंति" । तत्र युक्तिमाह । यद्यद्यकाले यथाख्यातसंज्ञं निश्चयचारित्रं नास्ति तर्हि सरागचारित्रसंज्ञमपहृतसंयममाचरंतु तपस्विनः । तथा चोक्तं तत्त्वानुशासनध्यानग्रंथे "चरितारो न संत्यद्य यथाख्यातस्य संप्रति । तत्किमन्ये यथाशक्तिमाचरंतु तपोधनाः" । यच्चोक्तं सकलश्रुतधारिणां ध्यानं भवति तदुत्सर्गवचनं, अपवादव्याख्याने तु पंचसमितित्रिगुप्तिप्रतिपादकश्रुतिपरिज्ञानमात्रेणैव केवलज्ञानं जायते, यद्येवं न भवति तर्हि "तुसमासं घोसंतो सिवभूदी केवली जादो" इत्यादि वचनं कथं घटते ? तथा चोक्तं चारित्रसारादिग्रंथे पुलाकादिपंचनिर्ग्रंथव्याख्यानकाले । मुहूर्तादूर्ध्वं ये केवलज्ञानमुत्पादयंति ते निर्ग्रंथा भण्यंते क्षीणकषायगुणस्थानवर्तिनस्तेषामुत्कृष्टेन श्रुतं चतुर्दशपूर्वाणि जघन्येन पुनः पंचसमितित्रिगुप्तिसंज्ञा अष्टौ प्रवचनमातरः । यदप्युक्तं वज्रवृषभनाराचसंज्ञप्रथमसंहननेन ध्यानं भवति तदप्युत्सर्गवचनं अपवादव्याख्यानं पुनरपूर्वादिगुणस्थानवर्तिनां उपशमक्षपकश्रेण्योर्यच्छुक्लध्यानं तदपेक्षया स नियमः अपूर्वादधस्तनगुणस्थानेषु धर्मध्याने निषेधकं न भवति । तदप्युक्तं तत्रैव तत्त्वानुशासने "यत्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः । श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तत्राधस्तान्निषेधकं ।" एवं स्तोकश्रुतेनापि ध्यानं भवतीति ज्ञात्वा किमपि शुद्धात्मप्रतिपादकं संवरनिर्जराकरणं जरमरणहरं सारोपदेशं गृहीत्वा ध्यानं कर्तव्यमिति भावार्थः । उक्तं च । "अंतो णत्थि सुदीणं कालो थोओ वयं च दुम्मेहा । तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ" ॥ १४६ ॥

**समयव्याख्या : ध्यानस्वरूपाभिधानमेतत् । शुद्धस्वरूपेऽविचलितचैतन्यवृत्तिर्हि ध्यानम् । अथास्यात्मलाभविधिरभिधीयते । यदा खलु योगी दर्शनचारित्रमोहनीयविपाकं पुद्गलकर्मत्वात् कर्मसु संहृत्य, तदनुवृत्तेः व्यावृत्त्योपयोगममुह्यन्तमरज्यन्तमद्विषन्तं चात्यन्तशुद्ध एवात्मनि निष्कम्पं निवेशयति, तदास्य निष्क्रियचैतन्यरूपस्वरूपविश्रान्तस्य वाङ्मनःकायानभावयतः स्वकर्मस्वव्यापारयतः सकलशुभाशुभकर्मेन्धनदहनसमर्थत्वात् अग्निकल्पं परमपुरुषार्थसिद्ध्युपायभूतं ध्यानं जायते इति । तथा चोक्तम् – "अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं । लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति" ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**"अंतो णत्थि सुईणं कालो थोओ वयं च दुम्मेहा। तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ" ॥ १४६ ॥**

**–इति निर्जरापदार्थव्याख्यानं समाप्तम्।**

**અનુવાદ : આ, ધ્યાનના સ્વરૂપનું કથન છે.**

**શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે. તે ધ્યાન પ્રગટવાની વિધિ હવે કહેવામાં આવે છે :– જ્યારે ખરેખર યોગી, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો વિપાક પુદ્‌ગલકર્મ હોવાથી તે વિપાકને (પોતાથી ભિન્ન એવાં અચેતન) કર્મોમાં સમેટી દઈને, તદ્‌નુસાર પરિણતિથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને (–તે વિપાકને અનુરૂપ પરિણમવાથી ઉપયોગને નિવર્તાવીને), મોહી, રાગી અને દ્વેષી નહિ થતા એવા તે ઉપયોગને અત્યંત શુદ્ધ આત્મામાં નિષ્કંપપણે લીન કરે છે, ત્યારે તે યોગીને–કે જે પોતાના નિષ્ક્રિય ચૈતન્યરૂપ સ્વરૂપમાં વિશ્રાંત છે, વચન-મન-કાયાને ભાવતો નથી અને સ્વકર્મોમાં વ્યાપાર કરતો નથી તેને–સકળ શુભાશુભ કર્મરૂપ ઈંધનને બાળવામાં સમર્થ હોવાથી અગ્નિસમાન એવું, પરમપુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.**

**વળી કહ્યું છે કે –**

**'अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं।**
**लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति॥'**
**'अंतो णत्थि सुईणं कालो थोओ वयं च दुम्मेहा।**
**तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ॥"**

**[અર્થ :– હમણાં પણ ત્રિરત્નશુદ્ધ જીવો (–આ કાળે પણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ત્રણ રત્નોથી શુદ્ધ એવા મુનિઓ) આત્માનું ધ્યાન કરીને ઈંદ્રપણું તથા લૌકાંતિક-દેવપણું પામે છે અને ત્યાંથી ચ્યવીને (મનુષ્યભવ પામી) નિર્વાણને પ્રાપ્ત કરે છે.**

**શ્રુતિઓનો અંત નથી (-શાસ્ત્રોનો પાર નથી), કાળ થોડો છે અને આપણે દુર્મેધ છીએ; માટે તે જ કેવળ શીખવા યોગ્ય છે કે જે જરા-મરણનો ક્ષય કરે.]**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૧, સોમવાર]

હવે ધ્યાનનું સ્વરૂપ કહે છે.

જે જીવને રાગદ્વેષ મોહ અથવા ત્રણ યોગોનું પરિણમન નથી તે જીવને શુભઅશુભ ભાવને નાશ કરવાવાળી ધ્યાનસ્વરૂપ અગ્નિ પ્રગટ થાય છે. જે જીવ પોતાના જ્ઞાનસ્વરૂપમાં જોડાઈને રાગદ્વેષ ઉત્પન્ન કરતો નથી તેને શુભાશુભ ભાવોનો નાશ થાય છે.

**ભાવાર્થ** : જે જીવ પરમાત્મસ્વરૂપમાં અડોલ છે તે જીવ ધ્યાન કરવાવાળો છે. જે જીવનો ઉપયોગ શુભાશુભભાવોમાં જતો નથી, પરમાત્મ સ્વભાવમાં ઠરી ગયો છે તેને ધર્મ થાય છે. આત્માના ભાન વિના પુણ્ય પરિણામ કરી અનંતીવાર ગ્રૈવેયક સુધી ગયો પણ સુખને પામ્યો નહિ. અહીં તો આત્માનું ભાન કરી ધ્યાન કરનારને સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે કહે છે.

જ્યારે તે યોગીશ્વર એટલે સ્વરૂપમાં એકાગ્રતા કરનાર સંત મુનિ અનાદિની મિથ્યાવાસનાને સંકોચીને પોતાના સ્વરૂપમાં લાવે છે ત્યારે તેને ધ્યાન ઉત્પન્ન થાય છે. બહારના વલણથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલ્યાણ થશે તે મિથ્યાવાસના છે. જે ઉપયોગ મિથ્યાદર્શન-જ્ઞાનચારિત્રમાં વર્તતો હતો તેને સ્વપુરુષાર્થ કરીને પોતા તરફ લાવે છે. પહેલાં શુભાશુભ હતા ને તેને સંકોચવા એવો અર્થ નથી. સ્વભાવ તરફ વળતાં તે ઉત્પન્ન થતા નથી તેને સંકોચ્યા એમ કહેવાય છે.

સમ્યગ્દર્શન થતાં નિર્જરા શરૂ થાય છે, વિશેષ નિર્જરા મુનિને હોય છે. જ્યાં સુધી પર તરફ વલણ હતું ત્યાં સુધી ઉપયોગ દર્શન ચારિત્ર મોહનીય કર્મના વિપાકથી અનેક પ્રકારનાં કર્મોમાં પ્રવર્તતો હતો તે કાળલબ્ધિ પામીને અર્થાત્ પોતાનો પુરુષાર્થ કરીને અંતરશુદ્ધસ્વરૂપમાં ઠરીને આનંદ અનુભવ કરે છે ને નિર્વિકલ્પરસનો પ્યાસી તેમાં એકાકાર થાય છે તેને નિર્જરા થાય છે.

અજ્ઞાની જીવો કહે છે કે સ્વાધ્યાય તે તપ છે. 'णमो अरिहंताणं' શબ્દો બોલવા તે પણ સ્વાધ્યાય છે. સ્વાધ્યાયથી તપ, તપથી નિર્જરા ને નિર્જરાથી ધર્મ ને મોક્ષ થાય છે – એમ અજ્ઞાની માને છે. વળી રસ પરિત્યાગ પણ તપ છે. માટે દૂધાદિ છોડે તેને રસપરિત્યાગ તપ છે. તપથી નિર્જરા, નિર્જરાથી ધર્મ ને ધર્મથી મોક્ષ થાય છે–એમ અજ્ઞાની માને છે. શું અનંત કાળમાં આવું નહિ કર્યું હોય ? ભાઈ તે બધો અજ્ઞાનભાવ છે. પરવસ્તુને આત્મા છોડી શકતો નથી, ને પુણ્યનો રાગ આસ્રવ છે. શબ્દ જડ છે. પાઠ બોલવાનો ભાવ આસ્રવ છે. પરમાં ને રાગમાં એકાગ્રતા કરવી તે સંસાર છે ને તે વિનાના સ્વભાવમાં એકાગ્રતા કરવી તે મુક્તિનું કારણ છે. નિમિત્તમાં ને પુણ્ય-પાપમાં એકાગ્રતા કરવી તે આર્ત ને રૌદ્રધ્યાન છે ને સ્વભાવમાં એકાગ્રતા કરવી તે ધર્મ ને શુક્લધ્યાન છે.

આમ જે જીવ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી મોહરાગદ્વેષરહિત શુદ્ધ સ્વરૂપોને શુદ્ધ સ્વરૂપમાં નિષ્કંપપણે સ્થિર કરે છે તે ભેદવિજ્ઞાની ધ્યાનીને સ્વરૂપ સાધક પુરુષાર્થસિદ્ધિના પરમ ઉપાયરૂપ ધ્યાન ઉત્પન્ન થાય છે. આત્માના પ્રયોજનની સિદ્ધિનો ઉપાય ધ્યાન છે ને તેથી નિર્જરા થાય છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૨, મંગળવાર]

આત્માની પ્રતીત કરીને જ્ઞાન ઉપયોગને શુદ્ધ કરવો તે નિર્જરા છે. જેને આત્મામાં શાંતિ ને સુખ લાગ્યું તેનું જ્ઞાન અંતર વળે પણ પરની દયાથી ધર્મ માને તે અંતરમાં શું કામ વળે ? પરથી ને પૈસાથી ધર્મ થતો હોય તો સમજવાની જરૂર શી ? તેથી અજ્ઞાની જીવ બહારમાં રોકાયા કરે છે.

જેમ અગ્નિ ઘણા લાકડાના ઢગલાને થોડા વખતમાં બાળીને ભસ્મીભૂત કરે છે તેમ ધ્યાનરૂપ અગ્નિ કર્મરૂપી લાકડાંને ક્ષણમાત્રમાં ભસ્મીભૂત કરે છે. કેવો છે ધ્યાનરૂપ અગ્નિ ? જેમ અગ્નિ વાયરાથી પ્રજ્વલિત થાય છે તેમ મિથ્યાત્વ રાગદ્વેષ વગેરે વિભાવનો નાશ કર્યો છે એવા લક્ષણવાળા વાયરાથી ધ્યાન અગ્નિ પ્રજ્વલિત થાય છે. તેમ જ જેમ અગ્નિમાં ઘી નાખવાથી તે પ્રજ્વલિત થાય છે તેમ આનંદ ને સુખ લક્ષણવાળું ઘી ધ્યાન–અગ્નિમાં નાખવાથી તે અગ્નિ પ્રજ્વલિત થાય છે. ધ્યાનનું લક્ષણ નિશ્ચળ આત્માનું વેદન-અનુભવન છે. તે ધ્યાનરૂપી અગ્નિ કર્મની મૂળપ્રકૃતિ આઠ ને ઉત્તર પ્રકૃતિ ૧૪૮ને ક્ષણમાત્રમાં બાળી નાખે છે. કર્મ બાળે છે તે નિમિત્તથી કથન છે. અંતર એકાગ્રતા થતાં અશુદ્ધતા થતી નથી. પૂર્વનાં કર્મો ખરી જાય છે. એટલે કર્મો બાળ્યાં એમ કહેવામાં આવે છે.

આત્માનું ભાન નથી ને શાસ્ત્રભણતરથી નિર્જરા થાય તેમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રભણતરનો રાગ તો બંધનું કારણ છે.

ભેદવિજ્ઞાનીને રાગરહિત દશા વર્તે છે માટે તે નિષ્ક્રિય છે ને પોતામાં શુદ્ધતાના પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે માટે સક્રિય છે. આમ નિષ્ક્રિય ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા વર્તે છે તે ધ્યાન છે.

જીવે અનાદિ કાળથી રાગનો પક્ષ લીધો છે. વ્યવહારનો, રાગનો ને નિમિત્તનો પક્ષ લીધો છે તેથી સંસાર ચાલ્યો આવે છે પણ રાગ વિનાના શુદ્ધ આત્માના પક્ષ વિના સાચી સમજણ થાય નહિ ને ધર્મ પ્રગટ થાય નહિ.

ભેદવિજ્ઞાની જીવ મન-વચન-કાયાની ક્રિયાની ભાવના ભાવતો નથી. મનવચનકાયા તો જડ છે, તેની ક્રિયા તેને આધીન છે ને તેને લક્ષે થતા રાગની પણ ભાવના જ્ઞાની ભાવતો નથી. વળી ધ્યાન કરનારો જીવ કર્મકાંડમાં પ્રવર્તતો નથી. દયા, દાન, જાત્રા, બાર પ્રકારના તપનો વિકલ્પ ઊઠવો તે બધો કર્મકાંડ છે. તેમાં ધ્યાની પુરુષ પ્રવર્તતો નથી. પણ શરીરથી તથા પુણ્ય-પાપથી જુદો છું એવું જ્ઞાન સમસ્ત શુભાશુભ કર્મ ઈંધનને બાળી નાખવામાં સમર્થ છે. આવા જ્ઞાનકાંડવાળો ધ્યાનનો અનુભવી થાય છે તેથી તે પરમાત્મપદને પામે છે.

જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ તે જ્ઞાન આત્મા તરફ વળતાં કેવળજ્ઞાન પ્રગટે છે ને જન્મમરણનો નાશ થાય છે.

ચશ્માથી જ્ઞાન થાય એમ માનનાર અજ્ઞાની જીવ પરથી જુદો પડ્યો નથી તો તે રાગદ્વેષથી તો જુદો કેવી રીતે થઈ શકે ? ન જ થઈ શકે. વળી સંસારમાં મૂડી ન હોય પણ આબરૂ હોય તોપણ ધંધાનો વ્યવહાર ચાલે છે તેમ ધર્મીજીવને પૂર્ણ જ્ઞાનલક્ષ્મીની મૂડી ન હોય પણ નવતત્ત્વનું પ્રયોજનભૂત જ્ઞાન હોય તોપણ તે વધીને તે ભવમાં અથવા એકાદ ભવ પછી પણ પરમાત્મદશાને પામે છે.

અત્યારે તો જીવોને બાહ્યપ્રવૃત્તિ ઘણી વધી ગઈ છે. બુદ્ધિ થોડી, કાળ થોડો ને બહારમાં રોકાય પણ નિવૃત્તિ લ્યે નહિ. અહીં કહે છે કે પરનાં કાર્ય કરવાના અહંકારનો બોજો માથે રાખ્યા કરે છે તે બોજાથી એક વાર હળવો તો થા ! એક વાર પર સાથેનો, શરીર તથા કર્મ વગેરે સાથેની એકત્વબુદ્ધિનો બોજો ઓછો કર. તે વિના અંતર્મુખ વળાય તેમ નથી, તે વિના ધર્મધ્યાન થતું નથી. મિથ્યાત્વ ગયા વિના પ્રતિક્રમણ થાય નહિ ને નિર્જરા થાય નહિ.

વળી અજ્ઞાની જીવ ગમે તેવી પ્રરૂપણા કરતો હોય તોપણ ધર્મી જીવ તેનું સાચું માને નહિ. કોઈ બહુરૂપી જુદાજુદા વેશ ધારણ કરે તો ડાહ્યો માણસ સમજે કે એ તો વેશધારી છે. તેમ અજ્ઞાની જોરથી પ્રરૂપણા કરે કે વ્યવહાર કરતાં કરતાં ધર્મ થાય ને તે માટે દાખલા આપે તોપણ ધર્મી જીવ સમજે કે આની પ્રરૂપણા ખોટી છે. આ વેશધારી છે. યથાર્થ જ્ઞાની નથી.

પ્રવચનસારના પરિશિષ્ટમાં વાત આવી હતી કે ક્રિયાકાંડથી એટલે કે દેવગુરુશાસ્ત્ર પ્રત્યેના રાગથી જ્ઞાનકાંડ પ્રચંડ થાય છે એટલે કે આત્માનું જ્ઞાન થાય છે. અજ્ઞાની અર્થ સમજે નહિ ને આનો આધાર આપે તો ધર્મી સમજે છે કે તે નિમિત્તનાં કથનો છે. દેવગુરુશાસ્ત્ર પ્રત્યેના રાગનો અભાવ કરી જ્ઞાનકાંડ થાય છે તેમ કહેવાનો ભાવ છે પણ શુભરાગ હોય તો સાચા દેવગુરુશાસ્ત્ર પ્રત્યેનો જ હોય પણ કુદેવાદિનો ન હોય, તેમ બતાવવા ક્રિયાકાંડથી જ્ઞાનકાંડ થાય તેમ કહ્યું છે. તે વ્યવહારનયનું કથન છે તેમ જ્ઞાની સમજે છે. અહીં તો ચોખ્ખી વાત કરી કે જે જીવ શુભાશુભ ભાવોરૂપી કર્મકાંડમાં પ્રવર્તતો નથી. પણ શુદ્ધ આત્મામાં લીન થઈ જ્ઞાનકાંડમાં એટલે શુદ્ધતામાં પ્રવર્તે છે તેને પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે નિર્જરા પદાર્થનું વ્યાખ્યાન પૂરું થયું ૧૪૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जं सुहमसुहमुदिण्णं भावं रत्तो करेदि जदि अप्पा।**
**सो तेण हवदि बद्धो पोग्गलकम्मेण विविहेण॥ १४७॥**

**यं शुभमशुभमुदीर्णं भावं रक्तः करोति यद्यात्मा।**
**स तेन भवति बद्धः पुद्गलकर्मणा विविधेन॥ १४७॥**

**જો આતમા ઉપરક્ત કરતો અશુભ વા શુભ ભાવને,**
**તો તે વડે એ વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૪૭.**

**અન્વયાર્થ :** [यदि] જો [आत्मा] આત્મા [रक्तः] રક્ત (વિકારી) વર્તતો થકો [उदीर्णं] ઉદિત [यम् शुभम् अशुभम् भावम्] શુભ કે અશુભ ભાવને [करोति] કરે છે, તો [सः] તે આત્મા [तेन] તે ભાવ વડે (-તે ભાવના નિમિત્તે) [विविधेन पुद्गलकर्मणा] વિવિધ પુદ્ગલકર્મથી [बद्धः भवति] બદ્ધ થાય છે.

---

**तात्पर्यवृत्ति :** एवं नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये निर्जराप्रतिपादकमुख्यतया गाथात्रयेणाष्टमोंतराधिकारः समाप्तः ॥ अथ निर्विकारपरमात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयमोक्षमार्गाद्विलक्षणे बंधाधिकारे "जं सुह" मित्यादि गाथात्रयेण समुदायपातनिका। अथ बंधस्वरूपं कथयति, – **जं सुहमसुहमुदिण्णं भावं रत्तो करेदि जदि अप्पा** यं शुभाशुभमुदीर्णं भावं रक्तः करोति यद्यात्मा यद्ययमात्मा निश्चयनयेन शुद्धबुद्धैकस्वभावोपि व्यवहारेणानादिबंधनोपाधिवशाद्रक्तः सन् निर्मलज्ञानानंदादिगुणास्पदशुद्धात्मस्वरूपपरिणतेः पृथग्भूतमुदयागतं शुभमशुभं वा स्वसंवित्तेश्च्युतो भूत्वा भावं परिणामं करोति **सो तेण हवदि बद्धो** तदा स आत्मा तेन रागपरिणामेन कर्तृभूतेन बद्धो भवति। केन करणभूतेन ? **पोग्गलकम्मेण विविहेण** कर्मवर्गणारूपपुद्गलकर्मणा विविधेनेति। अत्र शुद्धात्मपरिणतेर्विपरीतः शुभाशुभपरिणामो भावबंधः तन्निमित्तेन तैलम्रक्षितानां मलबंध इव जीवेन सह कर्मपुद्गलानां संश्लेषो द्रव्यबंध इति सूत्राभिप्रायः॥ १४७॥

**समयव्याख्या : अथ बंधपदार्थव्याख्यानम्। बन्धस्वरूपाख्यानमेतत्। यदि खल्वयमात्मा परोपाश्रयेणानादिरक्तः कर्मोदयप्रभावत्वादुदीर्णं शुभमशुभं वा भावं करोति, तदा स आत्मा तेन निमित्तभूतेन भावेन पुद्गलकर्मणा विविधेन बद्धो भवति। तदत्र मोहरागद्वेषस्निग्धः शुभोऽशुभो वा परिणामो जीवस्य भावबन्धः, तन्निमित्तेन शुभाशुभकर्मत्वपरिणतानां जीवेन सहान्योन्यमूर्च्छनं पुद्गलानां द्रव्यबन्ध इति॥ १४७॥**

**અનુવાદ : હવે બંધપદાર્થનું વ્યાખ્યાન છે. આ, બંધના સ્વરૂપનું કથન છે.**

**જો ખરેખર આ આત્મા અન્યના (-પુદ્ગલકર્મના) આશ્રય વડે અનાદિ કાળથી રક્ત રહીને કર્મોદયના પ્રભાવયુક્તપણે વર્તવાથી ઉદિત (-પ્રગટ થતા) શુભ કે અશુભ ભાવને કરે છે, તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવ વડે વિવિધ પુદ્ગલકર્મથી બદ્ધ થાય છે. તેથી અહીં (એમ કહ્યું કે), મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે અને તેના (-શુભાશુભ પરિણામના) નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (-વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે દ્રવ્યબંધ છે. ૧૪૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ વૈશાખ, વદ-૧૨, મંગળવાર]

હવે બંધ પદાર્થનું વ્યાખ્યાન કરવામાં આવે છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેને ચૂકીને અજ્ઞાનભાવ કરીને પુણ્ય-પાપના પરિણામ થાય તે ભાવબંધન છે, તે વિકારી પરિણામ છે. તેના નિમિત્તે જડ કર્મ બંધાય છે. તે દ્રવ્યબંધ છે. અશુદ્ધ નિશ્ચયનયથી રાગદ્વેષ કરે છે તે ભાવબંધ છે ને તેના નિમિત્તે દ્રવ્યકર્મ બંધાય છે. તેથી આત્મા દ્રવ્યકર્મ બાંધે છે એમ વ્યવહારથી કહેવાય છે.

**ભાવાર્થ** : આત્મા પરના સંબંધે અનાદિ અવિદ્યાથી મોહી થઈને કર્મના ઉદયના નિમિત્તે શુભાશુભભાવ કરે છે. જીવ અને કર્મ વચ્ચે અત્યંત અભાવ છે. પણ પોતાના સ્વભાવને ચૂકી પરમાં સાવધાન થયો ને નિમિત્તના વલણમાં ગયો તે ભાવબંધ છે. તે વખતે અશુદ્ધ ઉપાદાન યોગરૂપ ભાવનું નિમિત્ત પામીને પૌદ્‌ગલિક કર્મોથી બંધાય છે. નિમિત્ત પામીને એટલે પહેલાં નિમિત્ત ને પછી ઉપાદાન એવો એનો અર્થ નથી. જે સમયે પોતાના અજ્ઞાનરાગદ્વેષના કારણે બંધાયો તે વખતે જ પુદ્‌ગલકર્મોથી વ્યવહારે બંધાયો છે. કર્મરૂપે પરિણમવાને યોગ્ય પરમાણુ કર્મરૂપે પરિણમી દ્રવ્યબંધ થાય છે.

કોઈ પૂછે કે સિદ્ધને કર્મ કેમ બંધાતાં નથી, સિદ્ધને રાગદ્વેષ નથી માટે ? સમાધાન :- ત્યાં પરમાણુ કર્મરૂપે પરિણમવાની યોગ્યતાવાળા સિદ્ધની પાસે હોતા નથી. માટે બંધાતા નથી. રાગદ્વેષ નથી માટે બંધાતા નથી એવા પરમાણુ પરાધીન નથી. કર્મોની લાયકાતવાળા પરમાણુઓ રાગી જીવની સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ ધરાવે છે. આત્મામાં શુભાશુભ ભાવરૂપ ચીકાશ છે તેનું નામ ભાવબંધ છે. તેનું નિમિત્ત પામીને શુભઅશુભરૂપ કર્મ થવાને યોગ્ય પરમાણુનો જીવના પ્રદેશો સાથે પરસ્પર બંધ થાય છે તેનું નામ દ્રવ્યબંધ છે તેવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે.

જો કોઈ જીવને દ્રવ્યબંધ નિશ્ચયથી માને તો તે બંધને જાણતો નથી વળી જીવે ભાવકર્મો કર્યા માટે પરમાણુને બંધાવું પડે એમ માને તો તે પણ બંધને જાણતો નથી. કર્મ ભાવબંધ અથવા વિકાર કરાવે એમ માને તો તે પણ બંધને જાણતો નથી–જીવ પોતામાં રાગદ્વેષ કરે તે ભાવબંધ છે, તેનું નિમિત્ત પામીને પરમાણુ સ્વયં કર્મરૂપે બંધાય તે દ્રવ્યબંધ છે.

આમ બંધનું સ્વરૂપ ન સમજે તેને નવતત્ત્વનું જ્ઞાન સાચું થતું નથી ને ધર્મ થતો નથી.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૩, બુધવાર]

રાગદ્વેષાદિના પરિણામ થવા તે ભાવબંધ છે. તે વખતે કર્મો સ્વયં બંધાય તે દ્રવ્યબંધ છે. જડકર્મ હતાં તો વિકાર થયો એમ માને તો બંધને સમજતો નથી. ને ભાવબંધને લીધે દ્રવ્યબંધ થયો એમ પણ નથી. કોઈને લીધે કોઈ નથી, દરેક સ્વતંત્ર છે. મિથ્યાભ્રાંતિ, રાગદ્વેષાદિના પરિણામ ભાવબંધ છે, તેનું નિમિત્ત પામીને કર્મોનું બંધાવું તે દ્રવ્યબંધ છે. પૂર્વકર્મ નિમિત્ત અને ભાવબંધ નૈમિત્તિક છે, વળી ભાવબંધનિમિત્ત ને નવો દ્રવ્યબંધ નૈમિત્તિક છે. એમ નિમિત્તનૈમિત્તિક સંબંધ સ્વતંત્ર છે. ૧૪૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जोगणिमित्तं गहणं जोगो मणवयणकायसंभूदो ।**
**भावणिमित्तो बंधो भावो रदिरागदोसमोहजुदो ॥ १४८ ॥**

**योगनिमित्तं ग्रहणं योगो मनोवचनकायसंभूतः ।**
**भावनिमित्तो बन्धो भावो रतिरागद्वेषमोहयुतः ॥ १४८ ॥**

**છે યોગહેતુક ગ્રહણ, મનવચકાય-આશ્રિત યોગ છે;**
**છે ભાવહેતુક બંધ, ને મોહાદિસંયુત ભાવ છે. ૧૪૮.**

**અન્વયાર્થ :** [योगनिमित्तं ग्रहणम्] ગ્રહણનું (-કર્મગ્રહણનું) નિમિત્ત યોગ છે; [योगः मनोवचनकायसंभूतः] યોગ મનવચનકાયજનિત (આત્મપ્રદેશ પરિસ્પંદ) છે. [भावनिमित्तः बन्धः] બંધનું નિમિત્ત ભાવ છે; [भावः रतिरागद्वेषमोहयुतः] ભાવ રતિરાગદ્વેષમોહથી યુક્ત (આત્મપરિણામ) છે.

---

**तात्पर्यवृत्ति :** अथ बहिरंगांतरंगबंधकारणमुपदिशति, – योगनिमित्तेन ग्रहणं कर्मपुद्गलादानं भवति । योग इति कोऽर्थः । **जोगो मणवयणकायसंभूदो** योगो मनोवचनकायसंभूतः निःक्रियनिर्विकारचिज्ज्योतिः-परिणामाद्भिन्नो मनोवचनकायवर्गणालंबनरूपो व्यापारः आत्मप्रदेशपरिस्पंदलक्षणो वीर्यान्तरायक्षयोपशम-जनितः कर्मादानहेतुभूतो योगः **भावणिमित्तो बंधो** भावनिमित्तो भवति । स कः ? स्थित्यनुभागबंधः । भावः कथ्यते । **भावो रदिरागदोसमोहजुदो** रागादिदोषरहितचैतन्यप्रकाशपरिणतेः पृथक्त्वादिकषायादिदर्शन-चारित्रमोहनीयत्रीणि द्वादशभेदात् पृथग्भूतो भावो रतिरागद्वेषमोहयुक्तः । अत्र रतिशब्देन हास्याविनाभाविनोकषायान्तर्भूता रतिर्ग्राह्या । रागशब्देन तु मायालोभरूपो रागपरिणाम इति, द्वेषशब्देन तु क्रोधमानारतिशोकभयजुगुप्सारूपो द्वेषपरिणामो षट्प्रकारो भवति । मोहशब्देन दर्शनमोहो गृह्यते इति । अत्र यतः कारणात्कर्मादानरूपेण प्रकृतिप्रदेशबंधहेतुस्ततः कारणाद्बहिरंगनिमित्तं योगः चिरकाल-स्थायित्वेन स्थित्यनुभागबंधहेतुत्वादभ्यंतरकारणं कषाया इति तात्पर्यं ॥ १४८ ॥

**समयव्याख्या : बहिरङ्गान्तरङ्गबन्धकारणाख्यानमेतत् । ग्रहणं हि कर्मपुद्गलानां जीवप्रदेशवर्ति-कर्मस्कन्धानुप्रवेशः । तत् खलु योगनिमित्तम् । योगो वाङ्मनःकायकर्मवर्गणालम्बन आत्मप्रदेशपरिस्पन्दः । बन्धस्तु कर्मपुद्गलानां विशिष्टशक्तिपरिणामेनावस्थानम् । स पुनर्जीवभावनिमित्तः । जीवभावः पुना रतिरागद्वेषमोहयुतः, मोहनीयविपाकसंपादितविकार इत्यर्थः । तदत्र पुद्गलानां ग्रहणहेतुत्वाद्बहिरङ्गकारणं योगः, विशिष्टशक्तिस्थितिहेतुत्वादन्तरङ्गकारणं जीवभाव एवेति ॥ १४८ ॥**

**અનુવાદ : આ, બંધના બહિરંગ કારણ અને અંતરંગ કારણનું કથન છે.**

ગ્રહણ એટલે કર્મપુદ્ગલોનો જીવપ્રદેશવર્તી (-જીવના પ્રદેશોની સાથે એક ક્ષેત્રે રહેલા) કર્મસ્કંધોમાં પ્રવેશ; તેનું નિમિત્ત યોગ છે. યોગ એટલે વચનવર્ગણા, મનોવર્ગણા, કાયવર્ગણા અને કર્મવર્ગણાનું જેમાં આલંબન હોય છે એવો આત્મપ્રદેશોનો પરિસ્પંદ (અર્થાત્ જીવના પ્રદેશોનું કંપન).

બંધ એટલે કર્મપુદ્ગલોનું વિશિષ્ટ શક્તિરૂપ પરિણામ સહિત સ્થિત રહેવું તે (અર્થાત્ કર્મપુદ્ગલોનું અમુક અનુભાગરૂપ શક્તિ સહિત અમુક કાળ સુધી ટકવું તે); તેનું નિમિત્ત જીવભાવ છે. જીવભાવ રતિરાગદ્વેષમોહયુક્ત (પરિણામ) છે અર્થાત્ મોહનીયના વિપાકથી ઉત્પન્ન થતો વિકાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તેથી અહીં (બંધને વિષે), બહિરંગ કારણ (-નિમિત્ત) યોગ છે કારણ કે તે પુદ્ગલોના ગ્રહણનો હેતુ છે, અને અંતરંગ કારણ (-નિમિત્ત) જીવભાવ જ છે કારણકે તે (કર્મપુદ્ગલોની) વિશિષ્ટ શક્તિ અને સ્થિતિનો હેતુ છે. ૧૪૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૩, બુધવાર]

હવે બંધનું બહિરંગ ને અંતરંગ સ્વરૂપ કહે છે.

જડકર્મ બંધાય છે તે તેની યોગ્યતાથી બંધાય છે, તેનાં બે કારણ છે. અંતરંગ ને બહિરંગ. યોગને બહિરંગ કારણ કહે છે ને રાગદ્વેષને અંતરંગકારણ કહે છે. જીવ, અજીવ વગેરે નવ પદાર્થ પૃથક્ પૃથક્ છે. પૃથક્ ન હોય તો નવ રહેતા નથી. સિદ્ધને દ્રવ્યકર્મ કેમ થતાં નથી ? તેનો કોઈ એમ જવાબ આપે કે સિદ્ધને વિકાર નથી માટે. તો તે બરાબર નથી. તેમ માનવામાં આવે તો કર્તાકર્મસંબંધ થઈ જાય છે. ત્યાં કર્મ થવાને લાયક પરમાણુ નથી માટે કર્મ થતાં નથી ને જીવની અવિકારી દશા નિમિત્ત છે. ને કર્મ થાય તેમાં વિકારીદશા નિમિત્ત છે. હવે તેમાં બે કારણ છે. આત્માના પ્રદેશોનું કંપન થવું તે યોગ છે. તેમાં મન, વચન, કાયા નિમિત્ત છે. મનવચનકાયાની ક્રિયા તે યોગ નથી. પણ પ્રદેશનું કંપન થવું તે યોગ છે. તે યોગ નવાં કર્મ આવે તેમાં બહિરંગકારણ છે ને મોહરાગદ્વેષ નવાં કર્મમાં અંતરંગકારણ છે.

એક માને બે સાથે જન્મેલી દીકરી હોય તોપણ એકબીજાના ફેરથી જુદી જુદી પરખી લ્યે છે. પૃથકતાનું જ્ઞાન વર્તે છે, તેમ આત્મામાં યોગનું કંપન ને કષાય એક સમયે થાય છે. છતાં બન્નેનું કાર્ય જુદું છે.

યોગનું નિમિત્ત પામીને કર્મ પુદ્ગલો જીવના પ્રદેશોમાં પરસ્પર એકક્ષેત્રાવગાહપણે ગ્રહણ થાય છે. યોગ તે મન–વચન કાયાની ક્રિયાથી ઉત્પન્ન થાય છે એનો અર્થ એ છે કે જ્યારે પ્રદેશોના કંપનમાં મન નિમિત્ત હોય તો મનોયોગ કહેવાય. વચન નિમિત્ત હોય તો વચનયોગ કહેવાય, કાયા નિમિત્ત હોય તો કાયયોગ કહેવાય. આવી રીતે મનવચનકાયાના નિમિત્તે જે કંપન થાય છે તેને લીધે કર્મના પરમાણુઓ આવે છે. ને કર્મની પ્રકૃતિઓ બંધાય છે. તે યોગને બહિરંગ કારણ કહેલ છે. ને મોહરાગદ્વેષને અંતરંગકારણ કહેલ છે.

દરેક પદાર્થ સ્વતંત્ર છે, કોઈને લીધે કોઈ રખડતું નથી. સુદૃષ્ટિતરંગિણીમાં લખાણ આવે છે કે ગિરિગુફામાં છ મુનિઓ વીતરાગી ધ્યાનમાં બેઠા હોય તેમાં કોઈને વિકલ્પ આવે ને બહાર આવે જાય તો બીજાને તેની પડી હોતી નથી. સૌ પોતપોતામાં મશગૂલ છે. એમ જગતનાં છ દ્રવ્યો વીતરાગી મુનિ જેવાં છે, પોતપોતાથી કામ કરી રહ્યાં છે. જીવ રાગદ્વેષ કરે છે તે પોતાથી કરે છે, અને કર્મો પણ સ્વયં પોતાના કારણે બંધાય છે. બન્ને એક સમયે છે છતાં ચૈતન્યને પડી નથી કે કેવાં કર્મ બંધાય છે તેમ જ જડને પડી નથી કે ચૈતન્ય કેવો વિકાર કરે છે. બન્ને સ્વતંત્ર છે. અહીં દ્રવ્યબંધમાં નિમિત્ત કારણ બતાવે છે. દ્રવ્યકર્મો બંધાય છે તે પોતપોતાની યોગ્યતાથી બંધાય છે. તે બંધનનું મૂળ કારણ યોગ નથી તેથી તેને બહિરંગકારણ કહ્યું ને મિથ્યાભ્રાંતિ રાગદ્વેષાદિ અશુદ્ધોપયોગ અંતરંગ કારણ છે. ઈષ્ટ અનિષ્ટ પદાર્થોમાં રતિરાગદ્વેષમોહ તે અંતરંગ કારણ છે. પર વસ્તુ અનુકૂળ કે પ્રતિકૂળ નથી પણ આ અનુકૂળ છે ને આ પ્રતિકૂળ છે. એવો મોહરાગદ્વેષ તે ભાવબંધ છે. તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરંગ કારણ છે.

નિયમસારમાં કહ્યું છે કે સમ્યગ્દર્શન થવામાં જિનસૂત્ર તે બહિરંગ કારણ છે ને જ્ઞાની પુરુષ તે અંતરંગકારણ છે. ત્યાં સમ્યગ્દર્શન થવામાં ખરેખર અંતરંગ અથવા ઉપાદાન કારણ તો શિષ્યનો આત્મા જ છે ને પોતાના કારણે જ સમ્યગ્દર્શન પામે છે. અંતરંગ ઉપાદાન કારણ તો પોતે જ છે ને વાણી તથા જ્ઞાની પુરુષ બન્ને બાહ્ય નિમિત્ત કારણ છે છતાં બે નિમિત્ત કારણોમાં આંતરો-ફેર બતાવવા તથા જ્ઞાની પુરુષના નિમિત્તપણાને વજન આપવા માટે જ્ઞાની પુરુષને અંતરંગ કારણ કહ્યું ને વાણીને બાહ્યકારણ કહ્યું.

તેવી રીતે અહીં પણ કર્મના પરમાણુઓ બંધાય છે તેમાં અંતરંગ કારણ તો તે પરમાણુ પોતે જ છે. બાહ્યકારણને લીધે પરમાણુ બંધાતા નથી પણ તેમાં બે નિમિત્તો હોય છે. (૧) જીવના મોહ-રાગદ્વેષ, ને (૨) યોગ. એમ બન્ને એકી સાથે છે, છતાં બન્ને નિમિત્તકારણમાં ફેર બતાવવા ને જીવના મોહરાગદ્વેષના નિમિત્તપણાનું વજન દેવા તેને અંતરંગ કારણ કહ્યું ને યોગને બહિરંગ કારણ કહ્યું છે. કેવળીને યોગ હોવા છતાં ભાવમોક્ષ છે. તેમને ઈષ્ટ-અનિષ્ટ-પદાર્થોના નિમિત્તે મોહરાગદ્વેષ થતા નથી. તે પદાર્થો જ્ઞાનનું જ્ઞેય છે. દ્રવ્યકર્મનું ખરેખર નિમિત્તકારણ તો મોહ રાગદ્વેષ છે તેથી તેને અંતરંગ કારણ કહ્યું ને યોગને બાહ્યકારણ કહ્યું છે.

ચારે ગતિ દુઃખનું નિધાન છે. સુખ શેઠાઈમાં, સ્વર્ગમાં, જુગલિયામાં, મહાવિદેહમાં નથી. અજ્ઞાની જીવ પરમાં રુચિ કરી દુઃખી થઈ રહ્યો છે. શરીરમાં શ્વાસ ચાલે, ધબકારા ચાલે તે બધા જડ છે. આત્મા તેની અવસ્થા કરી શકતો નથી છતાં અજ્ઞાની જીવ મારા માની ઊંધા ભાવ કરે છે. જીવ ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં મોહરાગદ્વેષ કરે છે. તે કર્મબંધમાં અંતરંગ કારણ છે ને યોગ બહિરંગકારણ છે.

**ભાવાર્થ** : જીવના પ્રદેશોમાં કર્મનું આવવું યોગ દ્વારા થાય છે. પરમાણુ પરમાણુના કારણે આવે છે તેમાં યોગ નિમિત્ત છે. પૂર્વે બાંધેલાં કર્મોનું નિમિત્ત પામીને આત્માના પ્રદેશોનું કંપન થાય છે. નિમિત્ત કંપન કરાવતું નથી. આત્માની યોગ્યતાના કારણે કંપન થાય છે તેમાં જૂના કર્મ નિમિત્ત છે. ને નવાં કર્મનાં રજકણો આવે છે તે પોતાના કારણે આવ્યાં છે ને જીવના પ્રદેશોમાં બંધરૂપ રહ્યાં છે તેને બંધ કહે છે. આ બંધ મોહનીય કર્મ-સંયુક્ત જીવના અશુદ્ધોપયોગ વિના હોતો નથી. જીવના મલિન પરિણામ વિના બંધન હોઈ શકે નહિ. જોકે યોગદ્વારા બંધ થાય છે તોપણ સ્થિતિઅનુભાગ વિના નવાં કર્મો નામમાત્ર ગ્રહણ થાય છે. કેમકે બંધ તેનું નામ છે કે જે સ્થિતિ-અનુભાગ વિશેષતા સહિત છે. તેથી નક્કી થાય છે કે દ્રવ્યકર્મ ને યોગ બહિરંગકારણ છે ને અંતરંગકારણ જીવના રાગાદિક ભાવ છે. પ્રદેશકંપન જીવનો ઉદયભાવ છે પણ તેને વિશેષભાવ નહિ ગણતાં રાગદ્વેષમોહને ખાસ કારણ કહેલ છે. મોહના અભાવમાં યોગ ટકતો નથી-ટળી જાય છે માટે મોહને અંતરંગકારણ કહ્યું છે ને યોગને બહિરંગ કારણ કહેલ છે. ૧૪૮.

---

**हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।**
**तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति ॥ १४९ ॥**

**हेतुश्चतुर्विकल्पोऽष्टविकल्पस्य कारणं भणितम्।**
**तेषामपि च रागादयस्तेषामभावे न बध्यन्ते ॥ १४९ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય છે રાગાદિ, જ્યાં રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૪૯.**

**અન્વયાર્થ :** [चतुर्विकल्पः हेतुः] (દ્રવ્યમિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ [अष्टविकल्पस्य कारणम्] આઠ પ્રકારનાં કર્મોનાં કારણ [भणितम्] કહેવામાં આવ્યા છે; [तेषाम् अपि च] તેમને પણ [रागादयः] (જીવના) રાગાદિભાવો કારણ છે; [तेषाम् अभावे] રાગાદિભાવોના અભાવમાં [न बध्यन्ते] જીવો બંધાતા નથી.

---

**तात्पर्यवृत्ति** : अथ न केवलं योगा बंधस्य बहिरंगनिमित्तं भवंति मिथ्यात्वादि द्रव्यत्वादि द्रव्यप्रत्यया अपि रागादिभावप्रत्ययापेक्षया बहिरंगनिमित्तमिति समर्थयति, – **हेदू हि** हेतुः कारणं हि स्फुटं । कतिसंख्योपेतः । **चदुवियप्पो** उदयागतमिथ्यात्वाविरतिकषाययोगद्रव्यप्रत्ययरूपेण चतुर्विकल्पो भवति । **कारणं भणियं** स च द्रव्यप्रत्ययरूपश्चतुर्विकल्पो हेतुः कारणं भणितः । कस्य । **अट्ठवियप्पस्स** रागाद्युपाधिरहितसम्यक्त्वाद्यष्टगुणसहितपरमात्मस्वभावप्रच्छादकस्य नवतराष्टविधद्रव्यकर्मणः **तेसिं पि य रागादी** तेषामपि रागादयः तेषां पूर्वोक्तद्रव्यप्रत्ययानां रागादिविकल्परहितशुद्धात्मद्रव्यपरिणतेर्भिन्ना जीवगतरागादयः कारणा भवंति । कस्मादिति चेत् । **तेसिमभावे ण वज्झंते** यतः कारणात्तेषां जीवगतरागादिभावप्रत्ययानामभावे द्रव्यप्रत्ययेषु विद्यमानेष्वपि सर्वेष्टानिष्टविषयममत्वाभावपरिणता जीवा न बध्यंत इति । तथाहि-यदि जीवगतरागाद्यभावेपि द्रव्यप्रत्ययोदयमात्रेण बंधो भवति तर्हि सर्वदैव बंध एव । कस्मात् । संसारिणां सर्वदैव कर्मोदयस्य विद्यमानत्वादिति । तस्माद् ज्ञायते नवतरद्रव्यकर्मबंधस्योदयागतद्रव्यप्रत्यया हेतवस्तेषां च जीवगतरागादयो हेतव इति । ततः स्थितं न केवलं योगा बहिरंगबंधकारणं द्रव्यप्रत्यया अपीति भावार्थः ।। १४९ ।।

**समयव्याख्या : मिथ्यात्वादिद्रव्यपर्यायाणामपि बहिरङ्गकारणद्योतनमेतत् । तन्त्रान्तरे किलाष्टविकल्पकर्मकारणत्वेन बन्धहेतुर्द्रव्यहेतुरूपश्चतुर्विकल्पः प्रोक्तः मिथ्यात्वासंयमकषाययोगा इति । तेषामपि जीवभावभूता रागादयो बन्धहेतुत्वस्य हेतवः, यतो रागादिभावानामभावे द्रव्यमिथ्यात्वासंयमकषाययोगसद्भावेऽपि जीवा न बध्यन्ते । ततो रागादीनामन्तरङ्गत्विश्चयेन बन्धहेतुत्वमवसेयमिति ॥ १४९ ॥**

**–इति बन्धपर्यायव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ : આ મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને (-દ્રવ્યમિથ્યાત્વાદિ પુદ્‌ગલપર્યાયોને) પણ (બંધના) બહિરંગ-કારણપણાનું પ્રકાશન છે.**

**ગ્રંથાન્તરમાં (અન્ય શાસ્ત્રમાં) મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર પ્રકારના દ્રવ્યહેતુઓને (દ્રવ્યપ્રત્યયોને) આઠ પ્રકારનાં કર્મોનાં કારણ તરીકે બંધહેતુ કહ્યા છે. તેમને પણ બંધહેતુપણાના હેતુઓ જીવભાવભૂત રાગાદિક છે; કારણ કે રાગાદિભાવોનો અભાવ હોતાં દ્રવ્યમિથ્યાત્વ, દ્રવ્ય-અસંયમ, દ્રવ્યકષાય અને દ્રવ્યયોગના સદ્‌ભાવમાં પણ જીવો બંધાતા નથી. તેથી રાગાદિભાવોને અંતરંગ બંધહેતુપણું હોવાને લીધે નિશ્ચયથી બંધહેતુપણું છે એમ નક્કી કરવું. ૧૪૯.**

**આ રીતે બંધપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૩, બુધવાર]

હવે દ્રવ્યમિથ્યાત્વાદિ બંધના બહિરંગ કારણ કહે છે.

આ ગાથા સમયસાર ગાથા ૧૭૮ જેવી છે.

જૂનાં દ્રવ્યકર્મ-દ્રવ્યમિથ્યાત્વ, અસંયમ, કષાય, યોગ તે નવાં આઠ કર્મોમાં પણ નિમિત્તકારણ થાય છે. મોહનીયકર્મ ને નામકર્મ નવાં આઠ કર્મોનું કારણ થાય છે. ચાર પ્રત્યયોનું કારણ જીવના મોહરાગદ્વેષાદિ વિભાવભાવ છે. જીવના વિભાવભાવ ન હોય તો જૂનાં કર્મોના ઉદયને નિમિત્ત કહેવાતું નથી. મોહ–રાગ–દ્વેષના નિમિત્તે નવાં કર્મ બંધાય છે. તેનો વિનાશ થવાથી નવાં કર્મો બંધાતાં નથી.

જીવ પોતાના સ્વભાવને ચૂકે છે. પરમાં સુખબુદ્ધિ કરી મોહરાગદ્વેષ કરે છે તેથી જૂનાં જડકર્મનો ઉદય નવાં કર્મમાં નિમિત્ત કહેવાય છે. પરતંત્રતાની વાત નથી. જેમ જ્ઞાનાવરણીયનો ઉદય હોય ત્યારે કેવળજ્ઞાન હોય નહિ, વીર્યાંતરાયનો ઉદય હોય ત્યારે અનંતવીર્ય હોય નહિ. જીવની યોગ્યતા છે તો કર્મનો ઉદય નિમિત્ત છે. બન્ને સ્વતંત્ર છે તેવી રીતે મોહ–રાગ–દ્વેષ કરે છે તો ચાર જૂના પ્રત્યયો નિમિત્ત કહેવાય છે ને તે નવાં આઠકર્મના બંધનમાં નિમિત્ત કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૪, ગુરુવાર]

આ બંધ અધિકાર છે. આત્મા પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ ચૂકીને મિથ્યાત્વ રાગ–દ્વેષ, પ્રમાદ, કષાય, યોગ કરે છે તેને ભાવબંધ કહે છે. તેનું નિમિત્ત પામીને નવાં દ્રવ્યકર્મો બંધાય છે તે દ્રવ્યબંધ છે. તે પરમાણુઓ પોતાના કારણે બંધાય છે. તેમાં અંતરંગકારણ જીવના મોહ–રાગ–દ્વેષ છે. ને જીવના પ્રદેશોનું કંપન એટલે યોગ બહિરંગકારણ છે. કેવળીને એકલું કંપન છે તેથી તેમને આસ્રવ થાય છે પણ બંધ થતો નથી. કંપન બંધનું ખરેખર કારણ નથી પણ પોતાનો સ્વભાવ ચૂકીને થતા દયાદાનાદિના પરિણામ એ જ ખરેખર બંધનું કારણ છે.

જડ નવા કર્મ ખરેખર બંધાય છે તો તેના પોતાના કારણે, ને જડ કર્મ માટે કંપન ને રાગ–દ્વેષ બન્ને બહિરંગકારણ છે છતાં કંપનની મુખ્યતા નથી, ગૌણતા છે તેથી તેને બહિરંગકારણ કહ્યું ને રાગદ્વેષાદિને અંતરંગકારણ કહ્યું. હવે આ ગાથામાં જૂનાં કર્મના ઉદયને પણ નવાં કર્મ બંધાય તેમાં બહિરંગકારણ કહે છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય એ ત્રણ મોહકર્મમાં આવે છે ને યોગ નામકર્મમાં આવે છે. એટલે જૂનાં મોહકર્મ ને નામકર્મનો ઉદય નવાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મમાં બહિરંગકારણ છે એમ આ ગાથામાં બતાવવું છે. આઠ કર્મ બંધાય છે તો પોતાના કારણે, પણ ગાથા ૧૪૮માં બે નિમિત્તકારણોમાં રાગ–દ્વેષને અંતરંગકારણ ને યોગને બહિરંગકારણ કહેલ તેમ આ ગાથામાં જૂનાં મોહનીય ને નામકર્મના ઉદયને પણ બહિરંગકારણ કહે છે.

દ્રવ્યસંગ્રહમાં નિશ્ચયકર્તા ને વ્યવહારકર્તાની વાત આવે છે તે બાબતની સ્પષ્ટતા.

(૧) જીવ પોતાની પર્યાયમાં વિકાર ને યોગ કરે છે તેનો જીવ અશુદ્ધનિશ્ચયનયથી કર્તા છે. જીવ વિકાર કરે તો જૂનાં કર્મનો ઉદય તેને નિમિત્ત કહેવાય. માટે મોહનીય આદિ જૂનાં કર્મો જીવના વિકારાદિ પરિણામના વ્યવહારે કર્તા છે. નિમિત્ત છે માટે વ્યવહારે કર્તા કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) નવાં દ્રવ્યકર્મો બંધાય તેનો નિશ્ચયથી કર્તા પરમાણુઓ પોતે છે ને જીવના રાગ–દ્વેષ તેમાં નિમિત્ત છે માટે રાગ–દ્વેષાદિ નવાં દ્રવ્યકર્મનાં વ્યવહારે કર્તા કહેવાય છે.

દરેક વસ્તુ સ્વતંત્ર બતાવી નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે. જડકર્મ જડકર્મથી બંધાય છે. રાગ–દ્વેષ પોતાના કારણે છે. રાગ–દ્વેષ સ્વતંત્ર થાય છે. કર્મ કરાવતા નથી. વર્તમાન સ્વતંત્રતા ન માને તેને ત્રિકાળી સ્વભાવ સ્વતંત્ર માનવાનો પ્રસંગ રહેતો નથી. નવાં કર્મ બંધાય છે તેમાં કંપન ને જૂનાં કર્મો ગૌણ કારણ છે, મુખ્ય કારણ તો રાગ–દ્વેષ છે. તે રાગ–દ્વેષાદિ તારું સ્વરૂપ નથી, તું ચૈતન્ય સ્વભાવી છો એમ ભેદવિજ્ઞાન કર.

**ભાવાર્થ** : જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારનાં નવાં કર્મબંધનું ગૌણકારણ જૂનાં કર્મ-મિથ્યાત્વ (દર્શનમોહ), અસંયમ ને કષાય(ચારિત્રમોહ)ને યોગ (એટલે નામકર્મ)-એ ચાર પ્રકારના દ્રવ્યપ્રત્યય છે. અજ્ઞાની જીવ મિથ્યાભાવ કરે છે. શરીરની ક્રિયા મેં કરી, પૈસા મેં વાપર્યા, પરની દયા પાળી એમ મિથ્યાભ્રાંતિ કરે છે તો જૂનાં કર્મના ઉદયને નિમિત્ત કહેવાય છે.

અજ્ઞાની જીવ કહે છે કે ભાઈ કર્મનો ઉદય આવે ત્યારે રાગ–દ્વેષ કરવા જ પડે પણ તેને વસ્તુની ખબર નથી. જડકર્મ જીવને રખડાવતા નથી. પોતે વિકાર કરે તો રખડે છે. વિકાર આત્માનું ખરું સ્વરૂપ નથી એમ ભાન કરે તો ધર્મ થાય પણ જે ભાન કરતો નથી ને નવા કર્મો બાંધે છે તેનાં અહીં કારણો બતાવે છે.

જેવી રીતે સમ્યગ્દર્શન થવામાં પોતે જ ખરેખર કારણ છે ને તેમાં જ્ઞાની પુરુષ તેમ જ ભગવાનની વાણી બન્ને બહિરંગકારણ છે. છતાં બન્ને નિમિત્ત કારણોમાં આંતરો બતાવવા જ્ઞાની પુરુષને વજન આપવા માટે અંતરંગ કારણ કહ્યું ને વાણીને બહિરંગ નિમિત્ત કહ્યું. તેવી રીતે નવાં આઠ કર્મો બંધાય છે તેમાં ખરેખર પુદ્ગલ પરમાણુઓ જ પોતાના કારણે બંધાય છે ને તેમાં યોગ ને મોહ–રાગ–દ્વેષ બન્ને નિમિત્ત કારણ છે છતાં રાગ–દ્વેષાદિ પરિણામને વજન આપવા તેને અંતરંગ-કારણ કહ્યું ને કંપનને બહિરંગ કારણ કહ્યું. હવે આ ગાથામાં કહે છે કે જૂનાં કર્મોનો ઉદય નવાં કર્મમાં ગૌણ બહિરંગકારણ છે. જીવ પોતે રાગ–દ્વેષાદિ પરિણામ કરે છે ત્યારે જૂનાં કર્મોનો ઉદય નિમિત્ત કહેવાય છે માટે જૂનાં કર્મોને નવાં કર્મોમાં પણ ગૌણ નિમિત્તકારણ કહેલ છે. જૂનાં દ્રવ્યપ્રત્યયનું કારણ રાગ–દ્વેષાદિ પરિણામ છે તેથી નવા દ્રવ્યકર્મબંધનું કારણ જૂનાં કર્મ છે ને તેનું કારણ રાગાદિભાવ છે.

કેમકે રાગ–દ્વેષાદિ પરિણામનો અભાવ હોય છે ત્યારે દ્રવ્યમિથ્યાત્વ, અસંયમ, કષાય ને યોગ–એ ચાર જૂનાં દ્રવ્યકર્મોનો ઉદય હોવા છતાં પણ જીવને બંધ થતો નથી.

જુઓ અહીં જુદા પ્રકારની શૈલી લીધી છે. મોહરાગદ્વેષાદિ પરિણામ હોતાં નથી ત્યારે તે તે કર્મનો ઉદય પણ હોતો નથી, જેમકે જીવ સમ્યગ્દર્શન પામે ત્યારે દર્શનમોહનીય કર્મનો ઉદય હોય જ નહિ ને વીતરાગતા પામે ત્યારે ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોય જ નહિ. છતાં મોહરાગદ્વેષાદિના અભાવ વખતે ચાર દ્રવ્યકર્મનો ઉદય કેમ કહ્યો ? ''चार प्रत्ययोंके होते संते'' એમ કેમ કહ્યું ? ચાર દ્રવ્ય પ્રત્યયો જે કહ્યા છે તેની સત્તાની વાત નથી. પણ તેના ઉદયની વાત છે, આમ કેમ કહ્યું ?

અજ્ઞાની જીવ આમાંથી તર્ક કરે કે ''લાવો એક દાખલો કે જેમાં જીવ સમ્યગ્દર્શન પામ્યો હોય ને તેને દર્શનમોહનીય કર્મનો ઉદય રહી ગયો હોય ! તેમ જ મિથ્યાદર્શનનો ઉદય હોય ને જીવ સમકિત પામી ગયો હોય એવો દાખલો બતાવો. એમ અજ્ઞાની જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ લખાણ ઉપરથી તર્ક કાઢે ને કહે કે જીવ સમકિત પામે ત્યારે દર્શનમોહનો ઉદય ન હોય ને દર્શનમોહનો ઉદય હોય ત્યારે સમકિત ન હોય. આમ દલીલ કરે તો તેની સ્પષ્ટતા.

અહીં જીવ ચૈતન્ય સ્વભાવ તરફ ઢળેલો છે તેનું વજન દેવું છે. શાસ્ત્રકારનો આશય સમજવો જોઈએ. પર પદાર્થથી ને વિકારથી આત્મા જુદો છે એવા ભાનપૂર્વક સ્વભાવની રુચિ કરી પોતાના તરફ વળીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. તેને દર્શનમોહનીય કર્મના પરમાણુઓ ઉદયમાં ન જ હોય છતાં અહીં જૂનાં દ્રવ્યપ્રત્યયો હોવા છતાં જ્ઞાનીને નવા બંધનું કારણ નથી એમ કહીને વજન સ્વભાવના પુરુષાર્થનું બતાવવું છે. તું તારા સ્વભાવ તરફ વળ્યો પછી ભલે મિથ્યાત્વ, અસંયમ, કષાય, યોગ એમ ચાર દ્રવ્યપ્રત્યયનો ઉદય હો છતાં નવું બંધન થતું નથી એમ કહીને નવા બંધનનો સંબંધ રાગ–દ્વેષાદિ સાથે છે. જૂના પ્રત્યય સાથે નથી એમ કહેવાનો ભાવ છે.

ગોમ્મટસારમાં આ પ્રમાણે લખાણ ન આવે, ત્યાં તો જેવી કર્મની અવસ્થા હોય તે પ્રમાણે વાત કહે. જીવને સમ્યગ્દર્શન થાય ત્યારે દર્શનમોહના પરમાણુ જે ઉદયમાં આવવાના હતા તેને આગળ પાછળ કરે છે તે પણ વ્યવહારે છે. અહીં સ્વભાવમાં રુચિ કરી ત્યારે દર્શનમોહના પરમાણુ ઉદયમાં આવી શકે નહિ.

અહીં મિથ્યાત્વાદિનો ઉદય હોવા છતાં જ્ઞાનીને કર્મ બંધાતાં નથી એમ કહેવાનો આશય એ છે કે અહીં જીવનો પુરુષાર્થ સિદ્ધ કરવો છે. પહેલેથી પુરુષાર્થ છે ને સ્વભાવ તરફ લંબાયેલો છે તેને કર્મ બંધાતાં નથી એમ કહીને એમ કહેવું છે કે યોગ ને જૂનાં જડ કર્મ બે બહિરંગ કારણો હાજર છે પણ અંતરંગ કારણ જે રાગ–દ્વેષ છે તે નથી માટે કર્મ બંધાતાં નથી એટલે કે મુખ્ય કારણનો અભાવ થઈ ગયો તેને બહિરંગ કારણ હોવા છતાં કર્મ બંધાતાં નથી. જે જીવ ચૈતન્ય સ્વભાવને અવલંબને પડ્યો તેને યોગ ને જડકર્મ ભલે હો તોપણ તેને નવાં કર્મ બંધાતાં નથી.

સ્વભાવની દૃષ્ટિ ચૂકે તો બંધન છે ને સ્વભાવની દૃષ્ટિ કરે તો બંધન નથી એમ બતાવી સ્વપર્યાયમાં થતું યોગનું કંપન તથા જૂનાં દ્રવ્યકર્મનો ઉદય કે જે બહિરંગ કારણ છે તેને ઉડાડ્યું. તો પછી દેહ, વાણી આદિ નવાં કર્મમાં નિમિત્ત થાય તેમ તો બની શકતું જ નથી.

જીવ રાગ–દ્વેષ કરે છે તો કર્મબંધમાં બહિરંગકારણનો આરોપ જડકર્મના ઉદય ઉપર ને યોગના કંપન ઉપર આવે છે પણ પૈસા, દેહની ક્રિયા કે બીજા નોકર્મમાં આરોપ આવતો નથી.

સામાન્ય રીતે મુખ્ય તે નિશ્ચય ને ગૌણ તે વ્યવહાર એવો અર્થ હોય છે તે અહીં લેવો નહિ. અહીં અજ્ઞાન–રાગ–દ્વેષને મુખ્ય કારણ કહેલ છે પણ તેથી તે ઉપાદાન કારણ નથી. ઉપાદાન કારણ તો જડ પુદ્ગલ પરમાણુ પોતે જ છે, ને રાગ–દ્વેષ વગેરે બધાં નિમિત્તકારણ છે. પણ નિમિત્તકારણોમાં ભેદ બતાવવા રાગ–દ્વેષને મુખ્ય કારણ કહ્યું ને યોગ તથા જૂનાં કર્મને ગૌણ કારણ કહેલ છે.

આ પ્રમાણે બંધપદાર્થનું વ્યાખ્યાન પૂર્ણ થયું. ૧૪૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**हेदुमभावे णियमा जायदि णाणिस्स आसवणिरोधो।**
**आसवभावेण विणा जायदि कम्मस्स दु णिरोधो॥ १५०॥**
**कम्मस्साभावेण य सव्वण्हू सव्वलोगदरिसी य।**
**पावदि इंदियरहिदं अव्वाबाहं सुहमणंतं॥ १५१॥**

**हेत्वभावे नियमाज्जायते ज्ञानिनः आस्रवनिरोधः।**
**आस्रवभावेन विना जायते कर्मणस्तु निरोधः॥ १५०॥**
**कर्मणामभावेन च सर्वज्ञः सर्वलोकदर्शी च।**
**प्राप्नोतीन्द्रियरहितमव्याबाधं सुखमनन्तम्॥ १५१॥**

**હેતુ-અભાવે નિયમથી આસ્રવનિરોધન જ્ઞાનીને,**
**આસરવભાવ-અભાવમાં કર્મો તણું રોધન બને; ૧૫૦.**
**કર્મો-અભાવે સર્વજ્ઞાની સર્વદર્શી થાય છે,**
**ને અક્ષરહિત, અનંત, અવ્યાબાધ સુખને તે લહે. ૧૫૧.**

**અન્વયાર્થ :** [हेत्वभावे] (મોહરાગદ્વેષરૂપ) હેતુનો અભાવ થવાથી [ज्ञानिनः] જ્ઞાનીને [नियमात्] નિયમથી [आस्रवनिरोधः जायते] આસ્રવનો નિરોધ થાય છે [तु] અને [आस्रवभावेन विना] આસ્રવભાવના અભાવમાં [कर्मणः निरोधः जायते] કર્મનો નિરોધ થાય છે. [च] વળી [कर्मणाम् अभावेन] કર્મોનો અભાવ થવાથી તે [सर्वज्ञः सर्वलोकदर्शी च] સર્વજ્ઞ અને સર્વલોકદર્શી થયો થકો [इन्द्रियरहितम्] ઇંદ્રિયરહિત, [अव्याबाधम्] અવ્યાબાધ, [अनन्तम् सुखम् प्राप्नोति] અનંત સુખને પામે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये बंधव्याख्यानमुख्यतया गाथात्रयेण "नवमोंतराधिकारः" समाप्तः ॥ अनंतरं शुद्धात्मानुभूतिलक्षणनिर्विकल्पसमाधिसाध्ययागमभाषया रागादि-विकल्परहितशुक्लध्यानसाध्ये वा मोक्षाधिकारे गाथाचतुष्टयं भवति। तत्र भावमोक्षः केवलज्ञानोत्पत्तिः जीवन्मुक्तोर्हत्पदमित्येकार्थः तस्याभिधानचतुष्टययुक्तस्यैकदेशमोक्षस्य व्याख्यानमुख्यत्वेन 'हेदुमभावे" इत्यादि सूत्रद्वयं। तदनंतरमयोगिचरमसमये शेषाघातिद्रव्यकर्ममोक्षप्रतिपादनरूपेण "दंसणणाणसमग्गं" इत्यादि सूत्रद्वयं। एवं गाथाचतुष्टयपर्यंतं स्थलद्वयेन मोक्षाधिकारव्याख्याने समुदायपातनिका। अथ घातिचतुष्टयद्रव्यकर्ममोक्षहेतुभूतं परमसंवररूपं च भावमोक्षमाह,–**हेदुमभावे** द्रव्यप्रत्ययरूपहेत्वभावे सति **णियमा** निश्चयात् **जायदि** जायते। कस्य। **णाणिस्स** ज्ञानिनः। स कः। **आसवणिरोधो** जीवाश्रित-रागाद्यास्रवनिरोधः **आसवभावेण विणा** भावास्रवरूपेण विना **जायदि कम्मस्स दु णिरोधो** मोहनीयादि-घातिचतुष्टयरूपस्य कर्मणो जायते निरोधो विनाशः। इति प्रथमगाथा। **कम्मस्साभावेण य** घातिकर्मचतुष्टयस्याभावेन च। **सव्वण्हू सव्वलोयदरिसी य** सर्वज्ञः सर्वलोकदर्शी च सन्। किं करोति। **पावदि** प्राप्नोति। किं। **सुहं** सुखं। किं विशिष्टं। **इंदियरहिदं अव्वाबाहमणंतं** अतीन्द्रियमव्याबाधमनंतं चेति। इति संक्षेपेण भावमोक्षो ज्ञातव्यः। तद्यथा। कोसौ भावः कश्च मोक्षः इति प्रश्ने प्रत्युत्तरमाह –भावः स त्वत्र विवक्षितः कर्मावृतसंसारिजीवस्य क्षायोपशमिकज्ञानविकल्परूपः। स चानादिमोहोदयवशेन रागद्वेषमोहरूपेणाशुद्धो भवतीति। इदानी तस्य भावस्य मोक्षः कथ्यते। यदायं जीवः आगमभाषया कालादिलब्धिरूपमध्यात्मभाषया शुद्धात्माभिमुखपरिणामरूपं स्वसंवेदनज्ञानं लभते तदा प्रथमतस्ताव-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



न्मिथ्यात्वादिसप्तप्रकृतीनामुपशमेन क्षयोपशमेन च सरागसम्यग्दृष्टिर्भूत्वा पंचपरमेष्ठिभक्त्यादिरूपेण पराश्रित-धर्म्यध्यानबहिरंगसहकारित्वेनानंतज्ञानादिस्वरूपोऽहमित्यादिभावनास्वरूपमात्माश्रितं धर्म्यध्यानं प्राप्य आगम-कथितक्रमेणासंयतसम्यग्दृष्ट्यादिगुणस्थानचतुष्टयमध्ये क्वापि गुणस्थाने दर्शनमोहक्षयेण क्षायिकसम्यक्त्वं कृत्वा तदनंतरमपूर्वादिगुणस्थानेषु प्रकृतिपुरुषनिर्मलविवेकज्योतीरूपप्रथमशुक्लध्यानमनुभूय रागद्वेषरूपचारित्र-मोहोदयाभावेन निर्विकारशुद्धात्मानुभूतिरूपं चारित्रमोहविध्वंसनसमर्थं वीतरागचारित्रं प्राप्य मोहक्षपणं कृत्वा मोहक्षयानंतरं क्षीणकषायगुणस्थानेंतर्मुहूर्तकालं स्थित्वा द्वितीयशुक्लध्यानेन ज्ञानदर्शनावरणान्तराय-कर्मत्रयं युगपदंत्यसमये निर्मूल्य केवलज्ञानाद्यनंतचतुष्टयस्वरूपं भावमोक्षं प्राप्नोतीति भावार्थः ।। १५०-१५१ ।।

**समयव्याख्या : अथ मोक्षपदार्थव्याख्यानम् । द्रव्यकर्ममोक्षहेतुपरमसंवररूपेण भावमोक्षस्वरूपाख्यान-मेतत् । आस्रवहेतुर्हि जीवस्य मोहरागद्वेषरूपो भावः । तदभावो भवति ज्ञानिनः । तदभावे भवत्यास्रवभावाभावः । आस्रवभावाभावे भवति कर्माभावः । कर्माभावेन भवति सार्वज्ञं सर्वदर्शित्वम-व्याबाधमिन्द्रियव्यापारातीतमनन्तसुखत्वञ्चेति । स एष जीवन्मुक्तिनामा भावमोक्षः । कथमिति चेत् । भावः खल्वत्र विवक्षितः कर्मावृतचैतन्यस्य क्रमप्रवर्तमानज्ञप्तिक्रियारूपः । स खलु संसारिणोऽनादि-मोहनीयकर्मोदयानुवृत्तिवशादशुद्धो द्रव्यकर्मास्रवहेतुः । स तु ज्ञानिनो मोहरागद्वेषानुवृत्तिरूपेण प्रहीयते । ततोऽस्य आस्रवभावो निरुध्यते । ततो निरुद्धास्रवभावस्यास्य मोहक्षयेणात्यन्तनिर्विकारमनादिमुद्रितानन्त-चैतन्यवीर्यस्य शुद्धज्ञप्तिक्रियारूपेणान्तर्मुहूर्तमतिवाह्य युगपज्ज्ञानदर्शनावरणान्तरायक्षयेण कथञ्चित् कूटस्थ-ज्ञानत्वमवाप्य ज्ञप्तिक्रियारूपे क्रमप्रवृत्त्यभावाद्भावकर्म विनश्यति । ततः कर्माभावे स हि भगवान्सर्वज्ञः सर्वदर्शी व्युपरतेन्द्रियव्यापाराव्याबाधानन्तसुखश्च नित्यमेवावतिष्ठते । इत्येष भावकर्ममोक्षप्रकारः द्रव्यकर्म-मोक्षहेतुः परमसंवरप्रकारश्च ।। १५०-१५१ ।।**

અનુવાદ : હવે મોક્ષપદાર્થનું વ્યાખ્યાન છે. આ દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ-સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે.

આસ્રવનો હેતુ ખરેખર જીવનો મોહરાગદ્વેષરૂપ ભાવ છે. જ્ઞાનીને તેનો અભાવ થાય છે. તેનો અભાવ થતાં આસ્રવભાવનો અભાવ થાય છે. આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે. કર્મનો અભાવ થવાથી સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું અને અવ્યાબાધ, ઈંદ્રિયવ્યાપારાતીત, અનંતસુખ થાય છે. તે આ જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ છે. 'કઈ રીતે ?' એમ પ્રશ્ન કરવામાં આવે તો નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ છે :-

અહીં જે 'ભાવ' વિવક્ષિત છે તે કર્માવૃત (કર્મથી અવરાયેલા) ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ છે. તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ) ખરેખર સંસારીને અનાદિ કાળથી મોહનીયકર્મના ઉદયને અનુસરતી પરિણતિને લીધે અશુદ્ધ છે, દ્રવ્યકર્માસ્રવનો હેતુ છે. પરંતુ તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયા ભાવ) જ્ઞાનીને મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે હાનિ પામે છે તેથી તેને આસ્રવભાવનો નિરોધ થાય છે. તેથી આસ્રવભાવનો જેને નિરોધ થયો છે એવા તે જ્ઞાનીને મોહના ક્ષય વડે અત્યંત નિર્વિકારપણું થવાથી, જેને અનાદિ કાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઈ ગયેલ છે એવો તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને) શુદ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે અંતર્મુહૂર્ત પસાર કરીને યુગપદ્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થવાથી કથંચિત્ કૂટસ્થ જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને એ રીતે તેને જ્ઞપ્તિક્રિયાના રૂપમાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવકર્મનો વિનાશ થાય છે. તેથી કર્મનો અભાવ થતાં તે ખરેખર ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી અને ઈંદ્રિયવ્યાપારાતીત-અવ્યાબાધ-અનંતસુખવાળો સદાય રહે છે.**

**એ રીતે આ (અહીં કહ્યો તે), ભાવકર્મમોક્ષનો પ્રકાર તથા દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ સંવરનો પ્રકાર છે. ૧૫૦-૧૫૧.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૧૪, ગુરુવાર]

હવે મોક્ષપદાર્થની વ્યાખ્યા કરવામાં આવે છે. પ્રથમ દ્રવ્યમોક્ષનું કારણ પરમ સંવરરૂપ મોક્ષનું સ્વરૂપ કહે છે.

દયાદાનાદિના પરિણામ તે મારું સ્વરૂપ નથી. શરીર તે મારું નથી, તેનાથી મને લાભ-નુકસાન નથી, હું તો જ્ઞાનાનંદ સ્વરૂપી છું એવી માન્યતાવાળો ભેદવિજ્ઞાની છે. તેને શ્રાવકપણું કે મુનિપણું પ્રગટી શકે. તેને જેટલું સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થઈ અંતરમાં રોકાય છે તેટલો આસ્રવભાવ થતો નથી ને સર્વથા રાગ–દ્વેષના પરિણામનો અભાવ થવાથી કર્મનો આસ્રવ થતો નથી. પોતે પોતાના સ્વભાવ તરફ વળે છે તેથી રાગ–દ્વેષ થતા નથી ને નવાં કર્મો બંધાતાં નથી ને જૂનાં કર્મો જ્ઞાનાવરણીયાદિ તેના પોતાના કારણે નાશ પામે છે, તેથી સર્વજ્ઞદશા પ્રાપ્ત કરે છે. પ્રથમ જ્ઞાન રાગ–દ્વેષમાં અટકતું હતું ને બંધ થતો હતો. હવે તે જ્ઞાન રાગ–દ્વેષમાં નહીં અટકતાં સ્વભાવમાં એકાગ્ર થતાં સર્વજ્ઞદશા પ્રગટ થાય છે ને જ્ઞાનાવરણાદિ કર્મ બંધાતાં નથી. આ ક્રિયાથી સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે ને ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થોને એકી સાથે જાણે છે ને દેખે છે. વળી તે ઈંદ્રિયોની આધીનતા વગરનું બાધારહિત અપાર આત્મિક સુખને પ્રાપ્ત કરે છે.

લોકો કહે છે કે ભગવાને સુખે કરીને પાણી પીધાં નહિ, અનાજ ખાધાં નહિ. ચારિત્રમાં બહુ દુઃખ ભોગવ્યું–તે વાત તદ્દન ખોટી છે. ચારિત્ર દુઃખદાયક નથી, તે સુખદાયક છે. રાગથી જુદા પડી અંતર આનંદમાં ઠરી ગયા તે સુખદાયક છે. ને આનંદઅમૃતનો પૂર્ણ અનુભવ થયો પછી ત્યાં વિઘ્ન હોતું નથી. અપાર આત્મિક આનંદને પ્રાપ્ત કરે છે. તેવા આનંદવાળા ભગવાનને આહાર હોય ને રોગ થાય તેમ બને નહિ. ભગવાનને આહાર ને રોગ માનવાવાળા ભગવાનના સ્વરૂપને સમજતા નથી. સર્વજ્ઞભગવાન અપાર આનંદદશાને પ્રાપ્ત થયા છે.

[વીર સંવત ૨૪૭૮, વૈશાખ વદ-૦)), શુક્રવાર]

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનાદિ અનંત છે. તેને ચૂકીને વિકાર કરવો તે સંસાર છે. ને તે વિકારનો અભાવ થવો ને પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરવી તે મોક્ષ છે. શરીરને પોતાનું માનવું ને પુણ્ય પાપ કે જે દુઃખદાયક છે તેને હિતરૂપી માનવા તે ભ્રાંતિ છે. અનુકૂળ ચીજોમાં પ્રેમ કરવો તે અજ્ઞાન છે. અજ્ઞાની જીવ શરીરની અવસ્થા મારાથી થાય એમ માની, પુણ્ય-પાપને હિતરૂપ કલ્પી, આસ્રવથી મોક્ષ માનીને અજ્ઞાન તથા રાગ–દ્વેષ કરે છે. કર્મના નવા પરમાણુ આવવાનું કારણ રાગ–દ્વેષના પરિણામ છે. તળાવમાં પાણી આવવાનું કારણ છિદ્ર છે તેમ આત્માને ચૂકી મિથ્યાભ્રાંતિ તથા રાગ–દ્વેષનાં છિદ્ર પડ્યાં છે તે દ્વારા કર્મના પરમાણુઓ આવે છે.

આત્મા વસ્તુ છે. જે છે તે કોઈથી ઉત્પન્ન ન થાય. જો કોઈથી ઉત્પન્ન થાય તો તે 'છે' રહી શકે નહિ. આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે છતાં દેહ અનુકૂળ હોય તો ઠીક ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિકૂળ હોય તો ઠીક નહિ એમ માનવું તે અજ્ઞાનભાવ છે. મારી મજા મારામાં નથી પણ પરથી છે એવી માન્યતાથી છિદ્ર પડે છે. જીવને નવા જડ આસ્રવનું કારણ મોહરાગદ્વેષરૂપ પરિણામ છે. જ્યારે અશુદ્ધભાવોનો વિનાશ થાય છે ત્યારે જ્ઞાની જીવને અવશ્ય આસ્રવભાવોનો અભાવ થાય છે. પર પદાર્થ મારું સ્વરૂપ નથી તેમ જ કોઈ પદાર્થ મારા માટે ઈષ્ટ-અનિષ્ટરૂપ નથી, તે પદાર્થો મારા માટે જ્ઞેયમાત્ર છે એમ અંતર સ્વભાવમાં ઠરી જાય છે ત્યારે આસ્રવ થતો નથી ને ત્યારે કર્મો પણ આવતાં અટકી જાય છે. કર્મોનો સર્વથા નાશ થવાથી નિરાવરણ સર્વજ્ઞપદ તથા સર્વદર્શીપદ પ્રગટ થાય છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તેને ચૂકીને પુણ્ય-પાપમાં અટકવાથી જ્ઞાનની હીણીદશા થતી હતી પણ અંતર જ્ઞાનસ્વભાવ શક્તિરૂપે છે તેમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ થાય છે ને અલ્પજ્ઞતા ને રાગ–દ્વેષનો નાશ થાય છે. ઈંદ્રિય વિનાનો સુખનો અનુભવ કરે છે. મુક્તિ એ સંપૂર્ણ સુખદશા છે. અતીંદ્રિય આનંદનો અનુભવ થાય છે. દેહ ને આયુષ્ય હોવા છતાં અર્હંત થાય છે.

અર્હંતપદ કોને કહેવાય ને તે કઈ ક્રિયાથી પ્રગટે તેની ખબર વિના પુણ્ય થાય પણ ધર્મ થાય નહિ. શરીર અને આયુષ્ય હોવા છતાં પરમ જ્ઞાન ને આનંદ પ્રગટેલ છે તે જીવનમુક્ત અર્હંતપદ કહેવાય છે. તેમને ક્ષુધા, તૃષા ન લાગે, આહાર ન લ્યે પણ આનંદને અનુભવે તેવા અર્હંતભગવાન સર્વથા શુદ્ધભાવસંયુક્ત છે તે કારણથી જીવન્મુક્ત કહેવાય છે.

કોઈ પ્રશ્ન પૂછે કે કેવા પ્રકારથી જીવન્મુક્ત થાય છે ? આ પ્રશ્ન ઉપરથી શિષ્યની જિજ્ઞાસા તથા પાત્રતા કેટલી છે તે બતાવે છે. આ આત્મા છે. વર્તમાન દશામાં અશુદ્ધતા છે, તે આવરણમાં નિમિત્તરૂપે કર્મ છે. આવરણ ટળીને કેવળજ્ઞાન થઈ શકે છે. એવી ભાવનાવાળો પૂછે છે. ગુરુ કહે છે તે સાંભળવા માગે છે. તેથી વિપરીત કહેનારની વાત સાંભળતો નથી. વળી જેને સંસાર અથવા પુણ્ય-પાપની મીઠા હોય તે આ પ્રશ્ન પૂછે નહિ. વળી દેહ હોવા છતાં કેવળજ્ઞાન પ્રગટી શકે છે. કોઈને એમ થાય કે કેવળજ્ઞાન થયા પછી દેહ કેમ રહે ? તો તે વાત ખોટી છે. પોતાની લાયકાતથી દેહમાં રહેલ છે, છતાં કેવળજ્ઞાન છે. પણ વિદેહમુક્ત થયા નથી, આમ તે નક્કી કરે છે. ઈંદ્રિયો છે છતાં અતીંદ્રિય આનંદ પ્રગટે છે.

શિષ્ય પ્રશ્ન કરે છે કે દેહમાં રહે. આયુષ્ય હોય છતાં જીવનમુક્ત કેમ થયા ? ઈંદ્રિયો હોવા છતાં ઈંદ્રિયોનો વ્યાપાર નથી, અક્રમદર્શન-જ્ઞાન પ્રગટેલ છે. દેહ ને વાણી હોવા છતાં જ્ઞાનદર્શન ને આનંદનો અનુભવ કરે છે.

જીવનમુક્ત કેવા હોય તેમ પૂછે છે માટે શિષ્યને દેવનો વિશ્વાસ આવ્યો છે. ગુરુ કહે છે તે સાચું છે માટે ગુરુનો વિશ્વાસ પણ આવ્યો છે. ને ગુરુની વાણીનો ને શાસ્ત્રનો વિશ્વાસ પણ આવ્યો છે. એટલે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ આવી છે. કુદેવાદિકની પ્રતીતિ છોડી છે.

વળી કોઈ કહે કે જીવ મુક્ત થઈ શકે નહિ તો તે વાત પણ ખોટી છે. વળી તે મોક્ષમાંથી પાછા આવે એવું પણ દેવનું સ્વરૂપ નથી. જીવન્મુક્ત એને કહીએ કે ફરી દેહ આવે નહિ. તે વિદેહમુક્ત થઈ સંસારમાં પાછા આવે નહિ.

બંધ અને બંધના કારણથી આત્માને સહાય થશે એમ માનનાર જીવ જીવનમુક્ત દશાને સમજતો નથી. સ્વભાવની રુચિવાળો ને સ્વભાવની અરુચિવાળો જીવનમુક્ત કેમ થાય તેની વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે વિચારે કે અહો ! દેહ છતાં સર્વજ્ઞદશા પ્રગટી શકે છે. અલ્પજ્ઞતા ટળી સર્વજ્ઞદશા થશે, આકુળતા મટી આનંદ પ્રગટશે, પર્યાય પલટી જશે ને દ્રવ્ય કાયમ રહેશે. અશુદ્ધતા ને કબૂલતો છતાં અશુદ્ધતાનો દ્રવ્યના આધારે નાશ થશે એમ દ્રવ્યને શ્રદ્ધતો દેવગુરુશાસ્ત્રનો શ્રદ્ધાની છે. આવી જિજ્ઞાસાવાળા શિષ્યને ગુરુ ઉત્તર આપે છે.

અજ્ઞાની જીવને અનાદિથી પોતાના સ્વરૂપનું ભાન નથી તે ભૂલમાં કર્મ નિમિત્ત છે તેથી ભૂલ ને ભૂલમાં જે નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવ્યું. પોતાની જ્ઞાનદર્શનશક્તિને કબૂલતો નથી. શ્રદ્ધા-આનંદને કબૂલતો નથી ને રાગ-દ્વેષાદિ પરિણામને કબૂલે છે તે આવરણ છે. તેણે પોતાની શુદ્ધ સત્તાને ઢાંકી દીધી છે. હું વિકારી છું એમ માનતો ત્રિકાળી સ્વભાવને ઢાંકી દીધો છે. બીજી ચીજ નિમિત્ત છે, નિમિત્તના આશ્રયે ભૂલ પોતે કરે છે, કર્મ ભૂલ કરાવતું નથી.

જે જીવ રાગ-દ્વેષમાં અટકે છે તેનું જ્ઞાન અક્રમે પ્રવર્તતું નથી પણ એક એક ઈંદ્રિયમાં અટકીને જાણે છે. તે સંસાર છે. શબ્દને જાણ્યા પછી સ્પર્શને જાણે એમ એક પછી એક વિષયને જાણે છે, તે ખંડખંડ પ્રવર્તી રહ્યો છે. હું અખંડ છું એવી દૃષ્ટિ ચુકાઈ ગઈ છે.

શિષ્યે પૂછેલું તેને ગુરુ ઉત્તર આપે છે. સંસાર કેમ છે તે પ્રથમ બતાવે છે. અજ્ઞાની જીવ પોતાના જ્ઞાન સ્વભાવને ચૂકીને વિષયોને ક્રમેક્રમે અટકતો જાણે છે ને તેને તે સર્વસ્વ માની બેઠો છે.

શિષ્યને દેવગુરુશાસ્ત્રમાં શ્રદ્ધા છે પણ રાગમાં જે જ્ઞાન અટકે છે તે જ્ઞાન દોષવાળું છે એમ ગુરુ સમજાવે છે. અટકતું જ્ઞાન તે સંસાર છે. મલિનતાવાળું આસ્રવ તથા બંધનું કારણ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે. ક્રમે જાણવું તે તેનો સ્વભાવ નથી. અહીં સર્વજ્ઞ ને સર્વદર્શીપણું સિદ્ધ કરવું છે. તે કેમ નથી તેનો ઉત્તર આપે છે. અનાદિથી આત્માનું જ્ઞાન ક્રમે પ્રવર્તે છે. દયાના તથા હિંસા વગેરેના પરિણામની ક્રિયાને એક પછી એક જાણતું ખંડિત કામ કરે છે. તે સંસારને અજ્ઞાનભાવ છે, જ્ઞાન ક્રમે પ્રવર્તે ત્યાં અશુદ્ધતા આવ્યા વિના રહેતી નથી. જાણવા-દેખવાની ક્રિયા એક પછી એક પરમાં જાય છે. અખંડ સ્વભાવની રુચિ નહિ કરતાં ક્રમે પ્રવર્તતી ક્રિયાની રુચિ કરે છે તે સંસાર છે.

જુઓ, જેને તૃષા લાગી હોય તેને પાણી પીવા આપવામાં આવે છે. આત્માની પર્યાયમાં ભૂલ છે તે કેમ ટળે એવી ભૂલ ટાળવાની જિજ્ઞાસાવાળાને જવાબ અપાય છે.

સાંભળવા વખતે પણ જ્ઞાન શ્રવણમાં અટકે છે, તે ક્રમે પ્રવર્તતો જ્ઞાનક્રિયારૂપ ભાવ છે, ખંડખંડ થઈને અશુદ્ધ થાય છે. હું જ્ઞાયક છું એવા અખંડ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન નહીં કરતાં મોહને અનુસરીને થતો ભાવ છે માટે અશુદ્ધ છે. જ્ઞાનક્રિયાભાવ અશુદ્ધ છે એમ કહેતાં તેમાં મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે. ક્રમે પ્રવર્તતી દશા મલિન છે. તેને સર્વસ્વ માનવું તે મિથ્યાદર્શન છે, તેવા જ્ઞાનનું વેદન તે મિથ્યાજ્ઞાન છે ને રાગનું વેદન તે મિથ્યાચારિત્ર છે.

વળી કોઈ પૂછે કે ક્રમે પ્રવર્તતો ભાવ આત્મામાં હોય ? એમ કહીને જે જીવને કૂટસ્થ માને છે તેનો નિષેધ કર્યો. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને ચૂકીને ક્રમે પ્રવર્તતાં ભાવરૂપ દશાને પણ જે કબૂલે નહિ તેને સંસારનો નાશ કેમ કરવો તે ખબર પડતી નથી. વળી પર્યાય માની, ક્રમે પ્રવર્તતો ભાવ માન્યો પણ ક્રિયારૂપ ભાવ જેટલો હું છું એમ માને તેને પણ શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યની પ્રતીતિ આવતી નથી. આત્મામાં અક્રમ દૃષ્ટિ પ્રગટે ત્યારથી ધર્મની શરૂઆત થાય છે. સંસારમાં ભૂલ કેમ થાય છે તે બતાવે છે. પોતાનો જ્ઞાનસ્વભાવ ચૂકીને પુણ્ય-પાપના અશુદ્ધ પરિણામ, નિમિત્તો ને પર જ્ઞેયોને અનુસરીને થતા જ્ઞાનને રાગ જેટલો જ હું છું તે માન્યતા સંસાર છે. તે જીવ ત્રિકાળ દ્રવ્યને માનતો નથી. પરમાં ને રાગમાં અટકતો ભાવ અશુદ્ધ છે ને તે સંસાર છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧, શનિવાર]

જીવને પૂર્ણ આનંદદશા કેમ પ્રગટ થાય? દેહમાં રહેવા છતાં કેવળજ્ઞાન ને પૂર્ણ આનંદનો અનુભવ કઈ વિધિએ થાય ? કોને પૂછે છે ? કેવળીને કેવળજ્ઞાન કે કેવળદર્શનનો ઉપયોગ અખંડ એક સમયે છે એમ જે મુનિઓ માને છે તેને પૂછે છે. જે જીવ એક સમયે કેવળજ્ઞાન માને ને બીજે સમયે કેવળદર્શન માને–એમ ક્રમસર ઉપયોગ માને તેવાને પૂછતો નથી. જ્યાં સુધી અલ્પજ્ઞતા ને રાગ–દ્વેષ હોય ત્યાં સુધી જ્ઞાનદર્શનનો ઉપયોગ ક્રમસર હોય પણ કેવળીને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટી ગયા પછી ક્રમે ઉપયોગ હોતો નથી. તે કેવળીનું સ્વરૂપ હોઈ શકે જ નહિ. એટલે પૂછનારને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે ને તે સાચી વાત જાણવા માગે છે.

જીવ ચૈતન્યસ્વભાવી હોવા છતાં જેટલો નિમિત્તનો આશ્રય લ્યે છે તેટલો સ્વભાવનો આશ્રય છૂટ્યો છે, તેનો જ્ઞાનપર્યાય ક્રમે પ્રવર્તે છે. એક વાર હિંસાના ભાવમાં, એક વાર ચોરીના ભાવમાં. એમ ક્રમે પ્રવર્તે છે. વળી શુભભાવ કરે. એક વાર સત્ય બોલવાના ભાવમાં. બીજી વાર પરિગ્રહનો ભાવ ન કરું એવા ભાવમાં–એમ ક્રમે ક્રમે લક્ષ જાય છે. રાગને લીધે જ્ઞાનમાં ક્રમ પડે છે. જીવને ન મારું એવો ભાવ પણ રાગ છે. તે જ્ઞાન ક્રમે ક્રમે કામ કરે છે. અવસ્થામાં અશુદ્ધતા છે તેથી બંધ પડે છે.

ભગવાન આત્મા અને તેનો જ્ઞાનસ્વભાવ અનાદિ અનંત હોવા છતાં જ્ઞાનની વર્તમાન પર્યાય દયાદાનાદિના પરિણામમાં તે બંધનું કારણ છે. પુણ્ય વખતે પુણ્યને અને કામક્રોધાદિના પરિણામ વખતે તેને તાબે થઈને ઉપયોગ પ્રવર્તે છે. તે નવાં જડકર્મ આવવાનું કારણ થાય છે. માટે જેનો ઉપયોગ ક્રમે ક્રમે થાય તે કેવળી હોઈ શકે નહિ. જ્ઞાનસ્વભાવ પર્યાયમાં પરિપૂર્ણ પ્રગટ થઈ ગયો પછી તેને ક્રમ રહે એમ માનવામાં આવે તો નવાં કર્મ આવવાનું કારણ થાય છે. તે જીવન્મુક્ત હોઈ શકે નહિ, તે કેવળી નથી. જે ગુરુ ને શાસ્ત્ર કેવળીને ક્રમ ઉપયોગ કહે તે સાચા ગુરુ નથી ને સાચાં શાસ્ત્ર નથી. તે મિથ્યાદૃષ્ટિના કહેલાં શાસ્ત્રો છે.

જેને હીરા જોઈતા હોય તે કુંભારને ત્યાં જઈ પૂછે તો તે મૂર્ખ છે. તેને હીરાની ખબર નથી. તેણે ઝવેરીને ત્યાં પૂછવું જોઈએ, તેમ જેને ધર્મ કરવો હોય તેણે જેમને ધર્મ પ્રગટ્યો છે એવા નિર્ગ્રંથ દિગંબર મુનિઓને પૂછવું જોઈએ. જે કેવળી ભગવાનને ક્રમે ઉપયોગ માને તેવાને પૂછવાથી ધર્મનું રહસ્ય જાણવા મળે નહિ.

જ્ઞાની પુરુષો કહે છે કે જીવે પોતે અટકીને અશુદ્ધભાવ ઊભો કર્યો છે. પણ સાચી સમજણ કરે તો તેનો નિષેધ થાય છે. જ્ઞાની જીવને મોહરાગદ્વેષની પ્રવૃત્તિ હોતી નથી. હું જ્ઞાતાદ્રષ્ટા છું એવા ભાનના કારણે રાગ–દ્વેષની પ્રવૃત્તિ ઓછી થાય છે. તેથી અશુદ્ધ ભાવ હીણો થતો જાય છે. અજ્ઞાનદશામાં જ્ઞાનરૂપભાવ ક્રમે પ્રવર્તતો હતો–અટકતો હતો. ધર્મીજીવને ચૈતન્યને અનુસરતાં મિથ્યાત્વની ક્રિયા તો ગઈ છે ને જેટલો જ્ઞાનને અનુસર્યો તેટલો રાગ–દ્વેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘટતો જાય છે. જેટલો જ્ઞાતાદ્રષ્ટાનો આશ્રય લ્યે છે તેટલો પરાશ્રય થતો નથી. તેથી ભેદવિજ્ઞાનીને આસ્રવભાવનો નિરોધ થતો જાય છે.

**ઢોર જે આખો દિવસ જંગલમાં ચરવા ગયેલ હોય તે સાંજ પડ્યે ગામમાં આવે ત્યારે બીજા ઢોરથી છૂટા પડી સૌ પોતપોતાને ઘેર જાય છે.** કોઈકની શેરીએ અને કોઈકના ઘેર તે ઢોર જતું નથી. પોતાના ઘરનાં બારણાં બંધ હોય તો તેને ઉઘાડવાનો પ્રયત્ન કરે છે. તેમ અનાદિથી મિથ્યાદ્રષ્ટિનો જ્ઞાન ઉપયોગ બહારમાં ભટકતો હતો તે હવે સાચું જ્ઞાન થતાં પોતાના ઘર એટલે પોતાના ત્રિકાળી સ્વભાવ તરફ આવ્યો ને રાગ–દ્વેષ હું નથી, હું તો ચૈતન્યસ્વરૂપ છું એટલાં શ્રદ્ધા-જ્ઞાન કરી સ્વરૂપમાં ઠર્યો તેટલો રાગ–દ્વેષ થતો નથી. જ્ઞાનક્રિયારૂપભાવ રાગમાં અટકતો. તે હવે જ્ઞાનસ્વભાવ તરફ દ્રષ્ટિ થતાં પરને અનુસરવું ઘટતું જાય છે.

લોકો કહે છે કે કંચન, કામિની, કુટુંબ છોડો પણ તે તો છૂટાં જ પડ્યાં છે. તારો જ્ઞાનપર્યાય જડમાં ક્રમે પ્રવર્તે તે તારો સ્વભાવ નથી. પુણ્ય-પાપમાં અટકે, જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય તે ભાવમાં અટકે તે તારો સ્વભાવ નથી, તે સંસાર છે. અહીં પર્યાય બુદ્ધિ છોડાવી છે ને સ્વભાવબુદ્ધિ કરાવી છે.

કુંભાર માટીનાં વાસણ બનાવે તે માટીમાં ચુનાની જરા છાંટ રહી ગઈ હોય તો તેનાં બધાં વાસણ ફાટી જાય છે તેમ અજ્ઞાનીની બધી વાતો પર્યાયબુદ્ધિસહિત હોવાથી નકામી છે. અજ્ઞાનીની એક પણ વાત સાચી નથી.

રાગને અનુસરે તો સંસાર છે ને શરીરથી રહિત, પુણ્યથી રહિત શુદ્ધ સ્વભાવને અનુસરે તો ધર્મ છે. જેટલો કષાયભાવ રોકાય છે તેટલી એકાગ્રતા વધતી જાય છે ને તે ધર્મ છે.

એક બાઈ કમોદ ખાંડતી હતી તેમાં ખાંડતાં ખાંડતાં ચોખા નીચે જવા લાગ્યા ને ફોતરાં ઉપર દેખાવા લાગ્યાં. બીજી બાઈએ તે ફોતરાં જોયાં ને તેને ખાંડવાથી ચોખા નીકળશે એમ માની ફોતરાં ખાંડવા માંડી પણ ચોખા નીકળ્યા નહિ. તેમ અજ્ઞાનીની દ્રષ્ટિ બહારના વ્યવહાર ઉપર છે. બાહ્ય નગ્ન શરીર તથા રાગની ક્રિયાને દેખી તેથી તેનું અનુકરણ કરવા માંડ્યો પણ તેથી ધર્મ પામતો નથી. જ્ઞાનીને એવી ક્રિયા દેખાવા છતાં શરીર ને રાગની ક્રિયા ઉપર દ્રષ્ટિ નથી. વળી છદ્મસ્થ દશામાં જ્ઞાનમાં ક્રમ પડે છે છતાં ક્રમ ઉપર દ્રષ્ટિ નથી, દ્રષ્ટિ તો અખંડ સ્વભાવ ઉપર છે. મહાવીર ભગવાને સાડા બાર વર્ષ તપ કર્યાં તેમાં અજ્ઞાનીએ બાહ્યથી જોયું કે ભગવાને રોટલા ન ખાધા તેથી લોકો બહારને અનુસરવા લાગ્યા પણ અંતર અખંડજ્ઞાન તથા વીતરાગતાને જોઈ નહિ.

જ્ઞાની ને અજ્ઞાનીની બહારની ક્રિયા એકસરખી દેખાય પણ અજ્ઞાનીને બહિર્મુખ દ્રષ્ટિ છે તેથી સંસાર છે ને જ્ઞાનીને અંતર્મુખ દ્રષ્ટિ છે તેથી આસ્રવનો નિરોધ થઈ ધર્મદશા પ્રગટતી જાય છે.

જ્યારે મોહનીયકર્મનો ક્ષય થાય છે ત્યારે અત્યંત નિર્વિકાર વીતરાગ ચારિત્ર પ્રગટ થાય છે. હું શુદ્ધ ચૈતન્ય છું એવી દ્રષ્ટિ તો હતી પણ સ્વભાવમાં વિશેષ સ્થિરતા કરતાં અશુદ્ધતા નાશ થઈને વીતરાગતા પ્રગટ થાય છે ત્યારે મોહકર્મ નાશ પામે છે. આ ક્રિયાથી ચારિત્ર પ્રગટ થાય છે.

અત્યારે લોકો બહારમાં ચારિત્ર માની બેઠા છે ને વ્રત તપ કરે તો ધર્મ થાય એમ માને છે. આઠ ઉપવાસ કર્યા હોય ને સગાંવહાલાં શાતા પૂછવા ન આવે તો સામેથી વાંક કાઢે. જુઓ, તપના અભિમાનની દશા ! શરીરની ક્રિયા ને રાગની ક્રિયાથી આત્મા જુદો છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનું ભેદજ્ઞાન વર્તતું નથી. તેવા સામાન્ય તપ તો શું, પણ નવમી ગ્રૈવેયકે જાય તેવાં મહાવ્રત પાળ્યાં. દયા પાળી, બ્રહ્મચર્ય પાળ્યાં પણ ચૈતન્યનાં ભાન વિના બધી મહેનત નકામી ગઈ. મલોખાંની સાંઢડીઓ અને ખાટલા છોકરા બનાવે છે પણ તે સૂવાના કામમાં કે બીજા કામમાં આવતાં નથી. તેમ પુણ્ય-પાપની વૃત્તિઓ મલોખાંની સાંઢડી જેવી છે. તેથી ધર્મ પામશું એમ માનવું તે મલોખાંની સાંઢડી ઉપર સ્વાર થવા જેવું છે.

આત્મામાં એક સમયમાં અનંતા ગુણો છે ને ભૂતકાળની અશુદ્ધ પર્યાયો કરતાં ભવિષ્યકાળની શુદ્ધ પર્યાયો અનંતગુણી ભરેલી છે. તેવા ગુણપર્યાયના પિંડસ્વરૂપ આત્મદ્રવ્યમાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાથી નિર્વિકલ્પતા થાય છે. જુઓ. અમૃતચંદ્રાચાર્યે ટીકા લખી છે. તેઓ છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા હતા. શાસ્ત્ર લખવાની જડની પર્યાય જડના કારણે છે. રાગ ઊઠે છે ને જ્ઞાન ક્રમે પ્રવર્તે છે તેટલો આસ્રવ છે ને જ્ઞાયકભાવને જેટલું અનુસરણ છે તેટલી વીતરાગતા છે. લખવાના વિકલ્પનો આદર નથી પણ સ્વભાવનો આદર છે. તેઓ કહે છે કે પંચાસ્તિકાયની ટીકા મેં બનાવી નથી. મેં તો જ્ઞાયક સ્વભાવને અનુસરતો ભાવ રચ્યો છે તે રચનાથી વીતરાગતા પ્રગટે છે.

અનાદિ કાળથી આસ્રવદ્વારા આત્મામાં અનંત શક્તિ ઢંકાઈ ગઈ છે. ઊંધો ભાવ શક્તિને પ્રગટ થવા દેતો નથી પણ જ્ઞાનીએ પોતાના આત્માનું અવલંબન લીધું, જડની ક્રિયા ને પુણ્ય-પાપની ક્રિયા તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું એવા આત્માના આશ્રયે વીતરાગતા બારમા ગુણસ્થાને પ્રગટ થાય છે ને તેરમે ગુણસ્થાને રાગ નહિ હોવા છતાં ક્ષાયોપશમિક જ્ઞાનદશા અંતર્મુહૂર્ત રહે છે ને ત્યાર પછી એક સમયમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મનો નાશ થવાથી કથંચિત્ કૂટસ્થ-અચળ કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કરે છે. એક સમયની જ્ઞાનપર્યાયે જેમાંથી અનંતી કેવળજ્ઞાન વગેરેની પર્યાયો પ્રગટશે એવા આખા દ્રવ્યને કબૂલ્યું પછી બાકી શું રહ્યું ? એકાગ્રતા થતાં ક્રમે પ્રવર્તતી દશા ઘટવા લાગી, મોહનો નાશ થયો ને પછી જ્ઞાનાવરણીયાદિ જે નિમિત્તરૂપે હતાં તે પણ નાશ પામતાં કેવળજ્ઞાન પ્રગટ થયું.

મુનિને સાક્ષાત્ કેવળજ્ઞાન નથી પણ આ જ માર્ગે કેવળજ્ઞાન છે એમ પ્રતીતિમાં આવી જતાં તેમાં બધું આવી જાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પ્રગટ થઈ તેને કેવળજ્ઞાન નિયમથી થશે.

વળી કેવળજ્ઞાન પર્યાય સમયે સમયે પલટે છે પણ રાગ સાથે ક્રમે પ્રવર્તવાના ભાવનો તેમાં અભાવ છે માટે કથંચિત્ કૂટસ્થ કહ્યું છે. ક્ષેત્ર ફર્યા વિના કેવળજ્ઞાન પર્યાય પલટન પામ્યા કરે છે. રાગને અવલંબીને ક્રમે પ્રવર્તતો હતો તે હવે નથી તેથી અચળ-કૂટસ્થ કહ્યું પણ તેથી પલટન નથી એમ નથી. કેવળજ્ઞાન પર્યાય સમયે સમયે પલટન પામે છે પણ એવી ને એવી રહે છે માટે ફૂટસ્થ છે એમ કહ્યું. આ પ્રમાણે જીવન્મુક્ત દશા અથવા કેવળજ્ઞાન અવસ્થા પ્રાપ્ત કરવાની વિધિ બતાવી.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૨, રવિવાર]

શિષ્યે પ્રશ્ન પૂછેલ કે જીવનમુક્ત કયા પ્રકારે થાય ? તેનો ઉત્તર આપે છે. આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. તે રાગ–દ્વેષમાં અટકે છે તે સંસારનું કારણ છે ને ચૈતન્યમાં એકાગ્રતા કરતાં નિર્મોહ દશા બારમે ગુણસ્થાને પ્રગટ થાય છે ને ત્યાર પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટે છે. જેને રાગ હોય તેને ઉપયોગ ક્રમસર વર્તે પણ જે વીતરાગ ને કેવળજ્ઞાની થયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને ક્રમસર ઉપયોગ હોતો નથી. અહીં મોક્ષતત્ત્વ બતાવે છે, તે મોક્ષતત્ત્વમાં ક્રમસર ઉપયોગ માને તો મોક્ષતત્ત્વની ભૂલ છે.

છ ઢાળામાં સાત તત્ત્વની સાત ભૂલો બતાવી છે. હું સુખી દુઃખી છું. શરીર તે જ હું છું એ જીવ તત્ત્વની ભૂલ છે, શરીર ઊપજતાં હું ઊપજ્યો એ અજીવ તત્ત્વની ભૂલ છે. પુણ્ય-પાપના વિકલ્પો દુઃખદાયક હોવા છતાં તેને સુખદાયક માનવા તે આસ્રવની ભૂલ છે, પુણ્યને ઠીક માને ને પાપને અઠીક માને તે બંધની ભૂલ છે, આત્માના આશ્રયે સંવર થાય તે સુખદાયક છે તેને દુઃખદાયક માનવો તે સંવરની ભૂલ છે. આત્માની સમજણ કરવામાં કંટાળો આવે તે પણ સંવર તત્ત્વની ભૂલ છે, ઇચ્છા રોકવી તેમાં મજા છે તેને બદલે ઇચ્છામાં મજા માનવી તે નિર્જરામાં ભૂલ છે. મોક્ષમાં આકુળતા માનવી તે મોક્ષની ભૂલ છે.

વળી જે જીવ કેવલજ્ઞાન ને કેવલ દર્શન ક્રમસર માને ને એકીસાથે ઉપયોગ રૂપ ન માને તે પણ મોક્ષની ભૂલ છે, રાગ–દ્વેષાદિ પરિણામનો અભાવ થયા પછી, જ્ઞાનદર્શનમાં ક્રમ પડે તેમ બને નહિ, કેવલી ભગવાનને એક સાથે બન્ને ઉપયોગ હોય છે.

કોઈ પૂછે કે તે તો અનુમાનનો વિષય છે ને ?

**સમાધાન :** અનુમાનજ્ઞાન પણ પ્રમાણ જ્ઞાન છે, જ્ઞાન–દર્શન બે ગુણો છે. પણ તેનો કર્તા એક છે. જ્યારે કેવલીને જ્ઞાન ઉપયોગરૂપ પરિણમે ત્યારે દર્શન પણ પૂર્ણ ઉપયોગરૂપ પ્રગટે, બન્ને સાથે હોય છે. કેવલી ભગવાનને ઇન્દ્રિયોનો વેપાર હોતો નથી. અનંતસુખ શક્તિરૂપ હતું તે વ્યક્ત થઈ ગયું છે. સ્વરૂપમાં ગુપ્ત રહે છે. કોઈનું કાંઈ કરતા નથી.

વળી કોઈ કહે કે કેવલી ભગવાન પહેલાં ભાષાના પરમાણુ ગ્રહે ને પછી છોડે તો તે પણ ભૂલ છે.

કોઈ આત્મા ભાષાના પરમાણુને ગ્રહતો નથી. ભાષાના પરમાણુ પોતાના કારણે આવે ને જાય છે, માટે કેવલી ભગવાનનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ.

કેવલી ભગવાનને જ્ઞાન ક્રિયાની પ્રવૃત્તિ ક્રમથી થતી નથી પણ બન્ને અખંડ ઉપયોગ રૂપ છે કેમકે તેમને ભાવ કર્મનો અભાવ છે. આવી અવસ્થા હોવાથી ભગવાન સર્વજ્ઞ-સર્વદર્શી છે. તેમને ઇન્દ્રિયોનો વેપાર નથી, અવ્યાબાધ અનંતસુખ સંયુક્ત સદાકાળ સ્થિર સ્વભાવથી સ્વરૂપ ગુપ્ત રહે છે. આ ભાવકર્મથી મુક્ત જીવનું સ્વરૂપ બતાવ્યું. કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટ્યાં તે દ્રવ્ય કર્મથી મુક્ત થવાનું પરમ સંવર સ્વરૂપ છે. જ્યારે જીવને કેવલ જ્ઞાનદશા પ્રાપ્ત થાય છે ત્યારે ચાર અઘાતિયાં કર્મ બળેલી સીંદરી સમાન રહે છે. ઘાતિ કર્મોનો નાશ થતાં અનન્ત ચતુષ્ટય પ્રગટે છે. ૧૫૦-૧૫૧

---

**दंसणणाणसमग्गं झाणं णो अण्णदव्वसंजुत्तं ।**
**जायदि णिज्जरहेदू सभावसहिदस्स साधुस्स ॥ १५२ ॥**

**दर्शनज्ञानसमग्रं ध्यानं नो अन्यद्रव्यसंयुक्तम् ।**
**जायते निर्जराहेतुः स्वभावसहितस्य साधोः ॥ १५२ ॥**

**દગજ્ઞાનથી પરિપૂર્ણ ને પરદ્રવ્યવિરહિત ધ્યાન જે,**
**તે નિર્જરાનો હેતુ થાય સ્વભાવપરિણત સાધુને. ૧૫૨.**

**અન્વયાર્થ :** [स्वभावसहितस्य साधोः] સ્વભાવસહિત સાધુને (-સ્વભાવપરિણત કેવળીભગવાનને)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[दर्शनज्ञानसमग्रं] દર્શનજ્ઞાનથી સંપૂર્ણ અને [नो अन्यद्रव्यसंयुक्तम्] અન્યદ્રવ્યથી અસંયુક્ત એવું [ध्यानं] ધ્યાન [निर्जराहेतुः जायते] નિર્જરાનો હેતુ થાય છે.

---

**तात्पर्यवृत्ति** : एवं भावमोक्षस्वरूपकथनरूपेण गाथाद्वयं गतं । अथ वेदनीयादिशेषाघातिकर्मचतुष्टय-विनाशरूपायाः सकलद्रव्यनिर्जरायाः कारणं ध्यानस्वरूपं कथयति – ''दंसण'' इत्यादि पदखंडनरूपेण व्याख्यानं क्रियते – **दंसण णाण** दर्शनज्ञानाभ्यां कृत्वा **समग्गं** परिपूर्णं । किं । **झाणं** ध्यानं ।

पुनरपि किंविशिष्टं ? **णो अण्णदव्वसंजुत्तं** अन्यद्रव्यसंयुक्तं न भवति । इत्थंभूतं ध्यानं **जायदि णिज्जरहेदू** निर्जराहेतुर्जायते । कस्य ? **सहावसहिदस्स साहुस्स** शुद्धस्वभावसहितस्य साधोरिति । तथाहि । तस्य पूर्वोक्तभावमुक्तस्य केवलिनो निर्विकारपरमानंदैकलक्षणस्वात्मोत्थसुखतृप्तत्वाद्व्यावृत्तहर्षविषाद-रूपसांसारिकसुखदुःखविक्रियस्य केवलज्ञानदर्शनावरणविनाशादसहायकेवलज्ञानदर्शनसहितं सहजशुद्धचैतन्य-परिणतत्वादिन्द्रियव्यापारादिबहिर्द्रव्यालंबनाभावाच्च परद्रव्यसंयोगरहितं स्वरूपनिश्चलत्वादविचलितचैतन्य वृत्तिरूपं च यदात्मनः स्वरूपं तत्पूर्वसंचितकर्मणां ध्यानकार्यभूतं स्थितिविनाशं गलनं च दृष्ट्वा निर्जरारूपध्यानस्य कार्यकारणमुपचर्योपचारेण ध्यानं भण्यत इत्यभिप्रायः । अत्राह शिष्यः । इदं परद्रव्यालंबनरहितं ध्यानं केवलिनां भवतु । कस्मात् ? केवलिनामुपचारेण ध्यानमिति वचनात् । चारित्रसारादौ ग्रन्थे भणितमास्ते । छद्मस्थतपोधनाः द्रव्यपरमाणुं भावपरमाणुं वा ध्यात्वा केवलज्ञानमुत्पाद-यंति तत्परद्रव्यालंबनरहितं कथं घटत इति । परिहारमाह । द्रव्यपरमाणुशब्देन द्रव्यसूक्ष्मत्वं ग्राह्यं भावपरमाणुशब्देन च भावसूक्ष्मत्वं न च पुद्गलपरमाणुः । इदं व्याख्यानं सर्वार्थसिद्धिटिप्पणके भणितमास्ते । अस्य संवादवाक्यस्य विवरणं क्रियते । द्रव्यशब्देनात्मद्रव्यं ग्राह्यं तस्य तु परमाणुः । परमाणुरिति कोर्थः ? रागाद्युपाधिरहिता सूक्ष्मावस्था । तस्याः सूक्ष्मत्वं कथमिति चेत् ? निर्विकल्प-समाधिविषयादिति द्रव्यपरमाणुशब्दस्य व्याख्यानं । भावशब्देन तु तस्यैवात्मद्रव्यस्य स्वसंवेदनज्ञानपरिणामो ग्राह्यः तस्य भावस्य परमाणुः । परमाणुरिति कोर्थः रागादिविकल्परहिता सूक्ष्मावस्था । तस्याः सूक्ष्मत्वं कथमिति चेत् । इंद्रियमनोविकल्पाविषयत्वादिति भावपरमाणुशब्दस्य व्याख्यानं ज्ञातव्यं । अयमत्र भावार्थः – प्राथमिकानां चित्तस्थिरीकरणार्थं विषयाभिलाषरूपध्यानवंचनार्थं च परंपरया मुक्तिकारणं पंचपरमेष्ठयादिपरद्रव्यं ध्येयं भवति दृढतरध्यानाभ्यासेन चित्ते स्थिरे जाते सति निजशुद्धात्मस्वरूपमेव ध्येयं । तथा चोक्तम् श्रीपूज्यपादस्वामिभिः निश्चयध्येयव्याख्यानं आत्मानमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपजनयन् सन् स्वयंभूः प्रवृत्तः । अस्य व्याख्यानं क्रियते । आत्मा कर्ता आत्मानं कर्मतापन्नं आत्मन्येवाधिकरणभूते आत्मनः करणभूतेन असौ प्रत्यक्षीभूतात्मा क्षणमन्तर्मुहूर्तमुपजनयन् धारयन् सन् स्वयंभूः प्रवृत्तो सर्वज्ञो जात इत्यर्थः । इति परस्परसापेक्षनिश्चयव्यवहारनयाभ्यां साध्यसाधकभावं ज्ञात्वा ध्येयविषये विवादो न कर्तव्यः ।। १५२ ।।

**समयव्याख्या : द्रव्यकर्ममोक्षहेतुपरमनिर्जराकारणध्यानाख्यानमेतत् । एवमस्य खलु भावमुक्तस्य भगवतः केवलिनः स्वरूपतृप्तत्वाद्विश्रान्तसुखदुःखकर्मविपाककृतविक्रियस्य प्रक्षीणावरणत्वादनन्तज्ञान-दर्शनसंपूर्णशुद्धज्ञानचेतनामयत्वादतीन्द्रियत्वात् चान्यद्रव्यसंयोगवियुक्तं शुद्धस्वरूपेऽविचलितचैतन्यवृत्ति-रूपत्वात्कथञ्चिद्ध्यानव्यपदेशार्हमात्मनः स्वरूपं पूर्वसंचितकर्मणां शक्तिशातनं पतनं वा विलोक्य निर्जराहेतुत्वेनोपवर्ण्यत इति ॥ १५२ ॥**

**અનુવાદ :** આ, દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત એવી પરમ નિર્જરાના કારણભૂત ધ્યાનનું કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**એ રીતે ખરેખર આ (-પૂર્વોક્ત) ભાવમુક્ત (-ભાવમોક્ષવાળા) ભગવાન કેવળીને–કે જેમને સ્વરૂપતૃપ્તપણાને લીધે કર્મવિપાકકૃત સુખદુઃખરૂપ વિક્રિયા અટકી ગઈ છે તેમને–આવરણના પ્રક્ષીણપણાને લીધે, અનંત જ્ઞાનદર્શનથી સંપૂર્ણ શુદ્ધજ્ઞાનચેતનામયપણાને લીધે તથા અતીંદ્રિયપણાને લીધે જે અન્યદ્રવ્યના સંયોગ વિનાનું છે અને શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યવૃત્તિરૂપ હોવાને લીધે જે કથંચિત્ 'ધ્યાન' નામને યોગ્ય છે એવું આત્માનું સ્વરૂપ (-આત્માની નિજ દશા) પૂર્વસંચિત કર્મોની શક્તિનું શાતન અથવા તેમનું પતન અવલોકીને નિર્જરાના હેતુ તરીકે વર્ણવવામાં આવે છે. ૧૫૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૨, રવિવાર]

હવે દ્રવ્યકર્મના મોક્ષનું કારણ અથવા પરમ નિર્જરાનું કારણ જે ધ્યાન તેનું સ્વરૂપ બતાવે છે.

અખંડ પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય છે. સામાન્ય દેખવું તે દર્શન છે ને વિશેષ જાણવું તે જ્ઞાન છે. સર્વજ્ઞ ભગવાનને જ્ઞાનદર્શનમાં પરિપૂર્ણતા એક સાથે છે, દર્શન જ્ઞાનમાં અપૂર્ણતા નથી તેમજ ક્રમ ઉપયોગ પણ નથી, જો ક્રમ હોય તો આવરણ હોવું જોઈએ ને આવરણ હોય તો સર્વજ્ઞતા રહેતી નથી. ભગવાનને અનંત ચતુષ્ટય પ્રગટ્યાં છે તેથી પર દ્રવ્યની ચિન્તાના નિરોધ રૂપ ધ્યાન તેમને હોય છે, ને તે ધ્યાન ચાર અઘાતિ કર્મની નિર્જરાનું કારણ છે. ધ્યાન કોને હોય છે ? કેવલી ભગવાનને ધ્યાન હોય છે કેવું ? પરદ્રવ્યના સંબંધથી રહિત છે, અને આત્મિક સ્વભાવ સંયુક્ત છે. કેવલી ભગવાનને જ્ઞાન-દર્શનની પરિપૂર્ણતા છે, તેમને ચાર અઘાતી કર્મો બળેલી સીંદરી જેવાં છે. કોઈ કહે છે કે ભગવાન અઘાતી કર્મને ટાળવા માટે વિહાર કરે છે. ને ઉપદેશ કરે છે, પણ એ વાત ખોટી છે. ભગવાનને વિહાર કરવાનો કે ઉપદેશનો રાગ રહેતો નથી. વિહાર રૂપ ક્રિયા ને ઉપદેશ ઈચ્છા વિના સહજ થઈ જાય છે, અનંત ચતુષ્ટય પ્રગટ્યાં તે જ જૂનાં કર્મ ટળવાનું કારણ છે.

**ભાવાર્થ** : જ્યારે આત્મા વિકારી પરિણામથી મુક્ત થઈને કેવલ અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે કેવલી ભગવાન પોતાના સ્વરૂપના આત્મિક સુખથી તૃપ્ત થાય છે. ભગવાન લોકાલોકને દેખે છે માટે સુખી છે ? ના, વસ્તુમાં તૃપ્ત છે, તેથી સુખી છે. ભગવાન કર્મજનિત સુખ-દુઃખના વેદનથી રહિત છે, વળી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મનો નાશ થવાથી અનંત જ્ઞાન-અનંત દર્શનથી શુદ્ધચેતનામય છે. ઈન્દ્રિયોનાં સુખદુઃખ તેમને હોતાં નથી. ભગવાન અતીન્દ્રિય આનંદને અનુભવે છે. બાહ્ય પદાર્થોના રસનો ભોગવટો તેમને નથી, તે પરમેશ્વર પોતાના અખંડ ચૈતન્ય સ્વરૂપમાં પ્રવર્તે છે. ભેદ પાડ્યા વિના નિર્વિકલ્પ રસનો અનુભવ કરે છે તે કારણથી કથંચિત્ પ્રકારે પોતાના સ્વરૂપના ધ્યાની છે. અથવા પર દ્રવ્ય સંયોગરહિત આત્મ સ્વરૂપના ધ્યાની એવું નામ પામે છે. સ્વરૂપ અનુભવનની અપેક્ષાએ કેવલી ભગવાનને ઉપચારથી ધ્યાન કહ્યું છે. પૂર્વે બંધાયેલાં કર્મો સમયે સમયે ખરી જાય છે. તે અપેક્ષાએ તેમનું ધ્યાન નિર્જરાનું કારણ છે એમ કહ્યું છે.

જુઓ, આ અર્હન્તનું સ્વરૂપ બતાવ્યું. ''નમો અરહંતાણં'' ગોખી જાય પણ અર્હન્ત કેવા હોય તેની ખબર વિના વ્યર્થ છે. અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો છે. ભગવાનને આહારાદિ માને, જ્ઞાનદર્શનનો ક્રમ ઉપયોગ માને, રોગ માને, ભગવાનને લોકાલોકના નાટકથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદ થયો માને, ભાષાના પરમાણુ ગ્રહે ને મૂકે એ બધું કેવળીનું કદ્રૂપ છે. તેથી કુંદકુંદાચાર્યે બધી સ્પષ્ટતા કરી છે. ભગવાનને આહાર તથા રોગ ન હોય, એકસાથે જ્ઞાનદર્શન હોય છે વગેરે પ્રકારે જાણવું. આમ ભાવમોક્ષનું સ્વરૂપ જાણવું. ૧૫૨.

---

**जो संवरेण जुत्तो णिज्जरमाणोध सव्वकम्माणि।**
**ववगदवेदाउस्सो मुयदि भवं तेण सो मोक्खो ॥ १५३ ॥**

**यः संवरेण युक्तो निर्जरन्नथ सर्वकर्माणि ॥**
**व्यपगतवेद्यायुष्को मुञ्चति भवं तेन स मोक्षः ॥ १५३ ॥**

**સંવરસહિત તે જીવ પૂર્વ સમસ્ત કર્મો નિર્જરે**
**ને આયુવેદ્યવિહીન થઈ ભવને તજે; તે મોક્ષ છે. ૧૫૩.**

**અન્વયાર્થ :** [यः संवरेण युक्तः] જે સંવરથી યુક્ત છે એવો (કેવળ-જ્ઞાનપ્રાપ્ત) જીવ [निर्जरन् अथ सर्वकर्माणि] સર્વ કર્મોને નિર્જરતો થકો [व्यपगतवेद्यायुष्कः] વેદનીય અને આયુષરહિત થઈને [भवं मुञ्चति] ભવને છોડે છે; [तेन] તેથી (એ રીતે સર્વ કર્મપુદ્ગલોનો વિયોગ થવાને લીધે [सः मोक्षः] તે મોક્ષ છે.

---

**तात्पर्यवृत्ति** : अथ सकलमोक्षसंज्ञं द्रव्यमोक्षमावेदयति, – **जो** यः कर्ता **संवरेण जुत्तो** परमसंवरेण युक्तः । किं कुर्वन् ? **णिज्जरमाणो य** निर्जरयंश्च । कानि । **सव्वकम्माणि** सर्वकर्माणि । पुनः किंविशिष्टः । **ववगदवेदाउस्सो** व्यपगतवेदनीयायुष्यसंज्ञकर्मद्वयः । एवंभूतः स किं करोति ? **मुअदि भवं** त्यजति भवं येन कारणेन भवशब्दवाच्यं नामगोत्रसंज्ञं कर्मद्वयं मुंचति **तेण सो मोक्खो** तेन कारणेन स प्रसिद्धो मोक्षो भवति । अथवा स पुरुष एवाभेदेन मोक्षो भवतीत्यर्थः । तद्यथा । अथास्य केवलिनो भावमोक्षे सति निर्विकारसंवित्तिसाध्यं सकलसंवरं कुर्वतः पूर्वोक्तशुद्धात्मध्यानसाध्यां चिरसंचितकर्मणां सकलनिर्जरां चानुभवतोन्तर्मुहूर्तजीवितशेषे सति वेदनीयनामगोत्रसंज्ञकर्मत्रयस्यायुषः सकाशादधिकस्थितिकाले तत्कर्मत्रयाधिकस्थितिविनाशार्थं संसारस्थितिविनाशार्थं वा दंडकपाटप्रतरलोकपूर्णसंज्ञं केवलिसमुद्घातं कृत्वाथवायुष्यसहकर्मत्रयस्य संसारस्थितेर्वा समानस्थितिकाले पुनरकृत्वा च तदनन्तरं सयोगिगुणस्थानमतिक्रम्य सर्वप्रदेशाह्लादैकाकारपरिणतपरमसमरसीभावलक्षणसुखामृतरसास्वादतृप्तं समस्तशीलगुणनिधानं समुच्छिन्नक्रिया-संज्ञं चतुर्थशुक्लध्यानाभिधानं परमयथाख्यातचारित्रं प्राप्तस्यायोगिद्विचरमसमये शरीरादिद्वासप्ततिप्रकृति-चरमसमये वेदनीयायुष्यनामगोत्रसंज्ञकर्मचतुष्करूपस्य त्रयोदशप्रकृतिपुद्गलपिंडस्य जीवेन सहात्यन्तविश्लेषो द्रव्यमोक्षो भवति । तदनंतरं किं करोति भगवान् ? पूर्वप्रयोगादसंगत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्चेति हेतुचतुष्टयात् रूपात् सकाशाद्यथासंख्येनाविशुद्धकुलालचक्रवद्व्यपगतलेपालाबुवदेरण्डबीजवदग्निशिखावच्चेति दृष्टांतचतुष्टयेनैकसमयेन लोकाग्रं गच्छति । परतो गतिकारणभूतधर्मास्तिकायाभावात्तत्रैव लोकाग्रे स्थितः सन् विषयातीतमनश्वरं परमसुखमनंतकालमनुभवतीति भावार्थः ॥ १५३ ॥

**समयव्याख्या : द्रव्यमोक्षस्वरूपाख्यानमेतत् । अथ खलु भगवतः केवलिनो भावमोक्षे सति प्रसिद्धपरमसंवरस्योत्तरकर्मसन्ततौ निरुद्धायां परमनिर्जराकारणध्यानप्रसिद्धौ सत्यां पूर्वकर्मसंततौ कदाचित्स्वभावेनैव कदाचित्समुद्घातविधानेनायुःकर्मसमभूतस्थित्यामायुःकर्मानुसारेणैव निर्जीर्यमाणायामपुनर्भवाय तद्भवत्यागसमये वेदनीयायुर्नामगोत्ररूपाणां जीवेन सहात्यन्तविश्लेषः कर्मपुद्गलानां द्रव्यमोक्षः ॥ १५३ ॥**

**–इति मोक्षपदार्थव्याख्यानं समाप्तम् ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समाप्तं च मोक्षमार्गावयवरूपसम्यग्दर्शनज्ञानविषयभूतनवपदार्थव्याख्यानम् ॥**

**અનુવાદ : આ, દ્રવ્યમોક્ષના સ્વરૂપનું કથન છે.**

**ખરેખર ભગવાન કેવળીને, ભાવમોક્ષ હોતાં, પરમ સંવર સિદ્ધ થવાને લીધે ઉત્તર કર્મસંતતિ નિરોધ પામી થકી અને પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન સિદ્ધ થવાને લીધે પૂર્વ કર્મસંતતિ–કે જેની સ્થિતિ કદાચિત્ સ્વભાવથી જ આયુકર્મના જેટલી હોય છે અને કદાચિત્ સમુદ્ઘાતવિધાનથી આયુકર્મના જેટલી થાય છે તે–આયુકર્મના અનુસારે જ નિર્જરતી થકી, અપુનર્ભવને માટે તે ભવ છૂટવાના સમયે થતો જે વેદનીય-આયુ-નામ-ગોત્રરૂપ કર્મપુદ્ગલોનો જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે. ૧૫૩.**

**આ રીતે મોક્ષપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

**વળી મોક્ષમાર્ગના અવયવરૂપ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થનું વ્યાખ્યાન પણ સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૨, રવિવાર]

હવે દ્રવ્યમોક્ષનું સ્વરૂપ કહે છે.

કેવળજ્ઞાન થતાં ભાવમોક્ષ કહેવાય છે ને સિદ્ધ અવસ્થા થતાં ભાવમોક્ષ તથા દ્રવ્યમોક્ષ બન્ને કહેવાય છે. કેવળજ્ઞાન થયા પછી કેવલી ભગવાનને ધ્યાન ઉપચારથી હોય છે. ને સમયે સમયે શુદ્ધતા વધે છે. કર્તા, કરણ, સંપ્રદાનાદિ તથા યોગ વગેરે ગુણો અશુદ્ધ છે. તેમાં અશુદ્ધતા ટળીને શુદ્ધતા થાય છે. ચારિત્રગુણની શુદ્ધતા થઈ હોવા છતાં આખા આત્માનું પરિપૂર્ણ ચારિત્ર બાકી છે. આમ કેવલીના સ્વરૂપને જાણવું જોઈએ, કોઈ કહે કે કેવલી ભગવાને મોક્ષ જતી વખતે ઉપવાસ કર્યા તો તે વાત ભૂલભરેલી છે. તે મોક્ષ તત્ત્વમાં ભૂલ કરે છે, એક તત્ત્વમાં ભૂલ તેની બધાં તત્ત્વોમાં ભૂલ છે.

દ્રવ્યદૃષ્ટિ થાય એટલે સમ્યગ્દર્શન થાય છે. એક સમયની પર્યાયબુદ્ધિ ટળતાં ને ત્રિકાળ બુદ્ધિ થતાં સમ્યગ્દર્શન રૂપ સંવર થાય છે. તે આગળ વધતાં વધતાં કેવળ જ્ઞાનીને પણ પરમ સંવર હોય છે. અહીં ભાવમોક્ષવાળા કેવળી ભગવાનની વાત લીધી છે. તેમને રાગદ્વેષ રૂપી ભાવકર્મનો અભાવ વર્તે છે પણ છ કારકો, યોગનું કંપન તથા પ્રતિજીવી ગુણો વગેરેની અશુદ્ધતા બાકી છે તેટલું ભાવકર્મ બાકી છે. અસિદ્ધત્વ ઉદયભાવે છે. તેટલી અશુદ્ધતા ન હોય તો સિદ્ધ થઈ જાય. ચાર અઘાતી કર્મો બાકી છે માટે અશુદ્ધતા રહેલી છે તે વાત ખોટી છે. પોતાની યોગ્યતાથી અશુદ્ધતા રહેલી છે. કોઈ કહે કે કેવલી થયા પછી અશુદ્ધતા ન હોય અથવા કોઈ કર્મને લીધે અશુદ્ધતા માને તો બન્ને વાત ખોટી છે, ચૌદમા ગુણસ્થાન સુધી પણ અસિદ્ધત્વ નામનો ઉદય ભાવ છે એટલો સંસાર બાકી છે.

કેવલી ભગવાન પોતામાં સમગ્રપણે એકાગ્ર થયા છે એટલે પૂર્વે કર્મો ખપતાં જાય છે, ને વેદનીય, નામ, ગોત્ર, આયુ એ અઘાતી કર્મના નિમિત્તે પોતાના પ્રતિજીવી ગુણોની તથા બીજી અશુદ્ધતા છે તેનો નાશ કરે છે ત્યારે તે ભગવાનનો દ્રવ્યમોક્ષ થયો કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૩, સોમવાર]

આ નવ તત્ત્વનો અધિકાર ચાલે છે. તેમાં મોક્ષ તત્ત્વની વાત કરે છે. નવ તત્ત્વને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ છે તેમ શ્રદ્ધા ને જ્ઞાનમાં લ્યે તો સમ્યગ્દર્શન થાય પણ યથાર્થ શ્રદ્ધા-જ્ઞાનમાં લ્યે તો સમ્યગ્દર્શન ન થાય ને તેને ચારિત્ર પણ ન હોય. જમીન વિના ઝાડ હોતાં નથી તેમ આત્માની સાચી શ્રદ્ધા વિના એકાગ્રતારૂપી ઝાડ ઊગે નહિ. નવતત્ત્વમાં જીવ અને અજીવ બે દ્રવ્યો છે ને સાત તેની પર્યાયો છે. દયાદાનાદિના પરિણામ કરે તે ભાવપુણ્ય છે ને તેના નિમિત્તે જડકર્મ આવે તે દ્રવ્યપુણ્ય છે. હિંસાદિના પરિણામ તે ભાવપાપ છે ને તેના નિમિત્તે જડકર્મ આવે તે દ્રવ્યપાપ છે. બન્ને આસ્રવ છે. કર્મોનું આવવું તે દ્રવ્યઆસ્રવ છે. પુણ્ય-પાપના પરિણામમાં અટકવું તે ભાવબંધ છે ને કર્મોનું બંધાવું તે દ્રવ્યબંધ છે. આત્માના ભાનથી અશુદ્ધિનું અટકવું ને સમ્યગ્દર્શનાદિનું થવું તે ભાવસંવર છે ને કર્મનું અટકવું તે દ્રવ્યસંવર છે. શુદ્ધતાનું વધવું ને અશુદ્ધતાનું ટળવું તે ભાવનિર્જરા છે ને કર્મનું ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે. પૂર્ણશુદ્ધતા પ્રગટ થવી તે મોક્ષ છે ને સર્વ કર્મોનું ટળી જવું તે દ્રવ્યમોક્ષ છે.

આમ નવતત્ત્વનું જ્ઞાન કરવું જોઈએ. આત્માનું કલ્યાણ કરવું છે તે ક્યાંથી આવશે ? આનંદ બહારમાંથી આવતો નથી. દયાદાનાદિ પરિણામમાંથી, સ્વર્ગ, નરક કે શેઠાઈ વગેરેમાંથી સુખ આવતું હશે ? ના, આત્મા પોતે ચૈતન્ય સુખનિધાન છે, તેમાંથી સુખ પ્રગટે છે. એ વાતની પહેલાં પરોક્ષપણે પ્રતીતિ ન કરે તેને પ્રત્યક્ષ આત્માના આનંદનો અનુભવ થાય નહિ. દીવાસળી સળગાવતાં પહેલાં ટોપકામાં અગ્નિની શક્તિ છે એમ પ્રતીતિ કરવી જોઈએ તેમ આત્મામાં સુખશક્તિ છે તેની પ્રતીતિ કરવી જોઈએ. શરીર–મન–વાણી વગેરે અજીવ છે. દયાદાનાદિના ભાવ ને કામક્રોધના ભાવ દુઃખદાયક છે ને આત્માનો સ્વભાવ સુખદાયક છે એમ પરોક્ષ પ્રતીતિ કર્યા વિના ને અંતર્મુખ વલણ કર્યા વિના આત્માના આનંદનો અનુભવ થાય નહિ.

જીવ વર્તમાન જેની જેની રુચિ કરે તેને યાદ કરે છે. અજ્ઞાની જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં વર્તમાન સંયોગને જ જોઈ તેમાં આનંદ માને છે. પૂર્વે બટાટાનો-નિગોદનો ભવ હતો તે અત્યારે યાદ આવે છે ? ના તે ભૂલી ગયો છે. વર્તમાનને જ તે સર્વસ્વ માની બેઠો છે. આજે સોમવાર છે. આવતી કાલે મંગળવાર થશે ને ગઈકાલે રવિવાર હતો તે યાદ રહે છે ને તેની ખાતરી પણ છે. પણ હું કોણ હતો ? ને અત્યારે કોણ છું ? ભવિષ્યમાં શું થઈશ ? તેની ખબર નથી. આત્મા ત્રિકાળ રહેનારો ધ્રુવ પદાર્થ છે. તેની રુચિ નહીં કરતાં એકલા વર્તમાનની રુચિ કરી રહ્યો છે. શાસ્ત્રમાં કથન આવે છે કે જેણે જે માર્ગ જોયો છે તે ત્યાં તુરત જ જાય છે. જે સંસારની રુચિ કરે છે ને સંસારમાર્ગ જોયો છે તે ત્યાં જાય છે ને આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એમ પ્રતીતિ કરીને મોક્ષમાર્ગ જનારો તે રસ્તે જાય છે.

અહીં મોક્ષતત્ત્વની વાત ચાલે છે. મોક્ષ પર્યાય છે તેની પ્રતીતિ ને જ્ઞાન કર્યાં હોય તો અનુક્રમે મોક્ષ જાય. ભગવાન મોક્ષ પધારે પછી ફરી અવતાર ધારણ કરે એમ બને નહિ. બીજ બળી ગયા પછી ફરી ઊગતું નથી. તેમ આત્માના ભાનપૂર્વક મિથ્યાત્વ ને રાગદ્વેષ બાળી નાખ્યા પછી તે ફરી થતા નથી.

અર્હંત ભગવાનને ભાવમોક્ષ હોય છે ને ચાર અઘાતીકર્મ ટળી જવાથી દ્રવ્યમોક્ષ થાય છે એટલે સિદ્ધભગવાનને ભાવમોક્ષ ને દ્રવ્યમોક્ષ બન્ને હોય છે.

**ભાવાર્થ** : આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવી પ્રતીતિ કર્યા પછી લીનતા કરીને કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ થાય છે તેથી કેવળી ભગવાનને ભાવમોક્ષ થયો છે. તેમને પરમસંવર હોય છે પણ સંપૂર્ણ સંવર નથી કેમકે કર્તા, કરણ, કર્મ, ક્રિયાવતી, વૈભાવિક વગેરે ગુણોમાં અશુદ્ધતા છે. ભાવમોક્ષ થવા છતાં દ્રવ્યમોક્ષ થયો નથી. એટલી પોતામાં અશુદ્ધતા છે. પણ કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ ચતુષ્ટય પ્રગટ્યાં હોવાથી આગામી કાળસંબંધી નવાં કર્મનો બંધ થતો નથી.

અજ્ઞાની લોકો કહે છે કે ભગવાને ઉપવાસ કર્યા માટે ચાર અઘાતી કર્મ ટળ્યા. તે વાત ખોટી છે. અનંત ચતુષ્ટય પ્રગટ્યાં ને પરમ સંવર થયો તેથી કર્મનો નિરોધ થાય છે. પૂર્વે બાંધેલાં કર્મોની નિર્જરા માટેનું કારણ ધ્યાન હોય છે. ભગવાન સ્વભાવમાં એકાગ્ર રહે છે તે ભગવાનનું ધ્યાન છે. તે ધ્યાન વડે નિર્જરા થવાના બે પ્રકાર છે. કોઈ કેવળી ભગવાનને પૂર્વનાં અઘાતીકર્મો પોતાની સ્થિતિ પૂરી થતાં ખરી જાય છે ને કોઈ કેવળી ભગવાનને આત્માના પ્રદેશો લોકપ્રમાણ પહોળા થઈને એટલે કે કેવળી સમુદ્ઘાત થઈને કર્મોની નિર્જરા થાય છે.

આમ ભાવમોક્ષવાળા કેવળી ભગવાનને દ્રવ્યમોક્ષ થતાં બે પ્રકાર ભજે છે. જો કોઈ વખતે વેદનીય, નામ, ગોત્ર એમ ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મની બરાબર હોય તો ચારે અઘાતીકર્મોની સ્થિતિ બરાબર પૂરી થઈને મોક્ષ અવસ્થા થાય છે અને જો કોઈને આયુકર્મની સ્થિતિ ઓછી હોય ને વેદનીય, નામ, ગોત્રની સ્થિતિ વધારે હોય તો સમુદ્ઘાત થઈને કર્મોનો નાશ થતાં દ્રવ્યમોક્ષ અવસ્થા થાય છે. આ પ્રમાણે જીવથી સર્વથા પ્રકારે કર્મપુદ્ગલોનો અત્યંત વિયોગ થવો તેનું નામ દ્રવ્યમોક્ષ છે.

કેવળજ્ઞાનની પર્યાયમાં ફેર નથી. પણ કોઈને સમુદ્ઘાત થાય તો આવા પ્રકારનો ફેર પડે છે. વળી બધાને સમુદ્ઘાત થાય જ એવું નથી. ભગવાન મોક્ષ ગયા પછી અવતાર ધારણ કરતા નથી. મોક્ષદશામાં પરિપૂર્ણ સુખ છે.

આ પ્રકારે દ્રવ્યમોક્ષનું વ્યાખ્યાન પૂરું થયું તથા મોક્ષમાર્ગના અંગ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનના નિમિત્તભૂત નવ પદાર્થોનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

હવે મોક્ષમાર્ગનો વિસ્તાર સૂચનામાત્ર કહેવામાં આવે છે. તેમાં મોક્ષમાર્ગ એટલે ચારિત્રનું સ્વરૂપ બતાવવામાં આવે છે. ૧૫૩.

---

**जीवसहावं णाणं अप्पडिहददंसणं अणण्णमयं ।**
**चरियं च तेसु णियदं अत्थित्तमणिंदियं भणियं ॥ १५४ ॥**

**जीवस्वभावं ज्ञानमप्रतिहतदर्शनमनन्यमयम् ।**
**चारित्रं च तयोर्नियतमस्तित्वमनिन्दितं भणितम् ॥ १५४ ॥**

**આત્મસ્વભાવ અનન્યમય નિર્વિઘ્ન દર્શન જ્ઞાન છે;**
**દૃગ્જ્ઞાનનિયત અનિંદ્ય જે અસ્તિત્વ તે ચારિત્ર છે. ૧૫૪**

**અન્વયાર્થ** : [जीवस्वभावं] જીવનો સ્વભાવ [ज्ञानम्] જ્ઞાન અને [अप्रतिहतदर्शनम्] અપ્રતિહત દર્શન છે – [अनन्यमयम्] કે જેઓ (જીવથી – અનન્યમય છે. [तयोः] તે જ્ઞાનદર્શનમાં [नियतम्] નિયત [अस्तित्वम्] અસ્તિત્વ – [अनिन्दितं] કે જે અનિંદિત છે – [चारित्रं च भणितम्] તેને (જિનેંદ્રોએ) ચારિત્ર કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तात्पर्यवृत्ति** : इति द्रव्यमोक्षस्वरूपकथनरूपेण सूत्रद्वयं गतं । एवं भावमोक्षद्रव्यमोक्षप्रतिपादनमुख्यतया गाथाचतुष्टयपर्यंतं स्थलद्वयेन दशमोन्तराधिकारः ।।

**इति तात्पर्यवृत्तौ** प्रथमतस्तावत् "अभिवंदिऊण सिरसा" इमां गाथामादिं कृत्वा गाथाचतुष्टयं व्यवहारमोक्षमार्गकथनमुख्यत्वेन तदनंतरं षोडशगाथा जीवपदार्थप्रतिपादनेन तदनंतरं गाथाचतुष्टयमजीवपदार्थनिरूपणार्थं ततश्च गाथात्रयं पुण्यपापादिसप्तपदार्थपीठिकारूपेण सूचनार्थं तदनन्तरं गाथाचतुष्टयं पुण्यपापपदार्थद्वयविवरणार्थं ततश्च गाथाषट्कं शुभाशुभास्रवव्याख्यानार्थं तदनन्तरं सूत्रत्रयं संवरपदार्थस्वरूपकथनार्थं ततश्च गाथात्रयं निर्जरापदार्थव्याख्यानेन निमित्तं तदनंतरं सूत्रत्रयं बंधपदार्थकथनार्थं तदनंतरं सूत्रचतुष्टयं मोक्षपदार्थव्याख्यानार्थं चेति दशभिरंतराधिकारैः पंचाशद्गाथाभिर्व्यवहारमोक्षमार्गावयवभूतयोर्दर्शनज्ञानयोर्विषयभूतानां **जीवादिनवपदार्थानां प्रतिपादकः द्वितीयमहाधिकारः समाप्तः** ।।२।।

इत ऊर्ध्वं मोक्षावाप्तिपुरस्सरं निश्चयव्यवहारमोक्षमार्गाभिधाने विशेषव्याख्यानेन चूलिकारूपे तृतीयमहाधिकारे "जीवसहावं णाणं" इत्यादिविंशतिगाथा भवंति । तत्र विंशतिगाथासु मध्ये केवलज्ञानदर्शनस्वभावशुद्धजीवस्वरूपकथनेन जीवस्वभावनियतचरितं मोक्षमार्ग इति कथनेन च "जीवसहावं णाणं" इत्यादि प्रथमस्थले सूत्रमेकं तदनंतरं शुद्धात्माश्रितः, स्वसमयो मिथ्यात्वरागादिविभावपरिणामाश्रितः परमसमय इति प्रतिपादनरूपेण "जीवो सहावणियदो" इत्यादि सूत्रमेकं, अथ शुद्धात्मश्रद्धानादिरूपस्वसमयविलक्षणस्य परसमयस्यैव विशेषविवरणमुख्यत्वेन "जो परदव्वंहि" इत्यादि गाथाद्वयं, तदनंतरं रागादिविकल्परहितस्वसंवेदनस्वरूपस्य स्वसमयस्यैव पुनरपि विशेषविवरणमुख्यत्वेन "जो सव्वसंग" इत्यादि गाथाद्वयं, अथ वीतरागसर्वज्ञप्रणीतषड्द्रव्यादिसम्यक्श्रद्धानज्ञानपंचमहाव्रताद्यनुष्ठानरूपस्य व्यवहारमोक्षमार्गस्य निरूपणमुख्यत्वेन "धम्मादी सद्दहणं" इत्यादि पंचमस्थले सूत्रमेकं, अथ व्यवहाररत्नत्रयेण साध्यस्याभेदरत्नत्रयस्वरूपनिश्चयमोक्षमार्गप्रतिपादनरूपेण "णियच्छयणयेण" इत्यादि गाथाद्वयं, तदनंतरं यस्यैव शुद्धात्मभावनोत्पन्नमतीन्द्रियसुखमुपादेयं प्रतिभाति स एव भावसम्यग्दृष्टिरिति व्याख्यानमुख्यत्वेन " जेण विजाण" इत्यादि सूत्रमेकं, अथ निश्चयव्यवहाररत्नत्रयाभ्यां क्रमेण मोक्षपुण्यबंधौ भवत इति प्रतिपादकमुख्यत्वेन "दंसणणाणचरित्ताणि" इत्याद्यष्टमस्थले सूत्रमेकं । अथ निर्विकल्पपरमसमाधिस्वरूपसामायिकसंयमे स्थातुं समर्थोपि तत्त्यक्त्वा यद्येकान्तेन सरागचारित्रानुचरणं मोक्षकारणं मन्यते तदा स्थूलपरसमयो भण्यते यदि पुनस्तत्र स्थातुमीहमानोपि सामग्रीवैकल्येनाशुभवंचनार्थं शुभोपयोगं करोति तदा सूक्ष्मपरसमयो भण्यत इति व्याख्यानरूपेण "अण्णाणादो णाणी" इत्यादि गाथापंचकं, तदनंतरं तीर्थंकरादिपुराणजीवादिनवपदार्थप्रतिपादकागमपरिज्ञानसहितस्य तद्भक्तियुक्तस्य च यद्यपि तत्काले पुण्यास्रवपरिणामेन मोक्षो नास्ति तथापि तदाधारेण कालांतरे निरास्रवशुद्धोपयोगपरिणामसामग्रीप्रस्तावे भवतीति कथनमुख्यत्वेन "सपदत्थं" इत्यादि सूत्रद्वयं । अथास्य पंचास्तिकायप्राभृतशास्त्रस्य साक्षान्मोक्षकारणभूतं वीतरागत्वमेव तात्पर्यमिति व्याख्यानरूपेण "तह्मा णिव्वुदिकामो" इत्यादिसूत्रमेकं, तदनंतरमुपसंहाररूपेण शास्त्रपरिसमाप्त्यर्थं "मग्गप्पभावणट्ठं" इत्यादि गाथासूत्रमेकं । एवं द्वादशान्तरस्थलैर्मोक्षमोक्षमार्गविशिष्टव्याख्यानरूपे तृतीयमहाधिकारे समुदायपातनिका । तद्यथा । अथ गाथापूर्वार्द्धेन जीवस्वभावमपरार्द्धेन तु जीवस्वभावनियतचरितं मोक्षमार्गो भवतीति च प्रतिपादयति । अथवा निश्चयज्ञानदर्शनचारित्राणि जीवस्वभावो भवतीत्युपदिशति,-**जीवसहाओ णाणं अप्पडिहददंसणं अणण्णमयं** जीवस्वभावो भवति । किं कर्तृ ? ज्ञानमप्रतिहतदर्शनं च । कथंभूतं ? अनन्यमयमभिन्नं इति पूर्वार्द्धेन जीवस्वभावः कथितः **चरियं य तेसु णियदं अत्थित्तमणिंदियं भणियं** चरितं च तयोर्नियतमस्तित्वमनिंदितं भणितं कथितं । किं चरितं च । किं तत् ? अस्तित्वं । किंविशिष्टं ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तयोर्ज्ञानदर्शनयोर्नियतं स्थितं । पुनरपि किंविशिष्टं ? रागाद्यभावादनिंदितं, इदमेव चरितं मोक्षमार्ग इति । अथवा द्वितीयव्याख्यानं । न केवलं केवलज्ञानदर्शनद्वयं जीवस्वभावो भवति किंतु पूर्वोक्तलक्षणं चरितं स्वरूपास्तित्वं चेति । इतो विस्तरः – समस्तवस्तुगतानंतधर्माणां युगपद्विशेषपरिच्छित्तिसमर्थं केवलज्ञानं तथा सामान्ययुगपत्परिच्छित्तिसमर्थं केवलदर्शनमिति जीवस्वभावः । कस्मादिति चेत् । सहजशुद्धसामान्य-विशेषचैतन्यात्मकजीवास्तित्वात्सकाशात्संज्ञालक्षणप्रयोजनादिभेदेपि द्रव्यक्षेत्रकालभावैरभेदादिति पूर्वोक्तजीव-स्वभावादभिन्नमुत्पादव्ययध्रौव्यात्मकमिंद्रियव्यापाराभावान्निर्विकारमदूषितं चेत्येवं गुणविशिष्टस्वरूपास्तित्वं जीवस्वभावनियतचरितं भवति । तदपि कस्मात् ? स्वरूपे चरणं चारित्रमिति वचनात् । तच्च द्विविधं स्वयमनाचरतोपि परानुभूतेष्टकामभोगेषु स्मरणमपध्यानलक्षणमिति तदादिपरभावपरिणमनं परचरितं तद्विपरीतं स्वचरितं । इदमेव चारित्रं परमार्थशब्दवाच्यस्य मोक्षस्य कारणं न चान्यदित्यजानतां मोक्षाद्भिन्नस्यासार-संसारस्य कारणभूतेषु मिथ्यात्वरागादिषु निरतानामस्माकमेवानंतकालो गतः, एवं ज्ञात्वा तदेव जीवस्वभावनियतचरितं मोक्षकारणभूतं निरंतरं भावनीयमिति सूत्रतात्पर्यं । तथा चोक्तं । "एमेव गओ कालो असारसंसारकारणरयाणं । परमट्ठकारणाणं कारणं हु जाणियं किंपि" ।। १५४ ।।

**समयव्याख्या : अथ मोक्षमार्गप्रपंचसूचनका चूलिका । मोक्षमार्गस्वरूपाख्यानमेतत् । जीवस्वभावनियतं चरितं मोक्षमार्गः । जीवस्वभावो हि ज्ञानदर्शने अनन्यमयत्वात् । अनन्यमयत्वं च तयोर्विशेषसामान्यचैतन्यस्वभावजीवनिर्वृत्तत्वात् । अथ तयोर्जीवस्वरूपभूतयोर्ज्ञानदर्शनयोर्यन्नियतमवस्थित-मुत्पादव्ययध्रौव्यरूपवृत्तिमयमस्तित्वं रागादिपरिणत्यभावादनिन्दितं तच्चरितं; तदेव मोक्षमार्ग इति । द्विविधं हि किल संसारिषु चरितं – स्वचरितं परचरितं च; स्वसमयपरसमयावित्यर्थः । तत्र स्वभावाव-स्थितास्तित्वस्वरूपं स्वचरितं, परभावावस्थितास्तित्वस्वरूपं परचरितम् । तत्र यत्स्वभावावस्थितास्तित्वरूपं परभावावस्थितास्तित्वव्यावृत्तत्वेनात्यन्तमनिन्दितं तदत्र साक्षान्मोक्षमार्गत्वेनावधारणीयमिति ॥ १५४ ॥**

અનુવાદ : હવે મોક્ષમાર્ગપ્રપંચસૂચકચૂલિકા છે. આ, મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે.

જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે કારણ કે તેઓ (જીવથી) અનન્યમય છે. જ્ઞાનદર્શનનું (જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ એ છે કે વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય જેનો સ્વભાવ છે એવા જીવથી તેઓ નિષ્પન્ન છે (અર્થાત્ જીવથી જ્ઞાનદર્શન રચાયેલાં છે). હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં નિયત–અવસ્થિત એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિમય અસ્તિત્વ–કે જે રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે–તે ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે.

સંસારીઓમાં ચારિત્ર ખરેખર બે પ્રકારનું છે :– (૧) સ્વચારિત્ર અને (૨) પરચારિત્ર; (૧) સ્વસમય અને (૨) પરસમય એવો અર્થ છે. ત્યાં, સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે સ્વચારિત્ર છે અને પરભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે તે પરચારિત્ર છે. તેમાંથી (અર્થાત્ બે પ્રકારનાં ચારિત્રમાંથી), સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વરૂપ ચારિત્ર કે જે પરભાવમાં અવસ્થિત અસ્તિત્વથી ભિન્ન હોવાને લીધે અત્યંત અનિંદિત છે તે–અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે અવધારવું.

[આ જ ચારિત્ર 'પરમાર્થ'શબ્દથી વાચ્ય એવા મોક્ષનું કારણ છે, અન્ય નહિ–એમ નહિ જાણતાં થકાં, મોક્ષથી ભિન્ન એવા અસાર સંસારના કારણભૂત મિથ્યાત્વરાગાદિમાં લીન વર્તતાં થકાં આપણો અનંત કાળ ગયો; આમ જાણીને તે જ જીવસ્વભાવનિયત ચારિત્રની–કે જે મોક્ષના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણભૂત છે તેની–નિરંતર ભાવના કરવી યોગ્ય છે. આ પ્રમાણે સૂત્રતાત્પર્ય છે.] ૧૫૪.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૩, સોમવાર]

આત્મા શુદ્ધસ્વભાવી છે તેને જીવ માનવો. પુણ્યને વિકાર માનવો. જડદ્રવ્યને જડ જાણવાં, એમ દરેક પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયને જેમ છે તેમ વહેંચણી કરીને જાણવું એવો જ્ઞાનનો સ્વભાવ છે. કોઈનું કરી દે તેવો જ્ઞાનનો સ્વભાવ નથી. આ જડ છે કે આ ચેતન છે એવા ભેદ પાડ્યા વિના સામાન્યપણે દેખવું તેને દર્શન કહે છે ને ભેદ પાડીને જાણવું તેને જ્ઞાન કહે છે. તે બન્નેને ચૈતન્ય એક નામથી કહેવામાં આવે છે. તે જીવનું અસાધારણ લક્ષણ છે. જાણવું-દેખવું તે જીવનો સ્વભાવ છે. પરનું કરવું કે દયાદાન કરવા તે જીવનું લક્ષણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પાંચ મહાવ્રતનો રાગ તે જીવનો અસલી સ્વભાવ નથી. જીવ તો તેનો પણ જાણનાર છે. આમ નિમિત્ત ને પુણ્ય-પાપની રુચિ છોડ્યા વિના ને જ્ઞાનદર્શનસ્વભાવી આત્માની દૃષ્ટિ થયા વિના ધર્મ થાય નહિ.

તારે શાંતિ ને ધર્મ જોઈએ છે ને ? વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. પુણ્ય-પાપ ને રાગ તારો સ્વભાવ છે ? ભાષા બોલવી તે તારો સ્વભાવ છે ? આત્મા શરીરને ચલાવી શકે કે પરની દયા પાળી શકે એવો આત્માનો સ્વભાવ છે ? કયા નિધાન ઉપર નજર નાખવાથી ધર્મ થાય ? શરીર-મન-વાણી તારું નિધાન નથી. પુણ્ય-પાપ તારું નિધાન નથી. વ્રતાદિ પાળવા, દયા કરવી તે તારું નિધાન નથી, પણ તારું નિધાન તો જ્ઞાનદર્શનમય આત્મા છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે.

જેવો વસ્તુનો સ્વભાવ છે તેવો સર્વજ્ઞે જોયો છે, વાણી દ્વારા આવ્યો છે. આત્માનો સ્વભાવ જ્ઞાનદર્શન એકરૂપ છે. તે જ્ઞાનદર્શન સ્વભાવનું અસ્તિત્વ ટકાવી રાખવું, તેને સ્થિર કરી દેવું તે ચારિત્ર છે. અહીં અસ્તિથી વ્યાખ્યા લીધી છે. પુણ્ય-પાપ ન થવા દેવાં તે વાત લીધી નથી.

અહીં ચારિત્રની વાત લીધી છે. દર્શન જ્ઞાન ગુણોને ધરનાર આત્મા છે. વિકારને તો એક સમયમાત્ર પર્યાયમાં ધારે છે. પણ તે તેનો ત્રિકાળી સ્વભાવ નથી. પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમાં ટકી રહેવું-સ્વરૂપમાં ચરવું, જ્ઞાનદર્શનના અસ્તિભાવમાં ચરવું તે ચારિત્ર છે. આત્મામાં નિશ્ચય સ્થિરતા તે ચારિત્ર છે, તે વીતરાગભાવ છે.

દેહની ક્રિયા કે વિકલ્પ ઊઠવો તે ચારિત્ર નથી. અનંતકાળથી જીવે વાસ્તવતત્ત્વ જાણ્યું નથી. જીવનો સ્વભાવ જાણવા-દેખવાનો છે. જે જે સંયોગો હોય, જે જે રાગ–દ્વેષની વૃત્તિ ઊઠે, તે તે વખતે તેનું જ્ઞાન સ્વમાં રહીને મુનિઓ કરે છે. તે જાણવું-દેખવું શરીરમનવાણીમાં નથી. કારણ કે તે જડ છે. પુણ્ય-પાપના પરિણામમાં જાણવું-દેખવું નથી. અરૂપી આત્મા જાણનાર-દેખનાર છે એવી દૃષ્ટિ થવી ને એવું જ્ઞાન થવું તે સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. ને તેમાં ઠરવું તે ચારિત્ર છે.

પ્રથમ સાચી વાત ગ્રહણ કરવી જોઈએ. પહેલે ધડાકે કહ્યું કે જીવ કોને કહેવો ? જ્ઞાનદર્શનનો ધરનાર તે જીવ છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એમ નવે ભેદનું જ્ઞાન કર્યું પણ ભેદ પડે તે જીવ નથી પણ જ્ઞાનમાં અભેદતા વર્તે છે. અથવા જ્ઞાન એકરૂપ થઈને જાણે તે જીવ છે. તેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનદર્શન સ્વભાવના અસ્તિત્વમાં ટકવું ને પુણ્ય-પાપમાં ન જવું તેને ચારિત્ર કહે છે. પાંચ મહાવ્રતના પરિણામ, ૨૮ મૂળગુણના પાલનના પરિણામ, આહાર લેવાની વૃત્તિ ઊઠે વગેરે જે રાગની વૃત્તિ ઊઠે છે તે ચારિત્ર નથી.

આ કલ્પનાની વાત નથી. સર્વજ્ઞ ભગવાને વાણી દ્વારા ઢંઢેરો પીટ્યો છે. વાણીમાં જે આવ્યું તે જ આ કહેવાય છે. જ્ઞાનદર્શન સ્વભાવનું અસ્તિપણું રાખે છે ને રાગ–દ્વેષ થવા દેતો નથી તેને ચારિત્ર અથવા મોક્ષમાર્ગ કહે છે. તે જીવની પર્યાયમાં હોય છે, બહારમાં હોતો નથી. એક જ વાત લીધી છે. પોતાના દર્શન જ્ઞાન સ્વભાવને ટકાવી રાખવો તેને ચારિત્ર કહે છે. બીજાને ચારિત્ર કહેતા નથી.

જે જીવો બીજી રીતે એટલે કે રાગથી કે શરીરની ક્રિયાથી ચારિત્ર કહેતા હોય તેને ચારિત્ર કહેતા નથી. છઠ્ઠે ગુણસ્થાને જેટલો રાગ વર્તે છે તે ચારિત્ર નથી પણ અંતર અકષાયી પરિણતિ થઈ છે તે ચારિત્ર છે. આમ સર્વજ્ઞ ભગવાન કહે છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૪, મંગળવાર]

આ મોક્ષમાર્ગનો અધિકાર છે. મોક્ષ એટલે પૂર્ણ પવિત્ર દશા ને ચારિત્ર તેનો માર્ગ છે. તે કોને હોય છે તેની વાત ચાલે છે. કોઈ લિંગ કે વેશ ચારિત્ર નથી. મહાવ્રતાદિના પરિણામ, નગ્નદશા તે ચારિત્ર નથી. અંતર સ્વભાવની રમણતા તે ચારિત્ર છે. મોક્ષમાર્ગ મોક્ષનું કારણ છે.

**ભાવાર્થ** : જીવના સ્વભાવભાવોની સ્થિરતા તેનું નામ ચારિત્ર છે. જીવનો સ્વભાવ શું છે ? જીવનો સ્વભાવ દર્શન ને જ્ઞાન છે. શરીર, મન, વાણી તેનો સ્વભાવ નથી. પરને લેવાદેવાનો ભાવ જીવનો સ્વભાવ નથી. દયાદાનાદિ ભાવો જીવનો સ્વભાવ નથી. શેમાં સ્થિર થવાથી ચારિત્ર થાય છે ? ચૈતન્ય-જ્ઞાનદર્શન જીવનો સ્વભાવ છે. બીજો સ્વભાવ નથી. કોઈ પૂછે કે શું આત્મામાં બે જ ગુણો હશે ? ના. વીર્ય, આનંદ, વસ્તુત્વ, સ્વચ્છત્વ વગેરે અનંત શક્તિઓ છે પણ મુખ્ય વસ્તુ ખ્યાલમાં આવે માટે જીવનો સ્વભાવ જ્ઞાનદર્શન કહ્યો. તેમાં સ્થિરતા કરવી તે ચારિત્ર છે.

જીવના સ્વાભાવિક ભાવ જ્ઞાનદર્શન છે. તે આત્મામાં અભેદ તથા ભેદરૂપ છે. એકલા ચૈતન્ય સ્વભાવની અપેક્ષાએ અભેદ સ્વરૂપ છે ને સામાન્ય અને વિશેષની અપેક્ષાએ ભેદરૂપ છે. તેમાં સામાન્ય દેખવું તેને દર્શન કહે છે. અહીં દર્શન એટલે શ્રદ્ધા ન લેવી, પણ આ શરીર છે, હું આત્મા છું. એવો ભેદ પાડ્યા વિનાના સામાન્ય અવલોકનને દર્શન કહે છે. જ્ઞાન વિશેષ છે. જ્ઞાન બધી વસ્તુને ભેદ પાડીને જાણે છે. ચેતનાની અપેક્ષાએ બન્ને એક છે. તે બન્ને જીવનું સ્વરૂપ છે. તેની સાથે ગૌણમાં બીજા ગુણો આવી જાય છે. તે સ્વભાવમાં સ્થિર રહેવું તે ચારિત્ર છે.

આમ વસ્તુનું સ્વરૂપ સમજ્યા વિના બાહ્યથા ચારિત્ર માને તે ખોટું છે. પાંચ મહાવ્રત ચારિત્ર નથી, આ ખપે ને આ ન ખપે તે ચારિત્ર નથી. વસ્ત્રપાત્ર રાખે તે મુનિ નથી, વસ્ત્રપાત્ર રાખીને મુનિપણું મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. તેવું કથન કરનાર શાસ્ત્ર કુશાસ્ત્ર છે. તે દેવે અથવા મુનિએ કહેલ નથી. વસ્ત્રપાત્ર સહિત સાધુને દ્રવ્યલિંગ પણ કહેતા નથી. પણ તે કુલિંગ છે. જે મુનિ બાહ્યથી નગ્ન દિગંબર હોય, જેને માત્ર મોરપીંછ ને કમંડળ હોય પણ તે પુણ્યથી ધર્મ મનાવે તો તે દ્રવ્યલિંગી છે.

જેને આત્માનું ભાન છે ને છઠ્ઠી-સાતમી ભૂમિકા જેમને વારંવાર આવે છે તે ભાવલિંગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિ છે. તેમને બાહ્ય નગ્નદશા દિગંબર સહજ થઈ જાય છે. નગ્નદશા છે માટે ભાવલિંગપણું આવે છે એમ નથી. પોતાનો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે એવી દૃષ્ટિ તો થઈ છે, તે ઉપરાંત લીનતા થતાં રાગ છૂટી જાય છે ને નગ્નદશા થઈ જાય છે ને વસ્ત્ર છૂટી જાય છે. સનાતન જૈન માર્ગ વિષે આ એક જ પ્રકારે મુનિપણું છે. બીજી રીતે મુનિપણું નથી.

ગૃહસ્થદશામાં અથવા વસ્ત્રનો પરિગ્રહ હોય તે ભૂમિકામાં સમ્યગ્દર્શન હોઈ શકે. સાધકપણું હોઈ શકે પણ વસ્ત્રાદિ રાખવાની રાગવાળી ભૂમિકામાં મુનિપણું હોઈ શકે નહિ છતાં ત્યાં મુનિપણું માને તો સમ્યગ્દર્શન પણ નથી. અંતર આનંદ આવે એવી મુનિદશા છે. એકલા નગ્ન થાય ને અંતરમાં મિથ્યાદર્શન હોય તો મુનિપણું નથી ને ભાવલિંગપણું પ્રગટ થાય ને બાહ્યમાં નગ્નપણું ન હોય એમ પણ બને નહિ.

એક રજકણનો ફેરફાર કરવો એ મારા અધિકારની વાત નથી, પુણ્ય-પાપ તે જ્ઞાનનું કર્તવ્ય નથી. આત્માનો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે. તેવી દૃષ્ટિ વિના માત્ર દ્રવ્યલિંગ ધારણ કરે તે મુનિ નથી.

અત્યારે ઘણો ફેરફાર થઈ ગયો છે. વસ્ત્ર-પાત્રથી મુનિપણું મનાવે–સ્થાપે તે શાસ્ત્ર સાચા દેવગુરુ કે સમકિતીનાં કહેલાં નથી, મિથ્યાદૃષ્ટિનાં કહેલાં છે. આજે માનો, કાલે માનો, ગમે તે દિવસે માનો, આ સમજ્યા વિના આરો નથી. કુશાસ્ત્રમાંથી સાચી વાત નીકળે તેમ બને નહિ. જેને સ્વભાવની ખબર નથી તેને સમ્યગ્દર્શન હોતું નથી. જે વસ્ત્રપાત્રથી મુનિપણું મનાવે તે કુલિંગી સહિત મિથ્યાદૃષ્ટિ છે.

કોઈ બાહ્યથી નગ્ન દિગંબર થાય ને પુણ્યથી ધર્મ મનાવે તો તે પણ ભાવલિંગી સાધુ નથી, પણ દ્રવ્યલિંગી છે. અંતરમાં વીતરાગતા હોય ને બાહ્યમાં નગ્ન હોય, એને મુનિ કહે છે.

આ સ્વભાવની વાત છે. સર્વજ્ઞના મુખમાંથી જે વાણી નીકળી, તેનો સાર ગ્રહણ કરી, અંતરમાં અનુભવ કરીને આ વાત કુંદકુંદાચાર્યે, સમન્તભદ્રાચાર્યે, પૂજ્યપાદ સ્વામી આદિ સંતોએ કહેલી છે. તેઓ જૈનધર્મના થાંભલા છે. તીર્થંકરોએ કહેલો, ગણધરોએ અનુભવેલો, ઈંદ્રોએ માન્ય રાખેલો આ એક જ માર્ગ છે. કુંદકુંદાચાર્યે સનાતન માર્ગને થંભાવી રાખ્યો છે.

ચારિત્રની વાત પણ અત્યારે દુર્લભ થઈ પડી છે. કુદેવાદિની શ્રદ્ધા છોડે નહિ ને સુદેવાદિની શ્રદ્ધા ન થાય ત્યાં સુધી મિથ્યાત્વ છૂટે નહિ ને તેને સાધુપણું હોય નહિ. જૈન દર્શનમાં પચ્ચખાણ ન લ્યે તો દંડ નથી પણ ચારિત્ર નહિ હોવા છતાં ચારિત્ર મનાવે તે દંડને પાત્ર છે.

અહીં માનસ્તંભ થશે, તેમાં દિગંબર પ્રતિમાઓ મુકાશે. દિગંબર મુનિઓનાં ચિત્ર દોરાશે. તે મોટો ધર્મધ્વજ છે. સનાતન જૈન ધોરીમાર્ગ કેવો હોય તેની ઓળખાણ આપતો તે ધર્મધ્વજ-ધર્મનું ચિહ્ન છે.

જે ઈશ્વરને જગતનો કર્તા માને તે તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે તેને મહંતપણું ન હોય. અહિંસા, સત્ય કોને કહેવાં તેની લોકોને ખબર નથી. દરેક આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે. ઈશ્વરની પ્રાર્થનાથી કાંઈ મળે તેમ નથી. તેઓ કાંઈ આપે એમ નથી. વસ્તુ છે તેને કોણ કરે ને ન હોય તેને કોણ કરે ? વસ્તુ જાણ્યા વિના માત્ર ક્રિયાકાંડ કરે તે મૂઢ છે.

વળી જે જીવ વસ્ત્ર સહિત મુનિપણું માને તે કુલિંગી છે. તેમ જ વ્યવહારથી નિશ્ચય પમાશે તેમ માનનાર પણ મિથ્યાદૃષ્ટિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં ચારિત્રની વાત કરે છે.

ये ज्ञानदर्शन जीवके स्वरूप हैं. इनका जो निश्चल थिर होना अपनी उत्पादव्यय ध्रुव अवस्थासे अस्तित्वरूप और रागादि परिणतिके अभावसे निर्मल होना उसका नाम चारित्र है, वही मोक्षका मार्ग है।''

જ્ઞાનદર્શન જીવનો સ્વભાવ છે. છે તેની વાત છે. જીવ પોતાના જ્ઞાનદર્શન સ્વભાવના અસ્તિત્વરૂપ છે. પાંચ મહાવ્રતનો ઉત્પાદ થાય છે માટે ચારિત્ર થાય છે એમ નથી પણ પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમાં એકાગ્ર થવાથી ચારિત્ર પ્રગટે છે. છઠ્ઠા ગુણસ્થાને ૨૮ મૂળગુણના પાલનનો રાગ, છ આવશ્યકના પાલનનો રાગ, ઊભા ઊભા આહાર લેવો વગેરેનો જે વિકલ્પ ઊઠે છે તે વિકલ્પને લીધે ચારિત્ર નથી. પણ પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમાં લીનતા તે ચારિત્ર છે.

ભાવલિંગી મુનિનું સ્વરૂપ કેવું હોય તેની વાત ચાલે છે. જેમને ગણધર કે જેઓ ચૌદ પૂર્વના જાણનાર છે, તે નમસ્કાર કરે તે મુનિ કેવા હોય તેની વાત ચાલે છે. જ્ઞાનદર્શન અસ્તિત્વરૂપ સ્વભાવ છે. તેમાં સ્થિરતા તે ચારિત્ર છે. પૂર્વ અવસ્થામાં વિકલ્પ થયો ને મહાવ્રતાદિના પરિણામનો ઉત્પાદ થયો તે ચારિત્ર નથી.

જેમ મેરુપર્વત ઉપર ચોટલી છે તેમ આ મોક્ષમાર્ગની ચૂલિકા છે. જ્ઞાનદર્શન સ્વભાવમાં એકાગ્ર થતાં જૂની અવસ્થાનો વ્યય થવો, નવી અવસ્થાનું ઊપજવું ને જ્ઞાનદર્શન સ્વભાવનું ટકી રહેવું તે ચારિત્ર છે.

અત્યારે વર્તમાનમાં સાચા મુનિના વિરહા પડ્યા છે. વ્યવહાર શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય તેવા ભાવલિંગી સંતનાં દર્શન થતાં નથી. જીવોના ઉપાદાનની યોગ્યતા મુજબ નિમિત્તો હોય છે. ક્યાં છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા કુંદકુંદાચાર્ય ભગવાન ને ક્યાં વર્તમાન મનાતા સાધુ ! મેળ ખાય તેમ નથી.

અહો ! આત્માની ઓળખાણ થતાં ચિદાનંદની આંખો ઊઘડી જાય તેમ છે. પુણ્ય-પાપમાં અટકવું તે ક્રિયાકાંડ છે ને પુણ્ય-પાપરૂપ વિકાર વિનાના સ્વભાવની એકાગ્રતા કરવી તે જ્ઞાનકાંડ છે. કોઈ રજકણ સાથે મારે સંબંધ નથી, વ્રતાદિના વિકલ્પો ઊઠે તે મારું સ્વરૂપ નથી. જેટલી ચૈતન્ય સ્વભાવમાં લીનતા વર્તે તેટલા પ્રમાણમાં રાગાદિનો અભાવ છે. મુનિપણું પ્રગટે ને વસ્ત્ર-પાત્રનો રાગ રહે તેમ બને નહિ. વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું માનનાર જીવ છઠ્ઠા ગુણસ્થાનની પર્યાયને, તે વખતના રાગના અભાવને ને સંયોગના અભાવને જાણતો નથી, તે નવતત્ત્વને, સમ્યગ્દર્શનના સ્વરૂપને કે મુનિના સ્વરૂપને જાણતો નથી. છઠ્ઠા ગુણસ્થાનની જે પર્યાય છે તેને સમજવામાં જે ભૂલ કરે તેને નવે તત્ત્વોમાં ભૂલ છે. છઠ્ઠે ગુણસ્થાને જેટલો રાગનો અભાવ તે સંવરનિર્જરા છે. તે સંવરનિર્જરા કેવાં હોય તેને જાણતો નથી, અજીવની નિમિત્તતા કેવી હોય, આનંદ, વીર્ય, ચારિત્ર વગેરે કેટલાં પ્રગટ્યાં તેને તે જાણતો નથી. એટલે એકે તત્ત્વને યથાર્થ જાણતો નથી.

વળી કેટલાક જીવો શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનોનો આધાર આપી સ્વચ્છંદ પોષે છે, તેમણે કોને ઉદ્દેશીને, કઈ ભૂમિકા અનુસાર વાક્યો લખ્યાં તેનો મર્મ અજ્ઞાની જીવ જાણી શકશે નહિ.

ચારિત્રદશા વખતે મુનિને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, ને પ્રત્યાખ્યાનાવરણીય–એ ત્રણ કષાયો ટળ્યા છે. ને સંજ્વલનનો કષાય અલ્પ બાકી છે. જેટલો રાગ નથી તેટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણમાં છઠ્ઠે પણ વીતરાગી શાંતિ, આનંદ, વીર્ય, પ્રગટ્યાં છે. જેને આવું યથાર્થ જ્ઞાન નથી તેને સમ્યગ્દર્શન પણ નથી.

મુનિદશા અત્યારે તો સાંભળવી પણ મુશ્કેલ પડે તેમ છે. ઘણા જીવ ઊંધે માર્ગે ચડી ગયા છે. રાગ–દ્વેષ, હરખશોક વગેરે વિકારનો અભાવ થઈને નિર્મળતા પ્રગટ થાય તેટલું ચારિત્ર છે.

કુંદકુંદાચાર્યદેવને તીર્થંકર ભગવાનનો વિરહ સાલતો હતો. ''રે રે સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં !'' પણ તેમની યોગ્યતા અને પુણ્યનો યોગ હતો તો સીમંધરનાથના ભેટા થઈ ગયા. અને અત્યારે આ ક્ષેત્રમાં સર્વજ્ઞના તો વિરહા છે જ પણ સંતો-મુનિઓના પણ વિરહ પડ્યા છે ! અહો ! અત્યારે ભાવલિંગી મુનિનો નમૂનો પણ દેખાતો નથી.

અહીં એમ કહ્યું કે પોતાના જ્ઞાનદર્શન-સ્વભાવમાં સ્થિરતા ને રાગાદિ પરિણતિનો અભાવ તે ચારિત્ર છે, તે જ મોક્ષનો માર્ગ છે. મોક્ષનું કારણ ચારિત્ર છે ને ચારિત્રનું કારણ જીવનો જ્ઞાનદર્શનમય સ્વભાવ છે.

ચારિત્ર બે પ્રકારનું છે. એક સ્વચારિત્ર છે ને બીજું પરચારિત્ર છે. સ્વચારિત્રને સ્વસમય ને પરચારિત્રને પરસમય કહે છે. અખંડ જ્ઞાનદર્શન સ્વભાવમાં લીનતા તે સ્વચારિત્ર છે, ને તેવી લીનતા ન હોય ત્યારે મહાવ્રતાદિના પરિણામ હોય તેને પરચારિત્ર કહે છે. ધ્રુવ નિત્યાનંદ શુદ્ધ સ્વભાવમાં જેટલો સ્થિરભાવ તે સ્વચારિત્ર અથવા સ્વસમય છે ને દેવગુરુશાસ્ત્ર પ્રત્યેનો રાગ, પંચમહાવ્રતાદિનો રાગ તે પરદ્રવ્યમાં જોડાણ છે. સ્વભાવમાંથી લીનતા છૂટીને પંચમહાવ્રતાદિનો રાગ, આહાર લેવાનો રાગ વગેરે પરચારિત્ર છે. દેહની ક્રિયા તો જડની છે. તે પરચારિત્ર નથી. મુનિને જે રાગ ઊઠે છે તે મોક્ષમાર્ગ નથી, કેમકે તે પરચારિત્ર છે. પણ પોતાના આત્મભાવમાં નિર્વિકલ્પતા ને પુણ્ય-પાપના વિકલ્પ વિનાની સ્વભાવમાં સ્થિરતા તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. રાગને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે. અજ્ઞાની તો રાગને સારો માને છે. જ્ઞાની તેને હેય સમજે છે. આત્મસ્વભાવમાં સાક્ષાત્ રમણતા એ એક જ મોક્ષમાર્ગ છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૫, બુધવાર]

આત્મા ચિદાનંદ વસ્તુ છે, તેનો વર્તમાન પર્યાય વિકારવાળો છે. વર્તમાનમાં વિકાર ન હોય તો આનંદ હોવો જોઈએ, શરીર, મન, વાણી પર છે. તેને પોતાના માની રાગ કરવો તે દુઃખ છે. જેને દુઃખ લાગતું હોય ને શાંતિ જોઈતી હોય તેની વાત છે. આત્મા વર્તમાન સુખી છે કે દુઃખી ? પરવસ્તુની આશા રાખવી તે પરાધીનતા છે. ચૈતન્ય સ્વભાવમાં સુખ નહિ માનતાં પરને લીધે સુખ માનવું તે ભ્રાંતિ છે. જ્ઞાનસ્વભાવી આત્મા પરનું લક્ષ કરી રાગ કરે તે દુઃખદાયક છે. જ્યારે આશા પોતે દુઃખદાયક છે તો આશાનો જે વિષય છે તેમાં સુખ હોય તેમ કદી બને નહિ. જ્ઞાનસ્વભાવી આત્મા પોતાના સિવાય પરની આશા રાખે તે દુઃખદાયક છે. એમ જે નક્કી કરે તે ઇચ્છાસહિત મારા આત્મામાં શાંતિ કેમ પ્રગટ થાય તેમ નક્કી કરી શકે. શરીર, લક્ષ્મી, દેવ-ગુરુ-શાસ્ત્રની આશા રાખવી તે દુઃખ છે.

પર પ્રત્યે ઇચ્છા કરવી તે દુઃખનું કારણ છે–પછી તે ઇચ્છા પૂજાની હો, ભોગની હો કે ગમે તે શુભાશુભભાવની હો - તે બધી દુઃખદાયક છે. તે બધી પરાધીનતા છે. પર તરફ વલણ ન કરવું તે સ્વાધીનતા છે. પણ પોતાની શક્તિનો ભરોસો આવવો જોઈએ.

જીવને લીંડી પીપરનો ભરોસો આવે. અબરખના પડનો ભરોસો આવે કે હજાર પુટવાળું હોય તો ક્ષય મટાડી દે. પણ પોતાના આત્મતત્ત્વમાં શક્તિ છે ત્યાં એકાગ્રતા કરું તો સર્વજ્ઞતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને આનંદ પ્રગટ થાય તેનો ભરોસો આવતો નથી. આ આત્મા ખાલી છે કે ભરેલો ? જ્ઞાતાદ્રષ્ટા છે તેની પ્રતીતિ ન હોવાથી તેમાં રમણતા કરી શકતો નથી. તેથી પરચીજને વિષય બનાવી રાગમાં રમણતા કરે છે તેથી સુખી થતો નથી.

દીવાસળીના ટોપકામાં અગ્નિની શક્તિ ભરેલી છે. તેમ ચૈતન્ય સ્વભાવમાં આનંદની શક્તિ છે. તેને ચૂકીને કામક્રોધાદિની લાગણી ઊઠે તે વિકૃતિ છે, તેથી પરપદાર્થને ધ્યેય બનાવી સ્વભાવથી ભ્રષ્ટ રહે છે. હું સ્વભાવે જ્ઞાનસ્વરૂપ છું. મારો ઉદ્ધાર કોઈ ન કરે તે તેને સમજમાં આવ્યું નથી. સ્વભાવમાં આવ્યા વિના શાંતિ હોય નહિ. નિત્યાનંદ ધ્રુવ સ્વભાવ છે એવી પ્રતીતિ છોડી સ્વસમયનો ત્યાગ કરે છે તેને શાંતિ મળતી નથી. હું જ્ઞાયક છું. મારી શાંતિ પરમાં કે પર તરફના વલણમાં હોઈ શકે નહિ. હું ધ્રુવ છું. આદિ અંત વિનાનો છું. એવી અંતર જ્ઞાનદ્વારા સ્થિરતા કરવી તે ચારિત્ર છે.

ચૈતન્યની વિરુદ્ધ કર્મ છે, તેનો નાશ કરવાનો ઉપાય શું ? હું શુદ્ધ આનંદકંદ છું, એવા સ્વરૂપમાં એકાગ્રતારૂપ રમણતા તે કર્મક્ષયનો ઉપાય છે. હું પરમબ્રહ્મ છું, પર તરફની શુભ-અશુભ લાગણી વિકાર છે, વેપાર કરવાનો ભાવ તે અશુભરાગ છે. ચૈતન્ય જ્ઞાનસ્વભાવને રાગમાં રોકી રાખવો તે દુઃખદાયક છે.

અજ્ઞાની જીવને પર ચીજ સુખદાયક લાગે છે. ને તેનો વિશ્વાસ આવે છે. પરમાં રોકાયો અથવા વ્રત તપની ઈચ્છામાં રોકાયો પણ ઈચ્છા વિનાના ચૈતન્યનો ભરોસો આવતો નથી.

સ્વમાં લાભ હોય કે પરમાં લાભ હોય ? તારામાં સુખ નથી તો તું નપુંસક છો ? જે જીવને ચૈતન્યની રુચિ થતી નથી ને પરમાં લાભ માને છે તે પાવૈયા-નપુંસક છે, તે ચૈતન્યસત્તાને માનતો નથી. ત્રિકાળી શુદ્ધ સત્તાના આશ્રયે શાંતિ મળે તેમ છે છતાં પરથી શાંતિ માનનાર સ્વભાવને માનતો નથી, તેને સામર્થ્યહીન કહ્યો છે.

જે જીવ પૈસાને સુખદાયક માને છે તે જ જીવ પૈસાના લૂંટારા મળતાં પૈસાને દુઃખદાયક માને છે. પૈસા ન હોત તો ઠીક પડત એમ તે વખતે કલ્પના કરે છે. કલ્પના વિનાનું જે આત્મતત્ત્વ છે તેની તેને ખબર નથી. તે પરને મોટપ આપે છે પણ મોટપવાળો પોતે છે તેની તેને ખબર નથી. શુભાશુભ ઈચ્છા બન્ને દુઃખદાયક છે તેને છોડી ઈચ્છારહિત સ્વભાવની પ્રતીતિ કરી, એકાગ્રતા કરે તો ધર્મ થાય.

સ્વ સમયનું ગ્રહણ એટલે પોતાના શુદ્ધ આત્માનું ગ્રહણ ને રાગ–દ્વેષનો ત્યાગ કરે છે. ત્યારે કર્મક્ષય થાય છે ને તેથી જીવસ્વભાવની નિશ્ચળ સ્થિરતારૂપ મોક્ષમાર્ગ બતાવે છે. ૧૫૪.

---

**जीवो सहावणियदो अणियदगुणपज्जओध परसमओ ।**
**जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो ॥ १५५ ॥**

**जीवः स्वभावनियतः अनियतगुणपर्यायोऽथ परसमयः ।**
**यदि कुरुते स्वकं समयं प्रभ्रस्यति कर्मबन्धात् ॥ १५५ ॥**

**નિજભાવનિયત અનિયતગુણપર્યયપણે પરસમય છે;**
**તે જો કરે સ્વકસમયને તો કર્મબંધનથી છૂટે. ૧૫૫**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [जीवः] જીવ, [स्वभावनियतः] (દ્રવ્ય-અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં, [अनियतगुणपर्यायः अथ परसमयः] જો અનિયત ગુણપર્યાયવાળો હોય તો પરસમય છે. [यदि] જો તે [स्वकं समयं कुरुते] (નિયત ગુણપર્યાયે પરિણમી) સ્વસમયને કરે છે તો [कर्मबन्धात्] કર્મબંધથી [प्रभ्रस्यति] છૂટે છે.

---

**तात्पर्यवृत्ति** : एवं जीवस्वभावकथनेन जीवस्वभावनियतचरितमेव मोक्षमार्ग इति कथनेन च प्रथमस्थले गाथा गता। अथ स्वसमयोपादानेन कर्मक्षयो भवतीति हेतोर्जीवस्वभावनियतं चरितं मोक्षमार्गो भवत्येवं भण्यते,—**जीवो सहावणियदो** जीवो निश्चयेन स्वभावनियतोपि **अणियदगुणपज्ञओ य परसमओ** अनियतगुणपर्यायः सन्नथ परसमयो भवति। तथाहि। जीवः शुद्धनयेन विशुद्धज्ञानदर्शन-स्वभावस्तावत् पश्चाद्व्यवहारेण निर्मोहशुद्धात्मोपलब्धिप्रतिपक्षभूतेनानादिमोहोदयवशेन मतिज्ञानादिविभाव-गुणनरनारकादिविभावपर्यायपरिणतः सन् परसमयरतः परचरितो भवति यदा तु निर्मलविवेकज्योतिः-समुत्पादकेन परमात्मानुभूतिलक्षणेन परमकलानुभवेन शुद्धबुद्धैकस्वभावमात्मानं भावयति तदा स्वसमयः स्वचरितरतो भवति **जदि कुणदि सगं समयं** यदि चेत्करोति स्वकं समयं एवं स्वसमयपरसमयस्वरूपं ज्ञात्वा यदि निर्विकारस्वसंवित्तिरूपस्वसमयं करोति परिणमति **पब्भस्सदि कम्मबंधादो** प्रभ्रष्टो भवति कर्मबंधात् तदा केवलज्ञानाद्यनंतगुणव्यक्तिरूपान्मोक्षात्प्रतिपक्षभूतो योऽसौ बंधस्तस्माच्च्युतो भवति। ततो ज्ञायते स्वसंवित्तिलक्षणस्वसमयरूपं जीवस्वभावनियतचरितमेव मोक्षमार्ग इति भावार्थः ॥ १५५ ॥

**समयव्याख्या : स्वसमयपरसमयोपादानव्युदासपुरस्सरकर्मक्षयद्वारेण जीवस्वभावनियतचरितस्य मोक्ष-मार्गत्वद्योतनमेतत्। संसारिणो हि जीवस्य ज्ञानदर्शनावस्थितत्वात् स्वभावनियतस्याप्यनादि-मोहनीयोदयानुवृत्तिपरत्वेनोपरक्तोपयोगस्य सतः समुपात्तभाववैश्वरूप्यत्वादनियतगुणपर्यायत्वं परसमयः परचरितमिति यावत्। तस्यैवानादिमोहनीयोदयानुवृत्तिपरत्वमपास्यात्यन्तशुद्धोपयोगस्य सतः समुपात्तभावैक्य-रूप्यत्वान्नियतगुणपर्यायत्वं स्वसमयः स्वचरितमिति यावत्। अथ खलु यदि कथञ्चनोद्भिन्न-सम्यग्ज्ञानज्योतिर्जीवः परसमयं व्युदस्य स्वसमयमुपादत्ते तदा कर्मबन्धादवश्यं भ्रश्यति। यतो हि जीवस्वभावनियतं चरितं मोक्षमार्ग इति ॥ १५५ ॥**

**અનુવાદ : સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે—એવા પ્રતિપાદન દ્વારા અહીં (આ ગાથામાં) ‘જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે’ એમ દર્શાવ્યું છે.**

**સંસારી જીવ, (દ્રવ્ય-અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (-નિશ્ચળપણે રહેલો) હોવા છતાં, જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો (—અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (—અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને જે અનિયતગુણપર્યાયપણું હોય છે તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે; તે જ (જીવ) જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે નિયતગુણપર્યાયપણું હોય છે તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે.**

**હવે, ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને જીવ પરસમયને છોડી સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે; જેથી ખરેખર (એમ નક્કી થાય છે કે) જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ૧૫૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૫, બુધવાર]

આ આત્મા નિશ્ચયથી પોતાના શુદ્ધ આત્મિક ભાવોમાં નિશ્ચળ છે. ચોસઠ પહોરી લીંડીપીપરમાં તીખાશ ભરી છે. તે વ્યક્ત થઈને બહાર આવે છે તેમ આત્મામાં અંતરશક્તિ ભરેલી છે. પણ પર તરફના વલણથી તેને શાંતિ દેખાતી નથી. તે ત્રિકાળી સ્વરૂપ ક્યાંય ગયું નથી. ગુણ-ગુણી એક છે, પોતે પોતાના સ્વભાવમાં નિશ્ચળ છે, ને જ્ઞાનાદિ શક્તિઓથી ભરેલો છે.

પણ અનાદિથી જીવને અવિદ્યાની વાસના રહેલી છે. દાન આપીએ તો ધર્મ થાય એમ માને છે. તૃષ્ણા ઘટાડવી તે પુણ્ય છે, તે પણ વિકાર હોવાથી દુઃખદાયક છે. હજી તો પુણ્યની પણ ખબર નથી. પરચીજને લીધે પુણ્ય માને છે પણ રાગ ઘટાડું તો પુણ્ય થાય તેની ખબર નથી તો પછી પુણ્યરહિત પવિત્ર આત્માની પ્રતીતિ હોઈ શકે નહિ. પુણ્ય પાપ બન્ને વિકાર છે. ક્રોધ, માન, માયા, લોભના પરિણામ ૧૦૫ ડિગ્રીના તાવ જેવા છે ને દયાદાનાદિના શુભભાવ ૯૯ ડીગ્રીના તાવ જેવા છે. બન્ને રોગ છે. ૯૯ ડીગ્રી તાવ છ માસ આવ્યા કરે તો ક્ષય લાગુ પડે તેમ પુણ્ય-પાપને સારાં માને ને ચૈતન્યતત્ત્વનો ભરોસો ન કરે તો ચોરાશીમાં રખડવું પડે. પુણ્ય-પાપ વિના શુદ્ધ સ્વભાવમાં ઠરે તે ચારિત્ર છે. પુણ્ય-પાપ કૃત્રિમ છે. તેમાં ધર્મ માનનારને અનાદિનો ક્ષય લાગુ પડ્યો છે.

બાર વર્ષના છોકરાને ક્ષયની ખબર ન પડે, તેના વડીલો હોય તે અથવા દાક્તરો કહે કે તને ક્ષય લાગુ પડ્યો છે. તેમ અનાદિથી અજ્ઞાનીને અવિદ્યાનો ક્ષય લાગુ પડ્યો છે. પણ તેની તેને ખબર નથી. સમ્યગ્જ્ઞાની ગુરુ કહે છે કે તેને મિથ્યાદર્શનનો રોગ લાગુ પડ્યો છે.

આ સંસાર અનાદિનો છે. જો મુક્તદશા થઈ ગઈ હોય તો સંસારમાં ફરીને આવે નહિ. અજ્ઞાન–રાગ–દ્વેષ ટળી ગયા પછી પૂર્ણ પવિત્ર દશા પ્રગટે ને દેહ રહે નહિ. અનાદિનો જીવ કેમ રખડે છે તેની પણ અજ્ઞાનીને ખબર નથી. અનાદિથી અજ્ઞાનીની વાસના પરમાં પડી છે. પોતાના આત્મા સિવાય બૈરાં, છોકરાં, દેવ, ગુરુ-શાસ્ત્ર વગેરે બધાં પર છે. તેના તરફ પ્રીતિ કરી અંતરમાં રાગ–દ્વેષથી સળગી રહ્યો છે. પુણ્ય-પાપના ભાવ કરી, ગુણગુણીની તન્મયતા છોડી, પરમાં એકપણું માને છે. શરીર અનુકૂળ હોય તો ધર્મ થાય. શાસ્ત્ર સારાં હોય તો ધર્મ થાય એમ પર તરફ વલણ કરે છે પણ હું ચૈતન્ય છું, મારું જ્ઞાન અને મારો ધર્મ મારામાં હોય તેવી રુચિ કરતો નથી.

તાવ લાંબો વખત રહે તો માણસને શંકા પડે કે જરૂર ક્ષય હશે તેમ અનાદિનો સંસાર ચાલુ છે. અનંતકાળમાં અનંત અવતાર કર્યા, કીડીના, કંથવાના, શેઠના, રાજાના, નિર્ધનના વગેરે ઘણા અવતાર કર્યા. મારી શાંતિ મારામાં છે એમ નહિ માનતાં પરમાં માની રહ્યો છે, હું જ્ઞાયક સ્વરૂપ છું, વિકાર તે મારું સ્વરૂપ નથી એમ નહિ માનતા અનાદિથી પરમાં ઉપયોગ હોવાથી પુણ્ય-પાપમાં લીન થયો છે. ને રાગ અને વાસનાની આડમાં ચૈતન્ય કોણ છે તેનો વિશ્વાસ કરતો નથી.

લોકો અત્યારે કરે છે તેવાં દાન, પુણ્ય શું પૂર્વે કર્યાં નહિ હોય ? ઘણીવાર કર્યાં છે. પણ ચિદાનંદ આત્માની રુચિ વિના પરિભ્રમણ ટળ્યું નહિ. ભગવાન તરફનો રાગ પણ પુણ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેથી ધર્મ મનાવે તે મૂઢ છે, કારણ કે તેમાં ઇચ્છાનું ઉત્થાન છે. છતાં અજ્ઞાની તેમાં રત છે–લીન છે. વળી કોઈ જીવની કૃપાથી ભૂલ ટળે એમ અજ્ઞાની માને છે, તો પછી બીજાએ ભૂલ કરાવી ને બીજો ટાળે. તો આને કાંઈ કરવાપણું રહેતું નથી. અહીં તો કહે છે કે શુદ્ધ ચૈતન્યનો ભરોસો કરી અંતર્મુખ વિશ્વાસ કરતો નથી તેથી પોતે ભૂલ કરે છે ને પોતે વિશ્વાસ લાવી ભૂલ ટાળી શકે છે.

સર્વજ્ઞ ભગવાન કહે છે કે તું તારા પોતાના ગુણપર્યાયમાં નિશ્ચળ છો, પરનું તું કાંઈ પણ કરી શકતો નથી. પરનું કરી શકવાની તારામાં તાકાત હોય તો શરીરમાં રોગ કેમ આવવા દે છે? બૈરાંને કેમ મરવા દે છે? દાંત કેમ પડવા દે છે? પરમાં તારું ધાર્યું કાંઈ થતું નથી, જીવમાત્ર અભિમાન કરે છે. માટે શ્રદ્ધાનો વિષય ફેરવ. શરીરનું તથા પરનું કરી શકું છું એવી શ્રદ્ધા છોડ. પુણ્ય-પાપની શ્રદ્ધા છોડ ને સ્વભાવની શ્રદ્ધા કર. આમ શ્રદ્ધા કરતાં પુણ્ય-પાપ હોવા છતાં તેનું જોર રહેશે નહિ.

જે જીવ પોતાના જ્ઞાનાદિ ગુણ-પર્યાયમાં લીન નથી ને બહારમાં લીન છે, તે પર આચરણ છે. પુણ્ય પાપના ભાવો બધા પર આચરણ છે. તે જીવને પોતાના સ્વભાવમાં રમવું ગમતું નથી. પોતાના સ્વરૂપની રુચિના અભાવે પુણ્ય-પાપની રુચિ કરી તેમાં આચરણ કરે છે તે પર આચરણ છે. જેને સ્વભાવનું ભાન નથી ને પરનું આચરણ કરે છે તે સંસારમાં રખડે છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૬, ગુરુવાર]

ચારિત્ર કોને કહેવું? આત્માનો સ્વભાવ જ્ઞાનદર્શન છે. તેનું આચરણ કરવું તે ચારિત્ર છે. સંસારી જીવ પુરુષાર્થ કરી, આત્મિક સ્વરૂપનું આચરણ કરે છે ત્યારે બંધરહિતદશાને પામે છે.

**ભાવાર્થ** : જ્ઞાનસ્વભાવ ને સ્વભાવવાન અભેદ છે, પોતાનો સ્વભાવ એકરૂપ નિશ્ચલ છે. જીવ પોતાના સ્વભાવથી કદી ચ્યુત થતો નથી. પર્યાયમાં ચ્યુતપણું ન હોય તો સંસાર ન હોય ને સ્વભાવમાં ચ્યુતપણું હોય તો સ્વભાવનો નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જાય, ચેતન પદાર્થ અસંખ્ય પ્રદેશમાં ગુણ ગુણી અભેદ એકાકાર છે. દ્રવ્ય ને ગુણમાં કદીપણ વિકાર પેઠો નથી, આવો સ્વભાવ હોવા છતાં પોતે મોહનીય કર્મને વશ થઈને અશુદ્ધ ઉપયોગી થઈ અનેક પરભાવોને ધારણ કરે છે. આત્માના સ્વભાવનું ભાન નથી તેથી વિકારમાં પડ્યો છે. સમ્યગ્દર્શન વિના વ્રતતપ વગેરે બાળવ્રત તપ છે. જે ભાવે નવમી ગ્રૈવેયકે ગયો, પાંચ સમિતિના આચરણ કર્યા, તે આત્માનું આચરણ નથી. તેવાં આચરણ અનંતીવાર કર્યાં. અજ્ઞાની જીવ પુણ્યથી લાભ માની રખડે છે. મિથ્યાભ્રાંતિનું આચરણ કરે ને નિજગુણનું આચરણ કરે એમ સાથે બને નહિ, બેમાં એક હોય, જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવરૂપ નહિ પરિણમતાં પર સમયરૂપ પ્રવર્તે છે, વિકારમાં આચરણ તે પરભાવ છે તેથી તે જીવને પર ચારિત્રના આચરણવાળો કહે છે. જ્ઞાન સ્વભાવવાળો હોવા છતાં, પુણ્ય-પાપમાં રોકાવું તે જ્ઞાનસ્વભાવનું આચરણ નથી, બહારમાં સુધારો કરી દઉં, એમ પરમાં ઝૂકી રહ્યો છે ને દયાદાનાદિના ભાવમાં રોકાય છે તે પર ચારિત્ર છે.

વળી જે જીવ કુદેવાદિની માન્યતા છોડી સાચા દેવાદિની માન્યતા કરે છે ને સાચા દેવાદિ તરફના રાગને પણ છોડીને અંતરમાં લીન થાય છે તેને ચારિત્ર હોય છે, જેને કુદેવાદિ ને સુદેવાદિ વચ્ચેનો વિવેક નથી તેને તો સમ્યગ્દર્શન પણ નથી. મોહનીય કર્મની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવૃત્તિ દૂર કરી એનો અર્થ એ કે તે પ્રકૃતિ તરફના વલણને છોડીને, ચિદાનંદ સ્વભાવમાં લીન થાય છે ત્યારે નિજ રૂપ ધારણ કરે છે, ને દયાદાનાદિના રાગરૂપ પરિણામ ધારણ કરતો પોતાના ગુણપર્યાયમાં પરિણમે છે. સાચા દેવગુરુશાસ્ત્રનો રાગ હોય પણ તે પરના આશ્રયે છે તેથી તે પરગુણ પર્યાય છે. સ્વના આશ્રયે પ્રગટે તે નિજ ગુણપર્યાય છે. દયાદાનાદિના પરિણામને નિજ પર્યાય કહી નથી. જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપે પ્રવર્તે ત્યારે આત્મિક ચારિત્રનો ધારક કહેવાય છે. દયાદાનાદિ રૂપે પ્રવર્તે તે આત્માનું આચરણ નથી. શુદ્ધોપયોગ તે ચારિત્ર છે. ૨૮ મૂળ ગુણનું પાલન કે મહાવ્રતાદિનું પાલન તે અનાત્માનું આચરણ છે.

આ આત્મા જ્યારે નિસર્ગ અથવા અધિગમ સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ કરે છે ને પરસમયને ત્યાગી સ્વસમયને અંગીકાર કરે છે ત્યારે અવશ્ય કર્મબંધનથી રહિત થાય છે, ધર્મ પામતી વખતે સાચા દેવ કે ગુરુની હાજરી હોય તો અધિગમ સમ્યગ્દર્શન કહેવાય ને તે વખતે હાજરી ન હોય પણ પૂર્વે જ્ઞાની પાસેથી દેશના સાંભળી હોય તે વખતે સમ્યગ્દર્શન ન પામેલ હોય ને પાછળથી પૂર્વસંસ્કાર યાદ લાવી સમ્યગ્દર્શન પામે તે નિસર્ગ સમ્યગ્દર્શન કહેવાય, જ્ઞાની કોઈ ભવમાં ન મળ્યા હોય ને પોતાની મેળે સમકિત પામી જાય એવો નિસર્ગનો અર્થ નથી, પણ ધર્મ પામનારને તે ભવમાં જ્ઞાનીનું સમીપપણું નથી, એમ નિસર્ગ બતાવે છે. જ્ઞાની વિના પોતાની મેળે ધર્મ પામી જાય એમ પણ નથી ને પોતાની લાયકાત હોય ને જ્ઞાની ન મળે એમ પણ ન બને, બન્નેમાં પુરુષાર્થ સરખો છે. જ્ઞાની પુરુષે વાત કરી હતી કે આત્મા ગુણગુણી અભેદ છે એમ મારો સમસ્વભાવી ચૈતન્ય સૂર્ય શુદ્ધ છે એવું ભાન થવું, શરીરાદિ અજીવ છે. પુણ્ય-પાપ મારો સ્વભાવ નથી, વસ્તુમાં દુઃખ નથી, વિકલ્પ નથી, એમ ભાન થતાં સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે. આમ વિકારી અવસ્થાનો વ્યય થઈ જાય છે. ને હું પૂર્ણ છું એવા આત્માને આદરણીય માને છે. ત્યારે આત્મા અવશ્ય કર્મબંધનથી રહિત થાય છે. ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે. તે મોક્ષનું કારણ છે. નિશ્ચલ ભાવોના આચરણથી મોક્ષ સધાય છે.

અજ્ઞાની જીવને પોતાના જ્ઞાન સ્વભાવનો વિશ્વાસ આવતો નથી. ચિદાનંદ સ્વભાવમાં લીન થવું તેને તપ કહે છે, લીંબોળીને નીલમણિ માને તો મૂર્ખ છે તેમ આત્માના સ્વભાવને છોડી બાહ્ય પ્રવૃત્તિમાં રોકાય તે મૂર્ખ છે. કોઈ બાઈને કમોદ ખાંડતી જોઈને બીજી બાઈ તેની નકલ કરીને તે ફોતરાં ખાંડવા માંડે તો તેને ચાવલની પ્રાપ્તિ ન થાય, તેમ જ્ઞાનીને પોતાના જ્ઞાનસ્વભાવમાં લીન થતાં આહારની વૃત્તિ જ ન થઈ ને આહાર છૂટી ગયો. જ્ઞાની વીતરાગતા જુએ છે. અજ્ઞાની બહારના રોટલા છૂટી ગયા તેને જુએ છે. રોટલા તો અજીવ છે તેને આત્મા કેવી રીતે રીતે છોડે ? ભગવાન તો આત્માના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપમાં લીન હતા એટલે આહાર લેવાનો વિકલ્પ ન ઊઠ્યો. રોટલા ન લીધા તેમ લોકો ભાળે છે, આ અજ્ઞાનભાવ છે. આત્માના ભેદજ્ઞાન વિના અજ્ઞાની જીવોએ વ્રત-તપ ઉપવાસ કર્યા, સંથારા કર્યા, હાડકાં ખડખડ થાય એવી ક્રિયા કરી પણ આત્માના જ્ઞાન વિના ધર્મ થયો નહિ.

જયસેન આચાર્ય ટીકામાં લખે છે કે આત્મા શુદ્ધબુદ્ધ એકરૂપ સ્વભાવવાળો છે એવા ભાન સહિત જે પોતાના સ્વભાવને ભાવે છે તેને જ ચારિત્ર હોય છે ને તેને કર્મબંધ નાશ પામે છે. ૧૫૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं।**
**सो सगचरित्तभट्ठो परचरियचरो हवदि जीवो ॥ १५६ ॥**

**यः परद्रव्ये शुभमशुभं रागेण करोति यदि भावम्।**
**स स्वकचरित्रभ्रष्टः परचरितचरो भवति जीवः ॥ १५६ ॥**

**જે રાગથી પરદ્રવ્યમાં કરતો શુભાશુભ ભાવને,**
**તે સ્વકચરિત્રથી ભ્રષ્ટ, પરચારિત્ર આચરનાર છે. ૧૫૬.**

**અન્વયાર્થ :** [यः] જે [रागेण] રાગથી (–રંજિત અર્થાત્ મલિન ઉપયોગથી) [परद्रव्ये] પરદ્રવ્યને વિષે [शुभम् अशुभम् भावम्] શુભ કે અશુભ ભાવ [यदि करोति] કરે છે, [सः जीवः] તે જીવ [स्वकचरित्रभ्रष्टः] સ્વચારિત્રભ્રષ્ટ એવો [परचरितचरः भवति] પરચારિત્રનો આચરનાર છે.

---

**तात्पर्यवृत्ति :** एवं स्वसमयपरसमयभेदसूचनरूपेण गाथा गता। अथ परसमयपरिणतपुरुषस्वरूपं पुनरपि व्यक्तीकरोति,– **जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं** यः परद्रव्ये शुभमशुभं वा रागेण करोति यदि भावं **सो सगचरित्तभट्ठो** सः स्वकचरित्रभ्रष्टः सन् **परचरियचरो हवदि जीवो** परचरित्रचरो भवति जीव इति। तथाहि – यः कर्ता शुद्धगुणपर्यायपरिणतनिजशुद्धात्मद्रव्यात्परिभ्रष्टो भूत्वा निर्मलात्मतत्त्वविपरीतेन रागभावेन परिणम्य शुभाशुभपरद्रव्योपेक्षालक्षणाच्छुद्धोपयोगाद्विपरीतः समस्तपरद्रव्येषु शुभमशुभं वा भावं करोति स ज्ञानानंदैकस्वभावात्मा तत्त्वानुचरणलक्षणात्स्वकीयचारित्राद्-भ्रष्टः सन् स्वसंवित्त्यनुष्ठानविलक्षणपरचरित्रचरो भवतीति सूत्राभिप्रायः ॥ १५६ ॥

**समयव्याख्या : परचरितप्रवृत्तस्वरूपाख्यानमेतत्। यो हि मोहनीयोदयानुवृत्तिवशाद्रज्यमानोपयोगः सन् परद्रव्ये शुभमशुभं वा भावमादधाति, स स्वकचरित्रभ्रष्टः परचरित्रचर इत्युपगीयते; यतो हि स्वद्रव्ये शुद्धोपयोगवृत्तिः स्वचरितं, परद्रव्ये सोपरागोपयोगवृत्तिः परचरितमिति ॥ १५६ ॥**

**અનુવાદ : આ, પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.**

**જે (જીવ) ખરેખર મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્ (અર્થાત્ મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે) રંજિત-ઉપયોગવાળો (ઉપરક્તઉપયોગવાળો) વર્તતો થકો, પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે, તે (જીવ) સ્વચારિત્રથી ભ્રષ્ટ એવો પરચારિત્રનો આચરનાર કહેવામાં આવે છે; કારણ કે ખરેખર સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે અને પરદ્રવ્યને વિષે સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે. ૧૫૬.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૬, ગુરુવાર]

આ વાત અહીંથી બહાર આવી એટલે કેટલાક પ્રરૂપકો આ તત્ત્વની વાત અમારાં શાસ્ત્રોમાં પણ છે એમ કહી માયા કરી જ્ઞાનીનો અનાદર કરે છે, કુશાસ્ત્રને પોષે છે, સંતોનો અનાદર કરવો, ખોટાને પોષવા ને લોકોને ભ્રમમાં નાખવા તે બેવડો ગુનો છે, તે સ્વચ્છંદે પ્રવર્તે છે. કુંદકુંદાચાર્ય ભગવાન અષ્ટપાહુડમાં જણાવે છે કે જે જીવ લજ્જા, ભય, કુતૂહલાદિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કુદેવાદિની ભક્તિ કરે છે, તેને પૂજે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પરથી ભેદજ્ઞાન કરવાની તાકાત નથી તેને રાગથી ભેદજ્ઞાન થાય તેમ બનતું નથી, ધર્મીને કુદેવાદિનો પ્રેમ હોતો નથી, સુદેવાદિનો પ્રેમ હોય છે.

હવે પરચારિત્રરૂપ પરસમયનું સ્વરૂપ કહે છે.

અવિદ્યારૂપી ડાકણ અજ્ઞાનીને વળગી છે જે જીવ ચૈતન્ય સ્વભાવને ચૂકે છે ને રાગમાં એકાકાર બને છે તેને મોહરૂપી ચુડેલ વળગી છે. દયા-દાનાદિના ભાવમાં લાભ માને તે દારૂ પીધેલા ગાંડા જેવો છે. વ્રત, સંયમ, ભક્તિભાવ તથા પાંચ ઇન્દ્રિયોના વિષયકષાયના ભાવ અસત્ ભાવ છે. તેને જે કરે છે તે જીવ આત્મિક શુદ્ધ આચરણથી રહિત છે ને પરસમયના આચરણવાળો છે.

વેપારમાં લાઈસન્સ કરતાં વધારે માલ રાખે તેને સરકાર પકડે છે ને લાઈસન્સ વગર મંગાવે તેનો પણ દંડ કરે છે તેમ અહીં વસ્તુસ્વરૂપના દૃષ્ટિ ને જ્ઞાન વિના વ્રત તપ કરે તે ચોરાશીના અવતારમાં દંડાય છે, પોતાની આત્મિક વસ્તુને છોડી વ્રત, ભક્તિ, સંયમ, વિનયમાં ધર્મ માને છે તેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે, તે મોટો મૂઢ છે. ધર્મી જીવને સુદેવાદિ પ્રત્યે ભક્તિનો રાગ આવે છે પણ તે તેમાં ધર્મ માનતો નથી, અજ્ઞાની તેમાં ધર્મ માને છે.

કોઈ પૂછે કે શુભરાગમાં ધર્મ નથી તો આ બધું શું કરવા કરો છો ?

સમાધાન :- જડની અવસ્થાનો આત્મા કર્તા નથી. શુભરાગ આવે છે તેને ધર્મી જાણે છે પણ અજ્ઞાની તેને ભલો માને છે.

સાચા જ્ઞાનપૂર્વકના વૈરાગ્યમાં કંટાળો આવવો તે સંવર તત્ત્વની ભૂલ છે. તેને સંવર દુઃખદાયક લાગે છે. મિથ્યાદૃષ્ટિ જીવને અંતરની વાત રુચતી નથી, તેને અજ્ઞાનમાં મજા પડે છે.

અહીં કહે છે કે જે પોતાના શુદ્ધ આત્માના આચરણને ભૂલીને વ્રત, તપ તથા વિષય કષાયાદિભાવોને આચરે છે તે જીવ આત્મિક શુદ્ધ આચરણથી રહિત છે, તે પર સમયના આચરણવાળો છે એટલે કે તેને શુદ્ધિ થતી નથી.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૬, શુક્રવાર]

**ભાવાર્થ** : આ અધિકાર મોક્ષમાર્ગનો છે. સમ્યગ્દર્શન થયા વિના ચારિત્ર હોય નહિ ને ચારિત્ર વિના મુક્તિ થાય નહિ. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેને ચૂકીને દયાદાનાદિના ભાવ કરે તે પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરીના ભાવ તે પાપ છે–તે અશુદ્ધોપયોગ છે. તેમાં રમનારો જીવ જ્ઞાનાનંદ સ્વભાવના આચરણથી ભ્રષ્ટ થયેલો છે. ભગવાનની વાણીમાં પ્રસિદ્ધ છે કે દયાદાનાદિ વિકલ્પો આત્મિક ભાવ નથી.

અનાકુળ સ્વભાવમાં પ્રવૃત્તિ કે રમણતા થવી તે સ્વચારિત્ર છે. તે ચારિત્ર કોઈ ક્રિયાકાંડના આશ્રયે થતું નથી. જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે વિકારરહિત દશા થવી તે મોક્ષનું કારણ છે.

આમાં ક્રિયા શું આવી ?

આમાં સમજવાની ક્રિયા આવી. આત્મા તરફના વલણમાં શુદ્ધ ચૈતન્યની ક્રિયા આવે છે. દ્રવ્ય ત્રિકાળ છે, વિકાર ક્ષણિક છે, વિકારરહિત સ્વરૂપમાં આચરણ તે ક્રિયા છે. તે વધીને શુક્લધ્યાન ને કેવળજ્ઞાન પ્રગટે છે. તે ક્રિયા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેટલાક લોકો મુનિને આહારાદિ દેવામાં ધર્મ માને છે ને આહાર લેનાર ને દેનાર બન્ને મોક્ષ જાય છે એમ કહે છે, તે વાત બરાબર નથી. આહારાદિ આપવાનો ભાવ શુભ છે તેથી પુણ્ય થાય, પણ ધર્મ થાય નહિ છતાં પુણ્યથી ધર્મ માને છે તેથી મિથ્યાત્વનું મોટું પાપ લાગે છે. લોકો અશુભને પાપ ગણે છે પણ મિથ્યાત્વનો ખ્યાલ આવતો નથી કે મોટામાં મોટું પાપ તો તે જ છે. તે પાપ સ્વરૂપની સમજણથી ટળે છે.

અહીં કહ્યું કે આત્મિક ભાવોમાં પ્રવૃત્તિ તે સ્વસમય છે ને પરદ્રવ્યમાં પ્રવૃત્તિ તે પરસમય છે. સ્વસમયમાં લીન થવું તે આધ્યાત્મિક પુરુષોનો વિલાસ છે.

હવે જે પુરુષ પરસમયમાં પ્રવર્તે છે તેને બંધ થાય છે. ને તેને મોક્ષમાર્ગનો નિષેધ છે એમ કહે છે. ૧૫૬.

---

**आसवदि जेण पुण्णं पावं वा अप्पणोध भावेण ।**
**सो तेण परचरित्तो हवदि त्ति जिणा परूवेंति ॥ १५७ ॥**

**आस्रवति येन पुण्यं पापं वात्मनोऽथ भावेन ।**
**स तेन परचरित्रः भवतीति जिनाः प्ररूपयन्ति ॥ १५७ ॥**

**રે ! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,**
**તેના વડે તે 'પરચરિત' નિર્દિષ્ટ છે જિનદેવથી. ૧૫૭.**

**અન્વયાર્થ :** [येन भावेन] જે ભાવથી [आत्मनः] આત્માને [पुण्यं पापं वा] પુણ્ય અથવા પાપ [अथ आस्रवति] આસ્રવે છે, [तेन] તે ભાવ વડે [सः] તે (જીવ) [परचरित्रः भवति] પરચારિત્ર છે – [इति] એમ [जिनाः] જિનો [प्ररूपयन्ति] પ્રરૂપે છે.

---

**तात्पर्यवृत्ति :** अथ परचरित्रपरिणतपुरुषस्य बंधं दृष्ट्वा मोक्षं निषेधयति । अथवा पूर्वोक्तमेव परसमयस्वरूपं वृद्धमतसंवादेन दृढयति, – **आसवदि जेण पुण्णं पावं वा** आस्रवति येन पुण्यं पापं वा येन निराश्रवपरमात्मतत्त्वविपरीतेन सम्यगास्रवति । किं ? पुण्यं पापं वा । येन केन ? भावेन परिणामेन । कस्य भावेन ? **अप्पणो** आत्मनः **अथ** अहो **सो तेण परचरित्तो हवदिति जिणा परूवेंति** स जीवो यदि निरास्रवपरमात्मस्वभावाच्च्युतो भूत्वा तं पूर्वोक्तं सास्रवभावं करोति तदा स जीवस्तेन भावेन शुद्धात्मानुभूत्याचरणलक्षणस्वचरित्राद्‌भ्रष्टः सन् परचरित्रो भवतीति जिनाः प्ररूपयंति । ततः स्थितं सास्रवभावेन मोक्षो न भवतीति ॥ १५७ ॥

**समयव्याख्या : परचरितप्रवृत्तेर्बन्धहेतुत्वेन मोक्षमार्गत्वनिषेधनमेतत् । इह किल शुभोपरक्तो भावः पुण्यास्रवः, अशुभोपरक्तः पापास्रव इति । तत्र पुण्यं पापं वा येन भावेनास्रवति यस्य जीवस्य यदि स भावो भवति स जीवस्तदा तेन परचरित इति प्ररूप्यते । ततः परचरितप्रवृत्तिर्बन्धमार्ग एव, न मोक्षमार्ग इति ॥ १५७ ॥**

**અનુવાદ : અહીં, પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે (અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન બંધનો હતુ હોવાથી તે મોક્ષમાર્ગ નથી એમ આ ગાથામાં દર્શાવ્યું છે).**

**અહીં ખરેખર શુભોપરક્ત ભાવ (–શુભરૂપ વિકારી ભાવ) તે પુણ્યાસ્રવ છે, અને અશુભોપરક્ત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવ (–અશુભરૂપ વિકારી ભાવ) પાપાસ્રવ છે. ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે, તે ભાવ જ્યારે જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચરિત્ર છે–એમ (જિનેંદ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે. તેથી (એમ નક્કી થાય છે કે) પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી. ૧૫૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૬, શુક્રવાર]

આત્મામાં શુભાશુભભાવ થાય તે અશુદ્ધોપયોગ છે. દયા દાનથી પુણ્યના પરમાણુ આવે છે. હિંસા, જૂઠું, ચોરીથી પાપના પરમાણુ આવે છે. તે અશુદ્ધભાવ પરસમયનું આચરણ કરવાવાળો છે. સ્વભાવને ચૂકીને જેટલી પર તરફની પ્રવૃત્તિ થાય તેટલું બધું પર ચારિત્ર છે, તે બંધનું કારણ છે એમ સર્વજ્ઞ ભગવાન કહે છે.

**ભાવાર્થ :** ભગવાને કહ્યું ને શાસ્ત્ર કહે છે કે આત્માનો સ્વભાવ ચૂકીને જે શુભભાવ થાય છે તે નવાં પુણ્યનું કારણ છે ને મિથ્યાત્વ આદિ અશુભભાવ થાય છે તે નવા પાપનું કારણ છે. જે ભાવોથી પુણ્ય અથવા પાપરૂપ કર્મ આવે છે તેનું નામ ભાવઆસ્રવ છે. જે પુણ્યને ભલું માને તે તેનાથી જુદો પડવા માગતો નથી. પોતાના શુદ્ધચિદાનંદ સ્વભાવને ચૂકીને પુણ્ય-પાપ થાય છે. છતાં અજ્ઞાની તેમાં મજા માને છે. પુણ્ય-પાપની રુચિ કરે છે ને માને છે કે અમે ધર્મ કરીએ છીએ, તે જ ભ્રાંતિ છે. જીવને જે વખતે શુભાશુભ ભાવ થાય છે તે વખતે તે અશુદ્ધ પરિણામથી પરદ્રવ્યના આચરણવાળો કહેવાય છે. તે કારણથી નક્કી થાય છે કે પરદ્રવ્યની આચરણરૂપ પ્રવૃત્તિ તે બંધનો માર્ગ છે. મોક્ષમાર્ગ નથી–એમ સર્વજ્ઞદેવે કહ્યું છે. ૧૫૭.

---

**जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण ।**
**जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो ॥ १५८ ॥**

**यः सर्वसङ्गमुक्तः अनन्यमनाः आत्मानं स्वभावेन ।**
**जानाति पश्यति नियतं सः स्वकचरितं चरति जीवः ॥ १५८ ॥**

**સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને**
**જાણે અને દેખે નિયત રહી, તે સ્વચરિતપ્રવૃત્ત છે. ૧૫૮.**

**અન્વયાર્થ :** [यः] જે [सर्वसङ्गमुक्तः] સર્વસંગમુક્ત અને [अनन्यमनाः] અનન્યમનવાળો વર્તતો થકો [आत्मानं] આત્માને [स्वभावेन] (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવ વડે [नियतं] નિયતપણે (-સ્થિરતાપૂર્વક) [जानाति पश्यति] જાણે–દેખે છે, [सः जीवः] તે જીવ [स्वकचरितं] સ્વચારિત્ર [चरति] આચરે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं विशुद्धज्ञानदर्शनस्वभावाच्छुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुभूतिरूपनिश्चयमोक्षमार्ग-विलक्षणस्य परसमयस्य विशेषविवरणमुख्यत्वेन गाथाद्वयं गतं । अथ स्वचरितप्रवृत्तपुरुषस्वरूपं विशेषेण कथयति, – "जो" इत्यादि पदखंडनारूपेण व्याख्यानं क्रियते – **सो** सः कर्ता **सगचरियं चरदि** निजशुद्धात्मसंवित्त्यनुचरणरूपं परमागमभाषया वीतरागपरमसामायिकसंज्ञं स्वचरितं चरति अनुभवति ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स कः। जीवो जीवः। कथंभूतः। **जो सव्वसंगमुक्को** यः सर्वसंगमुक्तः जगत्त्रयकालत्रयेपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च कृत्वा समस्तबाह्याभ्यंतरपरिग्रहेण मुक्तो रहितः शून्योपि निस्संगपरमात्मभावनोत्पन्नसुंदरानंदस्यंदिपरमानंदैकलक्षणसुखसुधारसास्वादेन पूर्णकलशवत्सर्वात्मप्रदेशेषु भरितावस्थः। पुनरपि किंविशिष्टः ? **अणण्णमणो** अनन्यमनाः कपोतलेश्याप्रभृतिदृष्टश्रुतानुभूतभोगाकांक्षादिसमस्तपरभावोत्पन्नविकल्पजालरहितत्वेनैकाग्रमनाः। पुनश्च किं करोति ? **जाणदि** जानाति स्वपरपरिच्छित्त्याकारेणोपलभते **पस्सदि** पश्यति निर्विकल्परूपेणावलोकयति **णियदं** निश्चितं। कं ? **अप्पणं** निजात्मानं। केन कृत्वा ? **सहावेण** निर्विकारचैतन्यचमत्कारप्रकाशेनेति। ततः स्थितं विशुद्धज्ञानदर्शनलक्षणे जीवस्वभावे निश्चलावस्थानं मोक्षमार्ग इति ॥ १५८ ॥

**समयव्याख्या : स्वचरितप्रवृत्तस्वरूपाख्यानमेतत्। यः खलु निरुपरागोपयोगत्वात्सर्वसङ्गमुक्तः परद्रव्यव्यावृत्तोपयोगत्वादनन्यमनाः आत्मानं स्वभावेन ज्ञानदर्शनरूपेण जानाति पश्यति नियतमवस्थितत्वेन, स खलु स्वकं चरितं चरति जीवः। यतो हि दृशिज्ञप्तिस्वरूपे पुरुषे तन्मात्रत्वेन वर्तनं स्वचरितमिति ॥ १५८ ॥**

**અનુવાદ : આ, સ્વચરિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.**

**જે (જીવ) ખરેખર નિરુપરાગ ઉપયોગવાળો હોવાને લીધે સર્વસંગમુક્ત વર્તતો થકો, પરદ્રવ્યથી વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે અનન્યમનવાળો વર્તતો થકો, આત્માને જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વડે નિયતપણે અર્થાત્ અવસ્થિતપણે જાણે-દેખે છે, તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે; કારણ કે ખરેખર દૃશિજ્ઞપ્તિસ્વરૂપ પુરુષમાં (-આત્મામાં) તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે. ૧૫૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૬, ગુરુવાર]

હવે સ્વસમયમાં વિચરવાવાળા પુરુષનું સ્વરૂપ વિશેષતાથી બતાવે છે.

સ્વસમયના આચરણવાળો કોણ હોય ? સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધભાવથી શુદ્ધ જીવને જાણે છે. શુભાશુભભાવથી રહિત અંતરંગમાં લીનતા થવી તે શુદ્ધભાવ છે. ચૈતન્ય અને જડ વચ્ચેનું ભેદજ્ઞાન થવું જોઈએ. જ્ઞાનસ્વભાવી આત્માને જડ અડતું જ નથી.

એક આત્મદ્રવ્ય પુદ્‌ગલ દ્રવ્યને અડતું નથી, પુદ્‌ગલ પરમાણુ બીજાને અડતું નથી. આમ અનંતા તત્ત્વો પૃથક્ છે, એકબીજાના અભાવરૂપે રહેલા પદાર્થો એકબીજાને અડે નહિ તો જ અનંત રહે છે. સંયોગીદૃષ્ટિવાળાને સ્વભાવ દેખાતો નથી. ત્રિકાળી જીવ કર્મને અડ્યો નથી ને વર્તમાન રાગ પણ કર્મને લીધે નથી. રાગ નબળાઈથી છે, પણ સ્વભાવમાં નથી. એમ નક્કી કરે તો ધર્મ થાય.

દરેક વખતે દરેક દ્રવ્ય પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે ને પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. ધર્મી જીવનું જ્ઞાન સ્વતંત્રતાને જુએ છે. દરેકનો સ્વભાવ પૃથક્ છે એમ તે જાણે છે. શરીરને કર્મ અડ્યું નથી. તો પછી કર્મ આત્માને અડે જ નહિ. આવી દૃષ્ટિ વિના ધર્મ થાય નહિ. સંયોગથી જોનારો સ્વભાવને જોતો નથી. જીવ લાડવાને અડતો નથી. લાડવા જીવને અડતા નથી. જ્ઞાનને સ્વતંત્ર માનનારો જ્ઞેયને પણ સ્વતંત્ર માને છે. જ્ઞેયને સ્વતંત્ર માનનારો જ્ઞાનને પણ સ્વતંત્ર માને છે. પણ પોતાને પરાધીન માનનારો બધાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરાધીન માને છે.

મારા જ્ઞાનદર્શન સ્વભાવથી બધું જણાય–દેખાય છે. છતાં અજ્ઞાની માને છે કે ચશ્માં ચડાવ્યાં માટે જ્ઞાન થયું. અજ્ઞાનીની દૃષ્ટિ ઊંધી છે. આત્માનો સ્વભાવ જાણવું–દેખવું છે. કર્મ એક ક્ષેત્રે હોવા છતાં ને એક સમયની ક્ષણિક વિકારી પર્યાય હોવા છતાં સ્વભાવ તો શુદ્ધ છે, જ્ઞાન સ્વભાવ સ્વતંત્ર છે. એવા ભાન વિના ચારિત્ર થતું નથી. આ વાત ચોથા આરામાં પણ બધાને બેઠી નથી. તો પાંચમે આરે બધાને બેસે એમ બને નહિ. દરેક પદાર્થની વર્તમાન પર્યાય પોતપોતાથી થાય છે, પરથી થતી નથી. ચૈતન્યમૂર્તિ આત્મા ત્રિકાળ છે ને પર્યાયમાં પલટો ખાવો તે તેનો સ્વભાવ છે. પરને લીધે વિકાર થતો નથી ને મારે લીધે પરમાં લાભ-નુકસાન નથી—આવી માન્યતા થતાં સ્વમાં દૃષ્ટિ જાય છે.

આ અલૌકિક વાત છે. નિદ્ધત ને નિકાચિતકર્મો જીવને ચોંટ્યાં જ નથી, કર્મ કર્મમાં છે, જીવ જીવમાં છે. શરીર, રાગ ને કર્મ હોવા છતાં શુદ્ધ આત્મા તેને અડતો નથી. શુદ્ધ આત્મા બધાથી જુદો છે. આમ આત્મા જ્ઞાનપ્રત્યક્ષ છે.

કેટલાક જીવો આ વાત એલએલ.બી.ની છે, ઝીણી છે, એમ કહી વાતને ટાળી નાખે છે. આપણે ગૃહસ્થી કહેવાઈએ. આખો દિવસ કામ કરીએ અને ન કરવું એમ કેમ કહેવાય ? ભાઈ, પરનું કામ કોઈ કરી શકતો નથી. આત્મા અનંતગુણોનો પિંડ છે. આત્મા પોતાના ગુણપર્યાયને સ્પર્શે છે ને પરમાણુ પોતાના ગુણપર્યાયને સ્પર્શે છે, એકબીજા એકબીજાને સ્પર્શતા નથી.

આઈસક્રીમ ખાતી વખતે આઈસક્રીમ, જીભ ને આત્મા ત્રણે જુદાં છે. દરેકની ક્રિયા પોતપોતામાં થાય છે. આત્મા આત્મામાં કામ કરે છે. આ વાત બેસે તો કામનું છે.

શ્રીમદે કહ્યું છે કે ''આ લોકની રચના અસત્યનો આગ્રહ કરાવવાવાળી છે.''

જ્ઞાન સ્વભાવ પરથી છૂટો છે, તે કર્મને અડ્યો નથી, રખડવાનો પર્યાય પોતે પોતાથી કર્યો છે. પોતે પરથી છૂટો છે એમ નક્કી કરે તો રાગથી ત્રિકાળી સ્વભાવ છૂટો છે એમ નક્કી કરવાનો પ્રસંગ આવે, પણ પરથી છૂટો પડ્યો નથી તેને રાગથી સ્વભાવ જુદો છે તે વાત બેસશે નહિ.

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધ ભાવથી શુદ્ધ જીવને નિશ્ચયથી જાણે છે. પરથી કે રાગથી જાણતો નથી. પણ જ્ઞાનથી જાણે છે. આવા ભાનવાળો આત્મા પરથી અસ્પર્શી આત્મા–પોતાનું ભાન કર્યા પછી સર્વસંગવિમુક્ત થાય છે. હું સર્વસંગવિમુક્ત છું એવી પ્રથમ દૃષ્ટિ હોય તે સર્વસંગવિમુક્ત પર્યાયમાં થાય. પણ શરીર-મન-વાણી, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેના સંગથી લાભ માને તેની તો દૃષ્ટિ પણ સાચી નથી. સર્વ સંગથી હું જુદો છું એવું ભાન થયા પછી મુનિદશા થાય છે. અંતરંગ બહિરંગ પરિગ્રહથી રહિત થઈ એકાગ્રતાથી ચિત્તનો નિરોધ કરી સ્વરૂપમાં મગ્ન થાય છે તે જીવ સ્વ[illegible]નયના [illegible]ગરણવાળો કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૭, [illegible]નિવાર]

ચારિત્ર મોક્ષમાર્ગ છે. તે દર્શનજ્ઞાનપૂર્વક હોય છે. મુનિ અંતરબાહ્ય પરિગ્રહથી રહિત હોય છે. સર્વ સંગથી મુક્ત થાય ત્યારે ચારિત્ર થાય છે. સ્વરૂપની એકાગ્રતા તે ચારિત્ર છે.

જયસેન આચાર્ય ટીકામાં લખે છે કે મુનિ સર્વસંગવિમુક્ત હોય છે. ત્રણ કાળ ને ત્રણ લોકના પદાર્થો પ્રત્યે ઉદાસીનતા વર્તે છે. હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ, મન વચન કાયાએ કરવું, કરાવવું ને અનુમોદવું એમ નવ પ્રકારે છોડ્યા હોય છે. સમસ્ત બાહ્યાભ્યંતર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિગ્રહથી મુક્ત છે ને રાગ વિનાના આત્માની ભાવનાથી ઉત્પન્ન થતા સુંદર અમૃતનો આનંદ વહે છે–ચૈતન્યમાંથી વીતરાગતાનો આનંદ વહે છે–સુધામૃત અસંખ્ય પ્રદેશેથી ઝરે છે એવી મુનિદશા છે. તે મુનિ સહજાનંદદશાનો અનુભવ કરે છે. તે આત્માનું આચરણ કરનારા છે.

**ભાવાર્થ** : આત્મસ્વરૂપમાં-નિજગુણપર્યાયમાં નિશ્ચલસ્વરૂપ અનુભવન કરનારાને સ્વસમય કહે છે, તેનું નામ સ્વચારિત્ર છે. ચારિત્રદશા એ જ મુક્તિ માર્ગ છે.

---

**चरियं चरदि सगं सो जो परदव्वप्पभावरहिदप्पा ।**
**दंसणणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो ॥ १५९ ॥**

**चरितं चरति स्वकं स यः परद्रव्यात्मभावरहितात्मा ।**
**दर्शनज्ञानविकल्पमविकल्पं चरत्यात्मनः ॥ १५९ ॥**

**તે છે સ્વચરિતપ્રવૃત્ત, જે પરદ્રવ્યથી વિરહિતપણે**
**નિજ જ્ઞાનદર્શનભેદને જીવથી અભિન્ન જ આચરે. ૧૫૯**

**અન્વયાર્થ** : [यः] જે [परद्रव्यात्मभावरहितात्मा] પરદ્રવ્યાત્મક ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, [दर्शनज्ञानविकल्पम्] (નિજસ્વભાવભૂત) દર્શનજ્ઞાનરૂપ ભેદને [आत्मनः अविकल्पं] આત્માથી અભેદપણે [चरति] આચરે છે, [सः] તે [स्वकं चरितं चरति] સ્વચારિત્રને આચરે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ तमेव स्वसमयं प्रकारांतरेण व्यक्तीकरोति,– **चरदि** चरति । किं ? **चरियं** चरितं । कथंभूतं ? **सगं** स्वकं **सो** स पुरुषः निरुपरागसदानंदैकलक्षणं निजात्मानुचरणरूपं जीवितमरण-लाभालाभसुखदुःखनिंदाप्रशंसादिसमताभावानुकूलं स पुरुषः स्वकीयं चरितं चरति । यः किंविशिष्टः ? **जो परदव्वप्पभावरहिदप्पा** यः परद्रव्यात्मभावरहितात्मा पंचेन्द्रियविषयाभिलाषममत्वप्रभृतिनिरवशेष-विकल्पजालरहितत्वात्समस्तबहिरंगपरद्रव्येषु ममत्वकारणभूतेषु योगी स्वात्मभाव उपादेयबुद्धिरालंबन-बुद्धिर्ध्येयबुद्धिश्चेति तया रहित आत्मस्वभावो यस्य स भवति परद्रव्यात्मभावरहितात्मा । पुनरपि किं करोति यः ? **दंसणणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो** दर्शनज्ञानविकल्पमविकल्पमभिन्नं चरत्यात्मनः सकाशादिति । तथाहि – पूर्वं सविकल्पावस्थायां ज्ञाताहं द्रष्टाहमिति यद्विकल्पद्वयं तन्निर्विकल्पसमाधिकालेऽ-नंतज्ञानानंदादिगुणस्वभावादात्मनः सकाशादभिन्नं चरतीति सूत्रार्थः ॥ १५९ ॥

**समयव्याख्या : शुद्धस्वचरितप्रवृत्तिपथप्रतिपादनमेतत् । यो हि योगीन्द्रः समस्तमोहव्यूह-बहिर्भूतत्वात्परद्रव्यस्वभावभावरहितात्मा सन्, स्वद्रव्यमेकमेवाभिमुख्येनानुवर्तमानः स्वस्वभावभूतं दर्शन-ज्ञानविकल्पमप्यात्मनोऽविकल्पत्वेन चरति, स खलु स्वकं चरितं चरति । एवं हि शुद्धद्रव्याश्रित-मभिन्नसाध्यसाधनभावं निश्चयनयमाश्रित्य मोक्षमार्गप्ररूपणम् । यत्तु पूर्वमुद्दिष्टं तत्स्वपरप्रत्ययपर्यायाश्रितं भिन्नसाध्यसाधनभावं व्यवहारनयमाश्रित्य प्ररूपितम् । न चैतद्विप्रतिषिद्धं निश्चयव्यवहारयोः साध्य-साधनभावत्वात्सुवर्णसुवर्णपाषाणवत् । अत एवोभयनयायत्ता पारमेश्वरी तीर्थप्रवर्तनेति ॥ १५९ ॥**

**અનુવાદ : આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે.**

**જે યોગીન્દ્ર, સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકાં નિજસ્વભાવભૂત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દર્શનજ્ઞાનભેદને પણ આત્માથી અભેદપણે આચરે છે, તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.**

**આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યને આશ્રિત, અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું. અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું તે સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (–વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું. આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી, કારણ કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે; તેથી જ પારમેશ્વરી (–જિનભગવાનની) તીર્થપ્રવર્તના બંને નયોને આધીન છે. ૧૫૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૭, શનિવાર]

હવે શુદ્ધ સ્વચારિત્રની પ્રવૃત્તિનો માર્ગ બતાવે છે.

જે પુરુષ પોતાના સ્વરૂપનું આચરણ કરે છે તે દર્શન અને જ્ઞાન અથવા નિરાકાર ને સાકાર અવસ્થાના ભેદરહિત અભેદનું આચરણ કરે છે. દર્શનનો વિષય અભેદ છે માટે નિરાકાર ને જ્ઞાન ભેદસહિત જાણે છે માટે સાકાર આમ દર્શનજ્ઞાનના ભેદ રહિત અભેદપણે જાણે છે તે ભેદવિજ્ઞાની પર દ્રવ્યના અહંભાવથી રહિત છે.

**ભાવાર્થ** : અહીં મુનિની વાત છે. તે મુનિને વીતરાગતાનું સ્વસંવેદન છે. રાગનું વેદન આકુળતા છે. પોતાના જ્ઞાનનું વેદન એ સ્વસંવેદન છે. તે વીતરાગી જ્ઞાની સમસ્ત પ્રકારના મોહચક્રથી રહિત છે. તેમને સ્વભાવની અધિક્તા વર્તે છે. શુભાશુભભાવોનો ત્યાગી થઈ સ્વભાવ સન્મુખ થઈ તેમાં અધિકપણે પ્રવર્તે છે. ચોથે ગુણસ્થાને પણ ધર્મી જીવને દયાદાનાદિના ભાવની મુખ્યતા થતી નથી. સ્વદ્રવ્યની જ મુખ્યતા વર્તે છે. જો રાગની મુખ્યતા થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. અહીં તો સમ્યગ્દર્શન ઉપરાંત વિશેષ વીતરાગતા વધી છે એવા મુનિની વાત છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને મહાવ્રતાદિના વિકલ્પો હોવા છતાં તે તરફની મુખ્યતા હોતી નથી. વ્યવહારની મુખ્યતા થઈ જાય તો નિશ્ચય-વ્યવહાર એકે રહેતા નથી. મુનિને સદા સ્વભાવની અધિક્તા વર્તે છે.

વળી આત્મદ્રવ્યમાં જે સ્વાભાવિક જ્ઞાનદર્શનાદિ ગુણો છે તેના ભેદરહિત અભેદ જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવને જાણે છે. શરીર, મન,વાણી તો આત્માનાં નથી, વિકાર પણ આત્માનો સ્વભાવ નથી. પણ આત્મા સ્વભાવવાન ને જ્ઞાનદર્શન એના સ્વભાવ-એવો ગુણગુણીભેદ પણ આત્મામાં નથી. એમ અભેદ જાણીને આચરણ કરે છે–કરે છે તેવા મુનિને સ્વસમયના અનુભવી કહે છે.

વીતરાગ સર્વજ્ઞ ભગવાને નિશ્ચય વ્યવહાર એવા બે ભેદથી મોક્ષમાર્ગ બતાવ્યો છે. તે બેમાં નિશ્ચયનયના અવલંબનથી અભેદભાવરૂપ સાધ્યસાધનના પ્રવૃત્તિ છે, તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. નિશ્ચયથી શુદ્ધ દ્રવ્ય પોતે સાધ્ય છે ને વીતરાગી પર્યાય સાધન છે. આમ અભેદભાવરૂપ સાધ્યસાધન નિશ્ચયથી છે.

વ્યવહારનયાશ્રિત મોક્ષમાર્ગની પ્રરૂપણા પહેલાં બે ગાથા ૧૦૬/૧૦૭માં કહેલ છે. તે બે ગાથામાં વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.

"सो स्वद्रव्य परद्रव्यका कारण पाकर जो अशुद्धपर्याय उपजा है उसकी अधीनतासे भिन्न

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



साध्यसाधनरूप है सो यह व्यवहार मोक्षमार्ग सर्वथा निषेधरूप नहीं है कथंचित् महापुरुषोंने ग्रहण किया है निश्चय और व्यवहारमें परस्पर साध्यसाधनभाव है।''

સ્વદ્રવ્ય અખંડ છે, તેની પર્યાયમાં સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે રાગ આવે છે. આમ પોતાની પર્યાયમાં પરના નિમિત્તે અશુદ્ધતા ઊપજે છે. સ્વદ્રવ્યની મલિનતાનું કારણ પોતાનો અપરાધ છે. અશુદ્ધ ઉપાદાનની યોગ્યતા છે ને કર્મ તેમાં નિમિત્ત છે. વીતરાગતા ન હોય ત્યાં સુધી મુનિને વિકલ્પ ઊઠે છે તે અશુદ્ધ પર્યાય છે. તે વિકલ્પને ટાળી વીતરાગતા પ્રગટ કરે છે માટે ત્યાં વીતરાગતાને સાધ્ય ને રાગને સાધન કહેલ છે. તે ભિન્ન સાધ્ય સાધનરૂપ છે. તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. તે સર્વથા નિષેધરૂપ નથી. એટલે કે તે ભૂમિકામાં તેવા પ્રકારનો રાગ હોય છે. સાચા દેવની ભક્તિ, પંચ મહાવ્રતાદિનો રાગ હોય પણ કુદેવાદિનો રાગ હોતો નથી. વળી સુદેવાદિના રાગનો અભાવ કરી વીતરાગતા કરે છે. તે શુભરાગનો અભાવ નિમિત્ત થતો હોવાથી શુભરાગને સાધન કહેલ છે. જો વીતરાગતા પ્રગટ ન કરે તો શુભરાગને સાધન પણ કહેવાતું નથી.

જુઓ, મુનિને ગુણગુણી અભેદ છે એવી પ્રતીતિ તો થઈ છે પણ પોતાની નબળાઈને લીધે દેવગુરુ પ્રત્યે પ્રમોદ આવે છે પણ તે પ્રમોદથી ધર્મ થતો નથી. મુનિને સ્વભાવની મુખ્યતા જ વર્તે છે. રાગ હોવા છતાં રાગની મુખ્યતા થતી નથી. ને મુનિને રાગ થતો જ નથી એમ પણ નથી.

મુનિઓને પણ જૈનધર્મની પ્રભાવનાનો વિકલ્પ ઊઠે છે, જિનમંદિરનો પણ વિકલ્પ ઊઠે છે. કુંદકુંદાચાર્યે તેમના શિષ્ય જયસેન આચાર્યને કહ્યું કે ''જૈન મંદિરની પ્રતિષ્ઠા વિધિના પાઠ બનાવો.'' જુઓ, મુનિને પણ આવો રાગ આવે છે છતાં તેની અધિકતા નથી. ગુણગુણી અભેદ સ્વભાવની અધિકતા છે ને રાગ આવ્યો માટે રાગ સમ્યગ્દર્શનને બાધક છે તેમ પણ નથી. જયસેન આચાર્યે બે દિવસમાં પ્રતિષ્ઠાપાઠ બનાવ્યા તેમાં ઘણા પ્રકારે વ્યવહાર ને નિમિત્તની વાત આવે છે. ''જિનમંદિરની પ્રતિષ્ઠા કરનારે પોતાના આત્માના કલ્યાણ માટે ધનનો સદ્વ્યય કરવો, તે જિનમંદિરની જગ્યા આવી રીતે ખોદવી, આમ કોતરણી કરવી, પ્રતિમા આવી કરવી, પ્રતિમાનું મૂલ્ય નક્કી ન કરવું.'' એમ ઘણા પ્રકારે કથન આવે છે. તે પાઠો વાંચી કુંદકુંદાચાર્યે જયસેનાચાર્યને કહ્યું કે ''તારે આઠે કર્મોનો નાશ થશે. કર્મથી શૂન્ય થઈ જઈશ.'' એ ઉપરથી તેમનું નામ વસુબિન્દુ (આઠ કર્મથી શૂન્ય એવો શબ્દાર્થ થાય છે) રાખવામાં આવ્યું છે.

અજ્ઞાનીને લાગે કે મુનિ સર્વસંગપરિત્યાગી છે છતાં આવા પ્રકારનો રાગ કેમ આવે ? આણે આમ કરવું, પ્રતિમા આમ કરવી વગેરે–આ શું ? વળી રાગને અધર્મ માને છે, તો પછી કરે છે શું કરવા ?-આમ અનેક કુતર્કો અજ્ઞાનીને ઊઠે છે.

**સમાધાન** : ભાઈ, મુનિ સંપૂર્ણ વીતરાગદશાને પામ્યા નથી. રાગની ભૂમિકા છે. સ્વદ્રવ્ય પોતાની તે પ્રકારની લાયકાતનો પ્રસંગ છે ને પરદ્રવ્ય નિમિત્ત છે. આમ સ્વદ્રવ્ય પરદ્રવ્યનું કારણ પામીને અશુદ્ધ પર્યાય ઊપજે છે. તે વ્યવહાર માર્ગ-બંધમાર્ગ છે. ત્યાં રાગનું વર્ણન કરે છે. પોતાની ભૂમિકા અનુસાર રાગ આવે છે.

નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી મહામુનિ હતા. મંદિરોની પ્રતિષ્ઠા વખતે હાજર હતા. લોકોને હિંસા-અહિંસાની ખબર નથી. જડની પર્યાયમાં હિંસા માને છે. તેને નિશ્ચય-વ્યવહાર એકેનું ભાન નથી. એક જીવ નિશ્ચયને સમજ્યા વિના નિશ્ચયનું પકડી બેસે ને પૂછે કે મુનિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવો રાગ કેમ ? બીજો જીવ રાગ આવ્યો માટે ધર્મ માની બેસે–તો એ રીતે બન્ને ખોટા છે.

છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા હોય તેવા મુનિઓ પધારે ત્યારે શ્રાવકોને ઉલ્લાસ આવે કે અહો ! અમારે આંગણે કલ્પવૃક્ષ આવ્યાં, એમ તે પ્રસંગે ઉલ્લસી જાય. ત્યાં અજ્ઞાની તર્ક કરે કે ''તમો કહેતા હતા ને કે પરદ્રવ્યથી લાભ નથી તો પછી ગુરુનું બહુમાન કેમ કરો છો'' ?

**સમાધાન** : તું ભૂમિકાને સમજતો નથી. પોતાની ભૂમિકા અનુસાર રાગ આવે છે છતાં શ્રાવક તે શુભરાગથી ધર્મ માનતો નથી. મુનિ બીજા મુનિને ભેગા થાય તો પ્રમોદ આવી જાય. બે ગાઉ સામે લેવા જાય. ગુણી પ્રત્યે પ્રમોદ આવે. અરસપરસ પ્રમોદ બતાવે, ઈર્ષા ન કરે. તે વખતે શુભરાગ આવે છે. શુભરાગ આવતો જ નથી એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. પણ તે શુભરાગને ધર્મ કહેતા નથી.

कथंचित् महापुरुषोने ग्रहण किया है એનો અર્થ એમ છે કે મુનિઓને પણ પોતાની ભૂમિકા અનુસાર રાગ આવ્યા વિના રહેતો નથી. તે અંગીકાર કરવા જેવો છે એમ માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. વીતરાગતાનું સાધન તો દ્રવ્ય પોતે છે. ધ્રુવ સ્વભાવના અવલંબને વીતરાગી પર્યાય પ્રગટે છે. એવા દ્રવ્યસ્વભાવની જ અધિકતા વર્તે છે છતાં મુનિને વિકલ્પ આવે છે તેનું જ્ઞાન વર્તે છે.

કુંદકુંદાચાર્ય ભગવાનને ગિરનારની જાત્રાનો વિકલ્પ ઊઠ્યો. અહો ! નેમનાથ ભગવાનની નિર્વાણભૂમિ છે. વાસુદેવ, બળદેવ વગેરે નિર્વાણ વખતે હાજર હતા. ઈંદ્ર-ઈંદ્રાણી ગિરનાર ઉપર ઊતરતાં. તે નિર્વાણક્ષેત્રમાં ઈંદ્રોએ મુગટથી ચિહ્નો કરેલાં છે. એવી નિર્વાણભૂમિની જાત્રાનો વિકલ્પ આવે છે. સમજે છે કે ગિરનાર પર પદાર્થ છે. નિર્વાણ પરનો થયો છે. પરની ક્રિયા કરી શકતો નથી. પરમાં લાભ નથી, રાગથી ધર્મ નથી. છતાં પૂર્ણ વીતરાગદશા ન થાય ત્યાં સુધી રાગ આવે છે તેથી તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે.

માખણ વલોવતી વખતે રસી-દોરીનો એક છેડો ખેંચવાનો ને બીજો ઢીલો કરવાનો છે. તેમ અહીં અખંડ અભેદ સ્વભાવની દૃષ્ટિ મુખ્ય છે તેને પકડી રાખવા જેવી છે ને વ્યવહાર છે તે જાણીને ઢીલો કરવા જેવો છે. અહીં એનું જ્ઞાન કરાવે છે.

તીર્થંકરનો જન્મ થાય ત્યારે ઈંદ્રનું આસન કંપાયમાન થાય, તે ઉપયોગ મૂકે, ખબર પડે કે ભરતક્ષેત્રમાં ભગવાન જન્મ્યા છે. દેવોને બોલાવે ને સો ઈંદ્રો દેવો, વગેરે જન્મમહોત્સવ ઊજવે, છતાં રાગથી ધર્મ માનતા નથી.

કોઈ પૂછે કે ભગવાન આત્મા તો અંદરમાં બિરાજે છે તો મંદિર શું કામ કરાવો છો ? સમાધાન : સાંભળ તો ખરો, જડ પદાર્થની અવસ્થા કોઈ જીવ કરી શકતો નથી. પૂર્ણ વીતરાગદશા ન હોય ત્યાં સુધી રાગ આવે છે તેને વ્યવહારસાધન કહેલ છે. જેને દ્રવ્યસાધન પ્રગટ્યું છે તેને. આમ દ્રવ્યના આશ્રયે વીતરાગતા પ્રગટે તે નિશ્ચય ને રાગ હોય તે વ્યવહાર છે. વીતરાગતા સાધ્ય છે ને રાગ વ્યવહારે સાધન છે. આમ નિશ્ચય ને વ્યવહારમાં સાધ્યસાધનભાવ છે. નિશ્ચય સાધ્ય ને વ્યવહાર સાધન છે.

હવે દૃષ્ટાંત આપે છે : જેવી રીતે સોનું સાધ્ય છે ને જે પથ્થરમાંથી સોનું નીકળે છે તે પથ્થર સાધન છે. જે પથ્થરમાંથી સોનું છૂટું પડવાની લાયકાત છે તે પથ્થરને સાધન કહેલ છે. અંધપાષાણમાંથી સોનું નીકળવાની યોગ્યતા નથી માટે અંધપાષાણને સાધન કહેવાતું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. સોનું પોતાની યોગ્યતાથી નીકળે છે. પથ્થરને લીધે નીકળતું નથી. પણ નીકળે તો સાધન કહેવાય. ન નીકળે તો સાધન કહેવાતું નથી.

તેવી રીતે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવી દૃષ્ટિ તો કરી છે, છૂટા પડવાની લાયકાત થઈ છે એવી શુદ્ધતાને સોના સમાન કહેલ છે પણ સર્વથા છૂટો થયો નથી તેથી રાગ થાય છે. તે રાગને પથ્થર સમાન કહી સાધન કહેલ છે. રાગમાંથી વીતરાગતા થતી નથી. રાગ સાધન ક્યારે ? જેમ સોનું નીકળે તો પથ્થરને સાધન કહેવાય તેમ હું ચૈતન્યસ્વભાવી છું ને રાગથી છૂટો થવા લાયક માન્યો તેને માટે શુદ્ધતા સોના સમાન સાધ્ય છે ને રાગ પથ્થર સમાન સાધન છે. હું અખંડ જ્ઞાયક જ્યોતિ છું ઈત્યાદિ પ્રકારે વિકલ્પ ઊઠે તે સાધન છે. દ્રવ્યનું નિશ્ચય સાધન પ્રતીતિ ને જ્ઞાન છે તેને રાગ ઉપચાર સાધન કહેવાય છે. નહિતર રાગને ઉપચારસાધન પણ કહેવાય નહિ.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૮, રવિવાર]

અહીં નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગની વાત કરે છે. આત્મા શુદ્ધ જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તેની શુદ્ધતા પ્રગટે છે તે નિશ્ચય છે ને જેટલો રાગ રહે છે તે વ્યવહાર સાધન છે. ખરેખર તો જ્ઞાયકસ્વભાવ સાધ્ય છે. ને મોક્ષમાર્ગ સાધન છે પણ અહીં જ્ઞાનપ્રધાન કથન છે. હું જ્ઞાતાદ્રષ્ટા છું એવી પ્રતીતિ અને રમણતા થઈ ત્યારે રાગને નિમિત્તરૂપ સાધન કહેવાય છે. જેવી રીતે સોનું સાધ્ય છે ને સોનાનો પથ્થર સાધન છે. જે સોનું જુદું પડવાની લાયકાતવાળું છે તે સોનું સાધ્ય છે ને પથ્થર તે સાધન છે. વ્યવહારે સોનું ને પથ્થર ભેગાં છે એમ કહ્યું છે. તેવી રીતે "जीवपुद्गलाश्रित व्यवहार है ।" આત્મા શરીર, કર્મ આદિથી જુદો છે એવું ભાન તે સોનાસમાન છે પણ પર્યાયમાં રાગની લાયકાત છે તેમાં કર્મનું નિમિત્ત છે તેથી પુદ્‌ગલના આશ્રયે વ્યવહાર થાય છે. એકલા જીવના આશ્રયે વ્યવહાર થતો નથી. દેવગુરુશાસ્ત્ર પ્રત્યે શુભરાગના પરિણામ જીવ-પુદ્‌ગલ આશ્રિત થાય છે. એકલા શુદ્ધ આનંદમૂર્તિ આત્માના આશ્રયે વીતરાગીદશા થાય તે નિશ્ચય છે. તે વખતે છ દ્રવ્યોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, ૨૮ મૂળગુણ આદિના પાલનનો રાગ તે જીવ અને કર્માશ્રિત થયેલો છે તેથી તે રાગને વ્યવહાર કહ્યો છે.

વસ્તુસ્વભાવના આશ્રયે વીતરાગતા પ્રગટે તે સાચો મોક્ષમાર્ગ છે ને પૂર્ણદશા ન થાય ત્યાં સુધી મુનિને જે શુભરાગ થાય છે તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. રાગ કર્મના આશ્રયે થાય છે ને વીતરાગતા જીવના આશ્રયે થાય છે.

સોનું જે પથ્થરમાંથી નીકળ્યું ને જેને પથ્થર સાથે સંબંધ ન રહ્યો તે ખરેખર સોનું છે તેમ અહીં કર્મ પથ્થરની જેમ છે. અંદરમાં આઠ કર્મ ઝીણા પથ્થર સમાન છે. આત્મા ધ્રુવ આનંદકંદ સોના સમાન છે. શુદ્ધ જ્ઞાનાનંદની પ્રતીતિ કરી રમણતા કરવી તે એકલા નિર્મળ સોનાની જેમ સાચો મોક્ષમાર્ગ છે. પણ વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી વીતરાગે કહેલા શુભરાગને કર્મરૂપી પથ્થર સાથે સંબંધ છે માટે રાગને વ્યવહાર કહેલ છે.

ચિદાનંદ ભગવાન આત્મા કર્મની ખાણમાં એકક્ષેત્રે અનાદિથી છે. હવે કર્મથી ને રાગથી જુદો છે એમ ભાન કરે તેને સાચો મોક્ષમાર્ગ પ્રગટે છે. હું જ્ઞાયક છું, દેહ, મન, વાણી, કર્મ ને રાગથી ભિન્ન છું એમ નક્કી કરે તેને રાગ સાધન છે–નિમિત્ત છે. કેમકે તે રાગ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો નકાર કરે છે ને સાચા દેવગુરુશાસ્ત્રને નક્કી કરે છે તેથી નિમિત્ત કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માની અંદર શુદ્ધતા પ્રગટવાનું કે વધવાનું કારણ નિમિત્ત, રાગ કે પર્યાય નથી. શુદ્ધ ઉપાદાન-વસ્તુના આશ્રયે જેને વીતરાગતા પ્રગટે છે તેને રાગ નિમિત્ત કહેવાય છે.

અનેકાંતવાદી શ્રદ્ધાની જીવ નિશ્ચયવ્યવહારરૂપ બન્ને મોક્ષમાર્ગને ગ્રહણ કરે છે. એટલે કે નિશ્ચયને ગ્રહણ કરે છે ને વ્યવહાર મોક્ષમાર્ગ એટલે જે રાગ આવે છે તેને જાણે છે. જે કોઈ એમ કહે કે મને નિશ્ચય પ્રગટી ગયો છે, હું મુનિ થયો છું. આત્માનું ભાન થઈ ગયું છે માટે મને રાગ આવતો નથી. ભગવાને કહેલાં છ દ્રવ્યોનો વિચાર આવતો નથી. બોલતી વખતે રાગ હોવા છતાં રાગ નથી એમ કહે. પંચમહાવ્રતાદિના પરિણામ સર્વજ્ઞે કહેલા આવતા જ નથી. અમે તો શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છીએ, કેવળ અલિપ્ત જ રહીએ છીએ. એમ કહે તો તે મુનિ નથી. એકાન્તવાદી છે. નિશ્ચયાભાસી છે. બીજો જીવ કહે કે પંચમહાવ્રતાદિના પરિણામ કે પૂજા, ભક્તિ વગેરેના પરિણામ ભૂમિકાને યોગ્ય આવે છે તે અમોને તારશે, કષાયમંદતાથી ધર્મ પામશું–તો તે જીવ પુણ્યથી ધર્મ માને છે તેને એકાન્ત વ્યવહારનો પક્ષ હોવાથી તે વ્યવહારાભાસી છે–આમ તે બન્ને ખોટા છે.

આત્મામાં શુદ્ધતા અથવા ધર્મ દ્રવ્યના આશ્રયે જ પ્રગટે છે છતાં રાગવાળી દશામાં ભૂમિકા અનુસાર જે પ્રકારનો રાગ આવે તે જાણવો જોઈએ. રાગને જાણવો તે વ્યવહાર છે તેથી વ્યવહારે ગ્રહણ કરે છે એમ કહેવામાં આવ્યું છે.

અત્યારે તો જૈન હોવા છતાં કેટલાકને વ્યવહારની પણ ખબર નથી. જે જીવ પાંચ અસ્તિકાય, છ દ્રવ્યો, સાત તત્ત્વ ને નવ પદાર્થને માનતો નથી તેને વ્યવહારનાં પણ ઠેકાણાં નથી, તે તો મિથ્યાદૃષ્ટિ જ છે. અહીં તો કહે છે કે સર્વજ્ઞે કહેલાં નવ તત્ત્વને સ્વીકારે ને તેમાંથી પોતાના આત્માના આશ્રયે રમણતા પ્રગટ થાય એમ માને તે નિશ્ચય છે. પણ પૂર્ણ નથી ત્યાં સુધી દેવગુરુશાસ્ત્રનો રાગ આવ્યા વિના રહે નહિ.

નિશ્ચય ને વ્યવહાર બે નયોને આધીન ધર્મતીર્થની પ્રવૃત્તિ જાણવી. કેવળી ભગવાનને રાગ નથી માટે ધર્મતીર્થની પ્રવૃત્તિ ન હોય ને અજ્ઞાનીને આત્માનું ભાન નથી તેથી તેને પણ ન હોય. જ્ઞાનીને ચોથે, પાંચમેં, છઠ્ઠે ગુણસ્થાને રાગ હોય છે તેથી ત્યાં ધર્મતીર્થની પ્રવૃત્તિ જાણવી. સ્વભાવમાં સ્થિર ન હોય ત્યારે કર્મના અવલંબને થયેલો ઉપાધિભાવ છે. નિશ્ચય ને વ્યવહાર બન્ને નય જાણવા. એકલા વ્યવહારથી ધર્મ માને તો તે મૂઢ છે. ચોથે ગુણસ્થાને દેવગુરુશાસ્ત્રની ભક્તિનાં ઠેકાણાં ન હોય. પાંચમે ગુણસ્થાને બાર વ્રતનાં ઠેકાણાં ન હોય. ને મુનિને છઠ્ઠે ગુણસ્થાને ૨૮ મૂળ ગુણના પાલનનાં ઠેકાણાં ન હોય તો તેવો જીવ નિશ્ચય વ્યવહાર એકેને જાણતો નથી. પણ બન્ને નયોદ્વારા યથાયોગ્ય સ્થાને ધર્મતીર્થની પ્રવૃત્તિ જાણવી. ૧૫૯

---

**धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं ।**
**चेट्ठा तवंहि चरिया ववहारो मोक्खमग्गो त्ति ॥ १६० ॥**

**धर्मादिश्रद्धानं सम्यक्त्वं ज्ञानमङ्गपूर्वगतम् ।**
**चेष्टा तपसि चर्या व्यवहारो मोक्षमार्ग इति ॥ १६० ॥**

**ધર્માદિની શ્રદ્ધા સુદૃગ, પૂર્વાંગબોધ સુબોધ છે,**
**તપમાંહી ચેષ્ટા ચરણ–એ વ્યવહારમુક્તિમાર્ગ છે. ૧૬૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [धर्मादिश्रद्धानं सम्यक्त्वम्] ધર્માસ્તિકાયાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ, [अङ्गपूर्वगतम् ज्ञानम्] અંગપૂર્વસંબંધી જ્ઞાન તે જ્ઞાન અને [तपसि चेष्टा चर्या] તપમાં ચેષ્ટા (–પ્રવૃત્તિ) તે ચારિત્રઃ–[इति] એ પ્રમાણે [व्यवहारः मोक्षमार्गः] વ્યવહારમોક્ષમાર્ગ છે.

---

**तात्पर्यवृत्ति** : एवं निर्विकल्पस्वसंवेदनस्वरूपस्य पुनरपि स्वसमयस्यैव विशेषव्याख्यानरूपेण गाथाद्वयं गतं । अथ यद्यपि पूर्व जीवादिनवपदार्थपीठिकाव्याख्यानप्रस्तावे "सम्मत्तं णाणजुदं" इत्यादि व्यवहार-मोक्षमार्गो व्याख्यातः तथापि निश्चयमोक्षमार्गस्य साधकोयमिति ज्ञापनार्थं पुनरप्यभिधीयते, – धर्मादिश्रद्धानं सम्यक्त्वं भवति तेषामधिगमो ज्ञानं द्वादशविधे तपसि चेष्टा चारित्रमिति । इतो विस्तरः । वीतराग-सर्वज्ञप्रणीतजीवादिपदार्थविषये सम्यक् श्रद्धानं ज्ञानं चेत्युभयं गृहस्थतपोधनयोः समानं चारित्रं तपोधनानामाचारादिचरणग्रंथविहितमार्गेण प्रमत्ताप्रमत्तगुणस्थानयोग्यं पंचमहाव्रतपंचसमितित्रिगुप्तिषडाव-श्यकादिरूपं, गृहस्थानां पुनरुपासकाध्ययनग्रंथविहितमार्गेण पंचमगुणस्थानयोग्यं दानशीलपूजोपवासादिरूपं दार्शनिकाव्रतिकाद्येकादशनिलयरूपं वा इति व्यवहारमोक्षमार्गलक्षणं । अयं व्यवहारमोक्षमार्गः स्वपरप्रत्यय-पर्यायाश्रितं भिन्नसाध्यसाधनभावं व्यवहारनयमाश्रित्यानुगम्यमानो भव्यजीवस्य निश्चयनयेनाभिन्नसाध्य-साधनभावाभावात्स्वयमेव निजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपेण परिणममानस्यापि सुवर्णपाषाण-स्याग्निरिव निश्चयमोक्षमार्गस्य बहिरंगसाधको भवतीति सूत्रार्थः ॥ १६० ॥

**समयव्याख्या : निश्चयमोक्षमार्गसाधनभावेन पूर्वोद्दिष्टव्यवहारमोक्षमार्गनिर्देशोऽयम् । सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः । तत्र धर्मादीनां द्रव्यपदार्थविकल्पवतां तत्त्वार्थश्रद्धानभावस्वभावं भावान्तरं श्रद्धानाख्यं सम्यक्त्वं, तत्त्वार्थश्रद्धाननिर्वृत्तौ सत्यामङ्गपूर्वगतार्थपरिच्छित्तिर्ज्ञानम्, आचारादिसूत्र-प्रपञ्चितविचित्रयतिवृत्तसमस्तसमुदयरूपे तपसि चेष्टा चर्या – इत्येषः स्वपरप्रत्ययपर्यायाश्रितं भिन्नसाध्य-साधनभावं व्यवहारनयमाश्रित्यानुगम्यमानो मोक्षमार्गः कार्तस्वरपाषाणार्पितदीप्तजातवेदोवत्समाहितान्तरङ्गस्य प्रतिपदमुपरितनशुद्धभूमिकासु परमरम्यासु विश्रान्तिमभिन्नां निष्पादयन्, जात्यकार्तस्वरस्येव शुद्धजीवस्य कथंचिद्भिन्नसाध्यसाधनभावाभावात्स्वयं शुद्धस्वभावेन विपरिणममानस्यापि, निश्चयमोक्षमार्गस्य साधनभाव-मापद्यत इति ॥ १६० ॥**

**અનુવાદ** : નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે, પૂર્વોદ્દિષ્ટ (૧૦૭મી ગાથામાં ઉલ્લેખવામાં આવેલા) વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ત્યાં, (છ) દ્રવ્યરૂપ અને (નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે એવાં ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ (–ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થપ્રતીતિરૂપ ભાવ) જેનો સ્વભાવ છે એવો, 'શ્રદ્ધાન' નામનો ભાવવિશેષ તે સમ્યક્ત્વ; તત્ત્વાર્થશ્રદ્ધાનના સદ્ભાવમાં અંગપૂર્વગત પદાર્થોનું અવબોધન (–જાણવું) તે જ્ઞાન; આચારાદિ સૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા (–પ્રવર્તન) તે ચારિત્ર;–આવો આ, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (–વ્યવહારનયની અપેક્ષાએ) અનુસરવામાં આવતો મોક્ષમાર્ગ, સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિની માફક, સમાહિત અંતરંગવાળા જીવને (અર્થાત્ જેનું અંતરંગ એકાગ્ર–સમાધિપ્રાપ્ત છે એવા જીવને) પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (–અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો–જોકે ઉત્તમ સુવર્ણની માફક શુદ્ધ જીવ કથંચિત્ ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે સ્વયં (પોતાની મેળે) શુદ્ધ સ્વભાવે પરિણમે છે તોપણ–નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ૧૬૦.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૮, રવિવાર]

હવે નિશ્ચય મોક્ષમાર્ગના સાધનરૂપ વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે.

આ વ્યવહાર મોક્ષમાર્ગની વ્યાખ્યા છે. ભગવાને છ દ્રવ્યો જોયાં છે ને કહ્યાં છે. ધર્મી જીવ કે જેને આત્માના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યાં છે તેને રાગરહિત આવી પ્રતીતિ હોય છે. જીવાદિ છ દ્રવ્યોની પ્રતીતિ તે વ્યવહાર સમકિત છે. તે શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે. વળી નવતત્ત્વની પ્રતીતિ હોવી જોઈએ. નવને જ ન માને તે તો મૂઢ છે. વળી ચૈતન્યસ્વરૂપ આત્મા કર્મ ને રાગથી છૂટો છે એવી દૃષ્ટિ થઈ છે તેને નવતત્ત્વની શ્રદ્ધા વ્યવહાર નામને પામે છે. બીજાને નહિ.

ભગવાને બે નય કહ્યા છે. બે નય સાચા ક્યારે કહેવાય ? કે પોતાનો શુદ્ધ આત્મા આદરણીય છે એમ માને ને વ્યવહારનયનો વિષય જાણવા યોગ્ય છે એમ માને તેને વસ્તુના આશ્રયે વીતરાગતા પ્રગટે છે તેને જે શુભરાગ હોય તેને વ્યવહાર કહેવાય છે.

ભગવાનના દિવ્યધ્વનિમાં આવેલ બાર અંગના જ્ઞાનને વ્યવહારરૂપ સમ્યગ્જ્ઞાન કહે છે. અત્યારે કેટલાક જીવો અગિયાર અંગ મોજૂદ કહે છે પણ તે વાત ખોટી છે. અંગ તો વિચ્છેદ ગયા છે પણ અંગના થોડા અંશનું જ્ઞાન ધરસેનાદિ આચાર્યનું હતું તેમાંથી ષટ્ખંડ આગમાદિ શાસ્ત્રોની રચના થઈ ને કુંદકુંદાચાર્યે સમયસારાદિની રચના કરી તેમાં અંગનો અંશ રહેલો છે. આત્માના આશ્રયે પ્રગટે તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે ને તે વખતે સંતમુનિઓને જે જ્ઞાન રાગરહિત પ્રવર્તતું હોય તે વ્યવહાર જ્ઞાન છે. તે પુણ્યબંધનું કારણ છે.

હવે વ્યવહાર ચારિત્રની વાત કરે છે. બાર પ્રકારનો તપ તથા તેર પ્રકારનું ચારિત્ર એ બધો શુભરાગ છે. વ્યવહાર ચારિત્ર છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ એ તેર પ્રકારનું ચારિત્ર શુભરાગ છે. તેમાં વૃત્તિનું ઉત્થાન છે. અશુભથી બચવા શુભવિકલ્પ મુનિને આવે છે. પૂર્ણ વીતરાગ-દશા થઈ નથી ત્યાં સુધી રાગ આવ્યા વિના રહેતો નથી. આ પ્રકારે છ દ્રવ્યોની પ્રતીતિનો રાગ, દિવ્યધ્વનિ અનુસાર રાગ સહિત પ્રવર્તતું જ્ઞાન ને મહાવ્રતાદિના પાલનનો રાગ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. ખરેખર મોક્ષમાર્ગ નથી.

પંડિત ટોડરમલજી મોક્ષમાર્ગપ્રકાશકમાં લખે છે કે મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ એક છે. પણ તેનું કથન બે પ્રકારે છે. શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ખરેખર મોક્ષમાર્ગ છે ને રાગ વખતે નવતત્ત્વનો, છ દ્રવ્યનો, મહાવ્રતાદિના પાલનનો જે વિકલ્પ ઊઠે છે તે વ્યવહાર મોક્ષમાર્ગ છે.

પ્રદ્યુમ્ન ઘણાં વર્ષો પછી મળતાં તેની માતાને પ્રેમ ઉલ્લસી આવતાં છાતીમાંથી દૂધની ધારા છૂટી હતી તેમ ધર્મી જીવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિપૂર્વક સ્વજ્ઞેયનો અનુભવ કરે ત્યારે તેના બતાવનારા સાચા દેવગુરુશાસ્ત્ર પ્રત્યે તેને પ્રમોદ આવ્યા વિના રહે નહિ. વ્યવહાર નથી એમ કહે ને ના પાડે તો ચાલે નહિ, તે એકલા નિશ્ચયાભાસી છે ને જે વ્યવહારની હા પાડે પણ વ્યવહારથી ધર્મ માને ને નિશ્ચય માને જ નહિ તે પણ ચાલે નહિ, તે વ્યવહારાભાસી છે.

અહીં વ્યવહાર કેવો હોય તે બતાવે છે. માલ લેવા જાય ત્યારે બારદાન જોઈએ છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માલ તે બારદાન નથી. ચોખાનું બારદાન ચોખાની જેમ ખાવામાં કામ ન આવે. આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપ છે તે વેદવા જેવો છે તે ચોખા સમાન છે. વચમાં રાગ આવે તે બારદાન સમાન છે. ચૈતન્યના અવલંબને અવિકારી દશા પ્રગટે તે અનુભવ કરવા માટે ખોરાક છે પણ રાગ વર્તે તે શાંત અનુભવના માટે ખોરાક નથી. બારદાનની કિંમત માલ જેટલી અપાતી નથી તેમ બારદાન માલની બદલીમાં મદદગાર થતું નથી. તેમ વ્યવહાર મોક્ષમાર્ગ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યમાં વીતરાગતા પ્રગટ કરવા માટે જરા પણ મદદગાર નથી. વ્યવહારનો જે વિકલ્પ ઊઠે છે તેનો અખંડ જ્ઞાયક સ્વભાવમાં નિશ્ચયદૃષ્ટિથી અભાવ વર્તે છે માટે જેમ છે તેમ જાણવું જોઈએ.

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.**

કોઈ કહે કે અમોને રાગવાળી ભૂમિકા હોવા છતાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, તેમની પ્રતિમા વગેરે પ્રત્યે ઉલ્લાસ આવતો નથી – તો તે મૂઢ છે, ને તે રાગ આવ્યો માટે ધર્મ થયો એમ માને તો તે પણ મૂઢ છે, આમ બે નયના આધીન ધર્મતીર્થની પ્રવૃત્તિ છે.

આ પ્રમાણે વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કહ્યું છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૯, સોમવાર]

**ભાવાર્થ :** સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. મોક્ષ એટલે પરમ પવિત્ર દશા-તેનું કારણ મોક્ષમાર્ગ છે. આત્મા અનંત ગુણોનો પિંડ છે. અખંડ તત્ત્વની પ્રતીતિ, અંતરસ્વરૂપનું જ્ઞાન ને રમણતા–એમ ત્રણેની એકતા તે મોક્ષમાર્ગ છે. પૂર્ણ એકતા ન હોય ત્યાં સુધી શુભ વિકલ્પો હોય તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. નિશ્ચય અને વ્યવહારને નિમિત્તનૈમિત્તિક સંબંધ કહેવાય છે. આત્માના અખંડ સ્વભાવમાં એકતા થઈ તે નૈમિત્તિક કાર્ય છે. ત્યાં વ્યવહારનું નિમિત્તપણું છે. જ્યાં સુધી સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી વિકલ્પ આવે છે. પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વો, નવ પદાર્થોને જેમ છે તેમ જાણવાં જોઈએ. તેમાંથી એક પણ તત્ત્વ કાઢી નાખે તો તેનો વ્યવહાર સાચો નથી.

ગાથા ૧૦૩ ભાવાર્થમાં કહ્યું છે કે "द्वादशांगवाणीके अनुसार जितने सिद्धांत हैं तिनमें कालसहित पंचास्तिकायका निरूपण है और किसी जगह कुछ भी छूट नहीं किया है" ભગવાનની આજ્ઞા પ્રમાણે શાસ્ત્રમાં કાળદ્રવ્યની વાત છે. જે દ્રવ્યો કહેવામાં આવ્યાં છે તેમાંથી એક પણ દ્રવ્યને કાઢી નાખવાની છૂટ આપેલ નથી. જે શાસ્ત્રો કાળને માનતાં નથી તે વીતરાગનાં શાસ્ત્રો નથી. તે દ્વાદશાંગવાણી અનુસારનાં શાસ્ત્ર નથી. આત્માનું જ્ઞાન પણ છ દ્રવ્યોને જાણે એવું છે. ઓછુંવત્તું જાણે તે જ્ઞાનસામર્થ્યને પણ માનતો નથી.

જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ–એમ છ દ્રવ્યો તેમાંથી કાળ સિવાય બાકીનાં પાંચ અસ્તિકાય છે, પુણ્ય પાપને આસ્રવ સાથે ગણવામાં આવે તો સાત તત્ત્વ અને જુદાં જુદાં ગણવામાં આવે તો નવપદાર્થ–તેનું શ્રદ્ધાન તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. તે પુણ્યબંધનું કારણ છે. શુદ્ધ આત્માની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, શુદ્ધ આત્માનું જ્ઞાન તે નિશ્ચય જ્ઞાન છે ત્યારે બાર અંગને અનુસરીને થતું શાસ્ત્રનું રાગરહિત જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે. તે પુણ્યબંધનું કારણ છે. લૌકિક ભણતર પાપનું કારણ છે. ત્રિલોકનાથની વાણીમાં સાત તત્ત્વ, છ દ્રવ્યો વગેરેનું જે સ્વરૂપ કહેવાયું છે તેના અનુસારે જે જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે, તેથી વિપરીત કહે તે તો વ્યવહારજ્ઞાન પણ નથી. મુનિ હોય કે ગૃહસ્થ હોય બન્નેનાં શ્રદ્ધા-જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સરખાપણું છે. ઓછાવત્તા જ્ઞાનના ઉઘાડનો પ્રશ્ન નથી. પણ બન્નેમાં સમ્યક્પણું હોવું જોઈએ. મન, વાણી ને દેહથી પાર ને પુણ્ય-પાપથી જુદા એવા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન તે નિશ્ચય છે ને ત્યારે સાત તત્ત્વ, નવ પદાર્થ, બાર અંગ વગેરેનાં શ્રદ્ધા-જ્ઞાન રાગવાળાં હોય તે વ્યવહાર છે. આ નિશ્ચય ને વ્યવહારમાં મુનિને તથા શ્રાવકને ફેર હોતો નથી, માત્ર ચારિત્રમાં ફેર છે.

આચારાંગ આદિ શાસ્ત્રો કથિત મુનિનું આચરણ તે વ્યવહારચારિત્ર છે. શુદ્ધ આત્મા આનંદકંદ છે તેમાં લીનતા તે નિશ્ચયચારિત્ર છે ને મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે તે વ્યવહારચારિત્ર છે. ગૃહસ્થોને દાન, શીલ, પૂજાદિનો રાગ ઊઠે છે તે વ્યવહારચારિત્ર છે, મુનિને આહાર આપવાનો વિકલ્પ, ભગવાનની પૂજાનો ભાવ, તે શુભ છે. જૈનદર્શનમાં પ્રતિમાની પૂજા અનાદિથી છે તે શુભભાવ છે. તેનો નિષેધ કરી અંતરમાં ઠરે તે નિશ્ચય ચારિત્ર છે. શ્રાવકને અગિયાર પ્રતિમા હોય છે. તે સમ્યગ્દષ્ટિને જ હોય છે. આત્મા પરથી જુદો છે. વિકારથી જુદો છે એવું ભાન થયા પછીના રાગને વ્યવહારચારિત્ર કહેવાય છે. મુનિઓને ૨૮ મૂળગુણના પાલનનો રાગ ઊઠે છે. તે વ્યવહાર છે. શુદ્ધ ચૈતન્યના અવલંબને શુદ્ધતા અથવા ચારિત્ર પ્રગટ કરેલ છે તેના રાગાદિ વ્યવહાર નામ પામે છે.

આ વ્યવહાર મોક્ષમાર્ગ તે જીવ પુદ્‌ગલના સંબંધનું કારણ પામીને જે પર્યાય ઉત્પન્ન થાય છે તેને આધીન છે. જીવની યોગ્યતા છે ને કર્મનું નિમિત્ત છે. તેથી રાગ થાય છે. પ્રથમ સાચું જ્ઞાન કરવું જોઈએ. ચૈતન્યઘનના જ્ઞાન વિના સાચો વ્યવહાર હોઈ શકે નહિ. શરીરની ક્રિયા મેં કરી એમ અજ્ઞાની માને છે, તેને જડથી જુદા આત્માનું ભાન નથી. દયા દાનાદિ ભાગ રાગનો ભાગ છે, તે આત્મા નથી. પરથી ને રાગથી આત્મા જુદો છે એવા આત્માના ભાનવાળાને પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ, અગિયાર પ્રતિમાદિ પાલનનો જે રાગ થાય છે તે જીવપુદ્‌ગલનો સંબંધ પામીને થાય છે. જીવની પર્યાયમાં રાગની યોગ્યતા છે ને પુદ્‌ગલકર્મનું નિમિત્ત છે. કર્મ ને કર્મ તરફના વલણના સંબંધથી આત્મા છૂટો છે એવું ભાન તો છે પણ હજી સાધકદશામાં રાગની યોગ્યતા છે ને કર્મનું નિમિત્ત છે. તેટલો રાગ થાય છે. તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. તે બંધનું કારણ છે.

આ હાથ ઊંચો-નીચો થાય છે તે તો જડના કારણે થાય છે, આત્માને લીધો થતો નથી. જેને જડ અને આત્માના જુદાપણાની ખબર નથી તેને નિશ્ચય કે વ્યવહાર એકે જ્ઞાન નથી. અહીં તો આત્માનું ભાન વર્તે છે. તે જીવની વાત ચાલે છે. નિશ્ચયથી આત્માને કર્મનો સંબંધ નથી પણ અહીં નિમિત્તની ઓળખાણ આપી છે. શ્રદ્ધા-જ્ઞાન તો વીતરાગે કહેલાં નવતત્ત્વાદિનાં હોય ને રાગ આવે તો બાર વ્રત, અગિયાર પ્રતિમા, પંચમહાવ્રતાદિનો ભૂમિકા અનુસાર હોય, બીજો હોય નહિ.

આત્માના આશ્રયે થતી વીતરાગી દશા સાધ્ય છે, તેનું સાધન નિશ્ચયથી તો શુદ્ધ આત્મદ્રવ્ય છે પણ રાગવાળી દશામાં જે મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તેને વ્યવહારથી સાધન કહે છે. મુનિને અથવા સમકિતીને જે શુભરાગ થાય છે તે વીતરાગતાથી ભિન્ન છે. વીતરાગતા સાધ્ય ભિન્ન છે ને રાગ સાધન પણ ભિન્ન છે. અહીં ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનની વાત ચાલે છે. અંતરશુદ્ધતા પ્રગટી છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તે સાધ્ય છે ને દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ મહાવ્રતાદિનો રાગ તે વ્યવહારમોક્ષમાર્ગ સાધન છે.

ચૈતન્યનો માર્ગ ભિન્ન છે ને રાગનો માર્ગ ભિન્ન છે. અહીં ભિન્ન સાધ્યસાધન કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે રાગથી વીતરાગતા પ્રગટે એવો એનો અર્થ નથી. અહીં વ્યવહારનું જ્ઞાન કરાવે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનો રાગ હોય પણ કુદેવાદિની શ્રદ્ધા ન હોય. રાગ હોય તો આવો જ હોય છતાં તે રાગને ધર્મી જીવ મોક્ષનું કારણ માને નહિ.

દૃષ્ટાંતમાં સુવર્ણમય પાષાણની વાત છે. જે પથ્થરમાંથી સોનું જુદું પડે છે એવા પથ્થરની વાત લીધી છે, અંધ પાષાણની વાત નથી.

સોનું જુદું પડવાનું ખરેખર અંતરંગ કારણ તો સોનાની યોગ્યતા છે ત્યારે અગ્નિને બહિરંગ કારણ કહેવાય છે. પાષાણમાંથી સોનું જુદું કરે છે એ નિમિત્તથી કથન છે. તેવી રીતે જીવ પુદ્‌ગલના ભેદનું કારણ વ્યવહાર મોક્ષમાર્ગ છે તે નિમિત્તથી કથન છે. જે સોનું પાષાણમાંથી જુદું પડતું નથી. તે સોનાને અગ્નિ નિમિત્ત કહેવાતી નથી તેમ જેને પુણ્ય-પાપથી હું આત્મા જુદો છું એવી દૃષ્ટિ થઈ નથી તેના રાગને બહિરંગ કારણ કહેવાતું નથી.

જેમ સોનાને દેદીપ્યમાન અગ્નિ જુદું પાડે છે તેમ હું ચૈતન્ય આનંદકંદ છું એવી દૃષ્ટિ કરી મન, વાણી દેહથી જુદો પડ્યો ને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેને શુદ્ધસ્વભાવ અંતરંગ કારણ છે પણ વીતરાગ થતો નથી ત્યાં સુધી તેને રાગ આવે છે. કર્મનો ઉદય આવે તેનાથી હું જુદો છું એવો શુભરાગ ઊઠે છે તેને બહિરંગકારણ કહે છે.

અજ્ઞાની જીવો ગોટા વાળે છે ને કહે કે અગ્નિએ સોનાને જુદું પાડ્યું. પણ તે વાત ખોટી છે. સોનું છૂટું પડવાની યોગ્યતાથી છૂટું પડ્યું છે. તો અગ્નિને નિમિત્ત કહેવાય. મિથ્યાદૃષ્ટિને ચૈતન્યની ખબર નથી. હાલેચાલે તે જીવ, બોલે તે જીવ, દયાદાનાદિના ભાવ કરે તે જીવ—એમ તે માની રહ્યો છે, તે અંધપાષાણ જેવા છે. તેનો રાગ નિમિત્ત કહેવાતો નથી.

આત્માનાં જ્ઞાન-દર્શન થયાં છે. વીતરાગદશામાં હજારોવાર ઝૂલે છે. જેને શરીરની સહજ નગ્નદશા વર્તે છે તેવા આનંદકંદમાં ઝૂલતા મુનિને વ્યવહાર કેવો હોય તેની વાત ચાલે છે.

એક રજકણની પર્યાય ને બીજા રજકણની પર્યાય વચ્ચે અન્યોન્ય અભાવ છે. અગ્નિ સોનાને અડતો નથી. જે અભાવરૂપે વર્તે તે પરને શું કરે ? પણ જે સોનામાં પોતામાં છૂટા પડવાની યોગ્યતા છે તેને અગ્નિ અને પથ્થર નિમિત્ત કહેવાય છે. તેમ ભગવાન આત્મા છૂટો પડવાને લાયક થઈને પરથી છૂટો પડે છે ત્યારે કર્મ પોતાના કારણે છૂટાં પડી જાય છે ત્યારે જે રાગ હોય તેને છૂટા પડવાનું કારણ કહેવાય છે. ચૈતન્ય સ્વભાવ સોના સમાન છે ને જડકર્મ પાષાણ સમાન છે. સમ્યગ્દર્શન થયા પછી જે વિકલ્પ ઊઠે છે તે રાગ આત્માને કર્મથી છૂટો પાડવામાં નિમિત્ત કહેવાય છે. તે રાગ વ્યવહારમોક્ષમાર્ગ છે. તેથી વ્યવહાર મોક્ષમાર્ગ જીવ પુદ્‌ગલની એકતાના ભેદનું કારણ કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૦, મંગળવાર]

અહીં વ્યવહાર મોક્ષમાર્ગની વાત ચાલે છે. છ દ્રવ્યોની શ્રદ્ધા, બાર અંગ અનુસાર જ્ઞાન ને મહાવ્રતાદિનો રાગ—એવા વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રને નિશ્ચયનું સાધન કહેલ છે. હું શુદ્ધ જીવ છું, કર્મ તો જડ છે, તે મારાથી ભિન્ન છે એવું જ્ઞાન ને શ્રદ્ધા થતાં આત્મા કર્મથી જુદો પડે છે ત્યાં શુદ્ધ પ્રતીતિ ને રમણતા તે અંતરંગકારણ છે ત્યારે રાગને બહિરંગ સાધન કહેવાય છે. ખરેખર તો અખંડ શુદ્ધ દ્રવ્ય સાધ્ય છે, તેનામાં કરણ (સાધન) નામનો ગુણ છે. કર્તારૂપે થનારો પોતે, કર્મરૂપે થાય પોતે, ને સાધનરૂપે થનાર પોતે દ્રવ્યસ્વભાવ છે. એવું અંતરસાધન જેને પ્રગટ્યું છે તેને સાચા દેવાદિની શ્રદ્ધાનો રાગ આવે છે પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કુદેવાદિ પ્રત્યે રાગ થતો નથી. તેથી તેના રાગને ઉપચાર સાધન કહે છે. જ્ઞાનથી જ્ઞાન પ્રગટ્યું છે ને રમણતારૂપ દશા થઈ છે તે અંતરંગ સ્વરૂપમાં સાવધાન છે. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું, રાગ ઊઠે તે મારું સ્વરૂપ નથી. પરને જિવાડું બચાવું તે મારા હાથની વાત નથી. આમ અંતરમાં સાવધાન છે. મારે મારા નિત્યાનંદ ધ્રુવતત્ત્વ સાથે સંબંધ છે, પર સાથે સંબંધ નથી. પર ને મારા વચ્ચે અભાવ છે તેથી પરની પર્યાયને હું કરતો નથી એમ પરથી પૃથક્ થઈ ચૈતન્ય સ્વભાવમાં રમણતા કરી સાવધાન છે તેને વ્યવહાર નિમિત્ત છે.

(૧) મિથ્યા અવસ્થામાં જડની ક્રિયા ને પુણ્યથી ધર્મ માને તેને તો મિથ્યાત્વ સહિતનો રાગ હોય છે, તે રાગ વ્યવહાર નામ પામતો નથી.

(૨) ચોથે ગુણસ્થાને આત્માનું ભાન થયું છે. અનંતાનુબંધી કષાય ટળ્યો છે તે જીવને દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ આવે છે તે વ્યવહાર છે.

(૩) પાંચમા ગુણસ્થાને અનંતાનુબંધી ને અપ્રત્યાખ્યાની કષાય ટળ્યા છે તેને શ્રાવકનાં બાર વ્રત, અગિયાર પ્રતિમા આદિનો રાગ આવે છે તે વ્યવહાર છે.

(૪) છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાય ટળ્યા છે તેને મહાવ્રતાદિનો વિકલ્પ આવે છે તે વ્યવહાર છે.

આમ જેને શુદ્ધ આત્માનું અવલંબન વર્તે છે તેને રાગ ઘટતો જાય છે ને શુદ્ધતા વધતી જાય છે. ભૂમિકાને યોગ્ય રાગની મંદતાનો પ્રકાર પણ જુદી જાતનો થાય છે જેમકે જિનમંદિર બનાવવાનો વિકલ્પ ચોથે-પાંચમે હોય પણ છઠ્ઠે એવા પ્રકારનો રાગ આવે નહિ.

જે જીવ સમ્યગ્દર્શનાદિથી અંતરંગમાં સાવધાન છે તે જીવને ઉપરના ગુણસ્થાનોમાં શુદ્ધતા વધતી જાય છે, તે શુદ્ધતાનું કારણ તો શુદ્ધ દ્રવ્ય છે. તેના અવલંબને શુદ્ધતા વધે છે પણ જેમ જેમ ગુણસ્થાનની દશા વધતી જાય છે તેમ તેમ રાગની મંદતા થતી જાય છે ને રાગના પ્રકારમાં પણ ફેર પડે છે. પાંચમે બાર વ્રતના પરિણામનો રાગ હોય છે ને છઠ્ઠે મહાવ્રતનો રાગ હોય છે. ત્યાં એકલો સંજ્વલન કષાય હોય છે. પાંચમા ગુણ સ્થાન કરતાં રાગ ઘણો ઘટી ગયો છે. તેથી તે પ્રકારના વ્યવહાર મોક્ષમાર્ગથી ગુણસ્થાનની સ્થિરતા રહે છે એમ કહેવામાં આવે છે. ખરેખર ગુણસ્થાનની સ્થિરતાનું કારણ તો શુદ્ધ આત્મા છે પણ રાગને ઉપચારથી કારણ કહેલ છે.

''શુદ્ધ જીવને ભિન્ન સાધ્યસાધનભાવની સિદ્ધિ છે.'' હું જ્ઞાયક શુદ્ધ જીવ છું, શરીર, મન, વાણી અજીવ છે. બધાની વર્તમાનદશા તેના કારણે થાય છે. મારે લીધે નથી. મારી પર્યાય પરને લીધે નથી. વળી દયાદાનાદિના પરિણામ થાય તે મારો સ્વભાવ નથી, ચિદાનંદ આત્માનું ભાન વર્તે છે. તેને રાગ વખતે રાગ આવે છે તે રાગને સાધન કહેવાય છે. જે શુદ્ધ પરિપૂર્ણ થઈ ગયા તેને સિદ્ધિ કરવી બાકી નથી, સાધકને સિદ્ધિ કરવી બાકી છે. પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા થઈ નથી તેવા જીવને સાચા દેવગુરુનો રાગ, ૨૮ મૂળગુણનો રાગ નિમિત્ત છે. જે જીવ પુણ્યથી ધર્મ માને તેની વાત નથી. તેને ભિન્ન સાધ્યસાધનભાવની સિદ્ધિ નથી. પણ રાગથી ને જડથી હું જુદો છું એવું ભેદજ્ઞાન થયું છે તેને સર્વજ્ઞ પ્રત્યે ને પ્રતિમા પ્રત્યે ભક્તિનો વિકલ્પ ઊઠે છે. તેને સાધન કહેવામાં આવે છે.

રાગ જેટલો નહિ, અવસ્થા જેટલો નહિ, હું ધ્રુવ છું એવી ઉપાદાન દૃષ્ટિ ધર્મીને પ્રગટી છે. જગતના પદાર્થો પોતાના કારણે ટકીને બદલી રહ્યા છે, મારો પર્યાય મારા ત્રિકાળી સ્વભાવના અવલંબને થઈ રહ્યો છે. આવી ઉપાદાન દૃષ્ટિના કારણે પોતે શુદ્ધ ભાવરૂપે પરિણમી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રહ્યો છે. મારી શુદ્ધતા મારા દ્રવ્યમાંથી આવે છે. પુણ્ય-પાપના ભાવોમાંથી આવતી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે છે ત્યારે સર્વજ્ઞે કહેલા વ્યવહારમોક્ષમાર્ગને ઉપચાર કહેવાય છે. છ દ્રવ્યોની શ્રદ્ધા, બાર અંગ અનુસાર જ્ઞાન ને ૨૮ મૂળગુણનું પાલન એવો વ્યવહાર નિમિત્તરૂપે હોય છે.

સોનું પોતાની તાકાતથી ક્રમે ક્રમે ઊજળું થાય છે ત્યારે અગ્નિ આદિ વસ્તુનો પ્રયત્ન નિમિત્ત કહેવાય છે. આગળપાછળ નથી. નિમિત્તનૈમિત્તિક સંબંધ એક સાથે છે. અગ્નિની દરેક આંચ વખતે સોનાની શુદ્ધરૂપ થતી અવસ્થા-નૈમિત્તિક સ્વતંત્ર છે તો અગ્નિને નિમિત્ત કહેવાય છે. બન્નેમાં એક બીજાનો અભાવ છે. સોનું પોતાના કારણે ચોખ્ખી પીળી અવસ્થા ધારણ કરે ત્યારે અગ્નિ, સોની વગેરેને બહિરંગ નિમિત્ત કહેવાય છે. તેમ આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિથી જ્ઞાતારૂપે પરિણમ્યો છે ત્યારે વીતરાગે કહેલાં છ દ્રવ્યો, નવતત્ત્વો, મહાવ્રતાદિનો રાગ હોય છે. બીજા પ્રકારનો રાગ હોતો નથી. સોનું છૂટું પડતી વખતે અગ્નિ નિમિત્ત હોય છે. પાણી હોતું નથી. તેમ શુદ્ધતા પ્રગટતી વખતે વીતરાગે કહેલો રાગ નિમિત્ત હોય છે. બીજો હોતો નથી.

શુભરાગ બહિરંગ સાધન અથવા નિમિત્ત કહેવાય છે, તે કોને ? છ દ્રવ્યોની પ્રતીતિ કરી છે, તે પ્રત્યેનો રાગ હેય માન્યો છે ને શુદ્ધ આત્માને અંતરંગ સાધન માની ઉપાદેય માનેલ છે તેને શુભરાગ નિમિત્ત કહેવાય છે.

જે જીવો ધર્મ, અધર્મ, કાળાદિ દ્રવ્યોને માનતા નથી, રાગને વીતરાગતાનું કારણ માને છે, બધાએ કહેલી વાત સાચી છે. એમ કહીને સમન્વય કરે છે, તેનો વ્યવહાર પણ સાચો નથી. અમૃત ને ઝેરની સરખામણી થઈ શકે નહિ. તેમ વીતરાગની સાથે બીજાનો સમન્વય થઈ શકે એમ નથી. તેથી આ ગાથામાં વ્યવહારનું સ્વરૂપ યથાર્થ બતાવ્યું છે. ત્રણ નિમિત્તની વાત કરી છે.

(૧) धम्मादीसद्दहणं सम्मत्तं - વીતરાગે કહેલાં ધર્મ આદિ દ્રવ્યોની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. છ દ્રવ્યો સ્વતંત્ર છે એવી શ્રદ્ધા.

(૨) णाणमंगपुव्वगदं - વીતરાગના દિવ્યધ્વનિમાંથી નીકળેલા બાર અંગ અનુસાર જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન છે.

(૩) चिट्ठा तवंहि चरिया - વીતરાગે કહ્યા મુજબ ભૂમિકા અનુસાર શુભરાગ-મુનિને ૨૮ મૂળગુણ આદિનું પાલન.

આમ વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગે કહ્યાં તેવાં હોય તે નિમિત્તતા ધરાવે છે. જો પોતામાં નિશ્ચય પ્રગટ કરે તો બીજાના કહેલા વ્યવહારમાં નિમિત્તતાનો આરોપ પણ આવતો નથી.

હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. પરિપૂર્ણ થવાને લાયક છું એમ ભાન થયા પછી જ્ઞાન રાગમાં નહિ અટકતાં જ્ઞાન જ્ઞાનમાં સ્થિર રહે તે સર્વજ્ઞ થાય છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણે તેવો સર્વજ્ઞસ્વભાવ છે. એવાં શ્રદ્ધાજ્ઞાન થયાં છે તેવા જીવને સર્વજ્ઞે કહેલાં તત્ત્વો-શાસ્ત્રો પ્રત્યે રાગ વર્તે છે, પાંચ મહાવ્રતાદિનો રાગ વર્તે છે તે નિમિત્તરૂપ વ્યવહાર થાય છે. અહીં દેહની ક્રિયાની વાત નથી. શુભરાગની વાત છે. આવા પ્રકારનો શુભરાગ હોય, વિકલ્પ ઊઠે તો સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યો, નવ તત્ત્વો, પાંચ મહાવ્રતાદિના વિકલ્પ ઊઠે, બીજા વિકલ્પો ન હોય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેસર લેવા જતાં શણનો ફાટેલો કોથળો ન હોય. ટીનનો ડબો હોય છતાં કેસર ડબાને લીધે આવતું નથી. તેમ આત્માની શુદ્ધ પ્રતીતિ, જ્ઞાન ને રમણતારૂપી માલ માટે કુદેવાદિની શ્રદ્ધાના કોથળા બારદાનરૂપે ન હોય પણ સાચા દેવાદિની શ્રદ્ધા બારદાનરૂપે હોય પણ તે રાગવાળી શ્રદ્ધા વીતરાગતા લાવતી નથી, બન્ને ચીજ ભિન્ન છે છતાં પોતે પોતાના કારણે શુદ્ધ દશા પ્રગટ કરે ત્યારે આવો રાગ નિમિત્ત હોય એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ બતાવ્યો છે.

જે જીવો કાળદ્રવ્યને માનતા નથી, વ્યવહારથી ધર્મ મનાવે. બાર અંગ વિચ્છેદ ગયા હોવા છતાં ભગવાને કહેલાં અંગો મોજૂદ છે એમ મનાવે તેનો તો વ્યવહાર પણ સાચો નથી. સર્વજ્ઞે કહેલ તત્ત્વ અનુસાર આત્માનું ભાન થઈ શુદ્ધતા પ્રગટ થાય ત્યારે બાહ્ય નગ્નદશા હોય છે. મુનિ અંતરમાં લીન ન હોય ત્યારે તેમને પાંચ મહાવ્રતાદિનો રાગ ઊઠે છે. ભગવાને કહેલો છે તેવો જ રાગ ઊઠે છે, બીજી જાતનો ઊઠતો નથી. રાગથી લાભ માને તો મિથ્યાદ્દષ્ટિ છે.

જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટાવે છે તેને વ્યવહાર મોક્ષમાર્ગ આવો નિમિત્તરૂપે હોય છે એમ વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવ્યું. ૧૬૦.

---

**णिच्छयणयेण भणिदो तिहि तेहिं समाहिदो हु जो अप्पा ।**
**ण कुणदि किंचिवि अण्णं ण मुयदि सो मोक्खमग्गो त्ति ॥ १६१ ॥**

**निश्चयनयेन भणितस्त्रिभिस्तैः समाहितः खलु यः आत्मा ।**
**न करोति किंचिदप्यन्यन्न मुञ्चति स मोक्षमार्ग इति ॥ १६१ ॥**

**જે જીવ દર્શનજ્ઞાનચરણ વડે સમાહિત હોઈને,**
**છોડે-ગ્રહે નહિ અન્ય કંઈ પણ, નિશ્ચયે શિવમાર્ગ છે. ૧૬૧**

**અન્વયાર્થ :** [यः आत्मा ] જે આત્મા [तैः त्रिभिः खलु समाहितः] એ ત્રણ વડે ખરેખર સમાહિત થયો થકો (અર્થાત્ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વડે ખરેખર એકાગ્ર–અભેદ થયો થકો) [अन्यत् किंचित् अपि] અન્ય કાંઈ પણ [न करोति न मुञ्चति] કરતો નથી કે છોડતો નથી, [सः] તે [निश्चयनयेन] નિશ્ચયનયથી [मोक्षमार्गः इति भणितः] 'મોક્ષમાર્ગ' કહેવામાં આવ્યો છે.

---

**तात्पर्यवृत्ति :** एवं निश्चयमोक्षमार्गसाधकव्यवहारमोक्षमार्गकथनरूपेण पंचमस्थले गाथा गता । अथ पूर्वं यद्यपि स्वसमयव्याख्यानकाले "जो सव्वसंगमुक्को" इत्यादि गाथाद्वयेन निश्चयमोक्षमार्गो व्याख्यातः तथापि पूर्वोक्तव्यवहारमोक्षमार्गेण साध्योयमिति प्रतीत्यर्थं पुनरप्युपदिश्यते, – **भणिदो** भणितः कथितः । केन ? **णिच्छयणयेण** निश्चयनयेन । स कः ? **जो अप्पा** यः आत्मा । कथंभूतः ? **तिहि तेहि समाहिदो य** त्रिभिस्तैर्दर्शनज्ञानचारित्रैः समाहित एकाग्रः । पुनरपि किं करोति यः ? **ण कुणदि किंचिवि अण्णं ण मुणदि** न करोति किंचिदपि शब्दादात्मनोन्यत्र क्रोधादिकं न च मुंचत्यात्माश्रितमनंत-ज्ञानादिगुणसमूहं **सो मोक्खमग्गोत्ति** स एवं गुणविशिष्टात्मा । कथंभूतो भणितः ? मोक्षमार्ग इति । तथाहि-निजशुद्धात्मरुचिपरिच्छित्तिनिश्चलानुभूतिरूपो निश्चयमोक्षमार्गस्तावत् तत्साधकं कथंचित्स्वसंवित्ति-लक्षणाविद्यावासनाविलयाद्भेदरत्नत्रयात्मकं व्यवहारमोक्षमार्गमनुप्रपन्नो गुणस्थानसोपानक्रमेण निजशुद्धात्म-द्रव्यभावनोत्पन्ननित्यानंदैकलक्षणसुखामृतरसास्वादतृप्तिरूपपरमकलानुभवात् स्वशुद्धात्माश्रितनिश्चयदर्शनज्ञान-चारित्रैरभेदेन परिणतो यदा भवति तदा निश्चयनयेन भिन्नसाध्यसाधनस्याभावादयमात्मैव मोक्षमार्ग

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति । ततः स्थितं सुवर्णपाषाणवन्निश्चयव्यवहारमोक्षमार्गयोः साध्यसाधकभावो नितरां संभवतीति ।।१६१ ।।

**समयव्याख्या : व्यवहारमोक्षमार्गसाध्यभावेन निश्चयमोक्षमार्गोपन्यासोऽयम् । सम्यग्दर्शनज्ञान-चारित्रसमाहित आत्मैव जीवस्वभावनियतचरित्रत्वान्निश्चयेन मोक्षमार्गः । अथ खलु कथञ्चनानाद्यविद्याव्य-पगमाद्व्यवहारमोक्षमार्गमनुप्रपन्नो धर्मादितत्त्वार्थाश्रद्धानाङ्गपूर्वगतार्थाज्ञानातपश्चेष्टानां धर्मादितत्त्वार्थश्रद्धाना-ङ्गपूर्वगतार्थज्ञानतपश्चेष्टानाञ्च त्यागोपादानाय प्रारब्धविविक्तभावव्यापारः, कुतश्चिदुपादेयत्यागे त्याज्योपादाने च पुनः प्रवर्तितप्रतिविधानाभिप्रायो, यस्मिन्यावति काले विशिष्टभावनासौष्ठववशात्सम्यग्दर्शनज्ञानचारित्रैः स्वभावभूतैः सममङ्गाङ्गिभावपरिणत्या तत्समाहितो भूत्वा त्यागोपादानविकल्पशून्यत्वाद्विश्रान्तभावव्यापारः सुनिःप्रकम्पः अयमात्मावतिष्ठते, तस्मिन् तावति काले अयमेवात्मा जीवस्वभावनियतचरितत्वान्निश्चयेन मोक्षमार्ग इत्युच्यते । अतो निश्चयव्यवहारमोक्षमार्गयोः साध्यसाधनभावो नितरामुपपन्न इति ॥ १६१ ॥**

અનુવાદ : વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે, નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા જ જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.

હવે (વિસ્તાર એમ છે કે), આ આત્મા ખરેખર કથંચિત્ (–કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થોસંબંધી અજ્ઞાનના અને અતપમાં ચેષ્ટાના ત્યાગ અર્થે તથા ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થોસંબંધી જ્ઞાનના અને તપમાં ચેષ્ટાના ગ્રહણ અર્થે (–ત્રણના ત્યાગ અર્થે તથા ત્રણના ગ્રહણ અર્થે) વિવિક્ત ભાવરૂપ વ્યાપાર કરતો થકો, વળી કોઈ કારણે ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં અને ત્યાજ્યનું ગ્રહણ થઈ જતાં તેના પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો, જે કાળે અને જેટલા કાળ સુધી વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવને લીધે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે અંગ-અંગીભાવે પરિણતિ વડે તેમનાથી સમાહિત થઈને, ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે (ભેદાત્મક) ભાવરૂપ વ્યવહાર વિરામ પામવાથી (અર્થાત્ ભેદભાવરૂપ–ખંડભાવરૂપ વ્યાપાર અટકી જવાથી) સુનિષ્કંપપણે રહે છે, તે કાળે અને તેટલા કાળ સુધી આ જ આત્મા જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે. આથી, નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે. ૧૬૧.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૧, બુધવાર]

વ્યવહારમોક્ષમાર્ગથી સાધવામાં આવતા નિશ્ચયમોક્ષમાર્ગનું સ્વરૂપ હવે કહે છે. જુઓ, અહીં વ્યવહારમોક્ષમાર્ગને સાધન કહ્યું છે. તે વાત સમજવા જેવી છે. પહેલાં છ દ્રવ્ય-સાત તત્ત્વ વગેરેનો વિકલ્પ આવે છે, પણ તે વખતે જ્ઞાનનું વલણ ચૈતન્ય સ્વભાવ તરફ જાય છે; હું જીવ છું, શરીરાદિ અજીવ છે, પુણ્ય-પાપ બન્ને આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે આસ્રવને રોકવો તે સંવર છે, ને શુદ્ધતા વધતાં કર્મ ખરી જવાં તે નિર્જરા છે, તથા પૂર્ણ શુદ્ધતા પ્રગટે તે મોક્ષ છે–આમ સાત તત્ત્વોનો વિચાર કરે, તથા છ દ્રવ્યોને ભિન્ન ભિન્ન સ્વરૂપે વિચારે–તેમાં વિકલ્પ છે તે તો નિમિત્ત છે, પણ કોને ? કે જે અંતરમાં શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન અને રમણતા પ્રગટ કરે તેને તે વ્યવહાર નિમિત્તથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધન કહેવાય છે. પણ સાધ્યરૂપ તો નિશ્ચય છે, તે નિશ્ચયમોક્ષમાર્ગ વગર વ્યવહારને સાધન કહેવાય નહિ. તેનું સ્વરૂપ ગાથામાં કહે છે :

હું અભેદ જ્ઞાનસ્વભાવી તત્ત્વ છું–એમ સ્વભાવની શુદ્ધ શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં રમણતા—એવાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો આત્મા તે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે. અભેદપણું બતાવવું છે તેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે પરમ સમરસીભાવરૂપે પરિણમેલા આત્માને જ મોક્ષમાર્ગ કહ્યો છે. આવો અભેદ મોક્ષમાર્ગ પ્રગટ કરે તેને વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર સાધન કહેવાય છે. ધ્રુવ સ્વભાવના અવલંબને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટીને આત્મા સાથે એકરૂપ થયાં, તેનું નામ નિશ્ચય મોક્ષમાર્ગ છે. ને ભેદના વિકલ્પ તે વ્યવહાર છે.

શુદ્ધ ઉપાદાન તો ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય છે, તેના અવલંબને જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. ને વ્યવહાર મોક્ષમાર્ગ તે તો નિમિત્ત છે. તે નિમિત્ત પણ ક્યારે ? કે શુદ્ધ ઉપાદાનના આશ્રયે નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ કરે તો. પણ જો વિકલ્પ તે જ અંદરના પરમાર્થ સ્વભાવમાં જવાનું કારણ હોય તો વિકલ્પ તે જ નિશ્ચય સાધન થઈ ગયું, ત્યાં નિશ્ચય અને વ્યવહાર એ બે જુદા ન રહ્યા. રાગે જ સ્વભાવનું કામ કર્યું, ત્યાં રાગ રાગપણે ન રહ્યો પણ રાગ જ સ્વભાવ થઈ ગયો. ચૈતન્ય વસ્તુ ત્રિકાળ છે તે શુદ્ધ છે, તેમાં જો અશુદ્ધતા હોય તો તે કદી ટળે નહિ. અશુદ્ધતા તેની ક્ષણિક પર્યાયમાં છે. જો પર્યાયમાં અશુદ્ધતા ન જ હોય તો અશુદ્ધતા ટાળવાનો પ્રયત્ન કરવાનું રહે નહિ. એટલે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાયમાં અશુદ્ધતા છે તે વ્યવહાર-એમ બન્ને પડખાંને જાણ્યા વિના પ્રમાણજ્ઞાન થાય નહિ.

જીવ હિત કરવા માગે છે; એટલે તેની પર્યાયમાં વર્તમાનમાં હિત નથી. હિત ક્યાંય બહારમાંથી આવતું નથી, પણ અંદરના સ્વભાવમાંથી જ આવે છે. તે સ્વભાવના અવલંબને જ અહિત ટળીને હિત થાય છે, ત્યાર પહેલાં એવો વિચાર આવે કે સર્વજ્ઞદેવ કેવા છે ? તેમણે કહેલાં છ દ્રવ્યો તથા સાત તત્ત્વો કેવાં છે ? એમ વિચાર આવે તે વ્યવહાર છે. પણ જો તે વ્યવહારનું અવલંબન છોડીને અંતરમાં શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરે તો તે રાગને વ્યવહાર સાધનનો આરોપ આવે છે.

જુઓ ! બે વસ્તુઓ છે–એક અંતરનો સ્વભાવ, ને બીજી બહારની વસ્તુઓ તેમાં કોની સન્મુખતાથી કલ્યાણ થાય ? બહિર્મુખવલણથી જો હિત થતું હોય તો કદી અંતરમાં વળવાનું રહે નહિ અને જો અંતર્મુખ વલણથી અહિત થતું હોય તો અહિત કદી ટળે નહિ. અંતર્મુખ વલણ કરતો નથી તેથી જ જીવ સંસારમાં રખડે છે. અંતરસ્વભાવના અવલંબને હિત છે, ને બહારના અવલંબને અહિત છે.

શુદ્ધ સ્વભાવના અવલંબને જેણે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમરસભાવ પ્રગટ કર્યો છે એવો આત્મા નિશ્ચયથી મોક્ષમાર્ગ છે. તે આત્મા કોઈ પણ પરદ્રવ્યનું કાંઈ પણ કરતો નથી. અજ્ઞાની પણ પરનું તો કરતો નથી, પણ પરનું હું કરી દઉં એમ તે માને છે, ધર્મીને ભાન થયું કે અહો ! હું તો જ્ઞાયકમૂર્તિ છું–એવું ભાન થતાં જ્ઞાની જીવ એક પણ પરદ્રવ્યની ક્રિયાને પોતાને આધીન માનતો નથી. તેમ જ સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ આત્મસ્વભાવને કદી છોડતો નથી. એક રજકણની ક્રિયાને પણ પોતાની માનતો નથી એટલે તેને ગ્રહતો નથી, ને તે પ્રત્યેના રાગને પણ કરતો નથી તેમ જ ત્રિકાળી ચિદાનંદ સ્વભાવને કદી છોડતો નથી, આવા આત્માને મોક્ષમાર્ગ હોય છે.

હું પરને ગ્રહું કે પરને છોડું–એવી અજ્ઞાનીને ભ્રાંતિ હતી. પણ જ્યાં આત્માનું ભાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયું ત્યાં ધર્મીજીવને પરના ગ્રહણની કે ત્યાગની મિથ્યાબુદ્ધિ થતી નથી. પરદ્રવ્યોનો તો મારામાં અભાવ છે, તેને હું કદી ગ્રહતો નથી. ને મારા સ્વદ્રવ્યના સ્વભાવને કદી છોડતો નથી-આવું જેને ભાન નથી તે જીવને મોક્ષમાર્ગ હોતો નથી. હું પરને ગ્રહણ કરનાર ને પરનો છોડાવનાર છું. એમ જે માને છે તે જીવ તત્ત્વનો વિરાધક થઈને નિગોદમાં જવાની તૈયારી કરે છે. તત્ત્વનો આરાધક ધર્મી જીવ તો સ્વભાવની શ્રદ્ધાને કદી છોડતો નથી, ને રાગના અંશને સ્વભાવપણે કદી સ્વીકારતો નથી તથા પરદ્રવ્યની ક્રિયાને પોતાની માનતો નથી. રાગ થયો તે મને લાભદાયક છે એમ કોઈ પણ ક્ષણે માનતો નથી. આનું નામ શાંતિનો ઉપાય અને આનું નામ મોક્ષમાર્ગ છે. આ સિવાયનું બધું થોથાં-નકામું છે.

પ્રમાણજ્ઞાન ક્યારે થાય ? કે પદાર્થો જેમ હોય તેમ જાણે તો પ્રમાણજ્ઞાન થાય, પણ વિપરીત માને તો તે મિથ્યાજ્ઞાન છે.

જ્ઞાનસ્વભાવમાં સર્વજ્ઞપણાની તાકાત ભરી છે. તેમાંથી સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. તે સ્વભાવની પ્રતીત અને જ્ઞાન કરીને તેના ધ્યાનથી સર્વજ્ઞદશા પ્રગટ કરીને ભગવાને કેવળજ્ઞાનમાં જેવું વસ્તુસ્વરૂપ જોયું તેની આ વાત છે. જે આત્માએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમરસભાવ પ્રગટ કર્યો છે, ને પરદ્રવ્યની ક્રિયાને જે ગ્રહતો નથી તથા સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતાને છોડતો નથી તે આત્મા જ નિશ્ચયથી મોક્ષમાર્ગ છે. શીરો કરવો હોય તો ઘી-ગોળ ને લોટનો જે વિધિથી થતો હોય તે વિધિથી કરે તો થાય. પહેલાં ઘીમાં લોટ શેકવાને બદલે પાણી નાખે, તો શીરો ન થાય. તેમ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે, તેમાં સમ્યગ્દર્શન વગર વ્રતાદિ કરીને તેને ચારિત્ર માને તો તેને મોક્ષમાર્ગનું ભાન નથી. સંયોગ અને સંયોગના કારણરૂપ જે પુણ્ય તે બન્નેથી ભિન્ન હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું. એવું જેને ભાન નથી તેને મોક્ષમાર્ગ થતો નથી. રાગ તે ખરેખર ચૈતન્યતત્ત્વ નથી, તેના અવલંબને મોક્ષમાર્ગ નથી. પહેલાં શુદ્ધ આત્માનું ભાન કરીને પછી તેમાં સાવધાન થઈને રમણતા કરવી તે મોક્ષમાર્ગ છે. જીવ શું, અજીવ શું, પુણ્ય-પાપ શું...તે બધાં તત્ત્વોને પૃથક્ પૃથક્ ઓળખે પણ નહિ તો તેને આત્મામાં સાવધાની ક્યાંથી થાય ? જ્ઞાયકસ્વભાવને જાણીને તેના અવલંબનમાં ઠર્યો તે જીવ આત્મસ્વરૂપમાં સાવધાન છે. ને તેને જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. આ રીતે આત્માના સ્વભાવના અવલંબનથી જ મોક્ષમાર્ગ છે.

હવે પ્રશ્ન કરે છે કે જો એકલા આત્માના જ આશ્રયે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તો પછી વ્યવહાર મોક્ષમાર્ગને તેનું સાધન શા માટે કહ્યું ?

જુઓ, આવો પ્રશ્ન કોને ઊઠે ? કે જે જીવ સમજવા માટે અંદર વિચારની ગડમથલ કરતો હોય, તેને સમજવા માટે આવો પ્રશ્ન ઊઠે છે. ને સમજવાની જિજ્ઞાસાથી તે પૂછે છે. તેને અહીં સમજાવે છે. જેને સમજવાની દરકાર જ ન હોય તેને પ્રશ્ન ઊઠતો નથી. અહીં શિષ્ય સમજવાની જિજ્ઞાસાથી પૂછે છે કે આત્માના જ આશ્રયે નિશ્ચયમોક્ષમાર્ગ છે. તો પછી વ્યવહારમોક્ષમાર્ગને તેનું સાધન શા માટે કહ્યું ? તેનો ઉત્તર કહે છે.

આત્મા અનાદિકાળથી અવિદ્યાસંયુક્ત છે. અવિદ્યા એટલે અજ્ઞાન. તે તેનો મૂળ સ્વભાવ નથી, પણ પર્યાયમાં અનાદિથી તેને અજ્ઞાન છે. જો અજ્ઞાન ન જ હોય તો ભગવાનપણું હોવું જોઈએ. ને જો અજ્ઞાન તે સ્વભાવ હોય તો તે કદી ટળે નહિ. જેમ પાણીમાં વર્તમાન ઉષ્ણતા હોવા છતાં તે વખતે તેના ઠંડા સ્વભાવનો અભાવ થઈ ગયો નથી. વર્તમાન ઉષ્ણતા પણ છે અને ઠંડો સ્વભાવ પણ છે–એમ જે જાણે તે પાણીને ઠારવાનો ભાવ કરે. તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્માના ત્રિકાળી સ્વભાવમાં ભૂલ નથી. પર્યાયમાં અસદ્ભૂત વ્યવહારથી ભૂલ છે, તે ટળી શકે છે. ભૂલ તે સ્વભાવમાં નથી તેથી ટળી જાય છે. માટે તે અસદ્ભૂત છે. કર્મના કારણે જીવને અજ્ઞાનદશા થઈ છે એમ નથી, પણ અનાદિથી પોતાના કારણે જ જીવની પર્યાયમાં અજ્ઞાન છે. અજ્ઞાન તે અવિદ્યા છે. વિદ્યમાન એવા ધ્રુવસ્વભાવને જાણે તેનું નામ વિદ્યા છે, ને ત્રિકાળી વિદ્યમાનતત્ત્વને ન ઓળખતાં ક્ષણિક રાગને જ પોતાનું સ્વરૂપ માને તેનું નામ અવિદ્યા છે.

સ્વકાળલબ્ધિથી એટલે કે સ્વભાવ તરફના પુરુષાર્થની દશાથી જ્યારે અનાદિની અવિદ્યાનો નાશ કરે ત્યારે જીવને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ હોય છે. જુઓ ! અહીં નિશ્ચયની સાથે વ્યવહારને રાખ્યો છે. એકલો વ્યવહાર નથી લીધો. સ્વભાવને પકડે ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રના રાગને વ્યવહાર કહેવાય. સ્વભાવના અવલંબને જેટલી વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-રમણતા થઈ તે તો નિશ્ચય મોક્ષમાર્ગ છે. ને ત્યાં વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો જે રાગ રહ્યો તેને વ્યવહારથી સાધન કહેવાય છે. આત્માના ભાન વગર અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો, પણ તેને ખરેખર વ્યવહાર કહેવાય નહિ; અંતરમાં જ્ઞાન વડે જ આત્મા પકડાય છે. એ વાત તેના લક્ષમાં ન આવી. અંતરમાં સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા પ્રગટ કરે છે તેને જ અહીં વ્યવહાર ગણ્યો છે. અનાદિથી જે મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર હતા તે મિથ્યારત્નત્રય છે. જ્યાં યથાર્થ સ્વભાવનાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા થયાં ત્યાં તેને મિથ્યારત્નત્રયનો નાશ થઈ જાય છે. યથાર્થ તત્ત્વોનું શ્રદ્ધાન, બાર અંગનું જ્ઞાન તથા યથાર્થ ચારિત્રનું આચરણ–તે મિથ્યારત્નત્રયના નાશનો ઉપાય છે. આવા રત્નત્રયને ગ્રહણ કરવાનો વિચાર આવે તે વ્યવહાર છે. સ્વભાવનાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન કરે તેવા જીવોને આવો વ્યવહાર હોય છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૨, ગુરુવાર]

અજ્ઞાની જીવ અનાદિથી આત્મસ્વભાવને ચૂકીને ગ્રહણયોગ્ય શુદ્ધચેતનાસ્વભાવનો આદર કરતો નથી એટલે કે તેનો ત્યાગ કરે છે અને ત્યાગયોગ્ય મિથ્યાત્વાદિને ગ્રહણ કરે છે. પરચીજનાં ગ્રહણ-ત્યાગની વાત નથી.

ત્રિકાળી નિર્મળ જ્ઞાનાનંદ સ્વભાવ અને વર્તમાન એક સમયની ભૂલ-વિકાર બન્નેને જાણે તો પ્રમાણજ્ઞાન થાય છે. અજ્ઞાની ત્રિકાળી શુદ્ધ સ્વભાવને આદરવા યોગ્ય નહિ માનતાં શુભરાગને ઠીક માને છે તેથી તે સ્વભાવનો આદર કરતો નથી. તેના મિથ્યાજ્ઞાનનું નામ અવિદ્યા છે.

હું ચિદાનંદ છું, પરનો કર્તા-ભોક્તા-સ્વામી નથી, ક્ષણિક રાગ છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી એવું જાણી વિકાર કે જે પોતાનો ક્ષણિક અપરાધ છે તે છોડવા જેવો છે અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ શુદ્ધ છે તે જ ગ્રહણ કરવા યોગ્ય છે એમ જે નથી માનતો અને તેથી અંતર્મુખ દૃષ્ટિ નથી કરતો તે અનાદિથી રખડે છે. સ્વાશ્રય શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ રમણતા થતાં પુણ્યની-વ્યવહારની-કુદેવાદિની શ્રદ્ધાદિરૂપ અજ્ઞાન રત્નત્રયનો ત્યાગ અને યથાર્થ તત્ત્વોનું શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન ને યથાર્થ ચારિત્રરૂપ સમ્યક્ રત્નત્રયને ગ્રહણ કરવાનો વિચાર કરે છે.

વર્તમાન પર્યાયબુદ્ધિ હતી, પુણ્ય-પાપરૂપ શુભાશુભવિકલ્પમાં હિત માનતો હતો, તે વિકારમાં એકતાબુદ્ધિ છોડી ત્રિકાળ જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ જુદો છું એમ સ્વરૂપ અભેદનો આશ્રય કરી નિર્મળ દૃષ્ટિવાન થયો, તે હવે ચારિત્રમાં વિશેષ સ્થિરતાના બળ વડે શુદ્ધિની વૃદ્ધિનો પ્રયત્ન કરે છે. તેનું કારણ તો અભેદ દ્રવ્યસ્વભાવનું આલંબનરૂપ એકાગ્રતા જ છે. પણ વ્યવહારે શુભ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પરૂપ અણુવ્રત-મહાવ્રતાદિનો મંદ રાગ હોય છે, તેમાં હેયબુદ્ધિ હોવાથી તેને ઉપચારથી સાધન કહેવાય છે.

કદી આચરણમાં દોષ લાગે તો શુદ્ધિ કરી લે છે તે વ્યવહાર આલોચના છે. સ્વભાવમાં સ્થિર થતાં નિશ્ચય આલોચના થાય છે. જ્યારે વિશેષપણે શુદ્ધાત્મતત્ત્વની રમણતા કરે છે ત્યારે સ્વાભાવિક આનંદમાં લીન થાય છે. છઠ્ઠા સાતમા ગુણસ્થાને હજારોવાર ઝૂલે છે, સાતમા ગુણસ્થાને પરમાનંદમાં લીન હોય છે. બુદ્ધિપૂર્વકના વિકલ્પ હોતા નથી. જ્ઞાતાદ્રષ્ટા આનંદમય દ્રવ્યસ્વભાવમાં વિશેષ નિશ્ચળ ઠરે છે ત્યાં ગુણગુણીના ભેદરહિત-રાગરહિત અડોલ-અચલ થાય છે. આ મુનિદશાનું વર્ણન ચાલે છે. અત્યારે દૃશ્યમાન ક્ષેત્રે એવા ભાવલિંગી મુનિ સાંભળ્યા નથી. વસ્ત્રપાત્ર મુનિપદમાં હોય નહિ, ત્રણ કષાયનો અભાવ થઈ અતિશય શાંત, નિર્મળ, વીતરાગ, નિર્વિકલ્પદશા નિશ્ચળપણે વર્તે તે મુનિદશા છે. ત્યારે કાંઈ પણ ગ્રહણ-ત્યાગની બુદ્ધિ મટી જાય છે. સ્વભાવને પકડું અને રાગને છોડું એવો વિકલ્પ પણ હોતો નથી. આત્મા જ્ઞાતા દ્રષ્ટા ભગવાન છે તેવી દૃષ્ટિ તો હતી, પણ મુનિ જ્ઞાનાનંદ સ્વભાવની વિશેષ શાંતિમાં હજારોવાર રહે છે. વંદ્ય-વંદકનો વિકલ્પ, શ્રવણ કરવા-કરાવવાનો રાગ સાતમી ભૂમિકામાં હોય નહિ. છઠ્ઠે ગુણસ્થાને સવિકલ્પ હોય છે, સાતમે નિર્વિકલ્પ આનંદમાં સિદ્ધ ભગવાનના જેવો અપૂર્વ આનંદ હોય છે. સિદ્ધ જેટલો પૂર્ણ નથી હોતો.

અખંડાનંદ સ્વરૂપની રુચિ તો હતી જ. છઠ્ઠે પણ સ્વસન્મુખ એકતાનો વિચાર હોય છે તે બુદ્ધિપૂર્વક વિકલ્પથી છૂટી નિર્વિકલ્પ અભેદ આત્મામાં લીન થઈ જાય છે તે વખતે શરીરને વીંછી કરડે, અગ્નિ અડે તેની પણ ખબર રહેતી નથી. સ્વરૂપમાં એવો નિર્ભય નિર્વિકલ્પ શાંતિનો ગઢ બાંધ્યો છે કે ત્યાં કોઈ ઉપસર્ગનો ખ્યાલ નથી. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પમાં આવે ત્યારે જ સંયોગનો ખ્યાલ આવે છે; કારણ કે એક સાથે બે તરફનો ઉપયોગ છદ્મસ્થ દશામાં હોય નહિ. જ્ઞાનચેતના દૃષ્ટિમાં નિરંતર ચાલુ છે પણ સાક્ષાત્ ઉપયોગમાં અંદર એકાગ્રતારૂપ જ્ઞાનચેતના મુનિને સાતમા ગુણસ્થાને હોય છે ત્યાં મહાવ્રતનો કે ભક્તિ આદિ કોઈ પ્રકારનો બુદ્ધિપૂર્વક રાગ હોતો નથી. લોકોએ આવું ભાવલિંગી મુનિપણું સાંભળ્યું પણ નથી. બાહ્ય વેશમાં ને ક્રિયાકાંડમાં મુનિપદ માની લીધું છે પણ તેના આશ્રયે મોક્ષમાર્ગ નથી. ચોથા ગુણસ્થાનથી જ નિરંતર જ્ઞાનચેતનાના સ્વામિત્વભાવે પરિણમન છે. પણ તેના ઉગ્ર આલંબનરૂપ ચારિત્રદશા તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને છે.

મુનિ સ્વસન્મુખતા વડે જેટલા અંશે રાગાદિરૂપ વર્તતા નથી તેટલા અક્રિય છે ને સ્વરૂપાચરણમાં વૃદ્ધિ કરે છે તેટલા અંશે સક્રિય છે. છઠ્ઠે ગુણસ્થાને પણ અલ્પકાળ હોય છે ત્યાં બુદ્ધિપૂર્વક વિકલ્પ છે. પણ શીઘ્ર શીઘ્ર સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પ આનંદમાં લીનતા વારંવાર ચાલુ રહે છે, એવું ત્રણે કાળે ભાવલિંગી મુનિનું સ્વરૂપ છે ને તે જ મોક્ષમાર્ગ છે.

મન, ઈંદ્રિય, વિકલ્પથી પાર નિરાલંબ અભેદ આત્માનુભવને સાક્ષાત્ સ્વસંવેદનથી જાણી શકાય. બાહ્ય વચનાદિથી તેને બતાવી શકાય નહિ. સમજવા માગે તો જ્ઞાનદ્વારા સમજી લે. જ્ઞાનસ્વભાવ નિત્ય ચિદાનંદ છે તેને ચૂકી પરાશ્રયમાં, દેહ-રાગાદિમાં ઠીક માને છે તેને અનંતા પરમાં અનંતી એકતાબુદ્ધિનું અનંતું દુઃખ છે. સ્વાધીન જ્ઞાતા જ છું તેમાં પરાશ્રયમાં અટકવારૂપ દુઃખ હોય નહિ–એ વાત જ્ઞાન કરે તો સમજાય. અનંતા પરથી જુદો, ક્ષણિક રાગથી પણ જુદો, ત્રિકાળ જ્ઞાનાનંદ છું એમાં રુચિ લાવી ઠરે તો પ્રત્યક્ષ એકલા જ્ઞાનમાં જામે, આવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંવેદન કોઈ બહારના કારણથી થતું નથી.

જ્યારે પરમશાંત અમૃતરસમાં અંતરદશાથી આત્માનંદને વેદે છે ત્યાં વિશેષ વીતરાગદશા થાય છે. ત્યાં અતિનિશ્ચળભાવથી આ આત્મા સ્વરૂપગુપ્ત થાય છે ને તે જીવ મોક્ષમાર્ગી કહેવાય છે. ત્યાં અભેદ વીતરાગચારિત્રદશા તે સાધ્ય છે–નિશ્ચય છે અને વ્યવહાર રત્નત્રયના વિકલ્પ-તેને ઉપચારથી વ્યવહારસાધન કહેવાય છે.

આ રીતે નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને સાધ્ય-સાધનભાવની સિદ્ધિ છે.

આચરણમાં નિર્વિકલ્પ લીનતા જામી જાય તે જ મોક્ષમાર્ગ છે. ત્યાં વચ્ચે નિમિત્તરૂપ વ્યવહાર રત્નત્રયનો શુભરાગ આવે તેને ઉપચારથી સાધન કહેવાય છે.

વસ્તુસ્થિતિનું જેને ભાન થયું તેને રાગ હોય તો સર્વજ્ઞ વીતરાગદેવ, નિર્ગ્રંથ દિગંબર ભાવલિંગી મુનિ તે ગુરુ ને સ્વતંત્ર છ દ્રવ્ય વગેરે બતાવનાર સત્યાર્થ શાસ્ત્ર પ્રત્યે જ હોય, બીજા પ્રત્યે વિનયાદિનો રાગ ન હોય. મુનિને ૨૮ મૂળગુણ વગેરેનો જ રાગ તે ભૂમિકાએ વાજબી છે. તેનાથી વિરુદ્ધ રાગ હોય તો તે મુનિપદને યોગ્ય રાગ નથી. જ્ઞાનીને વ્યવહાર રત્નત્રયરૂપ શુભરાગ છે પણ તેના આશ્રયે મોક્ષમાર્ગ નથી. ૧૬૧.

---

**जो चरदि णादि पेच्छदि अप्पाणं अप्पणा अणण्णमयं ।**
**सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि ॥ १६२ ॥**

**यश्चरति जानाति पश्यति आत्मानमात्मनानन्यमयम् ।**
**स चारित्रं ज्ञानं दर्शनमिति निश्चितो भवति ॥ १६२ ॥**

**જાણે, જુએ ને આચરે નિજ આત્મને આત્મા વડે,**
**તે જીવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે નિશ્ચિતપણે. ૧૬૨.**

**અન્વયાર્થ :** [यः] જે (આત્મા) [अनन्यमयम् आत्मानम्] અનન્યમય આત્માને [आत्मना] આત્માથી [चरति] આચરે છે, [जानाति] જાણે છે, [पश्यति] દેખે છે, [सः] તે (આત્મા જ) [चारित्रं] ચારિત્ર છે, [ज्ञानं] જ્ઞાન છે, [दर्शनम्] દર્શન–છે [इति] એમ [निश्चितः भवति] નિશ્ચિત છે.

**तात्पर्यवृत्ति :** अथाभेदेनात्मैव दर्शनज्ञानचारित्रं भवतीति कथनद्वारेण पूर्वोक्तमेव निश्चयमोक्षमार्गं दृढयति–**हवदि भवति सो** सः कर्ता । किं भवति ? **चारित्तं णाणं दंसणमिदि** चारित्रज्ञानदर्शनत्रितयमिति **णिच्छिदो** निश्चितः । स कः ? **जो** यः कर्ता **चरदि णादि पेच्छदि** चरति स्वसंवित्तिरूपेणानुभवति जानाति निर्विकारस्वसंवेदनज्ञानेन रागादिभ्यो भिन्नं परिछिनत्ति पश्यति सत्तावलोकदर्शनेन निर्विकल्परूपेणावलोकयति अथवा विपरीताभिनिवेशरहितशुद्धात्मरुचिपरिणामेन श्रद्धाति । कं **अप्पाणं** निजशुद्धात्मानं । केन कृत्वा ? **अप्पणा** वीतरागस्वसंवेदनज्ञानपरिणतिलक्षणेनान्तरात्मना । कथंभूतं ? **अणण्णमयं** नान्यमयं अनन्यमयं मिथ्यात्वरागादिमयं न भवति । अथवानन्यमयमभिन्नं । केभ्यः ? केवलज्ञानाद्यनंतगुणेभ्य इति । अत्र सूत्रे यतः कारणादभेदविवक्षायामात्मैव दर्शनज्ञानचारित्रत्रयं भवति ततो ज्ञायते द्राक्षादिपानकवदनेकमप्यभेदविवक्षायामेकं निश्चयरत्नत्रयलक्षणं जीवस्वभावनियतचरितं मोक्षमार्गो भवतीति भावार्थः । तथा चोक्तमात्माश्रित निश्चयरत्नत्रयलक्षणं "दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते । स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ॥" १६२ ॥

**समयव्याख्या : आत्मनश्चारित्रज्ञानदर्शनत्वद्योतनमेतत् । यः खल्वात्मानमात्ममयत्वादनन्यमयमात्मना**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चरति – स्वभावनियतास्तित्वेनानुवर्तते, आत्मना जानाति – स्वपरप्रकाशकत्वेन चेतयते, आत्मना पश्यति – याथातथ्येनावलोकयते, स खल्वात्मैव चारित्रं ज्ञानं दर्शनमिति कर्तृकर्मकरणानामभेदान्निश्चितो भवति । अतश्चारित्रज्ञानदर्शनरूपत्वाज्जीवस्वभावनियतचरितत्वलक्षणं निश्चयमोक्षमार्गत्वमात्मनो नितरामुपपन्नमिति ॥ १६२ ॥**

**અનુવાદ : આ, આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).**

**જે (આત્મા) ખરેખર આત્માને–કે જે આત્મમય હોવાથી અનન્યમય છે તેને–આત્માથી આચરે છે અર્થાત્ સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે (–સ્વભાવનિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે), (અનન્યમય આત્માને જ) આત્માથી જાણે છે અર્થાત્ સ્વપરપ્રકાશકપણે ચેતે છે, (અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે અર્થાત્ યથાતથપણે અવલોકે છે, તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે–એમ કર્તા-કર્મ-કરણના અભેદને લીધે નિશ્ચિત છે. આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે એવું નિશ્ચયમોક્ષમાર્ગપણું અત્યંત ઘટે છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન હોવાને લીધે આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં દૃઢપણે રહેલું ચારિત્ર જેનું સ્વરૂપ છે એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે). ૧૬૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૨, ગુરુવાર]

હવે આત્માનાં ચારિત્ર, જ્ઞાન, દર્શનનો પ્રકાશ કરે છે.

જે પુરુષ પોતાના જ્ઞાતાસ્વરૂપથી જ્ઞાનાદિ ગુણ-પર્યાયોથી અભેદ એકરૂપ આચરણ કરે છે, જાણે છે, શ્રદ્ધે છે તે આત્મા જ પોતે ચારિત્ર છે. જાણનાર, દેખનાર, આચરણ કરનાર એ ત્રણ નામભેદરહિત સ્વયં દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થાય છે. રાગરહિત સ્વરૂપાનંદ ધામમાં જામ્યો તેનું નામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જેટલો રાગ રહે છે તે મોક્ષમાર્ગ નથી. ચિદાનંદમય પરમશાંત વીતરાગી આનંદની રમત અંદરમાં માંડી તેનું નામ સાચો મોક્ષમાર્ગ છે.

**ભાવાર્થ :** ખરેખર જે આત્મા પોતાવડે (મન, ઈંદ્રિય, વિકલ્પ, શરીરાદિ દ્વારા નહિ) પોતાને અભેદરૂપ આચરણ કરે છે તે અંતર જ્ઞાનાનંદમાં લીન થઈ જાય છે તે જ ચારિત્ર છે, કેમકે અભેદદૃષ્ટિએ આત્મા ગુણગુણીભાવથી એક છે. જેમ ગોળ ને ગળપણ એક છે, લીંબુ ને તેની ખટાશ એક છે તેમ નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવ અને સ્વભાવવાન આત્મા એક છે. એ રીતે નિર્મળ પ્રતીતિ અનુસાર સાક્ષાત્ પોતાના સ્વભાવથી નિશ્ચલભાવમાં પ્રવર્તે છે ત્યાં વિકલ્પની ઉત્પત્તિ ન થઈ અને અન્ય કારણ વિના એટલે કે નિમિત્ત, મન, રાગ વિના પોતે જ પોતાને મુક્તાનંદરૂપ જાણે છે, તે મોક્ષમાર્ગી છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૩, શુક્રવાર]

સમ્યક્ચારિત્ર તે મોક્ષનું કારણ છે, તેનું આ વર્ણન છે. સ્વ-પરપ્રકાશક ચૈતન્ય શક્તિદ્વારા આત્મા જ આત્માનો અનુભવી થાય છે. રાગદ્વારા અનુભવ કરે તે ખરું ચારિત્ર નથી. આત્માનો જે કાયમી જાણનાર-દેખનાર સ્વભાવ છે તેના દ્વારા જ અનુભવ કરવો તે નિશ્ચય ચારિત્ર છે અને પોતાના દ્વારા દેખે તથા જાણે છે તેથી આત્મા જ નિશ્ચયથી જ્ઞાન-દર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ છે, તે સ્વભાવમાં અંતરલીનતા તે ચારિત્ર છે. બહારની ક્રિયામાં કે રાગમાં ચારિત્ર નથી. આત્માનાં નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન કરીને તેના અનુભવમાં જે લીન થયો છે તે ભેદવિજ્ઞાની પુરુષ પોતે જ ચારિત્ર છે, પોતે જ જ્ઞાન છે, ને પોતે જ દર્શન છે.

ગુણગુણીભેદથી આત્મા કર્તા છે ને જ્ઞાનાદિ તેનું કર્મ છે – એવો ભેદ છે તે વ્યવહાર છે; નિશ્ચયથી કર્તાકર્મ અભેદ છે. વ્યવહારમાં જે રાગનો વિકલ્પ ઊઠે તે ચારિત્ર નથી. આત્મા કર્તા ને જ્ઞાન તેનું કાર્ય–એવા ભેદનો વિકલ્પ ઊઠે તે પણ નિશ્ચયથી ચારિત્ર નથી. શરીરાદિથી તો આત્મા ભિન્ન છે, રાગ થાય તે પણ આત્માનું સ્વરૂપ નથી, ને 'હું આત્મા કર્તા, જ્ઞાન મારું કાર્ય, ને જ્ઞાનશક્તિ તે કરણ' એવો જે ભેદ છે તે પણ વ્યવહાર છે; તે ભેદનો આશ્રય છોડીને અભેદ આત્માના આશ્રયે જ નિશ્ચયચારિત્ર હોય છે. આત્મા કર્તા ને નિર્વિકારી જ્ઞાન-દર્શન-ચારિત્રપર્યાય તેનું કર્મ અને શક્તિ તે તેનું સાધન ઇત્યાદિ છ કારકના ભેદ પાડવા તે વ્યવહાર છે, તેના લક્ષે વિકલ્પ થાય છે, તે ખરેખર ચારિત્ર નથી. આત્મા પરને કરે કે રાગને કરે - એ વાત તો અહીં લીધી નથી, પણ આત્મા પોતાના જ્ઞાનની નિર્મળદશાને કરે—એવો ભેદ પાડવો તે પણ વ્યવહાર છે. કર્તા કર્મના ભેદરહિત એકાકાર અભેદ ચૈતન્યમાં લીનતા થવી તેનું નામ નિશ્ચયચારિત્ર છે ને તે મોક્ષમાર્ગ છે. અજ્ઞાની તો હજી દેહની ક્રિયા આત્મા કરે–એમ માને છે, તેને તો દેહથી જુદાપણું પણ ભાસતું નથી. વાસ્તવિક આત્માના ભાન વગર પુણ્ય કરીને અનંતવાર સ્વર્ગમાં ગયો, પણ ભવનો અંત ન આવ્યો. આત્માના ભાન વિના ત્યાગી થાય ને મહાવ્રત પાળે તોપણ તેને ચારિત્ર કહેતા નથી. અંદરમાં અસંગ ચૈતન્ય સ્વભાવમાં એકાકાર થઈને વીતરાગી પરિણતિ થવી તે નિશ્ચય ચારિત્ર છે. નિરાળા ચૈતન્ય તત્ત્વનું જેને ભાન છે, રાગરહિત ને દેહરહિત હું ચિદાનંદ તત્ત્વ છું એવું જેણે ભાન કર્યું છે, તેને ચારિત્ર કેમ થાય તેની આ વાત છે. સમ્યગ્દર્શન પછી પણ જે દયાદિના વિકલ્પ ઊઠે કે ગુણગુણીભેદના વિકલ્પ ઊઠે તે ખરેખર ચારિત્ર નથી, ચારિત્રમાં ભેદનો આશ્રય નથી, પણ એકાકાર ચૈતન્યદ્રવ્યના આશ્રયે જ વીતરાગી ચારિત્ર થાય છે.

શરીરાદિ કે રાગાદિ કોઈ ચારિત્રનું સાધન નથી, અંતરની ચૈતન્યશક્તિ જ મારા ચારિત્રનું સાધન છે, આ પ્રમાણે કર્તા-કર્મ ને કરણના ભેદથી વિચાર કરવો તે પણ વ્યવહાર છે, તે ખરું ચારિત્ર નથી. ભાઈ ! અનંત અનંતકાળથી ભવનો અંત ન આવ્યો, તો વિચાર કર કે સર્વજ્ઞદેવે કહેલી અચિંત્ય વસ્તુ સમજવી બાકી રહી ગઈ છે. અંદરમાં દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ શું છે તેના ભાન વિના ભેદજ્ઞાન થાય નહિ ને ભેદજ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. ચારિત્ર તો અંદરની નિર્વિકારી દશા છે. ચિદાનંદ સ્વભાવમાં અંતર રમણતા કરતો હોય તેનું નામ ચારિત્રદશા છે. જ્યાં હું કર્તા, જ્ઞાન મારું કાર્ય–એવા ભેદનો વિચાર ઊઠે ત્યાં પણ શુભરાગ છે. જેમ દરિયો પોતાના કારણે હિલોળે ચડે છે, તેમ અંતરમાં ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં લીન થતાં ધર્મી જીવ આત્માના આનંદના હિલોળે ચડ્યો છે, તેમાં કર્તા-કર્મ-કરણ એવા ભેદના વિકલ્પ પણ નથી. જેમ દરિયો તોફાને ચડે ત્યારે તેમાં વહાણ ચાલી ન શકે, તેમ જ્યાં આત્મામાં આનંદ સમુદ્ર ઊછળ્યો–ને આત્મા શાંતરસના તોફાને ચડ્યો ત્યાં 'હું કર્તા ને જ્ઞાન મારું કર્મ'' એવા ભેદનો વિકલ્પ પણ હોતો નથી. ત્યાં આત્મા પોતાના ખરા સ્વરૂપમાં આવી ગયો છે. જુઓ આ ચારિત્રદશા !! હું અખંડ જ્ઞાનમૂર્તિ છું, મારું સિદ્ધસ્વરૂપ મારી શક્તિમાં પડ્યું છે. એમ શક્તિની પ્રતીત કરીને તેમાં લીન થતાં એવો ઉપશમરસ ઊછળે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે ત્યાં કર્તા-કર્મ વગેરે ભેદના વિકલ્પનું ઉત્થાન પણ હોતું નથી. જુઓ, આવી મુનિની દશા છે.

દેહથી ને રાગથી તો જુદો, ને અંદર ગુણ-ગુણીના ભેદના વિકલ્પથી પણ જુદો, એકાકાર ચિદાનંદ મૂર્તિ આત્મા લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થયો, તેનું નામ ચારિત્ર છે. અહો ! તું આનંદનો સાગર છો, સ્વભાવમાં પરિણતિ લીન થઈને આનંદના હિલોળે ચડી, ત્યાં ભેદનો વિકલ્પ હોતો નથી,–આવી સ્વરૂપની લીનતા જામે તેને ભગવાન ચારિત્ર કહે છે.

સંસારનો સંયોગ તો પુણ્યથી મળે છે. તે સંયોગો આત્માને કાંઈ મદદ પણ કરતા નથી, ને હેરાન પણ કરતા નથી છતાં જે જીવ સંયોગને હું મેળવી શકું એમ માને છે ને સંયોગથી પોતાને લાભ-નુકસાન માને છે તે જીવ સંયોગનો ગોલો (દાસ) થાય છે. અહીં તો એમ કહેવું છે કે ભાઈ ! સંયોગ તો પ્રારબ્ધને લીધે મળે છે. છતાં ત્યાં કેમ પ્રયત્ન કરે છે ? આત્માનો ધર્મ તો પુરુષાર્થથી પ્રગટે છે. તે કાંઈ પૂર્વના પ્રારબ્ધથી નથી મળતો, માટે ચૈતન્યની પ્રતીત કરીને ત્યાં પ્રયત્ન કર. અખંડાનંદ સ્વભાવની પ્રતીત અને જ્ઞાન કરે તેને રાગ ઘટ્યા વિના રહે નહિ.

પહેલાં વ્યવહાર બતાવ્યો હતો કે સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યોની પ્રતીત હોવી જોઈએ, તેનાથી વિપરીત માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે, સર્વજ્ઞદેવે કહેલાં તત્ત્વોની વિચારણા હોય તેને વ્યવહાર કહ્યો હતો, પણ જેટલે અંશે આત્મસ્વભાવનો આશ્રય કરીને ચારિત્રદશા થાય તેટલે અંશે તો તે રાગ પણ રહેતો નથી. ભેદનો–વ્યવહારનો વિકલ્પ હોય–તેને ધર્મી જીવ ખરેખર ચારિત્ર માનતા નથી. છ દ્રવ્ય વગેરેનો વિકલ્પ આવે તે પણ ચારિત્રમાં બાધક છે. નિમિત્ત તરીકે તે વચ્ચે હોય છે. તેનું જ્ઞાન કરાવવા તેને વ્યવહારથી સાધન કહ્યું હતું, પણ અંદર સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય જેને પ્રગટ્યો હોય તેને તે વ્યવહાર કહેવાય છે. જ્યાં અંતરમાં લીનતા પ્રગટી ત્યાં તો તે વ્યવહારનો વિકલ્પ પણ હોતો નથી, ત્યાં ભેદરહિત લીનતા વર્તે છે.

માલ લેવા જાય ત્યાં પહેલાં કિંમત-તોલ વગેરેનો વિચાર આવે પણ પછી ખાતી વખતે તેનો વિચાર હોતો નથી; તેમ પહેલાં સર્વજ્ઞદેવે કહેલાં તત્ત્વોનો નિર્ણય કરવા માટે વિચાર આવે છે, પણ તત્ત્વનો નિર્ણય કરીને પછી તેમાં એકાગ્ર થઈને અનુભવમાં લીન થયો. તે વખતે ભેદના વિકલ્પો હોતા નથી; ચારિત્રદશામાં નિમિત્તનું, રાગનું કે ભેદનું આલંબન નથી, અખંડ ચૈતન્યનું જ અવલંબન છે.

એકલું બારદાન લઈને નીકળે પણ માલને ન ઓળખે તો કયો માલ લેશે ? તેમ એકલા વ્યવહારના વિચારમાં રોકાય, પણ અભેદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા ન કરે તો ધર્મ મળે નહિ. જે દુકાને જે માલ મળતો હોય ત્યાં જાય તો તે માલ મળે. અફીણવાળાની દુકાને માવો ન મળે, ને કંદોઈની દુકાને અફીણ ન મળે. 'માવો' તો અફીણનો પણ કહેવાય, ને દૂધનો પણ કહેવાય પણ તેને જુદા ઓળખે નહિ તો દૂધના માવાને બદલે અફીણનો માવો લાવશે. તેમ ધર્મ ક્યાં મળે ? ધર્મ તો અંદરમાં ચૈતન્યસ્વભાવના જ આશ્રયે મળે છે, કોઈ નિમિત્તના–રાગના કે ભેદના આશ્રયે ધર્મ મળતો નથી. પહેલાં આવું ભાન પણ ન કરે ને શુભરાગથી ધર્મ માની લ્યે તો તેને ધર્મને બદલે મિથ્યાત્વ થશે. પહેલાં ઓળખાણ કરીને પછી અંતરના અનુભવમાં એકાગ્રતા થાય તેનું નામ ચારિત્રદશા છે. અહો ! મોક્ષને માટે આત્મા મસ્તીએ ચડ્યો છે–એવી ચારિત્રદશા છે. ચારિત્ર તે આત્માથી ભિન્ન નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનદર્શનસ્વરૂપ આત્મા જ ચારિત્ર છે. જીવનો જ્ઞાનદર્શન સ્વભાવ છે.–એવા સ્વભાવને નક્કી કરીને તેમાં લીનતા થાય–એનું નામ ચારિત્ર છે. નિશ્ચયથી આત્મા જ ચારિત્ર છે. જીવનો સ્વભાવ જ્ઞાન અને દર્શન છે–તે સ્વભાવમાં નિશ્ચલ થઈને સ્વભાવનું આચરણ કરતાં નિશ્ચયમોક્ષમાર્ગ સર્વપ્રકારે સિદ્ધ થાય છે. આવા મોક્ષમાર્ગ વિના કદી સિદ્ધિ થતી નથી.

હું કોણ છું ને મારો સ્વભાવ શું છે ? તથા વર્તમાનમાં અલ્પતા કેમ છે ? એમ અંદરમાં યથાર્થ ભાન કરીને તેમાં નિશ્ચલ થઈને ઠરે તેનું નામ નિશ્ચય-મોક્ષમાર્ગ છે.–આ નિયમથી મોક્ષમાર્ગ છે.

અહો ! આવો મોક્ષમાર્ગ જગતમાં બધા જીવોને હોતો નથી. તેથી હવે જગતના બધા જીવોને મોક્ષમાર્ગની યોગ્યતા હોવાનો નિષેધ કરે છે. જગતમાં કેટલાક અભવ્ય જીવો છે, તેઓને કદી મોક્ષમાર્ગ થતો નથી. જ્ઞાનાનંદ સ્વભાવી આત્મામાં જ શાંતિ છે, આત્માને સ્વભાવથી જ આનંદ છે. ઈંદ્રિયોનું સુખ તે સુખ નથી; અંતરસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન ને એકાગ્રતાથી જ પરમાનંદ પ્રગટીને મુક્તિ થાય છે – આવું જે નથી માનતા તેઓ પણ વર્તમાનમાં તો અભવ્ય જેવા છે. આ વાત ગાથામાં કહે છે : ૧૬૨.

---

**जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि ।**
**इदि तं जाणदि भविओ अभव्वसत्तो ण सद्दहदि ॥ १६३ ॥**

**येन विजानाति सर्वं पश्यति स तेन सौख्यमनुभवति ।**
**इति तज्ञानाति भव्योऽभव्यसत्त्वो न श्रद्धत्ते ॥ १६३ ॥**

**જાણે–જુએ છે સર્વ તેથી સૌખ્ય-અનુભવ મુક્તને;**
**-આ ભાવ જાણે ભવ્ય જીવ, અભવ્ય નહિ શ્રદ્ધા લહે. ૧૬૩.**

**અન્વયાર્થ :** [येन] જેથી (આત્મા મુક્ત થતાં) [सर्वं विजानाति] સર્વને જાણે છે અને [पश्यति] દેખે છે, [तेन] તેથી [सः] તે [सौख्यम् अनुभवति] સૌખ્યને અનુભવે છે;–[इति तद्] આમ [भव्यः जानाति] ભવ્ય જીવ જાણે છે, [अभव्यसत्त्वः न श्रद्धत्ते] અભવ્ય જીવ શ્રદ્ધતો નથી.

---

**तात्पर्यवृत्ति :** इति मोक्षमार्गविवरणमुख्यत्वेन गाथाद्वयं गतं । अथ यस्य स्वाभाविकसुखे श्रद्धानमस्ति, स सम्यग्दृष्टिर्भवतीति प्रतिपादयति, – **जेण** अयं जीवः कर्ता येन लोकालोकप्रकाशककेवलज्ञानेन **विजाणदि** विशेषेण संशयविपर्ययानध्यवसायरहितत्वेन जानाति परिच्छिनत्ति । किं ? **सव्वं** सर्वं जगत्त्रयकालत्रयवर्ति वस्तुकदम्बकं । न केवलं जानाति । **पेच्छदि** येनैव लोकालोकप्रकाशककेवलदर्शनेन सत्तावलोकेन पश्यति **सो तेण सोक्खमणुभवदि** स जीवस्तेनैव केवलज्ञानदर्शनद्वयेनानवरतं ताभ्यामभिन्नं सुखमनुभवति **इदि तं जाणदि भवियो** इति पूर्वोक्तप्रकारेण तदनंतसुखं जानात्युपादेयरूपेण श्रद्दधाति स्वकीयस्वकीय-गुणस्थानानुसारेणानुभवति च । स कः ? भव्यः **अभविय सत्तो ण सद्दहदि** अभव्यजीवो न श्रद्दधाति । तद्यथा । मिथ्यात्वादिसप्तप्रकृतिनां यथासंभवं चारित्रमोहस्य चोपशमक्षयोपशमक्षये सति स्वकीयस्वकीयगुण-स्थानानुसारेण यद्यपि हेयबुद्ध्या विषयसुखमनुभवति भव्यजीवः तथापि निजशुद्धात्मभावनोत्पन्न-मतीन्द्रियसुखमेवोपादेयं मन्यते न चाभव्यः । कस्मादिति चेत् । तस्य पूर्वोक्तदर्शनचारित्रमोहनीयोपशमादिकं न संभवति ततश्चैवाभव्य इति भावार्थः ॥ १६३ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समयव्याख्या : सर्वस्यात्मनः संसारिणो मोक्षमार्गार्हत्वनिरासोऽयम् । इह हि स्वभाव-प्रातिकूल्याभावहेतुकं सौख्यम् । आत्मनो हि दृशि-ज्ञप्ती स्वभावः । तयोर्विषयप्रतिबन्धः प्रातिकूल्यम् । मोक्षे खल्वात्मनः सर्वं विजानतः पश्यतश्च तदभावः । ततस्तद्धेतुकस्यानाकुलत्वलक्षणस्य परमार्थसुखस्य मोक्षेऽनुभूतिरचलिताऽस्ति । इत्येतद्‍भव्य एव भावतो विजानाति, ततः स एव मोक्षमार्गार्हः । नैतदभव्यः श्रद्धत्ते, ततः स मोक्षमार्गानर्ह एवेति । अतः कतिपये एव संसारिणो मोक्षमार्गार्हा न सर्व एवेति ॥ १६३ ॥**

**અનુવાદ : આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.**

**ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે. આત્માનો 'સ્વભાવ' ખરેખર દશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે. તે બંનેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે. મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે. (અર્થાત્ મોક્ષમાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ હોય છે). તેથી તેનો અભાવ જેનું કારણ છે એવા અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે.–આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે, તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે; અભવ્ય જીવ એ પ્રમાણે શ્રદ્ધતો નથી. તેથી મોક્ષમાર્ગને અયોગ્ય જ છે.**

**આથી (એમ કહ્યું કે) કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે, બધાય નહિ. ૧૬૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૩, શુક્રવાર]

આત્મા પોતાના સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ વડે પરમાનંદ દશા પામે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થઈને જે પરમાનંદ દશા પ્રગટી ત્યાં એકલા આત્માને પોતાના સ્વભાવથી જ આનંદ છે, કોઈ બહારના પદાર્થથી આનંદ નથી. સંસારમાં જીવો પોતાની કલ્પનાથી જ પર પદાર્થોમાં સુખ-દુઃખ માને છે. તે સુખગુણની વિપરીતદશા છે. ભગવાનને પૂર્ણ જ્ઞાન અને આનંદદશા પ્રગટી ગઈ છે. એવા ભગવાનને પૂર્ણ સુખનો અનુભવ છે. આવા અતીંદ્રિય સુખને નિકટ ભવ્ય જીવો જ શ્રદ્ધે છે. ને તેઓ જ મોક્ષમાર્ગને યોગ્ય છે. અભવ્યજીવો આત્માના અતીંદ્રિય સુખને શ્રદ્ધતા નથી, તેઓ મોક્ષમાર્ગને લાયક નથી.

વચ્ચે વ્યવહાર અને વિકલ્પ આવે તે પુણ્ય છે, તેને જે મોક્ષનું કારણ માને છે, તેને આત્માના સુખની પ્રતીત નથી. એટલે વ્યવહારના આશ્રયથી મોક્ષ થવાનું માને તે પણ અભવ્ય જેવો છે. કેવળી ભગવાનના અને સિદ્ધ ભગવાનના જ્ઞાન તથા આનંદમાં ફેર નથી; તેઓ સમસ્ત જ્ઞેયોને જાણે-દેખે છે, ને પૂર્ણ સુખને અનુભવે છે.

આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ છે, તે સ્વભાવને પકડીને તેમાં રમણતા કરતાં પૂર્ણ જ્ઞાનદર્શન પ્રગટે છે. અને ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે-દેખે છે. તથા તેઓ પોતાના સ્વભાવના અતીંદ્રિય સુખને ભોગવે છે. ભગવાનને પૂર્ણ જ્ઞાનદર્શન પ્રગટ્યાં છે તેથી પૂર્ણ સુખ છે. આવું પરમાર્થ સુખ છે તે જ ઉપાદેય છે. આવા સુખને અભવ્ય જીવ શ્રદ્ધતો નથી. ને નિકટ ભવ્ય જીવો તેને શ્રદ્ધે છે. અહો ! સુખ તો આત્મામાં છે, બહારમાં સુખ નથી. ને ભેદનો વિકલ્પ ઊઠે તેમાં પણ મારું સુખ નથી–આમ શુદ્ધ આત્માના સુખની પ્રતીત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિકટ મોક્ષગામી જીવોને જ આવે છે. જુઓ; અહીં પુણ્યપાપથી જુદા શુદ્ધ આત્માની પ્રતીત કરાવે છે. જેણે પુણ્યને સુખદાયક માન્યું તેણે પુણ્યરહિત શુદ્ધ આત્માના સુખની પ્રતીતિ કરી નથી. તે જીવને મોક્ષમાર્ગ હોતો નથી.

અહો ! અનાકુળ સ્વભાવની રમણતાથી જ મુક્તિ અને પરમાનંદદશા પ્રગટે છે. આવા સ્વભાવને ધર્મી જીવ ઉપાદેય માને છે, ને પોતપોતાના ગુણસ્થાન અનુસાર તે સુખને અનુભવે છે. આત્માના સ્વભાવમાં જ સુખ છે. એવી શ્રદ્ધા તો બધા જ્ઞાનીને સરખી છે, પણ તે સુખનો અનુભવ ગુણસ્થાન અનુસાર વધતો જાય છે. જેમ જેમ અંતરમાં એકાગ્રતા કરતા જાય છે તેમ તેમ અનાકુળ શાંતિનું વેદન વધતું જાય છે.

આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ છે. તે પોતાના પુરુષાર્થથી રોકાય ત્યારે આવરણને નિમિત્ત કહેવાય છે. આવરણ તો સંયોગ છે. તેના કારણે કાંઈ સુખ-દુઃખ નથી. ધર્મી તથા મુનિ અંતરના આનંદના અનુભવમાં લીન હોય, ને બહારમાં સિંહ આવીને શરીરને ખાઈ જતા હોય ! પણ બહારની પ્રતિકૂળતાનું કાંઈ દુઃખ નથી. ઊંધા પુરુષાર્થથી કર્મ બંધાયું હતું તે સવળા પુરુષાર્થથી નાશ પામે છે. પોતે પોતાના જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવને ભૂલ્યો ત્યારે જ્ઞાનાવરણાદિકર્મ બંધાયાં હતાં, ને જ્ઞાનદર્શન સ્વભાવને ઓળખીને તેમાં એકાગ્ર થતાં તે આવરણ ટળી જાય છે, ને કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રગટે છે, ત્યાં આત્મિક શાંતરસ ઊપજે છે તેનું નામ સુખ છે–આવું પરમાર્થ સુખ મોક્ષમાં જ છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૪, શનિવાર]

આ મોક્ષમાર્ગનો અધિકાર છે. મોક્ષ એટલે આત્માની પૂર્ણ પવિત્ર દશા; તેનું કારણ ચારિત્ર છે. આત્માના જ્ઞાનદર્શન સ્વભાવમાં રમણતા કરવી તેનું નામ ચારિત્ર છે. પોતાના સ્વભાવમાં લીનતા કરે તેને ચારિત્ર કહેવાય કે પરમાં લીન થાય તેને ચારિત્ર કહેવાય ? પોતાના સ્વભાવમાં લીન થવું તે જ ચારિત્ર મોક્ષનું કારણ છે. આત્માના જ્ઞાનદર્શન સ્વભાવથી અનન્યમયતા એટલે કે એકતા થવી તેનું નામ સમ્યક્ચારિત્ર છે; આવા ચારિત્રથી મુક્તિ થાય છે. આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ છે. તેને પર્યાયમાં હીનતા છે, તેમાં નિમિત્તરૂપે આવરણ છે. ખરેખર તો ભાવઆવરણથી જ્ઞાન-દર્શન અટક્યાં છે, ત્યાં દ્રવ્યકર્મનું આવરણ તો નિમિત્ત છે. પોતાનો જેવો સ્વભાવ તેવા સ્વભાવમાં પરિપૂર્ણ રમણતા ન કરે ને અપૂર્ણતા રહે - તેટલું ભાવઆવરણ છે, ને તેમાં નિમિત્તરૂપ જડકર્મ છે. જો આવરણ ન હોય તો સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું પ્રગટ હોવું જોઈએ. જ્યાં સુધી પૂર્ણ જાણવું–દેખવું ન થાય ત્યાં સુધી આત્માની પર્યાયમાં અપરાધ છે, અપરાધ કહો કે ભાવઆવરણ કહો–તે એક જ છે. જ્ઞાન-દર્શન સ્વભાવની પ્રતીત કરીને તેમાં જેટલી રમણતા કરે તેટલું સુખ છે. આત્માના સ્વભાવનું ભાન કરીને તેની સન્મુખ થઈને એકાગ્રતા કરતાં ભાવઆવરણ ટળે છે, ને ભાવઆવરણ ટળતાં દ્રવ્યકર્મનું આવરણ પણ ટળી જાય છે. આવરણનો નાશ થતાં એટલે કે જ્ઞાનદર્શનનો સંપૂર્ણ વિકાસ થતાં પૂર્ણ આત્મિક સુખ પ્રગટે છે.

જ્ઞાનદર્શન સ્વભાવ તે જ આત્માનો સ્વાભાવિકભાવ છે, રાગ-દ્વેષાદિ ભાવો થાય તે કાંઈ આત્માનો સ્વાભાવિક ભાવ નથી. સ્વાભાવિકભાવ પ્રગટતાં આવરણનો વિનાશ થાય છે. ને આત્માનો શાંતરસ પ્રગટે છે, તેનું નામ સુખ છે. જ્ઞાનદર્શનસ્વભાવ તે આત્માનું ઘર છે, તેમાં જેટલી લીનતા તેટલું સુખ છે. આત્માના જ્ઞાનદર્શન સ્વભાવમાં જેટલું આવરણ તેટલું દુઃખ છે. ભગવાનઆત્માનો સ્વભાવ તો જાણવું ને દેખવું છે, તેમાં રાગ-દ્વેષ-મોહથી જેટલું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવરણ છે તેટલું દુઃખ છે. આ સિવાય સંયોગથી સુખ કે દુઃખ નથી.

આત્માના જ્ઞાનદર્શન સ્વભાવમાં દુઃખ નથી, પણ રાગ-દ્વેષ-મોહની લાગણીથી તે સ્વભાવ જેટલો પ્રતિબદ્ધપણું પામે તેટલું દુઃખ છે. બહારમાં કાંઈ દુઃખ નથી, પોતાનો પૂર્ણ જ્ઞાનદર્શનસ્વભાવ હોવા છતાં પરના અવલંબને અટકીને અલ્પજ્ઞપણે પરિણમે તે દુઃખ છે, ને જ્ઞાનાનંદ સ્વભાવમાં અંતર્લીન થતાં કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટે છે, ત્યાં પૂર્ણ સુખ છે. સ્વાધીન સ્વભાવ પૂર્ણ પ્રગટી ગયો તેનું નામ સુખઃ તે સ્વભાવને ચૂકીને રાગાદિભાવોમાં અટકે તેટલું દુઃખ છે.

જેમ શરીરમાં નખ તેની મર્યાદાથી વધી જાય તો તે દુઃખનું કારણ થાય છે. આ તો દ્રષ્ટાંત છે. તેમ ચૈતન્યસ્વભાવમાં રાગ-દ્વેષની ઉપાધિ તે દુ;ખ છે. ચિદાનંદ સ્વભાવની જાણવા-દેખવાની મર્યાદા છે, તે મર્યાદાથી બહાર નીકળીને રાગદ્વેષ-મોહની ઉપાધિમાં અટકવું તે દુઃખ છે. જ્ઞાનસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતા કરતાં સર્વ આવરણનો અભાવ થઈને મોક્ષદશા પ્રગટે છે, તેમાં પૂર્ણ સુખ છે. બહારના બાગ-બગીચા કે કેરીના રસમાં સુખ નથી, પરની આશા કરે તે તો દુઃખ છે. ધર્મીજીવને પણ જેટલી સ્વરૂપમાં લીનતા છે, તેટલું સુખ છે ને જેટલી લીનતા નથી તથા રાગદ્વેષ થાય છે, તેટલું તેને પણ દુઃખ છે. હું જ્ઞાતા છું. એમ ભૂલીને રાગાદિની લાગણીમાં જ આત્માને રોકી રાખવો તે દુઃખ છે. જ્યાં જ્ઞાનસ્વભાવનું ભાન કરીને તેમાં પૂર્ણ રમણતા કરી ત્યાં કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રગટે છે, ને આવરણનો સર્વથા અભાવ થાય છે, તેથી ત્યાં પૂર્ણ આનંદ છે. સર્વજ્ઞભગવાનને નિરાકુળ સુખનો નિશ્ચલ અનુભવ છે, તે જ પારમાર્થિક આત્મિક સુખ છે. જ્ઞાન-દર્શન બધું જાણે-દેખે છે, એટલે જાણવા-દેખવામાં ક્યાંય રાગદ્વેષ કરીને અટકતું નથી, તેથી ભગવાનને પૂર્ણ આત્મિક સુખ છે, એ સિવાય સ્વર્ગના ઈંદ્રને પણ પૂર્ણ-સુખ નથી. સંયોગથી સુખ કે દુઃખ નથી, સિદ્ધ ભગવંતો સંયોગ વગર પોતાના સ્વભાવથી જ સુખી છે અને નિગોદના જીવને બહારમાં પ્રતિકૂળતાનો સંયોગ દેખાતો નથી, છતાં તેને નરક કરતાં ય અનંતુ દુઃખ છે. તે દુઃખ શેનું છે? અંદર આત્માની દશામાં ચૈતન્યની વિરાધના થઈને તેનાં જ્ઞાનદર્શન અત્યંતપણે અવરાઈ ગયાં છે. તેથી જ ત્યાં દુઃખ છે. જ્ઞાનદર્શનની અત્યંત હીણી પર્યાય થઈ ત્યાં તીવ્ર મોહ છે. તેનું દુઃખ છે. બટાટાને તેલમાં તળે તેનું કાંઈ તેને દુઃખ નથી. પણ પોતાના જ્ઞાનદર્શનસ્વભાવને ભૂલીને તીવ્ર મોહથી તેમની પર્યાય હણાઈ ગઈ છે – તેથી જ તેઓ દુઃખી છે. કેરીનો રસ ખાતો હોય ને તેમાં સુખ માનતો હોય – તે વખતે પણ તે જીવ આકુળતાથી દુઃખી છે, પણ મૂઢતાથી તેમાં સુખ માને છે. જ્ઞાનદર્શન સ્વભાવ જ્યાં પૂરો પ્રગટ્યો ત્યાં જ પૂરું સુખ છે. આવા સ્વભાવસુખની પ્રતીત ભવ્યજીવો જ કરે છે. બહારના પદાર્થોમાં તો સુખ નથી, ને દયાના શુભપરિણામ થાય તેમાં પણ સુખ નથી. જ્ઞાનદર્શન સ્વભાવમાં જ સુખ છે. આવી શ્રદ્ધા ભવ્યજીવોને જ થાય.

ધર્મી અભવ્ય જીવો પણ પોતપોતાના ગુણસ્થાન અનુસાર રાગવાળી દશામાં વિષયોને ભોગવે છે. પણ તેમાં તેમને હેયબુદ્ધિ છે. અંદરમાં ચિદાનંદ સ્વભાવના સુખને જ તેઓ ઉપાદેય માને છે. વિષયોના સુખમાં ધર્મીને કદી ઉપાદેય બુદ્ધિ હોતી નથી. છતાં અસ્થિરતાના રાગને લીધે વિષયસુખનું વેદન હોય, પણ તેને તેઓ હેય માને છે. પોતાના અતીંદ્રિય સુખને જ ઉપાદેય માને છે. અજ્ઞાની જીવ તો અતીંદ્રિય સુખને જાણતો નથી. ને ઈંદ્રિય સુખને જ આદરણીય માને છે. ચક્રવર્તી સમ્યગ્દ્રષ્ટિ હોય, તો ક્યાંય સંયોગમાં સુખ માનતા નથી. છતાં પણ બહારમાં હજારો રાણીઓનો સંયોગ હોય છે, ને તે પ્રકારનો અલ્પ રાગ પણ હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. પણ અંતરમાં સ્વભાવના સુખનું ભાન વર્તે છે. અજ્ઞાની તો પુણ્યપરિણામને ઉપાદેય માને છે. તેને આત્માના અતીંદ્રિય સુખની રુચિ હોતી નથી. ધર્મીને સ્વભાવની દૃષ્ટિ છે. પણ પ્રમાદને કારણે રાગ થાય છે પણ સ્વભાવદૃષ્ટિના બળે એકાગ્રતા કરીને તે રાગને તોડી નાખશે. જેમ જીભનો એવો લૂખો સ્વભાવ છે કે ગમે તેવી ચીકાશ હોય તોપણ તેને તે સાફ કરી નાખે, તેમ ધર્મીને સ્વભાવદૃષ્ટિનું એવું જોર છે કે અલ્પકાળમાં સ્વભાવમાં એકાગ્રતા કરીને રાગ-દ્વેષનો અભાવ કરી નાખશે. ધર્મીને આત્માના અતીંદ્રિય સ્વભાવસુખની પ્રતીત છે, ને ઇંદ્રિયવિષયોમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. પૂર્ણ જ્ઞાનાનંદ દશા જેને પ્રગટી ગઈ છે એમ ભગવાનને પોતાના સ્વભાવથી અનાકુળ પરમાનંદ હોય છે. આવા સુખની પ્રતીત અભવ્ય કરતો નથી. જે ભવ્ય જીવ પણ વર્તમાનમાં આવા સ્વભાવસુખની પ્રતીત નથી કરતા તેઓ પણ વર્તમાનમાં નાલાયક છે.

કોઈ કહે કે આત્મામાં સુખ છે તે જોયા વિના કેમ માનીએ ? પહેલાં તેનો સ્વાદ આવે તો પછી તેની શ્રદ્ધા કરીએ. તો જ્ઞાની તેને કહે છે કે અરે ભાઈ ! પહેલાં તું સ્વભાવ સુખની હા પાડીને પ્રતીત તો કર; તેનો વિશ્વાસ કર્યા વિના તેનો અનુભવ ક્યાંથી થશે ? તે સુખનો અનુભવ થયા પછી પ્રતીત કરવાનું ક્યાં રહ્યું ? પહેલાં તેની રુચિ કરીને અંદરમાં અભ્યાસ કર તો તેવા સુખનો અનુભવ થાય.

કેવળી ભગવાનને સ્વભાવથી જ સુખ છે એમ જે નથી માનતા, અને કેવળીને પણ આહાર-પાણી હોવાનું માને છે, તે પણ મિથ્યાદૃષ્ટિ છે. અહો ! આત્માના અંતરમાં સ્વભાવસુખ ભર્યું છે—એની પ્રતીત અજ્ઞાનીઓને બેસતી નથી.

જેમ કાચા ચણામાં મીઠાશ શક્તિપણે ભરી છે. ને શેકતાં તે જ પ્રગટ થાય છે. તેમ ચૈતન્ય સ્વભાવમાં શક્તિપણે સુખ છે, તેનો વિશ્વાસ કરીને, તે સ્વભાવમાં એકાગ્રતા કરે તો આનંદ પ્રગટે છે. પણ અભવ્ય જીવોને તેની પ્રતીત બેસતી નથી. અહીં અભવ્યજીવનો તો દાખલો છે. તે પ્રમાણે જે ભવ્ય જીવો પણ સ્વભાવસુખની શ્રદ્ધા નથી કરતા તે વર્તમાનમાં અભવ્ય જેવા છે. જો મોક્ષમાં સુખ માને તો આત્મામાં સુખ માને, ને આત્માના આશ્રયે મોક્ષમાર્ગ છે તેમાં પણ સુખ માને; મોક્ષમાર્ગમાં દુ;ખ નથી. અજ્ઞાનીને પુણ્યમાં ને તેના ફળમાં સુખની માન્યતા છે એટલે તેને મોક્ષમાર્ગમાં કે તેના ફળરૂપ મોક્ષમાં સ્વભાવસુખની પ્રતીત થતી નથી. ને આત્માના સ્વભાવની પ્રતીત પણ થતી નથી; એવા જીવો મોક્ષને માટે નાલાયક છે.

અહો ! આવાં ટાણાં આવ્યાં ને તને આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ ન રુચે, ને તું પુણ્ય-પાપમાં ધર્મ માન, તો આચાર્યદેવ કહે છે કે તું મોક્ષ માટે નાલાયક છો.

જેણે પુણ્યમાં સુખ માન્યું, તેણે સ્વભાવનો અનાદર કર્યો; કેમકે પુણ્ય તે વિકાર છે. ને વિકારમાં સુખ માન્યું તો અનંતગણા વિકારમાં અનંતગણું સુખ માન્યું, એટલે સ્વભાવના અનંત સુખનો અનાદર કર્યો તેથી તે જીવને અભવ્ય કહ્યો છે, તેનામાં મોક્ષની લાયકાત નથી. જે ભવ્ય જીવો છે તે જ આત્માના અતીંદ્રિય સુખનો વિશ્વાસ કરે છે, ને તેઓ જ મોક્ષમાર્ગને યોગ્ય છે. સંસારમાં બધા જીવો કાંઈ મોક્ષમાર્ગને યોગ્ય હોતા નથી; કોઈ ભવ્ય છે, ને કોઈ અભવ્ય પણ છે. અભવ્ય જીવોમાં મોક્ષમાર્ગની યોગ્યતા નથી; ભવ્ય જીવો મોક્ષમાર્ગને યોગ્ય છે. આત્માના સ્વભાવના આશ્રયે મોક્ષ માર્ગ છે, તે વીતરાગી મોક્ષમાર્ગ પરમ સત્ છે. પણ તે મોક્ષમાર્ગની રુચિ કરનારા બધા જીવો નથી હોતા, વિરલા જ હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અને જે જીવો તેની રુચિ કરે તેનું કલ્યાણ થયા વિના રહે નહીં. જગતમાં જે જીવો લાયક હશે તે મોક્ષમાર્ગને સાધશે. પણ કોઈ કોઈને સમજાવી દે એવી કોઈની તાકાત નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે–એમ સિદ્ધ કર્યું, પણ જ્યાં તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પૂર્ણ ન હોય ત્યાં રાગ હોય છે, તે રાગ બંધનનું કારણ છે–એમ હવે બતાવે છે. રત્નત્રય તો અબંધસ્વભાવી છે. તે કાંઈ બંધનું કારણ નથી. પણ તે રત્નત્રયની સાથે જ્ઞાનીને પણ જે રાગ રહે છે તે બંધનું કારણ છે, તે રાગ મોક્ષનું કારણ નથી. રત્નત્રયની સાથે રાગ વર્તે છે તે બંધનું કારણ છે, તેથી રત્નત્રયને પણ બંધનું કારણ કહ્યું છે, પરંતુ તેનો અર્થ એમ સમજવો કે ત્યાં જે વ્યવહારનો રાગ છે તે જ બંધનનું કારણ છે. રત્નત્રયની જે શુદ્ધતા થઈ છે તે કાંઈ બંધનનું કારણ નથી. અપૂર્ણદશામાં રાગ વર્તે છે તે જ બંધનું કારણ છે એટલે કે જે વ્યવહારરત્નત્રયને પૂર્વે ઉપચારથી મોક્ષમાર્ગનું કારણ કહ્યું હતું તેને અહીં બંધના કારણ તરીકે ઓળખાવે છે. એ વાત ૧૬૪મી ગાથામાં આવશે. ૧૬૩.

---

**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि ।**
**साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा ॥ १६४ ॥**

**दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग इति सेवितव्यानि ।**
**साधुभिरिदं भणितं तैस्तु बन्धो वा मोक्षो वा ॥ १६४ ॥**

**દ્રગ, જ્ઞાન ને ચારિત્ર છે શિવમાર્ગ તેથી સેવવાં**
**– સંતે કહ્યું, પણ હેતુ છે એ બંધના વા મોક્ષના. ૧૬૪.**

**અન્વયાર્થ :** [दर्शनज्ञानचारित्राणि] દર્શન-જ્ઞાન-ચારિત્ર [मोक्षमार्गः] મોક્ષમાર્ગ છે [इति] તેથી [सेवितव्यानि] તેઓ સેવવાયોગ્ય છે–[इदम् साधुभिः भणितम्] એમ સાધુઓએ કહ્યું છે; [तैः तु] પરંતુ તેમનાથી [बन्धः वा] બંધ પણ થાય છે અને [मोक्षः वा] મોક્ષ પણ થાય છે.

---

**तात्पर्यवृत्ति** : एवं भव्याभव्यस्वरूपकथनमुख्यत्वेन सप्तमस्थले गाथा गता । अथ दर्शनज्ञानचारित्रैः पराश्रितैर्बन्धः स्वाश्रितैर्मोक्षो भवतीति समर्थयतीति, – **दंसणणाणचरित्ताणि मोक्खमग्गोत्ति सेविदव्वाणि** दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गो भवतीति हेतोः सेवितव्यानि । इदं कैरुपदिष्टं ? **साधूहि य इदि भणिदं** साधुभिरिदं भणितं कथितं **तेहि दु बंधो व मोक्खो वा** तैस्तु पराश्रितैर्बंधः स्वाश्रितैर्मोक्षो वेति । इतो विशेषः । शुद्धात्माश्रितानि सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षकारणानि भवन्ति, पराश्रितानि बंधकारणानि भवन्ति च । केन दृष्टान्तेनेति चेत् । यथा घृतानि स्वभावेन शीतलान्यपि पश्चादग्निसंयोगेन दाहकारणानि भवंति तथा तान्यपि स्वभावेन मुक्तिकारणान्यपि पंचपरमेष्ठ्यादिप्रशस्तद्रव्याश्रितानि साक्षात्पुण्यबंधकारणानि भवन्ति मिथ्यात्वविषयकषायनिमित्तभूतपरद्रव्याश्रितानि पुनः पापबंधकारणान्यपि भवन्ति । तस्माद् ज्ञायते जीवस्वभावनियतचरितं मोक्षमार्ग इति ॥ १६४ ॥

**समयव्याख्या : दर्शनज्ञानचारित्राणां कथंचिद्बन्धहेतुत्वोपदर्शनेन जीवस्वभावे नियतचरितस्य साक्षान्मोक्षहेतुत्वद्योतनमेतत् । अमूनि हि दर्शनज्ञानचारित्राणि कियन्मात्रयापि परसमयप्रवृत्त्या संवलितानि कृशानुसंवलितानीव घृतानि कथञ्चिद्विरुद्धकारणत्वरूढेर्बन्धकारणान्यपि भवन्ति । यदा तु समस्तपरसमयप्रवृत्तिनिवृत्तिरूपया स्वसमयप्रवृत्त्या सङ्गच्छंते, तदा निवृत्तकृशानुसंवलनानीव घृतानि**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विरुद्धकार्यकारणभावाभावात्साक्षान्मोक्षकारणान्येव भवन्ति । ततः स्वसमयप्रवृत्तिनाम्नो जीवस्वभाव-नियतचरितस्य साक्षान्मोक्षमार्गत्वमुपपन्नमिति ॥ १६४ ॥**

**અનુવાદ : અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત્ મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.**

**આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયપ્રવૃત્તિ સાથે મિલિત હોય તો, અગ્નિ સાથે મિલિત ઘીની માફક (અર્થાત્ ઉષ્ણતાયુક્ત ઘીની જેમ), કથંચિત્ વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે. અને જ્યારે તેઓ (દર્શન-જ્ઞાન-ચારિત્ર), સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ એવી સ્વસમયપ્રવૃત્તિ સાથે સંયુક્ત હોય છે ત્યારે, જેને અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે એવા ઘીની માફક, વિરુદ્ધ કાર્યનો કારણભાવ નિવૃત્ત થયો હોવાને લીધે સાક્ષાત્ મોક્ષકારણો જ છે. માટે 'સ્વસમયપ્રવૃત્તિ' નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે. ૧૬૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ સુદ-૧૫, રવિવાર]

### વીતરાગ રત્નત્રય અને સરાગ રત્નત્રયનું સ્વરૂપ
### "બંધનું કારણ શું અને મોક્ષનું કારણ શું ?"

આત્માનો સ્વભાવ જ્ઞાનદર્શનમય છે, તેનું ભાન થઈને તેમાં એકાગ્ર થતાં જે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે સાચો મોક્ષમાર્ગ છે. ત્યાં અધૂરી દશામાં જે રાગ રહે છે તેને વ્યવહાર ગણીને બંધનું કારણ કહ્યું છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય તે મોક્ષમાર્ગ છે. ચિદાનંદ ભગવાન આત્માની પ્રતીતિ-જ્ઞાન-રમણતા તે મોક્ષનું કારણ હોવાથી ધર્મી જીવોએ સેવવા યોગ્ય છે. ને તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ્યારે પૂર્ણતાને ન પામ્યાં હોય ત્યારે સાથેના રાગથી બંધન થાય છે-તેથી રત્નત્રયને કથંચિત્ બંધનું કારણ પણ કહ્યું છે. પણ ખરેખર તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરેમાં જે રાગ છે તે જ બંધનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કાંઈ બંધનું કારણ નથી. જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે. ચિદાનંદ સ્વભાવના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે તો મોક્ષનું જ કારણ છે. પણ સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વના જ્ઞાનનો જે ઉઘાડ-તેમાં પર તરફનું લક્ષ હોવાથી તે બંધનું કારણ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાની સાથે રાગ હોય છે તે બંધનું કારણ છે, પર તરફના ક્ષયોપશમજ્ઞાન વખતે પણ રાગ છે તે બંધનું કારણ છે, ને પંચમહાવ્રતનો વિકલ્પ પણ બંધનું કારણ છે. જે ચિદાનંદ સ્વભાવની પ્રતીતરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન છે તે તો નિર્વિકલ્પ છે, તે કાંઈ બંધનું કારણ નથી. શુદ્ધ જ્ઞાયકસ્વભાવની પ્રતીતિ તો નિર્વિકલ્પ અને નિરાકાર છે. નિરાકાર એટલે કે તે સ્વ-પરને જાણતી નથી. જ્ઞાન-પર્યાય સ્વ-પરને જાણે છે ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રને જાણતાં જ્ઞાનની સાથે રાગ વર્તે છે તેથી તે જ્ઞાનને પણ બંધનું કારણ ગણ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા તે પણ જ્ઞાનનો ક્ષયોપશમભાવ છે. નવતત્ત્વના જ્ઞાનમાં પણ ક્ષયોપશમભાવ છે, તથા પંચમહાવ્રતની વૃત્તિ તે શુભરાગ છે. આવા વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને બંધનું કારણ કહ્યું છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિતની સાધકદશાની આ વાત છે. જ્ઞાનીને જે નિશ્ચય રત્નત્રય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે મોક્ષનું કારણ છે. ને ત્યાં જે વ્યવહાર રત્નત્રય છે તે બંધનું કારણ છે. કેમકે વ્યવહાર રત્નત્રય પરના આશ્રયે છે. પર તરફનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં રાગ છે, સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં સાધકને વ્યવહારરત્નત્રય છે તે બંધનું કારણ છે. એક સાથે સાધકને બન્ને હોય છે. ક્ષયોપશમને બંધનું કારણ પણ કહેવાય છે. ને મોક્ષનું કારણ પણ કહેવાય છે. કઈ રીતે ? જ્ઞાનનો અંશ ઊઘડ્યો છે તે કાંઈ બંધનું કારણ નથી, પણ પર તરફના ક્ષયોપશમ વખતે રાગ થયા વગર રહેતો નથી. તે અપેક્ષાએ તે જ્ઞાનને બંધના કારણમાં ગણ્યું છે, ને તે ક્ષયોપશમજ્ઞાન સ્વભાવમાં વળતાં તે જ મોક્ષનું કારણ પણ છે. માટે અહીં કહ્યું કે રત્નત્રય તે કથંચિત્ બંધનું કારણ પણ છે ને મોક્ષનું કારણ પણ છે.

**ભાવાર્થ:** દર્શન-જ્ઞાન-ચારિત્ર બે પ્રકારનાં છે; એક સરાગ અને એક વીતરાગ. જે દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગસહિત છે તે સરાગ રત્નત્રય કહેવાય છે અને જે આત્મનિષ્ઠ વીતરાગતાસહિત છે તેને વીતરાગરત્નત્રય કહેવાય છે.

સર્વજ્ઞ વીતરાગ અઢાર દોષરહિત પરમાત્મા તે આપ્ત છે, તેવી દશાને સાધનારા નિર્ગ્રંથ સંત તે ગુરુ છે, ને તેમની અનેકાંતવાણી તે આગમ છે. અને તેમણે કહેલાં છ દ્રવ્યો-નવતત્ત્વો તે તત્ત્વો છે. આવા આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે, તેમાં શુભરાગ છે, તેથી તે બંધનું કારણ છે. શુદ્ધાત્માની નિર્વિકલ્પ પ્રતીતિ તે તો વીતરાગ સમ્યક્ત્વ છે, તે બંધનું કારણ નથી.

જ્ઞાન અંતરસ્વભાવની સન્મુખ થઈને સ્વસંવેદન કરે તે વીતરાગજ્ઞાન છે. ને બહારમાં શાસ્ત્રના લક્ષે જ્ઞાન થાય તે સરાગજ્ઞાન છે, એટલે કે ત્યાં જ્ઞાનની સાથે રાગ રહેલો છે. તેથી તેને બંધનું કારણ કહ્યું છે. અહીં 'સરાગજ્ઞાન' કહ્યું તેમાં લૌકિક ભણતરની વાત નથી, તેમ જ કુશાસ્ત્રોની પણ વાત નથી, પણ સર્વજ્ઞદેવે કહેલાં શાસ્ત્ર તરફના વલણવાળું જ્ઞાન તે સરાગજ્ઞાન છે. અને ચિદાનંદ સ્વભાવના સ્વસંવેદનવાળું જ્ઞાન તે વીતરાગજ્ઞાન છે. પરદ્રવ્યના અવલંબનવાળું જ્ઞાન તે રાગસહિત છે. ને સ્વદ્રવ્યના અવલંબનવાળું જ્ઞાન તે રાગરહિત છે.

ચારિત્રમાં પણ બે પ્રકાર છે :-

સરાગચારિત્ર અને વીતરાગચારિત્ર; મિથ્યાદ્રષ્ટિના ચારિત્રની તો અહીં વાત જ નથી. અહીં તો જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો છે– છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતી વીતરાગીમુનિદશા જેને પ્રગટી છે, એક દિવસમાં હજારોવાર સાતમું ગુણસ્થાન આવી જાય છે ને સિદ્ધ જેવા અમૃત–આનંદનો નિર્વિકલ્પ અનુભવ કરે છે. આવી દશામાં રાગ તૂટીને જેટલી સ્વરૂપમાં લીનતા પ્રગટી છે તેટલું તો વીતરાગચારિત્ર છે, તે બંધનું કારણ નથી પણ મોક્ષનું કારણ છે. અને ત્યાં છઠ્ઠા ગુણસ્થાને પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ વગેરેની શુભવૃત્તિ ઊઠે તેમાં શુભરાગ છે, તેનું નામ સરાગચારિત્ર છે, તે વ્યવહારચારિત્ર બંધનું કારણ છે.

જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગસહિત છે તે તો સરાગરત્નત્રય છે. એ ધ્યાન રાખવું કે આ જ્ઞાનીની વાત છે. જે મોક્ષમાર્ગે ચાલે છે તેની આ વાત છે. જેને મોક્ષમાર્ગ પ્રગટ્યો જ નથી તેની આ વાત નથી. આત્માના સ્વભાવમાં એકાગ્રતારૂપ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે વીતરાગરત્નત્રય છે. આત્માનો પ્રેમાળ થઈને તેમાં જ જે લપેટાઈ ગયા ને સિદ્ધભગવાન જેવા પરમ આનંદના અનુભવમાં જેઓ ઠર્યા છે–તેઓ આત્મનિષ્ઠ છે, તેના રત્નત્રય તે વીતરાગરત્નત્રય છે, તે તો મોક્ષનું જ કારણ છે.

વ્યવહાર રત્નત્રયમાં જે રાગભાવ છે તે આત્મભાવ નથી, પણ આત્મસ્વભાવથી રહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાત્મસ્વરૂપ છે, પરસમય છે, તેથી તે બંધનું કારણ છે. સત્ય બોલું, બ્રહ્મચર્ય પાળું, પર જીવને બચાવું, શાસ્ત્ર વાંચું, એ બધો પરદ્રવ્ય તરફના વલણવાળો રાગભાવ છે, તે પરસમય છે, તે આત્મભાવ નથી, તે બંધનું કારણ છે.

ક્ષયોપશમભાવને કોઈ વાર બંધનું કારણ કહે છે, કેમકે પર તરફના વલણવાળું જ્ઞાનરાગસહિત છે, તેથી તેને બંધનું કારણ કહ્યું છે. અને સ્વભાવ તરફ વળેલું ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષનું કારણ છે. ક્ષાયિક ભાવ તો મોક્ષનું જ કારણ છે, છતાં તે ક્ષાયિકભાવનો આશ્રય કરવા જતાં વિકલ્પ થાય છે. તે બંધનું કારણ છે.

શુદ્ધ રત્નત્રય તે મોક્ષનું કારણ છે, પણ જો તેની સાથે રાગ હોય તો ત્યાં બંધન થાય છે તેથી રાગ સાથેનાં રત્નત્રયને બંધનું કારણ કહેવાની રૂઢિ છે. શુદ્ધ રત્નત્રય તો મોક્ષમાર્ગ જ છે, પણ સાથે રાગ છે તે બંધનું કારણ છે—એમ બતાવવા તેને ઉપચારથી બંધનું કારણ પણ કહ્યું છે, વ્યવહારરત્નત્રય આત્મસ્વભાવના આશ્રયે નથી પણ પરના આશ્રયે છે. પરાશ્રિતભાવ તે બંધનું કારણ છે. સ્વાશ્રિતભાવ કદી બંધનું કારણ થાય નહિ. જુઓ, મોક્ષમાર્ગ તે કાંઈ બંધનું કારણ નથી. પણ મોક્ષમાર્ગની સાથેનો વ્યવહારરત્નત્રયનો રાગ તે બંધનું કારણ છે એમ સમજવું.

ભગવાને કહેલાં દેવગુરુશાસ્ત્ર, નવ તત્ત્વો, પંચમહાવ્રત તથા ૨૮ મૂળગુણો—તેના આશ્રયે રાગની ઉત્પત્તિ થાય છે, તેને વ્યવહારમાર્ગ કહેવાની રૂઢિ છે, પણ તે બંધનું જ કારણ છે. શુદ્ધ રત્નત્રયની સાથે વર્તતો રાગ તે બંધનું કારણ છે. રત્નત્રય પોતે બંધનું કારણ નથી. છતાં રાગના સંયોગે તે રત્નત્રયને પણ બંધનું કારણ કહેવાય છે. તેનો દાખલો આપે છે : જેમ તાજું-મીઠું ઘી હોય, તેનો સ્વભાવ તો શીતળ છે. તેનાથી કાંઈ દઝાતું નથી. પણ અગ્નિનો સંયોગ થતાં તે ઘીને પણ દાહ કરનારું કહેવાય છે. તેમ ચૈતન્ય સ્વભાવના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગી મોક્ષમાર્ગ છે તે તો આત્માને પરમ શાંત-શીતળ આનંદનો જ અનુભવ કરાવનાર છે, તે કાંઈ બંધનું કારણ નથી, પણ પરદ્રવ્યના અવલંબને વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના રાગની ઉત્પત્તિ થાય છે. તે રાગમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અટકે છે તેથી તેને બંધનું કારણ કહ્યું છે. આત્માના આશ્રયે જે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે તેમાં તો ઈંદ્રિય અને મનનો પણ સંગ નથી, તેમાં તો અનાકુળ શાંતિનું જ વેદન છે, પણ બહારમાં વલણ જતાં રાગની ઉત્પત્તિ થાય છે તે બંધનું કારણ છે.

જેમ ઉષ્ણતા તો અગ્નિની છે, ઘીમાં કાંઈ ઉષ્ણતા નથી. પણ અગ્નિના સંયોગે ઘીને પણ ઉષ્ણતાનું કારણ કહેવાય છે તેમ ચિદાનંદ આત્માનો ઠંડો-શીતળ મોક્ષ સ્વભાવ છે એવા સ્વભાવમાં ઝૂલતા વીતરાગી સંત-મુનિઓને જે નિશ્ચયરત્નત્રય છે તે તો મોક્ષનું જ કારણ છે, પણ તેમને પરદ્રવ્ય તરફ લક્ષ જતાં વ્યવહાર-રત્નત્રયના રાગની ઉત્પત્તિ થાય છે, તે રાગના સંયોગને લીધે રત્નત્રયને બંધનું કારણ કહેવામાં આવ્યું છે. જુઓ, આત્માનો વીતરાગી મોક્ષમાર્ગ તો પરમશાંત ઘી જેવો છે, ને વ્યવહારમોક્ષમાર્ગ અગ્નિ જેવો—આકુળતા ઉપજાવનારો છે એટલે કે વ્યવહાર રત્નત્રય તે ખરેખર મોક્ષમાર્ગ નથી પણ બંધમાર્ગ છે. મોક્ષમાર્ગ તો એક જ છે, નિશ્ચય રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે.

મુનિને પંચમહાવ્રતની વૃત્તિઓ એકસાથે હોતી નથી, ઘડીમાં અહિંસાનો વિકલ્પ, ઘડીમાં સત્યનો વિકલ્પ—એમ વ્યવહારરત્નત્રયમાં એક પ્રકારનો રાગ રહેતો નથી. પણ ક્ષણેક્ષણે ફરે છે, તથા જ્ઞાન પણ ક્ષણેક્ષણે ફરે છે, એટલે તેમાં અનેકરૂપતા છે. સ્વભાવના અવલંબનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકરૂપતા રહે છે. મુનિને પાંચમહાવ્રતના વિકલ્પો એકસાથે હોતા નથી, પણ વિકલ્પ આવે ત્યારે પંચમહાવ્રતથી કે ૨૮ મૂળગુણથી વિપરીત વિકલ્પ આવતો નથી તે અપેક્ષાએ મુનિને ૨૮ મૂળગુણ પાળનારા ને પંચમહાવ્રત ધરનારા કહ્યા છે. વ્યવહારમાં એકરૂપતા રહેતી નથી, ને નિશ્ચયમાં તો એકરૂપ ચિદાનંદ સ્વભાવનું જ અવલંબન હોવાથી એકરૂપતા રહે છે. ચૈતન્યસ્વભાવના અવલંબનમાં તો રાગની ઉત્પત્તિ નથી, બહારના અવલંબનમાં રાગની ઉત્પત્તિ થાય છે. સમસ્ત પરસમયથી નિવૃત્તિ થઈને ચિદાનંદ સ્વરૂપમાં જ પ્રવૃત્તિ થાય છે તે શુદ્ધરત્નત્રય કાંઈ બંધનું કારણ નથી. જુઓ, આ નિવૃત્તિ ને પ્રવૃત્તિની વાત કરી, ચિદાનંદ સ્વરૂપમાં પ્રવૃત્તિ ને રાગાદિથી નિવૃત્તિ તે મોક્ષનું કારણ છે. અંતરસ્વભાવ સન્મુખ થઈને શુદ્ધોપયોગ થયો તે તો અગ્નિના સંયોગ વગરના ઘીની માફક સાક્ષાત્ મોક્ષદશાનું કારણ થાય છે.

આત્મા રાગરહિત થઈને ચિદાનંદ નિધાનમાં પ્રવૃત્તિ કરીને સ્વભાવભાવનું આચરણ કરે છે તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. વ્યવહારરત્નત્રયનો ભાવ તે તો વિરુદ્ધ આચરણ છે, જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો વિષય 'સ્વ' રહે તે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે, ને જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં 'પર' વિષય થયો તે સરાગ છે. નિજ સ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન કરીને તેમાં જ લીનતારૂપ આચરણ કરે તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગે વિચરનારા મુનિઓને પણ જિનઆજ્ઞામાં રહીને પંચમહાવ્રત વગેરેનો જે ભાવ આવે તે પણ પર તરફના વલણવાળો ભાવ હોવાથી બંધનું કારણ છે, તેથી શ્રીમદે કહ્યું છે કે :

**"સંયમના હેતુથી યોગપ્રવર્તના,**
**સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;**
**તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,**
**અંતે થાયે, નિજસ્વરૂપમાં લીન જો.**

જુઓ, "જિનઆજ્ઞા આધીન" એમ કહીને વીતરાગે કહેલો મુનિઓનો વ્યવહાર બતાવ્યો છે. પણ જિન આજ્ઞા તરફના વલણનો ભાવ તે પણ હજી શુભરાગ છે, તે પર તરફનું વલણ ક્ષણે ક્ષણે તૂટતું જાય ને સ્વભાવનું અવલંબન ક્ષણેક્ષણે વધતું જાય, ને છેવટે સ્વભાવમાં પૂર્ણ લીનતા થતાં પર તરફનું વલણ છૂટી જાય છે ને રાગ રહેતો નથી, એટલે કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટે છે. આ રીતે રાગરહિત નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ ખરેખર મોક્ષમાર્ગ છે એમ સમજવું. ૧૬૪.

---

**अण्णाणादो णाणी जदि मण्णदि सुद्धसंपओगादो।**
**हवदि त्ति दुक्खमोक्खं परसमयरदो हवदि जीवो॥ १६५॥**

**अज्ञानात् ज्ञानी यदि मन्यते शुद्धसंप्रयोगात्।**
**भवतीति दुःखमोक्षः परसमयरतो भवति जीवः॥ १६५॥**

**જિનવરપ્રમુખની ભક્તિ દ્વારા મોક્ષની આશા ધરે,**
**અજ્ઞાનથી જો જ્ઞાની જીવ, તો પરસમયરત તેહ છે. ૧૬૫.**

**અન્વયાર્થ :** [शुद्धसंप्रयोगात्] શુદ્ધસંપ્રયોગથી (શુભ ભક્તિભાવથી) [दुःखमोक्षः भवति] દુઃખમોક્ષ થાય છે [इति] એમ [यदि] જો [अज्ञानात्] અજ્ઞાનને લીધે [ज्ञानी] જ્ઞાની [मन्यते]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માને, તો તે [परसमयरतः जीवः] પરસમયરત જીવ [भवति] છે. ['અર્હંતાદિ પ્રત્યે ભક્તિ-અનુરાગવાળી મંદશુદ્ધિથી પણ ક્રમે મોક્ષ થાય છે' એવું જો અજ્ઞાનને લીધે (-શુદ્ધાત્મસંવેદનના અભાવને લીધે, રાગાંશને લીધે) જ્ઞાનીને પણ (મંદ પુરુષાર્થવાળું) વલણ વર્તે, તો ત્યાં સુધી તે પણ સૂક્ષ્મ પરસમયમાં રત છે.]

---

**तात्पर्यवृत्ति** : एवं शुद्धाशुद्धरत्नत्रयाभ्यां यथाक्रमेण मोक्षपुण्यबन्धौ भवत इति कथनरूपेण गाथा गता। तदनंतरं सूक्ष्मपरसमयव्याख्यानसंबंधित्वेन गाथापंचकं भवति, तत्रैका सूत्रगाथा तस्या विवरणं गाथात्रयं ततश्चोपसंहारगाथैका चेति नवमस्थले समुदायपातनिका। अथ सूक्ष्मपरसमयस्वरूपं कथयति, -**अण्णाणादो णाणी जदि मण्णदि** शुद्धात्मपरिच्छित्तिविलक्षणादज्ञानात्सकाशात् ज्ञानी कर्ता यदि मन्यते। किं ? **हवदिति दुक्खमोक्खो** स्वस्वभावेनोत्पन्नसुखप्रतिकूलदुःखस्य मोक्षो विनाशो भवतीति। कस्मादिति तत्। **सुद्धसंपयोगादो** शुद्धेषु शुद्धबुद्धैकस्वभावेषु शुद्धबुद्धैकस्वभावाराधकेषु वार्हदादिषु संप्रयोगो भक्तिः शुद्धसंप्रयोगस्तस्मात् शुद्धसंप्रयोगात्। तदा कथंभूतो भवति। **परसमयरदो हवदि** तदा काले परसमयरतो भवति **जीवो** स पूर्वोक्तो ज्ञानी जीव इति। तद्यथा। कश्चित्पुरुषो निर्विकारशुद्धात्मभावनालक्षणे परमोपेक्षासंयमे स्थातुमीहते तत्राशक्तः सन् कामक्रोधाद्यशुद्धपरिणामवंचनार्थं संसारस्थितिछेदनार्थं वा यदा पंचपरमेष्ठिषु गुणस्तवनादिभक्तिं करोति तदा सूक्ष्मपरसमयपरिणतः सन् सरागसम्यग्दृष्टिर्भवतीति, यदि पुनः शुद्धात्मभावनासमर्थोपि तां त्यक्त्वा शुभोपयोगादेव मोक्षो भवतीत्येकान्तेन मन्यते तदा स्थूलपरसमयपरिणामेनाज्ञानी मिथ्यादृष्टिर्भवति ततः स्थितं अज्ञानेन जीवो नश्यतीति। तथा चोक्तं। ''केचिदज्ञानतो नष्टाः केचिन्नष्टाः प्रमादतः। केचिज्ज्ञानावलेपेन केचिन्नष्टैश्च नाशिताः'' ॥ १६५ ॥

**समयव्याख्या : सूक्ष्मपरसमयस्वरूपाख्यानमेतत्। अर्हदादिषु भगवत्सु सिद्धिसाधनीभूतेषु भक्तिभावानुरञ्जिता चित्तवृत्तिरत्र शुद्धसंप्रयोगः। अथ खल्वज्ञानलवावेशाद्यदि यावत् ज्ञानवानपि ततः शुद्धसंप्रयोगान्मोक्षो भवतीत्यभिप्रायेण खिद्यमानस्तत्र प्रवर्तते तदा तावत्सोऽपि रागलव-सद्भावात्परसमयरत इत्युपगीयते। अथ न किं पुनर्निरङ्कुशरागकलिकलङ्कितान्तरंगवृत्तिरितरो जन इति ॥१६५ ॥**

**અનુવાદ : આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.**

**સિદ્ધિના સાધનભૂત એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે ભક્તિભાવથી અનુરંજિત ચિત્તવૃત્તિ તે અહીં 'શુદ્ધસંપ્રયોગ' છે. હવે, અજ્ઞાનલવના આવેશથી જો જ્ઞાનવાન પણ 'તે શુદ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છે' એવા અભિપ્રાય વડે ખેદ પામતો થકો તેમાં (શુદ્ધસંપ્રયોગમાં) પ્રવર્તે, તો ત્યાં સુધી તે પણ રાગલવના સદ્ભાવને લીધે 'પરસમયરત' કહેવાય છે. તો પછી નિરંકુશ રાગરૂપ ક્લેશથી કલંકિત એવી અંતરંગ વૃત્તિવાળો ઇતર જન શું પરસમયરત ન કહેવાય ? (અવશ્ય કહેવાય જ.) ૧૬૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૧, સોમવાર]

હવે સૂક્ષ્મ પરસમયનું સ્વરૂપ કહે છે

આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ છે. તે રાગરહિત છે. જે રાગ થાય તે ભલે ભગવાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભક્તિનો હોય–તોપણ તે બંધનનું જ કારણ છે. ભલે શાસ્ત્રો ભણ્યો હોય. પણ જો તે સૂક્ષ્મરાગને પણ મોક્ષનું કારણ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તેમાં એકાગ્રતા છોડીને રાગમાં લીન થાય, ને તે રાગને મોક્ષનું કારણ માને તો તે જીવ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. અરિહંતદેવની ભક્તિનો શુભરાગ તે પણ મોક્ષનું કારણ નથી. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય છે તે પણ રાગભાવ છે, તે આદરણીય નથી. પણ તીર્થંકરને જે કેવળજ્ઞાન છે તે તો આત્માનો સ્વભાવ છે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આ મોક્ષમાર્ગનું વર્ણન કરે છે. તેમાં પહેલાં તો એમ કહ્યું કે આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ છે, દેહાદિની ક્રિયાનો તે કર્તા-હર્તા નથી પણ જ્ઞાતાદ્રષ્ટા છે. આવા જ્ઞાનદર્શનસ્વભાવમાં અંતર્દૃષ્ટિથી પરિણમીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયાં તે જ મોક્ષનું કારણ છે. એ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો ભક્તિભાવ તે બંધનું કારણ છે. મોક્ષનું શુદ્ધ ઉપાદાન તો આત્માનો ચૈતન્ય સ્વભાવ છે. ને અરિહંતદેવ વગેરે તો મોક્ષનું નિમિત્ત છે. તે નિમિત્ત તરફના વલણવાળો જે રાગભાવ છે તે જ્ઞાનસ્વભાવ નથી તેથી અજ્ઞાનભાવ છે. તે બંધનું કારણ છે. દ્રવ્યસ્વભાવના આશ્રયે થયેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય તે મોક્ષનું કારણ છે, એ સિવાય પંચપરમેષ્ઠીના અવલંબને પણ જે રાગ થાય તે બંધનું કારણ છે.–આમ ભગવાન શ્રી તીર્થંકરદેવની વાણીમાં અનાદિથી આવ્યું છે. વર્તમાનમાં સીમંધરાદિ તીર્થંકરો બિરાજે છે. ભૂતકાળમાં અનંત તીર્થંકરો થયા અને ભવિષ્યમાં અનંત થશે–એ બધાય તીર્થંકરોની દિવ્યવાણીમાં એમ આવ્યું છે કે આત્માના સ્વભાવના અવલંબને જે વીતરાગી રત્નત્રય છે તે જ મોક્ષનું કારણ છે. ને પંચપરમેષ્ઠી વગેરે પ્રત્યેનો જે શુભરાગ છે તે બંધનું કારણ છે. છતાં જો તે રાગને મોક્ષનું કારણ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. રાગ તે જ્ઞાનસ્વભાવ નથી તેથી તે અજ્ઞાનભાવ છે, તે અજ્ઞાનભાવ મોક્ષનું કારણ કેમ થાય ? જ્ઞાનસ્વભાવમાં રાગ તો ઉપાધિ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ તે રાગને મોક્ષનું કારણ માનતા નથી. શાસ્ત્રોનો જાણનાર પણ જો તે રાગને મોક્ષનું કારણ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. જિનવાણીએ તો એમ કહ્યું છે કે રાગ તે બંધનું કારણ છે છતાં જે જીવ રાગને મોક્ષનું કારણ માને છે તે અજ્ઞાની છે. ચિદાનંદ દ્રવ્યસ્વભાવનો આશ્રય છોડીને રાગના આશ્રયે કલ્યાણ માને તો, નવ પૂર્વનો ભણનારો પણ મિથ્યાદૃષ્ટિ છે. ચારિત્ર તે વીતરાગભાવ છે ને ચારિત્ર તે ધર્મ છે. તે ચારિત્ર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના થતું નથી. અને શુદ્ધ ચિદાનંદ ધ્રુવ સ્વભાવના અવલંબન વગર સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન થતું નથી. વચ્ચે વ્યવહાર આવી જાય છે, પણ તે મોક્ષમાર્ગ નથી. શુભરાગને વ્યવહારધર્મ કહ્યો તેનો અર્થ શું ? ત્યાં નિશ્ચયધર્મ એટલે કે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે તે યથાર્થ મોક્ષમાર્ગ છે, ને ત્યાં શુભરાગને ઉપચારથી વ્યવહારધર્મ કહ્યો છે. પણ તે બંધનું જ કારણ છે. જેને નિશ્ચય સ્વભાવનું ભાન નથી તેને તો શુભરાગ વ્યવહાર પણ કહેવાતો નથી. આપ્ત આગમ ને તત્ત્વની શ્રદ્ધાને વ્યવહારથી સમ્યગ્દર્શન કહ્યું, પણ તેમાં પર તરફનો જે રાગ છે તે તો બંધનું જ કારણ છે. 'અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પહેલો વ્યવહારનય પરિણમે અને પછી નિશ્ચયનય પરિણમે'–એમ અજ્ઞાની જીવોની માન્યતા છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં પંડિત ટોડરમલજી કહે છે :

''જેને સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન નથી, પણ જૈનમતમાં કહેલાં દેવ, ગુરુ અને ધર્મ ત્રણેને માને છે તથા અન્યમતમાં કહેલાં દેવાદિ વા તત્ત્વાદિને માને નહિ તો એવા કેવળ વ્યવહારસમ્યક્ત્વવડે તે સમ્યક્ત્વીનામને પામે નહિ.''

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરમાં ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કર્યા વગર વ્યવહાર કોનો ? નિશ્ચયવગરનો એકલો શુભભાવ અનાદિથી કર્યો છે તેને વ્યવહાર કહેવાતો નથી. જ્યાં ચિદાનંદ સ્વભાવનું નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. પણ વ્યવહારરત્નત્રયમાં જે રાગ છે. તે ધર્મ નથી, તે મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો મોહ અને ક્ષોભરહિત એવું વીતરાગી ચારિત્ર જ છે. સર્વજ્ઞદેવ અને ભાવલિંગી નિર્ગ્રંથ સંતોની ભક્તિના રાગને પણ જે મોક્ષમાર્ગ માને છે તે જીવ મોહથી ખેદખિન્ન થઈને રખડે છે. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવો રાગ સમ્યગ્દષ્ટિને જ આવે છે પણ સમ્યગ્દષ્ટિ તેને ધર્મ માનતા નથી.

આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે, તે સ્વભાવના અવલંબને જે પર્યાય પ્રગટે તે ધર્મ છે. ચિદાનંદ તત્ત્વના અવલંબન સિવાય બહારના અવલંબને જે ભાવ થાય તે બંધનું કારણ છે. તીર્થંકરને પણ છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવ્યા વિના રહે નહિ પણ જે જીવ તે રાગને મોક્ષનું કારણ માને છે તે મિથ્યા અભિપ્રાયથી ખેદખિન્ન પ્રવર્તે છે, તે મિથ્યાભ્રાંતિમાં ભટક્યા કરે છે. જે રાગથી મોક્ષ માને તે સ્વસમયમાં રત કેમ થાય ? તે તો પરસમયમાં રત છે. સરાગસમ્યગ્દષ્ટિ જીવને રાગ હોય છે પણ તેને તે મોક્ષનું કારણ માનતા નથી; જે રાગથી કલ્યાણ માને છે તે જીવ મિથ્યાદષ્ટિ છે. રાગ હોવા છતાં જો ચિદાનંદ સ્વભાવની શ્રદ્ધા રાખે ને રાગને બંધનું કારણ જાણે તો તેને સરાગસમ્યગ્દષ્ટિ કહેવાય છે. પણ રાગને મોક્ષનું કારણ માને તો તો તે મિથ્યાદષ્ટિ જ થઈ જાય છે. તેને સરાગ સમ્યક્ત્વ હોતું નથી. જ્ઞાયક ચિદાનંદ દ્રવ્યનો અનાદર કરીને જેણે રાગથી મુક્તિ માની તે જીવ મિથ્યાદષ્ટિ છે. અહો ! ચિદાનંદ સ્વભાવના અંતર અવલંબન સિવાય પંચપરમેષ્ઠી ભગવંતની ભક્તિનો ભાવ તે પણ જ્યાં બંધનું કારણ છે, તો પછી નિરર્ગળપણે સ્વચ્છંદી થઈને પાપભાવમાં પ્રવર્તે તેની તો શું વાત ? તે તો બંધનું કારણ છે જ. શુભનો પણ જ્યાં નિષેધ કર્યો ત્યાં અશુભનો નિષેધ તો આવી જ ગયો.

મોક્ષ તો દ્રવ્યના અવલંબને થાય છે, તેથી ચિદાનંદ દ્રવ્યનું અવલંબન જ મોક્ષનું કારણ છે. મોક્ષમાર્ગની પૂર્વ પર્યાયને મોક્ષનું કારણ કહેવું તે પણ હજી તો વ્યવહાર છે, કેમકે પૂર્વ પર્યાયનો તો અભાવ થઈને નવી પર્યાય પ્રગટે છે. પર્યાયમાંથી પર્યાય પ્રગટતી નથી, પણ દ્રવ્યમાંથી પ્રગટે છે. તો પછી રાગપર્યાયને મોક્ષપર્યાયનું કારણ કહેવું – એ વાત તો ક્યાં રહી ? રાગ તે મોક્ષનું કારણ છે જ નહિ. આત્માની વીતરાગદશાથી વિરુદ્ધ એવા રાગભાવથી મોક્ષ થતો નથી. જેને દ્રવ્યનું ભાન નથી તેના શુભરાગને તો વ્યવહારે પણ મોક્ષમાર્ગ નથી કહેવાતો. જેને ચિદાનંદઘન સ્વભાવના અવલંબને નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેના વ્યવહારરત્નત્રયને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો હતો, પરંતુ તેમાં જે શુભરાગ છે તે તો ખરેખર બંધનું જ કારણ છે.

જ્ઞાની રાગમાં ધર્મ માને નહિ; ને જેઓ રાગમાં ધર્મ મનાવતા હોય એવા કુગુરુઓને તે આદરે નહીં. શુભરાગ પણ મોક્ષનું કારણ નથી, તો અશુભરાગ તો આદરણીય ક્યાંથી હોય ? શુભનો નિષેધ કરતાં અશુભનો નિષેધ તો સહેજે થઈ ગયો. ૧૬૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अरहंतसिद्धचेदियपवयणगणणाणभत्तिसंपण्णो ।**
**बंधदि पुण्णं बहुसो ण हु सो कम्मक्खयं कुणदि ॥ १६६ ॥**

**अर्हत्सिद्धचैत्यप्रवचनगणज्ञानभक्तिसम्पन्नः ।**
**बध्नाति पुण्यं बहुशो न खलु स कर्मक्षयं करोति ॥ १६६ ॥**

**જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય-મુનિગણ-જ્ઞાનની ભક્તિ કરે,**
**તે પુણ્યબંધ લહે ઘણો, પણ કર્મનો ક્ષય નવ કરે. ૧૬૬.**

**અન્વયાર્થ :** [अर्हत्सिद्धचैत्यप्रवचनगणज्ञानभक्तिसम्पन्नः] અર્હંત, સિદ્ધ, ચૈત્ય (–અર્હંતાદિની પ્રતિમા), પ્રવચન (–શાસ્ત્ર), મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ [बहुशः पुण्यं बध्नाति] ઘણું પુણ્ય બાંધે છે, [न खलु सः कर्मक्षयं करोति] પરંતુ તે ખરેખર કર્મનો ક્ષય કરતો નથી.

---

**तात्पर्यवृत्ति :** अथ पूर्वोक्तशुद्धसंप्रयोगस्य पुण्यबंधं दृष्ट्वा मुख्यवृत्त्या मोक्षं निषेधयति,-अर्हत्सिद्ध-चैत्यप्रवचनगणज्ञानेषु भक्तिसंपन्नो जीवः बहुशः प्रचुरेण हु स्फुटं पुण्यं बध्नाति **सो** सः **ण कम्मक्खयं कुणदि** नैव कर्मक्षयं करोति । अत्र निरास्रवशुद्धनिजात्मसंवित्त्या मोक्षो भवतीति हेतोः पराश्रितपरिणामेन मोक्षो निषिद्ध इति सूत्रार्थः ॥

**समयव्याख्या : उक्तशुद्धसंप्रयोगस्य कथञ्चिद्बन्धहेतुत्वेन मोक्षमार्गत्वनिरासोऽयम् । अर्हदादिभक्ति-संपन्नः कथञ्चिच्छुद्धसंप्रयोगोऽपि सन् जीवो जीवद्रागलवत्वाच्छुभोपयोगतामजहत् बहुशः पुण्यं बध्नाति, न खलु सकलकर्मक्षयमारभते ततः सर्वत्र रागकणिकाऽपि परिहरणीया परसमयप्रवृत्तिनिबन्धन-त्वादिति ॥१६६ ॥**

**અનુવાદ : અહીં, પૂર્વોક્ત શુદ્ધસંપ્રયોગને કથંચિત્ બંધહેતુપણું હોવાથી તેનું મોક્ષમાર્ગપણું નિરસ્ત કર્યું છે (અર્થાત્ જ્ઞાનીને વર્તતો શુદ્ધસંપ્રયોગ નિશ્ચયથી બંધહેતુભૂત હોવાને લીધે તે મોક્ષમાર્ગ નથી એમ અહીં દર્શાવ્યું છે).**

**અર્હંતાદિ પ્રત્યે ભક્તિસંપન્ન જીવ, કથંચિત્ 'શુદ્ધસંપ્રયોગવાળો' હોવા છતાં પણ, રાગલવ જીવતો (વિદ્યમાન) હોવાથી 'શુભોપયોગીપણા'ને નહિ છોડતો થકો, ઘણું પુણ્ય બાંધે છે, પરંતુ ખરેખર સકળ કર્મનો ક્ષય કરતો નથી. તેથી સર્વત્ર રાગની કણિકા પણ પરિહરવાયોગ્ય છે, કેમકે તે પરસમયપ્રવૃત્તિનું કારણ છે. ૧૬૬.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૧, સોમવાર]

શ્રી સીમંધર પરમાત્મા અરિહંતપદે અત્યારે મહાવિદેહમાં સમવસરણમાં સાક્ષાત્ બિરાજી રહ્યા છે, ને પૂર્વે આ ભરતક્ષેત્રમાં પણ મહાવીર ભગવાન બિરાજતા હતા એવા ભગવાન પ્રત્યેની ભક્તિ તે પુણ્યબંધનું કારણ છે. અરિહંત, સિદ્ધ, ચૈત્યાલય, જિનપ્રતિમા, પ્રવચન અને સંત-મુનિઓ વગેરે પ્રત્યે ભક્તિ અને આદરભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી, પણ તે જાણે છે કે આ રાગ પરદ્રવ્યના અવલંબને થનારો છે. તે ધર્મ નથી. જિનપ્રતિમા ઉપરનો રાગભાવ પણ બંધનું કારણ છે, પણ તેથી કાંઈ જિનપ્રતિમાનો નિષેધ ન હોઈ શકે. ધર્મીને શુભરાગ થતાં જિનપ્રતિમાની ભક્તિ-પૂજાનો ભાવ આવે છે. ધર્મી રાગથી ધર્મ માનતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને રાગના નિમિત્તરૂપ જિનપ્રતિમા વગેરેને ઉથાપતો પણ નથી. જગતમાં ધર્મી જીવો અનાદિથી થતા જ આવે છે. તેમને નિશ્ચયથી તો ચૈતન્યનું બહુમાન છે. પણ રાગ વખતે નિમિત્ત તરીકે જિનપ્રતિમાનાં દર્શનભક્તિનો ભાવ પણ આવે છે, ને તેનાં નિમિત્તો પણ જગતમાં અનાદિથી છે. પણ નિમિત્તને કારણે રાગ થયો નથી, ને રાગને ધર્મી જીવ મોક્ષમાર્ગ માનતા નથી. મોક્ષમાર્ગ તો વીતરાગભાવ જ છે, ને વીતરાગભાવમાં સ્વદ્રવ્યનું જ અવલંબન છે.

ધર્મીને રાગ થાય છે તે પોતાના ચારિત્રગુણની વિકારીપર્યાય છે. કર્મના ઉદયને લીધે વિકાર થયો નથી તેમ જ તે રાગ દ્રવ્યનો સ્વભાવ પણ નથી. પર્યાયની નબળાઈથી થયો છે. આત્માનો ચારિત્રગુણ ત્રિકાળ છે, ને ત્રણકાળના જેટલા સમયો છે, તેટલી તેની પર્યાયો છે. તેમાં રાગ થયો તે પણ ચારિત્રની પર્યાયનો સ્વકાળ છે. જો પરને લીધે રાગ થયો એમ કહો–તો ચારિત્રનો સ્વકાળ સ્વતંત્ર સિદ્ધ થતો નથી. પરથી રાગ થાય એ વાત તો સ્થૂળ મિથ્યાત્વ છે. અહીં તો કહે છે કે પંચપરમેષ્ઠીની ભક્તિનો શુભરાગ થાય–તેને પણ જો મોક્ષનું કારણ માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. મોક્ષમાર્ગ પરદ્રવ્યથી નિરપેક્ષ છે. પર્યાય પોતાથી છે એમ નિરપેક્ષતા સિદ્ધ કરીને નિમિત્તનું જ્ઞાન કરે તો યથાર્થ છે. પણ નિરપેક્ષતા વગર એકલા નિમિત્તથી થવાનું માને તો તે વસ્તુસ્વરૂપને જાણતો નથી. ધર્મીને જે વખતે જે પ્રકારના રાગનો કાળ હોય તે સમયે તે પ્રકારનો રાગ આવે અને તે પ્રકારનાં નિમિત્ત ઉપર લક્ષ જાય છે, પણ ધર્મી જાણે છે કે આ રાગ તે મોક્ષનું કારણ નથી. ને આ રાગ વડે પરચીજને પણ બનાવી શકાતી નથી. આવા ભાનપૂર્વક ધર્મીજીવને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રમોદભાવ આવ્યા વિના રહેતો નથી. ભેદવિજ્ઞાન વગેરે પ્રત્યે ઉલ્લાસભાવ જાગ્યા વિના રહેતો નથી, ભેદવિજ્ઞાન પ્રગટ્યું તેની ભક્તિનો વિકલ્પ ઊઠે છે. તે શુભરાગ છે, તેને પણ તે બંધનું કારણ જાણે છે. રાગરહિત સ્વભાવની ભક્તિ તે જ મોક્ષનું કારણ છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૩, મંગળવાર]

આત્મા જ્ઞાનદર્શનસ્વભાવી વસ્તુ છે, તેના મૂળસ્વભાવમાં રાગાદિ લાગણી નથી. જો મૂળસ્વભાવમાં રાગાદિ હોય તો તે કદી ટળે નહિ. જેને એવું આત્મજ્ઞાન થયું કે હું તો જ્ઞાતા છું, રાગાદિ મારું સ્વરૂપ નથી. ને પરનો હું કર્તા નથી, એવા ધર્મીને પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી શુભરાગ હોય છે. ને અરિહંત-સિદ્ધ-સંત-મુનિઓ વગેરે પ્રત્યે ભક્તિનો ભાવ આવ્યા વિના રહેતો નથી. પણ તે શુભરાગ છે, તેને તે ધર્મ સમજતો નથી. આત્મા દેહ-મન-વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન ને રાગથી પણ પાર ચિદાનંદ વસ્તુ છે – એવા ભેદજ્ઞાનના મહિમાનો વિકલ્પ ઊઠે તે પણ રાગ છે, ભેદવિજ્ઞાનના બહુમાનનો ભાવ ધર્મીને આવે છે પણ તે તેને બંધનું કારણ સમજે છે. આત્મા ચૈતન્ય-સ્વરૂપનિધિ છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા તે જ મોક્ષનું કારણ છે, ધર્મી જીવને નીચલી દશામાં શુદ્ધોપયોગ લાંબો કાળ ટકી શકતો નથી, એટલે સ્વરૂપમાં લીનતા ન હોય ત્યારે શુભરાગ આવે છે. એવો શુભરાગ ઘણીવાર આવે છે, ને તે શુભરાગ ઘણા પુણ્યબંધનું કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી, – આવી શ્રદ્ધા તો પહેલેથી હોવી જોઈએ. જ્ઞાનદર્શનસ્વભાવી આત્મા છે એવું જેને ભાન છે પણ તેમાં લીનતા થઈ નથી, તેને શુભરાગ વખતે ભગવાનની ભક્તિ, સાધર્મીનો પ્રેમ, સંતોની ભક્તિ, રત્નત્રયની ભક્તિ-બહુમાન આવે છે; તે વખતે પણ ભેદજ્ઞાનથી સ્વરૂપમાં પ્રવીણતા તો ધર્મીને વર્તે છે, ને શુભરાગને પુણ્યબંધનું કારણ જાણે છે. તે શુભરાગથી સ્વભાવ ન મળે. પણ સંયોગ મળે એટલે તે રાગ મોક્ષનું કારણ નથી, આથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગનો અંશમાત્ર પણ સર્વત્ર છોડવા જેવો છે.

જેને શુદ્ધ આત્માનું ભાન થયું છે, તેમાં અંશે લીનતાપણું વર્તે છે. તેને શુભરાગ આવે છે. ત્યારે પણ મોક્ષમાર્ગ તો વર્તે છે. રાગ પોતે કાંઈ મોક્ષમાર્ગ નથી, રાગ તો બંધનું જ કારણ છે. પણ તે રાગ વખતે અંદરમાં સ્વભાવના આશ્રયે જેટલી શુદ્ધતા વર્તે છે તે મોક્ષમાર્ગ છે. આ રીતે બન્ને ભાવો સાધકદશામાં એક સાથે હોય છે. અંદરની શુદ્ધતા વગર એકલા શુભરાગને જે મોક્ષમાર્ગ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. જેને અંદર શુદ્ધ ચિદાનંદ સ્વભાવનું ભાન છે, નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ્યો છે, તેના શુભરાગને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાય છે; પણ અનુપચાર મોક્ષમાર્ગ સાથે વર્તે છે, તેથી તેને ઉપચારમોક્ષમાર્ગ કહેવાય છે. જેને અંદર સ્વભાવનું ભાન જ નથી, એવા જીવને શુભરાગમાં વ્યવહારમોક્ષમાર્ગનો ઉપચાર પણ આવતો નથી; તે અજ્ઞાની તો રાગને જ ધર્મ માની બેસે છે, તેથી તેને તો અનંતાનુબંધીનો રાગ છે. તેના રાગને ‘લવ’ રાગ કહેવાય નહિ. ધર્મીને ચિદાનંદ સ્વભાવનું ભાન છે, તેથી સ્વભાવની દૃષ્ટિના જોરમાં તેનો રાગ ઘણો અલ્પ છે, તેથી તેનો રાગ તે ‘લવ’ છે. પરંતુ તે શુભરાગ પણ મોક્ષનું કારણ નથી. જ્ઞાનીને પણ જે શુભરાગ છે તે પુણ્યબંધનું કારણ છે. ધર્મીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું છે તેટલે અંશે તો બંધપદ્ધતિનો અભાવ થયો છે. ૪૧ પ્રકૃતિનું બંધન તો ચોથા ગુણસ્થાનથી જ અટકી ગયું છે. પણ હજી તેને જેટલો રાગ છે તેટલું બંધન છે. તેથી બંધપદ્ધતિનો સર્વથા અભાવ નથી. આ રીતે જ્ઞાનીને સાધકદશામાં અબંધભાવ ને બંધભાવ બન્ને સાથે હોય છે. પણ તેમાં જેટલે અંશે શુદ્ધરત્નત્રયનો ભાવ છે તે તો અબંધભાવ જ છે, તે બંધનું કિંચિત્ કારણ થતું નથી; અને ત્યાં જેટલો રાગાદિભાવ છે તે બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી, અજ્ઞાની તો બંધ-મોક્ષના કારણને જ ઓળખતો નથી. ‘પુરુષાર્થસિદ્ધિઉપાય’માં પણ (ગાથા ૨૧૨-૧૩-૧૪માં) કહ્યું છે કે :–

જેટલા અંશે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ ચારિત્ર છે, તેટલા અંશથી બંધન થતું નથી. પણ જેટલા અંશે રાગ છે તેટલા અંશે બંધન થાય છે. સાધક જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં જે બંધન થાય છે તે બંધન રાગભાવથી જ થાય છે. રત્નત્રય તે કાંઈ બંધનનું કારણ નથી, રત્નત્રય તો મોક્ષનું જ કારણ છે. રત્નત્રય તે ધર્મ છે, ધર્મ તે મોક્ષનું જ કારણ છે, તે ચાર ગતિનું કારણ થાય નહિ, પુણ્યનું બંધન થાય તે શુભરાગથી થાય છે, ને શુભરાગ તે જીવનો અપરાધ છે, તે ધર્મ નથી.

ધર્મ તે આત્માના સ્વભાવમાંથી પ્રગટેલી વીતરાગી અવસ્થા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ ત્રણેય પર્યાય છે, મોક્ષમાર્ગ તે પર્યાય છે: સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નવીન પ્રગટે છે, તે કાંઈ ત્રિકાળ નથી, ગુણ ત્રિકાળ છે. મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે વિકારી પર્યાય છે, તે સંસાર છે, ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે નિર્મળદશા છે, તે મોક્ષમાર્ગ છે. ચિદાનંદ સ્વભાવ છું–એમ સ્વભાવની પ્રતીત કરીને તેના આશ્રયે જેટલો વીતરાગભાવ થયો તેટલો તો અબંધભાવ છે. પણ જ્યાં પરિપૂર્ણ વીતરાગતા ન થઈ હોય ત્યાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની ભક્તિ-બહુમાનનો શુભરાગ થાય છે; તે રાગ હોય ત્યાં સુધી સકલકર્મનો ક્ષય થતો નથી. માટે સર્વત્ર રાગ છોડવા જેવો છે–રાગ કેમ છૂટે ? કે ચિદાનંદ સ્વભાવનો આશ્રય કરીને તેમાં એકાગ્ર થતાં રાગ છૂટી જાય છે. ધર્મીની દૃષ્ટિમાં રાગનો નિષેધ વર્તે છે તેથી ઉપચારથી તેના શુભરાગને મોક્ષનું પરંપરાકારણ કહેવાય છે. પણ સાક્ષાત્ તો તે બંધનું જ કારણ છે. રાગ ‘પરંપરા’ કારણ છે–એ વાત કોને લાગુ પડે ? જેને રાગનો આદર છે તેને તો તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરંપરા મોક્ષનું કારણ નથી, પણ જેને રાગનો આદર નથી, રાગરહિતચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ વર્તે છે તે જીવ અલ્પકાળમાં સ્વભાવનું ઉગ્ર અવલંબન લઈને રાગને તોડી નાખશે, તેથી તેને જ રાગમાં પરંપરા કારણનો ઉપચાર લાગુ પડે છે. ખરેખર રાગ તો આત્માને બંધનું જ કારણ છે. જેટલો રાગ છે તેટલો તો મોક્ષમાર્ગનો ઘાત છે. ચિદાનંદ સ્વદ્રવ્યનો આશ્રય છોડીને કોઈ પણ પરદ્રવ્યનો આશ્રય થતાં રાગની ઉત્પત્તિ થાય છે. તે બંધનું જ કારણ છે, માટે પરદ્રવ્યનો આશ્રય છોડવા જેવો છે. ને સ્વદ્રવ્યનો જ આશ્રય કરવા જેવો છે.

જીવને સ્વસમયની પ્રાપ્તિ નથી થતી તેમાં રાગ જ કારણ છે, એમ હવે કહે છે, એટલે કે કર્મના કારણે સ્વસમયની પ્રાપ્તિ નથી થતી-એમ કોઈ માને તો તે વાત જૂઠી છે, પોતાના રાગના કારણે જ સ્વસમયની પ્રાપ્તિ અટકી છે-એમ કહે છે. ૧૬૬.

---

**जस्स हिदयेणुमेत्तं वा परदव्वम्हि विज्जदे रागो ।**
**सो ण विजाणदि समयं सगस्स सव्वागमधरो वि ॥ १६७ ॥**

**यस्य हृदयेऽणुमात्रो वा परद्रव्ये विद्यते रागः ।**
**स न विजानाति समयं स्वकस्य सर्वागमधरोऽपि ॥ १६७ ॥**

**અણુમાત્ર જેને હૃદયમાં પરદ્રવ્ય પ્રત્યે રાગ છે,**
**હો સર્વઆગમધર ભલે, જાણે નહીં સ્વક-સમયને. ૧૬૭.**

**અન્વયાર્થ :** [यस्य] જેને [परद्रव्ये] પરદ્રવ્ય પ્રત્યે [अणुमात्रः वा] અણુમાત્ર પણ (લેશમાત્ર પણ) [रागः] રાગ [हृदये विद्यते] હૃદયમાં વર્તે છે [सः] તે, [सर्वागमधरः अपि] ભલે સર્વઆગમધર હોય તોપણ, [स्वकस्य समयं न विजानाति] સ્વકીય સમયને જાણતો (અનુભવતો) નથી.

---

**तात्पर्यवृत्ति :** अथ शुद्धात्मोपलंभस्य परद्रव्य एव प्रतिबंध इतिं प्रज्ञापयति, – यस्य हृदये मनसि **अणुमेत्तं वा** परमाणुमात्रोपि **परदव्वम्हि** शुभाशुभपरद्रव्यैः **हि स्फुटं विज्जदे रागो** रागो विद्यते **सो** सः **ण विजाणदि** न जानाति । किं ? **समयं** । कस्य ? **सगस्स** स्वकीयात्मनः कथंभूतः ? **सव्वागमधरोवि** सर्वशास्त्रपारगोपि । तथाहि—निरुपरागपरमात्मनि विपरीतो रागो यस्य विद्यते स स्वकीयशुद्धात्मानुचरणरूपं स्वस्वरूपं न जानाति ततः कारणात्पूर्वं विषयानुरागं त्यक्त्वा तदनन्तरं गुणस्थानसोपानक्रमेण रागादिरहितनिजशुद्धात्मनि स्थित्वा चार्हदादिविषयेपि रागस्त्याज्य इत्यभिप्रायः ॥ १६७ ॥

**समयव्याख्या : स्वसमयोपलम्भाभावस्य रागैकहेतुत्वद्योतनमेतत् । यस्य खलु रागरेणुकणिकाऽपि जीवति हृदये न नाम स समस्तसिद्धान्तसिन्धुपारगोऽपि निरुपरागशुद्धस्वरूपं स्वसमयं चेतयते । ततः स्वसमयप्रसिद्ध्यर्थं पिञ्जनलग्नतूलन्यासन्यायमधिदधताऽर्हदादिविषयोऽपि क्रमेण रागरेणुरपसारणीय इति ॥ १६७ ॥**

**અનુવાદ : અહીં, સ્વ સમયની ઉપલબ્ધિના અભાવનો, રાગ એક હેતુ છે એમ પ્રકાશ્યું છે (અર્થાત્ સ્વસમયની પ્રાપ્તિના અભાવનું રાગ જ એક કારણ છે એમ અહીં દર્શાવ્યું છે).**

**જેને રાગરેણુની કણિકા પણ હૃદયમાં જીવતી છે તે, ભલે સમસ્ત સિદ્ધાંતસાગરનો પારંગત હોય તોપણ, નિરુપરાગ-શુદ્ધસ્વરૂપ સ્વસમયને ખરેખર ચેતતો (અનુભવતો) નથી. માટે, 'પીંજણને**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચોંટેલ રૂ'નો ન્યાય લાગુ પડતો હોવાથી, જીવે સ્વસમયની પ્રસિદ્ધિ અર્થે અર્હંતાદિવિષયક પણ રાગરેણુ (-અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ) ક્રમે દૂર કરવા યોગ્ય છે. ૧૬૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૩, મંગળવાર]

પ્રવચનસાર ગાથા ૨૩૯ અને સમયસાર ગાથા ૨૦૧માં પણ આ વાત આવે છે. જેને પુદ્ગલાદિ પરદ્રવ્યોમાં અંશમાત્ર પણ પ્રીતિભાવ છે એટલે કે પરદ્રવ્યથી લાભ માનીને તેમાં રાગ કરે છે તે પુરુષ ભલે સમસ્ત શાસ્ત્રોને ભણ્યો હોય તોપણ યથાર્થ આત્મસ્વરૂપને તે જાણતો નથી.

"जिस पुरुषके चित्तमें आत्मिकभावरहित परभावोंमें रागकी कणिका भी विद्यमान हैं वह पुरुष समस्त सिद्धांतशास्त्रोंको जानता हुवा भी सर्वांग वीतराग शुद्धस्वरूप स्वसमयको नहीं वेदे है. इसकारण यथार्थ शुद्धस्वरूपकी सिद्धि निमित्त अरहंतादिकमें भी क्रमसे राग छोडना योग्य है."

ચિદાનંદ સ્વરૂપ સ્વદ્રવ્યના આશ્રયે જ કલ્યાણ છે, એ સિવાય પરદ્રવ્યના આશ્રયે લાભ માનીને જે રાગ કરે છે, તે મિથ્યાદૃષ્ટિ છે, ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કરીને ક્રમેક્રમે સમસ્ત રાગ છોડવા જેવો છે. રાગ પરદ્રવ્યના અવલંબન વગર થાય નહિ. સમસ્ત શાસ્ત્રોનો સાર તો એ જ છે કે સ્વદ્રવ્યની દૃષ્ટિ કરીને તેનું અવલંબન કરવું. જેટલું સ્વદ્રવ્યનું અવલંબન લીધું તેટલો રાગ થતો નથી. જેમ જેમ સ્વદ્રવ્યનું અવલંબન વધતું જાય છે તેમ તેમ રાગ તૂટતો જાય છે. પણ પહેલાં સ્વભાવની દૃષ્ટિ થઈ હોવી જોઈએ. શાસ્ત્રનો જાણકાર હોય પણ જો રાગથી કલ્યાણ માનતો હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે. જેણે અંતરમાં સ્વદ્રવ્યની દૃષ્ટિ કરીને તેનું અવલંબન લીધું છે તેને સ્વભાવના આશ્રયે મુનિદશા પ્રગટે છે. મુનિદશામાં ૨૮ મૂળ ગુણનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ તથા દિગંબરદશા હોય છે ખરી, પણ મુનિદશા કાંઈ તે વિકલ્પોના આધારે થતી નથી, મુનિદશાનો વીતરાગભાવ તો અંતરના સ્વભાવના આશ્રયે જ થાય છે. અંદરમાં સ્વભાવના આશ્રયે જેને શુદ્ધતા પ્રગટી નથી ને દિગંબર શરીર તથા પંચમહાવ્રતના વિકલ્પ કરે, તો તેથી કાંઈ અંદરમાં મુનિદશા થઈ જતી નથી. માલ વગર એકલા બારદાનથી શું ? જ્ઞાનાનંદ ચૈતન્યતત્ત્વના ભાન વિના ભલે શુભરાગ કરે, પણ તેને કાંઈ વ્યવહારે પણ મોક્ષમાર્ગ થતો નથી. અહીં તો મોક્ષમાર્ગની વાત છે. સાધકને અંદરમાં રાગરહિત ચૈતન્યસ્વભાવનાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન થયાં છે, તેમાં એકાગ્રતા પણ થઈ છે. અંદરમાં ક્ષણે ક્ષણે શાંતિના કુંડમાં ડૂબી જાય છે, પણ સાધકદશામાં હજી ભેગો બાધકભાવ પણ છે, તે બંધનું કારણ છે; જ્યાંસુધી સર્વાંગ શુદ્ધ વીતરાગભાવથી સ્વભાવને વેદે નહિ ત્યાં સુધી મુક્તિ થતી નથી. માટે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે અરિહંત વગેરે પ્રત્યેની ભક્તિનો રાગ પણ છોડવા જેવો છે. રાગ ન છૂટે તોપણ પહેલાં આવી દૃષ્ટિ તો કરવી જોઈએ. જો તેવી દૃષ્ટિ પણ ન કરે અને રાગને મોક્ષમાર્ગ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે, તેને તો કિંચિત્ ધર્મ થતો નથી.

હવે જેને રાગમાં ધર્મની બુદ્ધિ છે, તે જીવને રાગનો અંશ પણ પરંપરા અનર્થનું કારણ છે. તે વાત કહે છે. જુઓ, અજ્ઞાની માને છે કે રાગ પરંપરા મોક્ષનું કારણ છે. પણ અહીં તો આચાર્યભગવાન કહે છે કે અરે ભાઈ ! તારો રાગ તો પરંપરા અનર્થનું કારણ છે. ૧૬૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**धरिदुं जस्स ण सक्कं चित्तुब्भामं विणा दु अप्पाणं।**
**रोधो तस्स ण विज्जदि सुहासुहकदस्स कम्मस्स ॥ १६८ ॥**

**धर्तुं यस्य न शक्यं चित्तोद्भ्रामं विना त्वात्मानम्।**
**रोधस्तस्य न विद्यते शुभाशुभकृतस्य कर्मणः ॥ १६८ ॥**

**મનના ભ્રમણથી રહિત જે રાખી શકે નહિ આત્મને,**
**શુભ વા અશુભ કર્મો તણો નહિ રોધ છે તે જીવને. ૧૬૮.**

**અન્વયાર્થ :** [यस्य] જે [चित्तोद्भ्रामं विना तु] (રાગના સદ્ભાવને લીધે) ચિત્તના ભ્રમણ વિનાનો [आत्मानम्] પોતાને [धर्तुम् न शक्यम्] રાખી શકતો નથી, [तस्य] તેને [शुभाशुभकृतस्य कर्मणः] શુભાશુભ કર્મનો [रोधः न विद्यते] નિરોધ નથી.

---

**तात्पर्यवृत्ति :** अथ सर्वानर्थपरंपराणां राग एव मूलमित्युपदिश्यते,— धर्तुं **जस्स** यस्य **ण सक्को** न शक्यः कर्मतापन्नः **चित्तुब्भामो** चित्तभ्रमः अथवा विचित्रभ्रमः आत्मनो भ्रान्ति :। कथं ? **विणा दु अप्पाणं** आत्मानं विना निजशुद्धात्मभावनामंतरेण **रोधो तस्स ण विज्जदि** रोधः संवरः तस्य न विद्यते। कस्य संबंधि। **सुहासुहकदस्स कम्मस्स** शुभाशुभकृतस्य कर्मण इति। तद्यथा। योऽसौ नित्यानन्दैकस्वभावनिजात्मानं न भावयति तस्य मायामिथ्यानिदानशल्यत्रयप्रभृतिसमस्तविभावरूपो बुद्धिप्रसरो धर्तुं न याति निरोधाभावे च शुभाशुभकर्मणां संवरो नास्तीति। ततः स्थितं समस्तानर्थपरंपराणां रागादिविकल्पा एव मूलमिति ॥ १६८ ॥

**समयव्याख्या : रागलवमूलदोषपरंपराख्यानमेतत्। इह खल्वर्हदादिभक्तिरपि न रागानुवृत्तिमन्तरेण भवति। रागाद्यनुवृत्तौ च सत्यां बुद्धिप्रसरमन्तरेणात्मा न तं कथंचनापि धारयितुं शक्यते। बुद्धिप्रसरे च सति शुभस्याशुभस्य वा कर्मणो न निरोधोऽस्ति। ततो रागकलिविलासमूल एवायमनर्थसन्तान इति ॥ १६८ ॥**

**અનુવાદ : આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે (અર્થાત્ અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે).**

**અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી. રાગાદિપરિણતિ હોતાં, આત્મા બુદ્ધિપ્રસાર વિનાનો (-ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી; અને બુદ્ધિપ્રસાર હોતાં (-ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી. માટે, આ અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે. ૧૬૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૩, મંગળવાર]

રાગના અવલંબને રાગનો નાશ થતો નથી. પણ રાગરહિત જ્ઞાનાનંદ ધ્રુવ સ્વભાવમાં લીન થતાં રાગનો નાશ થઈ જાય છે. જ્ઞાનાનંદસ્વભાવી આત્માના અવલંબન વગર રાગનો નાશ થતો નથી. શુભરાગના અવલંબને કાંઈ ધર્મ થતો નથી. રાગના અવલંબને જે લાભ માને છે તેની મિથ્યા માન્યતા મહા અનર્થનું કારણ છે.

**પ્રશ્ન :** આવી વાત સાંભળવાથી જીવને નુકસાન થશે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :** પ્રથમ તો એ વાત છે કે કોઈના કારણે કોઈને નુકસાન થાય નહિ, વળી બીજી વાત એ છે કે આ વસ્તુસ્વરૂપની સત્ય વાત છે. સત્ય કોઈને નુકસાનનું કારણ થાય નહિ. ભાઈ ! તું વિચાર તો કર કે તારું કલ્યાણ ક્યાં છે ? કોનું અવલંબન લેવાથી કલ્યાણ થાય તેમ છે ? તું ચિદાનંદ જ્ઞાનતત્ત્વ છો. તારા સ્વભાવમાંથી રાગની ઉત્પત્તિ થતી નથી, રાગમાં તારા જ્ઞાનનો વિસ્તાર ફેલાયેલો નથી. પણ તેમાં તો મનનો વિસ્તાર છે. જ્ઞાનમાં એકાગ્રતાથી રાગની ઉત્પત્તિ થાય નહિ, પણ મનના અવલંબને રાગની ઉત્પત્તિ થાય છે. તે રાગનો નાશ જ્ઞાનસ્વભાવના અવલંબને જ થાય છે, આત્માના અવલંબને રાગ થાય નહિ ને પરના અવલંબને રાગ થયા વિના રહે નહિ. તથા આત્માના અવલંબન વગર રાગનો નાશ થાય નહિ ને પરના અવલંબને રાગની ઉત્પત્તિ થયા વિના રહે નહિ.

જુઓ, ૧૬૭મી ગાથામાં કહ્યું હતું કે આત્માને પરસમયમાં પ્રવૃત્તિ થાય છે તેનું કારણ રાગભાવ જ છે, પરદ્રવ્ય તેનું કારણ નથી. એક જ કારણ છે, કર્મ વગેરે કોઈ બીજું કારણ નથી તેમ અહીં પણ કહે છે કે આત્મા સિવાય બીજું કોઈ રાગના નાશનું કારણ નથી. આત્માના જ્ઞાનસ્વભાવના અવલંબને જ રાગનો નાશ થાય છે. રાગ કે વીતરાગતા તે બન્ને જીવના પોતાના ચારિત્રગુણની પર્યાય છે. તે પર્યાય પરથી નિરપેક્ષ છે, એવી નિરપેક્ષતાના જ્ઞાનસહિત કર્મને તેનું નિમિત્ત કહેવું તે સાપેક્ષતા છે. જીવના ઔદયિકાદિ ભાવોમાં જીવના જ છ કારકો છે, ને પુદ્ગલકર્મની પર્યાયમાં પુદ્ગલના છ કારકો છે.

આત્મા જ્ઞાનદર્શન સ્વભાવી છે, તે સ્વભાવમાં જો જ્ઞાનની એકાગ્રતા કરે તો રાગ થાય નહિ, પણ જ્ઞાનને પર તરફ વાળીને ત્યાં એકાગ્ર કરે છે. એટલે મન સાથેનું જોડાણ જ રાગનું કારણ છે. જો આત્મા પોતાના સ્વભાવનું અવલંબન લ્યે તો જ્ઞાનદર્શનનો વિસ્તાર થાય, ને પરનું અવલંબન લ્યે તો રાગનો વિસ્તાર થાય. પણ બન્નેમાં પોતે જ કર્તા છે. નિગોદનો જીવ પણ પોતાના ભાવકલંકની પ્રચુરતાથી જ નિગોદમાં રહ્યો છે, એમ ગોમ્મટસારમાં પણ કહ્યું છે. (મોટી ટીકા પૃષ્ઠ ૪૪૧) જ્ઞાનસ્વભાવમાં ન જોડાય ને ચિત્ત એટલે કે મન સાથે જોડાય તો રાગની ઉત્પત્તિ થાય છે. સ્વભાવમાં જોડાય તો રાગની ઉત્પત્તિ થતી નથી. પરના આશ્રયે રાગ થાય છે તે સંસારનું કારણ છે ને સ્વભાવનો આશ્રય કરતાં વીતરાગતા થાય છે તે મોક્ષનું કારણ છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૪, બુધવાર]

આ મોક્ષમાર્ગનું વર્ણન છે. જ્ઞાનસ્વભાવી આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા તે મોક્ષમાર્ગ છે. જુઓ આ શરીર તો જડ-માટીનું છે, તેનામાં કાંઈ જાણવા-દેખવાનો સ્વભાવ નથી. જાણવા-દેખવાનો સ્વભાવ તો આત્મામાં છે. તે જ્ઞાનદર્શનસ્વભાવી આત્મામાં લીનતા તે મોક્ષમાર્ગ છે, ને તે સિવાય અરિહંત-સિદ્ધ વગેરે પ્રત્યેની ભક્તિનો ભાવ તે શુભરાગ છે.. તે બંધનું કારણ છે. રાગ તે આત્માનો સ્વભાવ નથી. જેટલું જ્ઞાન છે તેટલો જ આત્મા છે. તે સ્વભાવની લીનતા છૂટીને જેટલું પરદ્રવ્ય તરફ વલણ જાય તે રાગ છે, તે મોક્ષમાર્ગ નથી. ધર્મ કરનારે 'ધર્મ શું છે' તે તો સમજવું જોઈએ ને ! આત્મા વસ્તુ છે, તેનો કાયમી સ્વભાવ તો જ્ઞાનદર્શન છે, તેની પ્રતીત અને જ્ઞાન કરીને તેમાં લીન થવું તે ધર્મ છે.— આમાં ન સમજાય તેવું છે શું ? સમજવા માગે તો બધું સમજાય તેવું છે. આત્માના સ્વભાવની અંતર્મુખ થઈને ભાવના કરવી તે વીતરાગભાવ છે. અને સ્વદ્રવ્યની અંતર્મુખતા ચૂકીને પરદ્રવ્યના અવલંબને જે ભાવ થાય તેમાં તો રાગનો વિસ્તાર થાય છે; જો ભક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેના રાગને ધર્મ મનાવે તો તે મોક્ષમાર્ગને જાણતો નથી, તેમ જ જો ભગવાનની ભક્તિ વગેરેને સર્વથા ઉથાપે તો તે પણ સાધકદશાને સમજ્યો નથી. સાધકદશામાં ભક્તિ વગેરેનો શુભભાવ હોય છે, પણ તે મોક્ષમાર્ગ નથી.

"ज्ञानक्रियाभ्याम् मोक्षः" એમ કહેવાય છે. તેમાં કઈ ક્રિયા ? શરીરની ક્રિયા તો જડની છે, ને અંદર વ્રત-તપ વગેરેના વિકલ્પ થાય તે પણ રાગની ક્રિયા છે. તે પણ મોક્ષનું કારણ નથી. પણ જ્ઞાન સ્વભાવી આત્માનું ભાન કરીને તેમાં એકાગ્રતાની રાગરહિત ક્રિયા-તે મોક્ષનું કારણ છે. બહારની ક્રિયાને કે રાગની ક્રિયાને અજ્ઞાનીઓ મોક્ષનું કારણ મનાવે છે, પણ તેમ નથી. આત્માનું જ્ઞાન અને તેમાં રાગરહિત સ્થિરતા તે ક્રિયા – આવાં જ્ઞાન-ક્રિયા તે મોક્ષનું કારણ છે. જુઓ ! વીતરાગની વાણી ! વીતરાગદેવ કહે છે કે અમારા પ્રત્યેની ભક્તિનો ભાવ પણ તને બંધનું કારણ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા-ભક્તિ, પ્રભાવના વગેરેનો ભાવ ધર્મીને આવ્યા વગર રહેતો નથી. પણ તે તેને બંધનું કારણ સમજે છે. ક્ષાયિક સમકિતી ઈંદ્ર એકભવતારી હોય છતાં તેને પણ ભક્તિનો ભાવ આવતાં નાચી ઊઠે છે. જુઓ, પહેલા દેવલોકના શક્રેન્દ્ર છે તે એકભવતારી છે, મનુષ્ય થઈને મોક્ષ પામવાના છે, છતાં જ્યાં તીર્થંકરભગવાનનો જન્મ થાય–તેવા પ્રસંગે ભક્તિથી નાચી ઊઠે છે, તે કાળે તેવો રાગ આવ્યા વિના રહેતો નથી. ધર્મીને સ્વભાવનું ભાન થયા પછી રાગ થાય જ નહિ, એમ નથી. રાગના કાળે રાગ હોય, સંયોગના કારણે સંયોગ હોય, ક્ષયોપશમભાવની યોગ્યતા પ્રમાણે જ્ઞાન હોય, એ બધું હોવા છતાં ધર્મી જીવની રુચિ સ્વભાવ ઉપર પડી છે. રુચિ ફેરવવાની વાત છે. ધર્મીજીવને શુભરાગ આવે પણ તે તેને મોક્ષનું કારણ નથી માનતો, તેને તેની રુચિ નથી. શુભરાગ વખતે પણ ઘાતિ-અઘાતિ બન્ને જાતનાં કર્મો બંધાય છે. તેમાં ઘાતિકર્મો તે પાપ છે; તેથી શુભરાગથી પણ શુભ-અશુભ બન્ને આસ્રવ થાય છે. મિથ્યાદૃષ્ટિની તો અહીં વાત નથી, પણ સમ્યગ્દૃષ્ટિ જીવ રાગથી ધર્મ નથી માનતા, તેમને પણ શુભયોગ વખતે ઘાતિ-અઘાતિ કર્મો બંધાય છે. જેટલો પરદ્રવ્ય તરફનો વલણવાળો ભાવ છે તેનાથી પુણ્ય અને પાપ બન્નેનો આસ્રવ થાય છે. શુભરાગ વખતે શાતાવેદનીયની સાથે જ્ઞાનાવરણીયાદિનું પણ બંધન થાય છે. રાગથી ચારિત્રમોહ પણ બંધાય છે. તો ચારિત્રમોહ પાપ છે કે પુણ્ય ? તે પાપપ્રકૃતિ છે. માટે શુભરાગથી પુણ્ય અને પાપ બન્નેનું બંધન થાય છે, શુભરાગ કાંઈ એકલા પુણ્યબંધનું કારણ નથી, સાથે પાપ પણ બંધાય છે. આવા શુભરાગને જે મોક્ષનું કારણ માને તેને તો આત્માના સ્વભાવનું ભાન જ નથી, સમ્યગ્દર્શનરૂપ ભૂમિકા જ તેને નથી. તો પછી ચારિત્રરૂપી ઝાડ ક્યાંથી ઊગશે ?

સમ્યગ્દર્શન શું છે ? કે એક સમયમાં પૂર્ણ શક્તિનો ભંડાર કારણપરમાત્મા છે, તેની પ્રતીત તે સમ્યગ્દર્શન છે. ને તે કારણપરમાત્માના અવલંબને જ કાર્યપરમાત્માપણું પ્રગટે છે. જુઓ, કારણ-પરમાત્માને સ્વીકાર્યો ત્યાં તેના અવલંબને શુદ્ધ કાર્ય પ્રગટે છે. નિગોદદશામાં જે જ્ઞાનનો ઉઘાડ છે તે કાંઈ કારણપરમાત્માના અવલંબને થયેલું કાર્ય નથી. એક સમયમાં પરિપૂર્ણ કારણશુદ્ધ જીવ છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે.

એક સમયમાં અખંડ ચૈતન્ય કારણપરમાત્મા છે, તેની પ્રતીત અજ્ઞાની કરતો નથી તેથી તેને શુદ્ધ કાર્ય પ્રગટતું નથી. સમ્યગ્દૃષ્ટિ જ કારણપરમાત્માની પ્રતીત કરે છે. અહો ! અંતરમાં સ્વભાવનો ભંડાર છે, તેનો મહિમા સમ્યગ્દૃષ્ટિને વર્તે છે. ગમે તે સંયોગમાં હો, ગમે તે ક્ષેત્રમાં હો, ગમે તે (શુભ કે અશુભ) ભાવમાં હો – પણ ધર્મી જીવને અંતરમાં ચૈતન્યભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધકારણપરમાત્માની રુચિ છૂટતી નથી. સાધકદશામાં વચ્ચે બાધકભાવ હોય છે. પણ ધર્મીજીવની દૃષ્ટિમાંથી કદી સ્વભાવનું અવલંબન ખસતું નથી.

જુઓ, બારમા ગુણસ્થાને પણ હજી સાધકદશા છે. ત્યાં જ્ઞાન-દર્શન વીર્ય હજી અધૂરાં પરિણમે છે એટલે પર્યાયમાં ભાવબંધ છે, ને તેથી દ્રવ્યબંધ પણ હજી ઊભો છે, ત્યાં નવું દ્રવ્યબંધન થતું નથી, પણ પૂર્વે બંધાયેલાં કર્મો હજી પડ્યાં છે. ભાવબંધ ઊભો છે એટલે હજી બારમા ગુણસ્થાને પણ ભાવમુક્તિ નથી. ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને તો રાગ હોય છે તે રાગથી શુભાશુભ આસ્રવ હોય છે. બારમા ગુણસ્થાને મોહ નથી એટલે નવું બંધન થતું નથી. તીર્થંકરદેવ પણ મુનિદશામાં હોય ત્યારે છઠ્ઠા ગુણસ્થાને તેમને પણ રાગ થતો, અને તે રાગથી શુભાશુભ આસ્રવ થતો હતો. સાધકને બે ધારા હોય છે. જેટલો સ્વભાવના આશ્રયે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો વીતરાગભાવ પ્રગટ્યો છે, તેટલો અબંધભાવ છે, જેટલો રાગ છે તેટલો બંધભાવ પણ છે. મિથ્યાદૃષ્ટિને એકલો બંધભાવ જ છે. ને કેવળી પરમાત્માને એકલો અબંધસ્વભાવ થઈ ગયો છે. સાધકને સ્વભાવ તરફની શ્રેણી છે તે મોક્ષનું કારણ છે, ને ત્યાં જે રાગ છે તે બંધનું કારણ છે. જીવને રાગ-દ્વેષ-મોહરૂપ વિભાવપરિણામ તે જ સંસારભ્રમણનું કારણ છે, ને ચિદાનંદ કારણપરમાત્માનું અવલંબન તે મુક્તિનું કારણ છે. ૧૬૮.

---

**तम्हा णिव्वुदिकामो णिस्संगो णिम्ममो य हविय पुणो ।**
**सिद्धेसु कुणदि भत्तिं णिव्वाणं तेण पप्पोदि ॥ १६९ ॥**

**तस्मान्निवृत्तिकामो निस्सङ्गो निर्ममश्च भूत्वा पुनः ।**
**सिद्धेषु करोति भक्तिं निर्वाणं तेन प्राप्नोति ॥ १६९ ॥**

**તે કારણે મોક્ષેચ્છુ જીવ અસંગ ને નિર્મમ બની**
**સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. ૧૬૯.**

**અન્વયાર્થ :** [तस्मात्] માટે [निवृत्तिकामः] મોક્ષાર્થી જીવ [निस्सङ्गः] નિઃસંગ [च] અને [निर्ममः] નિર્મમ [भूत्वा पुनः] થઈને [सिद्धेषु भक्तिं] સિદ્ધોની ભક્તિ (–શુદ્ધાત્મદ્રવ્યમાં સ્થિરતારૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ) [करोति] કરે છે, [तेन] જેથી તે [निर्वाणं प्राप्नोति] નિર્વાણને પામે છે.

---

**तात्पर्यवृत्ति :** ततस्तस्मान्मोक्षार्थिना पुरुषेण 'ग्रहणरहितत्वान्निःसंगता' आस्रवकारणभूतं रागादिविकल्पजालं निर्मूलनायेति सूक्ष्मपरसमयव्याख्यानमुपसंहरति, – **तम्हा** तस्माच्चित्तगतरागादिविकल्पजालं 'अण्णाणादो णाणी'त्यादि गाथाचतुष्टयेनास्रवकारणं भणितं, तस्मात्कारणात् **णिव्वुदिकामो** निवृत्त्यभिलाषी पुरुषः **णिस्संगो** निःसंगात्मतत्त्वविपरीतबाह्याभ्यन्तरपरिग्रहेण रहितत्वान्निःसंगः **णिम्ममो** रागाद्युपाधिरहितचैतन्यप्रकाशलक्षणात्मतत्त्वविपरीतमोहोदयोत्पन्नेन ममकाराहंकारादिरूपविकल्पजालेन रहितत्वात् निर्मोहश्च निर्ममः **भविय** भूत्वा **पुणो** पुनः **सिद्धेसु** सिद्धगुणसदृशानंतज्ञानात्मगुणेषु **कुणदु** करोतु । कां ? भत्तिं पारमार्थिकस्वसंवित्तिरूपां सिद्धभक्तिं । किं भवति ? **तेण** तेन सिद्धभक्तिपरिणामेन शुद्धात्मोपलब्धिरूपं **णिव्वाणं** निर्वाणं **पप्पोदि** प्राप्नोतीति भावार्थः ॥ १६९ ॥

**समयव्याख्या : रागकलिनिःशेषीकरणस्य करणीयत्वाख्यानमेतत् । यतो रागाद्यनुवृत्तौ चित्तोद्भ्रान्तिः,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चित्तोद्भ्रान्तौ कर्मबन्ध इत्युक्तम्, ततः खलु मोक्षार्थिना कर्मबन्धमूलचित्तोद्भ्रान्तिमूलभूता रागाद्यनुवृत्तिरेकान्तेन निःशेषीकरणीया। निःशेषितायां तस्यां प्रसिद्धनैःसङ्ग्यनैर्मम्यः शुद्धात्मद्रव्य-विश्रान्तिरूपां पारमार्थिकीं सिद्धभक्तिमनुबिभ्राणः प्रसिद्धस्वसमयप्रवृत्तिर्भवति। तेन कारणेन स एव निःशेषितकर्मबन्धः सिद्धिमवाप्नोतीति ॥ १६९ ॥**

**અનુવાદ : આ, રાગરૂપ ક્લેશનો નિઃશેષ નાશ કરવા યોગ્ય હોવાનું નિરૂપણ છે.**

**રાગાદિપરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે અને ચિત્તનું ભ્રમણ હોતાં કર્મબંધ થાય છે એમ (પૂર્વે) કહેવામાં આવ્યું, તેથી મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ તેના મૂળભૂત રાગાદિપરિણતિનો એકાંતે નિઃશેષ નાશ કરવા યોગ્ય છે. તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં, જેને નિઃસંગતા અને નિર્મમતા પ્રસિદ્ધ થઈ છે એવો તે જીવ શુદ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ ધરતો થકો સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો હોય છે. તે કારણથી તે જ જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી સિદ્ધિને પામે છે. ૧૬૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૪, બુધવાર]

હવે સમસ્ત સંક્લેશભાવના નાશથી સિદ્ધદશા થવાનું બતાવે છે.

મોક્ષમાર્ગમાં રાગનો નિષેધ છે. રાગ તે મોક્ષમાર્ગ નથી. જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય તે રાગ પણ મોક્ષનું કારણ નથી. જ્યારે તે રાગ ટાળીને કેવળજ્ઞાન પ્રગટ કરશે ત્યારે જ તીર્થંકરપ્રકૃતિ ઉદયમાં આવશે. માટે રાગથી આત્માને લાભ નથી. વળી, આ જીવના રાગને લીધે બીજા જીવો ધર્મ પામતા નથી, જેમની લાયકાત હોય તેઓ પોતાની યોગ્યતાથી ધર્મ પામે છે. ને ત્યારે ભગવાનની વાણીને નિમિત્ત કહેવાય છે.

અહો ! મારી શાંતિ તો અંદરમાં છે, અંદરના સ્વભાવનું અવલંબન લઉં તેટલી શાંતિ છે, રાગ તે મારી શાંતિનું કારણ નથી. એમ જાણીને ધર્મી મોક્ષાભિલાષી જીવ રાગ છોડીને પરમાત્મસ્વભાવની ભાવનામાં લીન થાય છે.

મોક્ષાભિલાષી જીવ શું કરે છે ? કે વિભાવરહિત પોતાના સિદ્ધસ્વભાવમાં સ્થિર થઈને સ્વરૂપમાં ગુપ્ત થાય છે, રાગ અને વસ્ત્રાદિના પરિગ્રહથી રહિત થઈને ચિદાનંદ સ્વરૂપમાં લીન થાય છે. સ્વરૂપમાં શાંતિ છે ને બહારમાં નિવૃત્તિ છે – આવી મુનિદશા પ્રગટ કરીને, પોતાના સિદ્ધસદેશ સ્વભાવમાં લીન થઈને સિદ્ધદશા પ્રગટ કરે છે. જુઓ, આ સિદ્ધિનો પંથ છે. મુનિને વચ્ચે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે તેને પણ છોડીને જ્યારે વીતરાગભાવે સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે મુક્તિ થશે. પહેલાં ભલે રાગ સર્વથા છૂટે નહિ પણ એવી દૃષ્ટિ પ્રગટ કરવી જોઈએ કે ચૈતન્યસમુદ્રમાં લીનતા તે જ મોક્ષનું કારણ છે. જેટલો રાગ થાય છે તેટલી ચિત્તની ભ્રામકતા થાય છે. પણ જો રાગને ધર્મનું કારણ ન માને તોપણ જેટલો રાગ છે તેટલો ક્ષોભ છે, તેથી તે પણ ચારિત્રની ભ્રામકતા છે. શુભવિકલ્પ આવે છે તેમાં પણ ચૈતન્યસમુદ્રની સ્થિરતામાં ક્ષોભ થાય છે. અંતરબાહ્ય નિર્ગ્રંથદશા થયા પછી મુનિદશામાં પંચમહાવ્રતની શુભવૃત્તિ ઊઠે તેને પણ છોડીને જ્યારે સ્વભાવમાં સ્થિર થાય ત્યારે સિદ્ધદશા પ્રગટે છે. વસ્ત્રાદિપરિગ્રહ હોય ત્યાં મુનિદશા હોય નહિ. મુનિને અંદરમાં સ્વભાવના અવલંબને રાગની પ્રવૃત્તિ છૂટી ગઈ છે ને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહો પણ છૂટી ગયા હોય છે. પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી મુનિદશામાં જ્ઞાયકસ્વરૂપ પોતાના સિદ્ધપરમાત્મામાં લીન થતાં રાગ છૂટી જાય છે. ને સ્વસમયની પ્રાપ્તિ થાય છે તથા સર્વકર્મનો નાશ થઈને સિદ્ધદશા પ્રગટે છે. 'રાગને છોડું' એવા લક્ષે રાગ છૂટતો નથી. પણ સ્વભાવનું અવલંબન લેતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી. – આ રાગને છોડવાની રીત છે. શાસ્ત્રો કહે કે ''કષાય છોડો' – એ ઉપદેશવચન છે. પણ કષાય કેમ છૂટે ? કે અકષાય સ્વભાવમાં સ્થિરતા થતાં કષાયની ઉત્પત્તિ જ થતી નથી. સ્વભાવનો જ ઉદ્યમ છે, ત્યાં રાગાદિભાવનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર સ્વભાવનું અવલંબન કરીને તેમાં સ્થિર થતાં મોક્ષદશા થાય છે – જ્યાં સુધી રાગનો અંશ પણ હોય ત્યાં સુધી મોક્ષદશા થતી નથી.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૫, ગુરુવાર]

મોક્ષ કેમ થાય તેની આ વાત છે. મોક્ષ તે આત્માની પૂર્ણ શુદ્ધદશા છે. આત્મામાં મોક્ષ થવાની શક્તિ ત્રિકાળ છે, પણ મોક્ષ અવસ્થા નવી પ્રગટે છે. તે મોક્ષદશા ક્યાંથી પ્રગટે છે ? પરમાંથી તો આત્માની સાચી શાંતિ આવે તેમ નથી, પુણ્ય-પાપના વિકારમાં પણ આત્માની શાંતિ નથી, આત્માના સ્વભાવમાં શાંતિ ભરી છે તેનું ભાન કરીને તેમાં એકાગ્રતા કરવાથી મોક્ષદશા પ્રગટે છે. તેમાં આત્માની સાચી શાંતિ છે.

જે જીવ મોક્ષનો કામી હોય તેણે પહેલાં 'મોક્ષ શું છે' તે નક્કી કરવું જોઈએ. મોક્ષદશા ક્યાંથી આવે ? પરમાંથી, વિકારમાંથી કે વર્તમાન અધૂરી પર્યાયમાંથી મોક્ષપર્યાય આવતી નથી, પણ ધ્રુવ આનંદસ્વભાવી આત્મા છે, તેની પ્રતીત, તેનું જ્ઞાન અને તેમાં લીનતા કરવાથી મોક્ષદશા પ્રગટે છે. વચ્ચે રાગ હોય તે મોક્ષનું કારણ નથી. ચિદાનંદ પરમાત્માના આશ્રયે લીન થતાં જ્યારે આત્માને રાગની પ્રવૃત્તિ સર્વથા ટળી જાય છે ત્યારે આત્માને મોક્ષ થાય છે. પરને દૂર કરવાનો ઉદ્યમ તો ધર્મીને નથી, ને રાગને છોડવામાં પણ ધર્મીનો ઉદ્યમ નથી, ધર્મીનો ઉદ્યમ તો પોતાના ચિદાનંદ સ્વભાવમાં છે, સ્વભાવમાં એકાગ્રતાનો ઉદ્યમ કરતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી.

સોનામાંથી કડું કરવું હોય તો ક્યાંથી થશે ? કાંઈ એરણમાંથી, હથોડીમાંથી કે સોનીમાંથી તે નહિ આવે. પણ ધ્રુવ ટકનારું સોનું છે તે પલટીને કુંડળનો વ્યય થઈને કડાની ઉત્પત્તિ થાય છે. તે કડું સોનામાંથી આવ્યું છે, તેમ આત્માની મોક્ષદશા ક્યાંથી આવશે ? સંયોગો-નિમિત્તો તો પરચીજ છે, પુણ્ય-પાપ તે મેલ છે - વિકાર છે, તેમાંથી મોક્ષદશા નહિ આવે. વર્તમાનમાં અલ્પદશા છે, તેમાંથી મોક્ષદશા નહિ આવે, મોક્ષદશા પ્રગટવાની તાકાત તો ધ્રુવ ચિદાનંદ સ્વભાવમાં પડી છે, તેમાંથી મોક્ષદશાનો ઉત્પાદ થાય છે. માટે નિવૃત્તિના કામી જીવે ધ્રુવ દ્રવ્યની પ્રતીત કરીને તેના અવલંબનમાં એકાગ્ર થવું.

અનાદિથી પરને હું છોડું ને હું મૂકું એવી ઊંધી માન્યતા પેસી ગઈ છે, જેમ કસ્તૂરીની ગંધ પેસી જાય તેમ અજ્ઞાનીને મિથ્યાત્વની ગંધ પેસી ગઈ છે. ભાવપાહુડમાં કુંદકુંદાચાર્ય દેવ કહે છે કે :

**भावविमुक्तः मुक्तः न च मुक्तः बांधवादिमित्रेण।**
**इति भावयित्वा उज्झय गन्धमाभ्यंतरं धीरं॥ ८३॥**

અંતરમાં મિથ્યાત્વાદિ વિકાર ભાવથી મુક્ત થયો છે તે જ મુક્ત છે. બહારનો સંગ છોડવાથી કાંઈ મુક્તિ થઈ જતી નથી. આમ જાણીને હે જીવ ! તું અનાદિની અજ્ઞાનની ગંધ છોડ ! સ્વભાવની રુચિ છોડીને અજ્ઞાનીને સંયોગની અને વિકારની રુચિની ગંધ પેસી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગઈ છે. ધર્મી જીવની દૃષ્ટિ તો ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં પેસી ગઈ છે. તેની રુચિમાં ચિદાનંદ અખંડ દ્રવ્યની ગંધ અને રુચિ વર્તે છે. મારી મોક્ષદશાનો આધાર ધ્રુવસ્વભાવ છે. એક સમયની પર્યાય તે વ્યવહારનો વિષય છે, ને ધ્રુવ ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. તેમાં ધ્રુવદ્રવ્યના આશ્રયે જ મોક્ષદશા પ્રગટે છે. પર્યાયના આશ્રયે મોક્ષદશા પ્રગટતી નથી. આવી વસ્તુના ભાન વગર ધર્મ કે મુનિદશા હોય નહિ. છહ ઢાળામાં પણ કહ્યું છે કે :-

**"मुनिव्रत धार अनंतवार ग्रीवक उपजायो,**
**पै निज आतमज्ञान बिन सुख लेश न पायो"**

અંતરમાં ચિદાનંદ અખંડ દ્રવ્યના અવલંબને જેને ખૂબ લીનતા થઈ ગઈ છે ને નિર્મમત્વભાવ થઈ ગયો છે એવો જીવ સિદ્ધ જેવા પોતાના પરમાત્મસ્વભાવમાં લીન થઈને તેની વીતરાગી ભક્તિ કરીને મોક્ષદશાને પામે છે. "सिद्ध समान सदा पद मेरो" – એમ પહેલાં પ્રતીત અને જ્ઞાન તો કર્યું હતું, ને પછી તેમાં નિર્વિકલ્પપણે એકાગ્ર થતાં રાગ સર્વથા છૂટીને મોક્ષદશા પ્રગટે છે. આ મોક્ષ અને મોક્ષમાર્ગ તે અવસ્થા છે, તે અવસ્થા ધ્રુવ કારણપરમાત્માના અવલંબને જ પ્રગટે છે. ધ્રુવ કારણપરમાત્મા પોતે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો તેના આશ્રયે પ્રગટેલી અવસ્થા છે. પરની ભક્તિથી તો રાગ થાય છે, તેથી પરની ભક્તિ તે મોક્ષમાર્ગ નથી, પણ ધ્રુવ ચિદાનંદ સ્વભાવની ભક્તિ એટલે કે તેમાં નિર્વિકલ્પ એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે. પરમાનંદ સ્વભાવમાં લીન થતાં સમસ્ત રાગ ટળીને મુક્તદશા થાય છે. સ્વભાવના આશ્રયે આઠે કર્મોનો નાશ થઈને સિદ્ધદશા થાય છે. આ સિદ્ધદશામાં ક્ષાયિક અને પારિણામિકભાવ જ હોય છે, રાગ ત્યાં હોતો નથી. માટે રાગ સર્વથા છોડવા જેવો છે, જ્યાં સુધી રાગનો અંશ પણ રહે ત્યાં સુધી મોક્ષ થતો નથી; છતાં સાધકદશામાં ધર્મીને પણ રાગ આવે છે, તેનું જ્ઞાન હવેની ગાથામાં કરાવે છે. ૧૬૯.

---

**सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स ।**
**दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स ॥ १७० ॥**

**सपदार्थं तीर्थकरमभिगतबुद्धेः सूत्ररोचिनः ।**
**दूरतरं निर्वाणं संयमतपःसम्प्रयुक्तस्य ॥ १७० ॥**

**સંયમ તથા તપયુક્તને પણ દૂરતર નિર્વાણ છે,**
**સૂત્રો, પદાર્થો, જિનવરો પ્રતિ ચિત્તમાં રુચિ જો રહે. ૧૭૦.**

**અન્વયાર્થ** [संयमतपःसम्प्रयुक्तस्य] સંયમતપસંયુક્ત હોવા છતાં, [सपदार्थं तीर्थकरम्] નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે [अभिगतबुद्धेः] જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે અને [सूत्ररोचिनः] સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે, તે જીવને [निर्वाणं] નિર્વાણ [दूरतरम्] દૂરતર (વિશેષ દૂર) છે.

---

**तात्पर्यवृत्ति** : एवं सूक्ष्मपरसमयव्याख्यानमुख्यत्वेन नवमस्थले गाथापंचकं गतं । अथार्हदादिभक्तिरूपपरसमयप्रवृत्तपुरुषस्य साक्षान्मोक्षहेतुत्वाभावेपि परंपरया मोक्षहेतुत्वं द्योतयन् सन् पूर्वोक्तमेव सूक्ष्मपरसमयव्याख्यानं प्रकारान्तरेण कथयति, – **दूरयरं णिव्वाणं** दूरतरं निर्वाणं भवति । कस्य ? **अभिगदबुद्धिस्स** अभिगतबुद्धेः तद्गतबुद्धेः । कं प्रति ? **सपदत्थं तित्थयरं** जीवादिपदार्थसहिततीर्थकरं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रति । पुनरपि किंविशिष्टस्य ? **सुत्तरोचिस्स** श्रुतरोचिन आगमरुचेः । पुनरपि कथंभूतस्य ? **संजमतवसंपजुत्तस्स** संयमतपःसंप्रयुक्तस्यापीति । इतो विस्तरः । बहिरंगेन्द्रियसंयमप्राणसंयमबलेन रागाद्युपाधिरहितस्य ख्यातिपूजालाभनिमित्तानेकमनोरथरूपविकल्पजालज्वालावलिरहितत्वेन निर्विकल्पस्य च चित्तस्य निजशुद्धात्मनि संयमार्थं स्थितिकरणात्संयतोपि अनशनाद्यनेकविधबाह्यतपश्चरणबलेन समस्तपरद्रव्येच्छानिरोधलक्षणेनाभ्यन्तरतपसा च नित्यानन्दैकात्मस्वभावप्रतपनाद्विजयनात्तपस्थोपि यदा विशिष्टसंहननादिशक्त्यभावान्निरंतरं तत्र स्थातुं न शक्नोति तदा किं करोति ? क्वापि काले शुद्धात्मभावनानुकूलजीवादिपदार्थप्रतिपादकमागमं रोचते । कदाचित्पुनर्यथा कोपि रामदेवादिपुरुषो देशान्तरस्थसीतादिस्त्रीसमीपादागतानां पुरुषाणां तदर्थं दानसन्मानादिकं करोति तथा मुक्तिश्रीवशीकरणार्थं निर्दोषिपरमात्मनां तीर्थंकरपरमदेवानां तथैव गणधरदेवभरतसगररामपांडवादिमहापुरुषाणां चाशुभरागवंचनार्थं शुभधर्मानुरागेण चरितपुराणादिकं शृणोति भेदाभेदरत्नत्रयभावनारतानामाचार्योपाध्यायादीनां गृहस्थावस्थायां च पुनर्दानपूजादिकं करोति च, तेन कारणेन यद्यप्यनन्तसंसारस्थितिछेदं करोति कोप्यचरमदेहस्तद्भवे कर्मक्षयं न करोति तथापि पुण्यास्त्रवपरिणामसहितत्वात्तद्भवे निर्वाणं न लभते, भवान्तरे पुनर्देवेन्द्रादिपदं लभते । तत्र विमानपरिवारादिविभूतिं तृणवद्गणयन् सन् पंचमहाविदेहेषु गत्वा समवसरणे वीतरागसर्वज्ञान् पश्यति निर्दोषपरमात्माराधकगणधरदेवादीनां च तदनन्तरं विशेषेण दृढधर्मो भूत्वा चतुर्थगुणस्थानयोग्यमात्मभावनामपरित्यजन् सन् देवलोके कालं गमयति तत्तोपि जीवितान्ते स्वर्गादागत्य मनुष्यभवे चक्रवर्त्यादिविभूतिं लब्ध्वापि पूर्वभवभावितशुद्धात्मभावनाबलेन मोहं न करोति ततश्च विषयसुखं परिहृत्य जिनदीक्षां गृहीत्वा निर्विकल्पसमाधिविधानेन विशुद्धज्ञानदर्शनस्वभावे निजशुद्धात्मनि स्थित्वा मोक्षं गच्छतीति भावार्थः ।। १७० ।।

**समयव्याख्या : अर्हदादिभक्तिरूपपरसमयप्रवृत्तेः साक्षान्मोक्षहेतुत्वाभावेऽपि परम्परया मोक्षहेतुत्वसद्भावद्योतनमेतत् । यः खलु मोक्षार्थमुद्यतमनाः समुपार्जिताचिन्त्यसंयमतपोभारोऽप्यसंभावितपरमवैराग्यभूमिकाधिरोहणसमर्थप्रभुशक्तिः पिञ्जनलग्नतूलन्यासन्यायेन नवपदार्थैः सहार्हदादिरुचिरूपां परसमयप्रवृत्तिं परित्यक्तुं नोत्सहते, स खलु न नाम साक्षान्मोक्षं लभते किन्तु सुरलोकादिक्लेशप्राप्तिरूपया परम्परया तमवाप्नोति ।। १७० ।।**

**અનુવાદ : અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્ભાવ દર્શાવ્યો છે.**

**જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો, અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી, ‘પીંજણને ચોંટેલ રૂ’ના ન્યાયે, નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી, તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે. ૧૭૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૫, ગુરુવાર]

જેને ચિદાનંદસ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યાં છે પણ હજી પૂર્ણ વીતરાગી દશા પ્રગટી નથી ત્યાં રાગ થાય છે, તેવા જીવને પંચપરમેષ્ઠી ભગવંતની ભક્તિ વગેરેનો રાગભાવ આવે છે, તેથી ત્યાં સાક્ષાત્ મોક્ષનો અભાવ છે, છતાં અંદર નિશ્ચયમોક્ષમાર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તે છે તેથી તેના રાગને ઉપચારથી પરંપરા મોક્ષનું કારણ પણ કહેવાય છે. શુભરાગને પરંપરાકારણ કહ્યું–પણ કોને ? કે જેને મોક્ષના ખરા કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યાં છે, ને રાગનો નિષેધભાવ વર્તે છે. તેના શુભરાગને પરંપરાકારણનો ઉપચાર કહ્યો છે. સાધક જીવને વચમાં રાગ આવે, તો તે કેવો હોય ? કુદેવાદિનો રાગ તો હોય જ નહિ પણ અરહંતદેવની ભક્તિ વગેરેનો રાગ હોય. તે રાગને પરંપરાકારણ કહ્યું તો સાક્ષાત્ કારણ બીજું છે. શુદ્ધ દ્રવ્યનું અવલંબન તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે. એવું સાક્ષાત્ કારણ જ્યાં પ્રગટ્યું છે, ત્યાં રાગને પરંપરાકારણ કહેવાય છે. સાધકને અરિહંતદેવની ભક્તિ વગેરેનો રાગ આવતો નથી – એમ કોઈ માને તો તેની વાત ખોટી છે. સાધકદશામાં કેવો રાગ હોય છે તેનું અહીં જ્ઞાન કરાવે છે.

જેને અંતરમાં શુદ્ધ ચિદાનંદ સ્વભાવનું ભાન થયું છે, તેના નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યાં છે. એવા જીવને પણ, નવત્તત્ત્વના જ્ઞાનસહિત અરિહંતદેવ પ્રત્યેની ભક્તિ વગેરેનો શુભભાવ હોય ત્યાં સુધી મોક્ષ દૂર છે.

નિશ્ચયથી અંતઃતત્ત્વ તો જ્ઞાયક આત્મા છે, તે જ ઉપાદેય છે, એવા નિશ્ચયતત્ત્વની પ્રતીત સહિત નવતત્ત્વને જાણવા તે વ્યવહાર છે. નવતત્ત્વને જાણ્યા ક્યારે કહેવાય ? જીવને જીવ માને, અજીવને અજીવ માને, જીવ અજીવનું કરે કે અજીવથી જીવને લાભ-નુકસાન થાય-એમ માને તેને નવતત્ત્વનું ભાન નથી. પુણ્ય-પાપ બન્નેને આસ્રવ માને, પુણ્યથી ધર્મ ન માને; સંવર-નિર્જરા તે સ્વભાવના આશ્રયે છે, રાગથી સંવર કે નિર્જરા નથી. ને મોક્ષ તે પૂર્ણ શુદ્ધ-રાગરહિત દશા છે, પુણ્યથી મોક્ષ થતો નથી–આમ નવતત્ત્વને ભિન્નભિન્ન સ્વરૂપે ઓળખે તે પણ હજી તો વ્યવહાર છે. પણ જેને અખંડ તત્ત્વનું ભાન છે તેને તેવો વ્યવહાર હોય છે. એકલા વ્યવહારવાળાની આ વાત નથી.

અહીં તો અરિહંતદેવની ભક્તિની વાત લેવી છે. પણ અરિહંત કેવા ? કે નવતત્ત્વ જેમણે યથાર્થ કહ્યાં છે-એવાં નવતત્ત્વની શ્રદ્ધા સહિત અરિહંતદેવની ભક્તિનો ભાવ આવે તે શુભરાગ છે. નવતત્ત્વમાં જીવ-અજીવ બે મૂળ દ્રવ્યો છે. ને સાત તેની પર્યાયો છે. જીવ અને કર્મ ભિન્ન ભિન્ન તત્ત્વો છે. કર્મને લીધે જીવને રાગ થાય એમ માને તો તેણે જીવ-અજીવ તત્ત્વને જુદાં નથી માન્યાં. પર જીવ મર્યો માટે અહીં પાપ થયું કે પરજીવ બચ્યો માટે પુણ્ય થયું–એમ માને તો તેણે પુણ્ય-પાપને અને પરજીવને જુદા નથી જાણ્યા. પુણ્યથી ધર્મ માને તો તેણે પુણ્યને અને સંવર-નિર્જરા-મોક્ષને જુદાં ઓળખ્યાં નથી. નવ પદાર્થોના ભાન સહિત તીર્થંકરની ભક્તિની વાત લીધી છે. જેને આત્માના સ્વભાવનું ભાન છે, ને નવતત્ત્વના જ્ઞાન પૂર્વક અરિહંતદેવની ભક્તિનો ભાવ છે, તેને પણ શુભરાગ છે, ને તેથી તેને પણ મોક્ષતત્ત્વ હજી દૂર છે. આત્માનું ભાન છે, ને નવતત્ત્વના ભેદ ઉપરનું લક્ષ છે ત્યાં રાગ છે, તે રાગનો પણ દૃષ્ટિમાં તો નિષેધ છે. ધ્રુવ ચિદાનંદ સ્વભાવની જ રુચિ છે. ભગવાનની ભક્તિના ભાવ વખતે ધર્મીને ભાન છે કે પરના આશ્રય રાગ છે તે મોક્ષનું કારણ નથી, મોક્ષ તો મારા સ્વભાવના અવલંબને જ છે. કુંદકુંદાચાર્યદેવે તો સૂત્રમાં એટલી જ વાત કરી કે જેને નવતત્ત્વ સહિત તીર્થંકરદેવની ભક્તિનો રાગ વર્તે છે તેને પણ મોક્ષ દૂર વર્તે છે. તેમાંથી અમૃતચંદ્રાચાર્ય સાધકદશાની વાત લેશે. સાધકદશામાં રાગરહિત સ્વભાવની દૃષ્ટિ અને અવલંબન હોવા છતાં હજી રાગ પણ થાય છે, ત્યાં સ્વભાવની દૃષ્ટિ અને તેનું અવલંબન તે મોક્ષનું કારણ છે. ને શુભરાગને ઉપચારથી મોક્ષનું પરંપરાકારણ કહેવામાં આવ્યું છે. જેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નવતત્ત્વનું જ યથાર્થ જ્ઞાન નથી તેવા જીવને તો ઉપચારથી પણ શુભરાગ મોક્ષનું કારણ નથી. જેને નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેને વચ્ચે શુભરાગ આવે તેને ઉપચારથી મોક્ષનું કારણ કહેવાય છે.

ધર્મીને પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ છે, પણ હજી પૂર્ણ ચારિત્રદશા પ્રગટી નથી-એવા સાધકની આ વાત છે. જે રાગથી જ કલ્યાણ માને છે એવા મિથ્યાદૃષ્ટિની આ વાત નથી, તેમ જ મોક્ષદશા જેને પ્રગટી ગઈ છે તેને તો રાગ હોતો જ નથી, તેથી તેની પણ વાત નથી, જેને સાધકદશામાં હજી રાગ છે એવા જીવની આ વાત છે. રાગ હોવા છતાં તેનું વલણ નવતત્ત્વો અને અરિહંત-સિદ્ધ-સાધુ વગેરે પૂજ્ય પુરુષો પ્રત્યે વળેલું છે. તે વિપરીત તત્ત્વોને માનતો નથી, કુદેવાદિને આદરતો નથી, ને રાગને ધર્મ માનતો નથી, સ્વભાવના અવલંબને જ લાભ માને છે. એવા જીવને શુભરાગ ઉપચારથી પરંપરા મોક્ષનું કારણ છે. પણ જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી તો તેને પણ મોક્ષ દૂરવર્તી જ છે.

આ તો અચરમશરીરી જીવની વાત છે, એટલે જેને આ ભવે મોક્ષદશા નથી; સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં જેને રાગ વર્તે છે. દૃષ્ટિમાં તો રાગનો નિષેધ વર્તે છે. એવા જીવ એકાદ ભવ કરીને મોક્ષ પામવાના છે, માટે તેના શુભરાગને ઉપચારથી મોક્ષનું પરંપરાકારણ કહ્યું છે.

''૧૭૦ અને ૧૭૧મી ગાથા પૂરી કરતાં જયસેનાચાર્યદેવ કહેશે કે ''इति अचरमदेहपुरुष-व्याख्यानमुख्यत्वेन दशमस्थले गाथाद्वयं गतं ।।'' એટલે કે જેને સ્વભાવનું ભાન વર્તે છે, પણ પૂર્ણ ચારિત્ર નથી એટલે આ ભવે મોક્ષદશા થવાની નથી, રાગ છે એટલે સ્વર્ગમાં જશે. પણ તેની શ્રદ્ધામાં રાગનો નિષેધ વર્તતો હોવાથી ધ્રુવસ્વભાવમાં લીન થઈને-રાગ તોડીને એકાદ ભવમાં મોક્ષ પામી જશે. માટે તેના રાગને ઉપચારથી પરંપરાકારણ કહ્યું છે. પણ જેને સ્વભાવનું ભાન જ નથી તેવા જીવના રાગને તો વ્યવહારથી પણ મોક્ષનું પરંપરાકારણ કહેતા નથી. સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં વીતરાગતા થતી નથી ને હજી પંચપરમેષ્ઠી વગેરે પ્રત્યેનો રાગભાવ આવે છે તેને મોક્ષ દૂરતર છે, એકાદ બે ભવ કરવાના બાકી છે તે અપેક્ષાએ તેને મોક્ષ 'દૂરતર' કહ્યો છે, પણ 'દૂરતમ' નથી. એટલે કે અનંતભવ કરવાનો નથી. સમ્યગ્દૃષ્ટિને નવતત્ત્વની શ્રદ્ધા વગેરેનો વિકલ્પ તે વ્યવહાર સમ્યગ્દર્શન છે, પણ વ્યવહાર સમ્યક્ત્વ વખતે પણ શુદ્ધ આત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ સાથે જ વર્તે છે, ધર્મીને નિશ્ચયપૂર્વક જે વ્યવહારનો શુભરાગ છે, તે રાગનો પણ સ્વભાવની દૃષ્ટિમાં નિષેધ વર્તે છે. તેથી તેના રાગને પરંપરા મોક્ષનું કારણ ઉપચારથી કહ્યું છે. સ્વભાવની દૃષ્ટિ છે ને રાગનો નિષેધ છે તેથી સ્વભાવનું ઉગ્ર અવલંબન લઈને તે રાગનો સર્વથા અભાવ કરશે, ત્યારે મોક્ષદશા પ્રગટશે એટલે ધ્રુવ સ્વભાવનું અવલંબન તે જ મોક્ષનું ખરું કારણ છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૬, શુક્રવાર]

આત્મા જ્ઞાનદર્શનસ્વભાવી છે, તેમાં એકાગ્રતા તે મોક્ષનું કારણ છે, ને વચ્ચે રાગ આવે તે અનર્થ પરંપરાનું કારણ છે. ધર્મી જીવને શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા હોવા છતાં છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભરાગ આવે છે, તે રાગને ઉપચારથી મોક્ષનું પરંપરાકારણ કહે છે. ભક્તિ વગેરેનો શુભરાગ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે; સાતમા ગુણસ્થાને તો ધ્યાનમાં એકાગ્રતા છે, ત્યાં બુદ્ધિપૂર્વક રાગ હોતો નથી. નિશ્ચયથી રાગ તે મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો વીતરાગી ચારિત્ર છે, એવું જેને ભાન છે પણ હજી શુભરાગ છૂટ્યો નથી તેને તે ઉપચારથી મોક્ષનું પરંપરાકારણ કહેવાય છે. મોક્ષનું સાક્ષાત્ કારણ પ્રગટ્યું છે ત્યાં રાગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંપરાકારણનો ઉપચાર કર્યો. જેને રાગરહિત ચૈતન્યસ્વભાવનું ભાન નથી ને રાગને ધર્મનું કારણ માને છે એવા જીવનો રાગ તો અનર્થનું જ કારણ છે, તેના રાગને પરંપરા મોક્ષનું કારણ ઉપચારથી પણ કહેવાતું નથી.

જે જીવ જ્ઞાન આનંદ સ્વભાવનું જ્ઞાન કરીને તેમાં એકાગ્રતાથી મોક્ષના ઉદ્યમમાં પ્રવર્તી રહ્યો છે એવા જીવની વાત છે. **'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'**–આત્માની પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે, ને તે મોક્ષનો માર્ગ પણ શુદ્ધતા છે. વચ્ચે રાગ આવે તે અશુદ્ધતા છે, તે મોક્ષમાર્ગ નથી, શુદ્ધ ઉપયોગ મુખ્યપણે સાતમા ગુણસ્થાનથી હોય છે, પણ અંશે શુદ્ધ ઉપયોગની શરૂઆત તો ચોથા ગુણસ્થાનથી જ થઈ જાય છે. ચોથા ગુણસ્થાને પણ ક્યારેક ક્યારેક નિર્વિકલ્પ ઉપયોગ થઈ જાય છે. પૂર્ણ શુદ્ધ ઉપયોગ બારમા ગુણસ્થાને છે. ચોથા ગુણસ્થાને શુદ્ધ ઉપયોગ ક્યારેક ક્યારેક આવે છે, ને તેનો કાળ અલ્પ છે, તેથી ત્યાં શુદ્ધોપયોગને મુખ્ય નથી ગણ્યો. શુદ્ધોપયોગની મુખ્યતા સાતમા ગુણસ્થાનથી છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને શુભ ઉપયોગી ગણ્યા છે, ને સાતમેથી શુદ્ધ ઉપયોગ ગણ્યો છે. પણ હજી સાતમા ગુણસ્થાને પણ રાગનો અંશ છે તેટલી અશુદ્ધતા છે. એટલે પૂર્ણ શુદ્ધ ઉપયોગ ત્યાં નથી. બારમા ગુણસ્થાને પૂર્ણ શુદ્ધ ઉપયોગ થાય છે. સમ્યગ્દર્શન અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિને પણ શુદ્ધ ઉપયોગ ગણવામાં આવે છે. અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્રદશા જેને પ્રગટી છે એવા મુનિને પણ છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ થાય છે તેની વાત છે. અંતરમાં નિર્વિકલ્પ અનુભવ કરીને ચૈતન્યમાં ઘણી સ્થિરતા પ્રગટ કરી છે એવા મુનિઓને સંયમ-તપ હોય છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં ઘણી લીનતા વર્તે છે તેનું નામ જ સંયમ અને તપ છે. મુનિઓએ સંયમ-તપનો ભાર અંગીકાર કર્યો છે, અહીં સંયમ-તપનો 'ભાર' કહ્યો તે દોષરૂપ નથી, પણ ગુણરૂપ છે. ભાર એટલે કાંઈ બોજો નહિ, પણ ચૈતન્યની ઉગ્રતા થઈ છે તે બતાવવું છે. આવી મુનિદશા થઈ છે, તેવા મુનિને પરમવૈરાગ્યરૂપ સાતમી ભૂમિકામાં ઠરવાની ને શ્રેણી માંડવાની ઉત્કૃષ્ટ શક્તિ ન હોય ત્યારે છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ થાય છે. વિષયોનો અનુરાગ નથી, પણ ભગવાનની ભક્તિ વગેરેનો પ્રશસ્ત રાગ આવ્યા વિના રહેતો નથી. ગણધરોને પણ છઠ્ઠા ગુણસ્થાને રાગ આવે છે. તે રાગ વખતે નવતત્ત્વની શ્રદ્ધા તથા પંચપરમેષ્ઠીની ભક્તિનો ભાવ થાય છે. જુઓ અંતરમાં વસ્તુસ્વરૂપની શ્રદ્ધા અને અવલંબન તો ખસતું નથી. પણ હજી પૂરી વીતરાગી દશા થઈ નથી તેથી આવો રાગ થાય છે. સાતમા ગુણસ્થાનનો કાળ અલ્પ છે. સદા સાતમું ગુણસ્થાન કોઈને રહે નહિ. ક્ષણેક્ષણે સાતમું ને છઠ્ઠું ગુણસ્થાન મુનિને આવ્યા કરે છે. તેમાં સાતમા ગુણસ્થાન કરતાં છઠ્ઠા ગુણસ્થાનનો કાળ બમણો છે. છઠ્ઠા ગુણસ્થાન વખતે નવતત્ત્વના વિચારનો વિકલ્પ ઊઠે છે, પંચપરમેષ્ઠીની ભક્તિનો વિકલ્પ ઊઠે છે, મોક્ષમાર્ગની દશા પ્રગટી હોવા છતાં વચ્ચે રાગ હોય છે. તેની ઓળખાણ કરાવે છે. છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ છૂટી ન શકે. જો રાગ છૂટી જાય તો છઠ્ઠું ગુણસ્થાન ન રહે; છઠ્ઠા ગુણસ્થાન વખતે ભગવાન પ્રત્યે ભક્તિનો ભાવ આવે, તેમ જ પોતાને મોક્ષની પ્રીતિ હોવાથી મોક્ષગત પુરુષોની કથાના શ્રવણનો ભાવ પણ આવે. જેમ રામચંદ્રજીને સીતાનો વિરહ હતો, તે વખતે કોઈ પુરુષ સીતાજીની પાસેથી આવે ને તેના સમાચાર કહે, ત્યારે રામચંદ્રજી તેનો આદર કરે. તેમ ધર્મીને મોક્ષદશાની પ્રીતિ છે, તેથી મોક્ષપરિણતિની વાર્તા સાંભળવાનો ભાવ આવે છે. મુક્તિરૂપી સ્ત્રીને વશ કરવા માટે તીર્થંકરોના તથા ભરતાદિ ચક્રવર્તી વગેરેના ચારિત્રને સાંભળે છે, શુભરાગ વખતે ધર્મીને એવો ભાવ આવે છે. પણ ધર્મી જાણે છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ રાગ તે ધર્મ નથી. વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ છે તેનાથી તો સ્વર્ગના ક્લેશની પ્રાપ્તિ થશે; ને પછી મનુષ્ય થઈ. ચારિત્રદશા પ્રગટ કરી, રાગને સર્વથા છોડશે ત્યારે મોક્ષદશા થશે. સમ્યગ્દ્રષ્ટિને રાગમાં આદર બુદ્ધિ હોતી નથી.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અહો ! જેને અંતરમાં ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન છે, તેમ જ તેમાં ઘણી લીનતા પણ પ્રગટી છે, એવાં સંતોને મોક્ષનો ઉદ્યમ કરતાં કરતાં વચ્ચે શુભરાગ રહી જાય છે, ત્યાં છઠ્ઠાગુણસ્થાને પંચપરમેષ્ઠીની ભક્તિ, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ વગેરે ભાવ આવે છે. જેમ રૂ પીંજનારને તાંતમાં રૂ લાગી જાય છે, તેને દૂર કરી શકતો નથી, તેમ મુનિવરોને સ્વરૂપમાં એકાગ્રતા કરતાં કરતાં કંઈક રાગ રહી જાય છે. ત્યારે શાસ્ત્રસ્વાધ્યાય વગેરેનો વિકલ્પ ઊઠે છે. ગણધરદેવ પોતે બાર અંગ ગૂંથે છે ત્યારે તેમને પણ શુભરાગ હોય છે. જ્યાં સુધી રાગ રહે છે ત્યાં સુધી સાક્ષાત્ મોક્ષદશા પ્રાપ્ત થતી નથી, પણ સ્વર્ગનો એકાદ ભવ કરીને પછી મોક્ષ પામે છે. સ્વર્ગમાં સમ્યગ્દ્રષ્ટિ ઈંદ્રપદની વિભૂતિને પણ તૃણવત્ જાણે છે, તેમાં સુખ માનતા નથી, પણ તે તરફના રાગને અગ્નિસમાન જાણે છે. એ પ્રમાણે સ્વર્ગનો ભવ પૂરો કરીને ત્યાંથી ચ્યુત થઈને મહાવિદેહક્ષેત્ર વગેરેમાં જન્મે છે, ને ત્યાં સીમંધરાદિ પરમાત્માને સાક્ષાત્ દેખે છે, ને ધર્મભાવના વિશેષ દ્રઢ કરીને, મુનિ થઈને મોક્ષ પામે છે. ધર્મીએ શુદ્ધ આત્માની ભાવના પૂર્વે ભાવી છે, તે શુદ્ધાત્માની ભાવના સ્વર્ગમાં પણ છૂટતી નથી એટલે તેને ત્યાં પુણ્યના ફળમાં રુચિ થતી નથી, તેને રાગમાં કે રાગના ફળમાં આદરબુદ્ધિ નથી, તે ચક્રવર્તી વગેરે પદ પામે ત્યાં પણ શુદ્ધાત્માની ભાવનાના બળને લીધે તેને વિષયસુખની પ્રીતિ હોતી નથી, તેથી શુદ્ધાત્મભાવના ઉગ્ર થતાં પરિગ્રહ છોડીને, મુનિ થઈને કેવળજ્ઞાન પ્રગટ કરે છે-આ રીતે પરંપરા મોક્ષદશા પામે છે.

જેને નિશ્ચય શ્રદ્ધા જ્ઞાન પ્રગટ્યાં છે, ને મુનિદશા પ્રગટી છે પણ અલ્પ શુભરાગ રહી જાય છે. તો તે સાક્ષાત્ મોક્ષ પામતા નથી, જેને શુદ્ધ ઉપાદાન કારણ પ્રગટ્યું છે તેને રાગમાં નિમિત્તકારણનો આરોપ આવે છે. પણ ઉપાદાન જ ન પ્રગટ્યું હોય તો નિમિત્ત કોનું ?

સ્વર્ગના સંયોગમાં તો સુખ નથી. અજ્ઞાની રાગ કરીને તેમાં સુખ માને છે, ધર્મી જાણે છે કે જ્ઞાનાનંદ સ્વભાવમાં જ મારું સુખ છે, સંયોગ તરફની વૃત્તિ થાય તે પણ દુઃખદાયક છે; એવા ધર્મી જીવને શુદ્ધાત્માની ભાવના ખસતી નથી. ને પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં ભક્તિ વગેરેનો શુભરાગ પણ આવે છે, પણ શુદ્ધાત્માની ભાવનાના બળે તે રાગને છેદીને મોક્ષદશા પ્રગટ કરશે. તે અપેક્ષાએ રાગને ઉપચારથી મોક્ષનું પરંપરા નિમિત્ત કહેવાય છે. પણ સાક્ષાત્પણે તો તે રાગ મોક્ષને અંતરાય જ કરે છે-એમ હવે કહે છે.

---

**अरहंतसिद्धचेदियपवयणभत्तो परेण णियमेणं।**
**जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि ॥ १७१ ॥**

**अर्हत्सिद्धचैत्यप्रवचनभक्तः परेण नियमेन।**
**यः करोति तपःकर्म स सुरलोकं समादत्ते ॥ १७१ ॥**

**જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય પ્રત્યે ભક્તિ ધારી મન વિષે,**
**સંયમ પરમ સહ તપ કરે, તે જીવ પામે સ્વર્ગને. ૧૭૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [यः] જે (જીવ), [अर्हत्सिद्धचैत्यप्रवचनभक्तः] અર્હંત, સિદ્ધ, ચૈત્ય (-અર્હંતાદિની પ્રતિમા) અને પ્રવચન (-શાસ્ત્ર) પ્રત્યે ભક્તિયુક્ત વર્તતો થકો, [परेण नियमेन] પરમ સંયમ સહિત [तपःकर्म] તપકર્મ (-તપરૂપ કાર્ય) [करोति] કરે છે, [सः] તે [सुरलोकं] દેવલોકને [समादत्ते] સંપ્રાપ્ત કરે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ पूर्वसूत्रे भणितं तद्भवे मोक्षं न लभते पुण्यबन्धमेव प्राप्नोतीति तमेवार्थं दृढयति, – अर्हत्सिद्धचैत्यप्रवचनभक्तः सन् परेणोत्कृष्टेन यः कश्चित्करोति । किं ? तपःकर्म, स नियमेन सुरलोकं समाददाति प्राप्नोतीत्यर्थः । अत्र सूत्रे यः कोपि शुद्धात्मानमुपादेयं कृत्वा आगमभाषया मोक्षं वा व्रततपश्चरणादिकं करोति स निदानरहितपरिणामेन सम्यग्दृष्टिर्भवति, तस्य तु संहननादि-शक्त्यभावाच्छुद्धात्मस्वरूपे स्थातुमशक्यत्वाद्वर्तमानभवे पुण्यबंध एव भवान्तरे तु परमात्मभावनास्थिरत्वे सति नियमेन मोक्षो भवति, तद्विपरीतस्य भवान्तरेपि मोक्षनियमो नास्तीति सूत्राभिप्रायः ॥ १७१ ॥

**समयव्याख्या : अर्हदादिभक्तिमात्ररागजनितसाक्षान्मोक्षस्यान्तरायद्योतनमेतत् । यः खल्वर्हदादिभक्ति-विधेयबुद्धिः सन् परमसंयमप्रधानमतितीव्रं तपस्तप्यते, स तावन्मात्ररागकलिकलङ्कितस्वान्तः साक्षान्मोक्ष-स्यान्तरायीभूतं विषयविषद्रुमामोदमोहितान्तरङ्गं स्वर्गलोकं समासाद्य, सुचिरं रागाङ्गारैः पच्यमानोऽन्त-स्ताम्यतीति ॥ १७१ ॥**

**અનુવાદ : આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત્ મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન છે.**

**જે (જીવ) ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન બુદ્ધિવાળો વર્તતો થકો પરમસંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે, તે (જીવ), માત્ર તેટલા રાગરૂપ ક્લેશથી જેનું નિજ અંતઃકરણ કલંકિત (-મલિન) છે એવો વર્તતો થકો, વિષયવિષવૃક્ષના આમોદથી જ્યાં અંતરંગ (-અંતઃકરણ) મોહિત હોય છે એવા સ્વર્ગલોકને-કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે તેને-સંપ્રાપ્ત કરીને, સુચિરકાળ પર્યંત (-ઘણા લાંબા કાળ સુધી) રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો અંદરમાં સંતપ્ત (-દુઃખી, વ્યથિત) થાય છે. ૧૭૧.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૬, શુક્રવાર]

અરિહંત-સિદ્ધ-ચૈત્ય તથા પ્રવચન વગેરે પ્રત્યે જેને ભક્તિ છે. એવો જીવ શુભરાગને લીધે સ્વર્ગમાં જાય છે, રાગ રહે ત્યાં સુધી મોક્ષદશા થતી નથી.

પહેલાં ગાથા ૧૬૬માં કહ્યું હતું કે અરિહંત પરમાત્મા વગેરે પ્રત્યેની ભક્તિનો રાગ જેને વર્તે છે એવો જીવ પુણ્ય બાંધે છે. પણ કર્મક્ષય કરતો નથી. પછી ચૈતન્યસ્વભાવની દૃષ્ટિવાળાને તે રાગ ઉપચારથી મોક્ષનું નિમિત્ત કહેવાય છે એમ કહ્યું. હવે વળી કહે છે કે જેને અરિહંતદેવ પ્રત્યેની ભક્તિનો રાગભાવ છે તેવો જીવ સ્વર્ગમાં જાય છે. તેથી રાગ તે મોક્ષમાં અંતરાય કરનારો છે. આવું ભાન હોવા છતાં કુંદકુંદાચાર્ય જેવા મુનિવરોને પણ તીર્થયાત્રા, શાસ્ત્રરચના વગેરેનો શુભરાગ આવતો હતો. છઠ્ઠા ગુણસ્થાન વખતે તેવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. ધરસેનાચાર્ય જેવા મહામુનિ ગિરનાર ઉપર રહેતા હતા. તેમને પણ શ્રુતજ્ઞાનને માટે વિકલ્પ ઊઠ્યો કે શ્રુતજ્ઞાનની ધારા અવિચ્છિન્ન રહ્યા કરે. પછી બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિઓને બોલાવ્યા ને મુનિઓ આવતા હતા ત્યારે રાત્રે શુભસ્વપ્ન આવ્યું કે ''બે મહાસુંદર સફેદ બળદ પોતાના ચરણે નમે છે''–તે ઉપરથી શ્રુતનો ભાર વહન કરી શકે એવા બે સમર્થ મુનિઓ આવી રહ્યા છે–એમ જાણીને તેમના મુખમાંથી એવું વચન નીકળ્યું કે ''જય હો શ્રુતદેવતાનો !'' જુઓ, આવો શુભરાગ છઠ્ઠા ગુણસ્થાને મુનિઓને પણ આવે છે. પણ તે શુભરાગ મોક્ષનું કારણ નથી. અંદરમાં સ્વભાવના આશ્રયે શુદ્ધ ઉપાદાન પ્રગટ્યું ત્યાં તે રાગને નિમિત્ત ગણીને ઉપચારથી મોક્ષનું પરંપરાકારણ કહેવાય છે, પણ રાગ કરતાં કરતાં શુદ્ધ ઉપાદાન પ્રગટશે–એવો એનો અર્થ નથી.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૭, શનિવાર]

આત્માનો જ્ઞાન સ્વભાવ છે. તેના શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા તે ધર્મ છે, વચ્ચે પંચપરમેષ્ઠીની ભક્તિ વગેરેનો જે શુભરાગ આવે છે તે મોક્ષનું કારણ નથી; રાગ તો બંધનું જ કારણ છે. જે પંચપરમેષ્ઠીની ભક્તિના રાગથી ધર્મ માને છે તે તો અજ્ઞાની છે. અહીં તો કહે છે કે ધર્મી જીવને પંચપરમેષ્ઠીની ભક્તિ વગેરેનો જે ભાવ આવે તે પણ ધર્મ નથી. જેને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત અંદરમાં ઘણી સ્થિરતા પ્રગટી છે, અંતરમાં ચૈતન્યની ઘણી આનંદદશા પ્રગટી છે, એવા ભાવલિંગી સંતને પણ પંચપરમેષ્ઠીની ભક્તિ વગેરેનો જે શુભભાવ છે તે મોક્ષનું કારણ નથી પણ બંધનું જ કારણ છે. અંદર ત્રણ કષાયનો અભાવ થઈને ઘણી વીતરાગતા પ્રગટી છે, તે મોક્ષનું કારણ છે. મુનિદશામાં ચૈતન્યના આનંદમાં ઝૂલતાં પાંચ ઇંદ્રિયોનું દમન થઈ ગયું હોય છે, તેથી તેઓ ઉત્કૃષ્ટ ઇંદ્રિયદમનથી શોભાયમાન છે; જેઓ રાગથી ધર્મ મનાવતા હોય, દેહની ક્રિયાથી ધર્મ મનાવતા હોય તેની તો વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી. તે તો મિથ્યાદ્રષ્ટિ છે. અહીં તો ભાવલિંગી સંતની વાત છે. ભાવલિંગી મુનિને પણ છઠ્ઠા ગુણસ્થાને અરિહંતદેવ વગેરેની ભક્તિનો ભાવ આવ્યા વિના રહેતો નથી. છતાં તે ભક્તિથી મુક્તિ થતી નથી.

જુઓ, અહીં અરિહંતદેવની ભક્તિની વાત લીધી, તો અરિહંતદેવ કેવા છે તે પ્રથમ ઓળખવું જોઈએ. અરિહંત તે સર્વજ્ઞ છે, સર્વજ્ઞની ભક્તિ તેને જ સાચી હોઈ શકે કે જેને મારો આત્મા જ્ઞાનસ્વભાવી છે એવી પ્રતીત થઈ હોય. સર્વજ્ઞદેવે બધું પ્રત્યક્ષ જોયું છે, ને તે જ પ્રમાણે જગતના પદાર્થોની ક્રમબદ્ધ અવસ્થા તેના પોતાના કારણે થાય છે. સર્વજ્ઞે જોયું તેમ જ થાય, તેમાં ફેરફાર થાય નહિ–આમ જે ન માને તેને અરિહંત-સિદ્ધની સાચી ભક્તિ હોય નહિ. જેને સર્વજ્ઞની સાચી ભક્તિ થઈ હોય તે જીવ નિમિત્તને–રાગને અને અલ્પજ્ઞતાને પણ હેય જાણે ને પોતાના જ્ઞાનસ્વભાવમાં સર્વજ્ઞ થવાની તાકાત ભરી છે તેને ઉપાદેય જાણે. જગતના પદાર્થોમાં ક્રમબદ્ધ-નિયમબદ્ધ અવસ્થાઓ થવાનો સ્વભાવ છે, જો તેમ ન હોય તો કેવળજ્ઞાન તેમને કઈ રીતે જાણી શકે ? ત્રણ કાળમાં દરેક સમયની પર્યાય નિયત છે, કોઈ પર્યાય આડીઅવળી થતી નથી. સર્વજ્ઞદેવ તેને પ્રત્યક્ષ જાણે છે. તે સર્વજ્ઞદેવને પણ પર્યાયમાં પહેલાં અલ્પજ્ઞતા અને મિથ્યાત્વ હતું, પછી આત્મસ્વભાવનું ભાન કરીને તેના આશ્રયે મિથ્યાત્વ અને અલ્પજ્ઞતાનો અભાવ કરીને સર્વજ્ઞ થયા. તે સર્વજ્ઞપણું ક્યાંથી આવ્યું ? કે સ્વભાવમાં તે શક્તિ પડી છે, તેમાંથી તે સર્વજ્ઞદશા પ્રગટી છે. જેને પોતાના સ્વભાવસામર્થ્યની પ્રતીતિ બેઠી તેને અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાની પ્રતીત આવી; અલ્પજ્ઞતાના આશ્રયે તે પ્રતીત નથી કરી પણ ગુણી એવા પોતાના સ્વભાવના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કરી છે. તે પ્રતીત કરનારી પર્યાય પોતે અલ્પજ્ઞ છે, પણ તેને આશ્રય સ્વભાવનો છે. સમયસારના પરિશિષ્ટમાં આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વજ્ઞશક્તિનું વર્ણન કર્યું છે. આત્મામાં સર્વજ્ઞશક્તિ ત્રિકાળ છે. તે શક્તિ નવી થતી નથી. પણ તેની પર્યાય નવી થાય છે. આટલી પ્રતીત કરે ત્યારે સર્વજ્ઞને માની શકે અને તેને સર્વજ્ઞની સાચી ભક્તિ હોય છતાં તેને પણ પરની ભક્તિનો જે રાગ છે તે તો બંધનું જ કારણ છે.

અજ્ઞાનીને તો સર્વજ્ઞતાની પ્રતીત પણ આવતી નથી; ત્રિકાળી જ્ઞાન ઉપાદેય છે અને પર્યાયબુદ્ધિ હેય છે–એવા નિર્ણય વગર સર્વજ્ઞની પ્રતીત હોય નહિ, ને તેને સર્વજ્ઞની યથાર્થ ભક્તિ પણ હોય નહિ. માટે અહીં કહ્યું કે ''यः खलु अर्हदादिभक्तिविधेयबुद्धिः सन्....''ધર્મીને અખંડ જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈ છે. તેથી તેને સર્વજ્ઞની ખરી ભક્તિ છે.

સર્વજ્ઞદેવે જેમ જોયેલ છે તે જ પ્રમાણે વસ્તુની ક્રમબદ્ધ પર્યાય થાય છે–એમ જેણે નિર્ણય કર્યો તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય થઈ ગયો, ને તેને જ્ઞાન સ્વભાવનો પુરુષાર્થ થયા વિના રહેતો નથી. જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય આવી જાય છે. જેટલા ત્રિકાળના સમય તેટલી દ્રવ્યની પર્યાય છે. તેનો નિશ્ચય જેણે કર્યો તેને સ્વદ્રવ્ય સન્મુખ દૃષ્ટિ થઈ છે ને સંસારની રુચિ ટળી ગઈ છે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય અંતર્મુખ થવાનો–જ્ઞાતાપણાનો પુરુષાર્થ જ બતાવે છે, કર્તાપણાનો નિષેધ કરે છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો ત્યાં પોતે જ્ઞાતા રહ્યો, તે નિમિત્તને તો પલટાવવા માગતો નથી પણ પોતાની પર્યાયને પણ આઘી પાછી કરવાનું કર્તૃત્વ માનતો નથી. પણ વસ્તુ ઉપર તેની દૃષ્ટિ જાય છે, એટલે તેમાં વસ્તુદૃષ્ટિનો પુરુષાર્થ આવી જાય છે.

એક વખત એક માણસે પૂછ્યું કે જો તમે સર્વજ્ઞને માનો છો ને સર્વજ્ઞે જોયું તેમ જ થશે, તો પછી પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું ? ત્યારે ઉત્તર આપ્યો કે ભાઈ ! તું સર્વજ્ઞનો પ્રશ્ન પૂછે છે તો તેં સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે ? જો સર્વજ્ઞનો નિર્ણય ન હોય તો પહેલાં તેનો નિર્ણય કરવો જોઈએ. જો સર્વજ્ઞનો નિર્ણય કરે તો તેમાં જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવી જાય છે. ને જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં જ્ઞાતાબુદ્ધિનો અપૂર્વ પુરુષાર્થ થયો, તેને પુરુષાર્થની શંકા રહે નહિ, ક્રમબદ્ધપર્યાય થાય છે ને હું તેનો જ્ઞાતા છું–એવો નિર્ણય કોણે કર્યો ? જેણે એવો નિર્ણય કર્યો તેના જ્ઞાનમાં અનંતો પુરુષાર્થ આવી જાય છે. જુઓ, આ સમ્યગ્દૃષ્ટિની પ્રતીતિ કેવી હોય તેની વાત છે. જેને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય નથી, તેને સર્વજ્ઞનો કે આત્માના સ્વભાવનો નિર્ણય નથી. દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાયને પામે છે, એમ નક્કી કરતાં બધાયથી ઉદાસ થઈ ગયો, ને પોતાની પર્યાય દ્રવ્યમાંથી આવે છે તેથી દ્રવ્યમાં બુદ્ધિ ઘૂસી ગઈ. એટલે દ્રવ્યના આશ્રયે મોક્ષનો પુરુષાર્થ તેમાં આવી જાય છે. આ સિવાય પર્યાયમાં ફેરફાર કરવાની બુદ્ધિથી તો મિથ્યાત્વ થશે. ત્રણ કાળમાં જે સમયે જે પર્યાય થવાનો વસ્તુનો સ્વભાવ છે. તે જ સર્વજ્ઞે જોયો છે. એટલે સર્વજ્ઞના નિર્ણયમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય આવી જ જાય છે, ને ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જ્ઞાનસ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ આવી જાય છે. જેને આવી શ્રદ્ધા નથી તે સર્વજ્ઞને, આગમને, વસ્તુને કે આત્માને જાણતો નથી. ક્રમબદ્ધપર્યાયમાં જૈનદર્શનનો મર્મ છે.

બનારસીદાસજી કહે છે કે :

**यही भांति आतम दरबके अनेक अंग,**
**एक मानै एककौं न मानै सो कुमति है।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टेक डारि एकमैं अनेक खोजै सो सुबुद्धि,**
**खोजी जीवै वादी मरैं सांची कहवति है ॥**

સમયસાર નાટક

આત્મવસ્તુમાં અનેક ધર્મો છે, તેમાં જ્ઞાનસ્વભાવની સન્મુખ થતાં એક સાથે પુરુષાર્થ, સ્વભાવ, કાળ, નિયતિ–એ ચારે સમવાયની અસ્તિરૂપ તથા કર્મની નાસ્તિરૂપ પરિણમન થઈ જાય છે. આવા આત્માના અનેક ધર્મોમાંથી એકને માને ને એકને ન માને તો મિથ્યાજ્ઞાન છે, નિયતને માને પણ પુરુષાર્થને ન માને, અથવા પુરુષાર્થને માને પણ નિયતને ન માને તો તે મિથ્યાજ્ઞાન છે. પાંચે સમવાય એક સાથે છે; જે જીવ દુરાગ્રહ છોડીને એકમાં અનેકને દેખે છે અથવા સ્વભાવ તરફના પુરુષાર્થમાં એક સમયમાં પાંચે સમવાય આવી જાય છે. એમ જાણે છે–તે જ્ઞાની છે. ખોજી જીવે ને વાદી મરે એટલે સંસારમાં રખડે–એવી કહેવત છે તે યથાર્થ છે.

જુઓ, નિશ્ચયથી એક સમયમાં પાંચે સમવાય છે. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો તેમાં પાંચે સમવાય એક સમયમાં સમાઈ જાય છે. પણ આવી પ્રતીતિ સમ્યગ્દ્રષ્ટિને જ થાય છે. આ નિર્ણયમાં જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. સર્વજ્ઞની પ્રતીત કરે તેને પોતાના પુરુષાર્થની શંકા રહે નહિ.

અહો, સર્વજ્ઞ પૂરા જ્ઞાની, નિરાવરણ જ્ઞાની, અતીંદ્રિય જ્ઞાની, તેને કોણે માન્યા ? કોણે પોતાના જ્ઞાનમાં કબૂલ્યા ? જે જ્ઞાને સર્વજ્ઞની પ્રતીત કરી તે જ્ઞાનમાં સ્વભાવ તરફનો પુરુષાર્થ આવી ગયો છે. આ પ્રમાણે સર્વજ્ઞદેવની ઓળખાણ હોય તેને અરિહંતની સાચી ભક્તિ હોય છે.

ભૈયા ભગવતીદાસજીએ પણ કહ્યું છે કે :

**जो जो देख्यो वीतरागने सो सो होसी वीरारे।**
**बीन देख्यो होसी नहिं कबहू, काहे होत अधीरा रे॥ १ ॥**
**समयो एक बढै नहि घटसी, जो सुख दुखकी पीरा रे।**
**तू क्यों सोच करै मन कूडो होय वज्र ज्यों हीरा रे॥ २ ॥**
**लगै न तीर कमान बान कहुं, मार सकै नहिं मीरा रे।**
**तूं सम्हारि पौरुष बल अपनो, सुख अनंत तो तीरा रे॥ ३ ॥**
**निश्चय ध्यान धरहुं वा प्रभुको, जो टारै भव भीरा रे।**
**'भैया' चेत धरम निज अपनो, जो तारै भव नीरा रे॥ ४ ॥**

ભગવાને જોયું છે તેથી ભગવાનના જ્ઞાનને લીધે પદાર્થની પર્યાય થાય છે એમ નથી. પર્યાય તો પદાર્થના કારણે જ થાય છે. વસ્તુનો સ્વભાવ જ સમયે સમયે ક્રમબદ્ધપર્યાય થાય તેવો છે. આ નિર્ણય કરીને તું તારા સ્વભાવ તરફ વળીને જ્ઞાતાદ્રષ્ટા થા. શુભાશુભ રાગ આવશે તેનો પણ જ્ઞાતા રહે. પર્યાય બદલવા જઈશ ત્યાં મિથ્યાત્વ થશે પણ જ્ઞાતાદ્રષ્ટાની રુચિ કરશે ત્યાં રાગ ઘટી જ જશે. ધર્મીને અર્હંત-સિદ્ધનું કેવળજ્ઞાન તો બેઠું છે. જ્ઞાનસ્વભાવની પ્રતીત પણ થઈ છે. પરંતુ હજી સ્વભાવમાં પૂર્ણ લીનતા નથી થતી ત્યારે વ્યવહારભક્તિનો રાગ ઊઠે છે, મુનિદશામાં પણ ભક્તિ તથા તપશ્ચર્યાનો વિકલ્પ આવે છે, તે પણ પ્રશસ્ત રાગ છે, તે કલંક છે. અહીં તો પર્યાયનું જ્ઞાન કરાવીને જેમ છે તેમ સમજાવે છે. અંતરંગ પરમસંયમરૂપ અતીંદ્રિય સ્વભાવ પ્રગટ્યો છે ત્યારે ઈંદ્રિય તરફનું વલણ થતું નથી તે ખરું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈંદ્રિયદમન છે. અહીં તો નિશ્ચયપૂર્વક વ્યવહારનું જ્ઞાન કરાવે છે.

સમ્યગ્દર્શન થતાં શ્રદ્ધા અપેક્ષાએ તો જિતેંદ્રિયપણું પ્રગટ થયું છે, ને અહીં મુનિદશામાં ત્રણ કષાયનો નાશ થતાં ઉત્કૃષ્ટ અંતીંદ્રિયદશા પ્રગટી છે, અને આ જ સ્વરૂપની શોભારૂપ તપ છે. આહારાદિનો ત્યાગ તે તપ નથી કારણ કે આત્માને પરપદાર્થના ગ્રહણ-ત્યાગ તો છે જ નહિ.

મુનિને પણ ભક્તિ વગેરેના રાગરૂપ જેટલા પરિણામ થાય છે તેટલો ક્લેશ છે. કલંક છે. મુનિ તેને સાક્ષાત્ મોક્ષના અંતરાયરૂપ માને છે.

ધરસેનાચાર્ય જેવા મહામુનિને પણ શ્રુતભક્તિનો રાગ આવ્યો હતો, પણ તેઓ તે રાગને કલંક જાણતા હતા. ગણધરદેવને પણ શાસ્ત્રરચનાનો વિકલ્પ ઊઠતો તેને તેઓ મોક્ષના અંતરાયરૂપ જાણતા. આમ પ્રશસ્ત રાગને પણ જ્ઞાની આદરણીય માનતા નથી. રાગ હોવા છતાં પહેલાં આવી ઓળખાણ કરવી જોઈએ.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૮, રવિવાર]

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તેની દૃષ્ટિ-જ્ઞાન અને તેમાં લીનતારૂપ વીતરાગભાવ તે મોક્ષનું કારણ છે. વચ્ચે રાગ આવે તે બંધનું કારણ છે. કોઈ કહે કે ''રાગ તે કર્મજન્ય છે.'' અને વળી કહે કે-'શુભરાગથી-વ્યવહારથી મોક્ષ થાય'-તો તેનો અર્થ તો એ થયો કે કર્મજન્ય ભાવથી મોક્ષ થયો ! પણ તે વાત જૂઠી છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકાર નથી-તેથી તે સ્વભાવની દૃષ્ટિએ વિકારને કર્મજન્ય કહ્યો છે, પણ પર્યાયમાં જીવનો પોતાનો અપરાધ છે. તે વિકાર આત્માના સ્વભાવને મદદગાર નથી, ને વિકાર તે મોક્ષનું કારણ થતું નથી. આત્માના જ્ઞાનસ્વભાવની રુચિ કરીને તેમાં એકાગ્ર થવું તે જ જીવનો પુરુષાર્થ છે.

તે સિવાય બહારમાં પરનું કરવામાં તો જીવનો પુરુષાર્થ નથી, જડકર્મને ટાળવામાં પણ જીવનો પુરુષાર્થ નથી, અને ખરેખર રાગને પણ ટાળવો પડતો નથી, પણ સ્વભાવનો આશ્રય કર્યો ત્યાં રાગની ઉત્પત્તિ જ થતી નથી. જ્ઞાનાનંદ સ્વભાવને ઓળખીને તેની રુચિ કરે તો પહેલાં રાગ અને જ્ઞાનની એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ ટળે, પછી તે સ્વભાવમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી રાગ રહે ખરો, પણ સ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાની તેનો સ્વામી થતો નથી, છતાં કર્મે વિકાર કરાવ્યો એમ પણ તે માનતા નથી. કર્મે વિકાર કરાવ્યો એમ માને તો તે પણ ભૂલ છે. અને વિકારને જ પોતાનું સ્વરૂપ માની લ્યે તો તે પણ ભૂલ છે, સ્વભાવમાં વિકાર નથી પણ પર્યાયમાં પોતાના અપરાધથી વિકાર છે, આત્માને વિકાર સાથે અનિત્ય તાદાત્મ્ય છે, આમ ઓળખીને સ્વભાવની સન્મુખ એકાગ્ર થતાં વિકારભાવ છૂટી જાય છે. પણ વચ્ચે પંચપરમેષ્ઠીની ભક્તિ વગેરેનો ભાવ રહે તો તેના ફળમાં સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. એટલે રાગ તે મોક્ષમાં અંતરાય કરનાર છે. આ સાધકજીવની વાત છે. કેવળી થઈ ગયા તેમને તો રાગ હોતો જ નથી. ને મિથ્યાદૃષ્ટિ જીવને ધર્મનું ભાન નથી. એટલે તેને મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગમાં વચ્ચે રાગ આવે છે તેની આ વાત છે. **ધર્મી જીવનો પુરુષાર્થ સ્વભાવમાં ઉદ્યમ કરવાનો છે.** રાગને છોડવાનો જુદો ઉદ્યમ કરવો પડતો નથી પણ સ્વભાવનો ઉદ્યમ કરતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી. સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક મુનિદશામાં ઘણી સ્થિરતા હોય છે એટલે ત્યાં અધ્યાત્મનો ઘણો આનંદ હોય છે, પણ હજી રાગ રહી જાય તો તેના ફળમાં સ્વર્ગનો ભવ કરવો પડે છે, ત્યાં ચોથું ગુણસ્થાન થઈ જાય છે. ત્યાં આત્માના સ્વભાવનું ભાન હોય છે. પણ વિશેષ સ્થિરતા નથી તેથી ત્યાં વિશેષ અધ્યાત્મરસનો અભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ને ઈંદ્રિય વિષયોની વાસનાથી આકુળતા છે. જુઓ, અહીં પુણ્યને પણ વિષવૃક્ષ કહે છે. ચિદાનંદ આત્મા તે અમૃતનું ઝાડ છે, ને પુણ્યના ફળમાં ઈંદ્રિય વિષયો મળ્યા તે ઝેરનાં ઝાડ છે. ધર્મીજીવને અંતરના ચિદાનંદસ્વભાવ સિવાય બીજે ક્યાંય પણ સુખબુદ્ધિ હોતી નથી, પણ રાગને લીધે આસક્તિ હોય છે. સ્વર્ગમાં તે જીવ પોતે પોતાની પર્યાયના અપરાધથી વિષયોમાં ચિત્તવૃત્તિ ધારણ કરે છે. અને ત્યાં રાગરૂપી અંગારાથી ખેદખિન્ન થાય છે. છતાં ત્યાં અંતરમાં ચિદાનંદ સ્વભાવનું ભાન પડ્યું છે. મુનિ હોય ને સ્વર્ગમાં જાય, ત્યાં તેને ઘણું લાંબું આયુષ્ય હોય છે, સ્વર્ગમાં ચોથું ગુણસ્થાન હોય છે, ત્યાં જે રાગ છે તે આત્માની શાંતિમાં વિઘ્ન કરનાર છે: એક સાગરનું આયુષ્ય હોય તોપણ અસંખ્ય વર્ષ વીતી જાય છે. જુઓ, શુભરાગના ફળમાં સ્વર્ગ મળ્યું, ત્યાં પણ વિષયો પ્રત્યેનો રાગ અગ્નિ સમાન છે. મુનિદશામાં વ્યવહાર રત્નત્રયનો રાગ થાય તે પણ ક્લેશ છે. ને તે વ્યવહારના ફળમાં સ્વર્ગનો સંયોગ થયો ત્યાં પણ રાગથી ખેદખિન્ન થાય છે. અહો ! ચિદાનંદ સ્વરૂપ જ શાંતિનું ધામ છે, તેમાં જેટલી સ્થિરતા તેટલી શાંતિ છે, આત્મા સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો, પણ પરદ્રવ્યનું તો કાંઈપણ ગ્રહણ કે ત્યાગ તે કરી શકતો જ નથી. એવો જ તેનો સ્વભાવ છે. આત્મા વિકાર કરીને જડકર્મને ગ્રહે કે આત્મા શુદ્ધતા કરીને જડકર્મને છોડે–એવો તેનો સ્વભાવ નથી. આત્મા વિકાર કરે, પણ જડકર્મને ગ્રહી શકે નહિ. અને પોતે સ્વભાવને આધીન પરિણમતાં શુદ્ધતાને કરે, પણ જડકર્મને તે છોડી શકતો નથી. જડકર્મ તો સ્વયં તેના કારણે છૂટી જાય છે. અરે જ્ઞાનસ્વભાવમાં પરમાર્થે વિકારનાં પણ ગ્રહણ ત્યાગ નથી. જ્ઞાનસ્વભાવને દૃષ્ટિમાં લઈને તેમાં એકાગ્ર થયો ત્યાં વિકારની ઉત્પત્તિ જ થતી નથી, ત્યાં ''આત્માએ વિકારને છોડ્યો'' એમ કહેવામાં આવે છે. ધ્રુવ સ્વભાવનો આશ્રય તેટલી શાંતિ છે ને પરાશ્રયે જેટલો રાગ ભાવ થાય તે ક્લેશનું કારણ છે, રાગ તે આત્માની શાંતિનું કારણ નથી. ૧૭૧.

---

**तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि।**
**सो तेण वीदरागो भवियो भवसायरं तरदि॥ १७२॥**

**तस्मान्निर्वृत्तिकामो रागं सर्वत्र करोतु मा किञ्चित्।**
**स तेन वीतरागो भव्यो भवसागरं तरति॥ १७२॥**

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. ૧૭૨.**

**અન્વયાર્થ** [तस्मात्] તેથી [निर्वृत्तिकामः] મોક્ષાભિલાષી જીવ [सर्वत्र] સર્વત્ર [किञ्चित् रागं] કિંચિત્ પણ રાગ [मा करोतु] ન કરો; [तेन] એમ કરવાથી [सः भव्यः] તે ભવ્ય જીવ [वीतरागः] વીતરાગ થઈ [भवसागरं तरति] ભવસાગરને તરે છે.

---

**तात्पर्यवृत्ति**: इत्यचरमदेहपुरुषव्याख्यानमुख्यत्वेन दशमस्थले गाथाद्वयं गतं। अथास्य पंचास्तिकाय-प्राभृतशास्त्रस्य वीतरागत्वमेव तात्पर्यमिति प्रतिपादयति, – **तम्हा** यस्मादत्र ग्रन्थे मोक्षमार्गविषये वीतरागत्वमेव दर्शितं तस्मात्कारणात् **णिव्वुदिकामो** निर्वृत्त्यभिलाषी पुरुषः **रागं सव्वत्थ कुणदु मा किंचि** रागं सर्वत्र विषये करोतु मा किंचित् **सो तेण वीयरागो** स तेन रागाद्यभावेन वीतरागः सन् **भवियो** भव्यजीवः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भवसायरं तरदि** भवसमुद्रं तरतीति । तद्यथा । यस्मादत्र शास्त्रे मोक्षमार्गव्याख्यानविषये निरुपाधिचैतन्यप्रकाशरूपं वीतरागत्वमेव दर्शितं तस्मात्केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिरूपकार्यसमयसारशब्दाभिधानमोक्षाभिलाषी भव्योऽर्हदादिविषयेपि स्वसंवित्तिलक्षणरागं मा करोतु तेन निरुपरागचिज्ज्योतिर्भावेन वीतरागो भूत्वा अजरामरपदस्य विपरीतं जातिजरामरणादिरूपविविधजलचराकीर्णं वीतरागपरमानन्दैकरूपसुखरसास्वादप्रतिबन्धकनारकादिदुःखरूपक्षारनीरपूर्णं रागादिविकल्परहितपरमसमाधिविनाशकपंचेन्द्रियविषयकांक्षाप्रभृतिसमस्तशुभाशुभविकल्पजालरूपकल्लोलमालाविराजितमनाकुलत्वलक्षणपारमार्थिकसुखप्रतिपक्षभूताकुलत्वोत्पादकनानाप्रकारमानसदुःखरूपवडवानलशिखासंदीपिताभ्यंतरं च संसारसागरमुत्तीर्यानन्तज्ञानादिगुणलक्षणमोक्षं प्राप्नोतीति ।। अथैवं पूर्वोक्तप्रकारेणास्य प्राभृतस्य शास्त्रस्य वीतरागत्वमेव तात्पर्यं ज्ञातव्यं तच्च वीतरागत्वं निश्चयव्यवहारनयाभ्यां साध्यसाधकरूपेण परस्परसापेक्षाभ्यामेव भवति मुक्तिसिद्धये न च पुनर्निरपेक्षाभ्यामिति वार्तिकं । तद्यथा । ये केचन विशुद्धज्ञानदर्शनस्वभावशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयमोक्षमार्गनिरपेक्षं केवलशुभानुष्ठानरूपं व्यवहारनयमेव मोक्षमार्गं मन्यन्ते तेन तु सुरलोकादिक्लेशपरंपरया संसारं परिभ्रमंतीति, यदि पुनः शुद्धात्मानुभूतिलक्षणं निश्चयमोक्षमार्गं मन्यंते निश्चयमोक्षमार्गानुष्ठानशक्त्यभावान्निश्चयसाधकं शुभानुष्ठानं च कुर्वन्ति तर्हि सरागसम्यग्दृष्टयो भवन्ति परंपरया मोक्षं लभन्ते इति व्यवहारैकान्तनिराकरणमुख्यत्वेन वाक्यद्वयं गतं । येपि केवलनिश्चयनयावलंबिनः संतोपि रागादिविकल्परहितं परसमाधिरूपं शुद्धात्मानमलभमाना अपि तपोधनाचरणयोग्यं षडावश्यकाद्यनुष्ठानं श्रावकाचरणयोग्यं दानपूजाद्यनुष्ठानं च दूषयंते तेप्युभयभ्रष्टाः संतो निश्चयव्यवहारानुष्ठानयोग्यावस्थान्तरमजानन्तः पापमेव बध्नन्ति । यदि पुनः शुद्धात्मानुष्ठानरूपं मोक्षमार्गं तत्साधकं व्यवहारमोक्षमार्गं मन्यन्ते तर्हि चारित्रमोहोदयात् शक्त्यभावेन शुभाशुभानुष्ठानरहिता अपि यद्यपि शुद्धात्मभावनासापेक्षशुभानुष्ठानरतपुरुषसदृशा न भवन्ति तथापि सरागसम्यक्त्वादिदानव्यवहारसम्यग्दृष्टयो भवन्ति परंपरया मोक्षं च लभंते इति निश्चयैकान्तनिराकरणमुख्यत्वेन वाक्यद्वयं गतं । ततः स्थितमेतन्निश्चयव्यवहारपरस्परसाध्यसाधकभावेन रागादिविकल्परहितपरमसमाधिबलेनैव मोक्षं लभंते ।। १७२ ।।

**समयव्याख्या : साक्षान्मोक्षमार्गसारसूचनद्वारेण शास्त्रतात्पर्योपसंहारोऽयम् । साक्षान्मोक्षमार्गपुरस्सरो हि वीतरागत्वम् । ततः खल्वर्हदादिगतमपि रागं चन्दननगसङ्गतमग्निमिव सुरलोकादिक्लेशप्राप्त्याऽत्यन्तमन्तर्दाहाय कल्पमानमाकलय्य साक्षान्मोक्षकामो महाजनः समस्तविषयमपि रागमुत्सृज्यात्यन्तवीतरागो भूत्वा समुच्छलज्ज्वलद्दुःखसौख्यकल्लोलं कर्माग्नितप्तकलकलोदभारप्राग्भारभयङ्करं भवसागरमुत्तीर्य, शुद्धस्वरूपपरमामृतसमुद्रमध्यास्य सद्यो निर्वाति ।।**

**अलं विस्तरेण । स्वस्ति साक्षान्मोक्षमार्गसारत्वेन शास्त्रतात्पर्यभूताय वीतरागत्वायेति । द्विविधं किल तात्पर्यम् – सूत्रतात्पर्यं शास्त्रतात्पर्यञ्चेति । तत्र सूत्रतात्पर्यं प्रतिसूत्रमेव प्रतिपादितम् । शास्त्रतात्पर्यं त्विदं प्रतिपाद्यते । अस्य खलु पारमेश्वरस्य शास्त्रस्य, सकलपुरुषार्थसारभूतमोक्षतत्त्वप्रतिपत्तिहेतोः पञ्चास्तिकायषड्द्रव्यस्वरूपप्रतिपादनेनोपदर्शितसमस्तवस्तुस्वभावस्य, नवपदार्थप्रपञ्चसूचनाविष्कृतबन्धमोक्षसंबन्धिबन्धमोक्षायतनबन्धमोक्षविकल्पस्य, सम्यगावेदितनिश्चयव्यवहाररूपमोक्षमार्गस्य, साक्षान्मोक्षकारणभूतपरमवीतरागत्वविश्रान्तसमस्तहृदयस्य, परमार्थतो वीतरागत्वमेव तात्पर्यमिति । तदिदं वीतरागत्वं व्यवहारनिश्चयाविरोधेनैवानुगम्यमानं भवति समीहितसिद्धये न पुनरन्यथा । व्यवहारनयेन भिन्नसाध्यसाधनभावमवलम्ब्यानादिभेदवासितबुद्धयः सुखेनैवावतरन्ति तीर्थं प्राथमिकाः । तथा हीदं श्रद्धेयमिदमश्रद्धेयमयं श्रद्धातेदं श्रद्धानमिदं ज्ञेयमिदज्ञेयमयं ज्ञातेदं ज्ञानमिदं चरणीयमिदमचरणीयमयं चरितेदं चरणमिति**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्तव्याकर्तव्यकर्तृकर्मविभागावलोकनोल्लसितपेशलोत्साहाः शनैःशनैर्मोहमल्लमुन्मूलयन्तः, कदाचिदज्ञानान्मदप्रमादतन्त्रतया शिथिलितात्माधिकारस्यात्मनो न्याय्यपथप्रवर्तनाय प्रयुक्तप्रचण्डदण्डनीतयः, पुनः पुनः दोषानुसारेण दत्तप्रायश्चित्ताः सन्ततोद्यताः सन्तोऽथ तस्यैवात्मनो भिन्नविषयश्रद्धानज्ञानचारित्रैरधिरोप्यमाणसंस्कारस्य भिन्नसाध्यसाधनभावस्य रजकशिलातलस्फाल्यमानविमलसलिलाप्लुतविहितोषपरिष्वङ्गमलिनवासस इव मनाङ्मनाग्विशुद्धिमधिगम्य निश्चयनयस्य भिन्नसाध्यसाधनभावाभावाद्दर्शनज्ञानचारित्रसमाहितत्वरूपे विश्रान्तसकलक्रियाकाण्डाडम्बरनिस्तरङ्गपरमचैतन्यशालिनि निर्भरानन्दमालिनि भगवत्यात्मनि विश्रान्तिमासूत्रयन्तः क्रमेण समुपजातसमरसीभावाः परमवीतरागभावमधिगम्य, साक्षान्मोक्षमनुभवन्तीति ॥

अथ ये तु केवलव्यवहारावलम्बिनस्ते खलु भिन्नसाध्यसाधनभावावलोकनेनाऽनवरतं नितरां खिद्यमाना मुहुर्मुहुर्धर्मादिश्रद्धानरूपाध्यवसायानुस्यूतचेतसः प्रभूतश्रुतसंस्काराधिरोपितविचित्रविकल्पजालकल्माषितचैतन्यवृत्तयः, समस्तयतिवृत्तसमुदायरूपतपःप्रवृत्तिरूपकर्मकाण्डोड्डमराचलिताः, कदाचित्किञ्चिद्रोचमानाः, कदाचित् किञ्चिद्विकल्पयन्तः, कदाचित्किञ्चिदाचरन्तः, दर्शनाचरणाय कदाचित्प्रशाम्यन्तः, कदाचित्संविजमानाः, कदाचिदनुकम्पमानाः, कदाचिदास्तिक्यमुद्वहन्तः, शङ्काकाङ्क्षाविचिकित्सामूढदृष्टितानां व्युत्थापननिरोधाय नित्यबद्धपरिकराः, उपबृंहणस्थितिकरणवात्सल्यप्रभावनां भावयमाना वारंवारमभिवर्धितोत्साहा, ज्ञानाचरणाय स्वाध्यायकालमवलोकयन्तो, बहुधा विनयं प्रपञ्चयन्तः, प्रविहितदुर्धरोपधानाः, सुष्ठुबहुमानमातन्वन्तो, निह्नवापत्तिं नितरां निवारयन्तोऽर्थव्यञ्जनतदुभयशुद्धौ नितान्तसावधानाः, चारित्राचरणाय हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहसमस्तविरतिरूपेषु पञ्चमहाव्रतेषु तन्निष्ठवृत्तयः, सम्यग्योगनिग्रहलक्षणासु गुप्तिषु नितान्तं गृहीतोद्योगा, ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गरूपासु समितिष्वत्यन्तनिवेशितप्रयत्नाः, तपआचरणायानशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशेष्वभीक्ष्णमुत्सहमानाः, प्रायश्चित्तविनयवैयावृत्त्यव्युत्सर्गस्वाध्यायध्यानपरिकरांकुशितस्वान्ता, वीर्याचरणाय कर्मकाण्डे सर्वशक्त्या व्याप्रियमाणाः, कर्मचेतनाप्रधानत्वाद्दूरनिवारिताऽशुभकर्मप्रवृत्तयोऽपि समुपात्तशुभकर्मप्रवृत्तयः, सकलक्रियाकाण्डाडम्बरोत्तीर्णदर्शनज्ञानचारित्रैक्यपरिणतिरूपां ज्ञानचेतनां मनागप्यसंभावयन्तः, प्रभूतपुण्यभारमन्थरितचित्तवृत्तयः, सुरलोकादिक्लेशप्राप्तिपरम्परया सुचिरं संसारसागरे भ्रमन्तीति । उक्तञ्च— "चरणकरणप्पहाणा ससमयपरमत्थमुक्कवावारा । चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति" ॥

येऽत्र केवलनिश्चयावलम्बिनः सकलक्रियाकर्मकाण्डाडम्बरविरक्तबुद्धयोऽर्धमीलितविलोचनपुटाः किमपि स्वबुद्ध्यावलोक्य यथासुखमासते, ते खल्वबधीरितभिन्नसाध्यसाधनभावा अभिन्नसाध्यसाधनभावमलभमाना अन्तराल एव प्रमादकादम्बरीमदभरालसचेतसो मत्ता इव, मूर्च्छिता इव, सुषुप्ता इव, प्रभूतघृतसितोपलपायसासादितसौहित्या इव, समुल्बणबलसञ्जनितजाड्या इव, दारुणमनोभ्रंशविहितमोहा इव, मुद्रितविशिष्टचैतन्या वनस्पतय इव, मौनीन्द्रीं कर्मचेतनां पुण्यबन्धभयेनानवलम्बमाना अनासादितपरमनैष्कर्म्यरूपज्ञानचेतनाविश्रान्तयो व्यक्ताव्यक्तप्रमादतन्त्रा अरमागतकर्मफलचेतनाप्रधानप्रवृत्तयो वनस्पतय इव केवलं पापमेव बध्नन्ति । उक्तञ्च—"णिच्छयमालम्बंता णिच्छयदो णिच्छयं अयाणंता । णासंति चरणकरणं बाहरिचरणालसा केई" ॥

ये तु पुनरपुनर्भवाय नित्यविहितोद्योगमहाभागा भगवन्तो निश्चयव्यवहारयोरन्यतरानवलम्बनेनात्यन्तमध्यस्थीभूताः शुद्धचैतन्यरूपात्मतत्त्वविश्रान्तिविरचनोन्मुखाः प्रमादोदयानुवृत्तिनिवर्तिकां क्रियाकाण्ड-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**परिणतिं माहात्म्यान्निवारयन्तोऽत्यन्तमुदासीना यथाशक्त्याऽऽत्मानमात्मनाऽऽत्मनि संचेतयमाना नित्योपयुक्ता निवसन्ति, ते खलु स्वतत्त्वविश्रान्त्यनुसारेण क्रमेण कर्माणि संन्यसन्तोऽत्यन्तनिष्प्रमादा नितान्तनिष्कम्पमूर्तयो वनस्पतिभिरुपमीयमाना अपि दूरनिरस्तकर्मफलानुभूतयः कर्मानुभूतिनिरुत्सुकाः केवलज्ञानानुभूतिसमुपजाततात्त्विकानन्दनिर्भरतरास्तरसा संसारसमुद्रमुत्तीर्य शब्दब्रह्मफलस्य शाश्वतस्य भोक्तारो भवन्तीति ॥ १७२ ॥**

અનુવાદ : આ, સાક્ષાત્‌મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે (અર્થાત્ અહીં સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે).

સાક્ષાત્‌મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે. તેથી ખરેખર અર્હંતાદિગત રાગને પણ, ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી, અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઊતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે.

—વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.

તાત્પર્ય દ્વિવિધ હોય છે : સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. તેમાં, સૂત્રતાત્પર્ય સૂત્રદીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને શાસ્ત્રતાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે :—

સર્વ પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી જેમાં પંચાસ્તિકાય અને ષડ્‌દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે, નવ પદાર્થના વિસ્તૃત કથન વડે જેમાં બંધ-મોક્ષના સંબંધી (સ્વામી), બંધ-મોક્ષનાં આયતન (સ્થાન) અને બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યા છે, નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે તથા સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે—એવા આ ખરેખર પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.

તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી.)

(ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે :–)

અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે). જેમ કે : '(૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે, (૨) આ અશ્રદ્ધેય છે, (૩) આ શ્રદ્ધનાર છે અને (૪) આ શ્રદ્ધાન છે; (૧) આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે, (૨) આ અજ્ઞેય છે, (૩) આ જ્ઞાતા છે અને (૪) આ જ્ઞાન છે; (૧) આ આચરણીય (આચરવાયોગ્ય) છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(૨) આ અનાચરણીય છે, (૩) આ આચરનાર છે અને (૪) આ આચરણ છે;'—એમ (૧) કર્તવ્ય (કરવા યોગ્ય), (૨) અકર્તવ્ય, (૩) કર્તા અને (૪) કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને તીક્ષ્ણ ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે; કદાચિત્ અજ્ઞાનને લીધે (–સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે) મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે; ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત્ત દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે; વળી, ભિન્નવિષયવાળાં શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે (–આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્નસાધ્યસાધનભાવવાળા, પોતાના આત્માને વિષે–ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક–થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને, તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે (-અભાવને લીધે) જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે એવા ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા (અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ, નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી તથા ભરપૂર–આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા), ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.

[હવે કેવળવ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :–]

પરંતુ જેઓ કેવળવ્યવહારાવલંબી (કેવળ વ્યવહારને અવલંબનારા) છે તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા, (૧) ફરીફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી (૨) પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી અને (૩) સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી, (૧) ક્યારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે, (૨) ક્યારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે અને (૩) ક્યારેક કાંઈક આચરણ કરે છે; દર્શનાચરણ માટે–તેઓ કદાચિત્ પ્રશમિત થાય છે, કદાચિત્ સંવેગ પામે છે, કદાચિત્ અનુકંપિત થાય છે, કદાચિત્ આસ્તિક્યને ધારે છે, શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદ્રષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે; જ્ઞાનાચરણ માટે–સ્વાધ્યાયકાળને અવલોકે છે, બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે, દુર્ધર ઉપધાન કરે છે, સારી રીતે બહુમાનને પ્રસારે છે. નિહ્નવદોષને અત્યંત નિવારે છે, અર્થ, વ્યંજન અને તદુભયની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે; ચારિત્રાચરણ માટે–હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે, સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે (-યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે) એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે, ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિઓમાં પ્રયત્નને અત્યંત જોડે છે; તપાચરણ માટે–અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશમાં સતત ઉત્સાહિત રહે છે, પ્રાયશ્ચિત્ત, વિનય,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વૈયાવૃત્ત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનરૂપ પરિકર વડે નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે; વીર્યાચરણ માટે–કર્મકાંડમાં સર્વ શક્તિ વડે વ્યાપૃત રહે છે; આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે–જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ–શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા, પુષ્કળ પુણ્યના ભારથી મંથર થઈ ગયેલી ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે. કહ્યું પણ છે કે – चरणकरणप्पहाणा ससमयपरमत्थमुक्कवावारा । चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति ॥ [અર્થાત્ જેઓ ચરણપરિણામપ્રધાન છે અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે, તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુદ્ધ (આત્મા) તેને જાણતા નથી.]

[હવે કેવળનિશ્ચયાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :–]

હવે, જુઓ કેવળનિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધી-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને યથાસુખ રહે છે (અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ–જેમ સુખ ઊપજે તેમ–રહે છે), તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા, અંતરાળમાં જ (–શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભદશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા, મૂર્છિત જેવા, સુષુપ્ત જેવા, પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા (–ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (–મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા, દારુણ બુદ્ધિભંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા, જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે એવી વનસ્પતિ જેવા, મુનીંદ્રની કર્મચેતનાને પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા અને પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહિ પામ્યા થકા, (માત્ર) વ્યક્ત-અવ્યક્ત પ્રમાદને આધીન વર્તતા થકા, પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે એવી વનસ્પતિની માફક, કેવળ પાપને જ બાંધે છે. કહ્યું પણ છે કે – णिच्छयमालम्बंता णिच्छयदो णिच्छयं अयाणंता । णासंति चरणकरणं बाहरिचरणालसा केई ॥ [અર્થાત્ નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી (ખરેખર) નિશ્ચયને નહિ જાણનારા કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા ચરણ પરિણામનો નાશ કરે છે.]

[હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ રહે એવી રીતે ભૂમિકાનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :–]

પરંતુ જે, અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા મહાભાગ ભગવંતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહિ અવલંબતા હોવાથી (–કેવળનિશ્ચયાવલંબી કે કેવળવ્યવહારાવલંબી નહિ હોવાથી) અત્યંત મધ્યસ્થ વર્તતા, શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા, પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા (–શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા), અત્યંત ઉદાસીન વર્તતા, યથાશક્તિ આત્માને આત્માથી આત્મામાં સંચેતતા (અનુભવતા) થકા નિત્ય-ઉપયુક્ત રહે છે, તેઓ (-તે મહાભાગ ભગવંતો), ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા (-સ્વતત્ત્વમાં સ્થિરતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**થતી જાય તેના પ્રમાણમાં શુભ ભાવોને છોડતા), અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે એવા, કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સુક વર્તતા, કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા, શીઘ્ર સંસારસમુદ્રને પાર ઊતરી, શબ્દબ્રહ્મના શાશ્વત ફળના (–નિર્વાણસુખના) ભોક્તા થાય છે. ૧૭૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૮, રવિવાર]

સાક્ષાત્ મોક્ષમાર્ગ તે જ શાસ્ત્રનો સાર છે; વીતરાગભાવ તે જ મોક્ષમાર્ગ છે, ને તે વીતરાગભાવ જ શાસ્ત્રનું તાત્પર્ય છે. એ પ્રમાણે શાસ્ત્રનું તાત્પર્ય બતાવે છે.

અહો ! વીતરાગભાવ એ જ સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય છે. વીતરાગભાવ કહો કે સ્વભાવનો આશ્રય કહો ! વીતરાગભાવ કેમ થાય ? કે સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતાથી જ વીતરાગભાવ થાય છે. માટે સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતા કરવી તે જ શાસ્ત્રોનું તાત્પર્ય છે. પરદ્રવ્યના અવલંબને રાગ છે, તે મોક્ષમાર્ગ નથી. રાગ થાય તે જુદી વાત છે, પણ રાગ તે મોક્ષમાર્ગ નથી.

નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે એમ કહ્યું કે ''આ નિમિત્તથી રાગ થયો.'' ત્યાં પણ તાત્પર્ય તો વીતરાગભાવ જ છે–તે કઈ રીતે ? કે જો ખરેખર નિમિત્ત રાગ કરાવે છે એમ માને તો તો રાગ ટળવાનું પોતાના હાથમાં રહેતું નથી. માટે નિમિત્તથી કથન હોય ત્યાં એમ તાત્પર્ય સમજવું કે નિમિત્તના અવલંબને રાગ થાય છે માટે નિમિત્તનું અવલંબન છોડાવીને સ્વભાવનું અવલંબન કર ! સ્વભાવના અવલંબને વીતરાગભાવ થાય છે, તે જ તાત્પર્ય છે. ને તે જ મોક્ષમાર્ગ છે. નિમિત્તથી કાર્ય થાય એમ માનીને જેઓ નિમિત્તની દૃષ્ટિમાં જ અટક્યા છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. તેને શાસ્ત્રના તાત્પર્યની ખબર નથી. શાસ્ત્રનું તાત્પર્ય તો નિમિત્તની દૃષ્ટિ છોડાવીને સ્વભાવની દૃષ્ટિ અને સ્વભાવના અવલંબને વીતરાગતા કરાવવાનું જ છે.

પરદ્રવ્યના આશ્રયે રાગભાવ થાય છે તેનાથી તો સ્વર્ગના ક્લેશની પ્રાપ્તિ થાય છે, પણ મોક્ષ થતો નથી. માટે જે જીવો નિવૃત્તિના કામી હોય એટલે મોક્ષના અભિલાષી હોય તે જીવો કોઈ પણ પરદ્રવ્યમાં રાગ ન કરો. એટલે કે પરદ્રવ્યની દૃષ્ટિ તથા અવલંબન છોડીને સ્વભાવનો આશ્રય કરો. સ્વભાવના આશ્રયે ભવ્ય જીવો અલ્પકાળમાં સંસારસમુદ્રને તરી જાય છે.

''સમસ્ત પદાર્થોમાં રાગ ન કરો'' એનો અર્થ એમ છે કે સમસ્ત પદાર્થોથી ભિન્ન એવા ચિદાનંદ સ્વભાવનો જ આશ્રય કરો. સ્વભાવનો આશ્રય કરતાં રાગની ઉત્પત્તિ થતી નથી. સ્વભાવના અવલંબને વીતરાગભાવ પ્રગટે છે. તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે. અને એનાથી ભવ્ય જીવો સંસારસમુદ્રથી પાર થઈને મોક્ષ પામે છે. નિજ કારણપરમાત્માના અવલંબને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. તે જ મોક્ષનું, કારણ છે. જેને નિજકારણ પરમાત્માના અવલંબનનું ભાન નથી તેને વ્યવહારના બધા ગોટા ઊઠે છે. શાસ્ત્રમાં કથન ભલે નિમિત્તથી કે વ્યવહારથી કર્યું હોય, પણ મોક્ષમાર્ગ તો એક જ પ્રકારનો છે, બે પ્રકારના મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહે છે કે : ''અજ્ઞાની જીવ અંતરંગમાં પોતે તો નિર્ધાર કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યથાવત્ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને ઓળખ્યો નથી, પણ જિનઆજ્ઞા માની નિશ્ચય-વ્યવહારરૂપ બે પ્રકારનો મોક્ષમાર્ગ માને છે, હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી. પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી. પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહારમોક્ષમાર્ગ છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો, પણ એક નિશ્ચયમોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. વળી તે નિશ્ચય–વ્યવહાર બંનેને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે કારણકે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધતા સહિત છે.'' શ્રી સમયસારમાં પણ એમ કહ્યું છે. કે 'હિંદી મોક્ષમાર્ગ પ્રકાશકની પ્રસ્તાવનામાં લાલબહાદુર શાસ્ત્રી પણ લખે છે કે : आपका कहना है कि जिस प्रकार निश्चयके विना व्यवहार और व्यवहारके बिना निश्चयको लेकर चलना मिथ्यात्व हैं उसी प्रकार निश्चय और व्यवहार दोनोंको उपादेय मानना मिथ्यात्व है। इसके लिये हेतु दिया है कि व्यवहार और निश्चय दोनों परस्पर विरोधी हैं क्योंकि समयसारमें 'व्यवहारोऽभूयत्थो, भूयत्थो देसिउण सुद्धणओ, भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो' [गा. ११] कहकर व्यवहारको अभूतार्थ (असत्य) और निश्चयको भूतार्थ (सत्य) कहा है। साथ ही भूतार्थका आश्रय लेनेवालेको सम्यग्दृष्टि बतलाया है। अतः निश्चयको उपादेय मानकर व्यवहारकी अनुपादेयता आपने आप सिद्ध हो जाती है, आपने इसका भी खंडन किया है कि 'सिद्ध समान शुद्ध आत्माका अनुभवन निश्चय है और व्रतशील संयमादिरूप प्रवृत्ति व्यवहार है। वे कहते हैं कि द्रव्यके किसी भावका नाम निश्चय और किसी भावका नाम व्यवहार नहीं है बल्कि द्रव्यके एक ही भावको उस रूप निरूपण करना निश्चय और उपचारसे अन्य द्रव्यके भावरूप वर्णन करना व्यवहारनय है। जैसे मिट्टीके घड़ेको मिट्टीका कहना निश्चय और घीके संयोगसे घीका कहना व्यवहार है। दूसरे समयसारमें जहां शुद्ध आत्माके अनुभवनको निश्चय कहा है उसका मतलब यह है कि स्वभावसे अभिन्न और परभावसे भिन्न आत्माका अनुभव करना शुद्धानुभव है। न कि संसारीको सिद्ध मानना। इसके अतिरिक्त जो ऐसा मानता है कि ''निश्चयका श्रद्धान करना चाहिये और प्रवृत्ति व्यवहारकी रखना चाहिये'' उन्हे भी वे मिथ्यादृष्टि ही बतलाते है।''

વળી તેમાં લખ્યું છે કે :

''आपने इस बातका खंडन किया है कि मोक्षमार्ग निश्चय व्यवहार रूप दो प्रकारका है। वे लिखते हैं कि यह मान्यता निश्चयव्यवहारालम्बी मिथ्यादृष्टियोंकी हैं, वास्तवमें तो मोक्षमार्ग दो नहीं है. किन्तु मोक्षमार्गका निरूपण दो प्रकार है। पाठक देखेंगे कि जो लोग निश्चय सम्यग्दर्शन, व्यवहार सम्यग्दर्शन, निश्चय रत्नत्रय, व्यवहार रत्नत्रय, निश्चयमोक्षमार्ग व्यवहारमोक्षमार्ग इत्यादि दो भेदोंकी रातदिन चर्चा करते रहते हैं उनके [illegible] से पंडितजीका मंतव्य कितना भिन्न हैं। इसी प्रकार आगे चलकर उन्होंने लिखा है कि निश्चय-व्यवहार दोनोंको उपादेय मानना भी भ्रम हैं, क्योंकि दोनों नयोंका स्वरूप परस्पर विरुद्ध है इसलिये दोनों नयोंका उपादेयपन नहीं बन सकता। अभी तक तो यही धारणा थी कि न केवल निश्चय उपादेय है और न केवल व्यवहार किन्तु दोनों ही उपादेय है. किंतु पंडितजीने इसे मिथ्यादृष्टियोंकी प्रवृत्ति बतलाई है।''

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવની દૃષ્ટિ કરે નહિ ને વ્યવહારુ ધર્મરાગને મોક્ષનું કારણ માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, રાગ તો સ્વભાવથી વિપરીતભાવ છે, તે ધર્મનું કારણ નથી; જીવ પરને આધીન થાય તો તેને રાગની ઉત્પત્તિ થાય છે, ને તે રાગ દુઃખદાયક જ છે. જેમ ચંદનના લાકડાનો સ્વભાવ તો ઠંડો છે, પણ તેમાં અગ્નિનો પ્રવેશ થતાં તે અગ્નિ દઝાડે છે, તેમ ચૈતન્યસ્વભાવના આશ્રયે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે તો શાંતિનું જ કારણ છે. પણ વચ્ચે પરદ્રવ્યના આશ્રયે રાગ થાય તે જીવને દુઃખનું કારણ છે, તેથી ધર્મ રાગ પણ હેય છે. એમ શ્રદ્ધા કરવી.

ધર્મીને આચરણમાં વીતરાગતા ન થાય ત્યાં ધર્મરાગ હોય ખરો, પણ ધર્મી જીવ તેને હેય સમજે છે. જે જીવો મોક્ષના અભિલાષી હોય એવા હે મહાજનો ! હે ઉત્તમ પુરુષો ! તમે ચિદાનંદ સ્વભાવનો આશ્રય કરીને સમસ્ત રાગને છોડો, ને સંસારસમુદ્રનો પાર પામો. સંસારમાં મોટો માણસ હોય તેને લોકો મહાજન કહે છે, અહીં વીતરાગી મુનિઓને મહાજન કહ્યા છે. તેને સંબોધીને કહે છે કે હે મોક્ષના અભિલાષી, મહાજન ! શુભાશુભ વિષયોનો રાગ છોડીને, સ્વભાવના આશ્રયે વીતરાગભાવ પ્રગટ કરીને મોક્ષદશાને પામો. એવી વીતરાગતા ન થઈ શકે ને રાગ રહી જાય તો તે આદરણીય નથી. એમ શ્રદ્ધા કરવી જોઈએ.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૯, સોમવાર]

સર્વજ્ઞના સર્વશાસ્ત્રનો સાર શું છે ? તેની આમાં વાત છે.

વીતરાગના મુખમાંથી નીકળેલા દિવ્યધ્વનિનું અને સર્વશાસ્ત્રોનું તાત્પર્ય તો વીતરાગભાવ છે. ચારે અનુયોગના શાસ્ત્રનો સાર એ છે કે જ્ઞાનાનંદ નિજ સ્વભાવને જાણીને તેમાં ઠરવું. વચ્ચે પરના અવલંબને રાગ થાય છે તે હેય છે. ચિદાનંદ સ્વભાવના આશ્રયે વીતરાગભાવ થાય છે તે જ આદરણીય છે. જે જીવ મોક્ષનો અભિલાષી છે તેણે શું કરવું ? ચિદાનંદ સ્વભાવમાંથી પૂર્ણ આનંદ મોક્ષદશા પ્રગટ કરવાના જે કામી છે એવા જીવને અહીં 'મહાજન' કહેલ છે. હે વિરલ મહાપુરુષ ! જો તારે આ સંસારના પરિભ્રમણથી છૂટવું હોય ને આત્માની પૂર્ણાનંદદશા પ્રાપ્ત કરવી હોય તો વિષયરાગનો ત્યાગી થા ! અંદરમાં પ્રથમ ચિદાનંદ સ્વભાવનું ભાન તો થયું છે. પછી મુનિ થવાની આ વાત છે. ચિદાનંદ જ્ઞાતાદ્રષ્ટા આત્માનું ભાન તો પ્રથમ જ કરવું જોઈએ. પછી પૂર્ણ પવિત્ર મોક્ષદશા પ્રગટ કરવા માટેનો આ ઉપદેશ છે કે હે મહાજનો ! સમસ્ત વિષયકષાયના પરિણામ છોડીને ચૈતન્યમાં લીનતા કરો; પુણ્ય-પાપની રુચિ ધર્મીને હોતી નથી. પણ હજી નબળાઈથી રાગ થાય છે, તે રાગને પણ છોડવાનો અહીં ઉપદેશ છે. અહો ! મારું સ્વરૂપ તો જ્ઞાન છે, મારે અનાકુળ શાંતિ જોઈએ છે. એમ જેને મોક્ષની અભિલાષા થઈ છે એવા જીવને સ્વભાવનું ભાન હોવા છતાં હજી અસ્થિરતાથી રાગ થાય છે. તેને કહે છે કે હે ભવ્ય ! પહેલાં તો તું વિષયકષાયના પાપરાગને છોડ; પહેલાં ધર્મરાગ નહિ છૂટે. સાચા દેવ-ગુરુ-તથા સાધર્મી પ્રત્યે પ્રેમાળવૃત્તિ વગેરેનો ધર્મરાગ પહેલાં થયા વિના નહિ રહે. માટે કહ્યું કે પહેલાં અશુભરાગને છોડ. ખરેખર તો રાગ છોડવા તરફનો પણ પ્રયત્ન નથી પરંતુ સ્વભાવ તરફનો પ્રયત્ન છે. સ્વભાવ તરફનો ઉદ્યમ થતાં રાગભાવ છૂટી જાય છે. સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં લીનતા થતાં વીતરાગભાવ થાય તે શાસ્ત્રનો સાર છે. જેમ છાશનો સાર માખણ અને ઘી છે, તેમ શાસ્ત્રનો સાર વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી સ્થિરતા કરવી તે છે. શુદ્ધ સ્વભાવ તરફનો ઉદ્યમ કરતાં રાગાદિ ટળી જાય છે. પહેલાં સર્વથા વીતરાગતા એક સાથે થઈ જતી નથી, પણ અશુભ ટળીને શુભરાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે, ને સ્વભાવ તરફની એકાગ્રતાના જોરે અત્યંત વીતરાગતા થતાં મોક્ષ થાય છે. માટે કહ્યું કે હે ભવ્ય જીવો ! સ્વભાવની સ્થિરતા વડે અત્યંત વીતરાગભાવ પ્રગટ કરીને સંસાર-સમુદ્રનો પાર પામો !! અહો ! સંસારમાં ક્યાંય સુખ નથી-દેવપદમાં કે શેઠાઈમાં પણ સુખ નથી, ચિદાનંદ સ્વભાવનું સુખ બહારમાં નથી. બહારમાં જેટલું વલણ જાય તે આકુળતા છે–દુ:ખ છે. સંસારસમુદ્રમાં હર્ષ-શોકની કલ્પનાથી જીવો આકુળ-વ્યાકુળ છે. અનુકૂળતામાં સુખ માનીને હર્ષ કરે છે. ને પ્રતિકૂળતામાં દુ:ખ માનીને શોક કરે છે. પણ તે બન્ને કલ્પનાઓ દુ:ખદાયક જ છે. ચિદાનંદ આત્મા શાંતિનો દરિયો છે–તેને બદલે બહારમાં સુખ-દુ:ખની કલ્પનાથી જીવ આકુળ થાય છે. તેમાં ક્યાંય જીવને શાંતિ નથી, શાંતિ તો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં છે. સંસારમાં મોટા મોટા રાજાઓ ને દેવો પણ હર્ષશોકની કલ્પના કરીને આકુળ-વ્યાકુળ થઈ રહ્યા છે; પર સંયોગ તરફના વલણવાળો ભાવ જ દુ:ખદાયક છે, ચિદાનંદ સ્વરૂપને ઓળખીને તેના આશ્રયે વીતરાગભાવ પ્રગટ કરે તો જીવ સંસારનો પાર પામે છે.

અહો ! જીવો ! એક વાર ઓળખાણ તો કરો....પ્રતીત તો કરો કે સુખ મારા સ્વરૂપમાં છે, બહારમાં હર્ષ-શોકની કલ્પના થાય તેમાં મારું સુખ નથી. આમ ઓળખીને સ્વરૂપમાં સ્થિર થાય તો હર્ષ-શોકની કલ્પના છૂટીને સંસારથી મુક્ત થવાનો અવસર આવે. અજ્ઞાની બહારમાં સુખ માને છે,-તે તો મિથ્યા છે; ને જ્ઞાનીને પણ અસ્થિરતાથી બહારમાં હર્ષ-શોકની કલ્પના થાય તેટલું દુ:ખ છે. અહો ! આ સંસારમાં હર્ષ-શોકની કલ્પનારૂપ મોજાં ઊછળી રહ્યાં છે, ને કર્મ તરફના વલણરૂપ વડવાગ્નિ સળગી રહ્યો છે, જેમ દરિયામાં વડવાગ્નિ થાય છે તે પાણીને સૂકવી નાખે છે. તેમ ચૈતન્ય ભગવાન શાંતિનો સમુદ્ર છે, તેમાં કર્મ તરફનું વલણ થતાં આકુળતારૂપ વડવાગ્નિ ઉત્પન્ન થાય છે. આવા સંસારને તરવો બહુ કઠણ છે. વીતરાગભાવથી આવા દુસ્તર સંસારસમુદ્રનો પાર પામીને, આત્મા પોતાના અમૃતસાગરમાં લીન થઈને, મોક્ષપદ પામે છે. ચૈતન્યસમુદ્રમાં ભગવાનઆત્મા બિરાજી રહ્યો છે, તેની દૃષ્ટિ કરીને તેમાં લીન થતાં આત્મા તત્કાળ મુક્તદશાને પામે છે. જુઓ, આ શાસ્ત્રનું તાત્પર્ય છે. મોક્ષમાર્ગનું સાક્ષાત્ કારણ અને સર્વ શાસ્ત્રોનો સાર એવો વીતરાગભાવ જ છે. આત્માના સ્વભાવનું અવલંબન લેતાં એવો વીતરાગભાવ પ્રગટે છે.

''बहुत विस्तार कहांतक किया जाय, जो साक्षात् मोक्षमार्गका प्रधान कारण है समस्त शास्त्रोंका तात्पर्य है ऐसा जो वीतरागभाव सो ही जयवंत होहु''

અહો ! ચિદાનંદ ભગવાનમાં અંતર્મુખ થઈને, સ્વભાવ સામર્થ્યના પિંડને ઉકેલતો વીતરાગભાવથી આત્મા મુક્તિ પામે છે. આ જ બધાં શાસ્ત્રોનું તાત્પર્ય છે, ને આ જ મોક્ષનો માર્ગ છે. આવો વીતરાગભાવ જયવંત વર્તો ! તે વીતરાગ ભાવ ચૈતન્યસ્વભાવના અવલંબને જ પ્રગટે છે. સર્વજ્ઞ ભગવાને કહેલાં બધાં શાસ્ત્રોનો સાર શું ?–કે વીતરાગતા ! પંચમહાવ્રતના ભાવ મુનિને આવે પણ તે શાસ્ત્રનું તાત્પર્ય નથી, શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગભાવ છે. વચ્ચે રાગ આવે તેનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રમાં તેનું વર્ણન ભલે હોય, પણ તાત્પર્ય તો વીતરાગભાવ જ છે. શુભરાગને ઉપાદેય કહ્યો હોય તો તે વ્યવહારથી કથન છે એમ સમજવું. રાગ થાય તે શાસ્ત્રનું તાત્પર્ય નથી. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની પ્રતીત અને તેમાં લીનતારૂપ વીતરાગભાવ થાય તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે, ને તે જ મોક્ષમાર્ગ છે. અહો ! આવો વીતરાગભાવ જયવંત વર્તો !

સર્વજ્ઞદેવના દિવ્યધ્વનિમાંથી ઝીલીને કુંદકુંદાચાર્યદેવે રચેલાં સમયસારાદિ, તેમ જ ધરસેનાચાર્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરે સંતોએ રચેલાં ષટ્ખંડાગમ વગેરે બધાં શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે.

વીતરાગભાવ એટલે કે સ્વદ્રવ્યની અપેક્ષા ને પરદ્રવ્યથી ઉપેક્ષા, વચ્ચે રાગ અને નિમિત્ત આવે તેનું જ્ઞાન કરાવે છે, પણ તે શાસ્ત્રનું તાત્પર્ય નથી, નિમિત્તનું અવલંબન છોડીને ચિદાનંદ સ્વભાવના અવલંબને વીતરાગભાવ થાય તે જ તાત્પર્ય છે. માટે આચાર્યદેવ કહે છે કે અહો ! "स्वस्ति साक्षान्मोक्षमार्गसारत्वेन शास्त्रतात्पर्यभूताय वीतरागत्वायेति" સાક્ષાત્ મોક્ષમાર્ગના સારરૂપ અને શાસ્ત્રના તાત્પર્યભૂત એવો આ વીતરાગભાવ જયવંત વર્તો ! જુઓ, અમૃતચંદ્રાચાર્યદેવ જ્યારે આ શબ્દો લખી રહ્યા છે તે વખતે તેમને શુભરાગ વર્તતો હતો, પણ કહે છે કે આ રાગનો જય ન હો, પણ સ્વભાવમાં લીનતા વડે આ રાગનો નાશ થાઓ, ને વીતરાગભાવનો જય થાઓ, સ્વભાવ તરફનો વીતરાગભાવ જયવંત હો, ને પર તરફના વલણવાળો રાગભાવ નાશ પામો.

સ્વભાવના આશ્રયે પહેલાં વીતરાગીદૃષ્ટિ પ્રગટ કરવી ને પછી વીતરાગી સ્થિરતા પ્રગટ કરવી તે જ મોક્ષમાર્ગ છે, ને તે જ શાસ્ત્રોનું તાત્પર્ય છે.

સંતોએ સિદ્ધાંતમાં બે પ્રકારનું તાત્પર્ય બતાવ્યું છે. એક તો સૂત્ર તાત્પર્ય અને બીજું શાસ્ત્રતાત્પર્ય. સર્વજ્ઞની પરંપરાથી જે સૂત્રો ચાલ્યાં આવ્યાં છે, તે સૂત્રોનો ભાવ સમજવો તે સૂત્રતાત્પર્ય છે. કોઈ સૂત્રમાં દ્રવ્યનું જ્ઞાન કરાવ્યું, કોઈ ઠેકાણે પર્યાયનું, રાગનું કે નિમિત્તનું જ્ઞાન કરાવ્યું હોય – એ પ્રમાણે દરેક સૂત્રમાં સૂત્રતાત્પર્ય ભિન્ન ભિન્ન હોય છે. સૂત્રતાત્પર્ય તો તે તે ગાથામાં સમજાવ્યું છે. ને આખાય શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે.

'જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે' એમ સૂત્રમાં કહ્યું હોય ત્યાં તેનું સૂત્રતાત્પર્ય એમ છે કે જીવનું જ્ઞાન રોકાયું ત્યારે સામે કેવું નિમિત્ત હતું તે બતાવ્યું છે. નિયમસારની ૫૩મી ગાથામાં કહ્યું કે સમ્યગ્દર્શન પામનાર જીવને જિનસૂત્ર તે બાહ્યનિમિત્ત છે ને જ્ઞાનીપુરુષ તે ઉપચારથી અંતરંગ નિમિત્ત છે. ત્યાં સૂત્રતાત્પર્ય એમ છે કે બે નિમિત્તોમાંથી શાસ્ત્ર કરતાં જ્ઞાનીની મુખ્યતા બતાવવી છે, માટે તેને અંતરંગનિમિત્ત કહ્યું છે.

સ્વામીકાર્ત્તિકેયાનુપ્રેક્ષામાં ૨૧૧મા સૂત્રમાં કહ્યું કે પુદ્ગલમાં કોઈ એવી અપૂર્વ શક્તિ છે કે જીવના કેવળજ્ઞાનનો પણ નાશ કરે છે એટલે કે કેવળજ્ઞાન થવા દેતું નથી. ત્યાં પુદ્ગલમાં કેવું પરિણમન થાય છે તે બતાવવા માટે તે કથન છે. પણ કર્મ જ્ઞાનને રોકે છે – એવું ત્યાં નથી બતાવવું, એ પ્રમાણે સૂત્રતાત્પર્ય સમજવું, અને આખાય શાસ્ત્રનો સાર તો વીતરાગભાવ છે. સંયોગ અને વિકારની દૃષ્ટિ છોડીને, ચિદાનંદ અખંડ સ્વભાવની દૃષ્ટિ કરીને અને તેમાં સ્થિરતા કરીને વીતરાગભાવ પ્રગટ કરવો તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે, ને તે જ મોક્ષનો માર્ગ છે. જ્ઞાનાવરણીયે જ્ઞાન રોક્યું એમ કહીને તારી જ્ઞાનપર્યાયનું હીણું પરિણમન છે એમ બતાવ્યું અને તેનું પણ તાત્પર્ય એ છે કે અલ્પજ્ઞતા તે તારું સ્વરૂપ નથી, માટે તેની દૃષ્ટિ છોડીને જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કર ને તેના આશ્રયે સર્વજ્ઞતા પ્રગટ કર ! આવું સૂત્રતાત્પર્ય છે.

સમયસાર, ગોમ્મટસાર, રત્નકરંડશ્રાવકાચાર કે આદિપુરાણ–વગેરે ચારે અનુયોગનાં શાસ્ત્રોનો સાર એ છે કે તું તારા સ્વભાવની સન્મુખ થા ! વચ્ચે રાગ અને નિમિત્ત આવે. પણ તેના તરફ લક્ષ કર એમ કહેવાનું શાસ્ત્રોનું તાત્પર્ય નથી. મુનિદશામાં પંચમહાવ્રત–૨૮ મૂળગુણ વગેરે કેવો રાગ હોય તેનું જ્ઞાન કરાવ્યું, પણ ત્યાં કાંઈ શાસ્ત્રનું તાત્પર્ય તે રાગ કરાવવાનું નથી. ગમે તે શાસ્ત્રના ગમે તે કથનમાંથી જો વસ્તુસ્વભાવ તરફ ઢળવાનું તાત્પર્ય કાઢે તો જ તે શાસ્ત્રનો આશય સમજ્યો છે. પણ જો ક્યાંય પણ પરદ્રવ્યના આશ્રયથી લાભ થવાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તાત્પર્ય કાઢે તો તે જીવશાસ્ત્રને સમજ્યો નથી, તેની યુક્તિ અને તર્ક તે બધા કુતર્ક ને કુયુક્તિ છે. શાસ્ત્રે કહ્યું કે ''જોઈને ચાલવું''–તો ત્યાં શું તાત્પર્ય છે ? શું પર સામે જોવાનું તાત્પર્ય છે ? કે શુભરાગનું તાત્પર્ય છે ? ત્યાં તેનું તાત્પર્ય એમ છે કે રાગ થવા ન દેવો, એટલે કે પરથી ઉપેક્ષા કરીને સ્વભાવની સન્મુખતા કરવી. - તે તાત્પર્ય છે. સ્વભાવની સન્મુખતા ને પરથી વિમુખતા એવું તાત્પર્ય છે. વચ્ચે વ્યવહાર આવે તેનાથી જો લાભ માને તો સ્વભાવ તરફ ઢળે નહિ, પરદ્રવ્યના અવલંબને લાભ માને કે વ્યવહારના આશ્રયે લાભ માને તો તે જીવશાસ્ત્રના તાત્પર્યને સમજ્યો નથી. માટે હે મોક્ષના અભિલાષી ભવ્ય ! તું સ્વભાવના અવલંબને વીતરાગભાવ પ્રગટ કરીને આ સંસારથી પાર થા. જુઓ, જે જીવ પુણ્યનો અભિલાષી હોય, પૈસાનો અભિલાષી હોય કે વિષય-ભોગનો અભિલાષી હોય-એવા મૂઢ જીવોને આ વાત કહેતા નથી. ચાર પ્રકારના પુરુષાર્થમાં મોક્ષપુરુષાર્થની જ પ્રધાનતા છે. એ જ જિનેંદ્રપ્રણીત શાસ્ત્રોની ઉત્તમતા છે. ધર્મ એટલે કે પુણ્ય, અર્થ એટલે કે પૈસા વગેરે મેળવવા તે અને કામ એટલે વિષયભોગ–એ ત્રણે પુરુષાર્થ તો સંસારનું કારણ છે. વીતરાગશાસ્ત્રમાં તેની પ્રધાનતા નથી, વીતરાગશાસ્ત્રમાં તો મોક્ષના વીતરાગી પુરુષાર્થની જ પ્રધાનતા છે. જિનેંદ્રદેવે કહેલાં શાસ્ત્રો તો વીતરાગભાવનું જ પોષણ કરાવનારા છે. વિષયકષાયના પાપભાવનું કે રાગનું પોષણ કરાવે–એને શાસ્ત્ર કહેવાય નહિ. જિનેંદ્રપ્રણીત શાસ્ત્રમાં તો આત્માની મોક્ષદશાની સિદ્ધિ જેનાથી થાય–એવા પુરુષાર્થની જ મુખ્યતા છે. સ્વભાવના આશ્રયે વીતરાગભાવ પ્રગટે તે જ જિનેંદ્રદેવનાં શાસ્ત્રનું તાત્પર્ય છે. વચ્ચે મુનિઓને પણ ધર્મરાગ આવે, પણ તે ગૌણ છે. તેની પ્રધાનતા નથી, પ્રધાનતા તો સ્વભાવના અવલંબને વીતરાગભાવ પ્રગટે તેની જ છે. અને એ વીતરાગભાવ જ શાસ્ત્રનું તાત્પર્ય છે. તથા તે જ મોક્ષમાર્ગ છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૧૦, મંગળવાર]

બધાં શાસ્ત્રોનો સાર વીતરાગભાવ છે. કોઈ શાસ્ત્ર શુભરાગ પણ કરવા જેવો છે એમ નિશ્ચયથી કહે નહિ.

અનંતા તીર્થંકરદેવ થઈ ગયા. વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રે બિરાજે છે, તેમણે સર્વ પ્રકારના રાગથી છૂટી ત્રિકાળી ધ્રુવ જ્ઞાનાનંદ સ્વભાવથી જ હિત અને હિતનો માર્ગ કહેલ છે. તેનાથી વિરુદ્ધ કહે તે દેવ, શાસ્ત્ર ને ગુરુ મિથ્યા છે. વીતરાગપ્રણીત શાસ્ત્રથી જ વસ્તુસ્વરૂપ જાણવામાં આવે છે. છયે દ્રવ્યો ત્રિકાળ ભિન્ન ભિન્ન છે, જે ''છે'' તે પોતાથી છે, અનંતા પર પદાર્થથી જુદા, સ્વતંત્ર ટકીને બદલનારા છે. પરવસ્તુ મારામાં નથી, હું પરમાં નથી એમ સ્વતંત્રપણું નક્કી કરે તો ક્ષણિક વિકાર ત્રિકાળ સ્વરૂપમાં નથી–એમ સ્વસન્મુખતારૂપ ધર્મ શરૂ થાય.

છયે દ્રવ્યો ત્રિકાળ જુદાં છે–એમ જાણતાં સ્વતંત્રતા, વીતરાગતા જ આવે છે. પંચાસ્તિકાયનું જ્ઞાન કરતાં ગમે તે પડખે એક વીતરાગતા જ ઉપાદેય છે એમ આવે છે, છ દ્રવ્ય સ્વતંત્ર છે એમ નક્કી કરનારને નિર્મળ ભેદજ્ઞાન એટલે વીતરાગતા થયા વિના રહે નહિ. કોઈ સંયોગ, કાળ-કર્મ-ક્ષેત્ર નડે અથવા મદદ કરે એમ પરાધીનપણું ભાસતું નથી અને એવું ભેદજ્ઞાન થતાં પરમાં કર્તાબુદ્ધિ છૂટી ત્રિકાળ જ્ઞાતા જ છું એમ અંદર સ્વરૂપમાં જ્ઞાતાપણું, વીતરાગપણું, સ્વતંત્રપણું થયા વિના રહેતું નથી.

વીતરાગદેવ છ દ્રવ્ય પૃથક્ પૃથક્ કહીને સર્વત્ર વીતરાગતા જ બતાવે છે, આત્મા તરફનો અંતર વલણભાવ બતાવે છે. ક્ષણિક વિકારની બુદ્ધિ છોડાવી ત્રિકાળ અવિકારી જ્ઞાયક સ્વરૂપમાં ઢળવાનું બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પંચાસ્તિકાય બતાવીને તારું ચિદાનંદમય જીવાસ્તિકાય સ્વરૂપ પરથી જુદું જ છે એમ બતાવે છે. પરલક્ષે થતો ક્ષણિક વિકાર છે તે પરને લીધે નથી ને વિકારને લીધે ત્રિકાળ જીવાસ્તિકાયપણું નથી. કર્મનો ઉદય જડ છે, તે ભિન્ન છે ને તારું જીવતત્ત્વ ભિન્ન છે. આઠ કર્મથી જીવ રોકાયો નથી, કેમકે બન્નેની સત્તા ભિન્ન ભિન્ન છે.

રોટલી વગેરે ખાઈ શકું છું એમ જે માને છે તે સ્વતંત્ર જીવાસ્તિકાયને માનતો નથી. કરોડો રૂપિયા પાંચ ભાઈઓ પાસે હોય પણ જ્ઞાની તેમાં પોતાનો ભાગ માનતો નથી. તે જાણે છે કે મારો ભાગ તો અનંત ગુણમૂર્તિ જીવાસ્તિકાયમાં જ છે.

છ દ્રવ્ય પાંચ અસ્તિકાય છે. દરેકની સત્તા ત્રિકાળ પોતાપણે છે, ને પરથી ભિન્ન છે અને પોતપોતાના ગુણપર્યાયથી અભિન્ન છે. એવું ભેદજ્ઞાન કરે તો પરાશ્રયબુદ્ધિ ટળીને સ્વતંત્ર સ્વાશ્રયપણું થયા વિના રહે નહિ. સંસારભાગમાં દેખો તો ક્ષણિક વિકાર-પુણ્યપાપની લાગણી તે જડકર્મથી નથી પણ તે પર્યાયમાં તારો જીવાસ્તિકાયનો ભાગ-(અંશ) છે અને તે ક્ષણિક વિકાર ઉપરથી દૃષ્ટિ ઉઠાડી ત્રિકાળ અવિકારી જ્ઞાતામાત્રમાં અભેદદૃષ્ટિ કરવી તે વીતરાગી ધર્મદૃષ્ટિ છે.

નિશ્ચય વ્યવહારનું કથન વીતરાગમાર્ગમાં જ છે. નિશ્ચય થયો પણ પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી સાચા દેવાદિ તરફનો રાગ આવ્યા વિના રહે નહિ. જ્ઞાની તેને જાણે પણ તેનાથી ધર્મ ન માને. યથાર્થ વસ્તુસ્વભાવ જાણતાં સહજ મોક્ષ સધાય છે. છ દ્રવ્ય ન માને તો પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ કરવાનો ઉપાય બની શકે નહિ.

કોઈ કાળ તને રોકનાર નથી. પરથી ભિન્ન અંદર સ્વરૂપમાં વીતરાગી દૃષ્ટિ કરી તે જ સ્વકાળલબ્ધિ છે. મોક્ષનું સાધન પણ ભેદજ્ઞાનરૂપ થતો એવો આ આત્મા જ છે. તું જુદો છે પછી તારાથી જુદાનું શું કરીશ ? પુદ્‌ગલાસ્તિકાય બતાવતાં તેનાથી હું જુદો જ છું અને તેનાથી મારો સંબંધ નથી એમ અંદર વીતરાગી દૃષ્ટિ ન કરે તો તે શાસ્ત્રતાત્પર્ય માનતો નથી.

ભરતેશવૈભવ વગેરે પુરાણશાસ્ત્રોમાં આત્મવૈભવ તથા પુણ્યવૈભવનું વર્ણન આવે છે તે સાંભળીને જે પુણ્યની મીઠાશ વેદે છે તેણે, શાસ્ત્રનો હેતુ પરથી–વિકારથી ભિન્ન અને સ્વથી અભિન્ન-અરાગી જ્ઞાતાપણું બતાવવાનો છે તે જાણ્યો નથી. પુણ્ય તે પુદ્‌ગલાસ્તિકાય છે ને પુણ્ય-પાપરૂપ વિકાર તે જીવાસ્તિકાયનો અંશ છે તેની રુચિ છોડી અંદર અભેદદૃષ્ટિ-વીતરાગી દૃષ્ટિ કરવી તે પ્રયોજન શાસ્ત્રે કહ્યું છે તે ન માન્યું તો તેણે નવતત્ત્વ ભિન્ન ભિન્ન છે તેમ તેણે માન્યું નહિ.

પુણ્ય, પાપ તે વિકારીભાવ છે તે સંવર-નિર્જરા નથી તથા તેનાથી ધર્મ નથી, દયા, દાન, વ્રતાદિ ભાવ તે પુણ્યતત્ત્વ છે. તે જીવતત્ત્વ નથી. પુણ્યથી સંવર-નિર્જરા રૂપ ધર્મ થતો નથી, તેનાથી ધર્મ થાય તો પુણ્યતત્ત્વ અને સંવર નિર્જરાતત્ત્વ જુદાં રહેતાં નથી. સંવર-નિર્જરા અંશે શુદ્ધભાવ જીવનો ક્ષણિક અંશ છે પણ એટલો જ જીવ નથી, નવતત્ત્વનું સ્વરૂપ વીતરાગતા માટે છે.

અજીવથી જીવની પર્યાયમાં આસ્રવ થતો હોય તો અજીવ અને જીવ બન્ને એક થઈ જાય. શરીર સુકાય તો નિર્જરા થાય એમ માન્યું તેણે અજીવથી જીવની શુદ્ધિની ઉત્પત્તિ માની. એ રીતે નવતત્ત્વને વિપરીતરૂપે માનતાં નવ પૃથક્ રહેતાં નથી. નવતત્ત્વ, છ દ્રવ્ય, પંચાસ્તિકાયને યથાર્થરૂપે જાણવાનો સાર શો ? કે વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાનાનંદ સ્વભાવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સન્મુખ જ્ઞાન અને લીનતા તે તેનો સાર છે.

નવતત્ત્વને જાણતાં પરથી ભેદજ્ઞાન થઈને તથા ક્ષણિક પર્યાય જેટલી બુદ્ધિ છૂટીને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ અને વીતરાગતાનો અવસર આવે છે, તે જ સાર છે. અહોહો ! ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે અમૃતની રેલમછેલ કરી મૂકી છે. આવી અદ્‌ભુત ટીકા ભરતક્ષેત્રમાં અજોડ છે. ભાઈ ! તું વીતરાગે કહેલાં છ દ્રવ્યોને નક્કી કર તો તેમાં પણ સ્વભાવસન્મુખ થઈને વીતરાગભાવ જ કરવાનું આવે છે. નવ તત્ત્વોને જાણતાં તેમાંથી પણ વીતરાગી તાત્પર્ય જ નીકળે છે.

નવતત્ત્વમાં જીવનો સ્વભાવ શું ? અજીવ શું ? પુણ્ય-પાપ શું ? આસ્રવ શું ? સંવર શું ? કયા ગુણસ્થાને કેટલો સંવર હોય ? ને કેટલો આસ્રવ હોય–ઈત્યાદિ બધું સમજતાં તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ પણ આવી જાય છે. જેણે એમ મનાવ્યું કે મુનિદશામાં પણ વસ્ત્રનો રાગ હોય તેણે મુનિદશાના સંવરને જાણ્યો નથી, તેની નવે તત્ત્વની ભૂલ છે. સ્ત્રીનો દેહ હોય અને મુનિદશા આવી જાય.–એમ માને તો તેને નવે તત્ત્વની ભૂલ છે. સર્વજ્ઞદશા પ્રગટી ત્યાં આહારાદિ હોય નહિ, છતાં ત્યાં આહાર મનાવે તો મોક્ષ વગેરે નવે તત્ત્વની ભૂલ છે. અહો ! છઠ્ઠા-સાતમા ગુણસ્થાને સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને ઘણી સંવર દશા પ્રગટી ગઈ છે ને સંજ્વલનનો ઘણો પાતળો રાગ હોય છે, ત્યાં વસ્ત્રાદિનો સંયોગ હોતો નથી–આમ ન જાણે તે જીવ આસ્રવ-સંવર વગેરે નવે તત્ત્વોને સમજતો નથી. કેવળજ્ઞાનદશા થાય ત્યાં અજીવકર્મમાં પણ અશાતાનો રસ એવો ન જ હોય કે શરીરમાં રોગાદિ થાય, જીવમાં કેવળજ્ઞાન થાય ત્યાં અજીવમાં પરમ ઔદારિક દેહ થઈ જાય છે. એમ ન સમજે; ને કેવળીને રોગ મનાવે તો તે જીવને આત્માની મોક્ષદશાનું, સંવર નિર્જરાનું, પુણ્ય-પાપનું કે અજીવતત્ત્વનું ભાન નથી. લાડવો ખાધો તેમાંથી સુખ આવ્યું એમ માને તો તેણે અજીવ અને જીવ તત્ત્વને જાણ્યાં નથી. લાડવો તો અજીવ છે. તેમાં જીવનું સુખ રહેતું નથી.

જુઓ, આ વીતરાગીશાસ્ત્રનું રહસ્ય ! કોઈ પણ વાત લ્યો તેમાંથી વીતરાગી તાત્પર્ય જ નીકળે છે. નવતત્ત્વ જાણતાં પણ અજીવથી હું જુદો, ને પર્યાયરૂપ છ તત્ત્વો જેટલો પણ હું નહિ. એમ સમજીને ધ્રુવ જીવ સ્વભાવની સન્મુખ થઈને વીતરાગતા કરવાનું જ આવ્યું. જીવમાં પુણ્ય-પાપ વગેરે ભાવો છે તે જીવનો વિકાર છે, ને તે વખતે અજીવ કર્મોમાં તેને યોગ્ય પુણ્ય-પાપરૂપ પર્યાય થાય છે, ને તેના ફળરૂપ સ્વર્ગ-નરક વગેરે વિધવિધ સ્થાનો પણ જગતમાં છે. નિશ્ચયથી જીવ વિકારને તે જ સમયે અનુભવે છે, ને વ્યવહારથી તેના બાહ્ય ફળરૂપ સ્વર્ગ-નરકનાં ભોગ્યસ્થાનો છે. જીવ તે સ્વર્ગ-નરકાદિ બાહ્ય સ્થાનોથી જુદો છે, અજીવ કર્મથી જુદો છે, ને તેના કારણરૂપ જે પુણ્ય-પાપ તેનાથી પણ પરમાર્થે જુદો, શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે, એમ સમજીને સ્વસન્મુખ થતાં વીતરાગભાવ પ્રગટે છે. આવું શાસ્ત્રનું તાત્પર્ય છે. મોક્ષદશા થઈ તેનું નિશ્ચયસ્થાન તો જીવની પર્યાય છે, ને વ્યવહારથી તેનું ક્ષેત્ર લોકના અગ્રે, સિદ્ધશિલા ઉપર છે.

બંધ-મોક્ષનો ભાવ અને તેનાં બાહ્યસ્થાનો-તેનું જ્ઞાન કરાવીને પણ વીતરાગભાવ જ બતાવ્યો છે. બંધનો ભાવ, બંધ અને બંધનાં ફળરૂપ બાહ્યસ્થાનો, તેમ જ મોક્ષ અને મોક્ષનું બાહ્યસ્થાન – તે બધાનું જ્ઞાન સર્વજ્ઞ દેવે કરાવ્યું છે. બંધ-મોક્ષ શું ? તેનાં નિમિત્તો કેવાં છે ? એ બધાનું વર્ણન જિનવાણીમાં આવ્યું છે, પણ તેનું તાત્પર્ય વીતરાગભાવ છે. બંધ-મોક્ષ શું, તેનાં નિમિત્ત સ્થાનો શું – એ બધું સમજે તો સ્વસન્મુખ થઈને વીતરાગભાવ થયા વિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રહેતો નથી.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૧૧, બુધવાર]

શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે.

આત્મામાં પરની અપેક્ષા છોડીને સ્વસ્વભાવની અપેક્ષા કરવી, ને પરની ઉપેક્ષા કરવી–તે વીતરાગભાવનું કારણ છે. અને તે જ શાસ્ત્રનો સાર છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ જાણનાર છે, દર્શનસ્વભાવ દેખનાર છે. ચારિત્રસ્વભાવ સ્વરૂપમાં આચરણ કરનાર છે–એમ ગુણોના વર્ણનમાં પણ વીતરાગતા જ આવે છે.

છ દ્રવ્યો છે, અનંત જીવો છે, સ્વર્ગ-નરકાદિ છે, મોક્ષ છે, ઈત્યાદિ જેટલું વર્ણન શાસ્ત્રોમાં કર્યું છે તે બધાયનો સાર તો આત્માના સ્વભાવ તરફ વળીને વીતરાગભાવ પ્રગટ કરવો તે જ છે.

આત્માને રાગ-દ્વેષ-મોહભાવ થાય તે ભાવબંધ છે, ને તેના નિમિત્તે પુદ્‌ગલકર્મ બંધાય તે દ્રવ્યબંધ છે. ભાવબંધ પણ મિથ્યાત્વાદિ પાંચ પ્રકારે છે. – આમ બંધતત્ત્વને ઓળખાવ્યું છે, તેને ઓળખીને પણ અબંધ સ્વભાવ તરફ વળવું તે તાત્પર્ય છે. જ્ઞાનાવરણીયાદિ કર્મનું બંધન છે. તેનું વર્ણન કરીને શાસ્ત્રો એમ બતાવે છે કે તારી જ્ઞાનાદિ પર્યાય અટકી છે તેથી ભાવબંધ છે, ને તેના નિમિત્તે દ્રવ્યબંધ થાય છે, પણ તે બંધભાવ તારું સ્વરૂપ નથી, એમ ઓળખાણ કરાવી છે. બંધ અને બંધ તરફનો ભાવ તે બન્નેથી પાર ચિદાનંદ અબંધ સ્વભાવને લક્ષમાં લેવો તે જ શાસ્ત્રોનો હેતુ છે, પણ જ્ઞાનાવરણીયાદિ કર્મનું વર્ણન કરવામાં એવો હેતુ નથી કે કર્મ જીવને રખડાવે છે ! બંધ છે તે તારું સ્વરૂપ નથી એમ જાણીને સ્વભાવ તરફનો પુરુષાર્થ કર. નિદ્ધત અને નિકાચિત કર્મનું વર્ણન કરીને પણ એ જ વાત બતાવી છે કે તારા ઊંધા પુરુષાર્થથી કર્મ બંધાયું છે, તે તારા સ્વભાવ તરફના પુરુષાર્થથી તૂટી જાય છે.

શ્રીધવળમાં કહે છે કે : આ ચૈતન્ય બિંબ આત્માના ભાનસહિત જિનેન્દ્રબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો પણ ભાંગીને ભૂકો થઈ જાય છે.

મોક્ષના બે ભેદ છે : દ્રવ્યમોક્ષ ને ભાવમોક્ષ. તેરમા ગુણસ્થાને કેવળી ભગવાનને ભાવમોક્ષ છે, ને સર્વકર્મરહિત સિદ્ધદશા પ્રગટી તે દ્રવ્યમુક્તિ છે. મિથ્યાત્વાદિ ભાવોથી જેટલે અંશે છૂટ્યો તેટલે અંશે મુક્તિ છે. ચોથા ગુણસ્થાને ધર્મીને વસ્તુદૃષ્ટિ થઈ છે, તે વસ્તુદૃષ્ટિ અપેક્ષાએ તો મુક્ત જ છે, દ્રવ્ય તો મુક્ત જ છે, તેના આશ્રયે પર્યાયમાં મુક્તદશા પ્રગટે છે. આમ બંધ-મોક્ષના પ્રકારો વર્ણવવામાં પણ શાસ્ત્રોનો હેતુ વીતરાગતા જ કરાવવાનો છે.

વળી, સર્વજ્ઞદેવે કહેલાં શાસ્ત્રોમાં નિશ્ચય અને વ્યવહાર એવા બે પ્રકારે મોક્ષમાર્ગનું કથન છે. વસ્તુ નિત્ય રહીને પલટતી હોય, પરથી ભિન્ન સ્વાધીન હોય–તો જ તે પોતાના મોક્ષકાર્યને સાધી શકે. શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતા તે જ મોક્ષમાર્ગ છે. પણ પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં વચ્ચે જિનેંદ્રદેવની ભક્તિ વગેરેનો ધર્મરાગ આવે છે, પણ મોક્ષનું કારણ તો વીતરાગભાવ જ છે. ત્યાં રાગને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાય છે.

જગતમાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સત્‌ છે, તેને જેમ છે તેમ સમજવાનો આત્માનો સ્વભાવ છે. પણ તેમાં કોઈને કાઢી શકે કે નવું કરી શકે–એવું તેનું સામર્થ્ય નથી. જડની ક્રિયાને જડ તરીકે જાણ, રાગને રાગ તરીકે જાણ, સ્વભાવ આશ્રિત વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તેને નિશ્ચયમોક્ષમાર્ગ જાણ. પણ શરીરની ક્રિયાને મોક્ષનું કારણ ન માન, રાગને મોક્ષનું કારણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરેખર ન માન; સ્વભાવની રુચિ રાખીને રાગ થાય તેને જાણ, નિશ્ચયમોક્ષમાર્ગની સાથે વચ્ચે રાગ આવે છે તેને આરોપથી વ્યવહારમોક્ષમાર્ગ કહીને તેનું જ્ઞાન કરાવ્યું છે, પણ નિશ્ચયમોક્ષમાર્ગ તો વીતરાગભાવ જ છે. તે વીતરાગભાવ જ શાસ્ત્રોનું તાત્પર્ય છે.

સ્વભાવની સન્મુખ થતાં શાંત ચિત્ત થાય છે, આત્મા પોતે પોતામાં ઠરી જાય છે ને વીતરાગભાવ થાય છે, આવો વીતરાગભાવ મોક્ષનું કારણ છે. બહારના અવલંબને તો આકુળતા થાય છે. તે મોક્ષનું કારણ નથી. સ્વભાવસન્મુખ થતાં જે સહજ શાંતિનું વેદન થાય તે મોક્ષમાર્ગ છે, ભાઈ ! તું શાંત થા...શાંત થા ! સ્વભાવની સન્મુખ થઈને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા કરી તેટલી શાંતિ છે, તે નિશ્ચયથી મોક્ષનું કારણ છે. વચ્ચે ભક્તિ વગેરેનો શુભરાગ આવે તે ખરેખર મોક્ષમાર્ગ નથી પણ તેને આરોપથી મોક્ષમાર્ગ કહ્યો છે. જુઓ, વીતરાગભાવ એ જ આત્માનું સાચું જીવન છે. પરમવીતરાગભાવ એક જ મોક્ષનું કારણ છે. જુઓ, નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ એમ બે પ્રકારે તેનું વર્ણન કર્યું, પણ મોક્ષનું ખરું કારણ તો એક જ છે, દુનિયાનો ગમે તેવો ખળભળાટ હો, પણ ચૈતન્યના આશ્રયે જે પરમ શાંતભાવ પ્રગટ્યો તે ખસતો નથી. જુઓ, સ્વભાવ સન્મુખ થઈને વીતરાગભાવ પ્રગટે તેમાં જ શાંતિ છે, એ સિવાય પૈસામાં, સ્ત્રી વગેરેમાં શાંતિ નથી, ને શુભરાગમાં પણ ખરેખર શાંતિ નથી, પરાશ્રયભાવમાં ક્યાંય શાંતિ નથી. સ્વભાવ તરફ વળીને વીતરાગભાવ થાય તે જ સમસ્ત જૈન શાસ્ત્રોનું હાર્દ છે. માટે સર્વજ્ઞકથિત પરમાગમનું તાત્પર્ય તો સદા વીતરાગભાવ જ જાણે.

વ્યવહાર-નિશ્ચયનયના અવિરોધપણા વડે જ્યારે યથાર્થપણે જાણવામાં આવે છે ત્યારે જ વીતરાગભાવ પ્રગટ થાય છે. નીચે નબળાઈથી રાગ હોય છતાં તેનાથી ધર્મ નથી અને અંશે રાગ છે તેથી વીતરાગી દૃષ્ટિ અને અંશે વીતરાગી સ્થિરતા રૂપ ધર્મ જતો નથી.

લોકો શરીરાદિની ક્રિયામાં વ્યવહાર માને છે. તેણે આત્મા અને જડ બે દ્રવ્યની ભિન્નતા પણ જાણી નથી. શુભરાગથી ધર્મ નહિ, નિત્યાનંદ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ ધર્મ છે. વસ્ત્ર રાખી મુનિપણું મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. મુનિદશામાં પરવસ્તુ નડતી નથી. પણ અંદર વીતરાગતાનું ઉગ્ર આલંબન વધતાં રાગ એટલો બધો ઘટી જાય કે વસ્ત્રાદિ રાખવાનો રાગ કદી હોઈ શકે નહિ.

**પ્રશ્ન** : શુભરાગથી ધર્મ નથી તો જ્ઞાની રાગ કેમ કરે છે ?

**ઉત્તર** : જ્ઞાની રાગને કરતો નથી, તે તો તેનો જ્ઞાતા જ છે. નીચે નબળાઈની ભૂમિકામાં રાગ થઈ આવે છે, પણ તેનાથી ધર્મ નથી. રાગથી ધર્મ માને અને નિમિત્તના કારણે રાગ થાય એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાની થાય, મુનિ થાય પછી ગમે તે વેશ, ક્રિયા કે સંયોગમાં રહે, કુદેવાદિને માને, સુદેવાદિનો વિનય ન કરે એવું નહિ. જેમ રેશમી કપડા સાથે સડેલા કંતાનને જોડી કોટ સિવડાવે એ શોભે નહિ તેમ નિશ્ચયઆત્મામાં ને વ્યવહારમાં વીતરાગમાર્ગથી વિપરીત દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હોય, નવ તત્ત્વ, છ દ્રવ્યનું જ્ઞાન ન હોય તો તે નિંદ્ય છે. તેને નિશ્ચય વ્યવહારનો મેળ નથી.

'સત્તાસ્વરૂપ'માં લખ્યું છે કે

સર્વજ્ઞના માર્ગમાં આવીને સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર, જિનપ્રતિમાની પૂજા, ભક્તિ વગેરેમાં પ્રેમ ન આવે તો તે કુલટા સ્ત્રી જેવો છે. નિશ્ચય સ્વભાવના ભાન સહિત વચ્ચે જે ભૂમિકામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેવો વ્યવહાર હોય તેવો સમજવો જોઈએ. કોઈ કહે કે અમને નિશ્ચય સ્વભાવનું ભાન છે, પણ વીતરાગી સંત-મુનિઓને દેખીને તેમના પ્રત્યે બહુમાન-ભક્તિ-વિનયનો વિકલ્પ આવતો નથી ! તો તેને નિશ્ચય-વ્યવહારનું ભાન નથી. અરે ભાઈ ! ઘરનાં સ્ત્રી-પુત્રની ચિંતાનો ભાવ આવે છે, ને વીતરાગી સંતમુનિઓને દેખતાં તને ભક્તિનો ઉલ્લાસ નથી આવતો, તો તને વ્યવહારનું કે નિશ્ચયનું એકેયનું ભાન નથી.

જુઓ, સ્વભાવના ભાનસહિતની ભૂમિકામાં વચ્ચે દેવ-ગુરુનો પ્રેમ, ભક્તિ વગેરે શુભરાગ આવે છે. રાગ આવે છે તેથી કાંઈ નિશ્ચય-શ્રદ્ધા-જ્ઞાનનો નાશ થઈ જતો નથી, તેમ જ રાગ આવે છે તે પોતે કંઈ ધર્મ નથી. વીતરાગભાવ તે જ ધર્મ છે, ને વચ્ચે ભૂમિકાપ્રમાણે શુભરાગરૂપ વ્યવહાર પણ હોય છે. નિશ્ચય અને વ્યવહાર બન્નેને જેમ છે તેમ જાણે તો જ મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે. નિશ્ચય-વ્યવહારના ભાન વિના વાંછિત સિદ્ધિ થતી નથી.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૧૨, ગુરુવાર]

**વ્યવહારસાધન કોને હોય ?**

**–કે જેને સ્વભાવના આશ્રયે નિશ્ચયસાધ્યભાવ અંશે પ્રગટ્યો હોય તેને**

મોક્ષમાર્ગમાં નિશ્ચય અને વ્યવહારનું અવિરુદ્ધપણું બતાવે છે. અહીં પ્રમાણજ્ઞાન કરાવવાની વાત છે. જે જીવ અનાદિકાળથી અજ્ઞાની છે, જ્ઞાયકમૂર્તિ અભેદ આત્માનું જેને ભાન નથી ને એકલા ભેદથી ને રાગથી જ લાભ માને છે, એવો જીવ સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અંગીકાર કરે છે ત્યારે તેને વચ્ચે ભેદરૂપ વ્યવહાર પણ કહે છે. પૂર્ણ અભેદભાવ પ્રગટી જાય તો વ્યવહાર ન રહે, પણ હજી જેને પૂર્ણ વીતરાગી અભેદભાવ પ્રગટ્યો નથી એવા જીવને વચ્ચે વિકલ્પરૂપ વ્યવહાર પણ હોય છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા પ્રગટી તે નિશ્ચય છે, ને છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભરાગ હોય છે તેટલું વ્યવહારનું અવલંબન છે. દૃષ્ટિમાં તો નિશ્ચયની જ પ્રધાનતા છે, ને તેવી દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી જ પ્રગટી ગઈ છે. દ્રવ્યના આશ્રયે પ્રગટતી પૂર્ણ વીતરાગી પર્યાય તે સાધ્ય છે, ને વચ્ચે ભેદનો વિકલ્પ રહે તેને ઉપચારથી સાધન કહે છે, ખરેખર તો દ્રવ્યના અવલંબને જે અંશે શુદ્ધતા પ્રગટી છે તે જ સાધન છે. વ્યવહારના અવલંબને લાભ માને એવા જીવની અહીં વાત નથી, તે તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો મોક્ષમાર્ગ જેને પ્રગટ્યો છે એવા જીવની વાત છે. છઠ્ઠા ગુણસ્થાનને શુભવિકલ્પ ઊઠે છે તેને અહીં વ્યવહાર અવલંબી કહ્યો છે. પણ તે વખતે અભેદ સ્વભાવનું અવલંબન પણ સાથે જ વર્તે છે, વ્યવહારને અહીં સાધન કહ્યું, તેનો અર્થ એમ નથી કે વ્યવહારના આશ્રયે નિશ્ચય પ્રગટે ! પણ અહીં નિશ્ચય-વ્યવહાર બન્નેનું જ્ઞાન કરાવવું છે. સાધકને છઠ્ઠા ગુણસ્થાને દ્રવ્યના અવલંબને જેટલો વીતરાગભાવ થયો છે તેટલો નિશ્ચય છે, ને ત્યાં હજી શુભરાગ છે તે વ્યવહાર છે. તે રાગ વખતે સાથે જ નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન તથા અંશે ચારિત્ર પણ વર્તે છે, તેથી રાગમાં તેનો ઉપચાર કરીને તેને સાધન કહ્યું છે. પણ ખરેખર રાગ થાય તે કાંઈ શાસ્ત્રનું તાત્પર્ય નથી.

સર્વે શાસ્ત્રોનો સાર તો વીતરાગભાવ છે, ચિદાનંદ દ્રવ્યનું અવલંબન લઈને નિશ્ચય શ્રદ્ધા-સ્વસંવેદન જ્ઞાન ને સ્વરૂપમાં જ્ઞાન ને સ્વરૂપમાં લીનતા પ્રગટે તે જ શાસ્ત્રોનું તાત્પર્ય છે. પણ પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સાધકને રાગ પણ હોય છે. ધર્મીને દૃષ્ટિમાં તો વીતરાગતા જ છે, ''હું શુદ્ધ ચૈતન્યવસ્તુ છું, રાગનો અંશ પણ મારો નથી.''–એમ શુદ્ધસ્વભાવની જ પ્રધાનતા ધર્મીની દૃષ્ટિમાં વર્તે છે. પણ હજી તેમાં પૂરી લીનતા ન થાય ત્યાં સાધકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ પણ આવે છે.

નિશ્ચય સ્વભાવના ભાનપૂર્વક ચોથા ગુણસ્થાને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પૂજા વગેરેનો ભાવ આવે છે. પાંચમા ગુણસ્થાને બાર વ્રત તથા છઠ્ઠા ગુણસ્થાને પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ વગેરેનો શુભરાગ આવે છે, તે રાગનું અવલંબન દૃષ્ટિમાં તો છે જ નહિ, દૃષ્ટિમાં તો સમકિતીને એક સમય પણ નિશ્ચયસ્વભાવની મુખ્યતા છૂટતી નથી, પણ વીતરાગભાવ પ્રગટ્યો નથી ત્યાં શુભરાગ આવે છે, તેને વ્યવહારનું અવલંબન કહ્યું છે. શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે અને વીતરાગભાવ અખંડ દ્રવ્યના આશ્રયે જ થાય છે—એવું ધર્મીને ભાન થયું છે. ને પર્યાય બુદ્ધિ છૂટી ગઈ છે. વ્યવહારના અવલંબનથી લાભ થાય એવી માન્યતા છૂટી ગઈ છે, તેની દૃષ્ટિ અખંડ દ્રવ્ય ઉપર છે.—આવી દૃષ્ટિની મુખ્યતા રાખીને આ બધી વાત સમજવાની છે.

જો સ્વભાવદૃષ્ટિની મુખ્યતા છૂટીને રાગની-પર્યાયની કે વ્યવહારની રુચિની પ્રધાનતા થઈ જાય-તો તેવો જીવ મિથ્યાદૃષ્ટિ છે; એવા શુભરાગને તો વ્યવહાર પણ નથી કહેતા; જેને નિશ્ચયસ્વભાવની દૃષ્ટિ છે તેને વ્યવહાર હોય છે. નિશ્ચય વગર રાગમાં વ્યવહારનો આરોપ પણ કઈ રીતે આવે ?

સમ્યગ્દૃષ્ટિને રાગરહિત સ્વભાવનું ભાન હોવા છતાં રાગ કેમ થાય છે ? કે ચારિત્રગુણની તે પર્યાયમાં તેવા પરિણમનની યોગ્યતા છે. કર્મના ઉદયથી રાગ થાય છે—એવી તો વાત જ અહીં નથી. પણ જે રાગ પોતાની નબળાઈથી થયો તે રાગની પણ પ્રધાનતા ધર્મીની દૃષ્ટિમાં નથી. ધર્મીની દૃષ્ટિનો વિષય અખંડ શુદ્ધ ચિદાનંદસ્વભાવ છે. તે દૃષ્ટિમાં રાગની પ્રધાનતા નથી. પણ પ્રમાણજ્ઞાન સ્વભાવ અને રાગ બન્નેને જાણે છે. જેને અભ્યંતર સ્વભાવની દૃષ્ટિ થઈ છે પણ હજી પર્યાયમાં પૂર્ણ વીતરાગભાવ પ્રગટ્યો નથી તેને રાગ થાય છે; તે રાગને અહીં વ્યવહારસાધન કહ્યું છે. તે આરોપથી કહ્યું છે. રાગને વ્યવહારસાધન કહ્યું માટે તેના આશ્રયે કાંઈ લાભ થાય છે—એમ ન સમજવું, શ્રદ્ધામાં જેને વ્યવહારનું અવલંબન છે એટલે કે વ્યવહારના આશ્રયે લાભ થશે એમ જે માને છે તે વ્યવહારાલંબી નથી, તે તો મિથ્યાત્વઅવલંબી છે. અહીં જેને દૃષ્ટિમાં તો નિશ્ચય ચિદાનંદ સ્વભાવનું જ અવલંબન વર્તે છે, ને ચારિત્રદશામાં હજી રાગનો અંશ પણ વર્તે છે.—એવા જીવને રાગ વખતે વ્યવહારાલંબી કહ્યો છે. ચિદાનંદ સ્વભાવના આશ્રયે છઠ્ઠા ગુણસ્થાનની વીતરાગદશા પ્રગટી હોય ત્યાં એવો રાગ હોય જ નહિ કે વસ્ત્રાદિ અંગીકાર કરવાની વૃત્તિ આવે ! ત્યાં પંચમહાવ્રત તથા ૨૮ મૂળગુણનો શુભવિકલ્પ હોય છે—એવો જ તે ભૂમિકાનો વ્યવહાર છે, પણ કોઈ એમ માને કે આ પંચમહાવ્રત વગેરે શુભરાગના અવલંબનથી છઠ્ઠું ગુણસ્થાન ટકશે. તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. છઠ્ઠા ગુણસ્થાનનો વીતરાગભાવ તો દ્રવ્યના અવલંબને જ ટકે છે. અનાદિકાળથી પૂર્ણ અભેદ વીતરાગભાવ તો દ્રવ્યના અવલંબને જ ટકે છે. અનાદિકાળથી પૂર્ણ અભેદ વીતરાગભાવ કદી થયો નથી, એટલે છઠ્ઠા ગુણસ્થાને હજી શુભરાગ આવે છે. શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટે તે સાધ્ય છે, અને ત્યાં વ્યવહાર શ્રદ્ધા જ્ઞાન-ચારિત્રનો શુભભાવ આવે તેને સાધન કહ્યું છે—આ સાધ્ય અને સાધન ભિન્નભિન્ન છે. પણ તે વ્યવહારસાધનનો આરોપ પણ ક્યારે આવે ? કે ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ દ્રવ્યના આશ્રયે જેને નિશ્ચય સાધ્યદશા પ્રગટી હોય તેને શુભરાગમાં વ્યવહાર સાધનનો આરોપ આવે છે. પણ જ્યાં સાધ્ય જ પ્રગટ્યું ન હોય ત્યાં આરોપથી પણ સાધન કોનું કહેવું ? જુઓ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનું અવલંબન કરતાં કરતાં નિશ્ચય પ્રગટી જશે–એ વાત આમાં રહેતી નથી. વ્યવહારના અવલંબને જે લાભ માને છે તેવા જીવના શુભરાગને તો વ્યવહારસાધનમાં પણ ગણ્યો નથી. જેને નિશ્ચયનું ભાન હોય તેવા જીવને જ વ્યવહાર હોય છે. શ્રદ્ધામાંથી જેને વ્યવહારનું અવલંબન છૂટી ગયું છે તેવા જીવને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ વગેરેનો ભાવ આવે તેને વ્યવહારસાધન કહેવાય છે. જેને શ્રદ્ધામાંથી પણ રાગનું અવલંબન છૂટ્યું નથી ને સ્વભાવની દૃષ્ટિ પ્રગટી નથી તે તો મિથ્યાદૃષ્ટિ છે.

સાધ્ય વીતરાગભાવ છે, વચ્ચે રાગ આવે છે તે ખરું સાધન નથી એમ જાણે તો ઉપચારથી શુભને સાધન કહેવાય છે. એ રીતે નિશ્ચય વ્યવહારનું યથાર્થ જ્ઞાન અંગીકાર કરે છે તે સુખેથી પારગામી થાય છે, એટલે કે વિકલ્પ તોડી પૂર્ણ થાય છે. દેવગુરુશાસ્ત્ર, નવતત્ત્વાદિના વિકલ્પ સાધકને રાગની ભૂમિકામાં ન આવે એમ બને નહિ. પણ એ શુભવિકલ્પ આવે તેને ધર્મ માને તેને બે નયોની અવિરોધતા નથી.

નય છે તે સમ્યક્શ્રુતજ્ઞાનના ભેદ છે. તે મિથ્યાદૃષ્ટિને ન હોય તથા કેવળજ્ઞાનીને ન હોય, પણ સાધકને નય હોય છે.

નિમિત્ત, રાગ, નિર્મળ પર્યાયનું અને પર્યાયવાન એવા દ્રવ્યનું જ્ઞાન કરે છે પણ દ્રવ્યના આશ્રયે જેટલા અંશે વીતરાગતા થાય તેટલા અંશે ધર્મ છે. વ્યવહારરત્નત્રયનો શુભરાગ તે ઉપચારથી સાધન કહેવાય છે.

દેવાદિથી શુભરાગ થયો નથી, નિમિત્તથી રાગ થયો નથી, જો નિમિત્તથી રાગ થતો હોય તો બધાને સરખો રાગ થવો જોઈએ. શુભરાગ કરે તો સામેની ચીજને નિમિત્ત કહેવાય છે. શરીરની ક્રિયા તે વ્યવહાર નથી. પૂજા, ભક્તિ વખતે દેહની ક્રિયા આત્મા કરી શકતો નથી. શરીરની યોગ્યતાથી શરીરની ક્રિયા થઈ તો જીવની ઈચ્છાને નિમિત્ત કહેવાય છે.

અનંત આત્મા પૃથક્ પૃથક્ છે, એકેક પરમાણુ સ્વતંત્ર પૃથક્ પૃથક્ છે. એકેક આત્મામાં અનંતગુણ, 'એક એક ગુણની ત્રિકાળવર્તી અનંત પર્યાય, જ્ઞાનગુણની એક પર્યાયની પૂર્ણતા થતાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી સર્વજ્ઞશક્તિ આત્મામાં ત્રિકાળ છે એવું સ્વતંત્રપણું જૈનધર્મરૂપ વસ્તુસ્વભાવમાં જ છે.

અલ્પજ્ઞતા, વિકાર, નિમિત્તની રુચિ ગઈ ને સર્વજ્ઞસ્વભાવી પૂર્ણ દ્રવ્યની દૃષ્ટિ સ્વસન્મુખતાથી થઈ તે સાધ્ય અને સ્વાશ્રય વીતરાગભાવ તે સાધન છે. વ્યવહારરત્નત્રયરૂપ શુભરાગ તે ઉપચાર સાધન છે. ધર્મીને રાગ આવે છે, પણ રાગ તે ધર્મ નથી. સ્વભાવના આશ્રયે રાગ થાય નહિ. શુદ્ધસ્વભાવની વાત કરે. પણ વચ્ચે ભૂમિકા અનુસાર રાગ આવે તેને જો ન જાણે તો તેને પણ નિશ્ચય-વ્યવહારનું ભાન નથી. ને રાગને ધર્મ માને તેને પણ નિશ્ચય-વ્યવહારનું ભાન નથી. શુદ્ધ આત્મસ્વભાવની દૃષ્ટિ થઈ છે તેમાં તો ધર્મીને રાગનું અવલંબન છૂટી જ ગયું છે. પણ હજી વીતરાગી સ્થિરતા પ્રગટી નથી ત્યાં સર્વજ્ઞદેવનું બહુમાન વગેરેનો ભાવ આવે છે તેનું નામ વ્યવહાર છે. જુઓ સર્વજ્ઞને સ્વીકારે તો તેમાં અલ્પજ્ઞતા-વિકાર ને નિમિત્તના આશ્રયની બુદ્ધિ છૂટીને જ્ઞાનસ્વભાવમાં બુદ્ધિ ઘૂસી જાય છે. જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્મા, એકેક આત્મામાં અનંત ગુણો, ને તેનામાં સમયે સમયે પરિણમન-આવી વાત સર્વજ્ઞશાસન સિવાય બીજે ક્યાં છે ? જે જીવ આવા સર્વજ્ઞને ન માને તેની તો અહીં વાત જ નથી. અને સાચા દેવ-ગુરુ તરફનો જે શુભરાગ છે તેનાથી જ જે ધર્મ માને છે તેની પણ આ વાત નથી. અહીં તો જેને નિશ્ચય સ્વભાવના આશ્રયે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધ્યભાવ પ્રગટ્યો છે, તેને વચ્ચે શુભરાગ આવે તેને વ્યવહારે સાધન કહ્યું છે. તીર્થ એટલે સાધનભાવ અને તીર્થફળ તે શુદ્ધ સિદ્ધદશા–પણ કોને ? કે જેને અખંડ દ્રવ્યસ્વભાવનું અવલંબન છે તેને; નિશ્ચય સાધન તો અખંડ દ્રવ્યનું અવલંબન કરવું તે જ છે, પણ ત્યાં રાગ છે તેને ઉપચારથી સાધન કહેવાય છે.

પહેલાં જેને ભાન તો થયું છે કે હું અખંડ ચિદાનંદ મૂર્તિ છું, રાગનો અંશ પણ મારો નથી-આવા ભાન પછી વચ્ચે વિકલ્પ ઊઠે છે કે અહો ! જગતમાં સર્વજ્ઞ વીતરાગદેવ શ્રદ્ધા કરવા યોગ્ય છે, અન્ય કુદેવાદિ તે શ્રદ્ધા કરવા યોગ્ય નથી. નિશ્ચયશ્રદ્ધા સહિત આવી વ્યવહારશ્રદ્ધાનો વિકલ્પ ધર્મીને આવે છે. તે વિકલ્પ પોતે ધર્મ નથી, છતાં ધર્મીને નીચેની ભૂમિકામાં તેવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. બસ ! આ ભૂમિકાનું જ્ઞાન કરાવવા માટે તેને વ્યવહારસાધન કહ્યું છે. પણ અંદરમાં તે વખતે દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ વર્તે છે, તે સ્વભાવની દૃષ્ટિ તો એક સમય પણ છૂટતી નથી.

જુઓ, મુનિદશામાં અંતરસ્વરૂપમાં લીનતાથી એવો સહજ પુરુષાર્થ હોય છે કે ત્યાં પોતાને માટે કરેલા આહારની વૃત્તિ જ ઊઠતી નથી, નિર્દોષ આહારની વૃત્તિ ઊઠે છે. અને ત્યાં શરીરસ્થિતિ ટકવાની હોય તો તેવા નિર્દોષ આહારનો યોગ સહજ બની જાય છે. અંતરની પવિત્રતા સાથે આવા પુણ્યનો યોગ સહજ બની જાય છે. અને જો તેવો યોગ ન બને તો આહારની વૃત્તિ જ તૂટી જાય છે. એવો સહજ પુરુષાર્થ મુનિદશામાં અંતરસ્વભાવના અવલંબને વર્તતો હોય છે. આહારની વ્યવસ્થાનું શું થશે-એવો વિકલ્પ મુનિને હોય નહિ. નિર્દોષ આહારનો જોગ બની જાય એવા સહજપુણ્ય મુનિદશામાં હોય છે. નિર્દોષ આહારનો સહજ યોગ બનતો ન હોય ને ખાસ પોતાને માટે બનાવેલો આહાર લેવાના પરિણામ થતા હોય– છતાં એમ માને કે અમને મુનિદશા છે. - તો તેને મુનિદશાનું ભાન નથી. અહો ! અંતરમાં સ્વભાવની રમણતામાં ઝૂલતાં ઝૂલતાં વીતરાગી મુનિદશા પ્રગટી હોય ને દેહની સ્થિતિ ટકવાની હોય તો ત્યાં નિર્દોષ આહારનો યોગ સહજ બની જાય એવાં પુણ્ય પણ હોય છે. અંદરની પવિત્રતા અને પુણ્યનો જેને વિવેક નથી અને ગમે તેવો આહાર લેવાના ભાવ થતા હોવા છતાં પોતાને મુનિદશા વગેરે મનાવે–તે યથાર્થ મુનિદશા નથી.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૧૩, શુક્રવાર]

નિશ્ચય-વ્યવહારનું અવિરોધપણું કઈ રીતે છે તે જાણે તો વીતરાગતા પ્રગટ થાય. જે જીવને સ્વભાવનું ભાન તો થયું છે. આત્મા અખંડ જ્ઞાયક સ્વરૂપ છે–એવી નિશ્ચયદૃષ્ટિ તો પ્રગટી છે, તેને કેવો વ્યવહાર હોય છે તે અહીં બતાવે છે. હું જ્ઞાયક બિંબ છું, પરમાં એક રજકણનો પણ ફેરવનાર હું નથી, ને રાગનો પણ ખરેખર હું ફેરવનાર નથી. પર્યાયને પણ ફેરવવાની બુદ્ધિ નથી, ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યની સન્મુખ થઈને પર્યાય પરિણમે છે, આવી દશામાં હજી પૂર્ણ વીતરાગતા ન થઈ હોય ત્યાં સર્વજ્ઞદેવની ભક્તિ બહુમાનનો વિકલ્પ આવે છે. તેને વ્યવહાર કહે છે. નિશ્ચયસ્વભાવની શ્રદ્ધા તેમ જ વ્યવહારમાં સર્વજ્ઞદેવની શ્રદ્ધા–એ બન્ને એક સાથે છે. દૃષ્ટિમાં તો નિર્વિકલ્પ સ્વભાવનું જ અવલંબન છે પણ હજી તે સ્વભાવમાં નિર્વિકલ્પપણે લીનતા થઈ નથી ત્યાં એવા વિચાર આવે છે કે હું જીવતત્ત્વ પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યમય છું, શરીરાદિ અજીવતત્ત્વો મારાથી ભિન્ન છે, સર્વજ્ઞદેવ શ્રદ્ધા કરવાયોગ્ય છે. અન્ય કુદેવાદિ શ્રદ્ધા કરવા યોગ્ય નથી, દયા પૂજા વગેરેનો શુભભાવ તે પુણ્યતત્ત્વ છે–એમ શ્રદ્ધા કરવા જેવી છે, પણ પૂજા વગેરેનો શુભરાગ ધર્મનું કારણ છે એમ શ્રદ્ધા જેવું નથી.–આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રમાણે ભિન્ન ભિન્ન તત્ત્વોના વિચાર આવે છે–તેને અહીં વ્યવહાર કહ્યો છે. નવ તત્ત્વો છે તેનું સ્વરૂપ ભિન્ન ભિન્ન છે, શરીરાદિ અજીવ છે તેને લીધે પુણ્ય-પાપ થતા નથી. જો અજીવથી પુણ્ય-પાપ થતા હોય તો નવતત્ત્વો ભિન્ન ભિન્ન રહેતા નથી. એ જ પ્રમાણે દયા-પૂજા-વ્રત વગેરેના પુણ્યભાવ છે તે આસ્રવ છે, તેનાથી સંવર થતો નથી. જો પુણ્યથી સંવર થવાનું માને તો નવ તત્ત્વ ભિન્ન ભિન્ન રહેતા નથી, માટે જીવને જીવ, અજીવને અજીવ, પુણ્યને પુણ્ય, સંવરને સંવર, ઈત્યાદિ નવે તત્ત્વોને જેમ છે તેમ જાણવા જોઈએ. ધર્મી જીવ જ્ઞાયક સ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતપૂર્વક નવતત્ત્વો-છ દ્રવ્યો પંચાસ્તિકાય વગેરેની જેમ છે તેમ શ્રદ્ધા કરે છે–તે વ્યવહાર છે. છઠ્ઠા ગુણસ્થાને ભાવલિંગી સંતને પણ નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ આવે છે. પંચપરમેષ્ઠીની ભક્તિનો વિકલ્પ આવે છે–આવો રાગ આવે છે, તેને ઉપચારથી તીર્થ કહેવાય છે. નિશ્ચયથી તો સ્વભાવના અવલંબને જ વીતરાગતા થાય છે. અને તે જ તીર્થ છે.

આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વભાવ છે. તે સ્વભાવમાં જેને લીનતા થઈ છે તેને તો ''આ કરવા જેવું છે ને આ કરવા જેવું નથી'' એવો વિકલ્પ પણ હોતો નથી. સમ્યગ્દ્રષ્ટિને રાગ વખતે તેવો વિકલ્પ આવે છે, પણ તે વિકલ્પની ભાવના જ નથી, આ વિકલ્પને બીજી ક્ષણે લંબાવું–એવી તેની ભાવના નથી. છ દ્રવ્યોમાં કોઈ પણ દ્રવ્યને ઓછું માને તો તે મિથ્યાશ્રદ્ધા છે, છ દ્રવ્યોમાં કાળદ્રવ્યને ન માને તો તે જીવને વીતરાગની વાણીની શ્રદ્ધા નથી, નવ તત્ત્વોને યથાર્થપણે જે માનતા ન હોય તે વ્યક્તિ શ્રદ્ધા કરવા યોગ્ય નથી, જે શાસ્ત્રોમાં છ દ્રવ્ય અને નવ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ કહ્યું ન હોય તે શાસ્ત્રો શ્રદ્ધા કરવા જેવાં નથી. આવો વિચાર શુભરાગ વખતે ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને આવે છે તે વ્યવહાર છે. બહારની ક્રિયા તો તેને કારણે થાય છે, તેનો કર્તા આત્મા નથી. અંતરમાં ચિદાનંદ સ્વભાવનું ભાન કરવું તે અનંતકાળમાં નહિ કરેલો એવો અપૂર્વ પુરુષાર્થ છે. મિથ્યાદ્રષ્ટિ-કુલિંગી જીવો શ્રદ્ધા કરવા યોગ્ય નથી, ને સર્વજ્ઞદેવ તથા ભાવલિંગી સંતો તે શ્રદ્ધા કરવા યોગ્ય છે, તથા શ્રદ્ધા કરનાર પુરુષ એવો હોય છે કે ત્રણ લોક ફરી જાય તોપણ તેની શ્રદ્ધા ન ફરે ! એકેક આત્મા સ્વતંત્ર, એકેક આત્મામાં અનંત ગુણો, એકેક ગુણની અનંત પર્યાય અને એકેક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ-આવું વસ્તુસ્વરૂપ જૈનશાસન સિવાય બીજે ક્યાંય હોય જ નહિ. આવા વસ્તુસ્વરૂપની શ્રદ્ધા કરનારો જીવ એવો હોય છે કે જગત આખું ન માને તોપણ તેની શ્રદ્ધા ન ફરે, તે યથાર્થ વસ્તુસ્વરૂપની શ્રદ્ધા કરે છે તેનું નામ શ્રદ્ધાન છે. આનાથી વિરુદ્ધ માને તેનું નામ અશ્રદ્ધાન છે. આ પ્રમાણે શ્રદ્ધા સંબંધી વિચાર કરે છે તેનું નામ વ્યવહાર છે, ને અભેદસ્વભાવની શ્રદ્ધા થઈ છે તે નિશ્ચય છે. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહાર બન્ને એકસાથે છે. નિશ્ચય સમ્યગ્દર્શન તો અભેદ-નિર્વિકલ્પ વીતરાગ પર્યાય છે, ને વ્યવહાર સમ્યગ્દર્શન છે તે તો જ્ઞાનની પર્યાય છે, તેમાં સાથે વિકલ્પ છે તે રાગ છે. વ્યવહાર સમ્યગ્દર્શનમાં નવતત્ત્વની શ્રદ્ધા છે તે શ્રદ્ધા ગુણની પર્યાય નથી, પણ જ્ઞાનની પર્યાય છે. ચોથા ગુણસ્થાને શુદ્ધસ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા થઈ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે; ને શ્રદ્ધા કરવાયોગ્ય તત્ત્વનો વિચાર તે વ્યવહારસમ્યગ્દર્શન છે. નિશ્ચય સહિતનો આવો વ્યવહાર હોય છે. તે વ્યવહારને ન માને તો મિથ્યાદ્રષ્ટિ છે, ને વ્યવહારને જ ધર્મ માની લ્યે તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. નિશ્ચય સ્વભાવના આશ્રયે ધર્મ છે. વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ માને તો તેની માન્યતામાં નિશ્ચય અને વ્યવહાર જુદા રહેતા નથી. એટલે એકાંત થઈ જાય છે. પહેલાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુસ્વભાવનું ભાન થયા પછી તે વસ્તુના અવલંબને જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ તે શુદ્ધતા અનુસાર પડિમા હોય છે, અને ત્યાં ભૂમિકા અનુસાર પડિમાનો વિકલ્પ આવે છે, તે વ્યવહાર છે.

વળી શ્રદ્ધાની જેમ જ્ઞાનનો વ્યવહાર પણ કહે છે.–અંદરમાં જ્ઞાનને સ્વસન્મુખ કરીને આત્માને તો સ્વસંવેદનથી જાણ્યો છે, ને રાગ વખતે ધર્મીજીવ એમ વિચારે છે કે 'હું જ્ઞાતા છું ને ત્રણ કાળ ત્રણલોક મારા જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. જ્ઞાન મારો ગુણ છે, જ્ઞાનનું કાર્ય રાગ નથી, રાગનું કાર્ય જ્ઞાન નથી, રાગ પણ ખરેખર મારા જ્ઞાનનું જ્ઞેય છે, પોતાની શક્તિ થોડી હોય તો અમુક પ્રયોજનભૂત તત્ત્વો જ જાણે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર કેવા હોય-એ જાણવા યોગ્ય છે–એ પ્રમાણે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયના ભેદથી વિચાર કરવો તે વ્યવહાર છે.

જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય છે તે ભાવ બંધનું કારણ હોવાથી આસ્રવ છે, તેને મોક્ષનું કારણ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને કોઈ શુભાસ્રવની ભાવના નથી પણ નિષેધ વર્તે છે. પોતાની નબળાઈ છે ત્યાં સુધી શુભરાગ હોય છે પણ જો તેની રુચિ કરે તો રાગરહિત સ્વભાવનો અનાદર થઈ જાય છે, એટલે મિથ્યાત્વ થઈ જાય છે.

જ્ઞાની વિચારે છે કે આ આચરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન થતાં, નિઃશક્તિઆદિ આઠ આચાર છે તેના શુભ વિકલ્પ આવે છે. ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં ભૂમિકા પ્રમાણે શુભરાગના વિકલ્પ હોય છે એ વ્યવહાર છે.

છઠ્ઠા ગુણસ્થાને વસ્ત્રાદિ તથા અધઃકર્મી ઉદ્દેશિક આહાર લેવાનો વિકલ્પ હોતો નથી. પણ નિર્દોષ આહારનો જ વિકલ્પ હોય છે, તથા દર્શનાચાર-જ્ઞાનાચાર-ચારિત્રાચાર-વીર્યાચાર, ૨૮ મૂળગુણના શુભ વિકલ્પ આવે છે તે વ્યવહાર આચરણ છે એમ મુનિ જાણે છે, એ સહજ આવે છે. ક્રમબદ્ધ અવસ્થા ફરતી નથી પણ ભૂમિકા અનુસાર રાગની મર્યાદા હોય છે.

ચોથા ગુણસ્થાને મધ, માંસ, દારૂ નહિ લેવાની ઈચ્છા સહજ હોય છે કેમ કે તીવ્ર રાગનું આચરણ ન જોઈએ એવી દૃઢતા ત્યાં હોય છે. મુનિઓને પંચમહાવ્રતાદિ આચરવાની વૃત્તિ હોય છે તે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય છે. ભાવમાં નિર્ગ્રંથ મુનિદશા હોય અને બહારમાં ગમે તેવું વિરુદ્ધ આચરણ હોય એમ બને નહિ. નિમિત્તનૈમિત્તિક સંબંધ એવો હોય જ છે કે વસ્ત્રની મૂર્છા અને આસક્તિ ગઈ છે ત્યાં વસ્ત્ર હોય જ નહિ. વસ્ત્રાદિના ત્યાગના કારણે મુનિપદ નથી પણ વીતરાગદશાની ભૂમિકાનું અભેદચારિત્ર થાય તેને યોગ્ય નિમિત્ત અને રાગ હોય, વિરુદ્ધ ન હોય.

લોકોને બાહ્યચીજોનું ગ્રહણ-ત્યાગ જોઈએ છે પણ કોઈ અપેક્ષાએ; પરનું ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. રાગના લક્ષે પણ રાગ છૂટનો નથી કેમકે જે સમયે રાગ ઉત્પન્ન થયો તે સમયે તે છોડી શકાતો નથી ને માને છે કે છોડું તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે.

શાસ્ત્રમાં કથન આવે કે રાગ-કષાય છોડો પણ રાગ નથી થયો તેને છોડવો શું ? તે તો બીજે સમયે વ્યય થાય જ છે, અને જે સમયે રાગ છે તે સમયે તેને છોડવો શું ? નથી થયો તેને છોડવો શું ? માટે રાગને છોડવો નથી પરંતુ સ્વભાવદૃષ્ટિ કરતાં રાગ ઉત્પન્ન થતો નથી તેને રાગ છોડ્યો એમ કહેવાય છે. રાગ હું છોડું એમ નિશ્ચયથી માને તો રાગનો ગ્રહણ કરનારો છું એવી મિથ્યાબુદ્ધિ થાય છે. જ્ઞાનીને પૂર્ણ સ્વભાવની મુખ્યતા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છતાં નબળાઈથી વિકલ્પ આવે કે આ કર્તવ્ય છે અને આ કર્તવ્ય નથી. જ્યાં જે અપેક્ષાથી કથન છે ત્યાં તેટલું ન સમજે તો વિપરીતતા થાય.

જૈનદર્શન અવું છે કે એકલા સ્વચ્છંદે સમજી લે એમ નથી અને ગુરુકૃપાથી મળી જાય એમ નથી પણ જે સત્ય સમજી લે છે તે વિનયથી ઉપચારથી કહે કે અહો મારા ગુરુએ મને અનુગ્રહપૂર્વક શુદ્ધાત્માનો ઉપદેશ દીધો. મારો અંતરવૈભવ ગુરુગમથી ગુરુના અનુગ્રહથી પ્રગટ થયો (સમયસાર ગાથા ૫) પણ તેનો અર્થ એ છે કે મારી પાત્રતાથી જ નિજવૈભવથી જ પ્રગટ થયેલ છે.

મારી લાયકાત હોય ને સુગુરુ ન મળે એમ બને નહિ. દેશનાલબ્ધિમાં જ્ઞાની જ નિમિત્ત હોય પણ નિમિત્તથી અને વિકલ્પથી સમજાતું નથી.

મારો આચાર મારાથી દૂર નથી. જડ દેહાદિની પર્યાયનો આચાર હું કરી શકું એમ જ્ઞાની માને જ નહિ.

શ્રદ્ધા કરનાર, જ્ઞાન કરનાર અને આચરણ કરનાર આત્મા જ છે. મન, વાણી, દેહ, વિકલ્પ તે મોક્ષમાર્ગનું આચરણ નથી. આવા વિકલ્પ જ્ઞાનીને જરૂર આવે છે. એવું ન આવે તે નિશ્ચયાભાસી છે. વીતરાગભાવ તે ચારિત્ર છે અને જેટલો રાગ તે અચારિત્ર છે, એમ જ્ઞાની જાણે છે.

વસ્ત્રથી ચારિત્ર નથી અને વસ્ત્રના ત્યાગથી ચારિત્ર નથી અને વસ્ત્રનો સંબંધ હોય અને મુનિપણું હોય એમ બને નહિ. વસ્ત્ર તથા શરીરની ક્રિયા તે વ્યવહાર નથી પણ વીતરાગતા સહિત ૨૮ મૂળગુણના શુભવિકલ્પ વર્તે છે તે વ્યવહાર છે.

ભગવાન મહાવીરને પણ છઠ્ઠે ગુણસ્થાને ૨૮ મૂળગુણ વગેરેના શુભવિકલ્પ આવેલા; જો કે તે નિશ્ચયથી અચારિત્ર છે. પણ તે ભૂમિકા મુજબ હોય છે.

જૈન ધર્મની એવી આમ્નાય છે કે જેની જે ભૂમિકા હોય તેનાથી વિરુદ્ધ રાગ હોય તો દંડ છે. દોષ છે, પણ ઓછું ગુણસ્થાન હોય અને વ્રતાદિનો શુભરાગ ન હોય તો તે ભૂમિકાથી વિરુદ્ધ નથી. મુનિદશામાં મુનિયોગ્ય વિકલ્પ રાગ હોય છે પણ તે ધર્મ નથી એમ જાણવું તે નિશ્ચય-વ્યવહારની સંધિ છે. તે પ્રમાણજ્ઞાનનો વિષય છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૧૪, શનિવાર]

આ ૧૭૨મી ગાથામાં નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગની સંધિનું કથન છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ ધ્રુવવસ્તુ છે તે ભૂતાર્થ વસ્તુ છે. અને તે ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ ક્ષણિક રાગાદિ ભાવોને અભૂતાર્થ કહ્યા છે, ને એક સમયની પર્યાયનો ભેદ પણ અભૂતાર્થ છે. વર્તમાન પર્યાય ત્રિકાળી સ્વભાવમાં અભેદ થતાં વ્યવહારનયનો વિષય જુદો રહેતો નથી. તેથી ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિએ વ્યવહારને અભૂતાર્થ ગણ્યો છે. સમયસારની ૧૩મી ગાથામાં પણ કહે છે કે

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

**અર્થ :** ભૂતાર્થ નયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવ છે તે શુદ્ધનયનો વિષય છે, ને તે જ ભૂતાર્થ છે. તેની અંતર્દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે : ને તે સમ્યગ્દર્શનના વિષયમાં વ્યવહાર અભૂતાર્થ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ પ્રમાણજ્ઞાનના વિષયમાં નિશ્ચય અને વ્યવહાર બન્ને આવે છે. સમ્યગ્દષ્ટિને ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં રાગ થાય છે તેને પણ તે જાણે છે. દૃષ્ટિમાં રાગનો નિષેધ હોવા છતાં જ્ઞાન તેને જાણે છે. જો તે વ્યવહારને ન જાણે તો જ્ઞાન પ્રમાણ થતું નથી. તેમ જ જો વ્યવહારના આશ્રયે નિશ્ચય માને તો પણ પ્રમાણજ્ઞાન કે સમ્યગ્દર્શન થતું નથી. નિશ્ચયથી ઉપયોગસ્વરૂપ જ આત્મા છે, તેમાં કર્તા-કર્મ વગેરે ભેદના વિકલ્પો પણ નથી, પણ પર્યાયમાં જ્ઞાનીને ભૂમિકા અનુસાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના વિકલ્પરૂપ વ્યવહાર આવી જાય છે. સમ્યગ્દષ્ટિને ભાન તો છે કે હું ઉપયોગસ્વરૂપ છું, ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં ક્રોધાદિ નથી, ને ક્રોધાદિમાં ઉપયોગ નથી. ચિદાનંદ સ્વભાવ ભૂતાર્થ છે–તે સ્વભાવની અરુચિ કરીને જેણે વિકારનો આદર કર્યો તે જીવને સ્વભાવ ઉપર ક્રોધ છે, તે અનંતાનુબંધી ક્રોધ છે. પણ અહીં તો કહે છે કે ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ક્રોધાદિ નથી એટલે જ્યાં ધ્રુવ ઉપયોગરૂપ સ્વભાવનું ભાન કરીને તેમાં પર્યાય વળી ત્યાં આત્મામાં ક્રોધાદિ નથી, એટલે કે ત્યાં આત્માની અરુચિ હોતી નથી, ને વિકારનો આદર હોતો નથી. જેને વિકારની રુચિ છે તે જીવને સ્વભાવની અરુચિ છે. સ્વભાવની અરુચિનું નામ અનંતાનુબંધી ક્રોધ છે. તે ક્રોધમાં ઉપયોગનો અભાવ છે. ધર્મીને ભેદજ્ઞાન થયું છે કે અહો ! હું અભેદ જ્ઞાનસ્વરૂપ છું, ભેદનો વિકલ્પ મારા સ્વરૂપમાં નથી...આવું ભાન હોવા છતાં જ્યાં સુધી સર્વથા અભેદ વીતરાગદશા ન પ્રગટે ત્યાં સુધી ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને ભેદનો વિકલ્પ આવે છે. તે વિકલ્પ વખતે તીર્થંકર-સંત-મુનિ-સમ્યગ્જ્ઞાની ધર્માત્મા વગેરે તીર્થને દેખીને તેમના પ્રત્યે બહુમાન-ભક્તિનો ઉલ્લાસ આવે છે. મુનિ-અર્જિકા-વગેરે ચાર તીર્થ છે, તથા સમ્યગ્દષ્ટિ ધર્માત્મા પ્રત્યે પ્રીતિભાવ આવે છે, તે વખતે, પોતાને અંતર્સ્વભાવની સુદૃષ્ટિને લીધે વીતરાગભાવ વધતો જાય છે, મુનિ-અર્જિકા-શ્રાવક-શ્રાવિકા વગેરે ધર્માત્માઓને દેખીને ધર્મીને તેમના પ્રત્યે પ્રમોદભાવ આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ વીતરાગભાવ પ્રગટ્યો ન હોય ત્યાં વ્યવહારરત્નત્રયનો શુભરાગ આવે છે. તે આત્માની પર્યાયને જેમ છે તેમ પ્રમાણજ્ઞાનથી જાણવી જોઈએ. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ સમયસારમાં તો એમ કહે છે કે જેટલા વ્યવહારના પરિણામ છે તે પુદ્ગલના પરિણામ છે. ત્યાં તો શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવીને પર્યાયબુદ્ધિ છોડાવવા માટે તે કથન છે. પણ પર્યાયમાં રાગાદિ છે તેને જાણવા જોઈએ. અહીં તો કહ્યું : ભૂમિકા અનુસાર ચાર તીર્થની ભક્તિ વગેરેનો જે ભાવ આવે છે તે ઉત્સાહ વધવાનું કારણ છે, તે વખતે અંદર સ્વભાવની દૃષ્ટિ તો પડી છે; એટલે સ્વભાવના આશ્રયે વીતરાગભાવ થતો જાય છે, તેથી ઉપચારથી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભરાગને પણ ઉત્સાહ વધવાનું કારણ કહ્યું છે. જે જીવ રાગના આશ્રયથી લાભ માની લ્યે છે અને સ્વભાવનું ભાન નથી, તેના રાગને વ્યવહાર કહેતા નથી. અહીં તો નિશ્ચય વ્યવહારની સંધિનું કથન છે.

નિશ્ચયસ્વભાવની દૃષ્ટિ પડી છે, ને ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને રાગની મંદતારૂપ વ્યવહાર આવે છે. જેમ બીજના ચંદ્રની કળા ક્રમે ક્રમે વધતી જાય છે, પણ તાવડીના કટકામાંથી પૂનમ થતી નથી. તેમ જેને ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે તેને સ્વભાવના અવલંબને ક્રમે ક્રમે ગુણસ્થાન વધતું જાય છે. વચ્ચે શુભરાગ છે તેને લીધે ગુણસ્થાન વધે એમ કહેવું તે તો ઉપચારથી કથન છે. શુદ્ધ કારણપરમાત્મા છે તેના જ આશ્રયે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર પ્રગટે છે, ટકે છે. ને વધીને પૂર્ણ થાય છે, પણ વચ્ચે પર્યાયની હીનાધિકતાના ભેદો પડે છે–તે ભેદોને લક્ષમાં લેવા તે વ્યવહારનયનો વિષય છે. ગુણસ્થાન અનુસાર વ્રત-ભક્તિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેના ભાવો આવે છે–તે વ્યવહારનો વિષય છે. પહેલાં કરતાં શુદ્ધતાના અંશો બીજી પર્યાયમાં વધતા જાય છે, એટલે પર્યાયની અનેકતા છે. તે અનેકતા વ્યવહારનયનો વિષય છે. તે વ્યવહારનું જ્ઞાન કરાવવાની વાત સમયસારની ૧૨મી ગાથામાં કરી છે. દૃષ્ટિ તો અભેદ સ્વભાવ ઉપર જ પડી છે, પણ સ્વભાવના આશ્રયે પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે, તે પર્યાયને જાણવી જોઈએ. ધર્મી જીવ પર્યાયનો આશ્રય નથી કરતા પણ પર્યાયનું જ્ઞાન કરે છે. ચોથા ગુણસ્થાને એમ ન માને કે હું પર્યાયમાં વીતરાગી કેવળી થઈ ગયો છું ! સ્વભાવે પ્રભુ છું પણ પર્યાયમાં પામરતા છે ! અહો ! પર્યાયમાં હજી ઘણી અલ્પતા છે, હજી રાગ થાય છે, ક્યાં સંતોની ને કેવળીની દશા !! અને ક્યાં મારી દશા !! સંતોની દશા પાસે તો મારી પામરતા છે ! અહો ! ધન્ય એ સ્વરૂપમાં ઝૂલતા સંતોની દશા !–એમ ધર્મી જીવ પોતાની પર્યાયની હદને જાણે છે. ને સ્વભાવના આશ્રયે પુરુષાર્થ વધારે છે. સ્વભાવથી મારામાં ત્રિકાળ પ્રભુતા છે. પણ પર્યાયમાં જ્યાં સુધી કેવળજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી પામરતા છે–એમ ધર્મી જીવ દ્રવ્ય–પર્યાય બન્નેને જાણે છે; ને સ્વભાવ તરફનો ઉત્સાહ વધારે છે. દ્રવ્યનો આશ્રય રાખીને પર્યાયનું જ્ઞાન કરે છે, એટલે પર્યાયમાં ક્ષણે ક્ષણે શુદ્ધતા વધતી જાય છે.

દ્રવ્યનો આશ્રય છોડે તોપણ મૂઢતા છે, ને પર્યાયનો વિવેક ભૂલે તોપણ મૂઢતા છે. અભેદ સ્વભાવનો આશ્રય રાખીને દ્રવ્ય–પર્યાય બન્નેનું જ્ઞાન કરવું. તે સમ્યગ્જ્ઞાન છે. ધર્મી જીવને ભૂમિકા પ્રમાણે શુભરાગ આવે છે, પણ દૃષ્ટિ તો સ્વભાવ ઉપર છે તેથી સ્વભાવના અવલંબને ક્રમેક્રમે ચારિત્રમોહનો નાશ થતો જાય છે. બહારમાં પર વસ્તુના ગ્રહણ કે ત્યાગનો કર્તા તો આત્મા નથી, તેથી બહારમાં વસ્તુ છોડું તો રાગ છૂટે – એમ ધર્મી માનતો નથી. પણ સ્વભાવનો ઉદ્યમ કરતાં રાગ છૂટી જાય છે. સ્વભાવની જેને દૃષ્ટિ પ્રગટે તેને વિકલ્પની ભાવના હોતી નથી. જ્યાં મુનિદશા પ્રગટી ત્યાં સહેજે એવો ઉગ્ર પુરુષાર્થ હોય છે કે સદોષ આહારની વૃત્તિ જ ઊઠતી નથી. અને ત્યાં પુણ્યનો યોગ સહેજે એવો હોય છે કે નિર્દોષ આહારનો યોગ બની જાય છે. ''કાલે ક્યાં આહાર મળશે''–એવા વિકલ્પ મુનિને હોતા નથી. જેમ જેમ સ્વભાવનું અવલંબન વધતું જાય છે તેમ તેમ પર્યાયની શુદ્ધતા વધતી જાય છે, ને રાગ તૂટતો જાય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઘણો વીતરાગભાવ પ્રગટી જાય છે. છઠ્ઠા ગુણસ્થાને જરાક પ્રમાદ હોય છે; મોહનો ઘણો નાશ થઈ ગયો છે, પણ અજાણપણાથી કોઈ વાર પ્રમાદભાવ થઈ જાય છે, ત્યારે ફરી પાછા દંડ-પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધતા કરે છે. મુનિદશામાં અજ્ઞાન કે મિથ્યાત્વ તો હોય નહિ, પણ કોઈવાર સહજ પ્રમાદભાવ આવી જાય–તેટલી શિથિલતા છે. પણ કાંઈ કર્મના ઉદયને લીધે તે જીવને અપરાધ થયો–એમ નથી. અગિયારમા ગુણસ્થાનેથી કર્મના ઉદયના કારણે નથી પડતો, પણ પોતાની પર્યાયની મર્યાદા જ તેટલી છે. ૧૧મા ગુણસ્થાને તો કાંઈ મોહનો ઉદય નથી, તેની ઉપશાંત-મોહદશાનો કાળ પૂરો થતાં તે દસમા વગેરે ગુણસ્થાને પાછો આવી જાય છે. ક્ષપકશ્રેણી કેમ ન માંડી ? ઉપશમશ્રેણી માંડી તે જીવની યોગ્યતા જ અગિયારમા ગુણસ્થાન સુધી જવાની છે.

એ જ પ્રમાણે છઠ્ઠુંસાતમું ગુણસ્થાન પણ પોતાની પર્યાયની યોગ્યતાથી આવે છે. સંજ્વલનના મંદ ઉદયથી સાતમું ને તીવ્ર ઉદયથી છઠ્ઠું-એમ કહેવું તે તો નિમિત્તનું કથન છે. સમય સમયની પર્યાયની યોગ્યતા સ્વતંત્ર છે. જ્ઞાનાવરણીય કર્મની વ્યાખ્યા કરે ત્યારે એમ કહે કે ''આત્માના જ્ઞાનને રોકે તે જ્ઞાનાવરણીય કર્મ છે''–ત્યાં તેનો અર્થ શું ? કે આત્મા પોતાના જ્ઞાનની હીણી દશારૂપે પરિણમ્યો ત્યારે સામે નિમિત્તપણે જ્ઞાનાવરણકર્મનો ઉદય હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે–એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, પણ કોઈ કોઈના કર્તા નથી, જો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે એમ માને તો તે 'ઈશ્વરે દુનિયા બનાવી'–તેના જેવી મિથ્યા માન્યતા છે. જેમ ત્રિકાળી દ્રવ્ય સત્ છે, તેનો કર્તા કોઈ ઈશ્વર નથી; તેમ દ્રવ્યની પર્યાયનો પણ કોઈ બીજો કર્તા નથી. જેમ અન્યમતિ કહે છે કે ઈશ્વરે જગતને બનાવ્યું, તેમ જૈનમાં પણ જો કોઈ એમ કહે કે ''મારી પર્યાયને નિમિત્તે બનાવી, અથવા દેહની ક્રિયા મારાથી થાય છે'-તો તે બન્ને જીવો મિથ્યાદૃષ્ટિ છે. જો નિમિત્તથી આત્માની પર્યાય થાય તો પોતે શું કર્યું ? પોતાની પર્યાયમાં પરાશ્રયભાવે વિકાર થયો, તે સ્વાશ્રયે ટળી જાય છે, નિમિત્તથી વિકાર થાય છે માટે નિમિત્તને દૂર હટાવો–એમ જે માને છે તેને સ્વ-પરની ભિન્નતાનું ભાન નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

તિન્નાણં તારયાણં – એટલે કે હે ભગવાન ! આપ તર્યા અને અમને તારનારા છો–એમ કહેવું તે નિમિત્તથી ઉપચારકથન છે. પોતે સ્વાશ્રયથી તરે ત્યારે ભગવાને તાર્યો–એમ વિનયથી કહેવાય છે.

ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ, અમૃતચંદ્રાચાર્યદેવ વગેરે એકેક દિગંબર સંતો આભના થોભ જેવા મહાસમર્થ હતા, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આત્માના શાંત આનંદરસમાં ઝૂલતા હતા. તેઓ કહે છે કે દ્રવ્યસ્વભાવના આશ્રયે જ શુદ્ધિ થાય છે. ચિદાનંદ દ્રવ્યનું અવલંબન તે જ મોક્ષમાર્ગ છે. પર્યાયમાં નબળાઈથી પ્રમાદ છે તેને જાણવો તે વ્યવહાર છે. જે સમયે રાગ થવો તે સમયે તો તે ઉત્પાદરૂપ છે, ઉત્પાદ પર્યાયનો તે સમયે વ્યય થતો નથી ને બીજે સમયે તે ટળી જ જાય છે, એટલે ખરેખર રાગને છોડવો પડતો નથી, પણ અંદર સ્વભાવની દૃષ્ટિ કરીને તેનું ઉગ્ર અવલંબન લેતાં વીતરાગતા વધે છે ને રાગ ઉત્પન્ન જ થતો નથી. પદાર્થનું આવું સ્વરૂપ યથાર્થપણે જાણ્યા વિના બહારમાં જેટલા ઉપાય કરે તે બધા વૃથા છે.

જીવોએ અનાદિથી વસ્તુસ્વરૂપ શું છે તે જાણ્યા વિના બહારમાં બધા ઉપાય કરીને તેને ધર્મ માન્યો છે, જૈનદર્શન અગમ્ય છે, ને તે ગમ્ય થાય તો અલ્પકાળમાં મુક્તિ થઈ જાય તેવું છે. ગુરુગમ વિના તે સમજાય તેવું નથી. ધર્મીને સ્વદ્રવ્યના આશ્રયની દૃષ્ટિ તો છૂટતી નથી, પણ પર્યાયમાં ભૂમિકાને યોગ્ય કોઈ દોષ લાગી જાય તો ગુરુ પાસે થઈને વિનયથી સરળતાપૂર્વક તેનું પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધતા વધારે છે. અપરાધ થયો તે પર્યાય તો ટળી ગઈ, પણ વ્યવહારથી તેનું પ્રાયશ્ચિત્ત લીધું એમ કહેવાય છે. સ્વભાવના આશ્રયે નિર્મળતા વધતી જાય છે. ને રાગ તૂટતો જાય છે – એનું નામ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ રહે તેનું જ્ઞાન કરવું તેને વ્યવહાર કહે છે.

[વીર સંવત ૨૪૭૮, જેઠ વદ-૦)), રવિવાર]

આ આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવથી ભરેલો પદાર્થ છે, તેના જ્ઞાન-દર્શન-ચારિત્ર ક્યાંય બહારથી, રાગથી કે નિમિત્તથી પ્રગટ થતાં નથી. પોતાના સ્વભાવના અવલંબને જ જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે. આમ પોતાના આત્માનું જેને જ્ઞાન થયું છે તથા તેમાં સ્થિરતા થઈ છે એવા જીવને નિશ્ચય-વ્યવહાર કેવા હોય તેનું આ વર્ણન છે. ધર્મી જીવને સ્વરૂપની શ્રદ્ધા તો એક ક્ષણ પણ ખસતી નથી. પણ હજી પૂર્વ વીતરાગી સ્થિરતા પ્રગટી ન હોય-ત્યાં બાર વ્રત, પંચમહાવ્રત વગેરે શુભભાવ હોય છે. ને તે વ્રતાદિમાં કાંઈ દોષ લાગે તો તેનું પ્રાયશ્ચિત્ત લ્યે છે. ખરેખર તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે તેમાં લીનતા કરવી તે પ્રાયશ્ચિત્ત છે. પણ દોષ લાગ્યા તેનું પ્રાયશ્ચિત્ત લીધું–એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપચારથી કહેવાય છે. દોષ લાગ્યા તે તો પ્રાયશ્ચિત્ત વખતે વ્યય થઈ ગયા છે પણ સ્વભાવના અવલંબનપૂર્વક શુભરાગ છે. ને અશુભરાગ નથી થતો-તે અપેક્ષાએ પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગુરુ પાસે જઈને સરળતાથી કહે કે પ્રભો ! મને અમુક વિકલ્પ આવી ગયો, અને અમુક દોષ લાગ્યો ! એમ સરળભાવે કહે છે, તેમાં વાણી તો જડના કારણે નીકળે છે, તે વખતે શુભવિકલ્પ આવ્યો છે, ને ધ્રુવસ્વભાવનું અવલંબન પણ વર્તે છે. એટલે શુદ્ધતાનો અંશ વધતો જાય છે.

શુભરાગ આવ્યો તે સાધન અને આત્માની શુદ્ધ વીતરાગદશા તે સાધ્ય - એમ કહેવું તેમાં ભિન્ન સાધનસાધ્ય છે. રાગ છે તે આત્મસ્વરૂપથી ભિન્ન છે. વ્યવહારરત્નત્રયને નિશ્ચયરત્નત્રયનું સાધન કહેવું તેમાં પણ સાધન-સાધ્ય ભિન્ન ભિન્ન છે. નિશ્ચયથી તો ધ્રુવ કારણ પરમાત્માના અવલંબને જ નિશ્ચયરત્નત્રય પ્રગટે છે. પણ વચ્ચે ભૂમિકા અનુસાર વ્યવહાર રત્નત્રયનો શુભરાગ હોય છે. બહારમાં દેહની ક્રિયા થાય તે તો આત્માની નથી, શરીરની ક્રિયા તો આત્માથી જુદી છે જ, ને અહીં તો કહે છે કે વ્યવહાર રત્નત્રયના વિકલ્પો તે પણ શુદ્ધાત્મસ્વરૂપથી ભિન્ન છે. તેને ઉપચારથી સાધન કહેવાય છે, કેમકે તે વખતે સ્વભાવનાં નિશ્ચયશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર સાથે વર્તે છે. જેમ ધોબી મલિન વસ્ત્રને પથ્થર ઉપર પછાડીને ધૂએ છે ત્યાં તેને વસ્ત્રની સ્વચ્છતાનો ખ્યાલ છે, તેમ અંદરમાં શુદ્ધ દ્રવ્ય-સ્વભાવનું જેને ભાન વર્તે છે ને તેનું અવલંબન વર્તે છે—એવા જીવને વચ્ચે વ્યવહારરત્નત્રય આવે છે, તે વ્યવહારરત્નત્રયથી શુદ્ધતા પ્રગટે છે એમ ઉપચારથી કહેવાય છે. જ્ઞાયક સ્વરૂપથી ભરેલો આત્મા છે. તેમાં રાગ શું કરે ? સ્વભાવની પ્રતીત થઈને પછી તેમાં એકાગ્રતાથી શાંતિ વધતી જાય છે. ને વ્રતાદિનો ભાવ ભૂમિકા અનુસાર આવે છે; ત્યાં રાગ અને સ્વભાવ ભિન્ન છે. દૃષ્ટિમાં તો સમ્યગ્દૃષ્ટિને સદાય અભેદસ્વભાવની જ મુખ્યતા છે, ને ભેદની ગૌણતા છે. જો દૃષ્ટિમાં નિશ્ચયની મુખ્યતા ખસે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

અહીં તો ચારિત્રની અપેક્ષાએ મુખ્યતા અને ગૌણતાની વાત છે. ચોથા પાંચમા ગુણસ્થાને શુભરાગ હોય છે તેથી ત્યાં વ્યવહારની મુખ્યતા કહેવાય છે. ને સાતમા ગુણસ્થાનથી નિર્વિકલ્પ અનુભવમાં ઠર્યો—ત્યાં નિશ્ચયની મુખ્યતા છે. દૃષ્ટિમાં તો ચોથા ગુણસ્થાનથી પણ અભેદની જ મુખ્યતા છે; અભેદના આશ્રય વિના મોક્ષમાર્ગ કેવો ?

છઠ્ઠા ગુણસ્થાન સુધી જિનઆજ્ઞા વગેરેનું લક્ષ હોય છે. તે શુભરાગ છે. પણ સાતમા ગુણસ્થાને સ્વરૂપમાં ઉપયોગ ઠરતાં જિનઆજ્ઞાનું લક્ષ છૂટી ગયું, ભિન્ન સાધ્યસાધન છૂટીને અભિન્ન સાધ્યસાધન પ્રગટી ગયા. સ્વરૂપમાં સાવધાન થઈને અંતરંગ ગુપ્તદશા પ્રગટી, ત્યાં બાહ્ય ક્રિયાકાંડના વિકલ્પો હોતા નથી, દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ પણ છૂટી ગયું છે; પંચમહાવ્રતના વિકલ્પો પણ બહિરંગભાવ છે. અંતરસ્વરૂપમાં ગુપ્ત થતાં તે પંચમહાવ્રતના વિકલ્પો પણ છૂટી જાય છે. ત્યાં તો પરમ ચૈતન્ય સ્વભાવદ્વારા સુંદર પરિપૂર્ણ પરમાનંદ સ્વરૂપ ભગવાન આત્મામાં સ્થિરતા કરે છે—આવો જીવ, નિશ્ચય મોક્ષમાર્ગને અવલંબનારો છે. શ્રદ્ધામાં તો ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચયનું અવલંબન છે, ચોથા ગુણસ્થાને પણ નિશ્ચય સમ્યગ્દર્શન છે, તેનાથી અનંત સંસારનો નાશ થાય છે. વ્યવહાર રત્નત્રયનો શુભરાગ તે તો ઉદયભાવ છે, એકલા વ્યવહારથી સંસારનો નાશ થાય નહિ. કેમકે વ્યવહારરત્નત્રય પોતે સંસાર છે. નિશ્ચયરત્નત્રય સહિતનો વ્યવહારરત્નત્રયનો ભાવ તે પણ ખરેખર સંસાર છે, તેનાથી રહિત ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-લીનતા તે જ મોક્ષનો ઉપાય છે. સમ્યગ્દર્શન ખરેખર સરાગ હોતું નથી, રાગ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારિત્રનો દોષ છે. સમ્યગ્દર્શનમાં રાગ હોતો નથી. રાગ કાંઈ સમ્યગ્દર્શનને નુકસાન કરતો નથી. રાગ હોવા છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન પણ હોય. આ ચોથા ગુણસ્થાનની વાત છે. ત્યાં હજી સ્વરૂપમાં સ્થિરતાનો વીતરાગભાવ નથી, ને શુભરાગ વર્તે છે તે અપેક્ષાએ ચારિત્રમાં વ્યવહારનું અવલંબન છે. પછી સ્વરૂપના અવલંબનમાં ઠરતાં રાગ છૂટી ગયો–ત્યાં નિશ્ચયનું અવલંબન છે. સ્વભાવના અવલંબને એ રીતે મોક્ષમાર્ગમાં નિશ્ચયવ્યવહારનું વર્ણન કર્યું. હવે જેને અંતરમાં સ્વભાવનું ભાન નથી ને નિશ્ચય વગર એકલા વ્યવહારને મોક્ષમાર્ગ માની લ્યે છે તેવા વ્યવહારાભાસી અજ્ઞાનીની વાત કરે છે.

નવમી ગ્રૈવેયક સુધી જવાયોગ્ય શુભરાગ દ્રવ્યલિંગી મુનિએ કર્યો પણ તેણે કદી સ્વસન્મુખતા કરી નહિ. ભગવાનની આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરો તો નિશ્ચય મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જશે એ વાત ખોટી છે.

બદામ કે બ્રાહ્મી આદિથી જ્ઞાનનો વિકાસ થાય છે એ માન્યતા મૂઢની છે. જિનપ્રતિમાના દર્શન, વેદન વગેરેથી સમ્યગ્દર્શન થાય–ગુરુ-શાસ્ત્રથી લાભ થાય વગેરે પરાશ્રયની બુદ્ધિ છે. પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ-પરભાવથી લાભ-હાનિ થાય એમ માનનારની નિમિત્તાધીન દૃષ્ટિ છે.

શુદ્ધ આહાર મળે તો શરીર અને મન શુદ્ધ થાય એમ માને છે તેને સ્વદ્રવ્યાત્મક અભેદ સાધ્યસાધન નથી. હું જ જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવથી પૂર્ણ છું તે જ સાધ્ય અને સ્વાશ્રય વીતરાગતા તે જ સાધન છે એવું જેને ભાન નથી તે એકાંત વ્યવહારથી એકલો ખેદખિન્ન થાય છે તે તો નિમિત્તથી લાભ-નુકસાન માની અટક્યો છે. શુભભાવ કરે તોપણ ધર્મ નથી, શક્તિ અનુસાર વ્રત-ત્યાગ હોય છે. પણ પરિણામની તાકાત જોયા વિના હઠ કરે તેને ખેદ જ થાય છે.

મુક્તસ્વરૂપ છું એવી દૃષ્ટિ નથી તેથી વારંવાર પરદ્રવ્યસ્વરૂપ ધર્માસ્તિકાય આદિની શ્રદ્ધાદિક કરે છે. ઘણાં શાસ્ત્ર ભણી લઉં-એમ પરસન્મુખતામાં તેને ઉત્સાહ વર્તે છે. શાસ્ત્રઅભ્યાસનો નિષેધ નથી પણ ત્યાં શાસ્ત્રજ્ઞાનમાં આત્મજ્ઞાન માને છે, પર લક્ષે ને પરથી જ્ઞાન માને છે. તેથી તેને ખેદખિન્ન કહ્યો છે.

અજ્ઞાનીનો આત્મા પણ અનાદિથી સહજાનંદ મૂર્તિ જ્ઞાયક છે પણ તે સ્વસન્મુખ બુદ્ધિ કરતો નથી, મિથ્યાબુદ્ધિ વડે અન્યથા માને છે. એક સમયમાં નિમિત્ત છે, રાગ છે, અધૂરી પર્યાય છે. અને ત્રિકાળી ધ્રુવસ્વભાવ છે. તેમાં ત્રિકાળી સ્વભાવની રુચિ છોડી નિમિત્ત, રાગ અને પર્યાયની રુચિ કરી અજ્ઞાની તેમાં રોકાઈ જાય છે.

ઘણાં શાસ્ત્રો જાણીને તેની ધારણા કરીને અનેક પ્રકારના વિકલ્પની જાળથી કલંકિત અંતરંગવૃત્તિને ધારણ કરે છે, પણ જ્ઞાન આત્મામાંથી આવે છે તેનું તેને ભાન નથી. જેને હજી ભવ્ય-અભવ્ય સંબંધમાં પણ શંકા વર્તે છે તેવો જીવ વીતરાગની વાણી ભણવાને પાત્ર નથી. ભવરહિત એવા વીતરાગની વાણી જેને બેસે તેને ભવ હોય નહિ. જેને અનંતભવની શંકા વેદાતી હોય, તેવો જીવ ભવરહિત પુરુષની વાણીનો નિર્ણય ક્યાંથી કરી શકશે ? ''ભવ્ય છું કે અભવ્ય-તે કેવળી જાણે'' એટલે કે હજી અનંત ભવ કરવાના હશે તો ! એવી શંકા પણ જેને ટળી નથી તે જીવ સર્વજ્ઞની વાણીનો નિર્ણય કરવાનો પુરુષાર્થ કોના જોરે ઉપાડશે ? ચિદાનંદ સ્વભાવની નિઃશંકતા વગર એકલા શાસ્ત્રના ભણતરથી લાભ માને–તો તે જીવ વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે, ચિદાનંદ સ્વભાવનું જેને ભાન થયું છે તેને સર્વજ્ઞદેવની નિઃશંકતા છે. ને તે વ્યવહારને તુચ્છ ગણે છે. અજ્ઞાનીને એકલો વ્યવહાર આવ્યો પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરમાં ચૈતન્યનો તો પત્તો મળતો નથી. તો એકલા શાસ્ત્રના ભણતરથી પણ તેને શું લાભ ? સ્વભાવની નિઃશંકતા પ્રગટી નથી. ને એકલા શાસ્ત્રના અવલંબને શુભવિકલ્પમાં રોકાયો છે તો તેની અંતરંગવૃત્તિ કલંકિત છે, તેને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનનો લાભ થતો નથી, બહુ તો પુણ્ય બાંધીને સ્વર્ગમાં જાય ને ચાર ગતિમાં રખડે છે, પણ સ્વભાવના અવલંબન વગર કલ્યાણ થતું નથી.

[વીર સંવત ૨૪૭૮, અસાડ સુદ-૧, સોમવાર]

નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું વર્ણન કર્યું. ચિદાનંદ સ્વભાવના આશ્રયે જે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યાં તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, ને ત્યાં સાથે પંચમહાવ્રત વગેરેની વૃત્તિ ઊઠે તેને ઉપચારથી વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. પણ જે જીવ આવા મોક્ષમાર્ગને જાણતો નથી ને એકલા વ્યવહારના અવલંબને જ ધર્મ માને છે–એવા મિથ્યાદૃષ્ટિ જીવની વાત હવે કરે છે. નિમિત્તથી વિકાર થાય. ને વિકાર થાય તેટલું મારું સ્વરૂપ છે–એમ અજ્ઞાની જીવ માને છે, તેને અંતરમાં જ્ઞાયક ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ નથી. એવો જીવ ધર્માસ્તિકાય વગેરે પરપદાર્થોને શ્રદ્ધે છે તથા શાસ્ત્રોનું વાંચન-મનન કરે છે, તેમાં શુભરાગ છે. તેને જ તે મોક્ષમાર્ગ માનીને કલંકિતવૃત્તિવાળો થઈ રહ્યો છે. વળી અનેક પ્રકારના દ્રવ્યલિંગનું અવલંબન કરીને પંચમહાવ્રતના વિકલ્પને ધર્મ માને છે, પણ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ વગર વ્રત હોય જ નહિ. બહિરંગ વ્રત-તપ વગેરે ક્રિયાકાંડના શુભવિકલ્પમાં અજ્ઞાની ધર્મ માને છે, પણ ધ્રુવ સ્વભાવના આશ્રયની લીનતામાં રાગ થતો નથી, ને રાગના નિમિત્તરૂપ પદાર્થોનો સંયોગ પણ છૂટી જાય છે–તેનું તેને ભાન નથી. શરીરની ક્રિયા તો જડના કારણે થાય છે. આહારની ક્રિયા જડના કારણે થાય છે, આત્મા આહારને લાવતો નથી, ને શુદ્ધ આહારને કારણે આત્માને કાંઈ લાભ થાય છે એમ નથી. અજ્ઞાની તો શુદ્ધ આહારમાં જ જાણે કે ધર્મ આવી જતો હોય ! એમ માને ને ત્યાં જ ઘણો વખત રોકાય છે. પણ આહાર અને આહાર તરફનો વિકલ્પ-બન્ને હું નહિ, હું તો જ્ઞાનાનંદ સ્વભાવ છું એમ તે જાણતો નથી, તે જીવ એકાંત વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

વળી મિથ્યાત્વભાવને લીધે તે જીવ ધર્મરાગથી પુણ્યક્રિયાની રુચિ કરે છે, પુણ્ય કરતાં કરતાં ધર્મ થઈ જશે. એમ તે જીવ રાગને ધર્મનું સાધન માને છે પણ સ્વભાવસાધનને જાણતો નથી. સ્વભાવને જાણીને તેના આશ્રયે ધર્મ પ્રગટ કર્યો હોય તો શુભરાગમાં સાધનનો આરોપ આવે, પણ અજ્ઞાની તો શુભરાગમાં જ ધર્મ માને છે તેથી તેને તો શુભરાગમાં ધર્મનો આરોપ પણ આવતો નથી. કોઈ કાળે વ્રતના પરિણામ કરીને તેને ધર્મ માને છે, કોઈવાર શાસ્ત્રના અભ્યાસમાં કોઈવાર દયા વગેરેમાં ધર્મ માને છે. સમ્યગ્દર્શનનાં ચાર વ્યવહારલક્ષણ આસ્તિક્ય-અનુકંપા વગેરે છે, તે શુભભાવ છે, તે શુભભાવનું આચરણ કરીને અજ્ઞાની તેને ધર્મ માને છે. પરને દેખીને તેના ઉપર અનુકંપા આવે છે. ત્યાં અજ્ઞાની પરના કારણે અનુકંપા માને છે, તે અનુકંપાને પ્રવચનસારમાં દર્શનમોહનું લક્ષણ કહ્યું છે. પરજીવ તેના પોતાના મોહભાવથી દુઃખી થાય છે. કાંઈ સંયોગને લીધે તે જીવ દુઃખી થતો નથી. તેથી બીજો જીવ તેનું દુઃખ મટાડી શકે નહિ. તે જીવ પોતે પોતાનું ભાન કરીને મોહ ટાળે તો તેનું દુઃખ મટે, પરનું દુઃખ મટાડવાની કોઈની શક્તિ ત્રણકાળ ત્રણલોકમાં નથી.–આમ ન જાણતાં અજ્ઞાની જીવ એમ માને છે કે હું પરજીવની અનુકંપા કરીને તેનું દુઃખ મટાડી દઉં. એટલે કે પરની દુઃખપર્યાયને હું ફેરવી દઉં–એમ તે પરનું કર્તાપણું માને છે. જ્ઞાતાદ્રષ્ટા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવી આત્માનું તેને ભાન નથી, તેથી તેની દયા તે મિથ્યાત્વસહિત છે, તે વ્યવહારાભાસ છે, જ્ઞાયક સ્વરૂપની રુચિ હોવી જોઈએ, તેને બદલે પરને દેખીને અનુકંપાનો ભાવ થવાનું માને છે ને તે અનુકંપાને ધર્મ માને છે તે જીવ મૂઢ વ્યવહારાભાસી છે.

જગતના પદાર્થ સ્વતંત્ર છે, ને તેનું વર્તમાન તેના પોતાના કારણે છે, ત્યાં બીજો જીવ એમ માને કે હું પરપદાર્થની પર્યાયને ફેરવી દઉં. તે તેની ઊંધી માન્યતા છે. તેવી ઊંધી માન્યતાવાળો જીવ ભલે વ્રતી નામ ધરાવે કે મુનિ નામ ધરાવે, તોપણ તેને ધર્મ થતો નથી. પરજીવની દયા પાળીને હું તેનું દુઃખ મટાડું–એવી માન્યતામાં પોતે પોતાના આત્માની મોટી હિંસા કરી રહ્યો છે તેનું તેને ભાન નથી. છએ દ્રવ્યો પૃથક્ પૃથક્ સ્વભાવે પોતાનું કાર્ય કરી રહ્યાં છે, તેને બદલે પરને લીધે હું ને મારે લીધે પર–એમ અજ્ઞાની માને છે, તેને વસ્તુની સ્વતંત્રતાની ખબર નથી, એટલે અનુકંપાના બહાને પણ તે મિથ્યાત્વને સેવે છે. અનુકંપામાં કાંઈક શુભભાવ કરે પણ સાથે મિથ્યાત્વનું ઝેર ભેગું છે, ચિદાનંદ સ્વરૂપ આત્માના ભાન વિના એકલી પરની અનુકંપા કરવાનું માને છે તેને નિમિત્તની કે વ્યવહારની પણ ખબર નથી કેમકે પરજીવોને જે દુઃખ છે તે નિમિત્તને કારણે થતું નથી, પણ પોતાની પર્યાયમાં અજ્ઞાનને કારણે દુઃખ છે, તેમ જ પોતાને અનુકંપા થઈ છે તે પરનિમિત્તને કારણે થઈ નથી. પણ પોતાના રાગને કારણે થઈ છે.–આમ ઉપાદાન–નિમિત્તને પણ જે સ્વતંત્ર જાણતો નથી, તેને ચિદાનંદ સ્વભાવ રાગથી પણ ભિન્ન છે તેનું ભાન થતું નથી. ને તેના વિના ધર્મ કિંચિત્ થતો નથી. અહીં અનુકંપાનો રાગ થયો તે પણ અપરાધ છે, તો તે અપરાધ વડે પરનું કલ્યાણ થાય–એ માન્યતા તો મિથ્યાત્વ છે, તારામાં રાગ થયો તે પણ કલંક છે, તો તે કલંકભાવને આધારે પરજીવ સુખી થઈ જાય–એ કેમ બને ? પર જીવ તો તેના પોતાના પરિણામથી બંધાય છે કે મુક્ત થાય છે, સુખી-દુઃખી તેની પોતાની પર્યાયની યોગ્યતા અનુસાર થાય છે. આ જીવના અધ્યવસાનને આધીન પરજીવની પર્યાય થતી નથી. એ જ પ્રમાણે આહારની શુદ્ધિના આશ્રયે આત્માની પર્યાય થતી નથી. શુદ્ધ આહાર હોય તો મારી પર્યાય સુધરે–એમ માનનાર પણ મૂઢ છે. શુદ્ધતા તો જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે થાય છે એમ તે જાણતો નથી.

અભવ્ય જીવ પણ વ્યવહારનો પક્ષ કરે છે. સ્વભાવની દૃષ્ટિ વગર વ્રત તપ પાળે, શાસ્ત્ર ભણે, ક્ષમા રાખે, પણ અંતરમાં સ્વભાવ શું છે તેની રુચિ કરતો નથી. ધર્મી જીવને ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કદી પણ ખસતી નથી. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ અને અવલંબનથી જ રાગ છૂટે છે, એ સિવાય પરના અવલંબને રાગ ખરેખર છૂટતો નથી. અજ્ઞાની રાગની મંદતા કરીને તેને ધર્મ માને છે. હજી તો પરને કારણે મને વિકાર થાય એવી જેની બુદ્ધિ છે-તેને રાગની મંદતા પણ યથાર્થ હોતી નથી. પરના લક્ષે અજ્ઞાની ક્ષમા રાખે, બ્રહ્મચર્યનો શુભભાવ રાખે, વગેરે શુભપરિણામ કરીને તેને તે ધર્મ માને છે, પણ અંતરમાં રાગથી પાર શુદ્ધ કારણપરમાત્મા હું છું-એનું તેને ભાન નથી, બ્રહ્માનંદ ચૈતન્ય પ્રભુની દૃષ્ટિ વગર બ્રહ્મચર્ય ક્યાંથી આવશે ? ને રાગનો અભાવ ક્યાંથી થશે ? વળી અજ્ઞાની ક્યારેક વૈરાગ્યનો વિચાર કરે છે. કે બસ ! આપણે તો મોક્ષ દશા જ જોઈએ છે ! વળી ક્યારેક તે આસ્તિક્યભાવને ધારણ કરે છે, કે ભગવાને જોયું છે તેમ જ વસ્તુસ્વરૂપ છે, એમ પરાશ્રયે આસ્તિક્યભાવ કરે છે, પણ જ્ઞાનસ્વભાવની પ્રતીતપૂર્વક પોતે જાણતો નથી, એટલે આસ્તિકતા વગેરેનો એકલો શુભરાગ છે, તે એકાંત વ્યવહારાલંબી છે. ભગવાનના વચનમાં શંકા ન કરવી એમ તે કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે પણ નિશ્ચયસ્વાશ્રય વિના નિઃશંક આદિ સમકિતનાં આઠ અંગ યથાર્થ હોતાં નથી.

રત્નકરંડશ્રાવકાચારમાં અંજનચોરના નિઃશંકઅંગની કથા આવે છે કે તેણે માત્ર શંકા ન કરી તોપણ તેને ધર્મી જીવ તરીકે ગણવામાં આવ્યો અને દોષરહિત વ્યવહાર સમકિતના અંગ પાળે, દ્રવ્યલિંગી મુનિ થઈ ૨૮ મૂળગુણ પાળે અગિયાર અંગ ભણે, શુક્લ લેશ્યા કરી અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી ગયો તોય તેને આરાધક ન ગણ્યો. તેનું કારણ શું ?

જે જીવ ભવિષ્યમાં સ્વાનુભવથી નિશ્ચય સમ્યક્ત્વાદિ પામી મોક્ષે ગયા તેને પૂર્વના કોઈ એક પ્રકારમાં પછીના સત્યાર્થ ધર્મનો આરોપ કરી ધર્મી કહ્યો. કથાનુયોગમાં તેને નિઃશંકતા વગેરે કહેલ છે, પણ ભવિષ્યમાં જે જીવ સમ્યગ્દર્શન ન પામ્યો હોય એવા જીવના શુભભાવમાં નિઃશંકતા વગેરેનો આરોપ પણ આવતો નથી. સહજ સ્વભાવના અવલંબન વગર ગમે તેટલા દોષ ટાળી વ્યવહાર રત્નત્રય પાળે, નવતત્ત્વમાં શંકા ન કરે તોપણ તેને ધર્મી ગણ્યો નથી. કેમકે પોતાના શુદ્ધાત્માના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ ધર્મ થાય છે તેનું તેને ભાન નથી. જે ધર્મ પામી ગયો તેને પૂર્વના નિઃશંકિતાદિ એક વાતનો આરોપ કરી કારણ કહેવાય છે. પણ ધર્મ પામે છે તે તો નિર્વિકલ્પ નિશ્ચય સ્વાશ્રયથી જ પામે છે, તે જ અકાટ્ય નિયમ છે.

કોઈ સ્વદ્રવ્યને આશ્રયે સમ્યક્ત્વ પામે ને કોઈ ચરણાનુયોગ અપેક્ષાએ વ્યવહાર શુભરાગથી સમ્યક્ત્વાદિ ધર્મ પામે એવું વસ્તુસ્વરૂપ નથી. વર્તમાન રાગના આશ્રયે સમ્યગ્દર્શન પામતો નથી, પણ સ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન પામે છે. આ ત્રણકાળનો અબાધિત સિદ્ધાંત છે કે જ્યારે જ્યારે કોઈપણ જીવ સમ્યગ્દર્શનાદિ પામે છે ત્યારે ત્યારે ચિદાનંદ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ તે પામે છે. રાગના આશ્રયે કદી કોઈ જીવ સમ્યગ્દર્શન પામતો નથી, સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન પામ્યો તે જીવને પૂર્વના શુભવિકલ્પમાં નિઃશંકતા વગેરેનો આરોપ કરવામાં આવે છે. સ્વભાવના ભાન વિનાનો એકલો શુભરાગ તો અનંતવાર જીવે કર્યો છે, છતાં સમ્યગ્દર્શન કેમ ન પામ્યો ? કેમકે શુભવિકલ્પના કારણે સમ્યગ્દર્શનાદિ થતાં નથી. જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ થાય છે.

મુનિનો ઉપદેશ સાંભળી કાગડાનું માંસ ન ખાધું એવા ભીલને કથાનુયોગમાં લીધો અને અજ્ઞાની અનંતવાર માંસાદિ ત્યાગી દ્રવ્યલિંગી મુનિ થયો તેને ગણ્યો નહિ. તેનું કારણ એ કે તેને વ્યવહારની રુચિ હતી તેથી તેને શુભમાં આરોપ પણ ન આવ્યો. જેણે સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરી તેને પૂર્વના રાગમાં આરોપ કરીને ધર્મનું કારણ કહી દીધું.

નિશ્ચય વીતરાગદૃષ્ટિ વિના વ્યવહારનય પણ લાગુ પડે નહિ. અજ્ઞાનીને સ્વભાવના ભાન વિના એકલા શુભરાગનો ઊભરો આવે છે ને વ્રત-પડિમા વગેરે લઈ લ્યે છે. પણ સ્વભાવનું તો ભાન નથી તો તેના વ્રતાદિને ઉપચારથી પણ ધર્મ કહેતા નથી.

ધર્મપ્રભાવના સ્થિતિકરણ વાત્સલ્ય વગેરેનો શુભરાગ થાય તેને જ અજ્ઞાની ધર્મ માને છે. જેણે પોતાના સ્વભાવનું ભાન કરીને પોતામાં સ્થિતિકરણ કર્યું નથી તે પરને સ્થિતિકરણમાં નિમિત્ત પણ થાય નહિ, ને તેના શુભભાવને તો એકાંત વ્યવહારાભાસ કહેવાય છે.

[વીર સંવત ૨૪૭૮, અષાઢ સુદ-૨, મંગળવાર]

## એકાંત વ્યવહારાલંબી મિથ્યાદૃષ્ટિનું વર્ણન

એકાંત વ્યવહાર માનનાર મિથ્યાદૃષ્ટિ કેવા હોય તેની આ વાત છે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ગુરુ પણ મોક્ષમાર્ગનો જ ઉપદેશ દેનારા હોય છે; આત્મા જ્ઞાન સ્વરૂપ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એના અવલંબન વિના જેટલા શુભાશુભભાવો છે તેનાથી ધર્મ માને તો તે જૈન ધર્મનો ઉપદેશ જ નથી. રાગથી ધર્મ થાય એવો ઉપદેશ આપે તો તે જૈનદર્શનનો ઉપદેશ જ નથી, અને તેવો ઉપદેશ દેનારા તે ગુરુ નથી પણ કુગુરુ છે. ગુરુ કેવા હોય ? તે 'આત્માવલોકન'માં કહે છે કે :

"वीतरागं वीतरागं जीवस्य निजस्वरूपो वीतरागं
मुहुर्मुहुर्गृणनाति वीतरागं स गुरुपदं भासति सदा"

જીવનું નિજસ્વરૂપ વીતરાગ છે, એવા વીતરાગસ્વરૂપને જે વારંવાર ચિંતવે છે અને વારંવાર તે જ કહે છે.–એવા જીવો ગુરુપદવીમાં શોભે છે. જે જીવ રાગને ઉપાદેય મનાવે, રાગ કરતાં કરતાં ધર્મ થવાનું મનાવે-તો તે જીવ ગુરુ નથી. પણ કુગુરુ છે.

વચ્ચે રાગ આવે, પણ તે રાગથી ધર્મ થાય–એવું જૈનદર્શનમાં ત્રણ કાળમાં નથી. ચિદાનંદ સ્વભાવને ચૂકીને એકાંત રાગથી ને વ્યવહારથી જે લાભ માને છે તે જીવને જૈનદર્શનની ખબર નથી. ખરો વાત્સલ્યભાવ પણ કોને હોય ? ચિદાનંદ સ્વભાવના ભાનપૂર્વક વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ અને સાધર્મીનું વાત્સલ્ય આવે. તે વ્યવહારે વાત્સલ્ય છે. પણ જે જીવ ચૈતન્યનો પ્રેમ ચૂકીને એકલા પરના રાગથી મુક્તિ થવાનું માને છે–તે તો વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. રાગથી મોક્ષ કેમ થાય ? રાગ તો અંગારા સમાન છે. ને મોક્ષ તો શાંતિમય છે. અગ્નિથી શાંતિ કેમ થાય ? ચૈતન્ય જ્ઞાયક સ્વભાવનું ભાન કરીને પોતે પોતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાં તે પરમાર્થ પ્રભાવના છે, ને ત્યાં વચ્ચે ધર્મપ્રભાવનાનો ભાવ હોય છે. પણ અજ્ઞાની જીવ તો નિશ્ચયસ્વભાવના ભાન વગર એકલા શુભરાગની જ ભાવના ભાવે છે, ધર્મીને તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તે ભાવની પણ ભાવના હોતી નથી. અજ્ઞાની રાગની ભાવના ભાવે છે. તેને તીર્થંકરનામકર્મ કદી બંધાતું નથી. દર્શન શુદ્ધિપૂર્વક સોળ ભાવના હોય ત્યાં તીર્થંકરનામકર્મ બંધાઈ જાય છે. અજ્ઞાની એકલા શુભરાગથી ધર્મ મનાવીને તે રાગમાં વારંવાર ઉત્સાહ કરે છે. પણ દર્શનશુદ્ધિનું તો તેને ભાન નથી–એવો જીવ એકાંત વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિ છે.

વળી શાસ્ત્રસ્વાધ્યાય કરે, પઠન-પાઠન કરે અને તેનાથી સમ્યગ્જ્ઞાન થવાનું માને છે. તે પણ મૂઢ છે. શાસ્ત્ર તરફના વલણના ભાવથી એમ માને કે હું જ્ઞાનભાવના કરું છું. પણ જ્ઞાન તો જ્ઞાયકમાં છે–એવું તેને ભાન નથી. જ્ઞાનનો વિનય કરે, શાસ્ત્રનું–ગુરુનું બહુમાન કરે–એવા પ્રકારના શુભ રાગથી જ્ઞાન ખીલશે એમ એકાંત માને છે, પણ જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન ખીલે છે–એમ નિશ્ચયસ્વભાવને માનતો નથી, ને એકલો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટી જશે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રભક્તિને અર્થે લાખો રૂપિયા ખર્ચે-પણ કાંઈ પૈસાના આધારે ધર્મ નથી. શાસ્ત્રમાં કાંઈ જ્ઞાન નથી. શાસ્ત્રે કહેલો પોતાનો સ્વભાવ શું છે ? તે સમજીને તેના અવલંબને જ્ઞાન પ્રગટે છે. અજ્ઞાનીઓ એવી દલીલ કરે છે કે સમયસાર વાંચવાથી એકાંત નિશ્ચય થઈ જાય છે. માટે સમયસાર ન વાંચવું જોઈએ. અને તે માટે બનારસીદાસજીનો દાખલો આપે છે. પણ તે દાખલો બધાને લાગુ ન પડે. તેઓ તો પહેલાં એકાંત નિશ્ચયાભાસમાં ઊતરી ગયા હતા. પણ તેથી કાંઈ સમયસારના અભ્યાસનો નિષેધ ન થઈ શકે. નિશ્ચય સ્વભાવ સમજ્યા વગર એકલા વ્યવહાર ક્રિયાકાંડ ગમે તેટલા કરે તો પણ તેથી કિંચિત્ કલ્યાણ નથી. શાસ્ત્રનું બહુમાન કરે, ગુરુ વગેરેનો ઉપકાર સમજીને તેમનું બહુમાન, ભક્તિ કરે, પણ ગુરુ તો કહે છે કે તારી પ્રભુતા તારા આત્મામાં ભરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તેની પ્રતીત કર !–એવી પ્રતીત પોતે સ્વસન્મુખ થઈને કરતો નથી ને એકલા વિનય વગેરે રાગને જ ધર્મ માને છે તો તે વિનય મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ ! તારુ સમ્યગ્દર્શન તારા દ્રવ્યના અવલંબને છે. કાંઈ ગુરુ પાસે તારું સમ્યગ્દર્શન પડ્યું નથી. છતાં સાચા જ્ઞાની ગુરુ મળ્યા વગર કોઈ જીવ પોતાની મેળે સ્વચ્છંદે સમ્યક્ત્વ પામી જાય. એમ પણ બનતું નથી. ધર્મ પામનાર જીવને નિમિત્ત તરીકે સદ્‌ગુરુ હોય છે જરૂર, પછી આ ભવે મળ્યા હોય કે પૂર્વ ભવે મળ્યા હોય પણ ગુરુ હોય છે જરૂર છતાં ગુરુથી જ્ઞાન પામી જાય એમ પણ નથી.

શાસ્ત્રના અર્થ, અક્ષર અને અર્થઅક્ષર બન્ને-એવા ત્રણ પ્રકારની શુદ્ધતા રાખવાનો વિચાર કરે છે તે પણ શુભરાગ છે, તેવો શુભરાગ વચ્ચે આવે છે ખરો, પણ સ્વભાવને ચૂકીને એકલા તે રાગમાં જ ધર્મ માનીને જે પ્રવર્તે છે તે મિથ્યાદૃષ્ટિ વ્યવહારમૂઢ છે. ગણધરદેવને પણ ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધાજ્ઞાન ને રમણતા પ્રગટ્યાં હોવા છતાં પૂર્ણ વીતરાગી સ્થિરતા પ્રગટી ન હોય ત્યાં જ્ઞાનાચાર વગેરેનો શુભવિકલ્પ આવે છે. વિકલ્પ આવે તે જુદી વાત છે. પણ તેને જ ધર્મ માનીને ત્યાં રોકાઈ જવું તે મિથ્યાત્વ છે.

અહિંસા પાળું, સત્ય બોલું, ચોરી ન કરું, બ્રહ્મચર્ય પાળું ને પરિગ્રહ છોડું એવા પંચમહાવ્રતના વિકલ્પ તે પણ શુભરાગ છે. આસ્રવ છે. અજ્ઞાની તે રાગને જ સર્વસ્વ માની લ્યે છે. પણ રાગ તો અધ્યવસાય છે, સર્વજ્ઞદેવે અધ્યવસાનોને ત્યાજ્ય કહીને વ્યવહારનયનો જ ત્યાગ કરાવ્યો છે. અમૃતચંદ્રાચાર્યદેવ સમયસારમાં કહે છે કે :

સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવા યોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ કે ''પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.' તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા (નિયમસાર કલશ ૧૭૩) નથી ?'

આ શ્લોકની ટીકા કરતાં બનારસીદાસજી નાટક સમયસારમાં કહે છે કે :-

**असंख्यात लोक परवांन जे मिथ्यात्वभाव,**
**तेई विवहार भाव केवली-उक्त हैं ।**
**जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,**
**ते नियत-लीन व्यवहारसौ मुक्त हैं ॥**

અહો સંતો ! ભગવાને તો નિશ્ચય સ્વભાવનું જ અવલંબન કરાવીને સમસ્ત વ્યવહારને છોડાવવાનો ઉપદેશ કર્યો છે. જે જીવ શુદ્ધ સ્વભાવનું અવલંબન કરે છે તે જીવ સમસ્ત વ્યવહારના વિકલ્પોને છોડીને મુક્તિ પામે છે. વ્યવહારનયના અવલંબનથી લાભ માને તેને ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

છઠ્ઠા ગુણસ્થાને સંતોને પંચમહાવ્રતનો શુભવિકલ્પ આવે તે પણ આસ્રવ છે, તે બહિર્‌ધર્મ છે, એટલે કે ખરેખર તે ધર્મ નથી. રાગ તે ધર્મ કેમ હોય ? શાસ્ત્રોનું તાત્પર્ય તો વીતરાગભાવ છે, ને તે જ ધર્મ છે. પંચમહાવ્રતનો રાગભાવ પણ નિશ્ચયથી અચારિત્ર છે. તે કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો વીતરાગી સ્વરૂપ આચરણ છે, અને તે જ ખરું ચારિત્ર છે. નિશ્ચય સ્વભાવની સ્થિરતાપૂર્વક વચ્ચે પંચમહાવ્રત વગેરેનો ભાવ આવે ખરો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જ્ઞાની તેને ધર્મ નથી માનતા. અજ્ઞાની તે સ્વભાવને ચૂકીને રાગને જ ધર્મ માને છે, એટલે તેને તો શુભરાગની સાથે મિથ્યાત્વ સેવાય છે. તેથી તેના શુભરાગની શી ગણતરી ? તેના શુભરાગને તો મિથ્યાત્વરૂપી મોટો પાડો ચાવી જાય છે. પહેલાં રાગ સર્વથા ટળે નહિ, પણ રાગની રુચિ છૂટીને સ્વભાવની રુચિ થવી જોઈએ. જેને જેવી રુચિ હોય તેવી વાતનું તે ચોવીસે કલાક અનુમોદન આપ્યા કરે છે. અને તેવા ભાવને ઘૂંટ્યા કરે છે. જેને સ્વભાવની રુચિ થઈ તે ક્ષણેક્ષણે સ્વભાવનો જ આદર કરે છે, રાગ હોવા છતાં તેને તેનો આદર કે રુચિ નથી. અજ્ઞાની સ્વભાવની રુચિ છોડીને, રાગની રુચિથી પાંચ સમિતિ વગેરેના શુભભાવ કરે છે–તે એકાંત વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. પરજીવની રક્ષા કરવી તેને અજ્ઞાની ધર્મ કહે છે. પણ પરજીવની રક્ષા તો કોઈ જીવ કરી શકતો જ નથી. તેથી તે કાંઈ જૈન ધર્મ નથી. અને પરજીવની રક્ષાનો શુભરાગ થાય તે પણ જૈનધર્મ નથી. જૈનધર્મ તો વીતરાગભાવ છે. ને તે વીતરાગભાવ ચિદાનંદ સ્વભાવના અવલંબને છે. અજ્ઞાની જીવ રાગમાં ધર્મ માને છે તેથી પાંચ સમિતિ ગુપ્તિ વગેરે રાગમાં જ તે પોતાના ઉદ્યમને સર્વથા જોડી દે છે. સ્વભાવ તરફનો કિંચિત્ ઉદ્યમ તે કરતો નથી. તેથી તે એકાંત વ્યવહારી મિથ્યાદૃષ્ટિ છે.

વળી, બહારમાં અનશન કરે, ઓછું ખાય, અમુક વસ્તુ છોડી દે, રસ છોડીને લૂખું ખાય, એકાંતવાસમાં રહે, કાયક્લેશ કરે, એ પ્રમાણે દંભથી નહિ પણ મંદકષાયથી કરે અને તેમાં ધર્મ માનીને સદાય ત્યાં જ ઉત્સાહ કર્યા કરે,–એ પ્રમાણે શુભમાં પ્રવર્તીને તેને જ ધર્મ માને છે. તેને ધર્મ કિંચિત્ નથી. અજ્ઞાની માને છે કે બહારની વસ્તુનો ત્યાગ કરું તો ધર્મ થાય. પણ ભાઈ ! બહારની વસ્તુ તો તારાથી છૂટેલી જ પડી છે, તેનો ત્યાગ કરવાનું માનીને તેનો અહંકાર કરે છે તેણે 'સ્વધર્મનો ત્યાગ' કર્યો છે; સ્વભાવના આશ્રયે શુદ્ધતા થતાં રાગ તૂટે છે, તેનું ભાન નથી ને બહારમાં ત્યાગ કરું તો રાગ છૂટે–એમ અજ્ઞાની માને છે. તું તારા જ્ઞાયક-સ્વરૂપને સંભાળ, ને તેમાં એકાગ્ર રહે તેનું નામ ખરું વિવિક્તશય્યાસન વગેરે તપ છે. પરદ્રવ્ય લાભ-નુકસાન કરતું નથી–એમ જે સમજે તેને પરદ્રવ્યના સંગની ભાવના છૂટીને સ્વભાવની ભાવના થાય. ને તેનો રાગ ઘણો તૂટી જાય. પરદ્રવ્યથી નુકસાન નથી–માટે ગમે તેવો સ્વચ્છંદભાવ સેવવો–એવો એનો અર્થ નથી. સ્વચ્છંદભાવ સેવે તે તો એકલા પાપને સેવે છે, તેની અહીં વાત નથી. અહીં તો જે જીવ અશુભભાવ છોડીને વ્રત-તપ વગેરેના શુભભાવ કરે છે, ને તે શુભરાગને જ ધર્મ માને છે. પણ સ્વભાવનું ભાન કરતો નથી. તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવનું અવલંબન કરતો નથી. ને રાગમાં જ સર્વસ્વ માની લ્યે છે–તે જીવને બિલકુલ ધર્મ થતો નથી.

સહેજ પાપ લાગે ત્યાં સરળતાથી પ્રાયશ્ચિત્ત લ્યે, દેવગુરુની સેવા કરે, વિનય કરે, શરીરથી ઉદાસીનતા રાખે, સ્વાધ્યાય કરે, ને શુભવિકલ્પોરૂપ ધ્યાન કરે–એવા શુભભાવ કરે ને તે રાગને જ મોક્ષનું કારણ માને-પણ ચૈતન્યસ્વભાવને જાણે નહિ-તો તે વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવની દૃષ્ટિ વગર એકલી શાસ્ત્ર તરફની બુદ્ધિ તે પણ કલંકિતબુદ્ધિ છે. સ્વભાવને તો પઢતો નથી ને એકલા શાસ્ત્રને પઢીને તેનાથી કલ્યાણ માને છે તો તે જીવ બહિર્મુખ બુદ્ધિવાળો છે. ચૈતન્યસ્વભાવની રુચિ કરે નહિ ને રાગની રુચિ કરીને તેને ધર્મ માને તે જીવને ચૈતન્યનું ધ્યાન હોય નહીં. શુભવિકલ્પ કરીને તેને તે ધ્યાન માને છે, પણ તે ખરું ધ્યાન નથી. શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે :

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.
સંત વિના અંતની વાતમાં અંત પામતો નથી.
લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.

જ્ઞાનાર્ણવ વગેરેમાં વ્યવહાર ધર્મધ્યાનના અનેક પ્રકારોનું વર્ણન આવે છે પણ તે તો શુભરાગ છે. ચૈતન્યના ધ્યાનપૂર્વક એવો શુભવિકલ્પ હોય તેને વ્યવહારે ધર્મધ્યાન કહી દીધું, પણ જેને હજી ચૈતન્યનું ભાન નથી ને બહારના ક્રિયાકાંડના રાગથી ધર્મ માને છે, તેને તો નિશ્ચયધ્યાન હોતું નથી. ને નિશ્ચયધર્મધ્યાન વગર શુભરાગને વ્યવહારધ્યાન પણ કહેવાય નહિ. આત્મસ્વભાવ તરફ અંશે પણ વીર્ય વાળતો નથી. જ્યાં સ્વભાવના આશ્રયની વાત આવે ત્યાં તેનો તો નકાર આવે છે, ને શુભરાગરૂપ વ્યવહારના અવલંબનમાં જ સર્વશક્તિને રોકી દીધી છે, એવો જીવ એકાંત વ્યવહારાવલંબી મિથ્યાદ્રષ્ટિ છે. કર્મચેતનાની પ્રધાનતાથી અશુભ કર્મની પ્રવૃત્તિને તો દૂર કરી છે. ને શુભકર્મની પ્રવૃત્તિને અંગીકાર કરીને તેમાં પ્રવર્તે છે, પણ કર્મચેતનારહિત શુદ્ધ જ્ઞાનચેતના શું છે તેને જાણતો નથી. તે જીવ ક્રિયાકાંડના આડંબરથી ગર્ભિત છે. પણ સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્રથી ગર્ભિત એવી શુદ્ધજ્ઞાનચેતનાને તે કોઈ કાળમાં પામતો નથી. એવા જીવને શું થાય છે ? કે ઘણા પુણ્યઆચરણના ભારથી ગર્ભિત ચિત્તવૃત્તિને તે ધારણ કરે છે, શુભભાવમાં તે ખેદખિન્ન-આકુળવ્યાકુળ રહે છે. એવા જીવોને માટે કહ્યું છે કે

"સૌ સાધન બંધન થયાં. રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય ?"

ચિદાનંદ સ્વભાવનું ભાન નથી, ને કેવળ વ્યવહારનયના અવલંબને લાભ માને છે એવા કેવળ વ્યવહારાવલંબી મિથ્યાદ્રષ્ટિ જીવ શુભભાવથી સ્વર્ગ વગેરેના ક્લેશની પરંપરાને પામે છે. અજ્ઞાનીને સ્વર્ગમાં પણ ક્લેશ છે. "અત્યારે પુણ્ય કરીને સ્વર્ગમાં જશું ને ત્યાંથી ભગવાન પાસે જઈને સમ્યગ્દર્શન પામશું"–એમ વર્તમાનમાં જે જીવ રાગની રુચિ કરે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. અજ્ઞાનીને જ્ઞાનકળાનું ભાન નથી, પરમજ્ઞાનકળાના અભાવથી અજ્ઞાની જીવ બહુ કાળપર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે. જુઓ, જ્ઞાનીને જ્ઞાનકળા જાગ્રત છે. તેને રાગની રુચિ હોતી નથી. તે સહજ વૈરાગી છે. બનારસીદાસજી કહે છે કે

"જ્ઞાનકલા જિનકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી;
જ્ઞાની મગન વિષયસુખમાંહી, યહ વિપરીત સંભવે નાંહી."

જ્ઞાનીને સ્વભાવનું ભાન થયું એટલે તે સહજ વૈરાગી હોય છે, તેને વિષયમાં સુખબુદ્ધિ હોય એમ કદી બનતું નથી–આવા જ્ઞાની તો અલ્પકાળમાં મોક્ષ પામે છે, ને વ્યવહારની રુચિવાળો જીવ અનંતકાળ સંસારમાં પરિભ્રમણ કરે છે.

એ પ્રમાણે એકાંત વ્યવહારાવલંબી મિથ્યાદ્રષ્ટિનું વર્ણન કર્યું. હવે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદ્રષ્ટિનું વર્ણન કરશે.

[વીર સંવત ૨૪૭૮, અષાડ સુદ-૩, બુધવાર]

સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે, ચારે અનુયોગના શાસ્ત્રોનો સાર તો ચિદાનંદ સ્વભાવની વીતરાગી શ્રદ્ધા-વીતરાગી જ્ઞાન ને વીતરાગી આચરણ કરવું તે જ છે; વચ્ચે રાગ આવે ખરો. પણ તે મોક્ષમાર્ગ નથી.

આત્મા અનંત પર દ્રવ્યોથી જુદો છે, ને ખરેખર એક સમયના વિકારથી પણ જુદો તેનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ છે, આત્મા 'જ્ઞ' સ્વભાવી વસ્તુ છે, એની સન્મુખ દૃષ્ટિ અને એકાગ્રતા કરીને વીતરાગ ભાવ થાય તે જ શાસ્ત્રોનો સાર છે, સ્વભાવના અવલંબને જ મોક્ષમાર્ગ છે, અને ત્યાં નિશ્ચયપૂર્વક વચ્ચે રાગ આવે તે વ્યવહાર છે. આવા મોક્ષને જે જીવ નથી માનતો ને એકલા શુભઆચરણમાં જ મોક્ષ માર્ગ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને માટે ગાથા કહે છે કે :-

**चरणकरणप्पहाणा सुसमयपरमत्थमुक्कवावारा ।**
**चरणकरणस्स सारं णिच्चयसुद्धं ण जाणंति ॥**

ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ અને અવલંબન ચૂકીને બાહ્યના આચરણમાં અને રાગમાં જ જેને પ્રધાનતા થઈ ગઈ છે એવો જીવ સ્વસમયરૂપ પરમાર્થના વ્યાપારથી રહિત છે, અને ચરણકરણના સાર રૂપ જે શુદ્ધ નિશ્ચય છે તેને તે જાણતો નથી, ચૈતન્યની પ્રધાનતા ચૂકીને એકલા રાગની જ પ્રધાનતાથી મોક્ષમાર્ગ માની રહ્યો છે. તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રોમાં જે વ્યવહારનાં આચરણ કહ્યાં છે તેને તે મોક્ષ સાધન માને છે પણ તે વ્યવહાર કથનનો સાર તો શુદ્ધ આત્મા છે. તેને તે જાણતો નથી. એવા જીવને મોક્ષમાર્ગ હોતો નથી, તે જીવ એકાંત વ્યવહારાલંબી મિથ્યાદૃષ્ટિ છે.

હવે, જે જીવને શુદ્ધનિશ્ચય સ્વભાવનું ભાન તો નથી પણ શુદ્ધ નિશ્ચયની માત્ર વાતો કરે છે ને વ્યવહારના શુભભાવને છોડીને સ્વચ્છંદને સેવે છે તેવા એકાંત નિશ્ચયાભાસી જીવની વાત કરે છે. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા જ્ઞાન થયા પછી, તેમાં પૂર્ણ લીનતા ન થાય ત્યાં વચ્ચે ગણધરદેવને પણ શુભરાગ આવે છે, તે વ્યવહારને જે જીવ ન માને, ભૂમિકા અનુસાર કેવો રાગ ઘટે તેનો વિવેક ન કરે, અને માત્ર નિશ્ચયની વાતો કરે, તો તે પણ સ્વચ્છંદી છે.

જુઓ, નિશ્ચય સ્વભાવ તો આદરણીય જ છે, પણ જેને નિશ્ચયસ્વભાવની દૃષ્ટિ પ્રગટી હોય તેના જ્ઞાનમાં પર્યાયનો વિવેક બરાબર હોય છે. પરદ્રવ્યથી આત્માને પાપ લાગતું નથી–એમ કહીને રાત્રે ખાવાના ભાવ કરે. સ્ત્રીના સંગનો ભાવ કરે, એવા સ્વચ્છંદ પરિણામ સેવે-તો તે જીવ ભ્રષ્ટ છે, તેને નિશ્ચયનું પણ ભાન નથી, ને વ્યવહારનું પણ ભાન નથી, ભગવાનની પૂજા, દેવ, ગુરુનો વિનય, સાધર્મીનો પ્રેમ, ધર્મની પ્રભાવના વગેરેનો ઉલ્લાસભાવ ચોથા-પાંચમા ગુણસ્થાને ધર્મીને આવ્યા વિના રહેતો નથી, એવા શુભ ભાવને આડંબર કહીને તેને છોડી દે અને અશુભ ભાવને જ સેવે તો તે જીવ તો સ્વચ્છંદી અને ભ્રષ્ટ છે, તે જીવ વસ્તુસ્વરૂપને જાણતો નથી. નિશ્ચયની દૃષ્ટિ હોય તેને પર્યાયમાં કેટલો વૈરાગ્ય ભાવ હોય ? ''સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે''–એમ સમયસારમાં કહ્યું છે તે તો શુદ્ધસ્વભાવની દૃષ્ટિઅપેક્ષાએ કહ્યું છે, ભોગના ભાવ વખતે પણ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિઅપેક્ષાએ કહ્યું છે. ભોગના ભાવવખતે પણ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ ખસતી નથી. તે અપેક્ષાએ તેને દૃષ્ટિના જોરે નિર્જરા કહી છે, પણ જે રાગ ભાવ છે તે તો તેને પણ બંધનું કારણ છે; રાગ ભાવને લીધે કાંઈ નિર્જરા થતી નથી, પરિણામનો વિવેક ન કરે ને સ્વચ્છંદી થઈને ગમે તેવા ભાવમાં વર્તે–તો તે મૂઢ છે, જે ભૂમિકામાં જે જે યોગ્ય હોય તે સમજવું જોઈએ. અંદરમાં જેને ચિદાનંદ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થઈ હોય તેને રાગ ઘણો છૂટી જાય છે, ને રાગનાં નિમિત્તો તરફનું વલણ પણ છૂટી જાય છે. અજ્ઞાની તો સ્વભાવનું ભાન કરતો નથી, ને પર્યાયનો વિવેક પણ કરતો નથી, ને ''જેવી પર્યાય થવાની હશે તેવી પર્યાય ક્રમબદ્ધ થશે'' એમ કહીને વ્રતાદિના પરિણામથી ઉદાસીન થઈ, તીવ્ર વિષયકષાયભાવને સેવે, કુદેવાદિને માને ને સાચા દેવ-ગુરુ ઉપર પ્રેમ આવે નહિ–એવા જીવો તો મિથ્યાદૃષ્ટિ છે, પોતાના પરિવાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરતાં પણ સાધર્મી જીવો ઉપર ધર્મીજીવને અધિક પ્રેમ આવે છે. જેને દેવગુરુ ઉપર પ્રેમ આવતો નથી, સાધર્મી ઉપર પ્રેમ આવતો નથી, ને વિષયકષાયના પાપ પરિણામને સેવે છે–એવા જીવો તો ભ્રષ્ટ છે. જુઓ, વચ્ચે શુભરાગ, પૂજા ભક્તિ વગેરે વ્યવહાર આવે છે, પણ મોક્ષમાર્ગ તો નિશ્ચય સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનને ચારિત્રરૂપ વીતરાગ ભાવ જ છે. જુઓ, વચ્ચે ભૂમિકા અનુસાર શુભરાગ રૂપ વ્યવહાર આવે છે તેને જ્ઞાની જાણે છે, પણ તે રાગને મોક્ષમાર્ગ માનતા નથી, ''વચ્ચે વ્યવહાર આવે તેને જો મોક્ષનું કારણ માને તો જ વ્યવહારને માન્યો કહેવાય'' એમ નથી. જો વ્યવહારથી નિશ્ચય થવાનું માને તો તે પણ એકાંત વ્યવહારાભાસી મિથ્યાદ્રષ્ટિ છે, ને શુભરાગ તે મોક્ષમાર્ગ નથી માટે શુભનો વિકલ્પ છોડીને અશુભ રાગ કરે, મધ-માંસાદિ ખાવાના ભાવ કરે, ને નિશ્ચયની દ્રષ્ટિ છે એમ કહે, તો તે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદ્રષ્ટિ છે. મધ-માંસને ખાવાની વૃત્તિ તે મહા પાપ છે એવી વૃત્તિ ધર્મીને હોય નહિ,

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં તો કહે છે કે :

अष्टावनिष्टदुस्तरदुरितायतनान्यमूनि परिवर्ज्य ।
जिनधर्मदेशनाया भवन्ति पात्राणि शुद्धधियः ॥ ७४ ॥

જે પુરુષ દુઃખદાયક દુસ્તર અને પાપોના સ્થાનરૂપ આ આઠ પદાર્થોને છોડીને (મધ, માંસ, મદિરા, પાંચ ઉદુમ્બર ફળો) નિર્મળ બુદ્ધિવાળો થાય છે. તે જ જિનધર્મનો ઉપદેશ સાંભળવાને પાત્ર બને છે.

જેને માંસભક્ષણ વગેરેનો ભાવ છે તે જીવ ઉપદેશનું શ્રવણ કરવાને પણ પાત્ર નથી, તો પછી સમ્યગ્દ્રષ્ટિ જીવને તો માંસનું ભક્ષણ હોય જ કેમ ? જૈન નામ ધરાવનારને પણ માંસાદિનો ખોરાક ન હોય, સ્વભાવની રુચિ થાય એવા જીવને માંસાદિ ખાવાનો તીવ્ર પાપ ભાવ હોય જ નહિ. એવા પ્રકારનો તીવ્ર રાગ ભાવ તો સહેજે છૂટી જાય છે. કોઈ કહે કે સ્વભાવની દ્રષ્ટિ રાખવી, માંસાદિ ખાવામાં કાંઈ વાંધો નથી. તો તે જીવ નિશ્ચયવ્યવહાર રૂપ મોક્ષમાર્ગને જાણ્યા વિના બકી રહ્યો છે. સમ્યગ્જ્ઞાનીને ભૂમિકાનો બધા પ્રકારનો વિવેક સહજ હોય છે. નિશ્ચય-વ્યવહાર બન્નેનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. પોતાની કલ્પનાથી અભેદ નિશ્ચય સાધ્ય સાધન પોતામાં માને છે ને અશુભ સહિત મિથ્યાત્વરૂપ પ્રમાદમાં મૂર્છિત વર્તે છે 'अतो भ्रष्ट ततो भ्रष्ट' થઈ ન તો નિશ્ચયને પામે છે, ન તો વ્યવહાર શુભભાવને પામે છે, મોક્ષમાર્ગની પર્યાયનો તથા રાગનો વિવેક નથી, સત્ શાસ્ત્રનો સ્વાધ્યાય નહીં, સમાગમ નહીં, સાચા દેવ, ગુરુશાસ્ત્રનો વિનય નથી, સ્વચ્છંદમાં મૂઢ થઈ રહે છે. પ્રમાદરૂપી મદિરાથી મસ્ત રહે છે, અને કહે છે કે 'શુદ્ધ ઉપયોગમાં છીએ પણ ગણધરદેવને પણ નિર્વિકલ્પતા વધુ કાળ નથી રહેતી તો તને ક્યાંથી હોય ? જેમ કોઈ ઘણાં ઘી-સાકર દૂધ વગેરે ગરિષ્ટ પદાર્થ ખાઈને મૂર્છિત આળસુ જડ જેવો થઈ રહે છે તેમ શુષ્કજ્ઞાની જ્ઞાયકની જાગૃતિ વિના મૂઢતામાં આનંદ માની, સત્ સાધનનો નિષેધ કરી, પ્રમાદમાં મૂઢ થઈ રહે છે. સત્તાસ્વરૂપમાં આવે છે કે જેમ કોઈ સ્ત્રીનો પતિ ઘણાકાળથી પરદેશ ગયો હોય તથા તેના કાંઈ સમાચાર નહિ મળવાથી કોઈ પુરુષની સેવા કરે ને તેનું સન્માન કરે, તેની તન-મન, ધન, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, કષાય દ્વારા સેવા કરે છે, કદી ભાગ્ય જોગે તેને સાચો પતિ મળે ને તે અગાઉના પુરુષ કરતાં અધિકપણે ન વર્તે તો તે કુલટા સ્ત્રી છે તેમ સાચા દેવાદિના સંબંધમાં ધર્મીને થવું જોઈએ, નીચલી ભૂમિકામાં શુભ હોય છે પણ તેમાં ધર્મ માને તો નિશ્ચયથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભ્રષ્ટ છે, તે તથા નિશ્ચય વીતરાગ દૃષ્ટિ અને સ્વરૂપ સ્થિરતા વિના કથન માત્ર નિશ્ચયવાળો પુરુષ પ્રમાદમાં સંતોષ માને છે તે બેઉ નિગોદ વનસ્પતિ થવાના છે.

મિથ્યાત્વ અવસ્થામાં ત્રસપર્યાયનો વધુમાં વધુ કાળ બે હજાર સાગરનો છે. અજ્ઞાની કદી પુણ્ય કરે તો શાતા વેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫ ક્રોડા ક્રોડી સાગરની બાંધે પણ તે ભોગવી શકે નહિ, કારણ કે મિથ્યાત્વનું જોર છે તેથી તે સ્થિતિ તોડી અશુભના બળથી નિગોદમાં જ જશે, ત્યારે સમકિતીને કર્મની સ્થિતિ અંતઃક્રોડા ક્રોડીથી વધુ બંધાય નહિ, જ્ઞાનીને શુભનો રસ વધુ હોય પણ કર્મની સ્થિતિ જે સંસાર છે તે જ્ઞાનીને લાંબી હોય નહિ, કોઈ વાર બાંધે તોપણ તેટલી સ્થિતિ ભોગવશે નહિ પણ સ્વભાવના જોરથી તે કર્મની સ્થિતિ તોડીને મોક્ષમાં જ જશે,

જેને નિશ્ચય-વ્યવહારનું ભાન નથી તે વ્રતાદિને શુભાસ્રવ જાણી, પુણ્યબંધના ભયથી છોડી દે છે ને મુનિપદમાં હોવાયોગ્ય ૨૮ મૂળગુણ વગેરે શુભરાગરૂપ કર્મચેતનાનો એકાંત નિષેધ કરે છે. પુણ્ય જોઈતું નથી એમ કહી વ્યવહાર શુભનું આલંબન છોડી દે છે તથા નિઃકર્મદશારૂપ નિર્મળજ્ઞાન ચેતનાને તો કોઈ રીતે અંગીકાર કરી જ નથી. એ કારણે પરાશ્રયમાં જ સાવધાન છે, અતિશય ચંચળભાવને ધારણ કરે છે, દેહ-સંસાર-ભોગની લાગણી છે, નિશ્ચય-વ્યવહારનો કાંઈ વિવેક નથી, વ્યવહારરત્નત્રયમાં પણ પ્રેમ નથી. તેથી તે પ્રગટ અપ્રગટ પ્રમાદને આધીન છે. મહા અશુભભાવથી ભાવિ કાળમાં એકેંદ્રિયદશા કે જેમાં કર્મફળચેતના મુખ્ય છે તેને પામનાર હોવાથી વનસ્પતિ સમાન જડ છે.

સમયસારમાં કહેલ છે કે અજ્ઞાની શાસ્ત્રો ભણીભણીને પણ પરાશ્રયસંસારની પુષ્ટિ કરે છે. ''વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે ? વિદ્વાન નામ ધરાવી નિશ્ચય તત્ત્વજ્ઞાનનો સ્વાશ્રય છોડી, પરાશ્રય વ્યવહારનો પક્ષ કરી વર્તે છે. પણ કર્મક્ષયનું વિધાન તો નિશ્ચય પરમાર્થ સ્વરૂપ જ્ઞાયકના આશ્રયે જ છે તેને તે જાણતા નથી. અને ભગવાને વ્યવહારનું ફળ તો સંસાર કહેલ છે. તેની તેને ખબર નથી. તથા જે નિશ્ચયનું નામ લઈ, શુભપરિણામનો વિવેક છોડી, પ્રમાદમાં જ વર્તે છે, ભૂમિકા અનુસાર વ્યવહાર શું હોય છે તે જાણતા નથી, તે સ્વચ્છંદી થઈ અન્યાય કરી, અભક્ષ્ય સેવન કરી, મહા અશુભભાવ કરી શીઘ્ર નર્કનિગોદમાં જશે. સાચા દેવ, ગુરુ, ધર્મ, સાધર્મી પ્રત્યે પ્રેમ, પૂજા, ભક્તિ, અનુમોદના કરતો નથી તે કેવળ પાપ જ બાંધે છે.

જે કોઈ નિશ્ચયની રુચિ અને જ્ઞાન કરતો નથી, નિશ્ચયનો વિષય શું, નિશ્ચયનો વિષય કરનાર કેવો છે–ત્રિકાલ છે કે વર્તમાન છે–તે પણ જાણે નહિ, નિશ્ચયનય તે શ્રુતજ્ઞાનનો પર્યાય હોવાથી વર્તમાન છે તથા તેનો વિષય ત્રિકાળ છે. તેનું અંતરંગ સાધન ત્રિકાળ શુદ્ધ કારણ પરમાત્મ સ્વભાવ છે, તેનું ફળ વીતરાગી અવિનાશી શાંતિ છે તેનું ભાન નથી, સાચા દેવાદિનો વિનય, નવતત્ત્વ–છ દ્રવ્યનું જ્ઞાન કરે નહિ. સાચા ગુરુનો વિનય કરવાની પાત્રતા લાવે નહિ ને કહે કે આત્મા આત્માનો ગુરુ છે. અંદરથી જ્ઞાન થઈ જશે પણ સાચા જ્ઞાનમાં કોણ જ્ઞાની નિમિત્તરૂપ હતા તેનો વિવેક નથી તો તે મૂઢ છે. સ્વ-પર પ્રકાશક સમ્યગ્જ્ઞાન થાય તો સત્‌નું સત્‌ નિમિત્ત કોણ હોય તે જાણે જ ને સ્વસન્મુખ વીતરાગી દૃષ્ટિની મુખ્યતા હોય જ. એ રીતે નિશ્ચય-વ્યવહારની સંધિ હોય. તેને મોક્ષમાર્ગ હોય.

[વીર સંવત ૨૪૭૮, અષાડ સુદ-૪, ગુરુવાર]

ભગવાન કુંદકુંદાચાર્યદેવ મૂળ ગાથામાં તો એમ કહે છે કે :-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि।**
**सो तेण वीदरागो भवियो भवसायरं तरदि ॥**

આ સૂત્રમાંથી અમૃતચંદ્રાચાર્યદેવે બધી ટીકા કાઢી છે. જે જીવ આત્માની મુક્તિનો અભિલાષી છે તે જીવે સમસ્ત પરદ્રવ્યો પ્રત્યેથી રાગ છોડીને નિવૃત્ત-સ્વરૂપમાં એકાગ્રતા કરવી. જે જીવ રાગનો કામી છે તે જીવ નિવૃત્તિનો કામી નથી અને જે જીવ નિવૃત્તિનો કામી છે તે જીવ રાગનો કામી નથી. વચ્ચે રાગ હોવા છતાં ધર્મી જીવ તેનો કામી નથી, રાગના અવલંબને લાભ માને તે જીવ ભવસાગરને તરી શકતો નથી. જ્ઞાયક સ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતારૂપ વીતરાગભાવથી જ ભવસાગરનો પાર પમાય છે. માટે કહ્યું કે જે જીવ નિવૃત્તિનો કામી હોય તે જીવ કિંચિત્‌માત્ર પણ રાગ ન કરો. પહેલાં રાગની રુચિ ટળે, ને પછી સ્વરૂપમાં સ્થિરતા થતાં રાગ સર્વથા ટળીને મુક્તિ થાય છે.

જુઓ, અહીં એમ કહ્યું કે "રાગ કિંચિત્‌માત્ર ન કરો" આ ઉપદેશ કોને આપે છે ? જીવને આ ઉપદેશ આપે છે. કેમકે રાગ કર્મ કરાવતું નથી. પણ જીવ પોતાની પર્યાયમાં રાગ કરે છે. ને પોતે જ સ્વભાવના આશ્રયે તેને ટાળે છે. જો કર્મ રાગ કરાવતું હોય તો તો તે કર્મને ઉપદેશ કરવો જોઈએ કે "હે નિમિત્તો ! તમે દૂર થઈ જાઓ, તમે વિકાર ન કરાવો !" પણ એમ નથી; અહીં તો જીવને ઉપદેશ આપ્યો છે. પોતાની પર્યાયની સ્વતંત્રતાનું પણ જેને ભાન નથી તે તો મૂઢ છે. હે ભગવાન ! તું તારા ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેના આશ્રયે રાગભાવ છોડ, ને ભવસાગરને તરી જા ! સાધકને વચ્ચે રાગ આવે છે પણ અંદરમાં સ્વભાવની દૃષ્ટિ અને અવલંબન પડ્યું છે. આવી દશામાં નિશ્ચય-વ્યવહારની સંધિ છે. સાધક જીવ સ્વભાવની દૃષ્ટિ રાખીને વચ્ચે રાગરૂપ વ્યવહારને જાણે છે, ને સ્વભાવના અવલંબને તેને ટાળવાનો ઉદ્યમ પણ કરે છે.

जो कोई पुरुष मोक्षके निमित्त सदाकाल उद्यमी हो रहे हैं वे महा भाग्यवान हैं निश्चय व्यवहार इन दोनों नयोंमें किसी एकका पक्ष नहीं करते सर्वथा मध्यस्थभाव रखते हैं. शुद्ध चैतन्यस्वरूप आत्मतत्त्वमें स्थिरता करनेके लिये सावधान रहते हैं ।

જુઓ, આ સાધકજીવની વાત છે. હું ચિદાનંદ સ્વરૂપ કારણ શુદ્ધજીવ છું. એવું જેને ભાન થયું છે ને સ્વભાવનો ઉદ્યમ પણ વર્તે છે એવા ધર્મી સંત મુનિઓ મહાભાગ્યવાન છે, તેને અહીં ટીકામાં ભગવાન કહ્યા છે, તેઓ મોક્ષનો ઉદ્યમ કરે છે. ને પેટામાં સમ્યગ્દૃષ્ટિ તથા શ્રાવકો પણ આવી જાય છે. જુઓ અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે "ये तु पुनरपुनर्भवाय नित्यविहितोद्योगमहाभागा भगवन्तो निश्चयव्यवहारयोरन्यतरानवलम्बनेनात्यन्तमध्यस्थीभूताः शुद्धचैतन्य-रूपात्मतत्त्वविश्रान्तिविरचनोन्मुखाः" અહો ! મોક્ષમાર્ગને સાધનાર મહાભાગ્યવાન મુનિ ભગવંતોની શું વાત કરીએ ? તે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા સંત તો પંચપરમેષ્ઠીપદમાં ભળેલા ભગવાન છે, ગણધરદેવ પણ "णमो लोए सव्वसाहूणं" એમ કહીને તેમના ચરણે નમસ્કાર કરે છે, વ્યવહારમાં બહારમાં નમસ્કાર કરતા નથી. તે મુનિવરો કેવા છે ? નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોને જેમ છે તેમ જાણે છે, કોઈ નયનો એકાંત પક્ષ કરતા નથી. ચૈતન્ય સ્વભાવનું અવલંબન પર્યાયના ભેદને પણ જાણે છે. જો પર્યાયની શુદ્ધતાના ભેદોને ન માને તો તીર્થનો નાશ થાય છે, ને જો ધ્રુવ ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ ચૂકે તો કોના આશ્રયે તીર્થ રહેશે ? માટે નિશ્ચય અને વ્યવહાર બન્નેને જેમ છે તેમ જાણવા જોઈએ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વમાં સ્થિરતા કરવા માટે મુનિવરો સાવધાની રાખે છે. વચ્ચે રાગ હોય તેનું જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરાવ્યું પણ સાવધાની ક્યાં રાખવી ? કે ''शुद्धचैतन्यरूपात्मतत्त्वविश्रान्तिविरचनोन्मुखाः'' એટલે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વમાં લીન થવા માટે મુનિવરો ઉદ્યમ કરે છે. ક્ષણિક રાગાદિભાવોમાં તેમને સાવધાનતા નથી, પંચમહાવ્રતની વૃત્તિ ઊઠે તેની પણ ભાવના નથી, ભાવના તો સ્વરૂપમાં લીનતાની જ છે. નવતત્ત્વોમાં શુદ્ધચૈતન્યસ્વરૂપ જીવતત્ત્વ છે – તેમાં જ એકાગ્ર થવાનો મુનિવરોનો પુરુષાર્થ છે. અજીવ તત્ત્વ તો ભિન્ન છે, તેમાં પુરુષાર્થ કરવાનો નથી, પુણ્ય-પાપ, આસ્રવ ને બંધભાવો તો વિકાર છે, તેમાં પણ મુનિવરોની સાવધાની નથી, ને સંવર-નિર્જરા તો ક્ષણિક પર્યાય છે, તેમાં સ્થિરતા થઈ શકતી નથી, તેમ જ મોક્ષપર્યાય તો વર્તમાન છે નહિ, એટલે ધ્રુવ ચિદાનંદ સ્વરૂપમાં જ સ્થિર થવાનો પ્રયત્ન વર્તે છે. 'સ્થિરતા' પોતે સંવર-નિર્જરારૂપ પર્યાય છે. પણ સ્થિરરૂપ ધ્રુવ કારણ પરમાત્માના અવલંબને સ્થિરતા પ્રગટે છે, પર્યાયના અવલંબને સ્થિરતા રહેતી નથી, નવ તત્ત્વોને જાણવાં તે વ્યવહાર છે, ને શુદ્ધજીવતત્ત્વનો આશ્રય કરવો તે નિશ્ચય છે. જુઓ અહીં મોક્ષના પુરુષાર્થની વાત કરી. તેમાં કોઈ પૂછે કે અત્યારે તો મોક્ષ થતો નથી, તો મોક્ષના પુરુષાર્થની વાત કેમ કરો છો ? તેનો ઉત્તર—અરે ભાઈ ! વસ્તુ ત્રિકાળ મુક્તસ્વરૂપ છે, તેની પ્રતીત તો કર, તે વસ્તુની દૃષ્ટિ કરતાં ''દૃષ્ટિમોક્ષ'' તો અહીં થઈ જાય છે. તે દ્રવ્યના આશ્રયે પર્યાયમાં પણ અલ્પકાળે મુક્તિ થઈ જાય છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો તે જ મોક્ષનું કારણ છે. પર્યાયમાં એક સમયનો સંસાર છે પણ તે ત્રિકાળી દ્રવ્યમાં નથી, આવા ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિથી સમ્યગ્દર્શન થયું ત્યાં મુક્તદ્રવ્ય પ્રતીતમાં આવી ગયું. ને તે દ્રવ્યના આશ્રયે પર્યાયમાં મુક્તિનો પુરુષાર્થ પ્રગટે છે. માટે સ્વભાવમાં સાવધાન રહેવાનું કહ્યું છે પણ શાસ્ત્રાદિ તથા દેહાદિ પરમાં સાવધાની કરવાનું કહ્યું નથી.આ બંધથી છૂટવાનો માર્ગ છે. આગમ, યુક્તિ, અનુભવથી મોક્ષની રીત પ્રથમ જાણવી જોઈએ.

મુનિ શુદ્ધસ્વરૂપમાં સ્થિરતા માટે સાવધાન રહે છે, અંશે નબળાઈથી અસાવધાની રહે છે પણ તે મુખ્ય નથી. વસ્ત્ર છોડી નગ્ન થવામાં સાધુપદ નથી. મુનિપદ તે મોક્ષમાર્ગ છે. પરમેષ્ઠીપદમાં જેમનો નિવાસ છે એવાં અને શુદ્ધચૈતન્યના ધ્યાનમાં વર્તતા ભાવલિંગી મુનિ તે સાધક છે. સાધકદશા છે ત્યાં સુધી અંશે પ્રમાદ-બાધકભાવની પ્રવૃત્તિ થઈ જાય છે. પ્રમાદમાં શરીરની ક્રિયાની વાત નથી. પ્રમાદવૃત્તિ થાય તેને દૂર કરવા માટે શાસ્ત્રાનુસાર ક્રિયાકાંડ પરિણતિરૂપ પ્રાયશ્ચિત-સ્વભાવસન્મુખતારૂપ વિશેષ ઉગ્રતા કરે છે. ગુરુ સમક્ષ વિનયથી દોષ કહી બતાવે છે. જાણે વ્યવહાર વિધિનું માહાત્મ્ય કરતા હોય એમ લાગે છે પણ શુભરાગ કરવાની વાત નથી પણ વીતરાગમાર્ગના મહિમાની વાત છે.

છઠ્ઠી ભૂમિકામાં શરીરથી કાંઈ પ્રમાદ ચેષ્ટા થઈ હોય. જોકે ભાવમાં દોષ નથી તોપણ શરીર સંબંધી દોષ ગણી ગુરુ પાસે જઈ વ્યવહાર આલોચના કરે છે. જડની ક્રિયાનો કર્તા નથી, પર જીવ મર્યાનું પાપ નથી, પર્યાય ફેરવવાના બુદ્ધિ નથી, દ્રવ્યદૃષ્ટિ મુખ્ય છે તે છૂટી નથી.

છઠ્ઠા ગુણસ્થાને કોઈ વખતે અલ્પ આર્તધ્યાન-અશુભરાગ થઇ જાય છે પણ ભૂમિકાથી વિરુદ્ધ રાગ ન હોય. દૃષ્ટિમાં વીતરાગતા છે પણ ચારિત્રમાં શિથિલતા ન જોઈએ. તેથી જ્ઞાનમાં ઉગ્રતા કરવા માટે પ્રાયશ્ચિત્તનો વિચાર કરે છે. પ્રમાદ તો કર્મબદ્ધમાં છે પણ મુનિપદમાં છઠ્ઠે ગુણસ્થાને વધુકાળ રહેવું નથી. વિકલ્પમાં અલ્પપ્રમાદ થઈ જાય છે. કદી છઠ્ઠા ગુણસ્થાનને અયોગ્ય પ્રમાદ આવી જાય તો શાસ્ત્રાનુસાર ગુરુ પાસે જઈ પ્રાયશ્ચિત્ત લે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ને સ્વસન્મુખ થઈ રાગથી, નિમિત્તથી અત્યંત ઉદાસીનભાવ ધારણ કરે છે. મુનિને પરમેશ્વરપદ છે તેથી જરાય દોષ છુપાવે નહીં. વીતરાગભાવે નિરંતર જાગ્રત રહી અલ્પકાળમાં કેવળજ્ઞાન લે છે, મુનિ યથાશક્તિ પોતાને નિજચૈતન્યદ્વારા પોતામાં જ વેદે છે. ચારિત્રની શાંતિનું વેદન કરે છે. વચ્ચે વ્યવહાર રાગને જ્ઞેયપણે જાણે છે પણ તેને મોક્ષમાર્ગપણે માને નહિ.

જ્ઞાન તો યથાર્થ કરવું જોઈએ ને ? તે વિના ગોટા વાળ્યે કાંઈ વળે નહિ. વ્યવહાર રત્નત્રયનો શુભરાગ આવે છે તેનો દૃષ્ટિમાં નિષેધ છે.

વીતરાગી માર્ગ છે તેની અંદરથી રુચિ ન કરે તો વસ્તુ અંદરથી જવાબ નહિ આપે-ચેતનાની જાગૃતિ નહિ થાય. જેમ રાજાને યોગ્ય પદ્ધતિથી, યોગ્ય નામે અરજી કરે તો તે જવાબ આપે તેમ ચિદાનંદ આત્માને પૂર્વાપર વિરોધ રહિત યથાર્થશ્રદ્ધા-જ્ઞાનદ્વારા જાણી, પછી અંતર્મુખ થાય તો સાચી શાંતિનો અનુભવ થાય. મુનિને અખંડ નિજાનંદ સ્વભાવની જ મુખ્યતા છે. તેથી તે સદા નિજ સ્વરૂપના ઉપયોગી હોય છે. દૃષ્ટિમાં નિત્ય સ્થિર રહેવા માગે છે ને ક્ષણમાં સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પ વીતરાગ આનંદને વેદે છે.

રાગ આવે છે તેને ન જાણે તોપણ જ્ઞાન ખોટું છે. કર્મના ઉદય અનુસાર રાગ થવો માને તોપણ ભૂલ છે ને ત્રિકાળ સ્વભાવમાં રાગ માને તો પણ ભૂલ છે. એ સર્વ મિથ્યાભાવો રહિત નિર્મળ શ્રદ્ધાપૂર્વક અનેકાંતવાદી સાધક દશાવાન જીવ છે તે નિજસ્વરૂપ સ્થિરતાનુસાર ક્રમે ક્રમે કર્મમળનો નાશ કરે છે.

'કર્મનો નાશ કરે છે' તે વ્યવહારકથન છે, રાગનો ત્યાગ કહેવો તે પણ નામમાત્ર છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરતાં રાગ છૂટી જાય છે. પરમાર્થથી જોવામાં આવે તો રાગના ત્યાગના કર્તાપણાનું નામ આત્માને નથી કેમકે જ્ઞાનસ્વભાવી આત્મા પોતે કદી સ્વભાવથી છૂટ્યો નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા માટે કર્મને અને રાગને છોડવાનું કથન ઉપચારથી છે. ખરેખર રાગ અને કર્મને છોડનાર આત્માને માનો તો રાગ અને જડકર્મનો આત્મા કર્તા થઈ જાય છે. જ્ઞાનમાં સ્થિરતા કરે ત્યાં સ્વયં કર્મ અને રાગનો અભાવ થઈ જાય છે.

[વીર સંવત ૨૪૭૮, અષાડ સુદ-૫, શુક્રવાર]

સર્વ શાસ્ત્રોનો સાર વીતરાગતા છે. કથન વ્યવહાર-નિશ્ચયનાં ગમે તેટલાં આવે પણ શુદ્ધ આત્મદ્રવ્યના આશ્રયે વીતરાગતા કરવી તે જ તાત્પર્ય છે.

સ્વભાવનો આશ્રય પૂર્ણપણે નથી ત્યાં સાધકદશામાં અલ્પરાગ છે. પોતાના જ આશ્રયે ક્રમે ક્રમે કર્મનો નાશ કરે છે. જડકર્મનો નાશ કરી શકાતો નથી, પણ નિમિત્તથી કથન છે. ચૈતન્યના આશ્રયે સ્થિરતા વધતાં શુભાશુભ રાગનો નાશ થઈ જાય છે.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિની વાત છે. શાંત જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિર-અડોલ થઈ ગયા છે. જાણે વનસ્પતિ થઈ ગયા છે. અજ્ઞાની કે જે પાપમાં લીન છે તેને તથા એકલા શુભરાગમાં લીન છે તેને પણ જડ જેવા વનસ્પતિ કહ્યા હતા, અહીં જ્ઞાનાનંદમાં જાગ્રત છે તેને વનસ્પતિ જેવા સ્થિર કહ્યા છે.

મુનિ કેવા છે ? કે જેમણે કર્મફળચેતનાનો અનુભવ અર્થાત્ હર્ષ-શોકાદિ કલુષતાનું વેદન દૂર કરેલ છે, ચૈતન્ય આનંદમાં ઉગ્ર સ્થિરતાના અવલંબન વડે તેમને પર તરફનું વલણ જ નથી થતું.

વળી કર્મચેતના અર્થાત્ શુભાશુભરાગ-વ્યવહાર રત્નત્રય, પંચમહાવ્રતનો રાગ તેનો અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જેમને નથી પણ કેવળ જ્ઞાનચેતનામય શુદ્ધાત્માનુભવ વડે આત્મિક સુખથી ભરપૂર છે તે શીઘ્ર જ સ્વભાવનું ઉગ્ર આલંબન લઈને સંસારસમુદ્રથી પાર થઈને, સર્વ જિનશાસ્ત્રોના સારરૂપ મૂળ શાશ્વત આત્મિક મોક્ષપદના ભોક્તા થાય છે.

નિશ્ચય વગરનો એકલો વ્યવહાર ખોટો ને નિશ્ચયપૂર્વક વ્યવહાર ન હોય તો પૂર્ણ વીતરાગ થાય, સાધક ન રહે.

હવે છેલ્લી ગાથામાં આચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરતાં કહે છે કે પ્રવચન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને માર્ગની પ્રભાવના અર્થે મેં આ શાસ્ત્ર રચ્યું છે.

---

**मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया ।**
**भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं ॥ १७३ ॥**

**मार्गप्रभावनार्थं प्रवचनभक्तिप्रचोदितेन मया ।**
**भणितं प्रवचनसारं पञ्चास्तिकसंग्रहं सूत्रम् ॥ १७३ ॥**

**મેં માર્ગ-ઉદ્યોતાર્થ, પ્રવચનભક્તિથી પ્રેરાઈને,**
**કહ્યું સર્વપ્રવચન-સારભૂત 'પંચાસ્તિસંગ્રહ' સૂત્રને. ૧૭૩.**

**અન્વયાર્થ** : [प्रवचनभक्तिप्रचोदितेन मया] પ્રવચનની ભક્તિથી પ્રેરિત એવા મેં [मार्गप्रभावनार्थं] માર્ગની પ્રભાવના અર્થે [प्रवचनसारं] પ્રવચનના સારભૂત [पञ्चास्तिकसंग्रहं सूत्रम्] 'પંચાસ્તિકાયસંગ્રહ' સૂત્ર [भणितम्] કહ્યું.

---

**तात्पर्यवृत्ति** : इति शास्त्रतात्पर्योपसंहारवाक्यं । एवं वाक्यपंचकेन कथितार्थस्य विवरणमुख्यत्वेन एकादशस्थले गाथा गता । अथ श्रीकुन्दकुन्दाचार्यदेवः स्वकीयप्रतिज्ञां निर्वाहयन् सन् ग्रन्थं समापयति,– **पंचास्तिकायसंग्रहसूत्रं** । किंविशिष्टं ? प्रवचनसारं । किमर्थं ? मार्गप्रभावनार्थमिति । तथाहि – मोक्षमार्गो हि संसारशरीरभोगवैराग्यलक्षणो निर्मलात्मानुभूतिस्तस्याः प्रभावनं स्वयमनुभवनमन्येषां प्रकाशनं वा तदर्थमेव परमागमभक्तिप्रेरितेन मया कर्तृभूतेन पंचास्तिकायशास्त्रमिदं व्याख्यातं । किं लक्षणं ? पंचास्तिकायषड्द्रव्यादिसंक्षेपेण व्याख्यानेन समस्तवस्तुप्रकाशकत्वात् द्वादशांगस्यापि प्रवचनस्य सारभूतमिति भावार्थः ॥ १७३ ॥ इति ग्रंथसमाप्तिरूपेण द्वादशस्थले गाथा गता ।

एवं **तृतीयमहाधिकारः समाप्तः ॥ ३ ॥**

अथ यतः पूर्वं संक्षेपरुचिशिष्यसंबोधनार्थं पंचास्तिकायप्राभृतं कथितं ततो यदा काले शिक्षां गृह्णाति तदा शिष्यो भण्यते इति हेतोः शिष्यलक्षणकथनार्थं परमात्माराधकपुरुषाणां दीक्षाशिक्षा-व्यवस्थाभेदाः प्रतिपाद्यंते । दीक्षाशिक्षागणपोषणात्मसंस्कारसल्लेखनोत्तमार्थभेदेन षट्काला भवंति । तद्यथा । यदा कोप्यासन्नभव्यो भेदाभेदरत्नत्रयात्मकमाचार्यं प्राप्यात्माराधनार्थं बाह्याभ्यंतरपरिग्रहपरित्यागं कृत्वा जिनदीक्षां गृह्णाति स दीक्षाकालः, दीक्षानंतरं निश्चयव्यवहाररत्नत्रयस्य परमात्मतत्त्वस्य च परिज्ञानार्थं तत्प्रतिपादकाध्यात्मशास्त्रेषु यदा शिक्षां गृह्णाति स शिक्षाकालः । शिक्षानंतरं निश्चयव्यवहारमोक्षमार्गे स्थित्वा तदर्थिनां भव्यप्राणिगणानां परमात्मोपदेशेन यदा पोषणं करोति स च गणपोषणकालः । गणपोषणानन्तरं गणं त्यक्त्वा यदा निजपरमात्मनि शुद्धसंस्कारं करोति स आत्मसंस्कारकालः । आत्मसंस्कारानंतरं तदर्थमेव क्रोधादिकषायरहितानंतज्ञानादिगुणलक्षणपरमात्मपदार्थे स्थित्वा रागादिविकल्पानां सम्यग्लेखनं तनुकरणं भावसल्लेखना तदर्थं कायक्लेशानुष्ठानं द्रव्यसल्लेखना तदुभयाचरणं स सल्लेखनाकालः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सल्लेखनानंतरं विशुद्धज्ञानदर्शनस्वभावात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानानुष्ठानबहिर्द्रव्येच्छानिरोधलक्षणतपश्चरणरूप-निश्चयचतुर्विधाराधना या तु सा चरमदेहस्य तद्भवमोक्षयोग्या तद्विपरीतस्य भवांतरमोक्षयोग्या चेत्युभयमुत्तमार्थकालः। अत्र कालषट्कमध्ये केचन प्रथमकाले केचन द्वितीयकाले केचन तृतीयकालादौ केवलज्ञानमुत्पादयंतीति कालषट्कनियमो नास्ति। अथवा "ध्याता ध्यानं फलं ध्येयं यत्र यस्य यदा यथा। इत्यष्टागांनि योगानां साधनानि भवंति च"। अस्य संक्षेपव्याख्यानं "गुप्तेन्द्रियमना ध्याता ध्येयं वस्तु यदा स्थितं। एकाग्रचिंतनं ध्यानं फलं संवरनिर्जरे" ।। इत्यादि तत्त्वानुशासनध्यानग्रन्थादौ कथितमार्गेण जघन्यमध्यमोत्कृष्टभेदेन त्रिधा ध्यातारो ध्यानानि च भवंति। तदपि कस्मात्? तत्रैवोक्तमास्ते द्रव्यक्षेत्रकालभावरूपा ध्यानसामग्री जघन्यादिभेदेन त्रिधेति वचनात्। अथवातिसंक्षेपेण द्विधा ध्यातारो भवन्ति। शुद्धात्मभावनाप्रारंभकाः पुरुषाः सूक्ष्मसविकल्पावस्थायां प्रारब्धयोगिनो भण्यन्ते। निर्विकल्पशुद्धात्मावस्थायां पुनर्निष्पन्नयोगिन इति संक्षेपेणाध्यात्मभाषया ध्यातृध्यानध्येयानि संवरनिर्जरासाधकरागादिविकल्परहितपरमानंदैकलक्षणसुखवृद्धिनिर्विकारस्वसंवेदनज्ञानवृद्धिबुद्धयादिसप्तर्द्धिरूप-ध्यानफलभेदा ज्ञातव्याः। किं च। शिक्षकप्रारंभककृताभ्यासनिष्पन्नरूपेण कैश्चिदन्यत्रापि यदुक्तं ध्यातृपुरुषलक्षणं तदत्रैवांतर्भूतं यथासंभवं द्रष्टव्यमिति। इदानीं पुनरागमभाषया षट्कालाः कथ्यंते। यदा कोपि चतुर्विधाराधनाभिमुखः सन् पंचाचारोपेतमाचार्यं प्राप्योभयपरिग्रहरहितो भूत्वा जिनदीक्षां गृह्णाति तदा दीक्षाकालः, दीक्षानंतरं चतुर्विधाराधनापरिज्ञानार्थमाचाराराधनादिचरणकरणग्रन्थशिक्षां गृह्णाति तदा शिक्षाकालः, शिक्षानंतरं चरणकरणकथितार्थानुष्ठानेन व्याख्यानेन च पंचभावनासहितः सन् शिष्यगणपोषणं करोति तदा गणपोषणकालः,। भावनाः कथ्यंते – तपःश्रुतसत्त्वैकत्वसंतोषभेदेन भावनाः पंचविधाः भवंति। तद्यथा-अनशनादिद्वादशविधनिर्मलतपश्चरणं तपोभावना, तस्याः फलं विषयकषायजयो भवति। प्रथमानियोगचरणानियोगकरणानियोगद्रव्यानियोगभेदेन चतुर्विध आगमाभ्यासः श्रुतभावना। तथाहि – त्रिषष्टिशलाकापुरुषपुराणव्याख्यानं प्रथमानियोगो भण्यते, उपासकाध्ययनाचाराधनादि-ग्रन्थैर्देशचारित्रसकलचारित्रव्याख्यानं चरणानियोगो भण्यते, जिनांतरत्रिलोकसारलोकविभागलोकानियोगादि-व्याख्यानं करणानियोगो भण्यते, प्राभृततत्त्वार्थसिद्धान्तग्रन्थैर्जीवादिषड्द्रव्यादीनां व्याख्यानं द्रव्यानियोग इति, तस्याः श्रुतभावनायाः फलं जीवादितत्त्वविषये संक्षेपेण हेयोपादेयतत्त्वविषये वा संशयविमोह-विभ्रमरहितो निश्चलपरिणामो भवति। उक्तं च। "आत्महितास्था भावस्य संवरो नवनवश्च संवेगः निःकंपता तपोभावना परस्योपदेशनं ज्ञातुः" ।। मूलोत्तरगुणाद्यनुष्ठानविषये निर्गहनवृत्तिः सत्त्वभावना, तस्याः फलं घोरोपसर्गपरीषहप्रस्तावेपि निर्गहनेन मोक्षं साधयति पांडवादिवत्। "एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो। सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ।।" इत्येकत्वभावना तस्याः फलं स्वजनपरजनादौ निर्मोहत्वं भवति। तथा चोक्तं। "भगिनीं विडंब्यमानां यथा विलोक्यैक-भावनाचतुरः। जिनकल्पितो न मूढः क्षपकोपि तथा न मुह्येत" ।। मानापमानसमताबलेनाशनपानादौ यथालाभेन संतोषभावना तस्याः फलं रागाद्युपाधिरहितपरमानंदैकलक्षणात्मोत्थसुखतृप्त्या निदानबंधादिविषय-सुखनिवृत्तिरिति, गणपोषणानंतरं स्वकीयगणं त्यक्त्वात्मभावनासंस्कारार्थी भूत्वा परगणं गच्छति तदात्मसंस्कारकालः, आत्मसंस्कारानंतरमाचाराराधनाकथितक्रमेण द्रव्यभावसल्लेखनां करोति तदा सल्लेखनाकालः, सल्लेखनानंतरं चतुर्विधाराधनाभावनया समाधिविधिना कालं करोति तदा स उत्तमार्थकालश्चेति। अत्रापि केचन प्रथमकालादावपि चतुर्विधाराधनां लभंते षट्कालनियमो नास्ति। अयमत्र भावार्थः "आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य। आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।" एवं प्रभृत्यागमसारादर्थपदानामभेदरत्नत्रयप्रतिपादकानामनुकूलं यत्र व्याख्यानं क्रियते तदध्यात्मशास्त्रं भण्यते, तदाश्रिताः षट्कालाः पूर्वं संक्षेपेण व्याख्याताः। वीतरागसर्वज्ञप्रणीत-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



षड्द्रव्यादिसम्यक्श्रद्धानज्ञानव्रताद्यनुष्ठानभेदरत्नत्रयस्वरूपं यत्र प्रतिपाद्यते तदागमशास्त्रं भण्यते। तच्चाभेदरत्नत्रयात्मकस्याध्यात्मानुष्ठानस्य बहिरंगसाधनं भवति। तदाश्रिता अपि षट्काला संक्षेपेण व्याख्याता, विशेषेण पुनरुभयत्रापि षट्कालव्याख्यानं पूर्वाचार्यकथितक्रमेणान्यग्रंथेषु ज्ञातव्यं ॥

इति श्री **जयसेनाचार्य** कृतायां तात्पर्यवृत्तौ प्रथमतस्तावदेकादशोत्तरशतगाथाभिरष्टभिरंतराधिकारैः, पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकनामा प्रथममहाधिकारः। तदनंतरं पंचाशद्गाथाभिर्दशभिरंतराधिकारैर्नवपदार्थप्रतिपादकाभिधानो द्वितीयो महाधिकारः। तदनंतरं विंशतिगाथाभिर्द्वादशस्थलैर्मोक्षस्वरूपमोक्षमार्गप्रतिपादकाभिधानस्तृतीयमहाधिकार श्चेत्यधिकारत्रयसमुदायेनैकाशीत्युत्तरशतगाथाभिः **पंचास्तिकायप्राभृतः** समाप्तः॥ विक्रमसंवत् १३६९ वर्षेराश्विनशुद्धिः, १ भौमदिने।

समाप्तेयं तात्पर्यवृत्तिः पञ्चास्तिकायस्य।

**समयव्याख्या : कर्तुः प्रतिज्ञानिर्व्यूढिसूचिका समापनेयम्। मार्गो हि परमवैराग्यकरणप्रवणा पारमेश्वरी परमाज्ञा, तस्याः प्रभावनं प्रख्यापनद्वारेण प्रकृष्टपरिणतिद्वारेण वा समुद्योतनम्, तदर्थमेव परमागमानुरागवेगप्रचलितमनसा संक्षेपतः समस्तवस्तुतत्त्वसूचकत्वादतिविस्तृतस्यापि प्रवचनस्य सारभूतं पञ्चास्तिकायसंग्रहाभिधानं भगवत्सर्वज्ञोपज्ञत्वात् सूत्रमिदमभिहितं मयेति। अथैवं शास्त्रकारः प्रारब्धस्यान्तमुपगम्यात्यन्तं कृतकृत्यो भूत्वा परमनैष्कर्म्यरूपे शुद्धस्वरूपे विश्रान्त इति श्रद्धीयते॥** १७३ ॥

**इति समयव्याख्यायां नवपदार्थपुरस्सरमोक्षमार्गप्रपञ्चवर्णनो द्वितीयः श्रुतस्कन्धः समाप्तः॥**

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः।**
**स्वरूपगुप्तस्य न किंचिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः॥ ८॥**

**इति पंचास्तिकायसंग्रहाभिधानस्य समयस्य व्याख्या समाप्ता।**

**અનુવાદ :** આ, કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે (અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્રસમાપ્તિ કરે છે).

માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા (અર્થાત્ પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા); તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન દ્વારા અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે; [પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે (૧) તેની પ્રખ્યાતિ–જાહેરાત–કરવા દ્વારા અથવા (૨) પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા, તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો તે;] તેના અર્થે જ (માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું–કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી (-વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જાણીને પ્રણીત કરેલું હોવાથી) 'સૂત્ર' છે, અને જે સંક્ષેપથી સમસ્તવસ્તુતત્ત્વનું (સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું) પ્રતિપાદન કરનારું હોવાથી, અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે (-દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ એવા પણ જિનપ્રવચનના સારભૂત છે).

આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ, પરમનૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા (–પરમ નિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા)–એમ શ્રદ્ધવામાં આવે છે (અર્થાત્ એમ અમે શ્રદ્ધીએ છીએ). ૧૭૩

આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં નવપદાર્થપૂર્વકમોક્ષમાર્ગપ્રપંચવર્ણન નામનો દ્વિતીયશ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

**[હવે, 'આ ટીકા શબ્દોએ કરી છે, અમૃતચંદ્રસૂરિએ નહિ' એવા અર્થનો એક છેલ્લો શ્લોક કહીને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ ટીકાની પૂર્ણાહુતિ કરે છે :]**

**[શ્લોકાર્થ :-] પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા) કરી છે; સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી. [૮]**

**આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસંગ્રહ નામના સમયની અર્થાત્ શાસ્ત્રની (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત સમયવ્યાખ્યા નામની) ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, અષાડ સુદ-૫, શુક્રવાર]

મેં કુંદકુંદાચાર્યે આ પંચાસ્તિકાયની રચના કરી છે, તેમાં પૂર્વાચાર્યોની પરંપરાથી શબ્દબ્રહ્મ અનુસાર કહ્યું છે, તેમાં પાંચ દ્રવ્યોનું મુખ્યપણે વર્ણન છે. તથા કાળદ્રવ્યનું વર્ણન ગૌણ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આ શાસ્ત્રના ટૂંકા અર્થો લખ્યા છે. તેમાં આ ગાથાનો અર્થ લખ્યો છે કે :

''માર્ગનો પ્રભાવ થવાને અર્થે, પ્રવચનની ભક્તિથી ઉત્પન્ન થયેલી પ્રેરણાથી પ્રવચનના રહસ્યભૂત 'પંચાસ્તિકાય'ના સંગ્રહરૂપ આ શાસ્ત્ર મેં કહ્યું.''

અહીં મેં એટલે શ્રીમદ્ રાજચંદ્ર ન સમજવા પણ કુંદકુંદાચાર્યદેવે રચ્યું છે. જગતમાં છયે દ્રવ્યો સ્વતંત્ર સ્વયંસિદ્ધ અસ્તિત્વવાળાં છે, જીવનું અસ્તિત્વ જુદું ને પુદ્‌ગલનું અસ્તિત્વ જુદું, કર્મ તે પુદ્‌ગલાસ્તિકાય છે, તે જીવમાં કાંઈ કરે નહિ, ને જીવ તેમાં કાંઈ કરે નહિ. આ પંચાસ્તિકાયશાસ્ત્રમાં દ્વાદશાંગરૂપી જિનવાણીનું રહસ્ય છે. કુંદકુંદાચાર્યદેવ કેવા છે ? તે પોતે કહે છે કે જિનવાણી પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને જિનમાર્ગની પ્રભાવના અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. અહો ! વીતરાગી મોક્ષમાર્ગ જગતમાં જળવાઈ રહે ને તેની પ્રભાવના થાય-તે અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. આત્માના આશ્રયે જે પરમ નિરપેક્ષ વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે માર્ગ છે, તે માર્ગની પ્રભાવના અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. એટલે રાગથી ધર્મ મનાવે કે કર્મ વિકાર કરાવે એમ મનાવે તે માર્ગ નથી. પણ કુમાર્ગ છે. માર્ગની પ્રભાવના ક્યારે થાય ? કે જો પોતે પોતાના પુરુષાર્થમાં સ્વતંત્ર હોય તો. પોતે પોતાના સ્વભાવના આશ્રયે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાં તેનું નામ માર્ગ છે, ને તે જ જિનેશ્વરદેવની આજ્ઞા છે. તેની પ્રભાવના માટે આ શાસ્ત્રની રચના કરી છે. એટલે શાસ્ત્રમાંથી રાગનું તાત્પર્ય કાઢે તો તે જીવશાસ્ત્રને સમજ્યો નથી.

સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહનો રાગ થાય છે, તે રાગ કાંઈ ચારિત્રમોહકર્મના ઉદયને લીધે થતો નથી, પણ પોતાની પર્યાયની નબળાઈથી થાય છે-એમ ધર્મી જાણે છે. રાગને જો સ્વભાવ માને તો પર્યાયબુદ્ધિ કહેવાય. પણ પર્યાયમાં રાગને જાણવો તે કાંઈ પર્યાયબુદ્ધિ નથી અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં રાગ થાય છે તે કર્મ કરાવે છે એમ માને તો તે પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કોઈ એમ કહે કે 'રાગ કર્મ જ કરાવે છે એમ માને તો જ રાગથી ભેદજ્ઞાન થાય',-તો એમ કહેનારને ભેદજ્ઞાનની ખબર નથી. પોતાની પર્યાયની નબળાઈથી રાગ થાય છે–એમ પોતાની પર્યાયને પણ જો સ્વતંત્ર ન જાણે તો તેને રાગથી ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી, તે મિથ્યાદૃષ્ટિ છે; તેને તો કર્મથી ભિન્નતાનું પણ ભાન નથી, તો પછી રાગથી ભેદજ્ઞાન ક્યાંથી કરશે ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ ખરેખર માર્ગ છે, તે માર્ગની પ્રભાવના આત્મા ક્યારે કરી શકે ? કે જો તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેમાં સ્વતંત્ર હોય તો, ચારિત્રમોહકર્મ ખસે ત્યારે ચારિત્ર થાય-એમ જો કર્મને આધીન હોય તો જીવના હાથમાં માર્ગની પ્રભાવના ન રહી.

જગતમાં અનંત જીવાસ્તિકાય છે. તે દરેક ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, અનંત પુદ્‌ગલાસ્તિકાય છે તે જીવથી ભિન્ન છે. કોઈની કૃપાથી જીવનું કલ્યાણ કે અહિત થઈ જતું નથી, કેમકે દરેક જીવ ભિન્ન ભિન્ન છે. ''માર્ગ પ્રભાવના'' એમ કહેવામાં આચાર્યદેવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેને આત્મસ્વભાવના આશ્રયે બતાવ્યાં છે.

સંસાર-વિષય-ભોગથી પરમવૈરાગ્ય કરાવનારી સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનું નામ વૈરાગ્ય છે. ''मार्गो हि परमवैराग्यकरणप्रवणा पारमेश्वरी परमाज्ञा'' સ્વભાવમાં રમણતાથી સંસાર-શરીર-ભોગ પ્રત્યે પરમ વૈરાગ્ય થઈ જાય. એનું નામ પરમેશ્વરની પરમ આજ્ઞા છે, ને તે જ મોક્ષમાર્ગ છે. પરપદાર્થ જો આત્મા ઉપર બળજોરી કરીને વિકાર કરાવતું હોય તો આત્મા તેનાથી પરમ વૈરાગ્ય કરી શકે નહિ. ચિદાનંદ સ્વરૂપમાં અપેક્ષા ને સમસ્ત પરદ્રવ્યથી ઉપેક્ષા-એવો માર્ગ છે. અહો ! આખી દુનિયાનો મારા સ્વરૂપમાં બિલકુલ પ્રવેશ નથી, એમ જગતથી ઉદાસ થઈને ચિદાનંદ સ્વરૂપની શ્રદ્ધા, તેનું જ્ઞાન ને તેમાં લીનતા કરવી–તેનું નામ મોક્ષમાર્ગ છે.

પરના આશ્રયે જો કલ્યાણ થતું હોય તો પરથી વૈરાગ્ય કરીને સ્વમાં વળવાનું રહ્યું નહીં. તેમ જ દયા-વ્રતાદિના રાગથી જો કલ્યાણ થતું હોય, તો રાગથી વિરક્ત થઈને સ્વરૂપમાં વળવાનું રહેતું નથી. માટે સંસાર એટલે રાગાદિ ઉદયભાવો તેમનાથી ઉદાસીન થઈને સ્વસ્વરૂપમાં આવવું તેનું નામ વીતરાગની આજ્ઞા છે. જુઓ, વચ્ચે વ્યવહાર આવે તે ખરેખર ભગવાનની આજ્ઞા નથી. નિમિત્ત, વિકાર અને પર્યાય તરફની રુચિ તજી, સ્વાશ્રય શ્રદ્ધા-જ્ઞાન-આનંદરૂપ સ્વભાવમાં કરવું તે જ આજ્ઞા છે. જે જીવચૈતન્યમાં વલણ કરે છે. ને પરથી ઉપેક્ષિત થાય છે તેને ભગવાનની આજ્ઞા નિમિત્ત કહેવાય.

ત્રિકાળ શુદ્ધ સ્વરૂપમાં પરિપૂર્ણ ભગવાનપણું છે ને વર્તમાન નબળાઈમાં પર્યાય અપેક્ષાએ પામરપણું છે એમ જે જાણે તેને પ્રમાણજ્ઞાન છે. મોક્ષમાર્ગની શ્રદ્ધા થવામાં પ્રથમ કુદેવ, કુશાસ્ત્ર, કુગુરુનો તથા તેને માનનારનો આદર છોડીને યથાર્થ ઓળખાણપૂર્વક સુદેવાદિને માને, પચીસ દોષરહિત સમ્યક્ત્વ પાળે તે વ્યવહારે આજ્ઞા છે અને નિર્વિકલ્પ નિશ્ચય જ્ઞાયકસ્વભાવી આત્માના અવલંબનમાં રહેવું તે નિશ્ચય આજ્ઞા છે. પરથી અને શુભરાગથી પણ પરમ ઉદાસીનતા થતાં નિશ્ચય રત્નત્રયરૂપ રમણતા થાય તે ભગવાનકથિત આજ્ઞા છે.

ભગવાનની આજ્ઞા કોણે માની કહેવાય ? કે રાગને ધર્મ ન માને; જો રાગને ધર્મ માને તો તેણે ભગવાનની આજ્ઞા માની નથી. ભગવાનની આજ્ઞા તો પરમ વૈરાગ્ય કરાવનારી છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર તે ત્રણેય પરથી તદ્દન નિરપેક્ષ એવા સ્વભાવના આશ્રયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, ને તે જ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ આવે તે મોક્ષમાર્ગ નથી. આવા વીતરાગી મોક્ષમાર્ગનો મેં આ પંચાસ્તિકાયમાં ઉદ્યોત કર્યો છે. આ પંચાસ્તિકાયશાસ્ત્ર ભગવાન સર્વજ્ઞદેવે કહેલા સિદ્ધાંત અનુસાર મેં કહ્યું છે, તે જિનપ્રવચન પ્રત્યેની ભક્તિથી અને વીતરાગમાર્ગના ઉદ્યોતને માટે કહ્યું છે.

આ પ્રમાણે સૂત્રકર્તા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી અને કૃત-કૃત્ય થઈને કર્મરહિત શુદ્ધ સ્વરૂપમાં તેઓ સ્થિર થયા – એવી અમને શ્રદ્ધા ઊપજી છે – એમ ટીકાકાર અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે. અહો ! આચાર્યદેવે ચિદાનંદ સ્વરૂપના અવલંબને વીતરાગભાવ કરવાનું કહ્યું છે, તો અમને પણ તેની ભાવના થઈ છે, ચિદાનંદ સ્વરૂપમાં ઠરવાનો અમારામાં ઉત્સાહ થયો છે. રાગમાં રહેવાની ભાવના નથી. પણ સ્વરૂપમાં ઠરવાની જ ભાવના છે.

આ પ્રમાણે પંચાસ્તિકાય પૂર્ણ થયું. હવે છેલ્લે ટીકાકાર અમૃતચંદ્રસૂરિ કહે છે કે :-

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः ।**
**स्वरूपगुप्तस्य न किंचिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः ॥**

આ શાસ્ત્રના શબ્દોની રચના મેં કરી નથી : શબ્દો તો પરમાણુની પર્યાયના કાળે રચાઈ ગયા છે, આત્મા તો તેનો જ્ઞાતા છે. વિકલ્પ ઊઠ્યો તેની પણ ભાવના નથી. ઈચ્છાના કારણે શાસ્ત્રની ભાષા થઈ નથી. શબ્દોએ પોતાની સ્વંશક્તિથી આ કથન કર્યું છે. આચાર્યદેવે પોતે પોતામાં વીતરાગભાવને ઘૂંટ્યો છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તે પોતાના સ્વરૂપમાં ગુપ્ત છે, તે જડમાં જઈને કાંઈ કરતો નથી. કુંદકુંદાચાર્યદેવે એમ કહ્યું કે 'મેં આ શાસ્ત્ર રચ્યું છે' તે તો પોતાને કેવો વિકલ્પ ઊઠ્યો તેનું નિમિત્તપણું બતાવવા કથન છે. ને અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આત્મા શબ્દોનો કર્તા નથી. આત્મા તો જ્ઞાયક છે.

આ પ્રમાણે શ્રી પંચાસ્તિકાય શાસ્ત્ર પૂર્ણ થયું.

અહો ! શ્રી સમયસાર, શ્રી નિયમસાર, શ્રી પ્રવચનસાર ને શ્રી પંચાસ્તિકાય – એ શ્રી કુંદાકુંદાચાર્યદેવની રચના છે, છેલ્લા બે વર્ષમાં તે ચારે પરમાગમો ઉપર અલૌકિક પ્રવચનો કરીને પૂ. ગુરુદેવશ્રીએ વીતરાગી અમૃતનો વરસાદ વરસાવ્યો છે. સર્વ શાસ્ત્રોનું પરમ વીતરાગી તાત્પર્ય દર્શાવીને પરિણતિને અંતર સ્વભાવમાં દોરી જનાર પરમ કૃપાળુ ગુરુદેવશ્રીને શાસ્ત્રપૂર્ણતાના મંગલ પ્રસંગે વંદન હો ! વંદન હો !!

વીતરાગી માર્ગની પ્રભાવના હો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन

| | ग्रंथ का नाम एवं विवरण | पृष्ठ संख्या | मूल्य |
|---|---|---|---|
| 1. | श्री अनुभवप्रकाश ले. दीपचंदजी कासलीवाल | ८४ | ५.०० |
| 2. | શ્રી આધ્યાત્મિક પત્ર-શ્રી નિહાલચંદ્રજી સોગાનીના પત્રો | ११० | २.०० |
| 3. | શ્રી અધ્યાત્મ સંદેશ – પૂ. ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો | ११९ | ५.५० |
| 4. | શ્રી ગુરુ-ગુણ-સંભારણાં – બહેનશ્રી ચંપાબહેનના શ્રી મુખેથી સ્ફુરિત ગુરુભક્તિ... | १२२ | ५.०० |
| 5. | શ્રી જિણસાસણંસવ્વં – જ્ઞાની પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન... | १५५ | ८.०० |
| 6. | श्री जिणसासणंसव्वं – ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन... | १५५ | ८.०० |
| 7. | શ્રી તત્ત્વાનુશીલન (ભા. ૨) લે. શશીકાંત મ. શેઠ | | |
| 8. | શ્રી તત્ત્વાનુશીલન ભા. ૧-૨-૩ લે. શશીકાંત મ. શેઠ | | પ્રેસમાં |
| 9. | श्री तत्त्वानुशीलन भा. १-२-३ ले. शशीकांत म. शेठ | | प्रेसमें |
| 10. | શ્રી દશલક્ષણ ધર્મ – ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો પર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચન... | ७४ | ६.०० |
| 11. | श्री दंसणमूलोधम्मो – सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार... | ६० | ६.०० |
| 12. | श्री दूसरा कुछ न खोज – प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन... | ४० | ६.०० |
| 13. | શ્રી દ્રવ્યદૃષ્ટિપ્રકાશ – (ત્રીજો ભાગ), શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની તત્ત્વચર્ચા | १५८ | ४.०० |
| 14. | श्री द्रव्यद्रष्टिप्रकाश – (तीनों भाग), निहालचंद्रजी सोगानीके पत्र व तत्त्वचर्चा | २४० | १५.०० |
| 15. | શ્રી દ્વાદશઅનુપ્રેક્ષા – શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિરચિત... | ३२ | २.०० |
| 16. | શ્રી ધન્ય આરાધના – પ. કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની આભ્યંતર દશા વિષે વિવેચન... | १४४ | १०.०० |
| 17. | શ્રી નિર્ભ્રાંતદર્શનની કેડીએ – લે. શશીકાંત મ. શેઠ... | ६० | स्वाध्याय |
| 18. | श्री निर्भ्रांतदर्शन की पगडंडी – ले. शशीकांत म. शेठ... | ६० | १०.०० |
| 19. | શ્રી પરમાત્મપ્રકાશ – શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત... | ४८५ | १५.०० |
| 20. | શ્રી પરમાગમસાર – પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત... | २७८ | ११.२५ |
| 21. | श्री परमागमसार – पू. गुरुदेवश्री कानजीस्वामी के १००८ वचनामृत... | २०० | १५.०० |
| 22. | શ્રી પ્રવચન નવનીત (ભાગ-૧) પૂ. ગુરુદેવશ્રીની પસંદગીનાં ખાસ પ્રવચન | ३४४ | २५.०० |
| 23. | શ્રી પ્રવચન નવનીત (ભાગ-૨) ,, ,, ,, ,, | ३०८ | २५.०० |
| 24. | શ્રી પ્રવચન નવનીત (ભાગ-૩) ,, ,, ,, ,, | | ३५.०० |
| 25. | શ્રી પ્રવચન પ્રસાદ (ભાગ-૧) શ્રી પંચાસ્તિકાય સંગ્રહ પરના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચન... | | ३५.०० |
| 26. | શ્રી પથપ્રકાશ – માર્ગદર્શન વિષયક વચનામૃતોનું સંકલન... | १०९ | ६.०० |
| 27. | श्री प्रयोजनसिद्धि ले. शशीकांत म. शेठ | ३० | ४.०० |
| 28. | શ્રી પ્રયોજનસિદ્ધિ લે. શશીકાંત મ. શેઠ | ३६ | ३.०० |
| 29. | બીજું કાંઈ શોધ મા – પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન | ४० | ६.०० |
| 30. | શ્રી ભગવાન આત્મા – દ્રવ્યદૃષ્ટિ વિષયક વચનામૃતોનું સંકલન | ७२ | ७.०० |
| 31. | મુમુક્ષુતા આરોહણક્રમ – 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક-૨૫૪ પર શ્રી શશીકાંત મ. શેઠનાં પ્રવચનો | १०४ | स्वाध्याय |
| 32. | श्री मूलमें भूल – पू. गुरुदेवश्री के विविध प्रवचन | ११० | ८.०० |
| 33. | श्री विधि विज्ञान – विधि विषयक वचनामृतोंका संकलन | ७६ | ३.०० |
| 34. | શ્રી વિધિ વિજ્ઞાન-વિધિ વિષયક વચનામૃતોનું સંકલન | ८० | ७.०० |
| 35. | શ્રી સમ્યગ્જ્ઞાન દીપિકા – લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક | ११५ | १५.०० |
| 36. | श्री सम्यग्ज्ञानदीपिका – ले. श्री धर्मदासजी क्षुल्लक | १३३ | १५.०० |
| 37. | श्री ज्ञानामृत – श्रीमद राजचंद्र ग्रंथमेंसे चयन किये गये वचनामृत | ८८ | ६६.०० |
| 38. | શ્રી જ્ઞાનામૃત – શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલાં વચનામૃત | ८७ | ६.०० |